ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિકયુટિવ કાઉન્સિલની જન્યુઆરી માસની સભા, શનિવાર તા. ૪–૧–૧૯૭૫ના રોજ સવારના ૯–૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઈશ્વરભાઇ જેઠાભાઇ પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૪–૧–૧૯૭૫
૧.	શ્રી. ઈશ્વરભાઇ જેઠાભાઇ પટેલ, કુલપતિ	હાજર
૨.	શ્રી. શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	આચાર્ય એમ. એસ. પંડિત	હાજર
૪.	શ્રી. પ્રફુલ્લચંદ્ર ચંદુલાલ શાહ	ગેરહાજર
૫.	ડૉ. જ્યોતીન્દ્ર લક્ષ્મીશંકર ભટ્ટ	હાજર
૬.	પ્રો. અનંતરાય મણિશંકર રાવળ	હાજર
૭.	ડૉ. વિનોદકાન્ત ચૂનીલાલ શાહ	ગેરહાજર
૮.	આચાર્ય દર્શનસિંઘ મુસ્તાકસિંઘ શીખ	હાજર
૯.	આચાર્ય ડૉ. ધીરુભાઈ પ્રેમશંકર ઠાકર	હાજર
૧૦.	આચાર્ય ડૉ. હર્ષદભાઈ મોતીભાઈ દેસાઇ	હાજર
૧૧.	ડૉ. મહેન્દ્ર નાનુભાઇ દેસાઇ	હાજર
૧૨.	શ્રી. મનુભાઈ દેવશંકર પંચોલી	હાજર
૧૩.	શ્રી. ગુલાબભાઈ રતનજી દેસાઇ	હાજર
૧૪.	ડૉ. જશવંતલાલ નાનાલાલ પટેલ	હાજર
૧૫.	પ્રો. દેવવ્રત નાનુભાઈ પાઠક	હાજર
૧૬.	ડૉ. અંબાશંકર એસ. નાગર	હાજર
૧૭.	ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહ	હાજર
૧૮.	શ્રી. મણિભાઇ ગોરધનભાઇ બ્રહ્મભટ્ટ	ગેરહાજર
૧૯.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર.

૧. તા. ૭-૧૨-૧૯૭૪ના રોજ મળેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની નોંધ મંજૂર કરવા બાબત.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૭-૧૨-૧૯૭૪ના રોજ મળેલી સભાની કાર્યવાહીની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. "ઑલ-ઇન્ડિયા કૉન્ફરન્સ ઑન ડેવેલપમેન્ટ ઑફ ઑકયુપેશનલ થેરેપી ઍટ અમદાવાદ ફ્રોમ ૨૭ ડિસેંબર ૧૯૭૪ ટૂ ૨૯ ડિસેંબર ૧૯૭૪" અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના પત્રાંક એફ-૩-૨૫ (૨) ૭૪ (એસ. આઈ. પી. એફ. આઈ. પી.) તા. ૭-૧૨-૧૯૭૪ થી અનુદાનની રકમ રૂ. ૩,૦૦૦ (રૂપિયા ત્રણ હજાર પૂરા) મંજૂર કર્યાની સાભાર નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૩. અંશત: મોંઘવારી ભથ્થા સાથેનું નવું પગારધોરણ તા. ૧-૪-૧૯૭૧ને બદલે નીચે દર્શાવેલ તારીખથી સ્વીકારવા દેવાની પરવાનગી માંગતા નીચેના કર્મચારીઓની વિનંતી પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ	વિકલ્પ સ્વીકારવાની તારીખ
૧.	શ્રી. એમ. બી. મકવાણા, પટાવાળા, ફિઝિક્સ ડિપાર્ટમેન્ટ	તા. ૨૮-૧૦-૧૯૭૨ (તા. ૧-૪-૧૯૭૧ને બદલે)
૨.	શ્રી. ગેમલભાઈ એફ. પટેલ, સ્ટેનોગ્રાફર	તા. ૨૦-૧-૧૯૭૧ (તા. ૧-૪-૧૯૭૧ને બદલે)
૩.	શ્રી. રામનીક પરમેશ્વર, માળી	તા. ૧-૧૧-૧૯૭૨ (તા. ૧-૪-૧૯૭૧ને બદલે)
૪.	શ્રી. પી. પી. જાડેજા, ચોકીદાર	તા. ૧-૧૧-૧૯૭૪ (તા. ૧-૪-૧૯૭૧ને બદલે)

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલ કર્મચારીઓની સદરહુ વિનંતી માન્ય કરવી.

૪. યુનિવર્સિટીના મદદનીશ કુલસચિવ શ્રી. ડી. એચ. પટેલને તા. ૫-૩-૧૯૭૫ના રોજ ૬૧ વર્ષ પૂરાં થતાં હોઈ તેમની નિવૃત્તિવય મર્યાદા લંબાવવા માટેની તેમની તા. ૩૦-૧૧-૧૯૭૪ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ડી. એચ. પટેલને પોતાની તબીબી તપાસ કરાવવા માટે ડૉ. જે. એન. પટેલ અને ડૉ. જે. એલ. ભટ્ટનો સંપર્ક સાધવા જણાવવું. અને તેમની તબીબી તપાસ અંગેનો હેવાલ આવ્યેથી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૮-૮-૧૯૭૪ની સભાના ઠરાવ અન્વયે તબીબી અહેવાલના સંદર્ભમાં કુલપતિશ્રીને આપેલી સત્તાની રૂએ યુનિવર્સિટી મુદ્રણાલયમાં પ્રૂફરીડર તરીકે કામ કરતા શ્રી. કે. ડી. દેસાઈની નિવૃત્તિવય મર્યાદા છ માસ

(તા.૨૮–૯–૧૯૭૪ થી તા. ૨૭–૨–૧૯૭૫) માટે લંબાવવામાં આવી હતી તે તા. ૨૭–૨–૧૯૭૫ના રોજ પૂરી થતી હોઈ તેમાં વધારો કરી આપવા અંગેની શ્રી. દેસાઈની તા. ૩–૧૨–૧૯૭૪ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કે. ડી. દેસાઈને પોતાની તર્યાર્થી તપાસ કરાવવા માટે ડૉ. જે. એન. પટેલ અને ડૉ જે. એલ. ભટ્ટનો સંપર્ક સાધવા જણાવવું અને તેમની તર્યાર્થી તપાસ અંગેનો હેવાલ આવ્યેથી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬. માર્ચ–એપ્રિલ ૧૯૭૫માં લેવાનાર યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાશ્નિકો–પરીક્ષકોની નિમણૂકો અંગે જે તે વિદ્યાશાખાની પરીક્ષા સમિતિઓની ભલામણો અને તે પર એકેડેમિક કાઉન્સિલે કરેલાં સૂચનો (જો હોય તો)ને અનુલક્ષીને પરીક્ષકોની નિમણૂકો કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે માર્ચ–એપ્રિલ ૧૯૭૫માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાશ્નિકો અને પરીક્ષકોની નિમણૂકોની બાબત અંગેની સદરહુ ભલામણો તથા એકેડેમિક કાઉન્સિલના સભ્યોએ કરેલાં સૂચનો પર વિચારણા કરીને પોતાની ભલામણો તૈયાર કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી, અને તે સમિતિની ભલામણો પરથી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી :

૧. પ્રો. ડી. એન. પાઠક
૨. આચાર્ય એમ. સી. શાહ
૩. આચાર્ય દર્શનસિંઘ શીખ
૪. ડૉ. એમ. એન. દેસાઈ
૫. આચાર્ય એમ. એસ. પંડિત
૬. ડૉ. જે. એલ. ભટ્ટ.

૭. તબીબી વિદ્યાશાખાએ તેની તા. ૬–૧૧–૧૯૭૪ની સભામાં પ્રશ્નપત્રો છાપવા અંગે કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખાની દરેક પરીક્ષાનું દરેક પ્રશ્નપત્ર છપાવવું જોઈએ અને જ્યાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘણી ઓછી હોય ત્યાં પ્રશ્નપત્રો છપાતાં નથી તેવી બાબતમાં આ વિદ્યાશાખા ભલામણ કરે છે કે જ્યાં એક વિદ્યાર્થી હોય ત્યાં પણ પ્રશ્નપત્ર છાપેલું આપવું જોઈએ અને તે માટે યોગ્ય કરવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી સ્વીકારવાનું શકય નથી, આમ છતાં સ્કેનિંગ મશીનનો ઉપયોગ કરી જરૂરી સગવડ આપવા પ્રયત્ન કરવો.

૮. ઇદ્વાળીની રજાઓ જે પ્રથમ સત્રાંતે આવતી રજાઓની વચમાં આવે તેવી વ્યવસ્થા કરવાના બોરસદ સાયન્સ એન્ડ લૉ કૉલેજ, બોરસદના આચાર્યશ્રી તરફથી આવેલ સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકિઝકયુટિવ કાઉન્સિલને જરૂર લાગે ત્યારે સત્રમાં જરૂરી ફેરફાર કરી શકે છે, તેથી આ બાબતમાં હાલ કશું કરવાપણું નથી.

૯. સંસ્કૃતની અભ્યાસસમિતિની તા. ૫-૧૦-૧૯૭૪ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આધુનિક ભાષાના પરિપ્રેક્ષ્યમાં સંસ્કૃત ભાષાના જ્ઞાનના ઉત્કર્ષ માટે પ્રત્યેક વર્ષે ૧૫ દિવસની વર્કશોપ યોજવી અને આ કામ ગુજરાત યુનિવર્સિટી તથા ગુજરાત રાજ્ય યુનિવર્સિટીઝ એન્ડ કોલેજ સંસ્કૃત અધ્યાપક મંડળના સંયુક્ત ઉપક્રમે થાય તેવી યોજના કરવાની ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સંસ્કૃતની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ ધ્યાનમાં લઈ એક સપ્તાહનો સંસ્કૃતમાં વર્કશોપ યોજવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને લખી જરૂરી સહાય મેળવવી, ભાગ લેનાર શિક્ષકોનું પ્રવાસ ખર્ચ જે તે કૉલેજ ભોગવે તેવું રાખવું.

૧૦. હેરાઈ સી. એમ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામમાં વાણિજ્ય વિદ્યાશાખાની ફી ૧૯૭૩-૭૪ના વર્ષમાં વધારી હોવાથી તેને પશ્ચાદ્વર્તી મંજૂરી આપવા અંગેની આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફી વધારા માટે યુનિવર્સિટીની મંજૂરી આવશ્યક હોવા છતાં સદરહુ કૉલેજે પૂર્વમંજૂરી વિના વાણિજ્યની વિદ્યાશાખા માટે ફી શા માટે વધારી તે અંગે ખુલાસો માગવો અને આવતી બેઠકમાં રજૂ કરવો.

૧૧. સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના બિનશૈક્ષણિક કર્મચારીઓના મહેકમનું પ્રમાણ યુનિવર્સિટીએ નિયત કર્યું હોઈ તે અંગેનો વધારાનો ખર્ચ ગ્રાન્ટને પાત્ર બને તે માટે તેમ જ સરકારી જી. આર. માં આવરી ન લેવામાં આવ્યાં હોય તેવાં સ્થળોએ આવેલી સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓને મૂળ પગારના પાંચ ટકા પ્રમાણે બરભાડા ભથ્થું આપવાનો યુનિવર્સિટીએ નિર્ણય લીધેલ હોઈ તે અંગેનો વધારાનો ખર્ચ ગ્રાન્ટને પાત્ર બને તે અંગે સરકારશ્રી સમક્ષ રજૂઆત કરવાની બાબત અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રાજ્ય સરકાર સમક્ષ જરૂરી રજૂઆત કરવા માટે કુલપતિશ્રીને વિનંતી કરવી.

૧૨. વિજ્ઞાન વિદ્યાભવનના "સ્પેસ સાયન્સીસ એન્ડ ધેર એપ્લિકેશન્સ સેન્ટર" માં પ્રોફેસર તરીકે નિમાયેલા ડૉ. એસ. ડી. વર્મા આ સેન્ટરની કામગીરી અંગે પરદેશમાં ૧ લી ઑગસ્ટ ૧૯૭૪ થી સંકળાયેલ હોઈ તેઓને તે તારીખથી પગાર આપવા અંગેના ડૉ. વર્માના તા. ૧૩-૯-૧૯૭૪ના પત્ર કુપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. એસ. ડી. વર્માની વિનંતી સ્વીકારી શકાય એમ નથી એમ દિલગીરી સાથે જણાવવું.

૧૩. સાર્વજનિક કૉમર્સ કૉલેજ, ગોંડલમાં અંગ્રેજીના ટ્યૂટર તરીકે નિમાયેલ શ્રી. જે. કે. પંડ્યાને ચાલુ વર્ષ પૂરતું અધ્યાપન કાર્ય કરવાની છૂટ આપવાની સદ્દરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જે. કે પંડ્યાને ૧૯૭૪-૭૫ના વર્ષ પૂરતું જ અધ્યાપન કાર્ય કરવાની છૂટ આપવાની સ.દ્દરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી મંજૂર કરવી. અને

૧૪. સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની તા. ૧૩-૧૨-૧૯૭૪ ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આ.વે છે કે સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની તા. ૧૩-૧૨-૧૯૭૪ની સભાની ભલામણો પૈકી નં. ૬ સિવાયની બાકીની ભલામણો મંજૂર કરવી, અને

ભલામણ નં. ૬ સમિતિને પુનર્વિચારણા માટે મોકલવી.

(સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની તા. ૧૩-૧૨-૧૯૭૪ની નોંધ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૧૫. સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ તથા યુનિવર્સિટીનાં વિદ્યાભવનો તરફથી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૮-મી હેઠળ સ્વાયત્તતા માટે આવતી અરજી માટે છેલ્લી તારીખ તથા ફીનું ધોરણ મુકરર કરવા અંગે આ સાથેના પરિશિષ્ટ "અ"માં દર્શાવ્યા પ્રમાણે બહવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્વાયત્તતા માટે કૉલેજો/સંસ્થાઓ પાસેથી અરજીઓ સ્વીકારવાની છેલ્લી તારીખ ૩૧મી માર્ચ ૧૯૭૫ રાખવી, અને તેની ફી રૂ. ૫૦૦ મુકરર કરવી, અને તે અંગે ઘડેલો ઑર્ડિ. ૧૨૦-એચ મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલ ઑર્ડિ. ૧૨૦-એચ ની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૧૬. અનુસ્નાતક કેન્દ્રોમાં કાર્ય કરતા શિક્ષકો વગેરેના પુરસ્કાર તથા અન્ય બાબતો અંગે કુલપતિશ્રીએ નીમેલી સમિતિની તા. ૨૭-૧૧-૧૯૭૪ ની સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક શિક્ષકોની પુરસ્કાર વૃદ્ધિની બાબતમાં સરકાર સમક્ષ જરૂર પડચે પ્રતિનિધિમંડળ દ્વારા રજૂઆત કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક કેન્દ્રો, તેમાં પ્રવેશ તેમ જ સાંજના વર્ગો ઇત્યાદિ બાબતની સર્વગ્રાહી વિચારણા કરી રિપોર્ટ કરવા નીચેના સભ્યોની સમિતિ નીમવી :

૧. કુલપતિશ્રી
૨. ડૉ. ધીરુભાઈ પી. ઠાકર
૩. આચાર્ય એમ. એસ. પંડિત
૪. પ્રો. કે. આર. ચન્દ્રશેખરન
૫. પ્રો. ડી. એન. પાઠક
૬. ડૉ. એમ. એન. દેસાઈ
૭. આચાર્ય એસ. આર. મહેતા
૮. આચાર્ય દર્શનસીંઘ શીખ.

વધુમાં સદ્દરહુ સમિતિને પોતાનો અહેવાલ એક માસમાં સુપરત કરવા જણાવવું.

૧૭. યુનિવર્સિટીનો સને ૧૯૭૩–૭૪નો ૨૪ મો વાર્ષિક અહેવાલ તૈયાર કરવા અંગે એક્ઝિકયુટિવ કાઉન્સિલે નીમેલી સમિતિએ તૈયાર કરેલા મુસદ્દા પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સભા સમક્ષ રજૂ કરેલો સને ૧૯૭૩–૭૪ના વાર્ષિક અહેવાલનો મુસદ્દા મંજૂર રાખવો અને યુનિવર્સિટી કોર્ટ સમક્ષ તે રજૂ કરવો.

૧૮. કાયદા વિદ્યાશાખાની પરીક્ષાઓમાં જે વિદ્યાર્થીઓએ અંગ્રેજી માધ્યમ દ્વારા શિક્ષણ ન મેળવ્યું હોય કે જ્યાં વિદ્યાર્થીઓએ લો પરીક્ષાનાં પ્રશ્નપત્રોમાં ઉત્તરો અંગ્રેજી સિવાય અન્ય ભાષામાં આપ્યા હોય તેવા વિદ્યાર્થીઓએ એલએલ.બી. (રૂપે.) ની પદવી પ્રમાણપત્ર અનાયત કરતી વખતે તેણે અંગ્રેજી વિષયની પરીક્ષા આપ્યા અંગેનું અલાયદું પ્રમાણપત્ર આપવા અંગના બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયાના તા. ૨૪–૯–૧૯૭૪ના પત્રાંક (બાર.ટી.બી.સી.સી.આઈ.આર.) ૩૫–એલ.ઈ. ૪–૧૯૭૪ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત કાયદાની વિદ્યાશાખાને વિચારણા માટે મોકલી આપવી.

૧૯. નોકરી કરતાં કરતાં અભ્યાસ કરી ખોટી હાજરી પુરાવ્યા બાબતની ફરિયાદ અંગના કેસો પર વિચારણા કરી રિપોર્ટ કરવા અંગે તા. ૧૫–૧૨–૧૯૭૩ ના રોજ મળેલ એક્ઝિકયુટિવ કાઉન્સિલની સભાએ નીમેલી સમિતિની તા. ૨૮–૧૦–૧૯૭૪ ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો સ્વીકારવી.

(સદરહુ સમિતિની તા. ૨૮–૧૦–૧૯૭૪ની સભાની ભલામણો પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૨૦. અમદાવાદ કોમર્સ કોલેજના પ્રી-યુનિવર્સિટી વાણિજ્યના વિદ્યાર્થી શ્રી. વોરા વીરજી પોપટલાલની એનરોલમેન્ટ માટેની અરજીના સંદર્ભમાં તેમણે રજૂ કરેલ ગુણ-પત્રકમાં કરેલા સુધારાને અનુલક્ષીને તે બાબત પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીનો પ્રવેશ રદ કરવો અને બે વર્ષ સુધી સદરહુ વિદ્યાર્થીને યુનિવર્સિટીની કોઈ પણ વિદ્યાશાખામાં પ્રવેશ આપવો નહીં.

૨૧. માર્ચ–એપ્રિલ ૧૯૭૫ માં લેવાનાર આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં પરીક્ષા સમિતિ કે એક્ઝિકયુટિવ કાઉન્સિલના સભ્યો હોવા છતાં ગુજરાત યુનિવર્સિટી એક્ટ નં. ૬ (૧૯૭૩) શિડયુલ બે–૧૩ (૩) અન્વયે પ્રાશ્નિક-પરીક્ષક તરીકે સૂચવાયા હોવાથી તેમને નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રાશ્નિક-પરીક્ષક તરીકે જે કોઈ પરીક્ષા–સમિતિ કે એક્ઝિકયુટિવ કાઉન્સિલના સભ્યોના નામની ભલામણ કરવામાં આવી છે તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે.

૨૨. વિદ્યાર્થીઓએ પરીક્ષા દરમ્યાન અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો ઉપર તેમજ પ્રાધ્યિક-પરીક્ષક-નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોને હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરી એક્ઝિક્યુટિવ કાઉન્સિલ સમક્ષ ભલામણો રજૂ કરવા માટે ૧૯૭૫ના વર્ષ માટે પરીક્ષા શુદ્ધિ સમિતિની રચના કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૫ના વર્ષ માટે પરીક્ષાશુદ્ધિ સમિતિ પર નીચેના સભ્યોની નિમણૂક કરવી :

૧. કુલપતિશ્રી
૨. પ્રો. એમ. ડી. પંચોલી
૩. આચાર્ય દર્શનસિંઘ શીખ
૪. ડૉ. વી. સી. શાહ
૫. ડૉ. અંબાશંકર એસ. નાગર
૬. ડૉ. જે. એન. પટેલ
૭. પ્રો. જી. આર. દેસાઈ.

૨૩. શ્રીમતી સી. સી. મહિલા આર્ટ્સ કૉલેજ, રીસનગરમાં જૂન ૧૯૭૫થી સત્ર ફી વધારવા અંગે પરવાનગી માગતા સદ્દરહુ કૉલેજના આચાર્યશ્રીના તા. ૧૯-૧૨-૧૯૭૪ના પત્રાંક પર વિચારણા કરવા બાબત.

[નોંધ :

કૉલેજમાં હાલ લેવાતી સત્ર ફીના દર		સૂચિત સત્ર ફીના દર	
પ્રી-યુનિ. થી ટી.વાય.	રૂ. ૧૦૦	પ્રી-યુનિ	રૂ. ૧૭૦
		એફ.વાય.	રૂ. ૧૮૧
		એસ.વાય.	રૂ ૧૯૦
		ટી.વાય.	રૂ. ૨૦૦]

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજને તરફથી ફી વધારા અંગે આવતી વિનંતીઓ પર વિચાર કરી ઘટતી ભલામણ કરવા નીચેના સભ્યોની એક સમિતિ રચવી :

૧. આચાર્ય એમ. સી. શાહ
૨. આચાર્ય દર્શનસીંઘ શીખ
૩. ડૉ. અંબાશંકર એસ. નાગર.

૨૪. યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનના બાટેની વિભાગના રીડર શ્રી. બી. એસ. વૈદ્યને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, બેંગલોરમાં ફિઝિયોલોજી એન્ડ બાયોકેમિસ્ટ્રી વિષયની ટ્રેઈનિંગ અર્થે મે વેકેશન ટ્રાવેલ ગ્રાન્ટ મંજૂર કરેલી પરંતુ નિયમો અનુસાર ઓછામાં ઓછા પંદર દિવસના રોકાણને બદલે તેઓ ફક્ત ૧૦ દિવસ રોકાયા હતા તે સમય ગ્રાહ્ય કરવા અંગેની વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. બી. એસ. વૈદ્યની દશ દિવસની રોકાણની વિનંતી ગ્રાહ્ય રાખવી અને ભવિષ્યમાં આવા કિસ્સાઓમાં નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૫. યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોમાં શિક્ષકગણની નીચેની જગ્યાઓ ખાલી છે તે અંગે વિચારણા કરવા બાબત :

૧. પ્રોફેસર ઑફ કેમિસ્ટ્રી
૨. પ્રોફેસર ઑફ બોટની
૩. પ્રોફેસર ઑફ મૅથેમેટિક્સ
૪. રીડર ઇન બોટની (પ્લાન્ટ ફિઝિયોલોજી)
૫. પ્રોફેસર ઑફ ઇકોનોમિક્સ
૬. રીડર ઇન લેંગ્વેજ વેલ્ફેર
૭. લેક્ચરર ઇન લેંગ્વેજ વેલ્ફેર
૮. લેક્ચરર ઇન ઇકોનોમેટ્રિક્સ
૯. પ્રોફેસર ઑફ સાયકોલોજી
૧૦. લેક્ચરર ઇન એજ્યુકેશન (બે જગ્યાઓ).

આથી ઠરાવવામાં આવે છે કે જે તે વિભાગની શિક્ષણ અંગેની જરૂરિયાતની સર્વગ્રાહી વિચારણા કરી ઉપરની જગ્યાઓ અંગે તેમ જ આવતા વર્ષથી શરૂ થનારા નવા વિભાગો માટે જરૂરી જગ્યાઓ અંગે વિચારણા કરી આવશ્યક જગ્યાઓ માટે જાહેરાત આપવાની સત્તા સાથે નીચેના સભ્યોની સમિતિ નીમવી :

૧. કુલપતિશ્રી
૨. આચાર્ય એમ. સી. શાહ
૩. આચાર્ય એમ. એસ. પંડિત.

૨૬. સને ૧૯૭૪-૭૫ (એપ્રિલ ૧૯૭૪ થી માર્ચ ૧૯૭૫) ના વર્ષ માટે ગુજરાત યુનિવર્સિટી કર્મચારીઓના પ્રોવિડંટ ફંડ ખાતામાં કયા દરે વ્યાજ આપવું તે બો. ૧૧૭ મુજબ નક્કી કરવા બાબત.

[નોંધ—
(૧) સને ૧૯૭૩-૭૪ના વર્ષ માટે પ્રોવિડંટ ફંડની ઊઘડતી બાકી ઉપર ૭.૭૫ ટકાના દરે વ્યાજ આપ્યું હતું, તથા
(૨) વર્ષ દરમ્યાન શરૂઆતના ૭ માસના ફાળા ઉપર ૨.૮૭ ટકાના દરે વ્યાજ આપ્યું હતું.
(૩) સને ૧૯૭૪-૭૫ના વર્ષ માટે ગુજરાત રાજ્ય સરકારે નીચે મુજબના દરે વ્યાજ આપવાનું નક્કી કરેલ છે :

(અ)	તા. ૧-૪-૧૯૭૪ની ઊઘડતી બાકી તથા નવી ડિપોઝિટ ઉપર	તા. ૧-૪-૧૯૭૪થી ૬ ટકા વાર્ષિક તા. ૩૧-૩-૧૯૭૪
(બ)	,, ,,	તા. ૧-૮-૧૯૭૪થી ૭.૫ ટકા વાર્ષિક તા. ૩૧-૩-૧૯૭૫ બૅલેન્સ અપટુ ૩. ૨૫,૦૦૦
(ક)	,, ,,	તા. ૧-૮-૧૯૭૪થી ૭ ટકા તા. ૩૧-૩-૧૯૭૫ બૅલેન્સીસ એક્સિ-ડિંગ ૩. ૨૫,૦૦૦]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડના ખાતામાં ૧૯૭૪-૭૫ના વર્ષ માટે ગુજરાત રાજ્ય સરકારે ઠરાવેલા દરે વ્યાજ આપવું.

૨૭. તા. ૩૧-૧૨-૧૯૭૪ ને મંગળવારના રોજ મળનાર ફાઇનાન્સ સમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૩૧-૧૨-૧૯૭૪ના રોજ મળેલ ફાઇનાન્સ સમિતિની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૩૧-૧૨-૧૯૭૪ની સભાની ભલામણો પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૨૮. યુનિવર્સિટી કાર્યાલયના અનુસ્નાતક વિભાગમાં જુ. ક્લાર્ક તરીકે કામ કરતાં શ્રીમતી યોગિની બી. જાની તા. ૩૧-૧૨-૧૯૭૪ના રોજ રાજીનામું આપી છૂટાં થયાં હોવાથી (૧) તેઓના ખાતે નીકળતી પ્રો. ફંડની રકમ તથા (૨) ગ્રેચ્યુઇટીની રકમ ચૂકવવા અંગેની તેઓની તા. ૨૧-૧૨-૧૯૭૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓ તા. ૧-૯-૧૯૬૧ના રોજ યુનિવર્સિટી કાર્યાલયમાં જોડાયાં હતાં અને તા. ૩૧-૧૨-૧૯૭૪ના રોજ રાજીનામું આપી છૂટાં થયાં હતાં.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી યોગિની બી. જાનીને ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડ તથા ગ્રેચ્યુઇટીની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ ચૂકવવી.

૨૯. યુનિવર્સિટીના નીચેના બે કર્મચારીઓએ અંશત: મોંઘવારી ભથ્થું ભેળવેલ પગારધોરણ અગાઉ તા. ૧-૪-૧૯૭૧થી સ્વીકારેલ, પરંતુ હવે તે પગારધોરણ તા. ૧-૪-૧૯૭૧ને બદલે તેઓના નામ સામે જણાવેલ તારીખથી સ્વીકારવા દેવા અંગેની તેમની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત:

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દા	વિભાગ	પગાર સ્વીકારવાની તેઓએ સૂચવેલી તારીખ
(૧)	શ્રી. કે. પી. સોલંકી	સફાઈ કામદાર	એસ્ટેટ	૨૨-૧૨-૧૯૭૪થી
(૨)	શ્રી. હીરા બાપુ વાઘેલા	સફાઈ કામદાર	,,	૨-૧૨-૧૯૭૪થી

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કર્મચારીઓની ઉપરની વિનંતી મંજૂર રાખવી.

૩૦. હર્ષિગામ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના સેકન્ડ બી.એ.ના વર્ગના ૩ વિદ્યાર્થીઓએ અર્થશાસ્ત્ર મુખ્ય સાથે હિંદી ગૌણ વિષય રાખી સત્રો રાખેલ છે. બી.એ. આર્ટ્સ-૬માં દર્શાવેલ વિષયોના જૂથ અનુસાર આ વિષયો રાખી શકાય નહિ, પરંતુ વિષયો પસંદ કરવા દેવા અંગે થયેલ ભૂલને ક્ષમ્ય ગણી વિદ્યાર્થીઓએ રાખેલ વિષયોને અપવાદ તરીકે માન્ય રાખવાની આચાર્યશ્રીની વિનંતી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓએ સેકન્ડ બી.એ.ના વર્ષમાં રાખેલા વિષયોને અપવાદ તરીકે માન્ય રાખવાની આચાર્યશ્રીની વિનંતી મંજૂર રાખવી અને ભવિષ્યમાં આવી કસૂર ન થાય તે માટે યોગ્ય તકેદારી રાખવા તેમને જણાવવું.

૩૧. સંસ્કૃત વિષયની અભ્યાસસમિતિએ તેની તા. ૫-૧૦-૧૯૭૪ની સભામાં કરેલા નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે બીજા વર્ષ બી.એ.ના સંસ્કૃતના પ્રશ્નપત્ર ૫ માટે વૈદિક સિલેક્શન લગભગ ૨૫થી ૩૦ સૂક્તોનું તૈયાર કરવા નીચેના સભ્યોની સમિતિ નીમવી :

૧. ડૉ. ઈ. એ. સોલોમન—કન્વિનર
૨. પ્રિ. સી. એલ શાસ્ત્રી
૩. શ્રી. એન. એમ. કંસારા
૪. ડૉ. બી. ડી. પંડ્યા
૫. શ્રી. વી. વી. પાઠક."

આથી ઠરાવવામાં આવે છે કે સંસ્કૃત વિષયની અભ્યાસસમિતિની તા. ૫-૧૦-૧૯૭૪ની સભાની ઉપરની ભલામણ સ્વીકારવી.

૩૨. સમાજવિદ્યા ભવનમાં સમાજશાસ્ત્રના રીડર તરીકે કામ કરતા ડૉ. વી. પી. શાહને સેટેલાઈટ ઈન્સ્ટ્રક્શનલ ટેલિવિઝન એક્સપરિમેન્ટ(એસ આઈ ટી ઈ)ના રિસર્ચ ગ્રુપના એક સભ્ય તરીકેની કામગીરી સ્વીકારવા તથા તે અંગે મળનાર રૂ. ૨,૦૦૦નું માનદ વેતન તથા બીજાં અન્ય ભથ્થાં સ્વીકારવા અંગેના તેઓના તા. ૧૭-૧૨-૧૯૭૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. વી. પી. શાહને સદરહુ કામગીરી સ્વીકારવા અને તે અંગે મળનાર માનદ વેતન અને/અથવા અન્ય ભથ્થાં યુનિવર્સિટીના નિયમો અનુસાર સ્વીકારવા મંજૂરી આપવી.

૩૩. આર. આર. લાલન કૉલેજ, ભૂજ તરફથી જૂન ૧૯૭૪થી બી.એ. (પ્રિન્સિ)માં હિન્દીના ચાલુ જોડાણ માટે તથા બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાનના જોડાણ માટેની અરજી પર મૂકેલી શરતોનું યથાર્થ પરિપાલન હજુ સુધી થયું નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—શરત ૧ (અ) મનોવિજ્ઞાનના પ્રાધ્યાપકની જગ્યા મંજૂર કરવામાં આવી છે તે જગ્યા પર વ્યક્તિ હાજર થયેથી જાણ કરશે એમ કૉલેજે જણાવ્યું છે.

(બ) મનોવિજ્ઞાનના ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે માંડવી કૉલેજમાં પૂર્ણ સમયના વ્યાખ્યાતા તરીકે સેવા આપતા શ્રી. એમ. જી. ભાયાણીની નિમણૂક કરી છે તે વ્યવસ્થા ચાલુ વરસ પૂરતી ગ્રાહ્ય ગણવા કૉલેજે વિનંતી કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આર. આર. લાલન કૉલેજ, ભૂજને બી.એ. (પ્રિન્સિ.)માં હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા ૧૫-૬-૧૯૭૪ થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪ થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીનું વધારાનું જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે મનોવિજ્ઞાનના ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે શ્રી. એમ. જી. ભાયાણીની જે નિમણૂક કરી છે તે વ્યવસ્થા ચાલુ વર્ષ પૂરતી જ ગ્રાહ્ય ગણવી.

૩૪. સને ૧૯૭૪–૭૫ના વર્ષના યુનિવર્સિટીના પુનર્નિર્મિત અંદાજપત્ર અને સને ૧૯૭૫-૭૬ના વર્ષના અંદાજપત્ર અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલી અંદાજપત્ર સમિતિની તા. ૩૦–૧૨–૧૯૭૪ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૭૪-૭૫ના વર્ષના યુનિવર્સિટીના પુનર્નિર્મિત અંદાજપત્ર અને સને ૧૯૭૫-૭૬ના વર્ષના અંદાજપત્રને અંદાજપત્ર સમિતિની ભલામણો નીચેના સૂચન સહિત મંજૂર કરવાં :

"યુનિવર્સિટી વિદ્યા-વિસ્તાર વ્યાખ્યાનમાળા ચાલુ રાખવી અને તે અંગે બજેટમાં ઘટતી જોગવાઈ કરવી"

વધુમાં યુનિવર્સિટી વિદ્યા-વ્યાખ્યાનમાળાને હેતુલક્ષી બનાવવા માટે વિચારણા કરી અહેવાલ રજૂ કરવા નીચેના સભ્યોની એક સમિતિ રચવી :

૧. પ્રો. ડી. એન. પાઠક
૨. આચાર્ય ધીરુભાઈ ઠાકર
૩. ડૉ. એ. એસ. નાગર

૩૫. યુનિવર્સિટી ધારાની કલમ ૩૩–એ (૧) (બી) (૧) અને (૨) અનુસાર કેટલીક સંલગ્ન કૉલેજોએ શિક્ષકોની નિમણૂક કરતી વખતે પ્રત્યેક કૉલેજની જે તે વરણીસમિતિ પર યુનિવર્સિટીના પ્રતિનિધિ હોવા આવશ્યક હોવા છતાં પણ, યુનિવર્સિટીના પ્રતિનિધિ સિવાય શિક્ષકોની નિમણૂક કરવામાં આવેલી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોને ઠપકો આપવો, ખાસ સંજોગોમાં કરેલી નિમણૂકો આટલો વખત ગાહ્ય રાખવી અને ભવિષ્યમાં આનું પુનરાવર્તન થશે તો નિમણૂકો ગાહ્ય નહીં રાખવી તેવી સ્પષ્ટ સમજણ આપવી.

૩૬. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી દલાજો અંગેના કેસો પર તેમ જ પ્રાશ્નિક–પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા તા.૨૭–૧૨–૧૯૭૪ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની ૧૪મી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૨૭–૧૨–૧૯૭૪ના રોજ મળેલી પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની ભલામણો આ સાથે સામેલ કરવામાં આવી નથી.)

૩૭. સ્ટેચ્યૂટ અને ઑર્ડિનન્સ ઘડવા અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલી સમિતિની તા. ૨૬–૧૨–૧૯૭૪ની સભાએ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૭-બી અન્વયે ગુજરાત યુનિવર્સિટીના બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે તથા સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે જૉઈન્ટ કન્સલ્ટટિવ કમિટીની રચનાની બાબતમાં ઘડેલ સ્ટે. ૨૧૨ તથા સ્ટે. ૨૧૩ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિએ ઘડેલ સ્ટે. ૨૧૨ અને ૨૧૩ મંજૂર રાખવા યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી.

(સદરહુ સ્ટે. ૨૧૨ અને ૨૧૩ના મુસદ્દાની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૩૮. સ્ટેચ્યૂટ અને ઑર્ડિનન્સ ઘડવા અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલી સમિતિની તા. ૨૬-૧૨-'૭૪ની સભાએ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૩ અન્વયે શ્રી કુલસચિવની નિમણૂક અને તેમના પગારધોરણ નક્કી કરવા અંગે ઘડેલ સ્ટેચ્યૂટ ૧૩૧-એ તથા સ્ટે. ૧૩૧-બી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિએ ઘડેલ સ્ટે. ૧૩૧-એ અને ૧૩૧-બી મંજૂર રાખવા યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી.

(સદરહુ સ્ટે. ૧૩૧-એ તથા ૧૩૧-બી ના મુસદ્દાની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૩૯. બી.એડ.ના અભ્યાસક્રમ માટે વિદ્યાર્થીઓની ટયૂશન ફી નો પ્રશ્ન સમગ્ર રીતે તપાસીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા અંગે એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૭-૧૨-૧૯૭૪ ની સભામાં નિયુક્ત થયેલી સમિતિની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી અને વિદ્યાર્થી-શિક્ષક પ્રમાણ અંગેનું સૂચન નં. ૩ શિક્ષણની અભ્યાસસમિતિને વિચારણા માટે મોકલવું.

૪૦. સંલગ્ન કોલેજોમાં શિક્ષકોની નિમણૂકો / ફેરફાર અંગેની નીચેની યાદીઓની નોંધ લેવા બાબત :

૧. સંલગ્ન કોલેજોમાં માન્ય થયેલ શિક્ષકોનાં નામોની યાદી.

૨. સંલગ્ન કોલેજોમાં જે શિક્ષકોની નિમણૂક અમાન્ય કરવામાં આવી છે તેમનાં નામોની યાદી.

૩. આ અગાઉ માન્ય થયેલા શિક્ષકો જેઓ એક સંલગ્ન કોલેજમાંથી બીજી કોલેજમાં જોડાયા છે તેમનાં નામોની યાદી, અને

૪. છૂટા થયેલા શિક્ષકોની યાદી.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કોલેજોમાં શિક્ષકોની નિમણૂકો / ફેરફારોની નોંધ લેવી.

(સદરહુ યાદીઓનાં નકલો અનુક્રમે **પરિશિષ્ટ "જ-૧", "જ-૨", "જ-૩"** અને **"જ-૪"** તરીકે સામેલ છે.)

૪૧. માર્ચ-એપ્રિલ ૧૯૭૫ માં ભૂજ કેન્દ્ર પર લેવાનાર પરીક્ષાઓ માટે મુખ્ય નિરીક્ષક તરીકેની કામગીરી પોતે તેમ જ પોતાની કોલેજની લાયકાત ધરાવતી તેમ જ અનુભવી વ્યક્તિઓમાંથી કોઈ કરી શકે તેમ નથી તે અંગેના ભૂજની જે. બી. કાકર કોમર્સ કોલેજના આચાર્યશ્રીના તા. ૨૩-૧૨-૧૯૭૪ ના પત્ર પર વિચારણા કરવા અંગે.

(નોંધ.—વિદ્યાર્થીઓ તરફથી પરીક્ષામાં આચરાતી ગેરરીતિઓ તથા નિરીક્ષકોને આપવામાં આવતી ધાકધમકીઓને કારણે કામગીરી કરવા તૈયાર નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે માર્ચ-એપ્રિલની પરીક્ષાઓ માટે ભૂજનું પરીક્ષા કેન્દ્ર તરીકે બંધ કરવું.

૪૨. અમદાવાદ ટેકસ્ટાઇલ ઇન્ડસ્ટ્રીઝ રિસર્ચ એસોસિયેશન, અમદાવાદમાં સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે જે પગારધોરણો, સેવાઓના નિયમો, કર્મચારીઓનું પ્રમાણ ઇત્યાદિ નિયત કરેલ છે તેના અમલ માટે આગ્રહ રાખવો કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સદરહુ સંસ્થાઓએ પગારધોરણ ઇત્યાદિના અમલ અંગે તેના તા. ૨૭-૧૧-૧૯૭૪ના પત્રથી આ મુજબ જાણ કરેલ છે : "...since 50% grant is paid to us by the Government of India through the CSIR, we have to follow the grades and allowances fixed by them.....")

અને

૫૨. કે. એમ. સ્કૂલ ઑફ પી.-જી. મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને મ્યુનિસિપલ કૉર્પોરેશનના ધોરણે પગારધોરણો, સેવાઓના નિયમો કર્મચારીઓનું પ્રમાણ ઇત્યાદિ લાગુ પડતાં હોઈ યુનિવર્સિટીએ સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના બિનશિક્ષક કર્મચારીઓ માટે સેવાઓના નિયમો, પગારધોરણો ઇત્યાદિમાંથી મુક્તિ આપવા અંગેના સદરહુ સંસ્થાના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.— ૧. સદરહુ પગારધોરણો આપણે નિયત કરેલ પગારધોરણો કરતાં નીચાં છે.
૨. મોંઘવારી ભથ્થું, સ્થાનિક વળતર ભથ્થું અને ઘરભાડા ભથ્થું મધ્યસ્થ સરકારના ધોરણે આપવામાં આવે છે.)

બાબત ક્રમાંક ૪૨ અને ૫૧ની વિચારણા સાથે હાથ ધરવામાં આવી અને તે પછી ઠરાવવામાં આવ્યું કે સ્વીકૃત (approved) તથા માન્ય (recognised) સંસ્થાઓના બિનશૈક્ષણિક કર્મચારીઓ અંગેના નિયમો લાગુ પાડવા નહીં.

૪૩. વિજ્ઞાન વિદ્યાભવનમાં ઇલેકટ્રોનિક એન્જિનિયર તરીકે નિમાયેલા શ્રી. એસ. એન. દેસાઈએ આ જગ્યાનો અસ્વીકાર કર્યો હોવાથી તેઓની જગ્યાએ શ્રી. આર. વી. મોદીની નિમણૂક કરવા બાબત.

(નોંધ.—એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૪-૧૦-૧૯૭૪ની સભામાં આ જગ્યા માટે નીચેના બે સભ્યોની ભલામણ કરી હતી :
૧. શ્રી. એસ. એન. દેસાઈ
૨ શ્રી. આર. વી. મોદી)

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાં ઇલેકટ્રોનિક એન્જિનિયર તરીકે શ્રી. આર. વી મોદીની નિમણૂક કરવી.

૪૪. ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે તા. ૨૭-૧૨-૧૯૭૪થી તા. ૨૮-૧૨-૧૯૭૪ દરમિયાન યોજવામાં આવેલ "સેવન્થ એન્યુઅલ કોન્ફરન્સ ઑફ ધી ઇન્ડિયન ફાર્માકોલોજિકલ સોસાયટી એટ અમદાવાદ" અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના પત્રાંક એફ. ૩-૨૫/૨૧૯૭૪/એસ આઇ એફ-આઇ પી. તા. ૩-૧૨-૧૯૭૪ થી અનુદાનની રકમ રૂ. ૩,૦૦૦ (ત્રણ હજાર) મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશને સદરહુ કૉન્ફરન્સ માટે અનુદાનની રૂ. ૩,૦૦૦ની રકમ મંજૂર કર્યાની સાભાર નોંધ લેવી.

૪૫. તા. ૧૨-૧૨-૧૯૭૪ના રોજ મળેલ યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

ભલામણ ૧

"આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષમાં રેલવે ભાડામાં થયેલ વધારાને તેમ જ ખેલાડીઓને આપવાના થતા ડી.એ. માં મંજૂર થયેલ વધારાને લક્ષમાં લઈને સને ૧૯૭૫-૭૬ના વર્ષ માટે નીચે પ્રમાણેનું બજેટ મંજૂર કરાવવા અંગે એક્ઝિકયુટિવ કાઉન્સિલ સમક્ષ રજૂ કરવા મંત્રી અને ચેરમેનશ્રીને ઘટતી સત્તા આપવી :

૧.	આંતર-કૉલેજ હરીફાઈઓ	રૂ. ૧૫,૦૦૦
૨.	આંતર-વિભાગીય હરીફાઈઓ	રૂ. ૮,૦૦૦
૩.	આંતર-યુનિવર્સિટી હરીફાઈઓ	રૂ. ૩૫,૦૦૦
	તાલીમશિબિરો તથા વ્યાયામ શિક્ષક તાલીમ વર્ગ	રૂ. ૧૫,૦૦૦
૫.	સાધન તથા મેદાનો	રૂ. ૮,૦૦૦
૬.	સ્પૉર્ટ્સ સમિતિઓના સભ્યોને મુસાફરી ભથ્થાં	રૂ. ૧૫,૦૦૦."

ભલામણ ૨

"ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોમાં કામ કરી રહેલ શારીરિક શિક્ષણના અધ્યાપકો માટે ફેબ્રુઆરીના અંતમાં કે માર્ચના પ્રથમ સપ્તાહમાં ૮ થી ૧૦ દિવસ માટે પ્રશિક્ષણ શિબિર આશરે ૫૦ થી ૬૦ વ્યક્તિઓ માટે યોજવાનું મંજૂર કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વ્યાયામ શિક્ષકોના આ શિબિર માટે ચાલુ વર્ષના બજેટમાં 'તાલીમ શિબિર તથા વ્યાયામ શિક્ષક તાલીમ વર્ગ' ખાતે ફાળવવામાં આવેલ રૂ. ૧૫,૦૦૦માંથી આ માટે નીચે પ્રમાણે રૂ. ૬,૦૦૦(રૂપિયા છ હજાર પૂરા)નું અંદાજી ખર્ચ મંજૂર કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧.	ભોજન ખર્ચ ૧૧ દિવસ માટે ૬૦ વ્યક્તિઓને રોજના રૂ. ૮-૦૦ (પ્રમાણે આગળપાછળ અડધો દિવસ ગણતાં)	રૂ. ૫,૨૮૦
૨.	સાધનો, મેદાન વગેરે	રૂ. ૫૦૦
૩.	પરચૂરણ ખર્ચ	રૂ. ૨૨૦."

ભલામણ ૩

"આથી ઠરાવવામાં આવે છે કે અખિલ ભારતીય આંતર-યુનિવર્સિટી સ્પર્ધાઓમાં કે વિભાગીય કક્ષાએ યોજાયેલ આંતર-યુનિવર્સિટી સ્પર્ધાઓમાં જો ગુજરાત યુનિવર્સિટીની ટીમ વિજેતા થાય તો ટીમના મૅનેજરને ફ્રેઝરનું અડધું ખર્ચ આપવાનું મંજૂર કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની પ્રવર્તમાન નાણાકીય સ્થિતિના સંદર્ભમાં યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સના સને ૧૯૭૫-૭૬ના બજેટમાં નીચે મુજબ નાણાકીય જોગવાઈ રાખવી :

૧. આંતર-કૉલેજ હરીફાઈઓ રૂ. ૧૩,૦૦૦
૨. આંતર-વિભાગીય હરીફાઈઓ રૂ. ૮,૦૦૦
૩. આંતર-યુનિવર્સિટી હરીફાઈઓ રૂ. ૩૦,૦૦૦
૪. તાલીમ શિબિરો તથા વ્યાયામ શિક્ષક તાલીમ વર્ગ રૂ. ૧૦,૦૦૦
૫. સાધન તથા મેદાનો રૂ. ૫,૦૦૦
૬. સ્પોર્ટ્સ સમિતિઓના સભ્યોને મુસાફરી ભથ્થાં રૂ. ૧૦,૦૦૦

ભલામણ નં. ૨ બાબતમાં પ્રશિક્ષણ શિબિર માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને લખી સહાય મેળવવી અને સહાય મળ્યેથી આગળની કાર્યવાહી કરવી.

ભલામણ નં. ૩ : સદરહુ ભલામણ સ્વીકારવી નહિ.

૪૬. આરોગ્યકેન્દ્રમાં રેસિડેન્ટ મેડિકલ ઑફિસરની જગ્યા માટે તા. ૩-૧-૧૯૭૫ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવી અને તે મુજબ એક વર્ષના અજમાયશી ધોરણે શરૂઆતના મૂળ માસિક પગાર રૂ. ૫૧૨ થી ૫૧૨-૨૫-૭૮૭ EB-૩૦-૯૦૭ના પગારધોરણમાં યુનિવર્સિટીના આરોગ્યકેન્દ્રમાં તા. ૧-૪-૧૯૭૫થી ડૉ. એમ. પી. ભટ્ટની નિમણૂક કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ડૉ. ભટ્ટને નિયમાનુસાર મોંઘવારી ભથ્થું, સ્થાનિક વળતર ભથ્થું, સ્કૂટર ઍલાવન્સ તથા નોન-પ્રેક્ટિસ ઍલાવન્સ આપવા અને રેન્ટ-ફ્રી, ક્વાર્ટર્સ આપવા, R M.O.ની ફરજ ઉપરાંત ડૉ. ભટ્ટે કૉલેજોના વિદ્યાર્થીઓની થતી દાક્તરી તપાસ અંગેનું કામ પણ કરવાનું રહેશે એમ જણાવવું.

(સદરહુ વરણીસમિતિની ભલામણ આ સાથે **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૪૭. બાંધકામ સમિતિની તા. ૧૬-૧૨-૧૯૭૪ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બાંધકામ સમિતિની તા. ૧૬-૧૨-૧૯૭૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(બાંધકામ સમિતિની તા. ૧૬-૧૨-૧૯૭૪ની સભાની ભલામણો **પરિશિષ્ટ "ટ"** તરીકે સામેલ છે.)

૪૮. સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયાને યુનિવર્સિટીમાં બ્રાન્ચ ઑફિસ માટે સેનેટ હૉલની દક્ષિણ તરફ સીડીમાં આવેલ રૂમ કામચલાઉ ભાડું લઈને આપવા માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કૉર્ટ હૉલના દક્ષિણ તરફના છેડે સીડીના ભાગમાં આવેલો ખંડ સ્ટેટ બૅન્ક ઑફ ઇન્ડિયાને રૂ. ૧૭૫ માસિક ભાડું અને તે પર થતા ટૅક્સીઝ લઈને આપવાનું મંજૂર કરવું.

૪૯. જાન્યુઆરી ૨૬થી જૂન ૩૦, ૧૯૭૫ના સમય દરમિયાન યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનમાં "જાપાનીઝ" ભાષાના વર્ગો ચાલુ રાખવા બાબત.

(**નોંધ.**— ૧. શિક્ષણનું માધ્યમ અંગ્રેજી છે.

૨. અભ્યાસક્રમની ફી રૂ. ૫૦ રાખવામાં આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે **સદરહુ** બાબતની નોંધ લેવી.

૫૦. સર્ટિફિકેટ ઓફ કોમ્પ્યુટર પ્રોગ્રામિંગની નવી પરીક્ષા લેવામાં આવેલ હોવાથી તેના પ્રમાણપત્રનો મુસદ્દો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે **સર્ટિફિકેટ** ઑફ કોમ્પ્યુટર પ્રોગ્રામિંગના પ્રમાણપત્રનો મુસદ્દો મંજૂર કરવો.

(સદરહુ પ્રમાણપત્રના મુસદ્દાની નકલ **પરિશિષ્ટ** "ઠ" તરીકે સામેલ છે.)

૫૧. સદરહુ બાબતની **વિચારણા** આગળ બાબત નં. ૪૨ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવેલી છે.

૫૨. નેશનલ કાઉન્સિલ ઑફ એજ્યુકેશન, રિસર્ચ એન્ડ ટ્રેનિંગ, ન્યૂ દિલ્હીને પીએચ.ડી. પદવીના સંશોધન માટે એજ્યુકેશન એન્ડ સોશિયલ સાયન્સીઝ (મનોવિજ્ઞાન સહિત)ના વિષયોમાં આ યુનિવર્સિટીની સ્વીકૃત સંસ્થા (એપ્રુવ્ડ ઇન્સ્ટિટ્યૂશન) તરીકે ઑર્ડિ. ૬૫-ડબ્લ્યુ અનુસાર માન્ય રાખવાની બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧-૧-૧૯૭૫ની સભામાં મંજૂર કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત. (એ. કા. બા. ક્ર. ૨૭)

આથી ઠરાવવામાં આવે છે કે **સદરહુ** સંસ્થાને "એપ્રુવ્ડ ઇન્સ્ટિટ્યૂશન" તરીકે માન્ય રાખવાની ભલામણ સ્વીકારવી.

૫૩. મલ્ટિકેમ રિસર્ચ સેન્ટર, નાંદેસરીને ઑર્ડિ. ૬૫-ડબ્લ્યુ અનુસાર માન્ય સંસ્થા (એપ્રુવ્ડ ઇન્સ્ટિટ્યૂશન) તરીકે પીએચ.ડી. પદવીના સંશોધન માટે માન્ય રાખવાની બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧-૧-૧૯૭૫ની સભામાં મંજૂર કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત. (એ. કા. બા. ક્ર. ૨૮)

આથી ઠરાવવામાં આવે છે કે **સદરહુ** સંસ્થાને "એપ્રુવ્ડ ઇન્સ્ટિટ્યૂશન" તરીકે માન્ય રાખવાની ભલામણ સ્વીકારવી.

૫૪. યુનિવર્સિટી કાર્યાલયના અનુસ્નાતક વિભાગમાં જુ. ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. પી. એમ. ત્રિવેદીને તેઓની હંગામી સેવાઓ દરમિયાન પ્રો. ફંડનો સ્ટે. ૧૮૦-બી પ્રમાણે લાભ આપવા બાબતની તેઓની તા. ૪-૧૧-૧૯૭૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— શ્રી. પી. એમ. ત્રિવેદી તા. ૬–૨–૧૯૬૭થી હંગામી જગ્યા પર છે અને તેઓને તા. ૧૬–૬–૧૯૬૭થી કાયમી જગ્યા પર નીમવામાં આવ્યા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. પી. એમ. ત્રિવેદી તા. ૬–૨–૧૯૬૭થી તા. ૨૬–૨–૧૯૬૭ સુધી હંગામી જગ્યા પર હતા તે દરમિયાન તેમને પ્રોવિડન્ટ ફન્ડનો લાભ આપવાનું મંજૂર કરવું.

૫૫. શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા તરફથી જૂન ૧૯૭૫થી બી.એ.(પ્રિન્સિ.)માં ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી (એ. કા. આ. ક્ર. ૩૪).

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૫–૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૫થી તા. ૧૪–૬–૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલયમાં ઇતિહાસના વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રૉ. ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૬. શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ તલોદ સહકારી મંડળી કૉમર્સ કૉલેજ, તલોદ તરફથી જૂન ૧૯૭૫થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, હિંદી અને અંગ્રેજી; તથા બી.એ.(સબો.)માં સમાજશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ

એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી (એ.કા.બા.ક્ર. ૩૫).

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ તલોદ સહકારી મંડળી કૉમર્સ કૉલેજ, તલોદ નિમણૂંક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૧-૧૧-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, હિંદી અને અંગ્રેજી; તથા બી.એ. (સબો.)માં સમાજશાસ્ત્ર તથા આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૭થી કાયમી જોડાણ આપવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. કૉમર્સના પૂરા સમયના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂંકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રો. ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૭. સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી બી.એ.(સબો.)માં સમાજશાસ્ત્ર, તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી (એ.કા.બા.ક્ર.૩૬).

(નોંધ.—સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં જણાવ્યું છે કે સદરહુ કૉલેજને બી.એ. (પ્રિન્સ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, અને મનોવિજ્ઞાન; તથા બી.એ. (સબો.)માં આંકડાશાસ્ત્ર અને હિંદીના અભ્યાસક્રમો માટે ૧૯૭૫ સુધી જોડાણ મળેલું છે. પરંતુ વાસ્તવમાં તે જોડાણ ૧૯૭૮ સુધી મળેલું છે તેથી તે અંગે કાર્યવાહી કરવાની રહેતી નથી.)

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સરસપુર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૧-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એ.(સબે.)માં સમાજશાસ્ત્ર તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી કાયમી જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રો. ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૮. ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૫થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અંગ્રેજી, અર્થશાસ્ત્ર અને મનોવિજ્ઞાન તથા બી.એ.(સબે.)માં હિંદી, સમાજશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રની પદ્ધતિઓ, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ અને સંસ્કૃત તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી (એ. કા. બાબત ક્રે. ૩૭).

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૧૧-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સ.)માં ગુજરાતી, અંગ્રેજી, અર્થશાસ્ત્ર અને મનોવિજ્ઞાન; તથા બી.એ.(સબે.)માં હિન્દી, સમાજશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, આંકડાશાસ્ત્રની પદ્ધતિઓ, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ અને સંસ્કૃત; તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ

ઑડિટિંગના અભ્યાસક્રમો તથા આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૮૦ સુધીનું ચાલુ જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂંકો કરવામાં આવે :
(૧) જોડાણના નિયમો માટે ઑ. ૧૨૦-એ અન્વયે જરૂરી શિક્ષકો;
(૨) અંગ્રેજીના ખંડ સમયના વ્યાખ્યાતા;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં બાકી રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓના વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રૉ. ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૯. મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણાનું જૂન ૧૯૭૫થી વિભાગીકરણ કરી (૧) મ્યુનિસિપલ આર્ટ્સ કૉલેજ, મહેસાણા, તથા (૨) મ્યુનિસિપલ કૉમર્સ કૉલેજ, મહેસાણાને સ્વતંત્ર કૉલેજો તરીકે (૧) મ્યુનિસિપલ આર્ટ્સ કૉલેજ, મહેસાણાને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, હિંદી; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન, રાજ્યશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રની પદ્ધતિઓના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું મળેલ જોડાણ ચાલુ રાખવા તથા (૨) મ્યુનિસિપલ કૉમર્સ કૉલેજ, મહેસાણાને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું મળેલ જોડાણ ચાલુ રાખવા માટેની જોડાણઅરજી (અં. કા. આ. ક્ર. ૩૮).

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણાની જૂન ૧૯૭૫થી વિભાગીકરણ કરવા માટેની અરજી પરત્વે સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ સ્વીકારવો અને જૂન ૧૯૭૫થી સદરહુ કૉલેજનું વિભાગીકરણ કરવાની અરજીનો અસ્વીકાર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૦. શ્રી. સહજાનંદ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૫થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી (એ. કા. બા. ક્ર. ૩૯).

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. સહજાનંદ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૧-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું વધારાનું જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) ગુજરાતીના પ્રાધ્યાપક
   (૨) ગુજરાતીના વ્યાખ્યાતા
   (૩) ગુજરાતીના ખંડ સમયના વ્યાખ્યાતા;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કોલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. ગુજરાતીના મુખ્ય વિષયને લગતાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૬. પ્રો. ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૧. વડનગર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વડનગર તરફથી જૂન ૧૯૭૫થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાન, હિન્દી, ઇતિહાસ અને સંસ્કૃત તથા બી.કોમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા ચાલુ જોડાણ તથા બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી (એકે. કાઉ. બાબત ક્રમાંક ૪૦).

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે વડનગર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વડનગર નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૧-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર તથા બી એ.(સબો.)માં મનોવિજ્ઞાન, હિન્દી, ઇતિહાસ અને સંસ્કૃત; તથા બી કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા ૧૪-૬-૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ; તથા બી એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું વધારાનું જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) અંગ્રેજીના પ્રાધ્યાપક
   (૨) વાણિજ્યના પ્રાધ્યાપક
   (૩) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક
   (૪) કૉમર્સ અને એકાઉન્ટન્સીના વિષયોમાં ઑ. ૧૨૦-એ મુજબ જરૂરી શિક્ષકગણ;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. અંગ્રેજીના મુખ્ય વિષયને લગતાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૮નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૬. પ્રો. ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૨. ચંદ્રનબહેન ઍન્ડ સોમાલાલ હરિલાલ દેસાઈ આર્ટ્સ કૉલેજ ઍન્ડ શ્રીમતી લીલાવતી કીર્તનલાલ લાલચંદ દોશી કૉમર્સ કૉલેજ, બાલાસિનોર તરફથી જૂન ૧૯૭૫થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, બી.એ.(સબો.)માં અંગ્રેજી, સંસ્કૃત, હિન્દી, ઇતિહાસ અને તત્ત્વજ્ઞાન, તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી (એકૅ. કાઉ. બાબત ક્રમાંક ૪૧).

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ચંદનબહેન એન્ડ સોમાલાલ હરિલાલ દેસાઈ આર્ટ્સ કૉલેજ એન્ડ શ્રીમતી લીલાવતી કીર્તનલાલ લાલચંદ દોશી કૉમર્સ કૉલેજ, બાલાસિનોર નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર તથા બી એ (સમો.)માં અંગ્રેજી, સંસ્કૃત, હિન્દી, ઇતિહાસ અને તત્ત્વજ્ઞાન; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી કાયમી જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મેળવવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના કાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનુ પાલન કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૩. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, હાલોલ (પંચમહાલ) તરફથી જૂન ૧૯૭૫થી પ્રથમ વર્ષ બી.એ.માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, ઇતિહાસ, મનોવિજ્ઞાન તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી, બી.એ. (સમો.)માં ઇતિહાસ, મનોવિજ્ઞાન અને હિન્દી તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી (એકે. કાઉ. બાબત ક્રમાંક ૪૨).

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, હાલોલ (પંચમહાલ) નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૧-૧૯૭૫ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ બી એ.માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, ઇતિહાસ, મનોવિજ્ઞાન, પ્રથમ વર્ષ બી કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા

માટે તા. ૧૧-૬-૧૯૭૭થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, બી.એ (સબો.)માં ઇતિહાસ, મનોવિજ્ઞાન અને હિન્દી તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૭થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું વધારાનું જોડાણ આપવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) ગુજરાતીના પ્રાધ્યાપક
   (૨) અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક
   (૩) વાણિજ્યના પ્રાધ્યાપક
   (૪) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક
   (૫) મર્કન્ટાઈલ લૉના ખંડ સમયના વ્યાખ્યાતા;

૨. વધારાના વર્ગખંડો અને ટ્યુટોરિયલ્સ ખંડની જોગવાઈ કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. ગુજરાતી, અર્થશાસ્ત્ર અને એકાઉન્ટન્સી એ પ્રત્યેક વિષયને લગતાં રૂ. ૨,૦૦૦નાં પુસ્તકો તથા ઇતિહાસ, મનોવિજ્ઞાન અને હિન્દી એ પ્રત્યેક ગૌણ વિષયને લગતાં રૂ. ૧,૦૦૦નો પુસ્તકો અંગે અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૭. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૪. શ્રીમતી એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ તરફથી જૂન ૧૯૭૫થી બી.એસસી. (સપે.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા કાયમી જોડાણ માટેની અરજી (એ. કા. બાબત ક્રમાંક ૪૩).

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૧-૧-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એસસી (સ્પે.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી.-(જન.)માં ભાતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૮૦ સુધીનું ચાલુ જોડાણ આપવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧ સંલગ્ન કૉલેજમાં બિનશૈક્ષણિક કર્મચારીની નિમણૂક અંગે યુનિવર્સિટીએ ઘડેલાં ધારા-ધોરણોનું પાલન કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામાયકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૫. સાયન્સ કૉલેજ, કડી તરફથી જૂન, ૧૯૭૫થી બી.એસસી. (સ્પે.)માં રસાયણ-વિજ્ઞાન, બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન તથા પ્રથમ વર્ષ બી.એસસી.માં જીવ-વિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી (એ.કા. બા.ક્ર. ૪૪).

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સાયન્સ કૉલેજ, કડી નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એસસી. (સ્પે) માં રસાયણવિજ્ઞાન, બી.એસસી. (જન.) માં ભૌતિકવિજ્ઞાન તથા પ્રથમ વર્ષ બી.એસસી.માં જીવવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ આપવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. યોગ્ય લાયકાત ધરાવતા વ્યાયામ શિક્ષકની નિમણૂક કરવામાં આવે;

૨ શાળા માટેનું પુસ્તકાલય કૉલેજના મકાનની બહાર ખસેડવામાં આવે;

૩. કૉલેજની કુલ વિદ્યાર્થી સંખ્યાના ૧૦ ટકા વિદ્યાર્થીઓ બેસી શકે તેવા વિદ્યાર્થી કૉમનરૂમની વ્યવસ્થા કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે, અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦ નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૭. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના કાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૬. નવજીવન સાયન્સ કૉલેજ, દાહોદ તરફથી જૂન, ૧૯૭૫થી પ્રથમ વર્ષ બી.એસસી.માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને જીવશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ/વધારા જોડાણ તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ મેળવવા માટેની અરજી (એ. કા. બા. ક્ર. ૪૫).

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે નવજીવન સાયન્સ કૉલેજ, દાહોદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ બી.એસસી.માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર તથા જીવશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું વધારાનું જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) રસાયણવિજ્ઞાનના પ્રાધ્યાપક

(૨) ભૌતિકવિજ્ઞાનના વ્યાખ્યાતા

(૩) વનસ્પતિવિજ્ઞાનના વ્યાખ્યાતા

(૪) જીવશાસ્ત્રના ડેમોન્સ્ટ્રેટર (પેશી રસાયણ)

૨૭. સંલગ્ન કોલેજો અને માન્ય સંસ્થાઓના શૈક્ષણિક-બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓનાં પગારધોરણો, સેવાઓની અન્ય શરતો અંગે જે પ્રશ્નો ઊભા થાય તે અંગે વિચારણા કરીને ભલામણો રજૂ કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે નિયુક્ત કરેલ સ્થાયી સમિતિની તા. ૧૮–૧૨–૧૯૭૪ના રોજ મળેલ પ્રથમ સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત તેની સમગ્રતામાં પુનર્વિચારણા કરવા માટે સદરહુ સમિતિને પાછી મોકલવી.

૨૮. મનોવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને શિક્ષણશાસ્ત્ર વિદ્યાભવનના અધ્યક્ષશ્રી તરફથી એમ.એડ.ના વેકેશન વર્ગો ચલાવવા અંગે તા. ૧૬–૧–૧૯૭૫ના પત્રાંક એડયુ-કેજીડી-એમ-એડ-વેક-૧૫૯૧થી આવેલ પ્રસ્તાવ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૯. યુનિવર્સિટી માટે ટેકસ્ટાઇલ કેમિસ્ટ્રીનો અભ્યાસક્રમ શરૂ કરવા અંગે નિયુક્ત થયેલ સમિતિની તા. ૪–૧૨–૧૯૭૪ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસક્રમમાં પ્રવેશ માટેનાં ધોરણો અંગેની નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી :

"(3) The selection of the candidate should be according to the University results plus internal examinations and oral interview.

The minimum qualification should be B.Sc. with Chemistry and Physics.'

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિના તા. ૪-૧૨-૧૯૭૪ની સભાની બાકીની ભલામણો મંજૂર કરવી.

૩૦. એકેડેમિક કાઉન્સિલની તા. ૧-૧-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત (એકેડેમિક કાઉન્સિલ બાબત ક્રમાંક ૪):

"આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. સી. આર. નાયકને તેઓશ્રીની તદ્‌વિષયક ઉત્તમ કામગીરીના ઉપલક્ષ્યમાં એમની હાલની રીડરની જગ્યાને એમની સેવાકાળ પૂરતી પ્રોફેસરની પોસ્ટમાં ઊર્ધ્વીકૃત કરી પર્શિયનના પ્રોફેસર તરીકે નીમવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ ડૉ. છોટુભાઈ ર. નાયકને ભાષા-સાહિત્ય ભવનમાં પર્શિયનના પ્રોફેસર તરીકે રૂ. ૧,૧૦૦-૫૦-૧,૩૦૦-૬૦-૧૬૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૩૦૦/-થી બે વર્ષ માટે કે તેમની નિવૃત્તિના સમય સુધી, બેમાંથી જે સમય વહેલો હોય ત્યાં સુધી, પ્રોબેશન પર નીમવા.

૩૧. પ્રકાશન બોર્ડની તા. ૨૧-૧-૧૯૭૫ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે કે સદરહુ બોર્ડની તા. ૨૧-૧-૧૯૭૫ની સભાની ભલામણો મંજૂર કરવી,

(સદરહુ બોર્ડની તા. ૨૧-૧-૧૯૭૫ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૩૨. ભારત સરકારની અને વિદેશોની જુદી જુદી સ્કોલરશિપોનો યોગ્ય સમન્વય કરી તેનો વધુમાં વધુ સારો ઉપયોગ કેવી રીતે કરી શકાય તે બાબતમાં ભારત સરકારને યુનિવર્સિટીનો અભિપ્રાય મોકલી આપવા એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૪-૧૦-૧૯૭૪ની સભામાં નીમેલી સમિતિની તા. ૧૬-૧૨-૧૯૭૪ની સભાની ભલામણો એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧-૧-૧૯૭૫ની સભામાં મંજૂર કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૬૬).

આથી ઠરાવવામાં આવે કે સદરહુ સમિતિની તા. ૧૬-૧૨-૧૯૭૪ની સભાની ભલામણો સ્વીકારવી.

(સદરહુ સમિતિની તા. ૧૬-૧૨-૧૯૭૪ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૩૩. હાલના ઑર્ડિ. ૧૫૧-સી અનુસાર જુદી જુદી વિદ્યાશાખાઓના અનુસ્નાતક કક્ષાના વિષયોમાં લેવાતી સત્ર ફીના ધોરણમાં સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત :

[પ્રવર્તમાન ઑર્ડિ. ૧૫૧-સી નીચે મુજબ છે :

O. 151—C :

The standard of tuition fees for admission to post-graduate studies in all the zones and post-graduate centres of the Gujarat University area shall

be uniform as under :

(1) Rs. 125 per term for all the subjects (other than the subjects of Home Science, Archaeology, Geography and Statistics) comprised under the Faculties of Arts including Education, Law and Commerce and Mathematics comprised under the Faculties of Arts including Education and Science.

(2) Rs. 150 per term for the subjects of (1) Home-Science, Archaeology, Geography comprised under the Faculty of Arts including Education and (2) Statistics comprised under the Faculties of Arts including Education and Science and (3) all the subjects comprised under the Faculties of Medicine, Dentistry, Pharmacy and Ayurvedic Medicine.

(3) Rs. 200 per term for the subjects comprised under the Faculties of Science (except Mathematics and Statistics), Technology including Engineering, and Agriculture.]

આથી ઠરાવવામાં આવે કે ઑર્ડ. ૧૫૧-સી હેઠળ નિયત કરવામાં આવેલાં સત્ર ફીનાં ધોરણોમાં ફેરફાર કરવા માટેના સદરહુ પ્રસ્તાવ પર હાલને તબક્કે કશી વિચારણા કરવાની જરૂર નથી.

૩૪. નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલયમાં કામ કરતા એક્ચુઅરિયલ સાયન્સ (વીમાવિજ્ઞાન)ના પ્રાધ્યાપક શ્રી. બી. જી. દવેને તા. ૧૨-૮-૧૯૭૩ના રોજ ૬૫ વર્ષ પૂરાં થતાં હોઈ તે સમયે સદરહુ કૉલેજના આચાર્યની વિનંતીથી એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨-૫-૧૯૭૩ની સભામાં, આ વિષયમાં જરૂરી લાયકાત ધરાવતા પ્રાધ્યાપકો દુષ્પ્રાપ્ય હોવાથી અપવાદ તરીકે શ્રી. બી. જી. દવેને બે વધુ વર્ષ માટે ચાલુ રાખવા સદરહુ કૉલેજને પરવાનગી આપી હતી. તેના અનુસંધાનમાં હજુ વધુ ત્રણ વર્ષ માટે શ્રી. બી. જી. દવેને વીમાવિજ્ઞાનના પ્રાધ્યાપક તરીકે કામ કરવા દેવાની પરવાનગી માગતા સદરહુ કૉલેજના આચાર્યના તા. ૬-૧-૧૯૭૫ના પત્રાંક ૫૩૭ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં વીમાવિજ્ઞાનના પ્રાધ્યાપક તરીકે શ્રી. બી. જી. દવેને ૧૯૭૫-૭૬ના વર્ષ દરમ્યાન શિક્ષણકામ કરવા માટે મંજૂરી આપવી.

૩૫. બી.એસસી. (જન)માં પ્રાણીવિજ્ઞાન વિષયનું શિક્ષણકાર્ય જૂન ૧૯૭૫થી બંધ કરવાની પરવાનગી આપવા માટેના શ્રી. સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રીના તા. ૨૫-૭-૧૯૭૪ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—૧૯૭૩-૭૪ના શૈક્ષણિક વર્ષના બીજા સત્રથી સદરહુ વિષયમાં એક પણ વિદ્યાર્થી નથી તેમ કૉલેજે જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં પ્રાણીવિજ્ઞાન વિષયનું શિક્ષણકાર્ય, તે વિષયના કોઈ પણ શિક્ષકને છૂટા કરવામાં ન આવે તે શરતે, જૂન ૧૯૭૫થી બંધ કરવા માટે પરવાનગી આપવી.

૩૬. ફેબ્રુઆરી ૧૯૭૫ના અંતમાં ઍસોસિયેશન ફોર કોમનવેલ્થ લિટરેચર ઍન્ડ લૅન્ગ્વેજ સ્ટડીઝનો "કોમનવેલ્થ લિટરેચર" પર એક પરિસંવાદ યોજનાર છે તેમાં અંગ્રેજીના પ્રાધ્યાપકને યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સ્થાનિક આતિથ્ય સદરહુ ઍસોસિયેશન સંભાળશે પણ તે પ્રવાસખર્ચ આપી શકશે નહીં.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૩૭. ફેબ્રુઆરી ૧૪ થી ૧૫, ૧૯૭૫ના સમય દરમિયાન "ધી ઇન્સ્ટ્રક્ચૂશન ઑફ એન્જિનિયર્સ"નું (ગુજરાત સેન્ટર) ૫૪મું વાર્ષિક કન્વેન્શન લખનૌ મુકામે યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કન્વેન્શનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૩૮. ૧૯૭૪–૭૫ના વર્ષની ઓ. ૯૬ પ્રમાણેની માહિતી જોતાં નીચે જણાવેલ કૉલેજોમાં તેના નામ સામે દર્શાવેલ ઊણપ જણાઈ છે તો તે અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	ઊણપની વિગત	નોંધ
૧.	શ્રી. આર. કે. આર્ટ્સ ઍન્ડ એમ. કે. કોમર્સ કૉલેજ, પેટલાદ	૧. અર્થશાસ્ત્ર મુખ્ય વિષય તરીકે શીખવાય છે તેમ છતાં પૂરા સમયના પ્રાધ્યાપક નથી.	ઑર્ડિ. ૧૨૦–એ અનુસાર પૂરા સમયના પ્રાધ્યાપક હોવા જોઈએ.
		૨. ગણિતના વ્યાખ્યાતાને ગણિત ઉપરાંત આંકડાશાસ્ત્રના તાસ સોંપ્યા છે.	ઑા.ડ. ૧૨૦–એ પ્રમાણે આ કાર્યભાર સોંપી શકાય નહિ.
૨.	ખેડા આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલેજ, ખેડા	૧. બે શિક્ષકો અમદાવાદ કૉમર્સ કૉલેજમાંથી આવે છે	એકિઝકયુટિવ કાઉન્સિલના ઠરાવ પ્રમાણે ભગિની સંસ્થાની સેવાઓ એક જ શહેરમાં લઈ શકાય; બહારગામ નહિ.
		૨. અર્થશાસ્ત્રમાં ત્રણ અને ગુજરાતીમાં બે ખંડ સમયના વ્યાખ્યાતાઓ છે.	ઑર્ડિ. ૧૨૦–એ પ્રમાણે આપી શકે નહિ.
		૩. અંગ્રેજીના વ્યાખ્યાતાને ૧૬ + પનો કાર્યભાર આપ્યો છે.	૧૬ + ૪ની પરવાનગી કુલપતિશ્રી આપી શકે.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) શ્રી. આર. કે. આર્ટ્સ કૉલેજ ઍન્ડ એમ. કે. કૉમર્સ કૉલેજ, પેટલાદને ઉપર જણાવેલી ઊણપો ત્વરિત દૂર કરીને યુનિવર્સિટી કાર્યાલયને તેની જાણ કરવા માટે જણાવવું.

(૨) ખેડા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખેડાએ તેના તા. ૭–૨–૧૯૭૫ના પત્રથી કરેલા ખુલાસા જોતાં વિશેષ કાંઈ કરવાની જરૂર જણાતી નથી.

૩૯. બી.એ.ની પદવી પરીક્ષા એક વખત પસાર કર્યા પછી બીજા વિષય સાથે ફરીથી બી.એ.ની પરીક્ષા આપવા માટેના રેગ્યુલર તથા એકસ્ટર્નલ વિદ્યાર્થીઓ માટેના અંગ્રેજી વિષયમાં મુક્તિ રાખનારને વર્ગ ન મળે તે માટે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧-૧-૧૯૭૫ની સભામાં સુધારેલ ઓ. આર્ટ્સ ૧-એ તથા ઓર્ડિ. એકસ્ટર્નલ ૧-એ ને જૂન ૧૯૭૫થી અમલમાં મૂકવા અંગેની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૨૩).

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી અને તે મુજબ સુધારેલા ઓર્ડિ. આર્ટ્સ ૧-એ તથા ઓર્ડિ. એકસ્ટર્નલ ૧-એ ને મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૭૫થી અમલમાં મૂકવા.

૪૦. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, હાલોલનું નામ બદલીને હવે "મોહનલાલ એન્ડ વિજયાબહેન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, હાલોલ" એમ રાખવા અંગે મંજૂરી આપવા અંગે સદરહુ કોલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, હાલોલનું નામાભિધાન "મોહનલાલ એન્ડ વિજયાબહેન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, હાલોલ" રાખવા માટેનો સદરહુ કોલેજની વિનંતી મંજૂર કરવી.

૪૧. ભાષા-સાહિત્ય ભવનના પ્રાકૃતના લેકચરર શ્રી. કે. આર. ચંદ્રાની તેઓની સાસુની માંદગીને કારણે દિવાળી વેકેશન સાથે તા. ૧૩-૧૦-૧૯૭૪ થી તા. ૨૭-૧૦-૧૯૭૪ની તેમની રજા જોડવાની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કે. આર. ચંદ્રાની સદરહુ વિનંતી મંજૂર કરવી નહીં.

૪૨. બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૨૧-૧-૧૯૭૫ના રોજ મળેલી સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—નોંધની બાબત નં. ૩, ૪, ૫, ૬ અને બાબત નં. ૧૭(૨) તથા બાબત નં. ૧૭ પ્રકારના છેલ્લા પેરેગ્રાફવાળી બાબત એકેડેમિક કાઉન્સિલ સમક્ષ મૂકવામાં આવનાર હોવાથી તે અંગે વિચારવાનું રહેતું નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની તા. ૨૧-૧-૧૯૭૫ના રોજ મળેલી સભાની ભલામણો પૈકી ભલામણ નં. ૩, ૪, ૫, ૬ અને ૧૭(૨) સિવાયની બાબતો પરની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ બોર્ડની તા. ૨૧-૧-૧૯૭૫ની સભાના કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે).

૪૩. સંશોધન શિષ્યવૃત્તિ સમિતિની તા. ૨૨-૧-૧૯૭૫ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૨-૧-૧૯૭૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન ભવિષ્યમાં કોઈ સંશોધન શિષ્યવૃત્તિ ખાલી પડે તો તે પૂરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

(સદરહુ સમિતિની તા. ૨૨–૧–૧૯૭૫ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે).

૪૪. યુનિવર્સિટી પ્રેસમાં હેલ્પર તરીકે કામ કરતા શ્રી. આર. એમ. ત્રિવેદી તા. ૨૫–૧૧–૧૯૭૪થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી નિયમ પ્રમાણે ગ્રેચ્યુઇટી ચૂકવવા અંગે વિચારણા કરવા બાબત.

(તેઓ યુનિવર્સિટી પ્રેસમાં તા. ૧૯–૧–૧૯૫૯થી જોડાયા હતા અને તા. ૨૫–૧૧–૧૯૭૪થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસમાંથી છૂટા થયેલા હેલ્પર શ્રી. આર. એમ. ત્રિવેદીને તેમને ખાતે નીકળતી ગ્રેચ્યુઇટીની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ ચૂકવી આપવી.

૪૫. ડૉ. ચંપાબહેન એલ. ભટ્ટના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. પદવી શિક્ષણશાસ્ત્ર વિષયમાં નોંધાયેલા વિદ્યાર્થી શ્રીમતી હંસાબહેન એમ. દવેના મહાનિબંધ પર આવેલા રેફરીઓના અહેવાલ અંગે મતભેદ (Tie) પડતાં ઑર્ડિ. ૩૨૧ (ii) અનુસાર ચોથા રેફરીની નિમણૂક કરવાના પ્રશ્ન અંગે વિચારણા કરવા બાબત.

	અભિપ્રાય
૧. ડૉ. રોનાલ્ડ આર કેસી, પ્રોફેસર, યુનિવર્સિટી ઑફ કેલિફોર્નિયા, કેલિફોર્નિયા, યુ.એસ.એ.	મહાનિબંધને પીએચ.ડી. પદવી માટે યોગ્ય ગણતા નથી.
૨. ડૉ એસ. એસ. શ્રીવાસ્તવ, રીડર ઇન ક્રિમિનોલોજી, કાશી વિદ્યાપીઠ, વારાણસી	મહાનિબંધને પીએચ.ડી. પદવી માટે યોગ્ય ગણે છે.

ડૉ. ચંપાબહેન ભટ્ટ પરદેશના રેફરીના અહેવાલ સાથે સંમત થતાં નથી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધ તપાસવા માટે ચોથા રેફરી તરીકે નીચેના પૈકી એકની ક્રમાનુવર્તી નિમણૂક કરવી :

૧. ડૉ. બી. એચ. ગ્લેન (સ્ટેટ યુનિવર્સિટી ઑફ ન્યૂયોર્ક, બફેલો)
૨. ડૉ. રણજિત રુબેરો (યુનિવર્સિટી ઑફ શ્રીલંકા, સિલોન)

૪૬. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોમાં કાર્ય કરતા શિક્ષકોના સુધરેલા પગારધોરણના સંદર્ભમાં ડીમ્ડ સેકન્ડ ક્લાસ ધરાવતા ટ્યૂટર-ડેમોન્સ્ટ્રેટરને અન્ય અનુસ્નાતકની પદવી દ્વિતીય વર્ગમાં ધરાવનારની માફક રૂ. ૨૫૦–૧૫–૪૦૦ના પગાર-ધોરણમાં શરૂનો મૂળ પગાર રૂ. ૩૦૦ આપવા અંગેની વિનંતી રાજ્ય સરકારે માન્ય રાખી નથી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪૭. ગુજરાતી ભાષામાં "બૃહદ્ વ્યાકરણ" પુસ્તક તૈયાર કરવા માટે સંપાદકો સાથે કરવાના કરારનામાના મુસદ્દાને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કરારનામાનો મુસદ્દો મંજૂર કરવો.

(કરારનામાના મુસદ્દાની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૪૮. વૈદ્યશ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૫ થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫ થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) કૉલેજ તરફથી જોડાણઅરજી પર મૂકેલી શરતોનું યથાર્થ પરિપાલન કરવામાં આવ્યું છે.

(૨) સ્થાનિક તપાસસમિતિએ આ કૉલેજને ૧૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે પરવાનગી આપવા ભલામણ કરી છે, પરંતુ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર વિચારણા કરી ૮૦ વિદ્યાર્થીઓથી વધુ પ્રવેશની છૂટ નહીં આપવા એકેડેમિક કાઉન્સિલે કરેલી ભલામણ એક્ઝિકયુટિવ કાઉન્સિલે સ્વીકારી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે વૈદ્યશ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદને બી.એડ ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને જૂન ૧૯૭૫થી બી.એડ.ના વર્ગમાં શિક્ષક-વિદ્યાર્થી પ્રમાણના નિયમોને આધીન વધુમાં વધુ ૧૦૦ વિદ્યાર્થીઓને લેવાની પરવાનગી આપવી.

૪૯. તા. ૧૩/૧૪/૧૫-૬-૧૯૭૪ના રોજ મળેલ કોર્ટની સભામાં થયેલા એક સૂચન પર એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૧૨-૧૧-૧૯૭૪ની સભામાં થયેલા નીચેના નિર્ણયને અનુલક્ષીને જરૂરી સમિતિ રચવા બાબત.

કોર્ટનું સૂચન	આ અંગે એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૨૪-૮-૧૯૭૪ની સભામાં નિયુક્ત થયેલ સમિતિનો અભિપ્રાય	નોંધ
ફી ઘટાડવી જોઈએ	"હાલના તબક્કે ફી ઘટાડવી શકય નથી. પરંતુ ફીના માળખામાં યોગ્ય ફેરફાર જરૂરી છે કે કેમ તે તપાસવા માટે બધી વિદ્યાશાખાઓ માટે એક સમિતિ નીમવા અને આ બાબત અંગે સત્વરે કાર્યવાહી શરૂ કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને આ સમિતિ ભલામણ કરે છે."	એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૧૨-૧૧-૧૯૭૪ની સભાએ કરેલ ઠરાવ અનુસાર આ ભલામણ મંજૂર રાખવામાં આવી છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

૧. પ્રો. દેવવ્રત એન. પાઠક
૨. ડૉ. વી સી. શાહ
૩. શ્રી. મણિભાઈ જી. ભટ્ટભટ્ટ

૫૦. એસ્ટેટ વિભાગમાં હેલ્પર તરીકે કામ કરતા શ્રી. ભલાભાઈ ખોડાભાઈ પ્રજાપતિની મજૂર પગારધોરણ તા. ૧-૪-૧૯૭૧ને બદલે તા. ૨૦-૧૧-૧૯૭૪થી સ્વીકારવા દેવા અંગેની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે હેલ્પર શ્રી. ભલાભાઈ ખોડાભાઈ પ્રજાપતિને મજૂર પગારધોરણ તા. ૧-૪-૧૯૭૧ને બદલે તા. ૨૦-૧૧-૧૯૭૪થી સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૫૧. માર્ચની તા. ૨૫ અને ૨૬, ૧૯૭૫ના સમય દરમિયાન મુંબઈ મુકામે "સ્ટ્રક્ચરલ એન્ડ ફન્કશનલ આસ્પેક્ટ્સ ઓફ ક્રોમોસમ્સ" પર ભારત સરકારનો અણુશક્તિ વિભાગ પરિસંવાદ યોજે છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૫૨. સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કોમર્સ કૉલેજ, કડીમાં જૂન ૧૯૭૪-૭૫ના વર્ષ દરમિયાન નીચે પ્રમાણે ગેરનિયમિતતા થઈ હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત :

(૧) અંગ્રેજીના ખંડ સમયના ટ્યૂટરને ઑર્ડ. ૧૨૦-એની મર્યાદા કરતાં વધારે કામ સોંપ્યું છે. (૩ વ્યાખ્યાન + ૮ ટ્યુટો.)

(૨) શ્રી. સી. ડી. શાહ ૧૯૬૫થી કૉલેજમાં કામ કરે છે તેમ છતાં માન્યતા મેળવી નથી અને અર્થશાસ્ત્ર સાથે આંકડાશાસ્ત્રનો વિષય શીખવે છે.

(નોંધ.—૧. અંગ્રેજીના શિક્ષકની નિમણૂક સમય મર્યાદામાં—એટલે કે ૧૯૭૫થી—કૉલેજ કરશે તેમ કૉલેજે જણાવ્યું છે.

૨. શ્રી. સી. ડી. શાહને વ્યાયામશિક્ષક તરીકે અમાન્ય કર્યા પછી માન્યતા મેળવ્યા સિવાય અર્થશાસ્ત્રના ટ્યૂટરનું કામ સોંપ્યું છે. ઉપરાંત તેઓ આંકડાશાસ્ત્રનો વિષય શીખવે છે જેની પાત્રતા તેઓ ધરાવતા નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરની ગેરનિયમિતતાઓ માટે સદરહુ કૉલેજના આચાર્યશ્રીને ઠપકો આપવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ ઊણપો ત્વરિત દૂર કરીને યુનિવર્સિટી કાર્યાલયને તેની જાણ કરવા માટે સદરહુ કૉલેજને જણાવવું.

૫૩. સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદમાં એકાઉન્ટન્સીના ટ્યટર શ્રી. જે. જે. સોની અને એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા શ્રી. જી. એમ. શેખ જરૂરી શૈક્ષણિક

લાયકાત ધરાવતા નહીં હોવાથી ૧૯૭૪-૭૫ના બીજા સત્ર પૂરતું આ બે શિક્ષકો દ્વારા શૈક્ષણિક કાર્ય કરવા સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) શ્રી. જે. જે. સોની (એકાઉન્ટન્સીના ટ્યૂટર) બી.કૉમ. અને એમ.કૉમ.ની એમ બેઉ પદવીઓ પાસ વર્ગમાં ધરાવે છે.

(૨) શ્રી. જી. એમ. શેખ બી.કૉમ. પાસ વર્ગ અને સી.એ.ની પદવી ધરાવે છે, પરંતુ જરૂરી બે વર્ષને બદલે ૧ વર્ષનો બંધારકીય અનુભવ ધરાવે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં એકાઉન્ટન્સીના ટ્યૂટર તરીકે શ્રી. જે. જે. સોનીની અને એકાઉન્ટન્સીના લેક્ચરર તરીકે શ્રી. જી. એમ. શેખની નિમણૂક ચાલુ વર્ષ પૂરતી બાદ્ય ગણવી અને એકાઉન્ટન્સીના વિષયમાં યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકોની જરૂરી નિમણૂંક કરવા માટે તેને જણાવવું, અને ઉમેરવું કે જો તેમ કરવામાં નહીં આવે તો જૂન ૧૯૭૫થી નવા વિદ્યાર્થીઓને તે વિષયમાં લઈ શકાશે નહીં.

૫૪. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૭ હેઠળ થઈ ગયેલી હોઈ તે અંગે અત્રે વિશેષ કરવાપણું રહ્યું નહીં.

૫૫. શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત તથા રજની પારેખ આર્ટ્સ એન્ડ શ્રી. કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાતના કેટલાક શિક્ષકોને પ્રોવિડન્ટ ફંડ-ગ્રેચ્યુઈટી ઇત્યાદિની લેણી રકમ નહિ ચૂકવી હોવાથી આ બાબત એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૨-૧૧-૧૯૭૪ની સભામાં રિપોર્ટ કરવામાં આવી હતી તથા તા. ૧૫મી ડિસેમ્બર ૧૯૭૪ સુધીમાં આ રકમની ચુકવણી કરી તેની જાણ કરવા માટે ઠરાવ્યું હતું તેના સંદર્ભમાં શ્રી. રજની પારેખ આર્ટ્સ એન્ડ શ્રી કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાતના આચાર્યના તા. ૨૧-૧૨-૧૯૭૪ના પત્રથી કૉલેજની નાણાકીય મુશ્કેલીને કારણે આ રકમની ચુકવણી નહિ થઈ હોવાનું જણાવ્યું છે તો તે પર વિચારણા કરવા બાબત

(**નોંધ.**—શ્રીમતી બી. સી. જે સાયન્સ કૉલેજ, ખંભાતના આચાર્યના તા. ૨૦-૧૨-'૭૪ના પત્રથી ડૉ. જે. જે. ત્રિવેદીની પ્રૉ. ફંડની તથા ગ્રેચ્યુઇટીની બાકી નીકળતી રકમની ચુકવણી અંગે તેમની સાથે પત્ર દ્વારા સમજૂતી થઈ છે અને તે પ્રમાણે તેમને તેમની રકમ ચૂકવી આપવામાં આવશે તેમ જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોવિડન્ટ ફન્ડ અને ગ્રેચ્યુઇટીનાં કેટલાં નાણાં કોને ચૂકવવાનાં બાકી છે તે અંગેની પૂરેપૂરી વિગતો મોકલી આપવા માટે સદરહુ કૉલેજને જણાવવું.

૫૬. બાંધકામ સમિતિની તા. ૨૭-૧-૧૯૭૫ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૭-૧-૧૯૭૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૭-૧-૧૯૭૫ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૫૭. એમ.બી.,બી.એસ.ની પરીક્ષાઓમાં આંતરિક મૂલ્યાંકન અંગે કાર્યાલયનાં નીચે જણાવેલ સૂચનો પર વિચારણા કરવા બાબત:

૧. ૧૯૭૪ના વર્ષમાં લેવાયેલ એમ.બી.,બી.એસ. પરીક્ષાઓમાં ગુજરાત રાજ્યની વિશિષ્ટ પરિસ્થિતિમાં આંતરિક મૂલ્યાંકન સ્થગિત કરવામાં આવેલ તેના સંદર્ભમાં જે વિદ્યાર્થીઓ એપ્રિલ ૧૯૭૪માં બેઠા હોય અને નાપાસ થયા હોય અને ઑક્ટોબર ૧૯૭૪ની પરીક્ષામાં નાપાસ થયા હોય અને જે વિદ્યાર્થીઓ ઑક્ટોબર ૧૯૭૪માં પ્રથમ વાર જ બેસી નાપાસ થયા હોય તેઓના આંતરિક ગુણાંકન નીકળી શકે નહીં. તે જોતાં તેમનાં પરિણામ એપ્રિલ ૧૯૭૫માં લેવાનાર પરીક્ષા માટે ૭૦ના પ્રોરેટા ગણી ૧૦૦માંથી ગણી પરિણામ નક્કી કરવાનું રાખવું.

૨. ક્રમાંક ૧માં જણાવેલ વિદ્યાર્થીઓ એપ્રિલ, ૧૯૭૫ની પરીક્ષામાં નાપાસ થાય તો તેવા વિદ્યાર્થીઓએ ઑક્ટોબર ૧૯૭૫ની પરીક્ષા માટે આંતરિક મૂલ્યાંકન માટેની પરીક્ષાઓ (ટેસ્ટ)માં બેસવાનું આવશ્યક રહેશે.

(નોંધ.—શ્રી. ડીને ઉપર ૧ અને ૨ પ્રમાણે કરવા અનુમતિ આપી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં યુનિવર્સિટી કાર્યાલયનાં ઉપર જણાવેલાં સૂચનો મંજૂર કરવાં.

૫૮. તા. ૪-૨-૧૯૭૫ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભામાં ભૂજને આગામી માર્ચ-એપ્રિલ ૧૯૭૫ની પરીક્ષાઓનું કેન્દ્ર રદ કર્યાના ઠરાવના અનુસંધાનમાં ભૂજની પીપલ્સ એજ્યુકેશન સોસાયટીના પ્રમુખશ્રી, મંત્રીશ્રી અને અન્ય સભ્યોના પ્રતિનિધિમંડળે કુલપતિશ્રીને મળીને લેખિત બાંયધરીઓ આપેલ છે તેના સંદર્ભમાં સદરહુ નિર્ણય અંગે પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ભૂજમાં યુનિવર્સિટીની પરીક્ષાના સંચાલનના કામમાં જરૂરી સહકાર આપવા માટે પીપલ્સ એજ્યુકેશન સોસાયટીના સંચાલકો તેમ જ સમાજનાં અન્ય સર્વ ક્ષેત્રોના આગેવાનો તરફથી મળેલી ખાતરીને અનુલક્ષીને ભૂજ ખાતે પરીક્ષાઓનું કેન્દ્ર ચાલુ રાખવું.

૫૯. તા. ૧૩/૧૪/૧૫-૬-૧૯૭૪ના રોજ મળેલી કોર્ટની સભામાં થયેલ નીચેનું સૂચન એકિઝકયુટિવ કાઉન્સિલે સ્વીકારેલ હોઈ તે મુજબ જરૂરી ઑર્ડિનન્સ ઘડવા અંગે વિચારણા કરવા બાબત :

કોર્ટનું સૂચન

"કૉલેજોના ઑડિટેડ હિસાબો રજૂ કરવા માટે કૉલેજોને જણાવી શકાય તે માટે ઑર્ડિનન્સ ઘડવો જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સ્થાયી કાનૂનવિષયક સમિતિનો અભિપ્રાય મેળવવો.

૬૦. ફેબ્રુઆરી ૨૦થી ૨૨, ૧૯૭૫ના સમય દરમિયાન "ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ એશિયન સ્ટડીઝ," મુંબઈ મુકામે ઇન્ટરનેશનલ સ્કૉલર્સ કૉન્ફરન્સ ઑન એશિયન

કો-ઑપરેશન" પર અધિવેશન યોજે છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૬૨. ભવન્સ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડાકોર તરફથી જૂન ૧૯૭૫થી બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃત, બી.એ.(સમા.)માં રાજ્યનીતિશાસ્ત્ર અને મનોવિજ્ઞાન તથા બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાન વિષયોનું શિક્ષણકાર્ય ઑર્ડિ. ૧૨૦-એફ ને આધીન બંધ કરવા માટે પરવાનગી માટેની આવેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—૧. ઉપરોક્ત વિષયો લેનાર વિદ્યાર્થીની માંગ નથી તથા કોઈ વિદ્યાર્થીઓ દાખલ થયેલા નથી.

૨. ઉપરોક્ત વિષયોના શિક્ષકોમાંથી કોઈ શિક્ષકને છૂટા કરવામાં આવ્યા નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને સંસ્કૃત, રાજ્યનીતિશાસ્ત્ર અને મનોવિજ્ઞાન તથા વનસ્પતિવિજ્ઞાનના વિષયોના કોઈ પણ શિક્ષકને છૂટા કરવામાં ન આવે તે શરતે સદરહુ વિષયોમાં ઉપર મુજબનું શિક્ષણકાર્ય જૂન ૧૯૭૫થી બંધ કરવા માટે પરવાનગી આપવી.

૬૨. યુનિવર્સિટી ધારાની કલમ 33-એ (૧) (બી) (૧) અને (૨) અનુસાર સંલગ્ન કૉલેજોએ શિક્ષકોની નિમણૂક કરતી વખતે પ્રત્યેક કૉલેજની જે તે વરણીસમિતિ પર યુનિવર્સિટીના પ્રતિનિધિ હોવા આવશ્યક છતાં પણ વરણીસમિતિમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ સિવાય કેટલીક કૉલેજોમાં શિક્ષકોની નિમણૂક કરવામાં આવી છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોએ યુનિવર્સિટીના પ્રતિનિધિ વિના નિમણૂકો કરી છે તે બાબતની ગંભીરતા સ્વયંસ્પષ્ટ છે એમ તે કૉલેજોને જણાવીને તેમને ઠપકો આપવો અને ભવિષ્યમાં આ પ્રકારની ભૂલચૂક થવા પામે નહીં તે જોવા માટે સદરહુ કૉલેજને ચેતવણી આપવી.

૬૩. વિજ્ઞાન વિદ્યાભવનના કેમિસ્ટ્રી વિભાગના નીચે જણાવેલ ચાર શિક્ષકોની છ સંશોધન યોજના અંગે ગુજરાત સરકારના ઉદ્યોગ, ખાણ અને વિદ્યુત શક્તિ વિભાગે તેમના ઠરાવ નં. એસ.આઈ.આર. ૧૦૭૪-૫૮૨૯-કેએચ. તા. ૧૦-૧૨-૧૯૭૪ થી તેમનાં નામ સામે જણાવેલ અનુદાનની રકમ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

અનુ. ક્રમ	શિક્ષકનું નામ	સ્કીમનું નામ	મંજૂર થયેલ રકમ Rs.	સમય
1.	Dr. M. N. Desai Gujarat University Ahmedabad	Studies in corrosion inhibition of Aluminium Alloys and Zincs	12,370/-	From 1-4-74 to 31-5-75
2.	Dr. K. P. Soni Gujarat University Ahmedabad.	To study the physical property of some physiologically important Azols and their metal complexes	5,700/-	,,

અનુ. ક્રમ	શિક્ષકનું નામ	સ્કીમનું નામ	મંજૂર થયેલ રકમ Rs.	સમય
3.	Dr. R. K. Shah Gujarat University	The study Air pollution in Ahmedabad	10,000/-	From 1-4-74 to 31-5-1975
4.	Dr. R. K. Shah Gujarat University Ahmedabad	To study the prblems of clay minerals and water of Gujarat	7,350/-	,,
5.	Dr. J. C. Vora Gujarat University Ahmedabad	Studies in corrosion and its inhibition of stainless steel.	14,800/-	,,
6.	Dr. M. N. Desai Gujarat University, Ahmedabad.	Corrosion of mild steel in neutral, acidic and Alchaline solution and its inhibition.	8,500/-	From 1-6-74 to 31-5-75

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૬૪. શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોડેલીમાં અંગ્રેજીના વ્યાખ્યાતા શ્રી.મકૃત અબ્દુલ રઝાક એચ. તથા માનસશાસ્ત્રના વ્યાખ્યાતા શ્રી સૈયદ આઈ.જી.જરૂરી શૈક્ષણિક અનુભવ ધરાવતા ન હોવા છતાં તેમનાથી આખું વર્ષ શૈક્ષણિક કામ ચલાવ્યું હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—બંને શિક્ષકો બી.એ. બીજો વર્ગ અને એમ.એ. પાસ વર્ગ ધરાવે છે, ટ્યૂટર તરીકેનો બોજામાં બોછો ત્રણ વર્ષનો શૈક્ષણિક અનુભવ જોઈએ તે નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની ગંભીરતા સ્વયંસ્પષ્ટ છે તે હકીકત શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોડેલીના આચાર્યશ્રીને જણાવવી અને તેમણે કરેલી ભૂલચૂક માટે તેમને ઠપકો આપવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં ઉપર જણાવ્યા મુજબની નિમણૂકો ચાલુ વર્ષ પૂરતી બાલ રાખવી.

૬૫. શ્રી. આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદ તરફથી જૂન ૧૯૭૪થી બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાન તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું તથા બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪ થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે મૂકેલી

શરતોના પરિપાલનના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

(નોંધ.—શરત ૨ના સંદર્ભમાં ઑડિ. ૧૨૦-એ ને અનુલક્ષીને જરૂરી નિમણૂકો કરવામાં આવી છે તે નિમણૂકો પર્યાપ્ત છે કે કેમ તે ચકાસવા વિષયવાર કાર્યભાર અને વહેંચણીની વિગતો મંગાવી છે.

શરત ૬ : તા. ૧-૧૦-૧૯૭૩, ૧-૧-૧૯૭૪ અને ૧-૩-૧૯૭૪થી વધારાયેલા મોંઘવારી ભથ્થાની તફાવતની રકમ ગ્રાન્ટ આવ્યેથી ચૂકવશે તેમ કૉલેજે જણાવ્યું છે.

શરત ૮ : તા. ૧-૪-૧૯૭૨થી અમલી બને તે રીતે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરેલું નથી. ટ્રસ્ટ તરફથી તે બાબત પર નિર્ણય થયેથી સદરહુ ફંડ ઊભું કરશે એમ ખાતરી આપી છે.)

સદરહુ કૉલેજની બાબતમાં પેટલાદની દીવાની કૉર્ટમાં દાખલ કરવામાં આવેલો દાવો પાછો ખેંચવામાં આવ્યો છે તેની સભાગૃહને જાણ કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ કૉલેજને બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાન તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું તથા બી.એ.(પ્રિન્સ.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું ચાલુ જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણ અંગેની શરતોના પરિપાલન માટે આગ્રહ રાખવો.

૬૬. ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન કેટલાક વિદ્યાર્થીઓએ પ્રવેશપાત્રતાનું પાકું પ્રમાણપત્ર (ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ) કઢાવ્યું નહીં હોવાથી મજકૂર સર્ટિફિકેટ કઢાવવા માટેની મુદત લંબાવવા અંગે વિચારણા કરવા બાબત.

[એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૭-૧૨-૧૯૭૪ની સભામાં નીચે મુજબ ઠરાવ કર્યો છે :

ઠરાવ :

"આથી ઠરાવવામાં આવે છે કે, ચાલુ વર્ષે પ્રવેશપાત્રતાનું પાકું પ્રમાણપત્ર કઢાવવા માટેની મુદત તા. ૩૧-૧-૧૯૭૫ સુધી લંબાવવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, જરૂર જણાય તેવા કેસોમાં માઇગ્રેશન સર્ટિફિકેટ કે અન્ય કોઈ પ્રમાણપત્ર બીજી યુનિવર્સિટીઓ કે બોર્ડોમાંથી ત્વરિત મળે તે માટે ઉચ્ચ કક્ષાએ પત્રવ્યવહાર કરવા માટે કુલપતિશ્રીને વિનંતી કરવી."]

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન પ્રવેશપાત્રતાનું પાકું પ્રમાણપત્ર (ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ) કઢાવવા માટેની મુદત તા. ૧૧મી માર્ચ ૧૯૭૫ સુધી લંબાવવી.

૬૭. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી કલાજો અંગેના કેસો પર તેમ જ પ્રાશ્નિકો—પરીક્ષકો—નિરીક્ષકો અને કાર્યાલયના

સભ્યોને હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૫-૨-૧૯૭૫ના રોજ મળેલ પરીક્ષા શુદ્ધિસમિતિની બીજી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૫-૨-૧૯૭૫ના રોજ મળેલી સભાની, નં. ૨ સિવાયની ભલામણો મંજૂર કરવી.

નં. ૨ની ભલામણ સમિતિની પુનર્વિચારણા માટે મોકલવી.

(સદરહુ સમિતિની તા. ૫-૨-૧૯૭૫ની સભાની કાર્યવાહીની નોંધની નકલ સામેલ કરવામાં આવી નથી)

૬૮. માર્ચ — એપ્રિલ ૧૯૭૫ માં જુદાં જુદાં કેન્દ્રો પર લેવાનાર જુદી જુદી પરીક્ષાઓમાં મુખ્ય નિરીક્ષકોનાં નામોની યાદી (આચાર્ય મારફતે મંગાવેલ) મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે માર્ચ-એપ્રિલ ૧૯૭૫માં જુદાં જુદાં કેન્દ્રો પર લેવામાં આવનાર યુનિવર્સિટીની પરીક્ષાઓ માટેની મુખ્ય નિરીક્ષકોનાં નામોની યાદી મંજૂર કરવી તથા તે પૈકી યોગ્ય શિક્ષકોની જરૂર મુજબ નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૯. રણછોડલાલ લોયવાલા ફાઉન્ડેશન તરફથી ગ્રંથાલયનાં પુસ્તકો ખરીદવા રૂ. ૭,૬૦૦ નું અનુદાન મળતાં સને ૧૯૭૪-૭૫ના વર્ષમાં રૂ. ૨,૫૦,૦૦૦ નું બજેટ મંજૂર કરેલ છે તેને વધારીને રૂ. ૨,૫૭,૬૦૦ નું કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે પુસ્તકોની ખરીદી માટે ચાલુ વર્ષના અંદાજપત્રમાં રૂ. ૨,૫૭,૬૦૦/- (રૂપિયા બે લાખ સત્તાવન હજાર અને છસો)ની જોગવાઈ મંજૂર કરવી.

૭૦. યુનિવર્સિટી કોર્ટની તા. 13/14/15-6-1974 ની સભામાં થયેલ સૂચનો પર વિચારણા કરી પોતાનો અહેવાલ રજૂ કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૪-૮-૧૯૭૪ની સભામાં નીમેલ સમિતિની ભલામણ અન્વયે યુનિવર્સિટીની સંલગ્ન કોલેજોના તેમ જ યુનિવર્સિટીના પોતાના છાત્રાલયમાં મળતી સુવિધાઓની બાબતમાં સુચિંતિત અહેવાલ તૈયાર કરવા માટે એક સમિતિની નિમણૂક કરવા માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે હાલને તબક્કે સમિતિ નીમવાથી વિશેષ હેતુ સરે તેમ જણાતું નથી.

૭૧. અમીન કેમિકલ વર્કસ, વડોદરાને પીએચ.ડી. પદવીના સંશોધન માટે કેમિસ્ટ્રી, પ્લાન્ટ એન્ડ એગ્રિકલ્ચરલ કેમિસ્ટ્રી એન્ડ બાયોકેમિસ્ટ્રીના વિષયોમાં આ યુનિવર્સિટીની સ્વીકૃત સંસ્થા (એફ્રીએટ ઇન્સ્ટિટ્યુશન) તરીકે ઓર્ડિ. ૬૫-ડબ્લ્યુ અનુસાર માન્ય કરવા માટે તે સંસ્થાના અધ્યક્ષશ્રીના તા. ૩૦-૧-૧૯૭૫ના પત્રથી આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. ડૉ. વી. સી. શાહ
૨. ડૉ. એમ. એન. દેસાઈ

૭૨. જોઇન્ટ કન્સલ્ટેટિવ કમિટી સ્ટેચ્યૂટથી અમલમાં ન આવે ત્યાં સુધી એકિઝકયુટિવ કાઉન્સિલના ઠરાવથી કર્મચારીઓના પ્રતિનિધિત્વવાળી સ્થાયી સમિતિની રચના કરવા માટેની ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘની તેમના તા. ૧-૨-૧૯૭૫ના પત્રાંક ૧૩૧૭ થી આવેલી માગણી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જોઈતપાસીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

૧. આચાર્ય એમ. સી. શાહ
૨. આચાર્ય દર્શનસિંઘ શીખ

૭૩. બૃહદ્ અંગ્રેજી-ગુજરાતી કોશ ગુજરાત યુનિવર્સિટી દ્વારા તૈયાર કરાવવા માટે હરિૐ આશ્રમ, નડિયાદના ટ્રસ્ટી તરફથી રૂ. ૧,૫૦,૦૦૦/-નું પ્રદાન સ્વીકારવા માટે આવેલ દરખાસ્ત અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો અને કોશ તૈયાર કરવાનું ખર્ચ શ્રી. પાંડુરંગ દેશપાંડેને એમના ૧-૧-૧૯૭૫ના પત્ર અનુસાર ૧૫% રૉયલ્ટીથી સોંપવું.

૭૪. ફાઇનાન્સ સમિતિની તા. ૨૮-૧-૧૯૭૫ની સભાની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

"(૧) આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય માટે નીચે પ્રમાણે સ્ટેશનરી વગેરે ટેન્ડરની શરતો પ્રમાણે ખરીદવાં :

વસ્તુનું નામ	જથ્થો	વેપારીનું નામ	ભાવ	નોંધ
૧. સ્ટેન્સિલ પેપર ફૂલસ્કેપ સાઈઝ	૧,૫૦૦ ક્વાયર્સ બે ક્વાયર્સ પેકિંગ ૨,૩૦૦ ક્વાયર્સ ફોરસ ડ્રાઈ ટાઇપ માટે, પાંચ ક્વાયર્સ પેકિંગમાં	ગેસ્ટેટનર ડુપ્લિકેટર્સ પ્રા. લિ. વિનસ કોર્પોરેશન	રૂ. ૧૭-૨૫ વત્તા ટેક્ષ એક ક્વાયરનો ભાવ રૂ. ૧૬-૯૭ નેટ એક ક્વાયરનો ભાવ	સારી જાતનાં હોવાથી ,,
૨. સ્ટેન્સિલ પેપર બ્રીફ સાઈઝ	૨૪ ક્વાયર્સ	ગેસ્ટેટનર ડુપ્લિકેટર્સ પ્રા. લિ.	રૂ. ૭૨-૦૦ વત્તા ટેક્ષ એક ક્વાયરનો ભાવ	,,

	વસ્તુનું નામ	જથ્થો	વેપારીનું નામ	ભાવ	નોંધ
૩.	ડુપ્લિકેટિંગ ઇન્કટયૂબ	(૧) ૪૦૦ નંગ	ગેસ્ટેટનર ડુપ્લિકેટર્સ પ્રા. લિ.	રૂ. ૧૨–૦૦ વત્તા ટેક્ષ એક નંગનો ભાવ	સારી જાતનાં હોવાથી
		(૨) ૪૦૦ નંગ ' કોરસ ૭૪૬	વિનસ કોર્પોરેશન	રૂ. ૯–૭૯ નેટ એક નંગનો ભાવ	,,
૪.	ડુપ્લિકેટિંગ પેપર્સ ફૂલ સાઈઝ	૩૦૦૦ રીમ (ત્રણ હજાર રીમ) ટિટાધર	બાલગોવિંદ કુબેરદાસની કંપની	રૂ. ૨૦-૫૦	સારી જાતના તથા વધુ વજનના હોવાથી

એક રીમમાં ૨૧ × ૩૩ સાઈઝમાં–૨.૬૭૫ કે. જી. વજનમાં ટેન્ડરની શરતો મુજબ ખરીદવા.

વધુમાં એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આપણે ત્યાં ગેસ્ટેટનર ડુપ્લિકેટિંગ મશીન નં. ૩૨૦ હોવાથી તે માટે ખાસ પ્રકારની સારી જાતની ડુપ્લિકેટિંગ ઇન્કટયૂબ નંગ ૨૦૦ નં. ૪૪૩ની કંપની ભાવે ગેસ્ટેટનર ડુપ્લિકેટર્સ પ્રા. લિ. પાસેથી ખરીદવી.

(૨) આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટી ગ્રંથાલય માટે ટેન્ડરમાં જણાવેલ શરતો મુજબ મે. મેક એજન્સી, અમદાવાદ પાસેથી સ્ટીલ રેકના બ્લોક નંગ ૧૨ બ્લોકના રૂ. ૧,૬૯૨–૭૬ પૈસા નેટની કિંમતે પ્રથમ એક નમૂનો મંજૂર કરાવીને ખરીદવાં."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૭૫. યુનિવર્સિટી કેન્ટીનના કોન્ટ્રાક્ટર મે. બ્લૂ રૂમ રેસ્ટોરન્ટના તા. ૩૧–૩–૧૯૭૫થી કેન્ટીન ચલાવવા માગતા નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેન્ટીનના કોન્ટ્રાક્ટર મેસર્સ બ્લૂ રૂમ રેસ્ટોરન્ટને તા. ૩૧–૩–૧૯૭૫થી સદરહુ કોન્ટ્રાક્ટમાંથી છૂટા કરવા, અને તે દરમિયાન યુનિવર્સિટી કેન્ટીન માટે જાહેરખબરો આપીને અરજીઓ મંગાવવી.

૭૬. યુનિવર્સિટી કાર્યાલયના મદદનીશ કુલસચિવ શ્રી. ડી. એચ. પટેલની નિવૃત્તિવય મર્યાદામાં વધારો આપવા અંગેના એકિઝકયુટિવ કાઉન્સિલના નીચેના ઠરાવની પુનઃ વિચારણા કરવા અંગે તેઓની તા. ૨૯–૧–૧૯૭૫ની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ડી. એચ. પટેલને પોતાની તબીબી તપાસ કરાવવા માટે ડૉ. જે. એન. પટેલ અને ડૉ. જે. એલ. ભટ્ટનો સંપર્ક સાધવા જણાવવું અને તેમની તબીબી તપાસ અંગેનો હેવાલ આવ્યેથી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે મદદનીશ કુલસચિવ શ્રી. ડી. એચ. પટેલને પોતાની તબીબી તપાસ ડૉ. જે. એન. પટેલ અને ડૉ. જે. એલ. ભટ્ટ પાસે કરાવવાને બદલે ફક્ત ડૉ. જે એન. પટેલ પાસે કરાવવા માટે જણાવવું અને તેમની તબીબી તપાસ અંગેનો અહેવાલ આવ્યેથી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭૭. વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. સી. જી. ત્રો એક વર્ષ માટે "ઇન્ડિયન સ્ટેટિસ્ટિકલ ઇન્સ્ટિટ્યૂટ", ન્યૂ દિલ્હીમાં વિઝિટિંગ પ્રોફેસર તરીકે તા. ૧૭-૯-૧૯૭૪થી જોડાયા. તેમની અવેજીમાં વિભાગના વડા તરીકેની કામગીરી બજાવવા અંગેનું ભથ્થું આપવા અંગેના આંકડાશાસ્ત્ર વિભાગના રીડર શ્રી. એમ. સી. જયસ્વાલના તા. ૨૧-૧-૧૯૭૫ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના જુદા જુદા વિભાગોના વડાની ગેરહાજરીમાં તેમની કામગીરી અન્ય કોઈ શિક્ષકને સોંપવાની બાબત અંગે સામાન્ય નીતિનિયમો સૂચવવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્ય એમ. એસ. પંડિત
૨. આચાર્ય એમ. સી. શાહ
૩. શ્રી. મનુભાઈ પંચોળી
૪. ડૉ. જે એલ. ભટ્ટ

૭૮. કોમ્પ્યુટર સેન્ટરમાં જુ. પ્રોગ્રામર તરીકે સર્વશ્રી કે. નામ્બી અને આર. એસ. પરમારની તા. ૨૮-૨-૧૯૭૫ સુધી નિમણૂક કરવામાં આવી હતી તો ઉપરોક્ત બન્ને સભ્યોને તે જગ્યા પર કાયમ કરવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સભ્યોને કોમ્પ્યુટર સેન્ટરમાં જુનિયર પ્રોગ્રામર તરીકે તા. ૧-૩-૧૯૭૫થી એક વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

૭૯. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ તરફથી યુનિવર્સિટી ધારાની કલમ ૩૮-બી (૧) અન્વયે સ્વાયત્તતા માટેની આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. ડૉ. વી. સી. શાહ
૨. ડૉ. પી. જે. માદન
૩. ડૉ. એ. આર. પટેલ.

૮૦. એલ. એમ. કૉલેજ ઓફ ફાર્મસી, અમદાવાદ તરફથી યુનિવર્સિટી ધારાની કલમ ૩૮-બી (૧) અન્વયે સ્વાયત્તતા માટેની આવેલી અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. ડૉ. એમ. એન. દેસાઈ
૨. ડૉ. એચ. સી. શાહ
૩. ડૉ. બી. વી, શાહ (અતુલ).

૮૧. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ તરફથી યુનિવર્સિટી ધારાની કલમ ૩૮-બી (૧) અન્વયે સ્વાયત્તતા માટેની આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. શ્રી. મણિભાઈ બ્રહ્મભટ્ટ
૨. શ્રી. ગોરીભાઈ ભટ્ટ
૩. શ્રી મધુભાઈ ધ્રુવ.

૮૨. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી યુનિવર્સિટી ધારાની કલમ ૩૮-બી (૧) અન્વયે સ્વાયત્તતા માટેની આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. ડૉ. ધીરુભાઈ પી. ઠાકર
૨. શ્રી. યશવંતભાઈ શુકલ
૩. ડૉ. આર. એન. મહેતા.

૮૩. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ તરફથી યુનિવર્સિટી ધારાની કલમ ૩૮-બી (૧) અન્વયે સ્વાયત્તતા માટેની આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. આચાર્ય એમ. સી. શાહ
૨. શ્રી. એ. આર. દેસાઈ
૩. શ્રી. મનુભાઈ શાહ.

૮૪. અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૩૦-૧-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"અર્થશાસ્ત્રના અધ્યાપકો માટે ઉનાળાની રજાઓમાં એક ઓપવર્ગ(રિફ્રેશર કોર્સ)ની યોજના કરવા બાબત. કુલપતિશ્રીની મંજૂરી લઈ ઘટતી કાર્યવાહી કરવી. શકય હોય તો આ વર્ગ બે અઠવાડિયાંનો ઓછામાં ઓછો રાખવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ રિફ્રેશર કોર્સ અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન પાસેથી જરૂરી આર્થિક સહાય મેળવવા માટે ઘટતી તજવીજ કરવી.

૮૫. શેઠ ડી. એલ. લૉ કૉલેજ, ભૂજમાં આચાર્ય તરીકે જોડાયેલા શ્રી. એસ. પી. ઠક્કર આચાર્ય તરીકેની જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતા નહીં હોવાથી તેમની નિમણૂક

ચાલુ વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખવાની ધી પીપલ્સ એજ્યુકેશન સોસાયટી, ભૂજના મંત્રીશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) શ્રી. ઠક્કર એસ. પી. બી.એસસી.ની પદવી પાસ વર્ગમાં તથા એલએલ.બી. અને એલએલ.એમ.ની પદવી બીજા વર્ગમાં ધરાવે છે તથા પ્રાધ્યાપક તરીકેનો પાંચ વર્ષનો શૈક્ષણિક અનુભવ છે.

(૨) એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેઓની નિમણૂક ગયે વર્ષે ગ્રાહ્ય રાખી હતી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં આચાર્ય તરીકે શ્રી. એસ. પી. ઠક્કરની નિમણૂક ચાલુ વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખવી અને સદરહુ કૉલેજના સંચાલકોને જણાવવું કે જૂન ૧૯૭૫થી યોગ્ય લાયકાત ધરાવતા આચાર્યની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૮૬. જૂન ૧૯૭૪થી શરૂ થયેલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પ્રાંતિજે ૧૯૭૪-૭૫નું શૈક્ષણિક વર્ષ યોગ્ય લાયકાત ધરાવતા વ્યાયામ શિક્ષક તથા ગ્રંથપાલની નિમણૂક કર્યા વગર ચલાવ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) વ્યાયામ શિક્ષક તરીકે શ્રી. વી. સી. પટેલની નિમણૂક કરી હતી, પરંતુ તેઓ હાજર થયા બાદ રજા મૂકયા પછી હાજર થયા ન હતા.

(૨) ગ્રંથપાલ તરીકે શ્રી. કે. પી. ભટ્ટની નિમણૂક કરી હતી, પરંતુ તેઓ શરૂઆતથી જ હાજર થયા નથી એમ કૉલેજે જણાવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન યોગ્ય લાયકાત ધરાવતા વ્યાયામ શિક્ષક તથા ગ્રંથપાલની નિમણૂક કર્યા સિવાય કામ ચલાવવા બદલ ઠપકો આપવો તથા જૂન ૧૯૭૫થી યોગ્ય લાયકાત ધરાવતા વ્યાયામ શિક્ષક તથા ગ્રંથપાલની નિમણૂક કરવા માટે જણાવવું.

૮૭. કાયદાની વિદ્યાશાખાની તા. ૭-૨-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"કાયદાની વિદ્યાશાખાની આ સભા તા. ૧૭-૧૦-૧૯૭૪ની અગાઉની સભામાં બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના તા. ૧૯-૯-૧૯૭૪ના પત્રાંક વી.સી.આઈ. ૦૨૦૯૦૨-૧૯૭૪ તથા તેના રેઝોલ્યુશન નં. ૫૪-૧૯૭૪ના સ્પષ્ટીકરણ ધ્યાનમાં લઈ કરેલા ઠરાવની પુનર્વિચારણા કરી આપી સ્પષ્ટીકરણ કરી ઠરાવે છે કે જે વિદ્યાર્થીઓએ પ્રથમ એલએલ.બી.ના નિયત વિષયોમાં ઉત્તીર્ણ થયા સિવાય દ્વિતીય એલએલ.બી.ના વર્ગમાં પ્રવેશ મેળવ્યો હોય તેઓને તૃતીય વર્ષ એલએલ.બી.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ એલએલ.બી. સ્પેશિયલની ડિગ્રી મેળવતાં પહેલાં પ્રથમ એલએલ.બી.ના નિયત વિષયોની પરીક્ષામાં ઉત્તીર્ણ થવું આવશ્યક છે અને તેથી જ્યાં સુધી તેઓ તે વિષયોમાં તે રીતે ઉત્તીર્ણ થાય નહિ ત્યાં સુધી તેઓનું તૃતીય વર્ષ એલએલ.બી.નું પરિણામ જાહેર ન કરતાં તે અનામત રાખવું.

ઉપર્યુક્ત ઠરાવને કારણે જે તે વિદ્યાર્થીઓ દ્વિતીય એલએલ.બી. પરીક્ષામાં ઉત્તીર્ણ થયેથી તેઓનું દ્વિતીય એલએલ.બી.ની પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં અને તેઓને એલએલ.બી. જનરલની ડિગ્રી પ્રદાન કરવાનો કોઈ બાધ આવશે નહિ તેવું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી અને તે અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ થયેથી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮૮. સ્થાયીકાનૂન વિષયક સમિતિની તા. ૨૮-૧-૧૯૭૫ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૮-૧-૧૯૭૫ના રોજ મળેલી સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૮-૧-૧૯૭૫ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૮૯. બિનસરકારી સંલગ્ન કૉલેજો માટેના પ્રૉવિડન્ટ ફંડના નિયમોના સંદર્ભમાં ઇન્ક્રમેંટકસની મુક્તિની બાબતમાં પ્રૉવિડન્ટ ફંડના એકટ (૧૯૨૫)ની કલમ ૮ (૨)ની સ્પષ્ટતા કરવા રાજ્ય સરકારને જણાવતાં તેમના તરફથી આવેલ તા. ૪-૨-૧૯૭૫ના પત્રાંક એમજીસી. ૧૦૭૩-૧૦૭૧૩૭-ખથી આવેલ જવાબની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પત્રની નોંધ લેવી તથા તે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓને પરિપત્રિત કરવો.

૯૦. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાતને જૂન ૧૯૭૩ તથા જૂન ૧૯૭૪થી ચાલુ જોડાણ આપવા અંગે એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૭-૧૨-૧૯૭૪ની સભાની બાબતો ક્રમાંક ૫૨ અને ૫૩ના ઠરાવમાં "દ્વિતીય વર્ષ એલએલ.બી." છપાયું છે તેને બદલે "તૃતીય વર્ષ એલએલ.બી." વંચાય તેમ છાપભૂલ સુધાર્યાના;

(૨) સેન્ટર ફૉર મૅનેજમેન્ટ ઍન્ડ પ્રોફેશનલ ટ્રેનિંગ તરફથી બૅંક રિક્રુટમેન્ટ ટેસ્ટ ટ્રેનિંગ પ્રોગ્રામ માટે પછાતવર્ગ અને જાતિઓના વિદ્યાર્થીઓ પાસેથી લેવાતી ફી અંગે નીચેની દરખાસ્ત મંજૂર કર્યાના :

૧. બી.આર.ટી.પી.ના વિદ્યાર્થીઓ પાસે રૂ. ૧૫ની રજિસ્ટ્રેશન ફી લેવી.

૨. ઉપરાંત મહિને રૂ. ૧૦ને હિસાબે બે મહિના માટે રૂ. ૨૦ની તાલીમ ફી લેવી.

૩. નોંધણી ફી રજિસ્ટ્રેશન વખતે વસૂલ કરવાનું રાખવું અને રૂ. ૨૦ની ફી તેમની માસિક સ્ટાઈપેન્ડની રકમમાંથી મહિનાવાર કાપવાનું રાખવું;

(૩) આગામી માર્ચ-એપ્રિલ ૧૯૭૫ની પરીક્ષાની મોસમ માટે જરૂરી એવાં ગુણપત્રકો તેમ જ ઑફિસ રજિસ્ટરની કૉન્ટ-યુઅસ સ્ટેશનરી મે. પ્રિસીશન પ્રિન્ટર્સ, મુંબઈ પાસેથી તેઓના ભાવે આશરે રૂ. ૫૦,૦૦૦ના અંદાજી ખર્ચે ખરીદવા મંજૂરી આપ્યાના;

(૪) મે, ૧૯૭૪માં લેવાયેલ ફાઈનલ એમ.બી.,બી.એસ. પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થી જયંતીલાલ આર. પટેલને ત્રિનિદાદ અને ટોબેગોમાં આવેલ પોર્ટ-ઑફ-સ્પેન જનરલ હૉસ્પિટલ અથવા સેન ફરનાન્ડો જનરલ હૉસ્પિટલમાં બાકી રહેલ ૭ માસની ફરજિયાત રોટેટિંગ હાઉસમેનશિપ (ઇન્ટર્નશિપ) કરવાની મંજૂરી આપ્યાના;

(૫) ઑક્ટોબર ૧૯૭૪માં લેવાયેલ થર્ડ એલએલ.બી. (સ્પે.) પરીક્ષાના વિદ્યાર્થી શ્રી. કુંવર જે. એસ.ને અંગ્રેજી ફોર લોયર્સ વિષયમાં મુક્તિનો લાભ આપી બીજા વર્ષમાં પાસ જાહેર કર્યાના;

(૬) સેકન્ડ બી.એ. (એકસ્ટર્નલ) પરીક્ષામાં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમમાં પેપર પાંચના "બી" વિભાગમાં પ્રાયોગિક કામ આવતું હોવાથી, એકસ્ટર્નલ વિદ્યાર્થીઓ ગણિતશાસ્ત્રનો વિષય મુખ્ય વિષય તરીકે લઈ ન શકે તે અંગેની ગણિતશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૨૪-૩-૧૯૭૨ની સભાની ભલામણો તથા તે અંગેની વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૯-૧૦-૧૯૭૪ની સભાની ભલામણને એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧-૧-૧૯૭૫ની સભામાં સ્વીકારી હોવાથી સેકન્ડ બી.એ. (એકસ્ટર્નલ) પરીક્ષાના રેગ્યુલેશન એકસ્ટર્નલ આર્ટસ ૬માંથી ગણિતશાસ્ત્રનો વિષય મુખ્ય વિષય તરીકે ક્રમાંક ૨૨માં દર્શાવેલ છે તેમાંથી તે વિષય રદ કરીને તેને ગૌણ વિષય તરીકે ગણી રેગ્યુલેશન એકસ્ટર્નલ આર્ટસ ૬માં ફેરફાર કર્યાના;

(૭) યુનિવર્સિટી પ્રાંગણમાં શહીદ સ્મારક રચવા અંગે સર્વગ્રાહી વિચારણા કરીને જરૂરી વ્યવસ્થા કરવા માટે નીચેના સભ્યોની સમિતિ નીમ્યાના :

(૧) ડૉ. બિહારીલાલ કનૈયાલાલ
(૨) શ્રી. રતિલાલ ખુશાલદાસ પટેલ
(૩) પ્રો. ડી. એન. પાઠક
(૪) પ્રિ. કે. એન શાહ
(૫) પ્રો. એ. આર. શાહ
(૬) શ્રી. શૈલેશ આર. દેસાઈ
(૭) શ્રી. સાગર કે. રાયકા;

(૮) ગુજરાત યુનિવર્સિટી તરફથી અમદાવાદ ખાતે મે ૧૯૭૫માં અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, હિન્દી અને ભારતીય સંસ્કૃતિ એ વિષયના પ્રખ્યાત ગ્રંથોના સાહિત્ય રસાસ્વાદ માટે સંલગ્ન કૉલેજોના પસંદ કરેલ આશરે ૩૦ વિદ્યાર્થીઓ માટે સાત દિવસના યોજનાર શિબિરો માટે પ્રત્યેક શિબિર માટે રૂ. ૪,૨૦૦ જેટલા અંદાજી ખર્ચ લેખે પાંચ સાહિત્ય રસાસ્વાદ શિબિરોના રૂ. ૨૦,૦૦૦ અંદાજી ખર્ચ કુલપતિશ્રીએ મંજૂર કર્યાની તેમજ તે માટે નીચે જણાવ્યા મુજબ અનુદાનની નોંધ લેવા બાબત :

અંગ્રેજી-શેકસ્પિયર સાહિત્ય આસ્વાદ શિબિર માટે શ્રી. હીરાલાલ ભગવતી તરફથી રૂ. ૪,૦૦૦ આપવાનું અને 'ભારતીય સંસ્કૃતિ-મહાભારત' શિબિર માટે વિશ્વ હિંદુ પરિષદ વતી શ્રી. કે. કા. શાસ્ત્રી તરફથી રૂ. ૪,૦૦૦ આપવાનું સ્વીકાર્યું છે.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૯૨. શ્રી. રતિલાલ ખુશાલદાસ તરફથી "Waste and Utilisation and the Management of Cattle Resources hit by the Drought" અંગેના સંશોધન કામ માટે મળેલ રૂ. ૧૨,૦૦૦ ના દાનનો સ્વીકાર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે "Waste and Utilisation and the Management of Cattle Resources hit by the Drought"ના અભ્યાસ અંગેની યોજના મંજૂર કરવી અને તે અંગે

શ્રી. રતિલાલ ખુશાલદાસ પટેલ તરફથી મળેલ રૂ. ૧૨,૦૦૦ના દાનનો સાભાર સ્વીકાર કરવો તથા સદરહુ યોજના માટે જરૂરી ખર્ચ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૯૨. માંડવીની આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના આચાર્યશ્રીને તેના સંચાલકમંડળે સસ્પેન્ડ કરતાં તે પ્રશ્ન અંગે વિદ્યાર્થીઓએ પાડેલી હડતાળ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે માંડવીની આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના વિદ્યાર્થીઓએ પાડેલી હડતાળની પરિસ્થિતિ બાબતમાં તપાસ કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી:

૧. આચાર્ય એસ. આર. ભટ્ટ
૨. આચાર્ય વી. જે. ત્રિવેદી.

૯૩. સેન્ટર ફોર મૅનેજમેન્ટ એન્ડ પ્રોફેશનલ ટ્રેઇનિંગના મકાનના બાંધકામ માટે શ્રી. જયકૃષ્ણ હરિવલ્લભદાસ, શ્રી. બાલકૃષ્ણ હરિવલ્લભદાસ તથા શ્રી. રામકૃષ્ણ હરિવલ્લભદાસ તરફથી તેમના તા. ૭–૨–૧૯૭૫ના પત્ર અન્વયે મળેલ રૂપિયા ત્રણ લાખના પ્રદાન અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સેન્ટર ફોર મૅનેજમેન્ટ એન્ડ પ્રોફેશનલ ટ્રેનિંગના મકાનના બાંધકામ માટે શ્રી. જયકૃષ્ણ હરિવલ્લભદાસ અને તેમના ભાઈઓના ગ્રુપની કંપનીઓ તથા ટ્રસ્ટોમાંથી રૂ. ૩,૦૦,૦૦૦ (રૂપિયા ત્રણ લાખ)નાં પ્રદાનનો, તે સેન્ટર સાથે શ્રી. હરિવલ્લભ કાળિદાસનું નામ જોડવામાં આવે તે શરતે, સાભાર સ્વીકાર કરવો.

૯૪. સરદાર વલ્લભભાઈ વાચનકેન્દ્રના મકાનના બાંધકામ માટે શ્રીમતી નાથીબા હરગોવનદાસ લક્ષ્મીચંદ ચેરિટી ટ્રસ્ટ તરફથી તેમના તા. ૭–૨–૧૯૭૫ના પત્ર અનુસાર મળેલ રૂપિયા અઢી લાખના પ્રદાન અંગે બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો તથા સદરહુ વાચનકેન્દ્રનું નામ "શ્રીમતી નાથીબા હરગોવનદાસ લક્ષ્મીચંદ ચેરિટી ટ્રસ્ટ પ્રેરિત સરદાર વલ્લભભાઈ વાચનકેન્દ્ર" રાખવું.

૯૫. ગુજરાત રાજ્ય પબ્લિક સર્વિસ કમિશનના અધ્યક્ષ અને ગણિતશાસ્ત્રના ભૂતપૂર્વ પ્રાધ્યાપક ડૉ. પી. સી. વૈદ્યને ગણિતના માનાર્હ પ્રાધ્યાપક તરીકે નીમવા અંગે આચાર્ય એમ. સી. શાહ અને આચાર્ય વી. જે. ત્રિવેદીના સંયુકત પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે રાજ્યપાલશ્રીના સચિવશ્રીના પત્ર કે જેમાં પબ્લિક સર્વિસ કમિશનના સભ્ય આવી કોઈ માનાર્હ નિમણૂક ભારતના રાજ્યબંધારણ હેઠળ સ્વીકારી શકે નહીં તે તરફ સભાગૃહનું ધ્યાન ખેંચવામાં આવ્યું.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત અંગે રાજ્ય સરકારને ઘટતો પત્ર લખીને ડૉ. પી. સી. વૈદ્યને માનાર્હ પ્રાધ્યાપક તરીકે કામ કરવા માટે પરવાનગી આપવા માટે વિનંતી કરવી.

૯૬. યુનિવર્સિટીનાં છાત્રાલયોના ચીફ વૉર્ડન ડૉ. એ. આર. શાહને મોટરસાઇકલ ભથ્થું આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં છાત્રાલયોના ચીફ વૉર્ડન ડૉ. એ. આર. શાહને માસિક રૂ. ૭૧ લેખે મોટરસાઇકલ ભથ્થું, તે અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણોને આધીન, આપવું.

૯૭. યુનિવર્સિટી કાર્યાલયમાં ઑફિસ સુપરિન્ટેન્ડેન્ટ અને તેની સમકક્ષ એવી કુલ ત્રણ જગ્યાઓની ફાળવણીના પ્રશ્ન અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રશ્ન બાબત નં. ૭૨ હેઠળના ઠરાવથી નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવો.

૯૮. ઇન્ડિયન સાયન્સ કૉંગ્રેસનું ૧૯૭૮ના વર્ષનું વાર્ષિક અધિવેશન આ યુનિવર્સિટીના ઉપક્રમે યોજવા માટે નિમંત્રણ આપવા અંગેના ડૉ. વી. સી. શાહના તા. ૩–૨–૧૯૭૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અધિવેશનના અંદાજી ખર્ચ તથા આવકનાં સાધનો અને અપેક્ષિત પ્રતિનિધિઓની સંખ્યા તથા તેમના રહેવા-જમવાની વ્યવસ્થા ઇત્યાદિ અંગેની વિગતો સાથે પોતાનો પ્રસ્તાવ રજૂ કરવા માટે ડૉ. વી. સી. શાહને જણાવવું.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એક્ઝિ. કાઉ. / ૫૩૮૨૩ / ૧૯૭૫
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ–૩૮૦૦૦૯.
તા. ૪–૩–૧૯૭૫

કં. ચં. પરીખ
કુલસચિવ

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૨૫

સંલગ્ન બી.એડ. કૉલેજમાં શૈક્ષણિક કાર્ય કરતા શિક્ષકોના શૈક્ષણિક કાર્યભાર અને સમય નિયત કરવા અંગેની બાબતમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૭-૧૨-૧૯૭૪ની સભામાં નીમેલી સમિતિની સભા તા. ૧૩-૧-૧૯૭૫ ને સોમવારના રોજ બપોરના ૧૨-૩૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. પ્રિ. ધીરુભાઈ ઠાકર	ગેરહાજર
૨. ડૉ. કે. જી. દેસાઈ	હાજર
૩. પ્રિ. ઘનશ્યામભાઈ એમ. પરીખ	હાજર
૪. પ્રિ. આર. એસ. ત્રિવેદી	ગેરહાજર
૫. ડૉ. એમ. બી. મૂચ	ગેરહાજર
૬. ડૉ. ગુણવંત શાહ	ગેરહાજર
૭. ડૉ. ગૌરીભાઈ ભટ્ટ	હાજર

સભાનું પ્રમુખસ્થાન ડૉ. કે. જી. દેસાઈએ સંભાળ્યું હતું.

આચાર્યશ્રી ઘનશ્યામભાઈ એમ. પરીખનો તા. ૨૮-૧૦-૧૯૭૪નો પત્ર સભાગૃહમાં રજૂ કરવામાં આવ્યો હતો અને તેમાં ઉપસ્થિત કરવામાં આવેલા મુદ્દાઓની વિગતે ચર્ચા કરી કાર્યભાર અને કાર્ય-સમયની બાબતમાં નીચે પ્રમાણેની ભલામણ કરીએ છીએ :

૧. હાલમાં બી.એડ.ના અભ્યાસક્રમમાં ૬ પેપર્સ છે. તેના સંદર્ભમાં અઠવાડિક ૧૮ તાસ વ્યાખ્યાનોના સમયપત્રકમાં ગોઠવવાના રહે.

૨. ઉપરોક્ત પાઠના માર્ગદર્શન માટે પ્રત્યેક અઠવાડિયે ૬ તાસ ગોઠવવા જોઈએ.

૩. શિક્ષણપદ્ધતિઓ અને વિશિષ્ટ શિક્ષણપદ્ધતિના તાસ વિકલ્પોને ધ્યાનમાં લઈને ગોઠવવાનું રાખવું, જેથી રોજના ૭ તાસની મર્યાદામાં આખા દિવસમાં કામ પૂરું થાય.

૪. ૭ તાસના સમય ઉપરાંત વધારેમાં વધારે બે રિસેસો (પ્રથમ રિસેસ ૩૦ મિનિટની અને બીજી રિસેસ ૧૦ મિનિટની) જરૂર જણાય તો ગોઠવવી. આ રિસેસો એવી રીતે ગોઠવવાનું રાખવું કે જેમાં વધુમાં વધુ ૪૦ મિનિટનો સમય જાય.

૫. ઉપરોક્ત ગણુતરી પ્રમાણે ૩ દિવસ વ્યાખ્યાનો અને ૩ દિવસ પાઠની ગણુતરીના સંદર્ભમાં વ્યાખ્યાનને દિવસે વધુમાં વધુ ૬ કલાકનું કામ થશે. પાઠના દિવસે ૬ × ૪૦ = ૨૪૦ મિનિટનું એટલે કે ૪ કલાકનું કામ રહે.

૬. દરેક અધ્યાપકને અઠવાડિયાના ૩થી ૪ તાસ વ્યાખ્યાનના, ૬ તાસ માર્ગદર્શન તથા ૧૮ તાસ પ્રયોગ નિરીક્ષણ જેની ગણુતરી ૧૨ તાસ ગણાય, એ મળીને કુલ ૨૧થી ૨૨ તાસનું કામ થશે.

૭. જે દિવસો દરમિયાન જે અઠવાડિયે પાઠો ન હોય તે અઠવાડિયે દરેક અધ્યાપકને ૬થી ૮ તાસનું વ્યાખ્યાન કાર્ય રહે. આથી આ દિવસો દરમિયાન ટયુટોરિયલ પણ ગોઠવી શકાય.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એસ. એસ. વોરા
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૩૧

ગુજરાત યુનિવર્સિટીની પ્રકાશન બોર્ડની ૨૬મી સભા મંગળવાર, તા. ૨૧–૧–૧૯૭૫ના રોજ બપોરના ૩–૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૧–૧–૧૯૭૫
૧.	શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ, કુલપતિ	હાજર
૨.	શ્રી. કૃષ્ણચંદ્ર એસ. શાસ્ત્રી	હાજર
૩.	આચાર્ય કે. એન. શાહ	ગેરહાજર
૪.	ડૉ. એસ. જે. દામાણી	ગેરહાજર
૫.	આચાર્ય સી. એસ. શાહ	હાજર
૬.	આચાર્ય જી. એમ. પટેલ	હાજર
૭.	આચાર્ય કે. જે. ભટ્ટ	ગેરહાજર
૮.	આચાર્ય એમ. એસ. પંડિત	ગેરહાજર
૯.	ડૉ. એ. એમ. મલાવવાલા	ગેરહાજર
૧૦.	ડૉ. જે. જે. ચિનોય	હાજર
૧૧.	આચાર્ય એચ. કે. ત્રિવેદી	ગેરહાજર
૧૨.	આચાર્ય જે. જે. ત્રિવેદી	હાજર
૧૩.	ડૉ. દલસુખભાઈ ડી. માલવણિયા	ગેરહાજર
૧૪.	આચાર્ય એસ. આર. મહેતા	ગેરહાજર
૧૫.	પ્રો. એ. ટી. દેસાઈ.	હાજર.

૧. તા. ૨૨–૧–૧૯૭૪ના રોજ મળેલ પ્રકાશન બોર્ડની ૨૫મી સભાની કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૨૨–૧–૧૯૭૪ના રોજ મળેલ પ્રકાશન બોર્ડની ૨૫મી સભાની કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી ભાષા-સાહિત્ય ભવનના પ્રોજેકટ હેઠળ ડૉ. તપસ્વી એસ. નાન્દીએ તૈયાર કરેલ "નાટયશાસ્ત્ર", અધ્યાય ૬, અભિનવ ભારતી સાહિત્ય-ભૂમિકા, ટિપ્પણ અને ભાષાંતરના પ્રકાશન અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સદરહુ પુસ્તકની ૫૦૦ નકલનો અંદાજી ખર્ચ રૂ. ૭,૫૦૦ થાય તેમ છે, જેમાં લેખકને મહેનતાણું આપવાનો પ્રશ્ન રહેતો નથી.)

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ડૉ. નાન્દીના ઉપર દર્શાવેલ પ્રોજેકટનું પ્રકાશન હાથ ધરવું શકય નથી.

૩. શ્રી. ચંદુલાલ ભગુભાઈ દલાલે તૈયાર કરેલ "ગાંધીજીની દિનવારી" (તા. ૨-૧૦-૧૮૬૯થી તા. ૯-૧-૧૯૧૫)ના પ્રકાશન અંગે તેમના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

(નોંધ. - સદરહુ પુસ્તકની ૫૦૦ નકલનો અંદાજી ખર્ચ રૂ. ૩,૦૦૦ થાય તેમ છે, જેમાં લેખકના પુરસ્કારનો સમાવેશ કરેલ નથી.)

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે શ્રી. ચંદુલાલ ભગુભાઈ દલાલને દિલગીરી સાથે એમ જણાવવું કે તેમનો ઉપરનો પ્રસ્તાવ સ્વીકારી શકાય તેમ નથી.

૪. શ્રી. વાલ્મિકી રામાયણનો કરેલ સમશ્લોકી અનુવાદ પ્રકાશિત કરવા અંગે પ્રો. નગીનદાસ પારેખના અભિપ્રાયને અનુલક્ષીને જરૂરી વિચારણા કરવા બાબત.

(નોંધ.—૧. પ્રો. નગીનદાસ પારેખના અભિપ્રાય પ્રમાણે સદરહુ કામની ભાષા એકધારી એકંદરે સરળ, પ્રવાહી અને પ્રાસાદિક છે.

૨. શ્રીમતી મજમુદારે રૂબરૂમાં જણાવેલ છે કે સપ્ત કાંડો પૈકી એક-બે કાંડો પ્રકાશિત થાય તો તેઓ ખુશી છે.

૩. સદરહુ હસ્તપ્રતનો કુલ પ્રકાશન ખર્ચ રૂ. ૨૩,૦૦૦ થાય તેમ છે.)

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે શ્રીમતી સુરેશાબહેન મજમુદારને દિલગીરી સાથે એમ જણાવવું કે તેમણે કરેલ વાલ્મિકી રામાયણના સમશ્લોકી અનુવાદનું પ્રકાશન કરવાની વિનંતી સ્વીકારી શકાય તેમ નથી.

૫. Stephen-Spender—A Bibliography (1928-1955) વિષય પર યુનિવર્સિટી ભાષા-સાહિત્ય ભવનના અંગ્રેજી વિભાગના રીડર શ્રી. દિગીશ મહેતાએ તૈયાર કરેલ સંશોધન કામની હસ્તપ્રતના પ્રકાશન માટે રૂ. ૬,૦૦૦ (અંકે રૂપિયા છ હજાર)ની આર્થિક સહાય આપવા શ્રી. મહેતાએ કરેલ માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી ભાષા-સાહિત્ય ભવનના અંગ્રેજી વિભાગના રીડર શ્રી. દિગીશ મહેતાએ તૈયાર કરેલ સંશોધન કામને અંગ્રેજી વિષયની અભ્યાસસમિતિને અભિપ્રાય માટે મોકલવાનું રાખવું.

૬. આ યુનિવર્સિટીએ પીએચ.ડી.ની પદવી માટે સ્વીકારેલ ડૉ. જે. આર. શુકલના મહાનિબંધ "૧૯૪૨ના 'હિંદ છોડો'ની લડતમાં અમદાવાદનું પ્રદાન"નું પ્રકાશન કરવા અંગે શ્રી. શુકલે કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— સદરહુ મહાનિબંધના પ્રકાશન અંગે ૫૦૦ નકલનો અંદાજી ખર્ચ રૂ. ૪,૫૦૦ થશે.)

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ડૉ. જે. આર. શુકલને જણાવવું કે યુનિવર્સિટી તેમનો મહાનિબંધ છાપી તેનું પ્રકાશન કરી શકે તેમ નથી. તેમને વધુમાં જણાવવું કે જો તેઓ ઇચ્છે તો તેમના મહાનિબંધનો સંક્ષેપ (Abstract) "વિદ્યા" સામયિકમાં છાપવા તંત્રીઓને મોકલી આપે.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

કૃ. ઠ. પંડ્યા
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૩૨

ભારત સરકારની અને વિદેશોની જુદી જુદી સ્કોલરશિપોનો યોગ્ય સમન્વય કરી તેનો વધુમાં વધુ સારો ઉપયોગ કેવી રીતે કરી શકાય તે બાબતમાં ભારત સરકારને યુનિવર્સિટીનો અભિપ્રાય મોકલી આપવા અંગે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૪-૧૦-૧૯૭૪ની સભામાં નીમેલી સમિતિની એક સભા તા. ૧૬-૧૨-૧૯૭૪ ને સોમવારના રોજ બપોરે ૧૨-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. પ્રો. ડી. એન. પાઠક	હાજર
૨. પ્રો. કે. આર. ચંદ્રશેખરન	હાજર
૩. પ્રો. કે. એન. શાહ	હાજર
૪. પ્રો. કે. જી. દેસાઈ	ગેરહાજર
૫. પ્રો. જે. જે. ચિનોય	હાજર.

આ સભાનું પ્રમુખસ્થાન પ્રો. જે. જે. ચિનોયે સંભાળ્યું હતું.

ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે—

૧. વિજ્ઞાન અને ટેકનોલોજીના વિષયો માટે પ્રથમ અગ્રિમતાના ધોરણે નીચે જણાવેલા વિષયો માટે શિક્ષકોની તાલીમ માટે તેમ જ વિદ્યાર્થીઓના ઉચ્ચ અભ્યાસ માટે શિષ્યવૃત્તિઓનો આગ્રહ રાખવો :

૧. પેટ્રોકેમિકલ્સ
૨. ટેકસ્ટાઈલ કેમિસ્ટ્રી
૩. કેમિકલ એન્જિનિયરિંગ
૪. એનાલિટિકલ કેમિસ્ટ્રી
૫. સ્પેસ સાયન્સ
૬. રિ-પ્રોડક્ટિવ ફિઝિયોલોજી
૭. રેડિયો ટેલિવિઝન
૮. ફિઝિયો-જેનેટિકસ, અને
૯. બાયોસાયન્સીઝ

તદુપરાંત જુદી જુદી આંતરરાષ્ટ્રીય ભાષાઓના ઉચ્ચતર અભ્યાસ અને તાલીમ માટેની શિષ્યવૃત્તિઓની આવશ્યકતા ઉપર પણ ભાર મૂકવો—અંગ્રેજી, જર્મન, ફ્રેન્ચ, રશિયન, જાપાનીઝ, સ્પેનિશ, ચાઈનીઝ અને અરેબિક.

અર્બન સ્ટડીઝ, ઇકોનોમેટ્રિકસ, ડેમોગ્રાફી વગેરે સમાજવિદ્યાઓ માટે પણ તાલીમ અને અભ્યાસ માટેની શિષ્યવૃત્તિઓ એનાયત કરવા માટે ભારત સરકારને જણાવવું.

એથ્લેટ્રસ, બાસ્કેટ બૉલ, રેસલિંગ, સ્વિમિંગ, જેવી ઉપયોગી રમતગમતોના વિષયો માટે પણ તાલીમ અને અભ્યાસ માટેની શિષ્યવૃત્તિઓ પણ ઇચ્છનીય છે.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

જે. જે. ચિનોય
અધ્યક્ષ.

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૪૨

ગુજરાત યુનિવર્સિટીની બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની વર્ષ ૧૯૭૫ની પ્રથમ સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મંગળવાર, તા. ૨૧-૧-૧૯૭૫ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલના અધ્યક્ષસ્થાને મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૧-૧-૧૯૭૫
૧.	શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ, કુલપતિ	હાજર
૨.	શ્રી. એ. એમ. રાવળ	ગેરહાજર
૩.	શ્રી. એચ. સી. ભાયાણી	ગેરહાજર
૪.	શ્રી. એ. એસ. નાગર	હાજર
૫.	શ્રી. કે. આર. ચંદ્રશેખરન	હાજર
૬.	કુ. ઈ. એ. સોલોમન	હાજર
૭.	ડૉ. સી. આર. નાયક	ગેરહાજર
૮.	શ્રી. આર. કે. ધારૈયા	હાજર
૯.	શ્રી. એમ. પી. ભટ્ટ	હાજર
૧૮. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૭-૬-૧૯૭૪ની સભામાં કરેલા નીચેના ઠરાવના સંદર્ભમાં સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કોમર્સ કોલેજ, કડીના વિદ્યાર્થી શ્રી. અગ્રવાલ કસ્તૂરચંદ એસ.નું વર્ષ ૧૯૭૩-૭૪નું એમ.કોમ. પાર્ટ-૧નું બીજું સત્ર મંજૂર કરવા અંગે આવેલી અરજી પર વિચારણા કરવા બાબત :

(ઠરાવ : આથી ઠરાવવામાં આવે છે કે તા. ૨૩-૩-૧૯૭૪થી તા. ૨૦-૪-૧૯૭૪ સુધીના સમયપત્રક દરમ્યાન વિદ્યાર્થીઓની ૮૦ ટકા જેટલી હાજરી આવશ્યક ગણવામાં આવેલી છે તથા ૧૯૭૩-૭૪ના વર્ષમાં બીજા સત્રમાં કોલેજો/વિદ્યાભવનોનું શિક્ષણકાર્ય લાંબા સમય સુધી બંધ રહ્યું તેના સંદર્ભમાં જે કોઈ વિદ્યાર્થીની હાજરી ખૂટતી હોય તે ચાલુ વર્ષ ૧૯૭૩-૭૪ના વિશિષ્ટ સંજોગો જોતાં અપવાદ તરીકે ક્ષમ્ય ગણવી.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કસ્તૂરચંદ એસ. અગ્રવાલનું ૧૯૭૩-૭૪ના વર્ષનું એમ.કોમ. પાર્ટ ૧નું બીજું સત્ર, તે સમયના વિશિષ્ટ સંજોગો જોતાં મંજૂર કરવું.

૧૯. નિવૃત્ત શિક્ષકોની સેવાઓ મેળવવા અંગેની યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની યોજના હેઠળ વિજ્ઞાન વિદ્યાભવનના નિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષશ્રી પ્રો. જે. જે. ચિનોયની પસંદગી કરવામાં આવી છે તેવું જણાવતા યુ.જી.સી.ના તા. ૧-૨-૧૯૭૫ના પત્ર ક્રમાંક એફ-૫-૩-૭૫ (ડી.આઈ.બી.)ની નોંધ લેવા બાબત.

(નોંધ.— આ અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી વાર્ષિક રૂ. ૬,૦૦૦નું માનદ વેતન તથા રૂ. ૧,૦૦૦ કન્ટિન્જન્સી ખર્ચ માટે મળી શકે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૨૦. સમાજવિદ્યા ભવનમાં અર્થશાસ્ત્ર વિભાગ માટે ચોથી પંચવર્ષીય યોજના હેઠળ રૂ. ૧૫,૦૦૦ મંજૂર કરવામાં આવ્યા હતા તે અન્વયે રૂ. ૧૬,૧૩૬-૬૦નો ખર્ચ ડી. સી. એમ. કેલ્યુલેટર્સની ખરીદી માટે કર્યો હતો જે અંગે આર્થિક સહાય ચૂકવવા માટે લખતાં યુનિ. ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૨૮-૧૦-૧૯૭૪ના પત્રથી આ ખર્ચ યુનિવર્સિટીએ જે પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ હાલ રૂ. ૫,૦૦,૦૦૦ની આર્થિક સહાય બેઝિક ધોરણે મંજૂર કરી છે તેમાંથી મેળવવા જણાવ્યું છે તેની નોંધ લેવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

તે પછી યુનિવર્સિટીનાં વિદ્યાભવનોનાં પ્રયોગશાળાનાં સાધનો તથા બીજાં યાંત્રિક સાધનોના ઉપયોગ અંગેનો પ્રસ્તાવ ચર્ચવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોનાં સાધનોનો ઉપયોગ જરૂર અને સગવડ મુજબ તમામ વિદ્યાભવનો અને તેના વિભાગોના શિક્ષકો કરી શકે તેવી સગવડ આપવા માટે તમામ વિદ્યાભવનો અને તેના જુદા જુદા વિભાગોના વડાઓને જણાવવું.

૨૧. ગ્રંથાલયમાં પુસ્તકો અને સામયિકો માટે વખતોવખત મૂકેલી શરતના સંદર્ભમાં રૂ. ૨૨,૭૦૬-૨૦ પૈસાનો બાકીનો ખર્ચ કલોલ મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કલોલે કરવાનો છે તેના સંદર્ભમાં કલોલ તાલુકા કેળવણી મંડળ, કલોલના મંત્રીશ્રીના તા. ૧૫–૨–૧૯૭૫ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત :

(**નોંધ.**— કૉલેજે ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન લગભગ રૂ. ૧૦,૦૦૦ની કિંમતનાં વધારાનાં પુસ્તકો ખરીદ્યાં છે અને બાકીની રકમનાં પુસ્તકો ૧૯૭૫–૭૬ના શૈક્ષણિક વર્ષ દરમ્યાન કૉલેજને ખરીદશે તેવી વિનંતીને માન્ય રાખવા પત્રમાં જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજની ઉપરની વિનંતી મંજૂર કરવી.

૨૨. હરિજન આશ્રમના પૂજ્ય મોટા તરફથી મળેલા સંશોધન એવોર્ડોની બાબતમાં ધોરણો અંગેના નિયમો ઘડવા માટે એક્ઝેક્યુટિવ કાઉન્સિલે નીમેલી સમિતિની તા. ૧૩–૨–૧૯૭૫ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો નીચેના શાબ્દિક સુધારા **સાથે** મંજૂર કરવી :

" નિયમ નં. ૩(૨)માં 'ભૌતિકવિજ્ઞાન'ને બદલે 'ભૌતિકવિદ્યાઓ' શબ્દ મૂકવો. "

(સદરહુ ભલામણો મુજબ કરવામાં આવેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૨૩. સંલગ્ન કૉલેજોના શિક્ષકોના ઘરભાડા ભથ્થા અંગે ગ્રાન્ટની બાબતમાં રાજ્ય સરકારના શિક્ષણ અને મજૂર ખાતા તરફથી અગાઉ આવેલા તા. ૧૧–૧૦–૧૯૭૪ના પત્રાંક એમ.આઇએસ. ૧૦૭૪–૭૩૪૯૯–ખમાં નિર્દેશિત તા. ૨૯–૪–૧૯૭૪ના પત્રાંક એમ.આઈ.એસ. ૧૦૭૩–૯૦૨૭–ખ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૪. બાંધકામ સમિતિની તા. ૨૫–૨–૧૯૭૫ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૫–૨–૧૯૭૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૫–૨–૧૯૭૫ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૨૫. ઑર્ડિનન્સ ૧૨૦ અન્વયે જોડાણ માટે અરજી કરનાર સંસ્થા પાસે જોડાણ-અરજી સાથે ડિપોઝિટ લેવાની જે જોગવાઈ છે તેના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

[ઑર્ડિ. ૧૨૦નો સંબંધકર્તા પાઠ નીચે આપ્યો છે :

O. 120 :

Every application for affiliation shall be accompanied with a deposit as follows :

1. Application for affiliation of a new college	Rs 1,000
2. Application for bifurcation of an existing college or Amalgamation of existing college or Addition of a new faculty.	Rs. 1,000
3. Extension of affiliation or Renewal of affiliation.	Rs. 200

The deposit will be returned after the application is finally disposed off, provided that it shall be forfeited in case the application is withdrawn or postponed or the affiliation asked for is not accepted.]

આથી ઠરાવવામાં આવે છે કે ઑ. ૧૨૦ની પેટાકલમ (b) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવી :

(b) Every application for affiliation shall be accompanied with a deposit and application fees as follows :

1. Application for affiliation of a new college.	Rs. 1,000/- as a deposit and Rs. 250/- as non-refundable application fees
2. Application for bifurcation of an existing college *or* Amalgamation of existing college *or* Addition of a new faculty	Rs. 1,000/- as a deposit
3. Extension of affiliation *or* Renewal of affiliation	Rs. 200/- as a deposit

The amount of the deposit will be returned after the application is finally disposed off, provided that it shall be forfeited in case the application is withdrawn or postponed or the affiliation asked for is not accepted.

૨૬. નીચેની સંલગ્ન કૉલેજોએ જૂન ૧૯૭૩ની જોડાણઅરજીના સંદર્ભમાં જણાવેલ ક્ષતિઓ દૂર કરી નથી તો તે અંગે વિચારણા કરવા બાબત :

નામ	ક્ષતિની વિગતો	કાર્યાલયની નોંધ
૧. ગુજરાત કૉલેજ, અમદાવાદ	૧. સમાજશાસ્ત્રના પ્રાધ્યાપક નીમવાના બાકી છે. ૨. કીટાણુ વિજ્ઞાનના પ્રાયોગિક કામ માટે અનુસ્નાતક પદવી ધરાવતા એક ડેમોન્સ્ટ્રેટર નીમવાના બાકી છે.	જોડાણ અંગેનું જાહેરનામું એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૮–૭–૧૯૭૪ની સભામાં બહાર પાડયું છે.
૨. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ.	પ્રો. ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિ.નાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવ્યું નથી	બી. કૉમ માં બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે કૉલેજે કાયમી જોડાણ માંગ્યું છે જ્યારે સ્થાનિક તપાસ-સમિતિએ કોઈ ભલામણ કરી નથી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોમાં રહેલી ક્ષતિઓનું ત્વરિત નિવારણ કરવા માટે તેના સંચાલકોને અંગત પત્ર લખવા માટે કુલપતિશ્રીને વિનંતી કરવી. દરમિયાન એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સને બિઝનેસ મેનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટેનું જોડાણ એક વર્ષ માટે આપવું.

૨૭. મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૩૦–૧–૧૯૭૫ની સભાની ભલામણ પર વિચારણા કરી ઍકૅડેમિક કાઉન્સિલે તેની તા. ૧૪–૨–૧૯૭૫ની સભામાં તૃતીય વર્ષ બી.એ.માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમમાં પ્રાયોગિક કાર્ય માટે બબ્બે વિદ્યાર્થીઓની એક એવી ૧૦ જોડી એટલે કે ૨૦ વિદ્યાર્થીઓની ટુકડી માટે દોઢ કલાકના પ્રાયોગિક કાર્યને શિક્ષકોના કાર્યબોજના હેતુ માટે એક તાસ તુલ્ય ગણવા અંગે કરેલા ઠરાવ પર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૨૦).

આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી.

૨૮. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧૦–૨–૧૯૭૫ની સભાની ભલામણ અનુસાર એકચ્યુઅરિયલ સાયન્સ વિષયના શિક્ષકોની નિમણૂકો અંગેની લાયકાત નીચે મુજબ રાખવા અને આ સુધારેલા નિયમો સંક્રાન્તિકાળના (ટ્રાન્ઝિટરી) નિયમો તરીકે ૧૪મી જૂન ૧૯૭૭ સુધી અમલમાં મૂકવા માટેની ઍકૅડેમિક કાઉન્સિલની તા. ૧૪–૨–૧૯૭૫ની

સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૪૬) :

" એકચ્યુઅરિયલ સાયન્સ વિષયના વ્યાખ્યાતા માટે :

(૧) બી.કૉમ. ફર્સ્ટ કલાસ (એકચ્યુઅરિયલ સાયન્સ સાથે)

અથવા

(૨) બી.કૉમ. સેકન્ડ કલાસ (એકચ્યુઅરિયલ સાયન્સ સાથે), અને એમ.કૉમ. સેકન્ડ કલાસ (સ્ટેટિસ્ટિકસ સાથે)

એકચ્યુઅરિયલ સાયન્સ વિષયના પ્રાધ્યાપક માટે :

(૧) બી.કૉમ. ફર્સ્ટ કલાસ (એકચ્યુઅરિયલ સાયન્સ સાથે) અને એમ.કૉમ. સેકન્ડ કલાસ (સ્ટેટિસ્ટિકસ સાથે) અને બે વર્ષના વ્યાખ્યાતાના અનુભવ પછી.

અથવા

(૨) બી.કૉમ. સેકન્ડ કલાસ (એકચ્યુઅરિયલ સાયન્સ સાથે), અને એમ કૉમ. સેકન્ડ કલાસ (સ્ટેટિસ્ટિકસ સાથે) અને પાંચ વર્ષના વ્યાખ્યાતા તરીકેના અનુભવ પછી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૯. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧૦-૨-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૪-૨-૧૯૭૫ની સભામાં મંજૂર કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૪૫) :

" આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે—

(૧) પ્રી-યુનિ. વાણિજ્યના અભ્યાસક્રમના બિઝનેસ મેથેમેટિકસ વિષયના પ્રશ્નપત્ર માટે ટ્યુટોરિયલ રાખવા ભલામણ કરવી.

(૨) જૂના માળખામાં આવતા આંકડાશાસ્ત્ર (ફરજિયાત) પ્રશ્નપત્ર એફ.વાય.બી.કૉમ.માં હતો તે નવા અભ્યાસક્રમમાં ટી.વાય.બી.કૉમ.માં લઈ જવાયો છે તે પ્રશ્નપત્ર માટે ટ્યુટોરિયલ રાખવાની આવશ્યકતા જણાતી નથી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી.

૩૦. એ. એન. આઈ. ઈ. પાસ થયેલા વિદ્યાર્થીઓને આ યુનિવર્સિટીના અનુસ્નાતક અભ્યાસક્રમમાં પ્રવેશ આપવા અંગેની ઇજનેરી વિદ્યાશાખાની તા. ૨૮-૧-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૪-૨-૧૯૭૫ની સભામાં મંજૂર કરવા ભલામણ કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૪૮) :

" This Faculty basically agrees with the principle of admitting students to post-graduate courses of this University who has passed A.M.I.E. (India) Section 'A' and Section 'B' Examination by papers."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી.

૩૧. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૨૮-૧-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૪-૨-૧૯૭૫ની સભામાં મંજૂર કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત (એકે. કાઉન્સિલ બાબત ક્રમાંક ૧૬) :

"This faculty accepts in principle that the Post-Diploma Degree Course in Electronics and Communication be instituted for Diploma-holders in Electronics and Radio Engineering (D.E.R.E). The duration of course should be of 3½ years and admission qualification should be Pre-University Science with Diploma in Electronics and D.E.R.E. and with two years' professional experience.

This should come into effect from June 1975."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી.

૩૨. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૨૮-૧-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૪-૨-૧૯૭૫ની સભામાં મંજૂર કરી તથા તે મુજબ યુનિવર્સિટીનાં ધારાધોરણોમાં જરૂરી નિયમો ઘડીને તેને જૂન ૧૯૭૬થી અમલમાં મૂકવા માટે કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત (એકે. કાઉન્સિલ બાબત ક્રમાંક ૧૭):

"This faculty is of the opinion that five-year integrated degree course in Engineering be made of four years' course after First Year Science. Admission to the course should be made after F.Y. Science as it is envisaged in the Medical Faculty in order to keep uniformity for admission to professional courses."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી.

૩૩. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૨૮-૧-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરી એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૪-૨-૧૯૭૫ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત (એકે. કાઉન્સિલ બાબત ક્રમાંક ૫૮) :

ઇજનેરી વિદ્યાશાખાની ભલામણ

"This faculty resolves that the following Boards may be constituted :

1. Electronics and Communication & Instrumentation and Control
2. Structural and Geotechnical Engineering.
3. Production Engineering."

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ભલામણ મંજૂર કરવા તથા તે મુજબ સ્ટે. ૧૦૮નો સંબંધકર્તા ભાગ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા એકિઝકયુટિવ કાઉન્સિલને તથા યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી :

Faculty of Technology including Engineering :

1. Civil Engineering
2. Mechanical Engineering
3. Electrical Engineering
4. Chemical Engineering
5. Electronics and Communication & Instrumentation and Control
6. Structural and Geotechnical Engineering
7. Production Engineering."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી.

૩૪. માન્ય અનુસ્નાતક શિક્ષકો અને માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષકો તરીકેની માન્યતા માટે હાલના નિયમોમાં લઘુતમ શૈક્ષણિક લાયકાત અંગે જે જોગવાઈઓ સુધારેલા ઑર્ડિ. ૬૫–એફ (૧) તથા ઑર્ડિ. ૬૫-એમ (૧) હેઠળ કરવામાં આવેલી છે તે જોગવાઈઓ યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોના શિક્ષકોને લાગુ પાડવા અંગેની બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૨૧–૧–૧૯૭૫ના રોજ મળેલી સભાની નીચેની ભલામણ સાથે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૪–૨–૧૯૭૫ની સભામાં સંમત છે તેમ ઠરાવ્યું હોઈ તે પર વિચારણા કરવા બાબત (એકે. કાઉન્સિલ બાબત ક્રમાંક ૧૩) :

"યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકો માટે પણ ઑર્ડિ. ૬૫–એફ (૧) અને ઑર્ડિ. ૬૫–એમ (૧) હેઠળ ત્રણ સંશોધન-પેપરો અથવા ઉચ્ચ કક્ષાના ત્રણ સંશોધન-લેખો અગર એક મોનોગ્રાફ પ્રકાશિત કરવાની જોગવાઈ રાખવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી.

૩૫. ઑર્ડિ. ૬૫–એફ (૧) હેઠળ (*ii*) (બી) વાળો ભાગ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૨૧–૧–૧૯૭૫ની સભાની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૪–૨–૧૯૭૫ની સભામાં મંજૂર કરી

તેને તાત્કાલિક અમલમાં મૂકવા માટે કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત (એકે. કાઉ. બાબત ક્રમાંક ૧૨):

O. 65—F (ii) (b) :

" A person holding qualification of a Professor in the Faculty of Commerce possessing B.Com. Degree in at least Second Class in Advanced Accounting and Auditing and holding M.Com. Degree alongwith a Pass in final examination of I.C.W.A. Diploma of the Indian Institute of Cost and Works Accounts, Calcutta and possessing at least five years' experience of teaching the subject in a college. "

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી તથા ઉપર મુજબ સુધારેલા ઑર્ડિ. ૬૫-એફ(૧) હેઠળ (*ii*) (બી)વાળા ભાગને તાત્કાલિક અમલમાં મૂકવો.

૩૬. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં અનુસ્નાતક શિક્ષણ આપવા નીમવામાં આવતા પ્રોફેસરો, રીડરો અને વ્યાખ્યાતાઓને માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે આપોઆપ માન્ય થયેલા ગણવા અને તેના સંદર્ભમાં ઑર્ડિ. ૬૫-એલ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવાની બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૨૧-૧-૧૯૭૫ની સભાની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૪-૨-૧૯૭૫ની સભામાં નીચેની નોંધ સાથે મંજૂર કરી છે તેને તાત્કાલિક અમલમાં મૂકવા કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત (એકે. કાઉ. બાબત ક્રમાંક ૧૩):

O. 65—L :

" Full-time Professors, Readers and Lecturers who are appointed by the University for the post-graduate teaching work in the various University Departments be considered as post-graduate teachers in their respective subjects as Asst. or P.G. teacher according to O. 65-M (1) or O. 65-F (1), as the case may be."

(નોંધ.—આ નિયમ હવે પછી નિમાનાર અધ્યાપકોને લાગુ પડશે એમ સ્પષ્ટતા કરવામાં આવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી તથા ઉપર મુજબ સુધારેલા ઑર્ડિ. ૬૫-એલ ને તાત્કાલિક અમલમાં મૂકવો.

૩૭. એકેડેમિક કાઉન્સિલની તા. ૧૪-૨-૧૯૭૫ની સભાના ઠરાવ અનુસાર બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની નીચેની ભલામણ સાથે એકેડેમિક કાઉન્સિલ સંમત હોઈ તે પર વિચારણા કરવા બાબત (એકે. કાઉ. બાબત ક્રમાંક ૧૦) :

"અનુસ્નાતક શિક્ષક/મદદનીશ શિક્ષકની માન્યતા ચાલુ રાખવા માટે આવશ્યક ગણેલા ત્રણ સંશોધન લેખોના પ્રકાશનની શરત અંગે એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૫-૧૦-૧૯૭૪ની

સભામાં થયેલ ઠરાવનો વિરોધ કરતા અધ્યાપકો તરફથી આવેલ સંખ્યાબંધ પત્રો પર વિચારણા કરવા બાબત.

અનુસ્નાતક શિક્ષક અને માન્ય અનુ. શિક્ષકના મદદનીશ અનુ. શિક્ષક તરીકે માન્યતા ધરાવતા શિક્ષકોએ તેમની જે તે વિષયની માન્યતા તા. ૧૪-૬-૧૯૭૬ પછી ચાલુ રાખવા માટે હાલના સુધારેલા ઑર્ડિ. ૬૫-એફ (૧) અને ઑર્ડિ. ૬૫-એમ (૧) હેઠળ ત્રણ સંશોધન પેપરો અથવા ઉચ્ચ કક્ષાના ત્રણ સંશોધન લેખો અથવા એક મોનોગ્રાફ આ શિક્ષકના પ્રકાશિત થયેલા હોવા જોઈએ અથવા પ્રકાશન માટે સ્વીકૃત થયેલા હોવા જોઈએ, એવી જે શરત મૂકેલી છે તેમાં કાંઈ ફેરફાર નહીં કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી.

૩૮. યુનિવર્સિટીમાં ટેકસ્ટાઈલ કેમિસ્ટ્રીના અભ્યાસક્રમમાં પ્રવેશ માટેના ધોરણ બાબતમાં તે અંગેની સમિતિની તા. ૮-૨-૧૯૭૫ની સભાની ભલામણ પર વિચારણા કરી આ અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓના પ્રવેશ માટેના ધોરણ અંગેનો નિયમ નીચે મુજબ રાખવા માટેની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૪-૨-૧૯૭૫ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"The selection of the candidates should be made on merits in accordance with the University Examination results plus internal examinations and oral interview. The minimum qualification for admission to the course of studies in Textile Chemistry shall be a First Class B.Sc. with either Chemistry or Physics as his Principal subject."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી.

૩૯. પ્રી-મેડિકલ/પ્રી-ડેન્ટલના અભ્યાસક્રમ બંધ કરવા અંગે તબીબી વિદ્યાશાખાની તા. ૬-૧૧-૧૯૭૪ની સભાની ભલામણ તથા ડેન્ટલ સર્જરીની વિદ્યાશાખાની તા. ૬-૧૧-૧૯૭૪ની સભાની ભલામણો એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૪-૨-૧૯૭૫ ની સભામાં મંજૂર કરી તે મુજબ યુનિવર્સિટીનાં ધારાધોરણોમાં જરૂરી ફેરફાર કરીને જૂન ૧૯૭૬થી અમલમાં મૂકવા કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત.

તબીબી વિદ્યાશાખાની ભલામણ

"પ્રી મેડિકલનો અભ્યાસક્રમ તબીબી અભ્યાસક્રમ તરફ ઝોક આપી તબીબી અભ્યાસક્રમને મદદરૂપ થાય તે હેતુથી પ્રા-યુનિ. વિજ્ઞાન પછી તબીબી વિદ્યાશાખાના ભાગરૂપે દાખલ કરવામાં આવ્યો હતો. આ અભ્યાસક્રમ છેલ્લાં ત્રણ વર્ષથી ચાલતો હોઈ તેનાં વિવિધ પાસાંઓનો અભ્યાસ કરતાં આ વિદ્યાશાખા દૃઢપણે માને છે કે પ્રી-મેડિકલનો અભ્યાસક્રમ દાખલ કરવાનો હેતુ સફળ થયો નથી. તેથી આ અભ્યાસક્રમ જૂન ૧૯૭૬થી રદ કરી અગાઉની જેમ પહેલાં એમ.બી.,-

બી.એસ.ના અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષ બી.એસસી.ની પરીક્ષા કેમિસ્ટ્રી, ફિઝિક્સ અને બાયોલોજી વિષયો સાથે પાસ કરી હોય તેવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા ભલામણ છે."

ડેન્ટલ સર્જરીની વિદ્યાશાખાની ભલામણ

"પ્રી-મેડિકલ ડેન્ટલનો અભ્યાસક્રમ ડેન્ટલ સર્જરીના અભ્યાસક્રમ તરફ ઝોક આપી ડેન્ટલના અભ્યાસક્રમને મદદરૂપ થાય તે હેતુથી પ્રી-યુનિ. વિજ્ઞાન પછી ડેન્ટલ વિદ્યાશાખાના ભાગરૂપ દાખલ કરવામાં આવ્યો હતો. આ અભ્યાસક્રમ છેલ્લાં ત્રણ વર્ષથી ચાલતો હોઈ તેનાં વિવિધ પાસાંઓનો અભ્યાસ કરતાં આ વિદ્યાશાખા દૃઢપણે માને છે કે પ્રી-ડેન્ટલનો અભ્યાસક્રમ દાખલ કરવાનો હેતુ સફળ થયો નથી તેથી આ સભા જૂન ૧૯૭૬થી તે રદ કરી અગાઉની જેમ ફર્સ્ટ બી.ડી.એસ.ના અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષ બી.એસસી.ની પરીક્ષા કેમિસ્ટ્રી, ફિઝિક્સ અને બાયોલોજી વિષયો સાથે પાસ કરી હોય તેવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ સંબંધકર્તા ધારાધોરણોમાં જરૂરી સુધારા સૂચવવા માટે ઍકેડેમિક કાઉન્સિલને જણાવવું.

૪૦. કાયદાની વિદ્યાશાખાની તા. ૭—૨—૧૯૭૫ની નીચેની ભલામણ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૮-૨-૧૯૭૫ની સભામાં ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલી હતી તે બાબતમાં ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૪-૨-૧૯૭૫ની સભામાં કાયદાની વિદ્યાશાખાની તે ભલામણ સ્વીકારવા માટે કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત (ઍ. કા. બા. ક્ર. 33):

કાયદાની વિદ્યાશાખાની ભલામણ

"કાયદાની વિદ્યાશાખાની આ સભા તા. ૧૭—૧૦-૧૯૭૪ની અગાઉની સભામાં બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના તા. ૧૯-૯-૧૯૭૪ના પત્રાંક વી.સી.આઈ. ૨૦૬૦૨-૧૯૭૪ તથા તેના રેઝોલ્યુશન નં. ૫૪-૧૯૭૪ના સ્પષ્ટીકરણ ધ્યાનમાં લઈ કરેલા ઠરાવની પુનર્વિચારણા કરી આથી સ્પષ્ટીકરણ કરી ઠરાવે છે કે જે વિદ્યાર્થીઓએ પ્રથમ એલએલ.બી.ના નિયત વિષયોમાં ઉત્તીર્ણ થયા સિવાય દ્વિતીય એલએલ.બી.ના વર્ગમાં પ્રવેશ મેળવ્યો હોય તેઓને તૃતીય વર્ષ એલએલ.બી.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ એલએલ.બી. સ્પેશિયલની ડિગ્રી મેળવતાં પહેલાં પ્રથમ એલએલ.બી.ના નિયત વિષયોની પરીક્ષામાં ઉત્તીર્ણ થવું આવશ્યક છે અને તેથી જ્યાં સુધી તેઓ તે વિષયોમાં તે રીતે ઉત્તીર્ણ થાય નહિ ત્યાં સુધી તેઓનું તૃતીય વર્ષ એલએલ.બી.નું પરિણામ જાહેર ન કરતાં તે અનામત રાખવું."

"ઉપર્યુક્ત ઠરાવને કારણે જે તે વિદ્યાર્થીઓ દ્વિતીય એલએલ.બી. પરીક્ષામાં ઉત્તીર્ણ થયેથી તેઓનું દ્વિતીય એલએલ.બી.ની પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં અને તેઓને એલએલ.બી. જનરલની ડિગ્રી પ્રદાન કરવામાં કોઈ બાધ આવશે નહીં તેવું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી.

૪૧. કાયદાની વિદ્યાશાખાની તા. ૭-૨-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ પર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૪-૨-૧૯૭૫ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૩૮).

" કાયદાની વિદ્યાશાખાની તા. ૭-૨-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

'આથી ભલામણ કરવામાં આવે છે કે—

(૧) એલએલ.બી. જનરલ ડિગ્રી પરીક્ષાના પ્રમાણપત્રમાં વિદ્યાર્થી જે વૈકલ્પિક વિષય રાખી પરીક્ષામાં પાસ થયો હોય તેનો તેમાં ઉલ્લેખ કરવો. (આનો અમલ આગામી સત્રથી કરવો.)

(૨) દ્વિતીય એલએલ.બી. જનરલની પરીક્ષામાં એક વિષય સાથે પરીક્ષા પાસ કર્યા પછી બીજા વૈકલ્પિક વિષયોમાં તે વિષયો જે સત્રમાં ભણાવવામાં આવતા હોય તે સત્ર ભરી ફેર પરીક્ષા આપી શકશે.

(૩) જો વિદ્યાર્થી બીજા વૈકલ્પિક વિષય લઈને ફેર પરીક્ષા આપે અને તેમાં ઉત્તીર્ણ થાય તો તેને તે અંગેનું માત્ર સર્ટિફિકેટ આપવું. આવા બીજા વૈકલ્પિક વિષયોની પરીક્ષા આપતી વખતે એ જ સેમેસ્ટરના ફરજિયાત પેપરોમાં તે બેસી શકશે નહિ.'"

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી.

૪૨. "એલએલ.એમ. ભાગ ૧ અથવા ૨ની પરીક્ષામાં બેઠા પછી બાકીના ભાગના અભ્યાસક્રમનાં સત્રો રાખવા માટે અગાઉનો પરીક્ષામાં બેઠા પછી સત્રો રાખવાની જોગવાઈ છે તે સુધારી લો ઓર્ડિ. ૬-એ ન્યૂ નીચે મુજબ વંચાય તેમ સુધારવાની કાયદાની વિદ્યાશાખાની તા. ૭-૨-૧૯૭૫નો સભાની ભલામણ મંજૂર કરી તેને તાત્કાલિક અમલમાં મૂકવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૪-૨-૧૯૭૫ ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૩૯).

Law O. 6-A (New) :

" A candidate for the Degree of Master of Laws must have obtained (1) the Degree of Bachelor of Laws of this University or a Degree recognised as equivalent thereto, and (2) passed the LL.M. Degree Examination in two parts—the first called the LL.M. Part I Examination and the Second called the LL.M. Part II Examination—after keeping two terms for the LL.M. Part I Examination and two terms for the LL.M. Part II Examination, irrespective of whether a candidate passes the LL.M. Part I or the LL.M. Part II Examination in the first instance.

It is provided that a candidate after keeping terms for either Part I or Part II Examination may, at his option, appear at that

examination, and it is further provided that a candidate who has kept all the four terms for Part I and Part II Examination will be entitled to appear in all the papers of Part I and II Examinations simultaneously."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવા તથા તે મુજબ સુધારેલો લૉ ઑર્ડિ. ૬-એ (ન્યૂ) મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૪૩. યુનિવર્સિટીના સમાજ વિદ્યાભવનમાં લેબર વેલ્ફેર વિભાગમાં પ્રોફેસર, રીડર અને લેકચરરની નિમણૂકો માટેનાં ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણ અંગે બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૪-૧૦-૧૯૭૪ની સભાની ભલામણ પર વિચારણા કરી આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારેલા નિયમો મંજૂર કરવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૪-૨-૧૯૭૫ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત. (એકેડેમિક કાઉન્સિલ બાબત ક્રમાંક ૧૫)

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ સમાજવિદ્યા ભવનમાં લેબર વેલ્ફેર વિભાગમાં પ્રોફેસર, રીડર અને લેકચરરની જગ્યાઓ માટેની નિમણૂકો માટેની ઓછામાં ઓછી લાયકાત અંગેનાં સુધારેલાં ધોરણો મંજૂર કરવાં.

(સુધારેલાં ધોરણોની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૪૪. ફાર્મસી વિદ્યાશાખામાં પ્રાશ્નિકો-પરીક્ષકોની નિમણૂક માટે ઓછામાં ઓછી લાયકાત અંગેનાં સુધારેલાં ધોરણો મંજૂર કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૪-૨-૧૯૭૫ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત. (એકેડેમિક કાઉન્સિલ બાબત ક્રમાંક ૨૭)

આથી ઠરાવવામાં આવે છે કે ફાર્મસી વિદ્યાશાખામાં પ્રાશ્નિકો/પરીક્ષકોની નિમણૂકો માટેની ઓછામાં ઓછી લાયકાત અંગેનાં સુધારેલાં ધોરણો મંજૂર કરવાં.

(સદરહુ સુધારેલાં ધોરણોની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૪૫. ફાર્મસી વિદ્યાશાખાની તા. ૬-૨-૧૯૭૫ની સભાની ભલામણ મુજબ ફાર્મસી કૉલેજના શિક્ષકોની ઓછામાં ઓછી લાયકાત અંગેનાં ધોરણો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૪-૨-૧૯૭૫ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત. (એકેડેમિક કાઉન્સિલ બાબત ક્રમાંક ૨૬)

આથી ઠરાવવામાં આવે છે કે ફાર્મસી વિદ્યાશાખાની કૉલેજોમાં શિક્ષકોની નિમણૂકો માટેની ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણો અંગેના સુધારેલા નિયમો મંજૂર કરવા.

(સદરહુ સુધારેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૪૬. તા. ૧-૪-૧૯૭૨થી અમલી બને તે રીતે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવાની શરતના સંદર્ભમાં કૉલેજે આવતાં ત્રણ વર્ષ સુધીમાં હપતે હપતે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવા માટે બાંયધરી આપેલ હોઈ તે અંગે શ્રી. આર. કે. આર્ટ્સ ઍન્ડ એમ. કે. કૉમર્સ કૉલેજ, પેટલાદના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. કે. પરીખ આર્ટ્સ ઍન્ડ શ્રી. એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદની સદરહુ વિનંતી મંજૂર કરવી.

૪૭. તા. ૧–૪–૧૯૭૨થી અમલી બને તે રીતે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવાની શરતના સંદર્ભમાં આવતાં ત્રણ વર્ષ સુધીમાં હપતે હપતે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવા માટે બાંયધરી આપેલ હોઈ તે અંગે શ્રી. આર. કે. પરીખ સાયન્સ કૉલેજ, પેટલાદના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. કે. પરીખ, સાયન્સ કૉલેજ, પેટલાદની સદરહુ વિનંતી મંજૂર કરવી.

૪૮. આગામી તા. ૨૯/૩૦–૩–૧૯૭૫ ના રોજ મળનાર યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભામાં રજૂ કરવા માટે પ્રસ્તાવોની નોટિસ મળેલી છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવોની નોંધ લેવી.

(પ્રસ્તાવો પરિશિષ્ટ તરીકે સામેલ કરેલ નથી.)

૪૯. શ્રી. એસ. બી. વોરાના નીચેના સૂચન પર ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૪–૨–૧૯૭૫ ની સભાએ ઠરાવ્યા અનુસાર આ બોર્ડની વિચારણા માટે મોકલ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત (એ.કા.બા.ક્ર. ૪૯).

" અનુસ્નાતક કક્ષાએ શિક્ષણ આપવાની લાયકાતના કાયદા–ઑર્ડિનન્સમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ બંને કક્ષાએ પાસ ક્લાસમાં ઉત્તીર્ણ થનાર શિક્ષક ગમે તેટલો અનુભવી હોય તોપણ તે અનુસ્નાતક શિક્ષણકાર્ય ન કરી શકે એ ઘણું અન્યાયી અને ગેરવાજબી પગલું છે, તેથી ૧૯૬૫ પહેલાં જે પાસ થયા હોય તેવા શિક્ષકોને તેમનો ગમે તે ક્લાસ હોય, ત્રણ પેપર લખવાની શરત પૂરી કરે તો તેમને અનુસ્નાતક શિક્ષણ કરવાની છૂટ આપવી જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની વિચારણા માટે મૂકવાની હોઈ તે અંગે હાલને તબક્કે આ સભાગૃહે કશું કરવાનું રહેતું નથી.

૫૦. ચંદનબહેન સોમાલાલ હરિલાલ દેસાઈ આર્ટ્સ કૉલેજ ઍન્ડ શ્રીમતી લીલાવતી કીર્તનલાલ લાલચંદ દોશી કૉમર્સ કૉલેજ, બાલાસિનોરે જૂન ૧૯૭૫થી બી.એ. (પ્રિન્સિ.) માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; બી.એ.(સંબં.) માં અંગ્રેજી, સંસ્કૃત, હિન્દી, ઇતિહાસ અને તત્ત્વજ્ઞાન તથા બી.કૉમ. માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી પર મૂકેલી શરતોનું પરિપાલન કરેલ હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચંદનબહેન સોમાલાલ હરિલાલ દેસાઈ આર્ટ્સ કૉલેજ ઍન્ડ શ્રીમતી લીલાવતી કીર્તનલાલ લાલચંદ દોશી કૉમર્સ કૉલેજ, બાલાસિનોરને બી.એ.(પ્રિન્સિ.)માં

ગુજરાતી, અર્થશાસ્ત્ર અને બી.એ.(સબો.)માં અંગ્રેજી, સંસ્કૃત, હિન્દી, ઇતિહાસ અને તત્ત્વજ્ઞાન તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ૧૫મી જૂન ૧૯૭૫થી કાયમી જોડાણ આપવું.

૫૧. યુનિવર્સિટી પ્રેસ-મૅનેજર શ્રી. જે. એમ. પુરોહિતનો અજમાયશી સમય તા. ૧૭–૩–૧૯૭૫ના રોજ પૂરો થતો હોઈ તેઓને તા. ૧૮–૩–૧૯૭૫થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૨. ગુજરાત યુનિવર્સિટી બોર્ડ ફૉર સ્ટુડન્ટ્સ વેલ્ફેરની તા. ૨૦–૨–૧૯૭૫ના રોજ મળેલ સભાના નીચે જણાવેલ ઠરાવ પર વિચારણા કરવા બાબત :

"બોર્ડ ફૉર સ્ટુડન્ટ્સ વેલ્ફેરના વિદ્યાર્થી સભ્યોને બ્લેઝર આપવા અંગે કેટલાક વિદ્યાર્થી સભ્યોના પ્રસ્તાવ અંગે કુલપતિશ્રીએ બેજ આપવાનું પ્રથમથી જ સ્વીકાર્યું હતું, પણ પછી ચર્ચાવિચારણાને અંતે વિદ્યાર્થી સભ્યોને અપવાદરૂપ કેસ તરીકે આ વર્ષે બેજને બદલે બ્લેઝર કપડાના ક્લૉથ સાથેનો આપવાનું અને તે માટે થનાર ખર્ચ મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

(**નોંધ.**—આનો ખર્ચ આશરે રૂ. ૫,૦૦૦ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૩. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં સફાઈ કામદાર તરીકે કામ કરતા શ્રી. કે. બી. ગરિયલને સુધારેલું મજૂરી પગારધોરણ તા. ૧–૪–૧૯૭૧ને બદલે તા. ૧–૨–૧૯૭૪થી સ્વીકારવા દેવાની પરવાનગી આપવા અંગેના તેઓના તા. ૨૧–૨–૧૯૭૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સફાઈ કામદાર શ્રી. કે. બી. ગેરિયલને સુધારેલું મજૂરી પગાર-ધોરણ તા. ૧–૪–૧૯૭૧ને બદલે તા. ૧–૨–૧૯૭૪થી સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૫૪. ગ્રંથાલય સમિતિના તા. ૨૬–૨–૧૯૭૫ની સભાના નીચેના ઠરાવની નોંધ લેવા બાબત :

"સને ૧૯૭૫ના વર્ષ માટે સામયિકો મંગાવવા અંગે જુદા જુદા વિક્રેતાઓના આવેલા ભાવોની ચકાસણી કર્યા બાદ યુનિવર્સિટી ગ્રંથાલય માટે સામયિકો મંગાવવાનું કામ, મે. બાલગોવિંદ બુકસેલર્સ, અમદાવાદને તેમણે આપેલી તેમ જ માન્ય રાખેલી શરતોએ અમેરિકન પ્રકાશનોમાં એક ડૉલરના રૂ. ૮–૫૦ પૈ.ના દરે, ભારતીય પ્રકાશનોમાં છાપેલા લવાજમે તેમ જ અન્ય વિદેશી પ્રકાશનોમાં જે તે સમયના દરે, બ્રિટિશ પ્રકાશનોમાં એક શિલિંગના રૂ. ૧–૦૦ના બૅંક વિનિમયના દરે અને એસ. ડી. પ્રકાશનો ૧૦ ટકા સર્વિસ ચાર્જથી સોંપવાનું મંજૂર કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૫. ગ્રંથાલય સમિતિના તા. ૨૬-૨-૧૯૭૫નાં સભાના નીચેના ઠરાવની નોંધ લેવા બાબત :

" યુનિવર્સિટીની જરૂરિયાતો ધ્યાનમાં લઈને ૧૯૭૪-૭૫ના વર્ષ દરમિયાન નીચે જણાવેલ પુસ્તક વિક્રેતાઓ પાસેથી તેમણે આપેલી તેમ જ માન્ય રાખેલી શરતોએ, અમેરિકન પ્રકાશનોમાં એક ડોલરના રૂ. ૮-૫૦ ઓછા ૧૦ ટકાના દરે, બ્રિટિશ પબ્લિકેશનમાં એક શિલિંગનો રૂ. ૧-૦૦ ઓછા ૧૦ ટકા સુધીના દરે તથા ભારતીય અંગ્રેજી પ્રકાશનોમાં ૧૦ ટકા કે તેથી વધુ વળતર આપનાર નીચે જણાવેલ પુસ્તક વિક્રેતાઓ પાસેથી ખરીદવાં :

(૧) મે. બાલગોવિંદ બુકસેલર્સ, અમદાવાદ
(૨) મે. હિમાંશુ બુક કંપની, અમદાવાદ
(૩) મે. ગુજરાત યુનિવર્સિટી કન્ઝ્યુમર્સ કો-ઑ. સ્ટોર્સ, અમદાવાદ
(૪) મે. ન્યૂ. ઑર્ડર બુક કંપની, અમદાવાદ
(૫) મે. શિવ પુસ્તકાલય, વડોદરા
(૬) મે. બાલગોવિંદ કુબેરદાસની કંપની, અમદાવાદ
(ભારતીય અંગ્રેજી પુસ્તકો માટે)
(૭) મે. ઓરિયેન્ટલ બુક સેન્ટર, અમદાવાદ (ઇન્ડોલોજીનાં પુસ્તકો માટે)

આ ઉપરાંત હિન્દી પુસ્તકો ૧૫ ટકા કે તેથી વધુ વળતર આપનાર નીચેના પુસ્તક વિક્રેતાઓ પાસેથી :
(૧) મે. ગુજરાત યુનિવર્સિટી કન્ઝ્યુમર્સ કો-ઑ. સ્ટોર્સ, અમદાવાદ
(૨) નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ
(૩) મે. શિવ પુસ્તકાલય, વડોદરા

ગુજરાતી પુસ્તકો ૧૦ ટકા કે તેથી વધુ વળતર આપનાર નીચેના પુસ્તક વિક્રેતાઓ પાસેથી :
(૧) મે. બાલગોવિંદ બુકસેલર્સ, અમદાવાદ
(૨) મે. બાલગોવિંદ કુબેરદાસ ઍન્ડ કંપની, અમદાવાદ
(૩) મે. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ
(૪) મે. નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ

ઉર્દૂ તેમ જ પર્શિયન પુસ્તકો માટે ૧૫ ટકા કે વધુ વળતર આપનાર મે. કલીમ, અમદાવાદ પાસેથી

સંસ્કૃત પુસ્તકો ૧૦ ટકા કે તેથી વધુ વળતર આપનાર મે. ઓરિયેન્ટલ બુક સેન્ટર, અમદાવાદ પાસેથી.

મરાઠી તથા સિંધી પુસ્તકો ૧૦ ટકા વળતર આપનાર મે. ગુજરાત યુનિવર્સિટી કન્ઝ્યુમર્સ કો-ઑ. સ્ટોર્સ, અમદાવાદ પાસેથી.

એસ. ડી. માટે વધુમાં વધુ ૧૦ ટકા સુધીના સર્વિસ ચાર્જીસ સ્વીકારવા જે વિક્રેતાઓ તૈયાર હોય તેમના ભાવ સ્વીકારવાનું તથા અમેરિકન અને બ્રિટિશ પ્રકાશનો સિવાયનાં અન્ય

વિદેશી પ્રકાશનો માટેની, ઉપરના જે તે વિક્રેતાઓની શરતો મંજૂર રાખવાનું ઠરાવવામાં આવે છે.

ઉપરના કોઈ વિક્રેતા આપણે આપેલા ઑર્ડરનાં પુસ્તકો મુદત દરમિયાન પૂરાં ન પાડે અને તે બીજા ગ્રંથવિક્રેતા પાસેથી હાજર સ્ટૉકમાંથી મળી શકે તેમ હોય તો તેમની પાસેથી ઉપરની શરતોએ ખરીદી લેવાનું રાખવું.

આ ઉપરાંત જે પુસ્તકો બીજા કોઈ વિક્રેતા પાસેથી હાજર સ્ટૉકમાંથી મળી શકે તેમ હોય અને તે લેવા માટે જે તે વિદ્યાશાખાના ડીન અથવા ભવનના અધ્યક્ષશ્રીની ભલામણ આવે તો એ વિક્રેતા પાસેથી તે પુસ્તકો ઉપરના ભાવે ખરીદવાનું રાખવું.

અમદાવાદનાં પ્રકાશનો જો પ્રકાશકોની પોતાની પાસેથી ખરીદવાથી ઉપરના કરતાં સસ્તાં પડે તો તે પુસ્તકો તેના પ્રકાશકો પાસેથી ખરીદવાં."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૬. પ્રી-ક્લિનિકલ વિષયોની અભ્યાસસમિતિની તા. ૩-૨-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"It is recommended to the Executive Council to increase conveyance allowance for attending University meeting from Rs. 5/- (which has not been revised since 1950) to minimum Rs. 10/- considering the rise of prices in several folds since then."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં સત્તામંડળોના સભ્યોના દૈનિક ભથ્થાનો પ્રશ્ન ફાઇનાન્સ સમિતિની વિચારણા હેઠળ છે તેના સંદર્ભમાં સદરહુ ભલામણ પર પણ વિચારણા કરવા માટે તે સમિતિને જણાવવું.

૫૭. એમ. એન. કૉલેજ, વીસનગરમાં આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપક વગર શિક્ષણકાર્ય છેલ્લાં બે વર્ષથી થાય છે અને એ રીતે પ્રાધ્યાપકની નિમણૂક અંગેની જોડાણ શરતનું પાલન થયું નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૫-૧૦-૧૯૭૪ની સભામાં સદરહુ કૉલેજનું જાહેરનામું બહાર પાડવા ઠરાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપકની જગ્યા છેલ્લાં બે વર્ષથી ખાલી રહેવા પામી છે તે યોગ્ય થયું નથી એમ શ્રી શિક્ષણસંચાલકને જણાવીને જૂન ૧૯૭૫ સુધીમાં યોગ્ય લાયકાત ધરાવતા પ્રાધ્યાપકની નિમણૂક કરવા માટે તેમને ભારપૂર્વક જણાવવું.

૫૮. શ્રીમતી એચ. સી. પટેલ (કંડારી) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજણમાં અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે શૈક્ષણિક કાર્ય કરતા શ્રી. ડી. એ. રાજેશીર્કને વ્યાખ્યાતા થવા માટે ખૂટતા એક વર્ષના શૈક્ષણિક અનુભવને ક્ષમ્ય ગણીને શિક્ષણકાર્ય

કરવા દેવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. ડી. રાજેશીર્કે બી.એ. બીજો વર્ગ અને એમ.એ. અંગ્રેજી સાથે પાસ વર્ગ ધરાવે છે તથા બે વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં શ્રી. ડી એ. રાજેશીર્કેની અંગ્રેજીના લેકચરર તરીકેની નિમણૂક ૧૯૭૪-૭૫ના શૈક્ષણિક વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખવી.

૫૯. સાબરમતી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદમાં અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે કાર્ય કરતાં કુ. આર. બી. જાડેજાને ખૂટતા શૈક્ષણિક અનુભવની ઊણપ ક્ષમ્ય ગણીને ચાલુ વર્ષ પૂરતું ગ્રાહ્ય રાખવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—કુ. આર. બી. જાડેજા બી.એ અને એમ.એ ની બે પદવીઓ પાસ વર્ગમાં ધરાવે છે તથા અંગ્રેજીના ટ્યૂટર તરીકેનો બે વર્ષનો અનુભવ ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સાબરમતી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદમાં અંગ્રેજીના લેકચરર તરીકેની કુ. આર. બી. જાડેજાની નિમણૂક ૧૯૭૪-૭૫ના શૈક્ષણિક વર્ષ માટે ગ્રાહ્ય રાખવી.

૬૦. ગુજરાત યુનિવર્સિટી બોર્ડ ફૉર સ્ટુડન્ટ્સ વેલ્ફેરની તા. ૨૦-૨-૧૯૭૫ના રોજ મળેલ સભાના નીચે જણાવેલ ઠરાવ પર વિચારણા કરવા બાબત :

"પર્વતારોહણ શિબિરો બે ભાઈઓ અને એક બહેનોનો યુવક નેતૃત્વ તાલીમ શિબિર, હિમાલયની ગિરિમાળામાં ટ્રેકિંગ, કચ્છના રણનો સાઇકલ પ્રવાસ તેમજ લાંબા અંતરના સાઈકલ પ્રવાસો યોજવા અંગે જરૂરી પગલાં લેવાની અને જરૂરી ખર્ચ મંજૂર કરવાની સત્તા કુલપતિશ્રીને આપવા માટે અને આ અંગે જરૂરી ખર્ચ કરવાની સત્તા યુવક કલ્યાણ વિભાગના નિયામકને આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને આ સભા ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૧. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨-૧૧-૧૯૭૪ ના રોજ સ્ટે. ૧૪-સી અંગે વિચારણા કરી જરૂરી ફેરફાર કરવા માટે નીમેલી સમિતિએ તેની તા. ૧૭-૨-૧૯૭૫ ના રોજ મળેલી સભાની ભલામણ મુજબ સુધારેલા સ્ટે. ૧૪-સી ના મુસદ્દા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલો સ્ટે. ૧૪-સી મંજૂર કરવા યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવા.

(સદરહુ સુધારેલા સ્ટે. ૧૪-સી ની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે)

૬૨. જુદાં જુદાં સત્તામંડળોના સભ્યોને અપાતા મુસાફરી ભથ્થા અંગેના હાલના ઑર્ડિનન્સ ૧૫૨ માંના નીચેના નિયમ અંગે પુનર્વિચારણા કરવા બાબત :

"(c) If a person signs a declaration to the effect that he travelled by first class by rail or by his own motor car when a rail route is available he will be paid a single first class fare each way, provided

that, if a person travels by a car not actually owned by him, he will be paid bus fare or luxury bus fare if any whichever is higher and whichever is available."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૫૨ માંનો નિયમ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો અને તેને તાત્કાલિક અમલમાં મૂકવો :

"(1) If a person signs a declaration to the effect that he travelled by first class by rail or by motor car when a rail route is available he will be paid a single first class railway fare each way."

૬૩. સેન કમિટીની ભલામણના અમલીકરણ અર્થે 'GUATA'ના આદેશથી વિજ્ઞાન વિદ્યાભવનના આશરે ૩૯ શિક્ષકો તા. ૨૪-૨-૧૯૭૫ના રોજ સામુદાયિક રીતે આકસ્મિક રજા ઉપર રહ્યા તેના સંદર્ભમાં વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીના તા. ૨૬-૨-૧૯૭૫ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત બધાં વિદ્યાભવનોના શિક્ષકોને સ્પર્શતી હોઈ યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ જરૂરી નિર્ણય લેવાનું કામ વિદ્યાભવનોના અધ્યક્ષો પર છોડવું.

૬૪. તા. ૬-૩-૧૯૭૫ના રોજ મળનાર ફાઇનાન્સ સમિતિની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૬-૩-૧૯૭૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૬-૩-૧૯૭૫ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "૬"** તરીકે સામેલ છે.)

૬૫. યુનિવર્સિટી ધારાની કલમ 33 એ (૧) (બી) (૧) અને (૨) અનુસાર સંલગ્ન કૉલેજોએ શિક્ષકોની નિમણૂક કરતી વખતે પ્રત્યેક કૉલેજની જે તે વરણી સમિતિ પર યુનિવર્સિટીના પ્રતિનિધિ હોવા આવશ્યક હતા તે છતાં પણ યુનિવર્સિટીના પ્રતિનિધિ સિવાય કેટલીક કૉલેજોમાં શિક્ષકોની નિમણૂક કરવામાં આવી છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

અને

૬૬. અધ્યાપકોની નિમણૂક બાબતમાં યુનિવર્સિટીનાં ધારાધોરણોની અવગણના જે કૉલેજોએ કરી છે તે તપાસીને યોગ્ય પગલાં સૂચવવા એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૯-૬-૧૯૭૪ની સભામાં નિયુક્ત થયેલી સમિતિની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

બાબત નં. ૬૫ અને ૬૬ની વિચારણા સાથે કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સંબંધકર્તા કૉલેજોને તેમની આ ભૂલની ગંભીરતા તરફ તેમનું ધ્યાન ખેંચીને ઠપકો આપવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે તમામ સંલગ્ન કૉલેજોને જણાવવું કે શિક્ષકોની નિમણૂકો અંગેની વરણીસમિતિ પર યુનિવર્સિટીના પ્રતિનિધિઓને બોલાવ્યા વિના જો કોઈ પણ નિમણૂક કરવામાં આવશે તો તે નિમણૂક માન્ય કરવામાં આવશે નહીં અને ગ્રાન્ટના હેતુ માટે તે અગ્રાહ્ય ગણવા શિક્ષણસંચાલકશ્રીને ભલામણ કરવામાં આવશે.

૧૭. જૂન ૧૯૭૪ થી જોડાણ ચાલુ રાખવાની નીચેની કૉલેજોની જોડાણ અરજીઓ પરત્વે મૂકવામાં આવેલી કેટલીક શરતોનું યથાર્થ પરિપાલન ન થયેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—એકિઝકયુટિવ કાઉન્સિલના ઠરાવથી જાહેરનામાં બહાર પાડવામાં આવ્યાં છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સંબંધકર્તા કૉલેજોને ઘટતો પત્ર લખીને તેમને બાકી રહેલી શરતોનું પરિપાલન ન કરવા માટે ઠપકો આપવો અને હવે તેનું ત્વરિત પરિપાલન કરીને યુનિવર્સિટી કાર્યાલયને તેની જાણ કરવા જણાવવું.

૧૮. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઑકયુપેશનલ હેલ્થ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૫થી (૧) ડિપ્લોમા ઇન ઑકયુપેશનલ હેલ્થ અને (૨) એમડી. ઇન ઑકયુપેશનલ હેલ્થના અભ્યાસક્રમો શીખવવા માટે માન્યતા ચાલુ રાખવા તથા (૩) એમ.એસસી. ઇન ઑકયુપેશનલ હેલ્થ અને (૪) પીએચ.ડી. ઇન ઑકયુપેશનલ હેલ્થના અભ્યાસક્રમો શીખવવા માટે માન્યતા માટે આવેલ અરજી પર વિચારણા કરવા બાબત. (એ. કા. બા. ક્ર. ૧૮)

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સંસ્થાને ડિપ્લોમા ઇન ઑકયુપેશનલ હેલ્થ તથા એમ. ડી. ઇન ઑકયુપેશનલ હેલ્થના અભ્યાસક્રમો શીખવવા માટે તથા ઑકયુપેશનલ હેલ્થના વિષયમાં પીએચ.ડી ની પદવીના સંશોધન માટે ચાલુ માન્યતા વધુ એક વર્ષ માટે એટલે કે તા. ૧૪મી જૂન ૧૯૭૬ સુધી લંબાવવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૯. સેકન્ડરી ટીચર્સ ટ્રેઇનિંગ કૉલેજ, વીસનગર તરફથી જૂન ૧૯૭૫થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી. (એ.કા. બા. નં. ૩)

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સેકન્ડરી ટીચર્સ ટ્રેઇનિંગ કૉલેજ, વીસનગર નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૧-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી કાયમી જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે,

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રૉવિડન્ટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મજૂર કરવી.

૭૦. શ્રી એસ. કે. શાહ ઍન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસા તરફથી જૂન ૧૯૭૫થી બી.એ.(પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ આપવા માટેની અરજી (એ. કા. બા. ક્રં. ૪).

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી એસ. કે. શાહ ઍન્ડ શ્રીકૃષ્ણ એ એમ આર્ટ્સ કૉલેજ, મોડાસા નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી કાયમી જોડાણ આપવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રૉવિડન્ટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૧. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૫થી બી.એ.-(પ્રિન્સિ)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી (એ. કા. બા. ક્ર. ૨).

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમે શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું વધારાનું જોડાણ આપવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપક
   (૨) આંકડાશાસ્ત્ર વિષયના કાર્યભારને અનુલક્ષીને જરૂરી વ્યાખ્યાતા;
૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;
૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦ નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. આંકડાશાસ્ત્ર વિષયને લગતાં પુસ્તકો માટે રૂ. ૧,૫૦૦ નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૫. આંકડાશાસ્ત્ર વિષયને લગતાં ત્રણ સામયિકો વસાવવામાં આવે;
૬. પ્રત્યેક ત્રણ વિદ્યાર્થી દીઠ એક કેલકયુલેટિંગ મશીન વસાવવામાં આવે;
૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;
૮. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;
૯. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૨. ઈડર આંજણા પાટીદાર એચ. કે. એમ. આર્ટ્સ એન્ડ પી. એન. પટેલ કૉમર્સ કૉલેજ, ઈડર તરફથી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાન, રાજ્યશાસ્ત્ર, સંસ્કૃત, આંકડાશાસ્ત્ર અને અંગ્રેજી તેમ જ બી.કૉમ.માં

એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી (એ. કા. બા. ક્ર. ૫૬).

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ઈડર આંજણા પાટીદાર એચ. કે. એમ. આર્ટ્સ એન્ડ પી. એન. પટેલ કૉમર્સ કૉલેજ, ઈડર નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, હિન્દી; તથા બી.એ.(સમો.)માં અંગ્રેજી, સંસ્કૃત, રાજ્યશાસ્ત્ર, મનોવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર તેમજ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૮૦ સુધીનું ચાલુ જોડાણ આપવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂંકો કરવામાં આવે :
   (૧) અંગ્રેજીના પ્રાધ્યાપક
   (૨) ગ્રંથપાલ;
૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;
૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦ નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમજ છૂટા થયેલા શિક્ષકોને તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;
૫. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને
૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૩. સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડી તરફથી જૂન ૧૯૭૫થી બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; બી.એ.(સમો.)માં મનોવિજ્ઞાન તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી (અં. કા. બા. ક્ર. ૨૪).

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડી નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે

રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી અને બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાન તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૮૦ સુધીનું ચાલુ જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી:

૧. અંગ્રેજીના ખંડ સમયના ટ્યૂટરની નિમણૂક કરવામાં આવે;
૨. યુનિવર્સિટીએ સંલગ્ન કૉલેજોના બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે નિયત કરેલ મહેકમ પ્રમાણે બિનશૈક્ષણિક કર્મચારીઓની જરૂરી નિમણૂકો કરવામાં આવે;
૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂંકવી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;
૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને, તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;
૬. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને
૭. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૪. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા તરફથી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી (એ. કા. બા. ક. ૫૩).

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખેડાએ સંખ્યાબંધ ખંડ સમયના શિક્ષકોની નિમણૂક કરીને તેને યુનિવર્સિટીનાં ધારાધોરણોનો સરિયામ ભંગ કરેલો હોઈ તેને બી એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ ન આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૫. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, પ્રાંતીજ તરફથી જૂન ૧૯૭૫થી પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, ઇતિહાસ, સમાજશાસ્ત્ર અને પ્રથમ વર્ષ બી.કૉમ.માં

એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી અને બી.એ.(સબો.)માં ઇતિહાસ અને સમાજશાસ્ત્ર તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસ-ક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટની અરજી (એ. કા. બા. ક્ર. ૫).

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પ્રાંતીજ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને પ્રથમ બી.એ.માં અર્થશાસ્ત્રમાં, ગુજરાતી, ઇતિહાસ અને સમાજશાસ્ત્ર તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી અને બી.એ.(સબો.)માં ઇતિહાસ અને સમાજશાસ્ત્ર તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું વધારાનું જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) ગુજરાતીના પ્રાધ્યાપક
   (૨) અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક અથવા વ્યાખ્યાતા
   (૩) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક
   (૪) વાણિજ્યના પ્રાધ્યાપક
   (૫) મર્કન્ટાઈલ લૉના ખંડ સમયના વ્યાખ્યાતા
   (૬) વ્યાયામ શિક્ષક
   (૭) લાયકાત ધરાવતા ગ્રંથપાલ;
૨. વધારાના વર્ગો માટે વિદ્યાર્થી ખંડોની વ્યવસ્થા કરવામાં આવે;
૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;
૪. ગુજરાતી, અર્થશાસ્ત્ર અને પ્રત્યેક મુખ્ય વિષયને લગતાં રૂ. ૨,૦૦૦નાં, ઇતિહાસ અને સમાજશાસ્ત્ર એ પ્રત્યેક ગૌણ વિષયને લગતાં રૂ. ૧,૦૦૦નાં તથા એકાઉન્ટન્સી વિષયને લગતાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૭. પ્રૉવિડન્ટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે.''

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૬. શ્રી સી. એન. પટેલ ફરતીકૂઈવાળા આર્ટ્સ ઍન્ડ ડભોઈ નગરપાલિકા સાયન્સ કૉલેજ, ડભોઈ તરફથી જૂન ૧૯૭૫થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; બી.એ.(સબો.)માં સંસ્કૃત, અંગ્રેજી, હિન્દી, મનોવિજ્ઞાન અને ઇતિહાસ તથા બી.એસસી(રૂપે.)માં રસાયણવિજ્ઞાન, બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિ-વિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી (એ. કા. બા. ક્ર. ૨૫).

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

''આથી ઠરાવવામાં આવે છે કે શ્રી સી. એન. પટેલ ફરતીકૂઈવાળા આર્ટ્સ અને ડભોઈ નગરપાલિકા સાયન્સ કૉલેજ, ડભોઈ નિમણૂંકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત, અંગ્રેજી, હિન્દી, મનોવિજ્ઞાન અને ઇતિહાસ તેમ જ બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી.-(જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૫થી કાયમી જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગણિતનો કાર્યભાર જોતાં એક અધ્યાપકની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં બાકી રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં પગારધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે.''

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૭. શ્રી એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત તરફથી જૂન ૧૯૭૫ થી દ્વિતીય વર્ષ ડિપ્લોમા ઇન ફાર્મસી તથા ચતુર્થ વર્ષ બી.ફાર્મ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી (એ. કા. બા. ક્ર. ૫૧)

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૧–૫–૧૯૭૫ સુધીમાં કરે તો તેને ડિપ્લોમા ઇન ફાર્મસીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૫થી તા. ૧૪–૬–૧૯૭૬ સુધીનું જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રીના વ્યાખ્યાતા
(૨) ફાર્માકોગ્નોસીના વ્યાખ્યાતા
(૩) ફાર્માસ્યુટિકસના વ્યાખ્યાતા
(૪) ફાર્માકોલોજીના વ્યાખ્યાતા
(૫) કીટાણુવિજ્ઞાનના વ્યાખ્યાતા
(૬) ફિઝિયોલોજીના વ્યાખ્યાતા;

૨. શૈક્ષણિક તેમ જ બિનશૈક્ષણિક સ્ટાફના સભ્યોને તેમને ચૂકવવાની થતી સઘળી રકમ ચૂકવવામાં આવે;

૩. કૉલેજના મકાનનું બાંધકામ પૂરું કરવામાં આવે;

૪. સ્થાનિક તપાસસમિતિના અહેવાલના **પરિશિષ્ટ "બ"**માં જણાવેલ રૂ. ૨૫,૦૦૦ની કિંમતનાં સાધનો વસાવવામાં આવે;

ઉપરની શરત ક્રમાંક ૨થી ૪ના પરિપાલનના વિકલ્પે રૂ. ૨,૨૫,૦૦૦/– (બે લાખ પચીસ હજાર) યુનિવર્સિટી પાસે અનામત મૂકવામાં આવે;

૫. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૬. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૮. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ત્રીજા અને ચોથા વર્ષના ડિગ્રી અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને નવા શૈક્ષણિક વર્ષથી અમદાવાદમાં સમાવવા."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૮. શ્રી એન. એસ. પટેલ લૉ કૉલેજ, મોડાસા તરફથી જૂન ૧૯૭૫થી દ્વિતીય વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા તૃતીય વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી (એ.કા. બા. ક્ર. ૫૨).

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી એન. એસ. પટેલ લૉ કૉલેજ, મોડાસા નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને દ્વિતીય વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું તથા તૃતીય વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું વધારાનું જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. કાર્યભારના પ્રમાણે જરૂરી અધ્યાપકો નીમવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં બાકી રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષિણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૯. એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ તરફથી બી. ઈ. (ઇલેકટ્રોનિકસ ઍન્ડ કૉમ્યુનિકેશન) તથા બી.ઈ. (ઇન્સ્ટ્રમેન્ટેશન ઍન્ડ કન્ટ્રોલ) (સેન્ડવિચ પેટર્ન)ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૧–૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.ઈ. (ઇલેકટ્રોનિકસ ઍન્ડ કૉમ્યુનિકેશન) તથા બી.ઈ. (ઇન્સ્ટ્રુમેન્ટેશન ઍન્ડ કન્ટ્રોલ) (સેન્ડવિચ પેટર્ન)ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૫થી તા. ૧૪–૬–૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ આપવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
   (૧) એક વધારાના પ્રાધ્યાપક
   (૨) બે મદદનીશ પ્રાધ્યાપકો
   (૩) ત્રણ વ્યાખ્યાતા;

૨. નવા મકાનનું બાંધકામ તાકીદે પૂરું કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં બાકી રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૬. પ્રોવિડન્ટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે;

૮. ચાલુ પ્રયોગશાળાઓને ઍરકન્ડિશન્ડ બનાવવામાં આવે;

૯. પ્રોજેકટનું કામ તથા નવાં સાધનો બનાવવાનું કામ હાથ ધરવામાં આવે; અને

૧૦. વિદ્યાર્થીઓને પ્રાયોગિક તાલીમ આપવામાં આવે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિષયના અભ્યાસક્રમો અંગે ઇજનેરી વિદ્યાશાખાની ભલામણ આવ્યેથી તે મંજૂર કરવા કુલપતિશ્રીને સત્તા આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૮૦. દેસાઈ સી. એમ. આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, વીરમગામે વાણિજ્ય વિદ્યાશાખાની ફી ૧૯૭૩-૭૪ના વર્ષમાં વધારી હોવાથી તેને મંજૂર રાખવાની તેની વિનંતી પરત્વે એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૪-૧-૧૯૭૫ની સભાના ઠરાવને અનુલક્ષીને સદરહુ કૉલેજ તરફથી આવેલ સ્પષ્ટતાના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજની ઉપરની વિનંતી તેના વિશિષ્ટ સંજોગો જોતાં મંજૂર કરવી.

૮૧. આઈ. વી. પટેલ કૉલેજ ઑફ કોમર્સ, નડિયાદના પ્રોફેસરો તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ અંગે વિચારણા કરવા બાબત :

"(1) That the strength of the post-graduate classes be reduced reasonably to make the teaching effective.

(2) The honorarium of P.G. teacher be raised to Rs. 30/- (Rupees thirty only) per lecture, irrespective of the distinction between a teacher and an assistant teacher.

(3) We shall be submitting the honorarium bill for the second term after we receive the circular that the honorarium for the P.G. teacher it raised to Rs. 30/- per lecture."

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે આ જ પ્રકારના કાગળો એચ. એ. કૉલેજ ઑફ કોમર્સ તથા એચ. એલ. કૉલેજ ઑફ કોમર્સના અધ્યાપકો તરફથી મળેલા છે તે હકીકત તરફ સભાગૃહનું ધ્યાન ખેંચવામાં આવ્યું.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત અંગે રાજ્ય સરકારને કુલપતિશ્રીએ જે પત્ર લખ્યો છેતેના જવાબની રાહ જોવી.

૮૨. સંલગ્ન કૉલેજોના બિનશૈક્ષણિક કર્મચારીઓને યુનિવર્સિટીએ નિયત કરેલ પગારધોરણો, ભથ્થાંઓ ઇ. આપવાનું ઠરાવવામાં આવ્યું છે, જ્યારે સરકારી સંલગ્ન કૉલેજોમાં સરકારી ધારાધોરણ અનુસાર પગાર, મોંઘવારી ભથ્થાંઓ ઇ. અપાય છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા પગારપંચની ભલામણો પર નિર્ણય થયેથી કરવી.

૮૩. પ્રત્યેક નવી કોલેજે તેમાં ચાલતા અભ્યાસક્રમની ફેકલ્ટી દીઠ જોડાણની શરત તરીકે રૂ. ૧૦,૦૦૦ની રકમ યુનિવર્સિટી પાસે અનામત મૂકવાની હોય છે તેમાંથી "સર્વિસ ચાર્જીસ" તરીકે એક ટકા જેટલી વ્યાજની રકમ કાપીને બાકીની રકમ બીજે વર્ષે વ્યાજ સાથે સંસ્થાને પરત કરવાની હોય છે તે નિયમ સુધારવા અંગે કાર્યાલયના નીચેના સૂચન

પરત્વે વિચારણા કરવા બાબત :

"જોડાણ અરજી સાથે રૂ. ૧૦,૦૦૦ની અનામત લેવામાં આવે છે તેના વ્યાજની રકમ કૉલેજને ૧ ટકા લેખે જે રકમ થાય તે બાદ કરી પરત કરવાની શરત રદ કરવી અથવા સંસ્થા પોતે યુનિવર્સિટીના નામે ફિકસ્ડ ડિપોઝિટ તરીકે તે રકમ મૂકી રાખે."

આથી ઠરાવવામાં આવે છે કે જોડાણઅરજી સાથે વિદ્યાશાખા દીઠ રૂપિયા દસ હજારની વગર વ્યાજની અનામત યુનિવર્સિટીમાં જમા કરવાનું આવશ્યક રાખવું.

૮૪. આ યુનિવર્સિટીને ૧૯૭૩-૭૪ થી શરૂ થતા ત્રિવાર્ષિક ગાળા માટે વાર્ષિક રૂ. ૧૮-૪૪ લાખની બ્લોક મેઇન્ટેનન્સ ગ્રાન્ટ રાજ્ય સરકારશ્રીએ તેમના શિક્ષણ અને શ્રમ વિભાગના તા. ૧૯-૧૨-૧૯૭૪ના ઠરાવ ક્રમાંક યુએસજી. ૧૦૭૪–બથી મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લઈ રાજ્ય સરકાર સમક્ષ ગ્રાન્ટની બાબતમાં ઘટતી રજૂઆત કરવા માટે કુલપતિશ્રીને વિનંતી કરવી.

૮૫. યુનિવર્સિટીના પ્રકાશન અધિકારી તરીકે કામ કરતા શ્રી કે. ડી. પંડ્યાને તેઓના ફ્લેટના રસોડા વગેરેના કેટલાક કામ માટે સ્ટે. ૧૮૮(૨) પ્રમાણેની બીજી વારની લોન આપવા અંગેની તેઓની તા. ૨૧–૨–૧૯૭૫ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓના પ્રૉ. ફંડ ખાતે તા. ૩૧–૩–૧૯૭૫ના રોજ અંદાજે રૂ. ૧૭,૩૯૪–૭૬ જમા થશે. તે પર તેઓની સ્ટે. ૧૮૮(૨) પ્રમાણેની જૂની લોનના ૧૧,૦૨૮ તથા પ્રોવિડંટ ફંડ લોનના રૂ. ૧,૨૪૦ તથા તે બન્ને લોન પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે પ્રકાશન અધિકારી શ્રી. કે. ડી. પંડ્યાને તેમના ફ્લેટના મકાનમાં સુધારાવધારા કરવા માટે રૂ. ૧૭,૩૯૦ની લોન તેમના પ્રૉવિડન્ટ ફન્ડમાંથી સ્ટે. ૧૮૮(૨) હેઠળ યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ મંજૂર કરવી.

૮૬. એન. એસ. એસ. વિભાગમાં હંગામી ધોરણે નિમાયેલ નીચેના કર્મચારીઓની સેવાની મુદ્દત તા. ૩૧–૩–૧૯૭૫ના રોજ પૂરી થતી હોઈ તે લંબાવવા અંગે વિચારણા કરવા બાબત :

૧. શ્રી. આર. એસ. પટેલ, આસિ. એડમિનિસ્ટ્રેટર
૨. કુ. આઇ. બી. પટેલ, હેડક્લાર્ક
૩. શ્રીમતી લીનાબહેન બી. પીટર્સ, જુ. ક્લાર્ક
૪. શ્રીમતી ભારતીબહેન એસ. શાહ, જુ. ક્લાર્ક
૫. શ્રી. એમ. એમ. દેસાઈ, પટાવાળા
૬. શ્રી. બી. આર. દેસાઈ, ડ્રાઈવર
૭. શ્રી. બી. એમ. કનોજા, ટાઈપિસ્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે એન.એસ.એસ. વિભાગ માટે નીમવામાં આવેલ ઉપરના કર્મચારીઓ માટેની જગ્યાઓ યુનિવર્સિટીમાં કાયમી ધોરણે ઊભી કરવી અને સદરહુ કર્મચારીઓને તે જગ્યાઓ ઉપર તા. ૧-૪-૧૯૭૫થી એક વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

૮૭. વિજ્ઞાન વિદ્યાભવનમાં ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે કામ કરતા ડૉ. એમ. મિશ્રા તેમના ગામ ગયેલા ત્યાં તેમના સસરા તથા ભત્રીજા વહુના અવસાનને કારણે તા. ૧૬-૧૨-૧૯૭૪ થી તા. ૨૪-૧૨-૧૯૭૪ના સમય દરમિયાન તેમની ફરજ પર હાજર રહી શકેલા નહીં તે સંજોગોમાં તેમનો રજાઓ નાતાલના વેકેશન સાથે જોડવા અંગેની પરવાનગી માગતા ડૉ. એમ. મિશ્રાનો તા. ૧૮-૨-૧૯૭૫ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગણિતશાસ્ત્રના લેકચરર ડૉ. એમ. મિશ્રાની સદરહુ વિનંતી મંજૂર કરવી નહીં.

૮૮. યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓના પ્રશ્નપત્રોના સેટ છાપવા માટે પ્રકાશકો પાસેથી જરૂરી ફી લઈને પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓનાં પ્રશ્નપત્રોના સેટ છાપવા માટે ખાનગી પ્રકાશકોને પ્રત્યેક વર્ષ દીઠ અને પ્રત્યેક પરીક્ષા દીઠ રૂ. ૫૦/-ની રૉયલ્ટી લઈને પ્રસિદ્ધ કરવા પરવાનગી આપવી.

૮૯. યુનિવર્સિટીના પ્રકાશન વિભાગના ગુજરાતી કાવ્યસંગ્રહની તૈયાર કરેલી હસ્તપ્રતના મુદ્રણ, પ્રકાશન અને વિતરણનાં આવેલ ટેન્ડરો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કાવ્યસંગ્રહના પ્રકાશન માટે જયભારત પ્રકાશન એન્ડ કં., અમદાવાદનું ટેન્ડર મંજૂર કરવું.

૯૦. સાઉથ ઝોન કૉલેજીસ નોન-ટીચિંગ સ્ટાફ એસોસિયેશન, છોટાઉદેપુરના યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓના સંચાલન માટે ત્રીજા અને ચોથા વર્ગના કર્મચારીઓ તથા લેબોરેટરી સ્ટાફના મહેનતાણાના દરોમાં વધારો કરવા માટેના તેઓના મંત્રીશ્રીના તા. ૧૪-૨-૧૯૭૫ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૫-૧૨-૧૯૭૩ની સભામાં બાબત ક્રમાંક ૮૫થી યુનિવર્સિટી પરીક્ષાઓના સ્ટાફના દરો જ્યાં જ્યાં સુધારી શકાય ત્યાં સુધારી આપવાનું મંજૂર કર્યું છે અને સુધારેલા દરોનો અમલ માર્ચ-એપ્રિલ ૧૯૭૪ની પરીક્ષાઓથી કરવાનું ઠરાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ચર્ચાવિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્ય એમ. સી. શાહ
૨. ડૉ. એમ. એન. દેસાઈ
૩. પ્રો. મનુભાઈ પંચોલી.

૯૧. ઑ. ૭ પ્રમાણે યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સ પર સભ્ય તરીકે નિયુક્ત થયેલ શ્રી. ઉદયન ચીનુભાઈ સતત ત્રણ સભામાં ગેરહાજર રહેલા હોવાથી ઑ. ૬૩-સી(૨) પ્રમાણે તેમનું સભ્યપદ બંધ થયું હોઈ તે જગ્યા ભરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—બોર્ડની સભાઓ તા. ૨૩-૮-૧૯૭૪, તા. ૨૧-૧૦-૧૯૭૪ અને તા. ૧૨-૧૨-૧૯૭૪)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડ પર શ્રી. ઉદયન ચીનુભાઈની ખાલી પડેલી જગ્યા પર તા. ૭-૮-૧૯૭૭ સુધીની મુદત માટે શ્રી. રતિલાલ ખુશાલદાસ પટેલને નીમવા.

૯૨. વિજ્ઞાન વિદ્યાભવનના સ્પેઇસ સાયન્સીઝ ઍન્ડ ધેર ઍપ્લિકેશન્સ સેન્ટરના પ્રાધ્યાપક ડૉ. એસ. ડી. વર્માને સ્કૂટર ખરીદવા અંગે રૂ. ૪,૫૦૦ ની લોન આપવા અંગે તેઓની તા. ૩-૩-૧૯૭૫ ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—(૧) સ્કૂટર લોન અંગે એક્ઝિકયુટિવ કાઉન્સિલે નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

"આથી ઠરાવવામાં આવે છે કે જે કાયમી કર્મચારીઓનો મૂળ માસિક પગાર રૂ. ૨૫૦-૦૦ કે તેથી વધુ હોય તેમને મોટર સાઇકલ/સ્કૂટર ખરીદવા લોનને પાત્ર ગણવા.

(૨) ડૉ. વર્મા હાલ અજમાયશી ધોરણે સેવા આપી રહ્યા છે.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. એસ. ડી. વર્માને સ્કૂટર ખરીદી માટે અપવાદ તરીકે રૂ. ૪,૫૦૦/-ની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ મંજૂર કરવી.

૯૩. યુનિવર્સિટી ગ્રંથાલયમાં હેડકલાર્ક તરીકે કામ કરતા શ્રી. એમ. એસ. જોશીને તા. ૬-૫-૧૯૭૫ના રોજ ૬૦ વર્ષ પૂરાં થતાં હોઈ તેમની નિવૃત્તિ વયમર્યાદામાં વધારો કરી આપવા અંગેની તેમની તા. ૧-૩-૧૯૭૫ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સિન્ડિકેટે તેની તા. ૪-૯-૧૯૬૫ની સભામાં નિવૃત્તિ વયમર્યાદા અંગે નીચે મુજબ ઠરાવ્યું છે :

> "આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વહીવટી અને શિક્ષક વર્ગના કર્મચારીઓની નિવૃત્તિ-વયમર્યાદા ૬૦ વર્ષની રાખવી, પણ આ વયમર્યાદા સિન્ડિકેટને યોગ્ય લાગે તે કેસોમાં જરૂરી તબીબી તપાસ કરાવીને પ્રત્યેક વર્ષે એક વર્ષ સુધી એમ ૬૫ વર્ષ સુધી લંબાવી શકાશે. કોઈ પણ કર્મચારીને ૬૫ વર્ષ પૂરાં કર્યા પછી તેને કોઈ પણ સંજોગોમાં યુનિવર્સિટીની સેવામાં રાખી શકાશે નહિ.)

આથી ઠરાવવામાં આવે છે કે હેડકલાર્ક શ્રી. એમ. એસ. જોશીને પોતાની તબીબી તપાસ ડૉ. જે. એન. પટેલ પાસે કરાવવા જણાવવું અને તે તપાસનો અહેવાલ આવ્યેથી યોગ્ય નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને જરૂરી સત્તા આપવી.

૯૪. રૂ. ૨૦૪માં મંજૂર થયેલ સીનિયર પ્રોફેસરનું પગારધોરણ (રૂ. ૧૬૦૦-૧૮૦૦) આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે વધુ વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. પ્રો. સી. એન. વકીલ
૨. પ્રો. એસ. એસ. ભંડારકર
૩. પ્રો. એમ. ઉદગાંવકર.

૯૫. ગુજરાત યુનિવર્સિટી તરફથી અમદાવાદ ખાતે નાતાલની રજાઓમાં યોજનાર "વાચન શિબિર"નું રૂ. ૪,૦૦૦ જેવું અંદાજી ખર્ચ શ્રી. અરવિંદભાઈ નરોત્તમ તરફથી મળેલ રૂ. ૨૫,૦૦૦-૦૦ના પ્રદાનમાંથી ફાળવીને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે વાચનશિબિર માટેનો સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો તથા તે માટે શ્રી. અરવિંદભાઈ નરોત્તમભાઈ તરફથી મળેલ રૂા. ૨૫,૦૦૦/-ના પ્રદાનમાંથી ફાળવીને રૂ. ૪,૦૦૦/- (ચાર હજાર)નો ખર્ચ મંજૂર કરવો.

૯૬. ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘની તા. ૩-૩-૧૯૭૫ના રોજ મળેલ પગલાં સમિતિના ઠરાવો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે કુલપતિશ્રીએ સભાગૃહને જણાવ્યું કે રાજ્ય સરકારના અધિકારીઓ સાથે યુનિવર્સિટીના કર્મચારીઓના પ્રોવિડન્ટ ફન્ડ અને ગ્રેચ્યુઇટીના પ્રશ્નો અંગે વાતચીત હાથ ધરવામાં આવી છે.

તે પછી સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૯૭. કાર્યાલયમાં ઑફિસ સુપરિન્ટેન્ડન્ટ અને તેની સમકક્ષ એવી કુલ ત્રણ જગ્યાઓની ફાળવણી અંગે તા. ૮-૩-૧૯૭૫નો સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયમાં ઑફિસ સુપરિન્ટેન્ડન્ટ અને તેની સમકક્ષ એવી જે ત્રણ જગ્યાઓ ઊભી કરવાનું ઠરાવવામાં આવેલું છે તે ત્રણે જગ્યાઓ ઑફિસ સુપરિન્ટેન્ડન્ટની જગ્યાઓ તરીકે ફાળવવા માટેની સદરહુ સમિતિની તા. ૮-૩-૧૯૭૫ની સભાની ભલામણ મંજૂર કરવી.

૯૮. યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોના તંત્રરચના અંગેના સ્ટેચ્યૂટ ૨૦૨માં સુધારો સૂચવવા એકેડેમિક કાઉન્સિલે નીમેલી સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરીને એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૭/૨૮-૧-૧૯૭૨ની સભામાં કરેલી ભલામણો ઉપર સિન્ડિકેટે તેની તા. ૨૩-૯-૧૯૭૨ની સભામાં કરેલ ઠરાવ અન્વયે ભવનોની સ્વાયત્તતા આપવા અંગે પ્રયોગાત્મક ધોરણે એક વર્ષનો અમલ કરવા ઠરાવ્યું હતું તો તે અંગે જરૂરી વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સર્વગ્રાહી વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

(૧) આચાર્ય એમ. એસ. પંડિત
(૨) આચાર્ય એમ. સી. શાહ
(૩) ડૉ. બિહારીભાઈ કનૈયાલાલ.

૯૯. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) યુનિવર્સિટી કાર્યાલય, ભવનો તથા ગ્રંથાલયના કર્મચારીઓ પૈકી પરીક્ષા નિયામક સુધીના બિનશૈક્ષણિક કર્મચારીઓને, તથા શૈક્ષણિક કક્ષામાં રીડર સુધીના કર્મચારીઓને અનાજ વિ. જીવનજરૂરિયાતની વસ્તુઓ ખરીદવા માટે ૧૦ સરખા હપ્તામાં વસૂલ થાય તે રીતે બે બેઝિક પગાર વધુમાં વધુ રૂ. ૬૦૦ની મર્યાદાને આધીન રકમનું તસલમાત (એડવાન્સ) આપવાનું મંજૂર કર્યાના;

(નોંધ.—આ રકમ રૂ. ૨,૩૫,૯૨૮ની છે.)

(૨) મે ૧૯૭૪માં લેવાયેલ ફાઈનલ એમ.બી.બી.એસ. પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થી કુ. જ્યોતિ સી. સરૈયાને કેન્યામાં આવેલ નૈરોબીની એચ. એચ. ધી આગાખાન પ્લેટિનમ જ્યુબિલી હૉસ્પિટલમાં ફરજિયાત રોટેટિંગ હાઉસમેનશિપ (ઇન્ટર્નશિપ) કરવાની મંજૂરી આપ્યાના;

(૩) મે-જૂન ૧૯૭૪માં લેવાયેલ ફાઈનલ એમ.બી.બી.એસ. પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થી શ્રી. પ્રદ્યુમ્ન એન. પટેલને વેસ્ટ ઈન્ડીઝમાં આવેલ ટ્રિનિદાદ ટોબેગોની પોર્ટ ઑફ સ્પેન જનરલ હૉસ્પિટલમાં ૬ માસની ફરજિયાત હાઉસમેનશિપ (ઈન્ટર્નશિપ) કરવાની મંજૂરી આપ્યાના;

(૪) ઇન્ડિયન કાઉન્સિલ ઑફ સોશિયલ સાયન્સ રિસર્ચની આર્થિક સહાયથી આ યુનિવર્સિટીના સમાજવિદ્યાઓના વિષય પર સ્વીકારાયેલ મહાનિબંધોના ટૂંકસારને પુસ્તકરૂપે પ્રકાશિત કરવા નીચેના સભ્યોની સંપાદક સમિતિની નિમણૂક કર્યાના :

(૧) પ્રો. ડી. એન. પાઠક
(૨) પ્રો. કે. આર. ચંદ્રશેખરન
(૩) ડૉ. કે. જી. દેસાઈ
(૪) ડૉ. એચ. જી. શાસ્ત્રી;

(૫) કૉમ્પ્યુટર સેન્ટરમાં પરીક્ષાઓના કામ અંગે જરૂરી ગોઠવણ કરવા દરમ્યાન જરૂર પડયે ત્યાંના સભ્યોને ઓવરટાઈમ બોલાવવા તેમ જ મંજૂર કરવાની સત્તા કૉમ્પ્યુટર સિસ્ટમ્સ સુપરિન્ટેન્ડન્ટને આપ્યાના;

(૬) જાપાનથી આવેલા વિદ્યાર્થીઓ સાથે કાર્યાલય નિયામક શ્રી. કે. આર. જોષીએ મુંબઈથી અમદાવાદ કરેલ હવાઈપ્રવાસને અપવાદ તરીકે મંજૂર કર્યાના.

(૭) એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૫-૧૦-૧૯૭૪ની સભામાં બાબત ક્રમાંક ૭૨માં પરિશિષ્ટ 'ટ'માં ક્રમાંક ૫ અને ૬માં ભૂલથી જે વિભાગોનાં નામ દર્શાવ્યાં છે તેને બદલે નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધાર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

(v) Computer Centre
(vi) Institute of English and Foreign Languages;

(૮) મનોવિજ્ઞાન વિદ્યાભવનના લેક્ચરર-ઈન-સાયકોલોજી શ્રી. એન. એમ. પરીખને તેઓ ઈડર મુકામે સ્થાનિક તપાસસમિતિના સભ્ય તરીકે આચાર્ય એમ. સી. દેસાઈની મોટરગાડીમાં ગયેલ હોઈ તેમ જ લક્ઝરી બસભાડાને બદલે અમદાવાદથી ઈડરનું જતાં-આવતાંનું પ્રથમ વર્ગનું રેલવે ભાડું મંજૂર કર્યાના;

(૯) ગુજરાત યુનિવર્સિટીનું સને ૧૯૭૪-૭૫ના વર્ષનું અંદાજપત્ર તથા સને ૧૯૭૩-૭૪ના વર્ષનું પુનર્નિર્મિત અંદાજપત્ર ઉપરની વિચારણા તા. ૨૯/૩૦-૩-૧૯૭૫ની વાર્ષિક સભામાં પૂરી થઈ શકી નહીં અને નવું નાણાંકીય વર્ષ તા. ૧-૪-૧૯૭૪થી શરૂ થતું હોઈ એક્ઝિકયુટિવ કાઉન્સિલે મંજૂર કરેલાં સદરહુ અંદાજપત્રોની નોંધ લીધાના;

(૧૦) યુનિવર્સિટીમાં ઓછામાં ઓછાં ત્રણ વર્ષથી હંગામી ધોરણે સતત સેવા પર ચાલુ હોય અને જેઓની મુદ્દત તા. ૩૧-૧૨-૧૯૭૫ સુધીમાં પૂરી થતી ન હોય તેવા કર્મચારીઓને પાંચ સરખા હપતામાં વસૂલ થાય તે રીતે એક મૂળ માસિક પગાર અથવા વધુમાં વધુ રૂ. ૩૦૦ની રકમ અનાજ વગેરે ખરીદવા માટે એડવાન્સ તરીકે આપ્યાના.

(૧૨) યુનિવર્સિટી મુદ્રણાલયના કાયમી કર્મચારીઓને પ્રતિવર્ષની માફક ૧૦ સરખા હપતામાં વસૂલ થાય તે રીતે બે મૂળ માસિક પગાર અથવા રૂ. ૬૦૦ બેમાંથી જે ઓછી હોય તે રકમ અનાજ વિ. ખરીદવા અંગે એડવાન્સ તરીકે આપ્યાના;

(૧૨) ગુજરાત યુનિવર્સિટી બોર્ડ ફોર સ્ટુડન્ટ્સ વેલ્ફેરની સભામાં ઠરાવ્યા મુજબ માઉન્ટ આબુ ખાતે ચાલુ વર્ષે ૫૦ વિદ્યાર્થીઓની એક ટુકડીના ૧૦ દિવસનો એક બે વિદ્યાર્થીઓ અને એક વિદ્યાર્થિનીઓ માટે એક કુલ ત્રણ પર્વતારોહણ શિબિરોના આ સાથે જોડેલ પરિશિષ્ટ મુજબ રૂ. ૨૦,૫૦૦ અંદાજી ખર્ચને મંજૂર કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૧૦૦. ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદનું નામ તેના સંચાલક મંડળના ઠરાવ મુજબ બદલીને હવે "માણેકલાલ નાણાવટી લૉ કૉલેજ, અમદાવાદ" રાખવા માટે સદરહુ કૉલેજના આચાર્યની તા. ૭-૩-૧૯૭૫ની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદનું નામાભિધાન હવે "માણેકલાલ નાણાવટી લૉ કૉલેજ, અમદાવાદ" રાખવા માટે અનુમતિ આપવી.

૧૦૧. સિટી લૉ કૉલેજ, અમદાવાદનું નામ તેના સંચાલક મંડળના ઠરાવ મુજબ બદલીને હવે "આઈ. એમ. નાણાવટી લૉ કૉલેજ, અમદાવાદ" રાખવા માટે સદરહુ કૉલેજના આચાર્યની તા. ૮-૩-૧૯૭૫ની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સિટી લૉ કૉલેજ, અમદાવાદનું નામાભિધાન હવે "આઈ. એમ. નાણાવટી લૉ કૉલેજ, અમદાવાદ" રાખવા માટે અનુમતિ આપવી.

૧૦૨. સને ૧૯૭૧-૭૨ના વર્ષના જનરલ હિસાબો અંગે એકઝામિનર, લોકલ ફંડ એકાઉન્ટ્સ, ગુજરાત રાજ્ય, અમદાવાદ તરફથી આવેલ ઑડિટ નોંધના જવાબો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઑડિટ નોંધ પર વિચારણા કરીને પોતાની ભલામણો રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્ય દર્શનસિંધ શીખ
૨. પ્રો. મનુભાઈ પંચોલી.

૧૦૩. પોલિમર સાયન્સનું અનુસ્નાતક વિદ્યાભવન સ્થાપવા માટે શ્રી. ધર્મસિંહ ડી. દેસાઈ તરફથી મળેલ પ્રદાનનો સ્વીકાર એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૨-૧૧-૧૯૭૪ની સભામાં બાબત નં. ૧૦૭થી કરવામાં આવેલા ઠરાવના સંદર્ભમાં જરૂરી કરાર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે કરારનામાનો મુસદ્દો મંજૂર કરવા તથા તે પર સહી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

(સદરહુ કરારનામાનો મુસદ્દો **પરિશિષ્ટ "ઠ"** તરીકે સામેલ છે.)

૧૦૪. રણછોડદાસ લોટવાલા ફાઉન્ડેશન તરફથી સરદાર વલ્લભભાઈ વાચનકેન્દ્ર માટે મળેલ રૂ. ૧૦,૦૦૦/-ના પ્રદાનનો સ્વીકાર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો શરત મુજબ સાભાર સ્વીકાર કરવો.

૧૦૫. યુનિવર્સિટીના પ્રાંગણમાં શહીદ સ્મારક રચવા અંગે નીમવામાં આવેલી સમિતિની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સેનેટ હૉલના સામેના રોડની ઉત્તર તરફ આવેલા અને પોસ્ટ ઑફિસ, સમાજવિદ્યા ભવન તથા મનોવિજ્ઞાન ભવનનાં મકાનોના સંકુલની વચ્ચે ઓવલ (oval) આકારના બગીચામાં સ્થપતિ શ્રી. હસમુખ સી. પટેલ પાસેથી પ્લાન મેળવીને તે અનુસાર શહીદોના પ્રતીક સ્મારક માટેની કોઈ યોગ્ય જગ્યા નક્કી કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે તા. ૧૫-૩-'૭૫ પહેલાં આ પ્રતીક સ્મારકનું ખાતમુહૂર્ત થાય તે માટે ઘટતાં પગલાં લેવા ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્મારક રચવા જરૂરી ભંડોળ એકઠું કરવા માટે વિદ્યાર્થીઓના પ્રતિનિધિઓએ સ્વીકારેલું છે તેની સાભાર નોંધ લેવી અને તે ભંડોળ એકઠું થયેથી શહીદ-સ્મારક રચવા અંગેની આગળની કાર્યવાહી હાથ ધરવાનું રાખવું.

૧૦૬. જ્ઞાનકોશનાં કામકાજ તથા તેના રોજબરોજના વહીવટી પ્રશ્નો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા.૧૫-૧૨-૧૯૭૩ની સભામાં બાબત નં ૪૬ હેઠળ નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૧૦૭. સંલગ્ન કોલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકોને તેમના પ્રોવિડન્ટ ફન્ડ ખાતેથી મકાનના બાંધકામ માટે લોન આપવા અંગે જરૂરી ધારાધોરણ ઘડવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સભાગૃહમાં થયેલી ચર્ચાવિચારણાને અનુલક્ષીને જરૂરી પ્રસ્તાવ રજૂ કરવા માટે કાર્યાલયને જણાવવું.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એકિઝ. કાઉ./૦૮૮૭/૧૯૭૫
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦૦૦૯.
એપ્રિલ ૮, ૧૯૭૫.

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ " ક "
ક્રમકાજ ક્રમાંક ૭

તા. ૩૧--૩--૧૯૭૪ના રોજ પૂરા થતા વર્ષ દરમિયાન અંદાજી ખર્ચ કરતાં વધુ ખર્ચ થયો હોય તે ખાતાંઓની યાદી અને તેના ખુલાસાઓ—વર્ષ ૧૯૭૩--૭૪

(તા. ૧--૩--૧૯૭૩થી તા. ૩૧--૩--૧૯૭૪)

નં.	ખાતાનું નામ	૧. કુલ ખર્ચ ૨. અંદાજી ખર્ચ ૩. અંદાજી ખર્ચ કરતાં કરેલો વધુ ખર્ચ	વિગત (ખુલાસા)
૧	૨	૩	૪
		રૂ. પૈસા	
૧.	પરીક્ષા ખર્ચ--પરીક્ષાની ઉત્તરવહીઓ	૨,૯૯,૪૧૮--૪૫	કાગળની અછત તથા ભાવમાં નોંધપાત્ર
		૨,૨૫,૦૦૦--૦૦	વધારો થયો હોવાથી ખર્ચ વધેલ છે.
		૭૪,૪૧૮--૪૫	
૨.	કાર્યાલય—લેખનસામગ્રી ખર્ચ	૪૮,૩૬૩--૭૭	સ્ટેશનરીના ભાવમાં થયેલા વધારાને
		૪૫,૦૦૦--૦૦	કારણે ખર્ચ વધેલ છે.
		૩,૩૬૩--૭૭	
૩.	ડી.પી.ઈ.—પ્રો. ફંડફાળો	૪,૭૫૫--૩૨	નિયમ પ્રમાણે પ્રોવિડંટ ફંડફાળો આપવાનો
		૪,૭૦૦--૦૦	થતો હોવાથી ખર્ચ વધ્યો છે.
		૫૫--૩૨	
૪.	યુવક કલ્યાણ પ્રવૃત્તિ ખર્ચ—	૭૫૬--૦૦	૧૯૭૩--૭૪ના મૂળ અંદાજ પ્રમાણે
	ભારત--ગુજરાત સરકારની યુવક મહોત્સવ	—	રૂ. ૧,૦૦૦--૦૦ની જોગવાઈ કરવામાં
	સ્પર્ધામાં ભાગ લેવા અંગેનો ખર્ચ	૭૫૬--૦૦	આવેલ પરંતુ પુનર્નિર્મિત અંદાજમાં જોગવાઈ કરવાનું રહી ગયેલ. એકંદર ખર્ચ મૂળ અંદાજના રૂ. ૧,૦૦૦--૦૦ની મર્યાદામાં છે.
૫.	રાષ્ટ્રીય સેવા યોજના—પ્રોજેક્ટ	૧,૯૩,૯૪૮--૦૨	આ ખર્ચ ગ્રાન્ટમાંથી કરવાનો છે.
	અંગેનો ખર્ચ	૧,૮૬,૦૦૦--૦૦	
		૭,૯૪૮--૦૨	

૧	૨	૩	૪
૬.	આરોગ્ય કેન્દ્ર–કન્ટિન્જન્સી ખર્ચ	૬,૫૬૬--૪૧ ૬,૦૦૦--૦૦ ૧૬૬--૪૧	આરોગ્ય કેન્દ્રની જરૂરિયાત પ્રમાણે ખર્ચ કરવાથી ખર્ચનો વધારો થવા પામ્યો છે.
૭.	કાનૂની ખર્ચ	૬૬,૭૦૧--૧૫ ૩૦,૦૦૦--૦૦ ૩૬,૭૦૧--૧૫	એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૩--૨--૧૯૭૪ની સભામાં ઠરાવ નં. ૫૩થી આ ખર્ચ ખાતે રૂ. ૧,૦૦,૦૦૦-ની જોગવાઈ કરેલી છે.
૮.	કાર્યાલય—મરામત અને ખાસ ફેરફારો	૧,૬૧,૯૬૨--૧૬ ૧,૦૦,૦૦૦ -૦૦ ૬૧,૯૬૨--૧૬	બત્તી, રસ્તા વગેરે અંગે થયેલા વધારાના ખર્ચને લીધે ખર્ચ વધવા પામ્યું છે.
૯.	છાત્રાલય—ગ્રેચ્યુઈટી ફંડફાળો	૧,૨૬૪- ૪૩ ૧,૨૦૦--૦૦ ૬૪--૪૩	નિયમ પ્રમાણે ગ્રેચ્યુઈટી ફંડફાળો આપવાનો થતાં ખર્ચ વધેલ છે.
૧૦.	મુદ્રણાલય—અધિક સમય તથા બીજાં ભથ્થા	૫૦,૩૩૬- ૯૬ ૫૦,૦૦૦--૦૦ ૩૩૬--૯૬	નિયમ પ્રમાણે ચુકવણી કરતાં ખર્ચ વધવા પામ્યો છે. ખર્ચનો વધારો નજીવો છે.
૧૧.	મુદ્રણાલય—જાહેરખબર ખર્ચ	૧,૧૮૫--૮૦ ૧,૦૦૦--૦૦ ૧૮૫--૮૦	એપ્રેન્ટિસ ઍક્ટ હેઠળ એપ્રેન્ટિસની ભરતી કરવાની હોઈ તે અંગે જા. ખ. આપવી પડી તેથી આ મથાળે ખર્ચ વધવા પામ્યો છે.
૧૨.	મુદ્રણાલય—વીજળીવિષયક ખર્ચ	૯,૫૧૦--૦૫ ૮,૦૦૦--૦૦ ૧,૫૧૦--૦૫	વીજળીના દરમાં થયેલ વધારાને લીધે આ મથાળે ખર્ચ વધવા પામ્યો છે.
૧૩.	ગ્રંથાલય—પગારખર્ચ	૧,૨૩,૬૫૦--૯૪ ૧,૨૨,૦૦૦--૦૦ ૧,૬૫૦--૯૪	માન્ય પગારધોરણ પ્રમાણે પગાર ચૂકવતાં આ મથાળે થોડો ખર્ચ વધવા પામ્યો છે.
૧૪.	ગ્રંથાલય—મોંઘવારી તથા બીજાં ભથ્થાં	૭૦,૯૭૮--૮૬ ૭૦,૦૦૦--૦૦ ૯૭૮--૮૬	નિયમ પ્રમાણે મોંઘવારી તથા અન્ય ભથ્થાં ચૂકવતાં આ મથાળે ખર્ચ વધવા પામ્યો છે.

૧	૨	૩	૪
૧૫.	ગ્રંથાલય—હંગામી નિમણૂકો	૨૭,૬૦૨--૯૬ ૨૫,૦૦૦--૦૦ ૨,૬૦૨--૯૬	જરૂરિયાત પ્રમાણે હંગામી નિમણૂકો કરતાં આ મથાળે ખર્ચ વધવા પામ્યો છે.
૧૬.	ગ્રંથાલય—ગણવેશ	૧,૦૩૦--૦૦ ૧,૦૦૦--૦૦ ૩૦--૦૦	ખર્ચનો વધારો નજીવો છે.
૧૭.	ગ્રંથાલય—વીજળીવિષયક ખર્ચ	૯,૧૩૧--૯૦ ૭,૫૦૦--૦૦ ૧,૬૩૧--૯૦	વીજળીના દરમાં થયેલ વધારાને લીધે આ મથાળે ખર્ચ વધવા પામ્યો છે.
૧૮.	ગ્રંથાલય—પ્રોવિડંટ ફંડફાળો	૧૦,૯૮૯--૭૬ ૧૦,૫૦૦--૦૦ ૪૮૯--૭૬	નિયમ પ્રમાણે પ્રોવિડંટ ફંડફાળો આપવાનો થતો હોઈ આ મથાળે ખર્ચ વધ્યો છે.
૧૯.	સમાજવિદ્યા ભવન—જાહેરખબર ખર્ચ	૬,૧૦૨--૦૭ ૬,૦૦૦--૦૦ ૧૦૨--૦૭	ખર્ચનો વધારો નજીવો છે.
૨૦.	સમાજવિદ્યા ભવન—ઇન્ટરનેશનલ સ્ટડી પ્રોગ્રામ ખર્ચ	૮૦૦--૦૦ — ૮૦૦--૦૦	આ ખર્ચ આ પ્રોગ્રામ અંગેના ફંડ્ ઝમાંથી થયેલ છે અને તેટલી જ રકમ આવક તરીકે ભવનના હિસાબમાં જમા આવી છે.
૨૧.	મનોવિજ્ઞાન વિદ્યાભવન—કન્ટિન્જન્ટ ખર્ચ	૨,૩૮૩--૧૩ ૨,૦૦૦--૦૦ ૩૮૩--૧૩	મનોવિજ્ઞાન વિદ્યાભવનના નવા મકાન માટે રૂ. ૪૮૦--૦૦નાં તાળાં તથા નેઈમ પ્લેટ્સ બનાવેલ તેથી ખર્ચ વધવા પામ્યો છે.
૨૨.	મનોવિજ્ઞાન વિદ્યાભવન—ગ્રેચ્યુઈટી ફંડફાળો	૮,૩૧૦--૨૫ ૭,૫૦૦--૦૦ ૮૧૦--૨૫	નિયમ પ્રમાણે ગ્રેચ્યુઈટી ફંડફાળો આપવાનો થતાં આ મથાળે ખર્ચ વધ્યો છે.
૨૩.	વિજ્ઞાન વિદ્યાભવન—ફર્નિચર મરામત ખર્ચ	૩,૨૦૧--૭૭ ૩,૦૦૦--૦૦ ૨૦૧--૭૭	ટાઈપરાઈટર વધુ વખત (એક કરતાં) રિપેર કરાવવાથી આમથાળે ખર્ચ વધ્યો છે.

૧	૨	૩	૪
૨૪.	વિજ્ઞાન વિદ્યાભવન—વીજળી વિષયક ખર્ચ	૪૧,૫૦૦--૦૦ ૩૫,૦૦૦--૦૦ ૬,૫૦૦--૦૦	વીજળીના દરમાં વધારો થતાં આ મથાળે ખર્ચ વધવા પામ્યો છે.
૨૫.	કૉમ્પ્યુટર સેન્ટર—યંત્રસામગ્રીનું ભાડું તથા મરામત તથા જાળવણી ખર્ચ	૧,૦૬,૦૮૩--૧૪ ૧,૦૬,૦૦૦--૦૦ ૮૩--૧૪	ખર્ચનો વધારો નજીવો છે.
૨૬.	કૉમ્પ્યુટર સેન્ટર—સાધનસામગ્રી ખર્ચ	૨,૦૧,૯૧૭--૧૨ ૨,૦૦,૦૦૦--૦૦ ૧,૯૧૭--૧૨	આ ખર્ચ સામે રૂ. ૨,૦૦,૦૦૦ની ગ્રાન્ટ મંજૂર થયેલી છે.
૨૭.	કૉમ્પ્યુટર સેન્ટર—ફર્નિચર ખર્ચ	૧૭,૧૬૪--૦૦ ૧૦,૦૦૦--૦૦ ૭,૧૬૪--૦૦	આ ખર્ચ ગ્રાન્ટને પાત્ર છે.

પરિશિષ્ટ "ખ"

કામકાજ ક્રમાંક ૮

Dearness Allowance—
Increase in rates of—

GOVERNMENT OF GUJARAT

FINANCE DEPARTMENT

Resolution No. VLB-1175/160/J

Sachivalaya, Gandhinagar, Dated the 17th February, 1975.

Read.— 1. G.R.F.D. No. PPA 1269/5-P, dated 12th August, 1969.
2. G.R.F.D. No. VLB 1270/J, Dated 29th April, 1969.
3. G.R.F.D. No. VLB 1171/748-J, dated 2nd March, 1971.
4. G.R.F.D. No. VLB 1172/4739-J, dated 7th February, 1972.
5. G.R.F.D. No. VLB 1172/7890-J, dated 10th November, 1972.
6. G.R.F.D. No. VLB 1173/2477-J, dated 21st June, 1973.
7. G.R.F.D. No. VLB 1173/393-J, dated 24th January, 1974.
8. G.R.F.D. No. VLB 1173/978-J, dated 29th March, 1974.
9. G.R.F.D. No. VLB 1173/D-90-J, dated 15th April, 1974.
10. G.R.F.D. No. VLB 1173/181-J, dated 7th June, 1974.
11. G.R.F.D. No. VLB 1173/2412-J, dated 9th September, 1974.

RESOLUTION

Government is pleased to sanction the increases in the rates of Dearness Allowance as indicated below :

(A) *Government servants drawing pay in the pay-scales sanctioned under the Gujarat Civil Services Pay Rules*, 1969 :

Pay Range *Rs.*	*Amount of increase in the rates of Dearness Allowance from* 1-6-1974 *Rs. per month*	*Amount of increase in the rates of Dearness Allowance from* 1-8-1974 *Rs. per month*	*Amount of increase in the rates of Dearness Allowance from* 1-9-1974 *Rs. per month*
Up to 209	7	7	7
210- 399	8	8	8
400-1250	10	10	10
1251-2250	..	..	25
2251-2299	..	..	25
2300-2324	..	..	Amount by which pay falls short of Rs. 2325.

(B) *Government Servants drawing pay in the (D:A. merged) Pay-scales prescribed in the Gujarat Services (Revision of Pay) Rules,* 1961 :

Pay Range Rs.	*Amount of increase in the rates of Dearness Allowance from* 1-6-1974 *Rs. per month*	*Amount of increase in the rates of Dearness Allowance from* 1-8-1974 *Rs. per month*	*Amount of increase in the rates of Dearness Allowance from* 1-9-1974 *Rs. per month.*
Upto 153	7	7	7
154-331	8	8	8
332-1150	10	10	10
1151-2150	..	..	25
2151-2199	..	..	25
2200-2224	..	..	Amount by which pay falls short of Rs. 2225.

(C) *Government servants drawing pay in the pay-scales which were in force prior to the 1st October,* 1961 :

Pay Range Rs.	*Amount of increase in the rates of Dearness Allowance from* 1-6-1974 *Rs. per month*	*Amount of increase in the rates of Dearness Allowance from* 1-8-1974 *Rs. per month*	*Amount of increase in the rates of Dearness Allowance from* 1-9-1974 *Rs. per month*
Upto 113	7	7	7
114-261	8	8	8
262-1150	10	10	10
1151-2150	..	..	25
2151-2199	..	..	25
2200-2224	..	..	Amount by which pay falls short of Rs. 2225

2. Government is also please to direct that the attendants who are on consolidated pay of Rs. 175/- p.m. would also get the benefit of enhanced dearness allowance. Accordingly, their pay should be Rs. 182/- p.m. with effect from 1st June, 1974, Rs. 189/- from 1st August, 1974 and Rs. 196/- from 1st September, 1974.

3. The provisions of the Additional Emoluments (Compulsory Deposit) Act, 1974 are applicable to the dearness allowance sanctioned under these orders. Accordingly 50% of the additional dearness allowance payable under these orders shall be credited to the Compulsory Deposit in accordance with the aforesaid provisions.

4. The balance of the increased dearness allowance payable under these orders should be dealt with as follows :

(*a*) *In respect of the period ending* 31*st December*, 1974.—The amount will not be paid in cash but will be credited to the Provident Fund Account of the Government servant. Where the Government servant concerned is not eligible to subscribe to any Provident Fund, the drawal of the dearness allowance shall be deferred till the Government servant becomes eligible to subscribe to a Provident Fund and a Provident Fund Account is opened for him, and should be credited only when the account is opened.

(*b*) *In respect of the period commencing from* 1*st January*, 1975. Payment will be made in cash.

5. Government is further pleased to direct that the benefit of the aforesaid orders should also be extended to the Panchayat Employees, Primary Teachers and persons deputed or transferred to Panchayat and to the employees borne on work-charged establishment. Similarly, the additional expenditure on account of increase in dearness allowance granted by Panchayats, Local Bodies, Municipalities to their employees and by non-Government Secondary Schools to their teachers as also by other grant-in-aid institutions to their employees from the dates these increases have been sanctioned or any subsequent date should be treated as expenditure admissible in calculation of

grant-in-aid subject to the conditions that the quantum of increase sanctioned does not exceed the increase granted to the State Government servants under para 1 of these orders and that the dearness allowance of the employees of such institutions as revised does not exceed the Dearness Allowance of Government servants in corresponding pay ranges.

By order and in the name of the Governor of Gujarat,

M. K. PATHAN,

Deputy Secretary to the Government of Gujarat,

Finance Department.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૨૨

હરિ ॐ આશ્રમના પૂજ્ય મોટા તરફથી મળેલા સંશોધન એવોર્ડોની બાબતમાં ધોરણો અંગેના નિયમો ઘડવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સમિતિની એક સભા ગુરુવાર, તા. ૧૩--૨--૧૯૭૫ના રોજ બપોરના ૧૨--૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં કુલપતિ શ્રી ઈશ્વરભાઈ પટેલના પ્રમુખસ્થાને મળી હતી. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. ઈશ્વરભાઈ પટેલ, કુલપતિશ્રી	હાજર
૨. ડૉ. જે. જે. ચિનોય	હાજર
૩. ડૉ. પી. સી. મહેતા	ગેરહાજર
૪. ડૉ. આર. સી. સોનપાલ	ગેરહાજર
૫. ડૉ. જે. એન. પટેલ	ગેરહાજર

૧. તા. ૧૦--૭--૧૯૭૪ના રોજ મળેલ સમિતિની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૧૦--૭--૧૯૭૪ના રોજ મળેલ ઉપરોકત સમિતિની સભાની નોંધને મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. બધા સંશોધન એવોર્ડો માટે મૂલ્યાંકનનું કયું ધોરણ રાખવું તે અંગે ડૉ. પી. સી. મહેતા તરફથી તૈયાર કરવામાં આવેલ નોંધ અંગે વિચારણા કરવા બાબત.

સંશોધન એવોર્ડ અંગેના મૂલ્યાંકનના ધોરણ અંગેની ડૉ. પી. સી. મહેતાની નોંધ મંજૂર કરવામાં આવી.

૩. ૧૯૭૫ના વર્ષ માટે નીચે જણાવેલ સંશોધન એવોર્ડો એનાયત કરવા માટે સંશોધનપત્રો મંગાવવા અંગેની છેલ્લી તારીખ નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત :

(૧) એન્જિનિયરિંગ અને ટેકનિકલ વિષયોમાં પાયાનું સંશોધન કરનારને ઉત્તેજન આપવા માટે "હરિ ॐ આશ્રમ પ્રેરિત શ્રી. કે. એમ. કાંટાવાળા સંશોધન એવોર્ડ".

(૨) ભૌતિકવિજ્ઞાનના ક્ષેત્રમાં પાયાનું સંશોધન કરનારને ઉત્તેજન આપવા માટે "હરિ ॐ આશ્રમ પ્રેરિત શ્રી. ગોકુલદાસ બામ્ભડોઈ ભૌતિકવિજ્ઞાન સંશોધન એવોર્ડ".

(૩) તબીબીવિજ્ઞાન ક્ષેત્રમાં "ટ્રોપિકલ ડીસીઝ એન્ડ ધેર રેમેડીઝ" અંગે પાયાનું સંશોધન કરનારને ઉત્તેજન આપવા માટે "હરિ ॐ આશ્રમ પ્રેરિત એલેમ્બિક સંશોધન એવોર્ડ".

(૪) પ્રાણીવિજ્ઞાનના ક્ષેત્રમાં પાયાનું સંશોધન કરનારને ઉત્તેજન આપવા માટે "હરિ ॐ આશ્રમ પ્રેરિત શ્રી. જયકૃષ્ણ ઇન્દ્રજિત સંશોધન એવોર્ડ".

(૫) વનસ્પતિવિજ્ઞાનના ક્ષેત્રમાં પાયાનું સંશોધન કરનારને ઉત્તેજન આપવા માટે "હરિ ॐ આશ્રમ પ્રેરિત શ્રી. જયકૃષ્ણ ઇન્દ્રજિત સંશોધન એવોર્ડ".

૧૯૭૫ના વર્ષ માટે ઉપર જણાવેલ સંશોધન એવોર્ડો માટેના સંશોધનપત્રો મંગાવવાની છેલ્લી તારીખ ૩૦મી જૂન ૧૯૭૫ રાખવી.

આ એવોર્ડો માટેનું એક આવેદનપત્ર ડૉ. જે. જે. ચિનોય તૈયાર કરી મોકલશે તે મુજબ આગળની કાર્યવાહી કરવાની રાખવી.

૪. ગુજરાતીના વિષયમાં ઉત્તેજન આપવા માટે "હરિ ૐ આશ્રમ પ્રેરિત કવિ નાનાલાલ દલપતરામ ગુજરાતી પ્રતિભા શોધ પારિતોષિક" અંગે ટ્રસ્ટી તરફથી આવેલ ઠરાવના સંદર્ભમાં નિયમો ઘડવા અંગે વિચારણા કરવા બાબત.

ઉપરોક્ત "ગુજરાતી પ્રતિભા શોધ પારિતોષિક" માટેના નિયમો પ્રોફેસર અનંતરાય એમ. રાવળ તૈયાર કરી આપે તેવી વિનંતી કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભો. કે. શાહ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ધ"
કામકાજ ક્રમાંક ૨૪

બાંધકામ સમિતિની એક સભા તા. ૨૫--૨--૧૯૭૫ ને મંગળવારના રોજ બપોરના ૩--૦૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. નવનીતલાલ સા. શેાધન	ગેરહાજર
૩. શ્રી. કિશોરચંદ્ર સંઘાણી	હાજર
૪. શ્રી. એમ. સી. શાહ	ગેરહાજર
૫. ડૉ. આર. સી. સોનપાલ	હાજર
૬. શ્રી. આર. જી. ભાટિયા	હાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૨૭--૧--૧૯૭૫ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૨૭--૧--૧૯૭૫ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તેના પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયાના બાંધકામ માટે સ્થપતિ તરફથી આવેલ રિવાઈઝ્ડ પ્લાન તથા એસ્ટિમેટ અંગે વિચારણા કરવા બાબત.

આ અંગેના પ્લાન એસ્ટિમેટ અગાઉની બાંધકામ સમિતિમાં મંજૂર કરવામાં આવેલા છે.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર સ્ટેટ બેન્ક ઑફ ઈન્ડિયાના બાંધકામ માટે સ્થપતિ તરફથી આવેલ ભવિષ્યમાં પડેલો માળ બાંધી શકાય તે અંગેની જોગવાઈ સાથેના રિવાઈઝ્ડ પ્લાન તથા રૂ. ૩,૬૧,૦૦૦ નો અંદાજ મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ મકાન અંગેની લોન બેન્ક પાસેથી લેવી તથા તે અંગેની શરતો આ સાથેની **યાદી "અ"** પ્રમાણે નક્કી કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩. યુનિવર્સિટીના ફિઝિક્સ ડિપાર્ટમેન્ટ માટે બે પ્લેટફોર્મ બનાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ફિઝિક્સ ડિપાર્ટમેન્ટ માટે બે પ્લેટફોર્મ બનાવવા માટે રૂ. ૭,૦૦૦ નું અંદાજી ખર્ચ મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪. યુનિવર્સિટીના ફિઝિક્સ વિભાગમાં લેબોરેટરીની બહારની દીવાલ પર રોલિંગ શટર્સ વગેરે ડિપાર્ટમેન્ટની જરૂરિયાત મુજબ કામ કરાવી લેવા સારુ કુલપતિશ્રીએ રૂ. ૨,૭૫૬ નું ખર્ચ મંજૂર કર્યું તે કાર્યની નોંધ લેવા બાબત.

યુનિવર્સિટીના ફિઝિક્સ વિભાગમાં લેબોરેટરીની બહારની દીવાલ પર રોલિંગ શટર્સ વગેરે ડિપાર્ટમેન્ટની જરૂરિયાત મુજબ કામ કરાવી લેવા સારુ રૂ. ૨,૭૫૬--૦૦નું ખર્ચ મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૫. યુનિવર્સિટીની હૉસ્ટેલ 'સી'—'ડી'ના રસોડામાં પાર્ટિશનના કામ અંગે કુલપતિશ્રીએ રૂ. ૧,૫૦૦ નું ખર્ચ મંજૂર કર્યું તે કાર્યની નોંધ લેવા બાબત.

યુનિવર્સિટી હૉસ્ટેલ 'સી'—'ડી'ના રસોડામાં પાર્ટિશનના કામ અંગે રૂ. ૧,૫૦૦ નું ખર્ચ મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૬. યુનિવર્સિટી કૅમ્પસમાં નિભાવના પરચૂરણ કામકાજ માટેનાં આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કૅમ્પસમાં નિભાવના પરચૂરણ કામકાજ માટેનાં આવેલાં ટેન્ડરો પૈકી સમગ્ર રીતે વિચારણા કર્યા બાદ ઠરાવવામાં આવ્યું કે રૂ. ૨,૫૦૦ સુધીનાં સિવિલ વર્કનાં નાનાં (Additions and alterations) કામો સી. આર. કૉન્ટ્રાક્ટર તથા વૉટર સપ્લાય સેનેટરીનાં કામો મે. હેતલ કૉર્પોરેશન પાસે આ સાથેની **યાદી "બ"** પ્રમાણેના ભાવથી કરાવી લેવા સારુ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આવાં કામો માટે કુલપતિશ્રીની વહીવટી મંજૂરી મેળવ્યા પછી જ કામ કરાવવું.

૭. યુનિવર્સિટીના કૉમ્પ્યુટર સેન્ટરના બાંધકામમાં નીચેની આઈટમના જથ્થામાં વધારો થાય છે, પરંતુ કુલ ખર્ચમાં વધારો થતો નથી. આથી આ અંગે વિચારણા કરવા બાબત :

ટેન્ડર આઈટમ નંબર	આઈટમ	ટેન્ડર પ્રમાણે જથ્થો	થયેલ કામ પ્રમાણે જથ્થો	વધવા પામેલ ખર્ચ રૂપિયા
શિડ્યુલ "બી"—૩	માઈલ્ડ સ્ટીલ	૧૦ મે. ટન @ ૨૨૫૦ ટન ૨૨,૫૦૦	૧૫ મે. ટન @ ૨૨૫૦ ૩૩,૭૫૦	૧૧,૨૫૦

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કૉમ્પ્યુટર સેન્ટરના બાંધકામમાં નીચે પ્રમાણેની આઈટમના જથ્થામાં વધારો થાય છે તે મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

ટેન્ડર આઈટમ નંબર	આઈટમ	ટેન્ડર પ્રમાણે જથ્થો	બાંધકામ પ્રમાણે જથ્થો	વધવા પામેલ ખર્ચ રૂપિયા
શિડ્યલ "બી"—૩	માઈલ્ડ સ્ટીલ	૧૦ મે. ટન @ ૨૨૫૦ ૨૨,૫૦૦	૧૧ મે. ટન @ ૨૨૫૦ ૩૩,૭૫૦	૧૧,૨૫૦
શિડ્યુલ "એ"—૧૧	ટાઈલ્સ ફ્લોરિંગ	૩૮૦ એસ.એમ.ટી. @ ૨૫ ,, રૂ. ૯,૫૦૦	૬૫૦ એસ.એમ.ટી. @ ૨૫ ,, રૂ. ૧૬,૨૫૦	૬,૭૫૦
શિડ્યુલ "બી"—૧૨	સિમેન્ટ કૉંક્રીટ	૧૭૦ સીએમટી ૩૩૦ રૂ. ૫૬,૧૦૦	૧૭૮ સીએમટી ૩૩૦ રૂ. ૫૮,૭૪૦	૨,૬૪૦

૮. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલા પત્ર નં. એફ. ૨-૧૭-૧૯૭૩ (સી યુ--આઈ. સીપી) તા. ૧૩--૧--૧૯૭૧ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલા પત્રની નોંધ લેવી.

૯. આસારવા રેલ્વે યાર્ડથી યુનિવર્સિટીના ગોડાઉન સુધી સિમેન્ટ ટન ૧૪૪ ટન દીઠ રૂ. ૧૧ના ભાવથી કાર્ટિંગ કરાવ્યો તે અંગે રૂ. ૧,૫૮૪નું ખર્ચ કુલપતિશ્રીએ મંજૂર કર્યું તે કાર્યની નોંધ લેવા બાબત.

આસારવા રેલ્વે યાર્ડથી યુનિવર્સિટીના ગોડાઉન સુધી સિમેન્ટ ટન ૧૪૪ ટન દીઠ રૂ. ૧૧ના ભાવથી કાર્ટિંગ કરાવ્યો તે અંગે રૂ. ૧,૫૮૪નું ખર્ચ કુલપતિશ્રીએ મંજૂર કર્યું તે કાર્યની નોંધ લેવી તથા વધુમાં ઠરાવવામાં આવ્યું કે સિમેન્ટ તથા સ્ટીલના કાર્ટિંગ માટે વાર્ષિક ભાવ મંગાવવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી.

૧૦. યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર સરદાર સ્મારક તથા સ્ટેટ બેંકના મકાન માટે કન્સલ્ટિંગ એન્જિનિયરની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર સરદાર સ્મારકના કામ માટે વી. એમ. ઓસ. તથા સ્ટેટ બેંકના કામ માટે મે. આર્કોન એન્જિનિયર્સની કન્સલ્ટિંગ એન્જિનિયર તરીકે નિમણૂક કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૧. યુનિવર્સિટી કેમ્પસમાં હાલ બંધાઈ રહેલા બોય્ઝ હૉસ્ટેલ તથા લેડીઝ હૉસ્ટેલના બાંધકામમાં અમુક આઈટમના જથ્થામાં વધારો થાય છે, પરંતુ કુલ ખર્ચમાં વધારો થતો નથી આથી આ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની બોય્ઝ હૉસ્ટેલ તથા લેડીઝ હૉસ્ટેલના બાંધકામમાં જે આઈટમના જથ્થામાં વધારો થાય છે તે આઈટમ આ સાથેની **યાદી "ક"** પ્રમાણે મંજૂર કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૨. યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર સરદાર સ્મારક વાચન કેન્દ્ર માટેની સાઈટ નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સરદાર સ્મારક વાચન કેન્દ્રનું મકાન હાલના લાઈબ્રેરીના મકાનની પૂર્વ બાજુએ તથા યુનિવર્સિટી નજીકથી જતા રસ્તાની પશ્ચિમે રાખવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૩. યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવનના બાંધકામમાં અમુક આઈટમના જથ્થામાં વધારો થાય છે, પરંતુ કુલ ખર્ચમાં વધારો થતો નથી આથી આ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મનોવિજ્ઞાન ભવનના બાંધકામના જથ્થામાં જે વધારો થાય છે તે આ સાથેની પ્રમાણે **યાદી "ડ"** મંજૂર કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

પી. ડી. ભિન્ડી
કુલસચિવ વતી.

यादी "अ"

Terms and Conditions for the building for the bank.

		Rs.
1.	The estimated cost of construction	3,61,000-00
2.	The cost of land of 1000 yds. @ Rs. 100/- per sq.yd.	1,00,000-00
		4,61,000-00

3. The bank will advance a loan of Rs. 3,61,000–00 only or the actual cost of of construction which is lower.

4. The rate of interest on the loan and rent of the building will be fixed in such a way that total loan advanced together with interest will be adjusted against rent within a period of ten years.

5. In addition to the rent the Bank will pay all Municipal taxes including general tax, conservancy tax, Educational tax, etc., which are in force or which may be lavied hereafter.

6. The Bank will pay the Electricity and Water charges at cost.

7. At the end of ten years' period the amount of the rent will be fixed by negotiation.

यादी " ब "

Tender Item No. 1	*Description* 2	*Rate Rs.P.* 3	*Per* 4
	Schedule A		
1.	Excavation for foundation	3–50	Cmt.
2.	B. B. L. C. (*a* & *b*)	45–00	,,
3.	Sand filling	15–00	,,
4.	Brick Masonary 1 : 6	90–00	,,
4-a.	,, ,, 1 : 4	95–00	,,
5.	Do. Do 4 1/2" or 3" 1 : 5	17–00	Smt.
6.	Sagol plaster 1 : 3. 1/2" to 3/4"	7–00	,,
7.	Sand face cement plaster	9–50	,,
8.	White or colour wash	0–60	,,
9.	Marble Mosaic Tiles 25 cm. × 25 cm.	25–00	,,
10.	Skirting or dedo of mosaic tiles	30–00	,,
11.	Polished kotah stone (A & B)	60–00	,,
11.	,, ,, (C)	90–00	,,
12.	Screen wall.	—	—
13.	White glazed tiles (A & B)	100–00	Smt.
14.	Indian patent stone 2"	18–00	,,
15.	Rough green stone	30–00	,,
16.	B. T. W. Doors	190–00	,,
17.	Louvered windows	210–00	,,
18.	M. S. grill	5–00	Kg.
19.	Earth filling	10–00	Cmt.
20.	G. I. Pipe as water spout	10–00	Nos.
21.	Immediate finish (1 : 1)	5–00	Smt.
22.	3" × 3" Cement wata (1 : 3)	2–00	Rmt.
23.	3" to 4" A. C. Pipe water spout	15–00	No.
24.	Cement finish over B. B. L. C.	4–00	Smt.
25.	Removing & Rifixing the doors	35–00	Each.
26.	,, ,, windows	35–00	,,
27.	Distemper	4–50	Smt.

1	2	3	4
28.	Deodar wood shelves	2–00	Smt.
29.	12 m.m. plywood shelves	—	—
30.	P. T. W. Windows	190–00	Smt.
31.	A. C. Corrugated sheet	43–00	,,
32.	Purlines. 25 × 25 × 6 m.m.	18–00	Rmt.
33.	Wooden purlines sadad or pali	12–50	Rmt.
34.	Brick pointing 1 : 2	3–50	Smt.
35.	Brick Masonary in mud	70–00	Cmt.
36.	Enamel Oil paint to Doors & windows	6–00	Smt.
37.	Oil Paint to wall	6–50	,,
38.	A. C. Sheet partition	33–00	,,
39.	Simple door of wooden plank	125–00	Each
	Schedule B—Sanitary Plumbing (Internal–External)		
1. a.	C. I. Pipe 4" dia.	35–00	Rmt.
b.	C. I. Pipe 3" dia.	30–00	,,
c.	A. C. Pipe 4" dia.	13–00	,,
d.	A. C. Pipe 3" dia.	11–00	,,
e.	Stone ware pipe 6" dia.	18–00	,,
f.	,, ,, 4" dia.	16–00	,,
g.	Soil pipe 4" dia. (C. I.)	40–00	,,
h.	P & F Polythene pipe 1 1/4"	10–00	,,
i.	A. C. Pipe 2 1/2" dia.	10–00	,,
j.	R. C. C. Pipe 6" Dia.	12–00	,,
k.	R. C. C. Pipe 9" Dia.	20–00	,,
2. A.	P & F. G. I. B. Class pipe 1/2" dia.	15–00	,,
B.	,, 3/4" dia.	18–00	,,
C.	,, 1" dia.	20–00	,,
D.	,, 1 1/4" dia.	33–00	,,
E.	,, 1 1/2" dia.	42–00	,,
F.	,, 2" dia.	50–00	,,
3.	Indian type w.c. pan	150–00	Each
4.	European type w.c.	400–00	,,
5.	22" × 16" Wash basin	200–00	,,

1	2	3	4
6.	Nahni trap	20-00	Fach
7.	Half tun flushing valve	50-00	,,
8.	1/2" dia. Chromium taps	20-00	,,
8-A.	Pillar cocks	30-00	,,
9.	B. B. Masonary man hole 3'.6" × 2.6"		
	(*a*) C. I. Cover 50 kg.	250-00	,,
	(*b*) Heary C. I. Cover 100 kg.	350-00	,,
10.	Inspection chambers :		
	(*a*) Light C. I. Cover 50 kg.	200-00	,,
	(*b*) Heavy C. I. Cover 100 kg.	250-00	,,
11.	B. B. Masonary gully Trap	40-00	,,
12.	P. & F. Mica flap valve	15-00	,,
13.	P. &. F. 15 cm × 23cm Sower trap	50-00	,,
14.	P. & F. G. M. Wheel valve		
	1/2"	15-00	,,
	3/4"	20-00	,,
	1"	30-00	,,
	1 1/4"	35-00	,,
	1 1/2"	45-00	,,
	2"	57-00	,,
15.	P. & F. A. C. Coul		
a.	For 3" Pipe	12-00	,,
	For 4" Pipe	16-00	,,
16.	P & F. 3" dia. C. I. Pressure Pipe	50-00	,,
17.	P & F. Indian make urinal	200-00	,,
18.	P. & F. 6" × 6" × 3" cast iron tee	250-00	,,

यादी "क"

Boy's Hostel

Deviations in Quantities

T.I. No.	*Item*	*Quantity as per tender*	*Expected Execution Quantity*
5.	Brick Masonary	430 Cmt.	550 Cmt.
9.	Sand faced plaster	1600 Smt.	2800 Smt.
13. (*a*)	Polished Ladi to floor	75 Smt.	260 Smt.
21. (*a*)	Cupboards.	80 Smt.	110 Smt.

Ladies' Hostel

Deviations in Quantities

T.I. No.	*Item*	*Quantity as per tender*	*Expected Execution Quantity*
5.	Brick masonary	430 Cmt.	562 Cmt.
7.	Sagol plaster	2900 Smt.	4675 Smt.
8.	Sand faced plaster	1350 Smt.	2400 Smt.
13. (*a*)	Polished Ladi to floor	65 Smt.	230 Smt.
Plumbing			
2. (*f*)	2" G. I. Pipes	30 Rmt.	280 Rmt.

यादी "ड"

Statement of Deviation of Quantities for the work of School of Psychology

Tender Item No.	*Item*	*Approved Quantity*	*Executed approximate Quantity*
1	2	3	4
3.	Copper Sulphate	2,300.0	9,500.0
6.	S. S. Masonry	170.00 Rft.	17,500, Cft
7.	Partition	7,500.0	8,020.0
8.	Plaster	1,13,000.0	1,28,000.0
10.	White-wash	—do—	—do—
14. (*b*)	Polish-Ladi	600.0	680.0
18.	Fan–Hooks	50 Nos.	155 Nos.
30.	Cement Vata	900.0	1,520.0
40.	Water–proof Plaster	250.0	800.0
Sanitary & water supply 3.	Wash–Baster	4 Nos.	8 Nos.
7.	4" Soil pipe	60.0 Ft.	95 Ft
10.	Coul	2 No.	5 Nos.
11.	1/2" G. 1. Pipe	60.0	110.0
13.	1" G. 1. Pipe	100.00	610.0
16.	Gully trap	2	8 Nos.
18.	Main Hall	2	5 Nos.
20.	4" S. W. Pipe	60.0	90.0
21.	9" R.C.C. Pipe	200	220
22.	Glass	2 No.	8 Nos.
23.	Soap Holder	2"	8"
24.	Urinal	4"	7"
R. C. C. 3—			
(*d*)	Column Plinth F. F.	900.0	940.0
(*e*)	Beam F. F.	4,000.0	4.050.0
(*f*)	Slab F. F.	3,300.0	3,360.0
(*g*)	Column F. F.-S. F.	900.0	950.0
(*i*)	Slab S. F.	3,300.0	3,400.0
(*j*)	Column S. F.	250.0	280.0
7.	Stair	350.0	460.0

પરિશિષ્ટ "ચ"

કામકાજ ક્રમાંક ૮૩

(1) Requirements for the post of Professor of Labour Welfare :

An M.L.W. or M.S.W. in the second class and eight years experience of teaching labour problems.

or

An M.L.W. or an M.S.W. in the second class and the experience of dealing with labour problems in the field or the industry for eight years.

or

A Master's degree in the second class in a Social Science and eight years experience of teaching labour problems.

or

A master degree in the second class in a Social Science and eight years experience of dealing with labour problem either in the field or the industry.

or

An LL.M. in the second class with specialization in Labour Legislations and eight years experience of teaching Labour Legislation.

or

An LL.M. in the second class with eight years experience of dealing with labour problems in the industry or the Court.

or

A Ph.D. in Labour Welfare or Social Work or a Social Science or Labour Legislations but the thesis pertaining thereto should be in or relating to Labour Problems.

Proviso :

If the candidate is otherwise found suitable and academically accomplished, the Syndicate may relax prescribed qualifications and experience for the purpose of making the appointment.

Requirements for the post of Reader in Labour Welfare :

An M.L.W. or an M.S.W. in the second class and five years experience of teaching labour problems.

or

An M.L.W. or an M.S.W. in the second class and the experience of dealing with labour problems in the field or the industry for five years.

or

A Master's degree in the second class in a Social Science and five years experience of teaching labour problems.

or

A Master's degree in the second class in a Social Science and five years experience of dealing with labour problems either in the field or in the industry.

or

An LL.M. in the second class with specialisation in Labour Legislations and five years experience of teaching Labour Legislations.

or

An LL.M. in the second class with a five years experience of dealing with labour problems in the industry or the Court or otherwise suitably.

or

A Ph.D. in Labour Welfare or Social Work or a Social Science or Labour Legislations but the thesis pertaining thereto should be in or relating to labour problems.

(2) Requirements for the post of Lecturer in Labour Welfare :

An M.L.W. or an M.S.W. in the second class and five years experience of teaching labour problems.

or

An M.L.W. or an M.S.W. in the second class and experience of dealing with labour problems in the field or the Industry for five years.

or

A Master Degree in the second class in a social science and five years experience of teaching labour problems.

or

A Master degree in the second class in a social science and five years experience of dealing with labour problems either in the field or the industry.

or

An LL.M. in the second class with specialization in Labour Legislations and five years experience of teaching Labour Legislation.

or

An LL.M. in the second class with five years experience of dealing with labour problems in the industry or the Court.

or

A Ph.D. in Labour Welfare or Social Work or a Social Science or Labour Legislations but the thesis pertaining thereto should be in or relating to labour problems.

પરિશિષ્ટ "છ"
કામકાજ ફ માંક ૮૪

Qualifications for Examiners

(1) Qualifications, teaching or industrial experience of the Examiner to be appointed must be in the same subject in which the appointment is made.

(2) Out of the two or more paper-setters and examiners appointed, at least one person must be the teacher in the subject of this University. In the event such person being not available at least of any other statutory university.

(3) An Examiner will not be ordinarily appointed at a time in more than two heads of examinations.

Teaching Industrial Research experience to be considered after post-graduate qualifications.

Diploma in Pharmacy Examination :

Post-graduate qualifications minimum in Second Class in the subject and five years teaching experience or industrial experience or research experience in the subject.

B.Pharm. Examinations :

Post-graduate qualifications minimum in Second Class at the Graduate and Postgraduate examinations in the subject and three years teaching experience in the subject as a Lecturer in the subject in the Degree Classes *or* seven years industrial or research experience in the subject *or* a person with Doctorate qualification in the Pharmaceutical subject and three years industrial or research experience in the subject.

M.Pharm. Examinations :

A recognised Post-graduate Teacher or Assist. Postgraduate Teacher in the subject of this University or any other statutory university or a person with Doctorate in the subject and five years research or development experience in the subject in industrial or research institute, preferably with original research publications to his credit, in recognised journals.

(4) A person may ordinarily be appointed for not more than four consecutive terms in the same subject at the same examination. Therefore, he should not be appointed at the same examination for a period of at least two terms.

પરિશિષ્ટ "બ"
કામકાજ ક્રમાંક ૪૫

Qualifications for the Teaching Staff

(1) Assist. Lecturer (Demonstrator) :

should possess a B.Pharm. (Second Class) or M.Pharm. (Second Class) qualifications or its equivalent.

(2) Assist Lecturer (Tutor) :

should possess a B.Pharm. (Second Class) and M.Pharm. (Second Class) qualification or its equivalent and two years teaching experience.

(3) Lecturer :

should possess a B.Pharm. (Second Class) and M.Pharm. (Second Class) in the subject or its equivalent and three years teaching experience :

(4) Associate Professor (Reader) :

should possess a B.Pharm. (Second Class) and M.Pharm. (Second Class) in the subject or its equivalent and five years teaching experience in Degree Classes or research experience in the subject.

(5) Professor :

should possess Doctorate qualification in the subject and five years teaching experience in the Degree Classes as a Lecturer;

or

should possess B.Pharm. (First Class) and M.Pharm. (Second Class) or B. Pharm (Second Class) and M.Pharm. (First Class) in the subject or its equivalent with ten years teaching experience in the Degree Classes as a Lecturer in the subject *or* five years teaching experience in the Degree Classes and five years research experience in the subject, in the responsible position.

(6) Qualifications for :

(*i*) Assist. Post-graduate Teacher : Same as Associate Professor.

(*ii*) Post-graduate Teacher : Same as Professor.

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૬૧

St. 14-C :

1. Election of eleven representatives of students on the Court to be made under sub-section (*b*) (*i*) (*a*), (*b*) and (*c*) under Class II—Ordinary Members of Section 16 (1) shall be held in the manner prescribed herebelow :

(*A*) (*i*) Any post-graduate student who is duly enrolled as such as on 15th July of an academic year or such other date as may be fixed by the Vice-Chancellor, if in his opinion, such a change in the date is necessary, at a post-graduate school or a recognised institution, or at a post-graduate centre of the University, as the case may be,

and

(*ii*) Any undergraduate student who is duly enrolled as such at any affiliated college as on 15th July of an academic year or such other date as may be fixed by the Vice-Chancellor, if in his opinion, such a change in the date is necessary,

shall be entitled to stand as a candidate by submitting his nomination paper in the prescribed form, duly proposed by one of his fellow-students and duly seconded by one of his fellow-students at his post-graduate school/recognised institution/post-graduate centre at an affiliated college, as the case may be. His nomination paper shall contain a certificate duly signed by the Director of his post-graduate school or Professor-in-charge of his post-graduate centre or Head of his recognised institution or by the Principal of his college, as the case may be, certifying his enrolment as above. On such nomination and certificate being submitted, he shall be held eligible to stand as a candidate for election to—

(*a*) one of the three seats meant for post-graduate students in the Faculty of (*i*) Arts including Education, or (*ii*) Science, or (*iii*) Commerce, as the case may be;

or

(*b*) one of the three seats meant for under-graduate students in the Faculty of (*i*) Arts including Education, or (*ii*) Science, or (*iii*) Commerce, as the case may be;

or

(*c*) one of the five seats meant for post-graduate and under-graduate students jointly in the Faculties other than the Faculties of (*i*) Arts including Education, (*ii*) Science, and (*iii*) Commerce, as the case may be :

Provided that no student shall be held eligible to stand as a candidate for a seat meant for any faculty other than the one in which he has been enrolled as a student. In the event, however, of a student enrolled in more than one faculty, he shall file his nomination for one and only one of his faculties, from which he is eligible and desires to contest, and in the event of his nomination being found to have been filed from more than one faculty, the Vice-Chancellor shall, if such a situation is brought to this notice, from which one faculty he will contest, and Vice-Chancellor's decision in this respect shall be final.

(*B*) There shall be a Students' Union in each University School, in each Affiliated College and in each Recognised Institution. For the purpose of voting for election for eleven members as students' representatives on the Court, the Students' Union of every post-graduate school, the Students' Union of every recognised institution and the Students' Union of every affiliated college shall be entitled to elect any of the students of the post-graduate school or post-graduate centre, or recognised institution or the college, as the case may be, as their representative voters to elect students' representatives on the Court in the manner specified herebelow :

(*i*) (*a*) A post-graduate school or a post-graduate centre or a recognised Institution of the University with an enrolment of students not exceeding 50 as on 15th July of the year of election or on such date as may be fixed by the Vice-Chancellor as stated above—one voter.

(*b*) For a post-graduate school or a post-graduate centre or a recognised institution with an enrolment of more than 50 students as on 15th July of the year of election or on such date as may be fixed by the Vice-Chancellor as stated above--one voter for every 50 students.

(*ii*) In case of an affiliated college, one voter for every 50 students enrolled as on 15th July of the year of election or on such date as may be fixed by the Vice-Chancellor as stated above.

(*iii*) The voters mentioned in (*i*) and (*ii*) above shall be elected by ballot by the Students' Union concerned of each of the post-graduate schools or recognised institutions or affiliated colleges, as the case may be.

(*iv*) (*a*) Heads of the post-graduate schools, the Principals of the colleges or the Heads of the recognised institutions where post-graduate centres have been instituted and Principals of affiliated colleges, as the case may be, shall arrange to hold election of the voters as contemplated in (*i*) and (*ii*) of (*B*) above and shall send intimation to the Registrar so as to reach him not later than the 31st of July every year or on any of the date fixed by the Vice-Chancellor in his opinion, if found necessary to change the date, of the full names (beginning with surname), the names of their faculties and addresses of the University Schools/ Post-graduate Centres / Colleges / Recognised Institutions, as the case may be, of voters duly elected as per provisions contained in (*i*) and (*ii*) of (*B*) above. The list of the voters so received by the University shall, notwithstanding anything contained elsewhere, constitute the Electoral Roll for the respective constituencies, as provided in Section 16—Class II—B (*i*) (*a*), (*b*) and (*c*) of the Act.

(*b*) The date of election of students' representatives on the University Court shall be as fixed by the Vice-Chancellor.

(*c*) Publication of the Electoral Rolls, announcement on the Notice Board that the Rolls are ready, and publication of the Notice of the Election in the newspapers selected by the Vice-Chancellor, shall be made at least 30 clear days before the date of election.

(*d*) The Vice-Chancellor shall have the authority to correct the Rolls, if any omission or wrong entry is brought to his notice at least 21 clear days before the date of election. The Vice-Chancellor's decision in the matter shall be final.

(*e*) The last day of receiving nomination papers from any student shall be at least 15 clear days before the date of election.

(*f*) The scrutiny of nominations, withdrawal thereof and intimation of valid nominations shall be as per Statutes 149, 150, and 151, in so far as they are applicable.

(*v*) In case of any dispute or doubt in respect of the election of voters as mentioned in the above sub-clauses, the decision of the Head of the University School or Principal of the college or the Head of the recognised institution concerned, as the case may be, shall be final.

(*vi*) Election from this constituency shall be held by ballot at Polling Centres as fixed by the Vice-Chancellor for the same and in the notice of election, centres and places of election shall be notified where the voters will be required to go in person to vote. The holding of election and its procedure will be as per St. 162.

(*vii*) Every voter will be eligible to vote at an election only on production of an identity card (bearing his full name and recent photograph) issued by the Principals of the respective colleges, Heads of the recognised institutions, or Directors of the University Schools, as the case may be. It is further provided that no voter shall be permitted to vote at a polling centre other than the one fixed in the town, in which, as his college or institution or the post-graduate centre, as the case may be, where he is already enrolled as a student is situated.

2. Eleven representatives of students on the Court shall be elected in such a manner that at least one representative of students from each faculty or each group of faculties, if any such groups are formed, gets its representation in the Court.

3. Notwithstanding anything contained elsewhere it shall be competent for the Vice-Chancellor to make such suitable modifications in the time schedule for the various processes in the election as he deems necessary in the circumstances so require.

પરિશિષ્ટ " ટ "

કામકાજ ક્રમાંક ૨૧

તા. ૬–૩–૧૯૭૫ની ફાઇનાન્સ સમિતિની એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણો

(૧) યુનિવર્સિટી બૉય્ઝ અને લેડીઝ હૉસ્ટેલ માટે લાકડાનું ફર્નિચર ખરીદવા માટે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી બૉય્ઝ એન્ડ લેડીઝ હૉસ્ટેલ માટે લાકડાનું ફર્નિચર નીચે પ્રમાણે ફાઇનાન્સ સમિતિની તા. ૩૧–૧૨–૧૯૭૪ની સભામાં મંજૂર થયેલ ભાવે ખરીદવાનું રાખવું :

	વસ્તુ	જરૂરિયાત	ભાવ રૂપિયા	વેપારીનું નામ	નોંધ
૧.	પલંગ	૭૮ નંગ	૧૪૨	મે. ન્યૂ ફર્નિચર માર્ટ	સદરહુ પાર્ટીનું કામ સારું હોવાથી
૨.	ટેબલ	૭૮ નંગ	૧૮૭	" "	" " "
૩.	ખુરશી	૭૮ નંગ	૩૯	મે. શ્રી. અંબિકા ફર્નિચર માર્ટ	સૌથી ઓછા ભાવ હોવાથી

(૨) વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિભાગ માટે રૂ. ૧૧,૦૬૮ની કિંમતનાં રસાયણ મે. સારાભાઈ મર્ક. તેમ જ બી. ડી. એચ. કંપની પાસેથી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સારાભાઈ મર્ક. અને બી. ડી. એચ. કં. સાથે આપણે રેઈટ કૉન્ટ્રાક્ટ કરેલ છે.)

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આ સાથેના **પરિશિષ્ટ " અ "**માં બતાવ્યા પ્રમાણે રસાયણવિજ્ઞાન વિભાગ માટે રૂ. ૧૧,૦૬૮નાં રસાયણો મે. સારાભાઈ એમ. કેમિકલ્સ તથા બી. ડી. એચ. કં. પાસેથી ખરીદવાં.

(૩) યુનિવર્સિટી કેન્ટીન ચલાવવા માટે મંગાવેલ ટેન્ડરનો નિકાલ કરવા બાબત.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી કેન્ટીન ચલાવવા માટે અનુક્રમે નીચેના બે વેપારીઓને બે વર્ષ માટે આપવી :

૧. રજનીકાન્ત શાંતિલાલ પટેલ

૨. કિરીટકુમાર એન. ઠક્કર.

વધુમાં વાનગીઓના ભાવ નક્કી કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

(૪) વિજ્ઞાન વિદ્યાભવનના જુદા જુદા વિભાગો માટે રસાયણો ખરીદવા માટે મે. સારાભાઈ એમ. કેમિકલ્સ સાથે તા. ૧–૪–૧૯૭૫થી તા. ૩૧–૩–૧૯૭૬ સુધી રેઈટ કૉન્ટ્રાક્ટ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના જુદા જુદા વિભાગો માટે રસાયણો ખરીદવા માટે અને ૧૯૭૫–૭૬ના વર્ષ માટે મે. સારાભાઈ એમ. કેમિકલ્સ સાથે રેઈટ કૉન્ટ્રાક્ટ કરવો.

(૫) યુનિવર્સિટીના સર્વિસ સેન્ટરની બે દુકાનો (પ્રોવિઝન સ્ટોર્સ તથા દહીંદૂધ વ્યવસાય) માટે મંગાવેલ ટેન્ડરનો નિકાલ કરવા બાબત.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી સર્વિસ સેન્ટરના પ્રોવિઝન સ્ટોર્સ માટે મે. સેક–પીઆરએલ કો-ઑ. સ્ટોર્સને માસિક રૂ. ૧૨૦ના ભાડેથી તથા દૂધ-દહીંની દુકાન માટે શ્રી. કનૈયાલાલ જીવણલાલ શાહને માસિક રૂ. ૧૦૧ના ભાડેથી દુકાનો આપવી અને તેઓની પાસેથી ત્રણ માસનું ભાડું અગાઉથી લેવાનું રાખવું.

परिशिष्ट "अ"

As per the Rate Contract :

Hydroxylamine HCI GR. SM.	31-00 per	100gr × 5	=	155-00
Aluminium chloride BDH.	21-70 ,,	500gr × 5	=	108-50
Cobalt chloride anhydrous SM.	70-00 ,,	500gr × 5	=	350-00
Cobalt Nitrate BDH.	50-10 ,,	500gr × 10	=	501-00
Copper chloride SM.	30-00 ,,	500gr × 5	=	150-00
Iron sulphate BDH.	9-50 ,,	500gr × 10	=	95-00
Iron chloride SM.	11-90 ,,	500gr × 2	=	23-80
Lead Acetate SM. GR.	32-00 ,,	500 × 2	=	64-00
Magnesium chloride SM. GR.	10-50 ,,	500gr × 10	=	112-50
Manganese dioxide BDH.	7-00 ,,	500gr × 10	=	70-00
Mercuric chloride SM.	75-00 ,,	250gr × 5	=	375-00
Mercuric chloride BDH.	75-00 ,,	250gr × 5	=	375-00
Wickel chloride SM. GR.	40-00 ,,	500gr × 5	=	200-00
Pot-Chromate GR. SM.	18-50 ,,	500gr × 5	=	92-50
Pot. Ferrocyanides GR. SM.	17-50 ,,	500gr × 5	=	97-50
Pot. Iodate GR. SM.	26-00 ,,	100gr × 2	=	52-00
Pot. Iodide I. P. BP.	80-00 ,,	500gr × 15	=	2000-00
Pot. Sulphate GR. SM.	18-00 ,,	500gr × 5	=	90-00
Pot-Persulphate BDH.	35-00 ,,	500gr × 15	=	525-00
Sod-Bromide SM. LP. BP.	23-90 ,,	500gr × 2	=	47-80
Sod-bisulphite	18-00 ,,	500gr × 5	=	90-00
stonnous Chloride GR. SM.	34-00 ,,	100gr × 20	=	680-00
Thionly Chloride	35-00 ,,	500gr × 5	=	175-00
Tin-chloride BDH.	60-00 ,,	250gr × 10	=	600-00
Silver nitrate LP. BP. SM.	180-00 ,,	100gr × 5	=	900-00
Methyl Red. BDH	30-00 ,,	25gr × 2	=	60-00
Mercury Metal SM.	106-00 ,,	250gr × 4	=	424-00
Hydrochloric acid	55-00 ,,	2.5 liter × 15	=	825-00

W/W S.D.Gr. 1·18 Gr. Nitric Acid	135–00	per	2.5 liter × 10	= 1350–00
Sulphuric acid GR.	54–00	,,	2.5 liter × 10	= 815–00
n-Butanol SM.	28–50	,,	Liter × 20	= 570–00
n-Butanol AR. BDH.	20–00	,,	500gr × 10	= 200–00
Chloro-acetic acid BDH.	25–00	,,	500gr × 5	= 125–00
Acetic acid glacial AR, BDH.	90–00	,,	2.5 lit. × 1	= 90–00
Congo Red. BDH.	11–50	,,	25gr ×2	= 23–00
Ascorbic acid SM. GR.	20–00	,,	100gr × 5	= 100–00
Mercuric acetate SM.	32–80	,,	100gr × 3	= 98–40
Tin Metal SM.	33–00	,,	100gr × 10	= 330–00
Sod-Hydroxide Pellets SM.	9–00	,,	500gr × 100	= 900–00
Hydrogen Peroxide (20 Vol) SM.	16–90	,,	lit. × 20	= 338–00
				15068–00

પરિશિષ્ટ "ક"
ક્રમાંક ૧૦૩

ARTICLES OF AGREEMENT made at Bombay this Twelfth day of February, 1975, between Shri Dharmasinh Dadubhai Desai of Dharmasinh Park, Nadiad (Hereinafter referred to as the " Donor ") of the One Part and the Gujarat University, Ahmedabad-380009 (hereinafter referred to as the " University ") of the Other Part :

WHEREAS it has been found necessary and expedient to institute a Post-graduate Institute of teaching and research in Polymer Sciences as a Department of University;

AND WHEREAS a donation to the University for the purpose of promoting scientific research as contemplated herein is approved for cent per cent exemption from payment of Income-tax by the Council of Scientific and Industrial Research vide Government of India, Ministry of Finance, Notification No. 393/F. No. 203/8/73-ITA. II, dated June 27, 1973;

AND WHEREAS the University has approached the donor for the donation of Rs. 10 lakhs (Rupees ten lakhs only) plus land at Nadiad;

AND WHEREAS the donor is agreeable to the establishment of the Institute at Nadiad to enhance research and Post-graduate teaching in Polymer Sciences;

IT IS HEREBY AGREED BETWEEN THE UNIVERSITY AND THE DONOR AS FOLLOWS

(1) The donor, with the aforesaid consideration and objective will donate himself or through/by the company/companies or Trusts/ Foundations under his control sums totalling Rs. 10 lakhs altogether (Rupees ten lakhs only) and about 3 (Three) acres of land at Nadiad to the University;

(2) The Institute will be named and called DHARMASINH DESAI INSTITUTE OF POLYMER SCIENCES. The University will bear the responsibility of establishing and maintaining the Institute with proper standards and facilities as it may deem necessary in pursuance of the requirements of the ever-expanding field of Polymer Sciences and institute suitable Post-graduate Courses leading to M.Sc. (Polymer Sciences) as and when deemed expedient;

(3) The donor shall make available to the University the land at Nadiad admeasuring about 3 (three) acres to enable the University to construct the said institute.

IN WITNESS WHEREOF the parties hereto have hereunto set and subscribed their respective hands and seals the day and year first hereinabove written.

SIGNED, SEALED AND DELIVERED BY THE
WITHIN NAMED Shri D. D. Desai

Sd/-

Sd/-
Vice-Chancellor,
Gujarat University.

in the presence of R. P. Patel 12, Sleater Road, Bombay-7.

E-9, Sea Face Park Co-op. Housing Society Ltd., 50, Bhulabhai Desai Road, Bombay-26.

SINED, SEALED AND DELIVERED BY the Gujarat University by the hands of its Vice-Chancellor, Shri Ishwarbhai J. Patel, in pursuance of the Resolution passed by the Gujarat University bearing No. 107, dated 12-11-1974 and the Common Seal of the said University is affixed hereto in pursuance of the said resolution in the presence of

1. Sd/-
Development Officer,
Gujarat University.

2. Sd/-
Registrar,
Gujarat University.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ—૩૮૦૦૦૬.

ગુ. યુ. પ્રેસ. ૫૭-૫૦૦-૪-'૭૫

આનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની એપ્રિલ માસની સભા, શનિવાર, તા. ૧૨-૪-૧૯૭૫ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૨-૪-૧૯૭૫
૧.	શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ, કુલપતિ	હાજર
૨.	શ્રી. શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	આચાર્ય એમ. એસ. પંડિત	હાજર
૪.	શ્રી. પ્રફુલ્લચંદ્ર ચંદુલાલ શાહ	હાજર
૫.	શ્રી. નવીનચંદ્ર મોતીલાલ બારોટ	હાજર
૬.	ડૉ. જ્યોતીન્દ્ર લક્ષ્મીશંકર ભટ્ટ	ગેરહાજર
૭.	પ્રો. અનંતરાય મણિશંકર રાવળ	હાજર
૮.	ડૉ. વિનોદકાન્ત ચૂનીલાલ શાહ	હાજર
૯.	આચાર્ય દર્શનસિંઘ મુસ્તાકસિંઘ શીખ	હાજર
૧૦.	આચાર્ય ડૉ. ધીરુભાઈ પ્રેમશંકર ઠાકર	હાજર
૧૧.	આચાર્ય ડૉ. હર્ષદભાઈ મોતીભાઈ દેસાઈ	હાજર
૧૨.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૧૩.	પ્રા. મનુભાઈ દેવશંકર પંચોલી	હાજર
૧૪.	શ્રી. ગુલાબભાઈ રતનજી દેસાઈ	હાજર
૧૫.	ડૉ. જશવંતલાલ નાનાલાલ પટેલ	હાજર
૧૬.	પ્રો. દેવવ્રત નાનુભાઈ પાઠક	હાજર
૧૭.	ડૉ. અંબાશંકર એસ. નાગર	હાજર
૧૮.	ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહ	હાજર
૧૯.	શ્રી. મણિભાઈ ગોરધનભાઈ ભટ્ટભટ્ટ	હાજર
૨૦.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર.

યાદી પરનું કામકાજ હાથ ધરવામાં આવ્યું તે પહેલાં સભાગૃહે નવા સભ્ય શ્રી. નવીનચંદ્ર બારોટને આવકાર આપ્યો અને તેમના સાથ અને સહકાર માટે વિનંતી કરી. શ્રી. બારોટે સભાગૃહનો આભાર માન્યો અને પોતે યુનિવર્સિટીની યથાશક્તિ સેવા કરશે તેમ જણાવ્યું.

૧. તા. ૮-૩-૧૯૭૫ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૮-૩-૧૯૭૫ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. એચ. એલ. કૉલેજ ઑફ્ કૉમર્સ, અમદાવાદ તરફથી સ્વાયત્તતા મેળવવા માટેની અરજી ઉપર નિમાયેલ સ્થાનિક તપાસસમિતિના એક સભ્ય શ્રી. એ. આર. દેસાઈએ સદરહુ સમિતિ પર કામ કરવા અશક્તિ દર્શાવી હોઈ તેમની જગ્યાએ અન્ય સભ્યની નિમણૂક કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર શ્રી. એ. આર. દેસાઈની જગ્યાએ નીચેની વ્યક્તિઓ પૈકી એકની ક્રમાનુવર્તી નિમણૂક કરવી :

૧. પ્રો. ડી ટી. લાકડાવાળા
૨. ડૉ. સેમ્યુઅલ પોલ.

૩. ઑર્ડિ. ૨૨ અન્વયે ગ્રંથાલયસમિતિ પર સિન્ડિકેટે નિયુકત કરેલા સભ્યોની મુદત તા. ૧૫-૪-૧૯૭૫ ના રોજ પૂરી થતી હોઈ તેમની જગ્યાએ અન્ય ત્રણ સભ્યોની નિમણૂક કરવા બાબત :

(નોંધ.—તા. ૧૫-૪-૧૯૭૨ની સિન્ડિકેટમાં નીચેના સભ્યો નિયુક્ત થયા હતા :

૧. આચાર્ય ગિરીશભાઈ પટેલ
(એમની જગ્યાએ પાછળથી શ્રી. રમણલાલ જોશીની નિમણૂક કરવામાં આવી હતી.)
૨. આચાર્ય ય. પ્રા. શુક્લ
૩. આચાર્ય જે. સી. ત્રિવેદી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર ઑર્ડિ. ૨૨ હેઠળ નીચેના સભ્યોની નિમણૂક કરવી :

૧. ડૉ. વી. સી. શાહ
૨. ડૉ. અંબાશંકર નાગર
૩. આચાર્ય એસ. આર. ભટ્ટ.

૪. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં લેબર વેલ્ફેરના વ્યાખ્યાતા તરીકે કામ કરતા શ્રી. બી. એચ. પાઠક તા. ૨૦-૯-૧૯૭૪ના રોજ રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેમના ખાતે નીકળતી પ્રૉવિડંટ ફંડની રકમ ચૂકવવા અંગે તેઓની તા. ૧૭-૩-૧૯૭૫ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. એચ પાઠકને ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ તેમને ચૂકવી આપવી.

૫. સંલગ્ન કૉલેજોના શિક્ષકોને અપાતા ઘરભાડા ભથ્થા બાબતમાં ગ્રાન્ટ આપવા અંગે રાજ્ય સરકાર તરફથી આવેલા તા. ૧૮–૩–૧૯૭૫ના પત્રાંક એન.જી.સી. ૧૦૭૩-૧૨૨૭૧–ખની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬. ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે ૧૯૭૪–૭૫ના ચાલુ વર્ષે યોજવામાં આવેલ કચ્છ ટ્રેકિંગ સાઈકલ પ્રવાસ કમ જંગલ ટ્રેકિંગ માટે નિમાયકશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર તરફથી તેમના પત્રાંક યસપ–૧૭૭૪–ચ, તા. ૧૦–૩–૧૯૭૫થી રૂ. ૨,૭૦૮ (રૂપિયા બે હજાર સાતસો આઠ)નું અનુદાન મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૭. A conference of Directors of Sports in Indian Universities at Ahmedabad in the Second or Third Week of May, 1975 for two days અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના પત્રાંક એફ. ૩–૨૫ (૨)–૭૪ (એસ.આઈ.એફ.વાય.પી.), તા. ૩–૩–૧૯૭૫થી અનુદાનની રકમ રૂ. ૩,૦૦૦ (ત્રણ હજાર રૂ.) મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૮. ઈન્ડિયન હિસ્ટોરિકલ રેકોર્ડમાં કમિશનની ભલામણ બાબતમાં એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧–૧–૧૯૭૫ની સભામાં બાબત ક્રમાંક ૧૫થી કરેલ નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી "

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલના સદરહુ ઠરાવની નોંધ લેવી.

૯. યુનિવર્સિટી કાર્યાલયમાં કાર્યાલય નિયામકની ત્રણ જગ્યાઓ પૂરવા અંગે વરણી સમિતિની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિ નીચે મુજબ રચવી :

૧. આચાર્ય એમ. એસ. પંડિત
૨. આચાર્ય એમ. સી. શાહ
૩. શ્રી. નવીનચંદ્ર બારોટ.

૧૦. યુનિવર્સિટીએ સ્થાપેલ અનુસ્નાતક કેન્દ્રોમાં કાર્ય કરતા માન્ય અનુસ્નાતક શિક્ષકોને વ્યાખ્યાન દીઠ અપાતું મહેનતાણું સુધારવા અંગે રાજ્ય સરકારશ્રીને લખતાં જે તે ન સુધારવા અંગેના અગાઉના નિર્ણયને ફેરવવાની જરૂર નથી તેમ જણાવતાં તેઓશ્રીના તા. ૫–૩–૧૯૭૫ના પત્ર ક્રમાંક યુ.એસ.જી. ૧૦૭૪-૭૧૪૯–ખ ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં કુલાધિપતિશ્રીના મદદનીશ સચિવ તરફથી આવેલ તા. ૩૧–૩–૧૯૭૫ના પત્રાંક જી.એસ.એક્ષ.આઈ, ૧૧૨૦/૧૪૧૩/૭૫ તરફ કુલપતિશ્રીએ ધ્યાન ખેંચીને જણાવ્યું કે સદરહુ પ્રશ્ન હાલ રાજ્ય સરકારની વિચારણા હેઠળ છે.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતની નોંધ લેવી અને આ અંગે સત્વરે નિર્ણય કરવા કુલાધિપતિશ્રીને વિનંતી કરવી.

૧૧. ભાષા–સાહિત્ય ભવનમાં પર્શિયનના પ્રાધ્યાપક તરીકે કામ કરતા ડૉ. છોટુભાઈ નાયકને, તા. ૧૭–૭–૧૯૭૫ ના રોજ ૬૪ વર્ષ પૂરાં થતાં હોઈ તેમની નિવૃત્તિવયમાં વધારો કરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. છોટુભાઈ નાયકને પોતાની તબીબી તપાસ માટે ડૉ. જે. એન પટેલનો સંપર્ક સાધવા જણાવવું અને ડૉ. પટેલનો અહેવાલ આવ્યેથી તે અંગે યોગ્ય નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૨. યુનિવર્સિટીમાં કામ કરતા નીચેના શિક્ષકગણ અને બિનશિક્ષકગણના કર્મચારીઓને તેમનાં નામ સામે બતાવેલ તારીખે અજમાયશી સમય પૂરો થતો હોઈ તેમનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	હાલમાં કયાં કામ કરે છે?	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. વી. એમ. ત્રિવેદી	રીડર	વિજ્ઞાન વિદ્યાભવન	૧૪–૬–૧૯૭૫	૧૫–૬–૧૯૭૫
૨.	શ્રી. આર. એસ. કંદોઇ	સ્ટોર–કીપર	,,	૩૦–૬–૧૯૭૫	૧–૭–૧૯૭૫
૩.	શ્રી. આર. જે. પટેલ	સીનિયર ક્લાર્ક	પરીક્ષા વિભાગ	૪–૬–૧૯૭૫	૫–૬–૧૯૭૫
૪.	શ્રી. આર. પી. દવે	,,	સામાન્ય વિભાગ	૪–૬–૧૯૭૫	૫–૬–૧૯૭૫
૫.	શ્રી. એસ. એન. ત્રિવેદી	પટાવાળા	ગ્રંથાલય	૩૧–૫–૧૯૭૫	૧–૬–૧૯૭૫
૬.	શ્રી. આર. જી. આંબળા	,,	,,	,,	,,
૭.	શ્રી. એન. એ. મેહરિયા	,,	,,	,,	,,
૮.	શ્રી. એચ. જે. તિવારી	,,	,,	,,	,,
૯.	શ્રી. એમ. સી. શાહ	,,	,,	,,	,,
૧૦.	શ્રી. એચ. જે. ગોવિંદાણી	,,	,,	,,	,,

સદરહુ કર્મચારીઓની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ક્રમાંક ૨, શ્રી. આર. એસ. કંદોઈ સિવાયના બાકીના ઉપર જણાવેલા નવ કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ક્રમાંક ૨, શ્રી. આર. એસ. કંદોઈનો અજમાયશી સમય એક વર્ષ માટે લંબાવવો અને તેમને જણાવવું કે આ લંબાયેલા સમય દરમ્યાન તેમની કામગીરી સંતોષકારક જણાશે નહીં તો તેમને યુનિવર્સિટીની સેવામાંથી ફારેગ કરવાની ફરજ પડશે.

સભાગૃહની સંમતિથી નીચેની બાબત સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૧૨–એ. યુનિવર્સિટી પ્રેસના મેનેજર શ્રી. જે. એમ. પુરોહિતની સામે શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીના તા. ૭–૯–૧૯૭૪ના પત્રથી કરવામાં આવેલા આક્ષેપ અંગે નીમેલી સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિનો અહેવાલ સ્વીકારવો અને શ્રી. ઝવેરીનો સદરહુ પત્ર દફ્તરે કરવો.

૧૩. યુનિવર્સિટી પ્રેસ--મેનેજર શ્રી. જે. એમ. પુરોહિતનો અજમાયશી સમય તા. ૧૭--૩--૧૯૭૫ના રોજ પૂરો થતો હોઈ તેઓને તા. ૧૮--૩--૧૯૭૫થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટી પ્રેસના મેનેજર શ્રી. જે. એમ. પુરોહિતની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટી પ્રેસના મેનેજરની જગ્યા પર શ્રી. જે. એમ. પુરોહિતને કાયમ કરવા.

૧૪. Electronics Testing Development Centre (a division of G.S.I.C.Ltd.), Barodaનું આજીવન સભ્યપદ સ્વીકારવા અંગે સ્પેસ સાયન્સીઝ એન્ડ ધેર એપ્લિકેશન્સ સેન્ટરના પ્રો. એસ. ડી. વર્માએ તેમના તા. ૧૫--૩--૧૯૭૫ના પત્રથી કરેલ વિનંતી અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સદરહુ સંસ્થાનું આજીવન સભ્યપદ સ્વીકારવા માટે રૂ. ૨,૫૦૦ ભરવાના હોય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર મુજબ લવાજમ ભરીને સદરહુ સેન્ટરનું સભ્યપદ સ્વીકારવાનો પ્રો. એસ. ડી. વર્માનો પ્રસ્તાવ સ્વીકારવો નહીં.

૧૫. એન. એસ. એસ. સલાહકાર સમિતિની તા. ૨૧--૨--૧૯૭૫ની સભાના ઠરાવ નં. ૩ (ખ)ની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે આ ઉનાળાની રજાઓમાં યુનિવર્સિટીની એન.એસ.એસ. એકમોવાળી સંલગ્ન કૉલેજોના વિદ્યાર્થીઓ માટેના યોજવા ધારેલા કુલ નવ આંતર-કૉલેજ શિબિરો માટેના થનાર કુલ ખર્ચ રૂ.૫૧,૫૯૦ (અંકે રૂપિયા એકાવન હજાર પાંચસો નેવું પૂરા) મંજૂર કરવા અને આ માટેનાં સ્થળો, તારીખો, સંચાલકો નીમવા વગેરે અન્ય જરૂરી પગલાં લેવાની સત્તા કુલપતિશ્રીને આપવા અને આ પ્રત્યેક શિબિરમાં થનાર રહેવાજમવાની વ્યવસ્થા માટેનો ખર્ચ તથા જરૂરી કન્ટિન્જન્સી ખર્ચ અંદાજી ખર્ચની મર્યાદામાં રહીને કરવાની સત્તા જે તે શિબિરના સંચાલકોને આપવાનું મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૬. ગુજરાત યુનિવર્સિટી બોર્ડ ફૉર સ્ટુડન્ટ્સ વેલ્ફેરની તા. ૨૦- ૨--૧૯૭૫ના રોજ મળેલ સભાના નીચે જણાવેલ ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત :

"બોર્ડ ફૉર સ્ટુડન્ટ્સ વેલ્ફેરના વિદ્યાર્થી સભ્યોને બ્લેઝર આપવા અંગે કેટલાક વિદ્યાર્થી સભ્યોના પ્રસ્તાવ અંગે કુલપતિશ્રીએ બેજ આપવાનું પ્રથમથી જ સ્વીકાર્યું હતું પણ પછી ચર્ચા-વિચારણાને અંતે વિદ્યાર્થી સભ્યોને અપવાદરૂપ કેસ તરીકે આ વર્ષે બેજને બદલે બ્લેઝર કપડાના કેસ સાથેનો આપવાનું અને તે માટે થનાર ખર્ચ મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ સ્વીકારવી નહીં.

૧૭. શ્રીમતી એન. એચ. એલ. મ્યુ. મેડિકલ કૉલેજ, અમદાવાદ તથા કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદને એક એકમ તરીકે ચાલુ રાખવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.** – (૧) બંને સંસ્થાઓ એક થતાં પહેલાં કાયમી ધોરણે માન્ય હતી.

(૨) તા. ૧-૭-૧૯૭૪થી એક વર્ષ માટે એક યુનિટ ગણવાની કુલપતિશ્રીએ પરવાનગી આપી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી એન. એચ. એલ મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ તથા કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદનું સંયોગીકરણ માન્ય રાખીને તે બેઉ સંસ્થાઓને એક એકમ તરીકે ચાલુ રાખવા માટે અનુમતિ આપવી.

૧૮. સ્થાયી સમિતિની તા. ૧૫-૩-૧૯૭૫ના રોજ મળેલી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની તા. ૧૫-૩-૧૯૭૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સ્થાયી સમિતિની તા. ૧૫-૩-૧૯૭૫ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૧૯. ફાઇનાન્સ સમિતિની તા. ૪-૪-૧૯૭૫ના રોજ મળેલ સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફાઇનાન્સ સમિતિની તા. ૪-૪-૧૯૭૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૪-૪-૧૯૭૫ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૨૦. બોર્ડ ઑફ હૉસ્ટેલ મૅનેજમેન્ટની તા. ૨૪-૨-૧૯૭૫ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની તા. ૨૪-૨-૧૯૭૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ બોર્ડની તા. ૨૪-૨-૧૯૭૫ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૨૧. "આચાર્યશ્રી એમ. સી. દેસાઈ સુવર્ણચંદ્રક" ૧૯૭૨-૭૩ના વર્ષ માટે (સમાજવિદ્યા વિભાગ માટે) એનાયત કરવા માટે આવેલ સંશોધનો તપાસીને અભિપ્રાય આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૮-૯-૧૯૭૩ની સભામાં નીમેલ બે સભ્યોની બનેલી નિષ્ણાત સમિતિના સભ્યોના અભિપ્રાયમાં મતભેદ હોઈ, યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૫-૧૦-૧૯૭૪ની સભામાં સંશોધનો ફરીથી તપાસી અહેવાલ આપવા માટે ડૉ. મધુભાઈ બુચની કરેલ નિમણૂકના સંદર્ભમાં તેઓ તરફથી આવેલ અહેવાલ ઉપર વિચારણા કરી નિર્ણય લેવા બાબત.

ડૉ. મધુભાઈ બૂચ તરફથી આવેલ અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ૧૯૭૨-૭૩ના વર્ષ માટેનો "આચાર્ય એમ. સી. દેસાઈ સુવર્ણચંદ્રક" ડૉ. એમ. બી. કર્ણિકને આપવો.

૨૨. એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૫-૧૦-૧૯૭૪ની સભામાં સ્વીકારવામાં આવેલ "સ્વ. શ્રી. નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા પારિતોષિક" તથા "સ્વ. શ્રી. આનંદશંકર બાપુભાઈ ધ્રુવ પારિતોષિક" ગુજરાત યુનિવર્સિટીની એમ.એ.ની ટી.વાય.બી.એ.ની તથા એસ.વાય.બી.એ.ની પરીક્ષા માટે એનાયત કરવા માટેના પ્રદાન અંગેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પારિતોષિકોના પ્રદાન અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૨૩. મનોવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને શિક્ષણશાસ્ત્ર વિદ્યાભવનના અધ્યક્ષશ્રી તરફથી એમ.એડ.ના વેકેશન વર્ગો ચલાવવા અંગે તા. ૧૬-૧-૧૯૭૫ના પત્રાંક એડયુ-કેજીડી-એમએડ-પેક-૧૫૯૧થી આવેલ પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એમ એડ.ના વેકેશન વર્ગો ચલાવવાનો પ્રસ્તાવ મંજૂર કરવો નહીં.

૨૪. ડૉ. એ. એન. દેસાઈના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. પદવી મનોવિજ્ઞાન વિષયમાં નોંધાયેલા વિદ્યાર્થી શ્રીમતી ચારુલતા એચ. બદામીના મહાનિબંધ પર રેફરીઓના અહેવાલના આધારે ઓર્ડિ. ૩૨૧ મુજબ પરિણામ જાહેર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી ચારુલતા એચ. બદામીના મહાનિબંધ પીએચ.ડી.ની પદવી માટે સ્વીકારવો અને તેમને તે પદવી માટે પાત્ર જાહેર કરવાં.

૨૫. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા તરફથી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી (એ. કા. ભા. ક્ર. ૫૩) :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડાએ સંખ્યાબંધ ખંડ સમયના શિક્ષકોની નિમણૂક કરીને યુનિવર્સિટીનાં ધારાધોરણોનો સરિયામ ભંગ કરેલો હોઈ તેને બી.એ.-(પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર તથા બી.કૉમ માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ ન આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

સદરહુ બાબતના સંદર્ભમાં આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડાના આચાર્યશ્રી તરફથી મળેલ તા. ૧૦-૪-૧૯૭૫નો પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલની પુનર્વિચારણા માટે મોકલવી.

૨૬. શ્રી એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી ખંભાત તરફથી જૂન ૧૯૭૫થી દ્વિતીય વર્ષ ડિપ્લોમા ઈન ફાર્મસી તથા ચતુર્થ વર્ષ બી.ફાર્મ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી. (એ. કા. ભા. ક્ર. ૫૧) :

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને ડિપ્લોમા-ઇન-ફાર્મસીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું જોડાણ આપવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રીના વ્યાખ્યાતા
   (૨) ફાર્માકોગ્નોસીના વ્યાખ્યાતા
   (૩) ફાર્માસ્યુટિકસના વ્યાખ્યાતા
   (૪) ફાર્માકોલોજીના વ્યાખ્યાતા
   (૫) કીટાણુવિજ્ઞાનના વ્યાખ્યાતા
   (૬) ફિઝિયોલોજીના વ્યાખ્યાતા;

૨. શૈક્ષણિક તેમ જ બિનશૈક્ષણિક સ્ટાફના સભ્યોને તેમને ચૂકવવાની થતી સઘળી રકમ ચૂકવવામાં આવે;

૩. કૉલેજના મકાનનું બાંધકામ પૂરું કરવામાં આવે;

૪. સ્થાનિક તપાસસમિતિના અહેવાલના પરિશિષ્ટ 'બ'માં જણાવેલ રૂા. ૧,૨૫,૦૦૦ની કિંમતનાં સાધનો વસાવવામાં આવે;

[ઉપરની શરત ક્રમાંક ૨ થી ૪ના પરિપાલનના વિકલ્પે રૂ. ૨,૨૫,૦૦૦ (બે લાખ પચીસ હજાર) યુનિવર્સિટી પાસે અનામત મૂકવામાં આવે.]

૫. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે.

૬. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૮. પ્રૉવિડન્ટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ત્રીજા અને ચોથા વર્ષના ડિગ્રી અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને નવા શૈક્ષણિક વર્ષથી અમદાવાદમાં સમાવવા."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૭. શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરાને જૂન ૧૯૭૫થી બી.એ.(પ્રિન્સિ.)માં ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) ઇતિહાસ વિષયને લગતાં રૂ. ૧,૦૦૦નાં પુસ્તકો માટે ઑર્ડર મૂકી દેવામાં આવેલ છે.

(૨) બીજી શરતોનું પરિપાલન થયું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરાને બી.એ.-(પ્રિન્સિ.)માં ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ આપવું.

૨૮. ખંભાતની કૉલેજોના શિક્ષકોની લેણી રકમ હજુ સુધી ચૂકવાઈ ન હોવાથી તે પરત્વે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(અ) નીચેના શિક્ષકોની તેમનાં નામ સામે જણાવ્યા પ્રમાણેની રકમ બાકી હોવા અંગે ફરિયાદ આવેલી છે :

ક્રમાંક	શિક્ષકનું નામ	વિગત	કૉલેજની સ્પષ્ટતા
૧.	શ્રી. બી. કે. શાહ	પ્રૉવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઇટી, યુ.જી.સી. તફાવત, પગારઘોરણના તફાવત તા. ૧-૪-૧૯૭૧ થી ૩૧-૫-૧૯૭૨ સુધી	પત્ર લખવા છતાં કૉલેજે કોઈ સ્પષ્ટતા કરી નથી.
૨.	પ્રા. આર. એમ. શુકલ	પ્રૉવિડન્ટ ફંડ ગ્રેચ્યુઇટી	
૩.	પ્રા. બી. જી. ચૌધરી	પ્રૉવિડન્ટ ફંડ	
૪.	આચાર્ય જે. જે. ત્રિવેદી	પ્રૉવિડન્ટ ફંડ ગ્રેચ્યુઇટી	લેણી રકમ અંગે તા. ૧૧-૧૨-૧૯૭૪ના રોજ ચેક લખ્યો છે અને પત્ર દ્વારા સમજૂતી થઈ છે એમ આચાર્યે જણાવ્યું છે.

(બ) બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાતના આચાર્યે જણાવ્યું છે કે શ્રી અક્રુવાળાને રૂ. ૧૧૯૦૦-૯૮ ચૂકવવાના બાકી છે અને ટૂંક સમયમાં ચૂકવાશે તેમ જણાવ્યું છે.]

અને

૩૬, રજની પારેખ આર્ટ્સ એન્ડ કે. બી. કોમર્સ કૉલેજ, ખંભાતના શિક્ષકોની નીચે મુજબની લેણી રકમ ચૂકવવાની બાકી રહેલી છે તે અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	શિક્ષકનું નામ	કુલ કેટલી લેણી રકમ	અત્યાર સુધી ચૂકવાયેલ રકમ	કયારથી બાકી છે ?	કયારે ચૂકવાશે ?
(૧)	શ્રી. બી. કે. શાહ	૧૬૩૭૬	—	૩–૧૧–'૭૩	નાણાંની નવા સત્રમાં સવલત થયેથી ચૂકવાશે.
(૨)	શ્રી. એ. એસ. પટેલ	૪,૨૧૮–૬૪	૨,૦૦૦	૧૦–૧૧–'૭૩	,,
(૩)	શ્રી. બી. જી. ચૌધરી	૫,૫૪૨–૯૦	૧,૫૦૦	૧–૭–'૭૪	,,
(૪)	શ્રી. એમ. એમ. દાંડ	૭,૩૬૪–૬૬	—	૧૦–૧૧–'૭૪	,,
(૫)	શ્રી. એચ. એન. પંડ્યા	૧,૩૯૪–૯૪	—	૧૦–૧૧–'૭૪	,,

બાબત નં. ૨૮ અને ૩૬ની વિચારણા સાથે કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ કૉલેજોમાંથી છૂટા થયેલા ઉપરના શિક્ષકોની લેણી નીકળતી રકમ ઘણા લાંબા સમય સુધી કૉલેજ તરફથી ચૂકવવામાં આવી નથી તે બાબતને આ સભાગૃહ અત્યંત ગંભીર ગણે છે અને તેથી રાજ્યના શિક્ષણસંચાલકશ્રીને ભલામણ કરે છે કે સદરહુ કૉલેજોની હવે પછી જે ગ્રાન્ટ મંજૂર કરવામાં આવે ત્યારે તેમાંથી ઉપરના શિક્ષકોને ખાતે લેણી નીકળતી રકમ તેમને ત્વરિત ચૂકવવામાં આવે એ મતલબની શરત મૂકવામાં આવે.

૨૯. તા. ૧૩/૧૪/૧૫–૬–૧૯૭૪ના રોજ મળેલ યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભામાં વાર્ષિક અહેવાલ પર થયેલાં સૂચનો પૈકીનું નીચેનું સૂચન તા. ૧૨–૧૧–૧૯૭૪ની એકિઝકયુટિવ કાઉન્સિલની સભાએ સ્વીકાર્યું હોઈ તેના સંદર્ભમાં સ્ટે. ૩૧ સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

"પ્રશ્નોત્તરી માટે એક કલાકનો સમય ફાળવવામાં આવ્યો છે તેના બદલે પ્રશ્નોત્તરી માટેના સમયમાં વધારો કરવો જોઈએ જેથી કરીને પ્રશ્નોત્તરી માટે પૂરતો સમય મળી રહે."

"લંબાણુ ચર્ચા વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે પ્રશ્નોત્તરીના સમયમાં કોઈ જ ફેરફાર કરવો નહીં, પરંતુ કોઈ પણ સભ્ય વધારેલા ત્રણ પ્રશ્નો પૂછી શકે એમ આ સમિતિનું માનવું છે."

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૩૧ ઉપર સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્ય એમ. એસ. પંડિત
૨. પ્રો. ડી. એન. પાઠક
૩. પ્રો. મનુભાઈ પંચોલી
૪. ડૉ. બિહારીભાઈ કનૈયાલાલ
૫. શ્રી. નવીનચન્દ્ર બારોટ.

૩૦. શ્રીમતી સી. સી. મહિલા આર્ટ્સ કૉલેજ, વીસનગરમાં જૂન ૧૯૭૫થી ફી વધારવા બાબતમાં વિચારણા કરવા એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૪–૧–૧૯૭૫ની સભામાં નિયુકત કરવામાં આવેલ સમિતિની

નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

" વધુમાં ભલામણ કરવામાં આવે છે કે કૉલેજોની સમગ્ર નાણાકીય જવાબદારીઓ ધ્યાનમાં લઈ બધી વિદ્યાશાખાવાળી કૉલેજોમાં (શહેર તથા ગ્રામ્ય વિસ્તાર સહિતની) ફી અંગેનાં ધોરણો પર સર્વગ્રાહી રીતે વિચારણા કરવા સમિતિ (એક હાઈ-પાવર) નીમવી જરૂરી લાગે છે. "

આથી ઠરાવવામાં આવે છે કે વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને કાયદાની વિદ્યાશાખાઓની કૉલેજોની ગ્રાન્ટ અંગે રાજ્ય સરકારે સમિતિ નીમેલી હોઈ સદરહુ ભલામણમાં સૂચવવામાં આવી છે તેવી કોઈ સમિતિ હાલને તબક્કે નીમવાની જરૂર જણાતી નથી.

૩૧. ભારત સરકારની આર્થિક સહાયથી યુનિવર્સિટીઓમાં યુવક કલ્યાણ વિભાગો અત્યાર સુધી નભાવવામાં આવતા હતા તે માટેનો ખર્ચ હવે યુનિવર્સિટીએ પોતાના સામાન્ય મેઈન્ટેનન્સ ખર્ચ ગણી પોતાના ફંડમાંથી ભોગવવા અંગે તેમ જ તા. ૨૮--૨--૧૯૭૫ સુધીના ગાળા માટે જ આર્થિક સહાય આપવામાં આવશે તેવું જણાવતાં શિક્ષણ અને સમાજકલ્યાણ મંત્રાલયના તા. ૨૫--૨--૧૯૭૫ના પત્રાંક ડી.ઓ. એફ. ૨૦--૧--૧૯૭૪ વાયએચ. ૧ (૧) અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૩૨. યુનિવર્સિટી મુદ્રણાલયમાં જુ. કમ્પોઝીટર તરીકે કામ કરતા શ્રી. એમ. જે. આહુજાનું તા. ૨૬--૨--૧૯૭૫ ના રોજ દુ:ખદ અવસાન થયું હોઈ તેઓના ખાતે નીકળતી ગ્રેચ્યુઈટીની રકમ ચૂકવવા અંગેની તેઓના પુત્રની તા. ૨--૩--૧૯૭૫ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તેઓ તા. ૨૨-૧-૧૯૬૩ના રોજ યુનિવર્સિટી મુદ્રણાલયમાં જોડાયા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી મુદ્રણાલયના જુનિયર કમ્પોઝીટર સ્વ. શ્રી. એમ. જે. આહુજાને ખાતે નીકળતી ગ્રેચ્યુઈટીની રકમ તેમના પુત્ર શ્રી. ગોવિન્દભાઈ આહુજાને યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ ચૂકવવી.

૩૩. સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદના ભૂતપૂર્વ આચાર્ય શ્રી. આર. એચ. ગાંધીને યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસારની ગ્રેચ્યુઈટીની રકમ નડિયાદ એજ્યુકેશન સોસાયટીએ ચૂકવી ન હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) યુનિવર્સિટીનાં ધારાધોરણોને સુસંગત એવો નિર્ણય ત્વરિત લેવો જરૂરી છે અને મોડામાં મોડું એક માસમાં યુનિવર્સિટીને જણાવવા તા. ૫-૩-૧૯૭૫ના રોજ મંડળને પત્ર લખ્યો હતો, પ્રત્યુત્તર આવ્યો નથી.

(૨) શ્રી. ગાંધીએ તા. ૧૫-૬-૧૯૫૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધી પ્રાધ્યાપક તરીકે અને તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૨૦-૧૨-૧૯૭૩ સુધી આચાર્ય તરીકે કામ કર્યું છે.]

સદરહુ બાબત અંગે ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે ભૂતપૂર્વ આચાર્ય શ્રી. આર. એચ. ગાંધીને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ગ્રેચ્યુઈટીની રકમ ચૂકવી આપવા માટે સદરહુ કૉલેજને જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના ભૂતપૂર્વ આચાર્ય શ્રી. આર. એચ. ગાંધીને કૉલેજ તરફથી તા. ૩૦-૬-૧૯૭૫ સુધીમાં ગ્રેચ્યુઈટીની રકમ ચૂકવવામાં ન આવે તો રાજ્યના શિક્ષણસંચાલકશ્રીને ભલામણ કરવી કે સદરહુ કૉલેજની હવે પછી જે ગ્રાન્ટ મંજૂર કરવામાં આવે તેમાંથી ગ્રેચ્યુઈટીની રકમ તેમને ત્વરિત ચૂકવવામાં આવે એ મતલબની શરત મૂકવામાં આવે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓને યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ જે ગ્રેજ્યુઈટી ફંડ ઊભું કરવાનું આવશ્યક બન્યું છે તે ગ્રાન્ટને પાત્ર ગણવા રાજ્ય સરકારને ભારપૂર્વક ભલામણ કરવી, તેમ જ આ બાબત અંગે કૉલેજો અને સંસ્થાને માટે ભૂતકાળની જે જવાબદારી ઊભી થઈ છે તે માટે પણ તેમને યોગ્ય આર્થિક સહાય આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોની ગ્રાન્ટ અંગે રાજ્ય સરકારે નીમેલી સમિતિ સમક્ષ કૉલેજોનો કેસ યુનિવર્સિટી તરફથી રજૂ કરવા માટે પોતાની સૂચિંતિત ભલામણો તૈયાર કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

(૧) આચાર્ય એમ. સી. શાહ
(૨) આચાર્ય દર્શનસિંઘ શીખ
(૩) આચાર્ય એસ. આર. ભટ્ટ
(૪) આચાર્ય કે. એન. શાહ
(૫) આચાર્ય ઘનશ્યામભાઈ પરીખ.

૩૪. ડી. ડી. ચોકસી કૉલેજ ઑફ એજ્યુકેશન, પાલનપુરમાં શિક્ષણના ટ્યૂટર તરીકે કાર્ય કરતા શ્રી. એસ. સી. રાખેની નિમણૂક ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી કોન્ડોન કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. એચ. સી. રાખે બી.એ. બીજા વર્ગ, એમ.એ. બીજા વર્ગ, પુનઃ એમ.એ.ની પદવી પાસ વર્ગમાં તથા બી.એડ.ની પદવી બીજા વર્ગમાં ધરાવે છે અને બી.એડ. પછીનો બે વર્ષનો જરૂરી શૈક્ષણિક અનુભવ ધરાવતા નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં શિક્ષણના ટ્યૂટર તરીકે નીમવામાં આવેલા શ્રી. એસ. સી. રાખેની નિમણૂક ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી ગ્રાહ્ય ગણવી પરંતુ સદરહુ કૉલેજને જણાવવું કે જૂન ૧૯૭૫થી યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષણના ટ્યૂટરની નિમણૂક કરવામાં આવશે નહીં તો તેઓ નવા વિદ્યાર્થીઓને દાખલ કરી શકશે નહીં.

૩૫. શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, ભોડેલીમાં ઈતિહાસના ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે શ્રી. આઈ. એમ. જોશીની નિમણૂક માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. આઈ. એમ. જોશી એમ.એ.ની પદવી બીજા વર્ગમાં ભારતીય સંસ્કૃતિ વિષય સાથે ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં ઈતિહાસના ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે નીમવામાં આવેલા શ્રી. આઈ. એમ. જોશીની નિમણૂક ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી ગ્રાહ્ય ગણવી, પરંતુ સદરહુ કૉલેજને જણાવવું કે જૂન ૧૯૭૫થી યોગ્ય લાયકાત ધરાવતા ઈતિહાસના ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવશે નહીં તો તેઓ નવા વિદ્યાર્થીઓને દાખલ કરી શકશે નહીં.

૩૬. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૨૮ સાથે કરવામાં આવેલી હોઇ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૩૭. સંલગ્ન કૉલેજોના આર્થિક બોજા અંગેના પ્રશ્નો તપાસીને અહેવાલ રજૂ કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૮-૫-૧૯૭૪ની સભામાં નિયુક્ત થયેલી સમિતિની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત.

સમિતિની ભલામણ

"ચર્ચાવિચારણાને અંતે નીચે પ્રમાણે ભલામણ કરવામાં આવે છે :

સંલગ્ન કૉલેજોની ગ્રાન્ટ માટે રાજ્ય સરકારે એક સમિતિની રચના કરી છે તે જોતાં, તે સમિતિનો અહેવાલ આવે ત્યાં સુધી સંલગ્ન કૉલેજોના આર્થિક બોજા અંગેના પ્રશ્નો પરત્વેની વિચારણા મુલતવી રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ સ્વીકારવી.

૩૮. સંલગ્ન કૉલેજોના શિક્ષકો અંગે નીચે પ્રમાણેની યાદીઓની નોંધ લેવા બાબત :

(૧) સંલગ્ન કૉલેજોના માન્ય થયેલા શિક્ષકોની યાદી.

(૨) સંલગ્ન કૉલેજોમાં જે શિક્ષકોની નિમણૂક અમાન્ય કરવામાં આવી છે તે અંગેની યાદી.

(૩) અગાઉ માન્ય થયેલ શિક્ષકો જેઓ એક સંલગ્ન કૉલેજમાંથી બીજી સંલગ્ન કૉલેજમાં જોડાયા છે તેની યાદી.

(૪) જોડાણના સંદર્ભમાં જે શિક્ષકોની નિમણૂકને માન્ય કરવામાં આવી છે તેની યાદી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યાદીઓની નોંધ લેવી.

૩૯. સંલગ્ન કૉલેજોના બિનશૈક્ષણિક કર્મચારીઓને યુનિવર્સિટી પરીક્ષાના મહેનતાણાના તથા અન્ય પ્રશ્નો પરત્વે વિચારણા કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૮-૩-૧૯૭૫ની સભામાં નીમેલી સમિતિની તા. ૧૪-૩-૧૯૭૫ ની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં મિકેનિકનું પગારધોરણ રૂ. ૧૫૮-૭-૨૦૭-૧૦-૨૩૭-૧૨-૨૭૩નું નિયત કરવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં મિકેનિકના પગારધોરણ સિવાયની સદરહુ સમિતિની બાકીની ભલામણો મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે પરીક્ષાનાં કામકાજ અંગેના પુરસ્કારના સુધારેલા દરોનો અમલ માર્ચ/એપ્રિલ ૧૯૭૫ની પરીક્ષાઓને પણ લાગુ પડે તે રીતે કરવો.

(સદરહુ સમિતિની તા. ૧૪-૩-૧૯૭૫ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૪૦. ગુજરાત યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા અંધ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ એનાયત કરવા માટે લાયન્સ કલબ ઑફ અમદાવાદ સાઉથ તરફથી રૂ. ૧૫,૦૦૦ના પ્રદાનની દરખાસ્તોનો સ્વીકાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો.

૪૧. યુનિવર્સિટી ગ્રંથાલયમાં જુનિયર કલાર્ક તરીકે કામ કરતાં શ્રીમતી ઉષાબહેન એમ. જયસ્વાલને તેઓની હંગામી સેવાઓ દરમિયાન પ્રોવિડંટ ફંડનો સ્ટે. ૧૮૦-બી પ્રમાણે લાભ આપવા બાબતની તેઓની તા. ૨-૪-૧૯૭૫ ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રીમતી જયસ્વાલ તા. ૧૨-૩-૧૯૭૩ના રોજ હંગામી જગ્યા પર જોડાયાં હતાં અને તેઓને તા. ૧૫-૧૦-૧૯૭૩ના રોજ કાયમી જગ્યા ઉપર નીમવામાં આવ્યાં છે.)

આથી ઠરાવવામાં આવે છે કે જુનિયર કલાર્ક શ્રીમતી ઉષાબહેન એમ. જયસ્વાલને પ્રૉવિડન્ટ ફંડનો લાભ તા. ૧૨-૩-૧૯૭૩થી આપવો.

૪૨. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) સંલગ્ન કૉલેજો તરફથી ફી વધારવા અંગે આવેલી અરજીઓ પર વિચારણા કરી ઘટતી ભલામણ કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૪-૧-૧૯૭૫ની સભામાં નિયુક્ત થયેલી સમિતિની તા. ૧૯-૩-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ મંજૂર કર્યાની :

"આ કૉલેજની (શ્રીમતી સી. સી. મહિલા આર્ટ્સ કૉલેજ, વીસનગર) ફીની અરજી અંગે વિચારણા કરતાં લાગે છે કે રાજ્ય સરકારે જ્યારે કૉલેજોની ગ્રાન્ટ માટે સમિતિની રચના કરી છે તો તે અંગેનો અહેવાલ આવે ત્યાં સુધી આ અરજી પરત્વેની વિચારણા મુલતવી રાખવી."

(૨) નીચેના વિદ્યાર્થીઓને તેમનાં નામ સામે જણાવેલ વિષયમાં પીએચ.ડી. પદવી માટે ઉત્તીર્ણ ઠરેલા જાહેર કર્યાના :

Sr. No.	*Name of the candidate*	*Subject Faculty*	*Title of the Thesis*	*Name of the Guide*
(1)	Ku. Geeta C. Patel	Zoology	Studies of Certain aspects of the functional anatomy of some Indian birds.	Dr. M.S. Duble, Uni. School of Scencies, Ahmedabad-9
(2)	Shri M. M. Patel	Chemistry	Studies in Corrosion of 63/37 Brass and its Inhibition.	Dr. J. C. Vora, Uni. School of Sciences, Ahmedabad-9

(3) Shri Shiban K. Mattoo	Physics	Studies in Radio Astronomy.	Dr. R. V. Bhonsale, P. R. L., Ahmedabad-9
(4) Shri D. N. Vora	Chemistry Science	Some reaction Hyponitrits & related substance.	Dr. V. T. Oza, M. N. College, Viramgam
(5) Shri T. S. Pathan	,,	Histochemical Studies of enzymatic activities as well as ascorbic acid, nucleic acids and basic proteins during vegetative & reproductive differentiation in some cereals.	Dr. C. K. Shah, Botany Dept., Univ. School of Sciences, Ahmedabad-9.
(6) Shri J. C. Patel	,,	Heterocyclic Compound of Nitrogen & Sulphur.	Dr. V. M. Thakor, H. & H. B. Kotak Institute, Rajkot
(7) Shri K. R. Desai	,,	Optical Activity & Reaction Mechanism.	Dr. I. G. Vashi, Chemistry Dept., Univ. School of Sciences, Ahmedabad.

(૩) ઑક્ટોબર ૧૯૭૪માં લેવાયેલ ફાઈનલ એમ.બી.બી.એસ. પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થી શ્રી. અશોક જે. કોઠારીને નેરોબી (કેન્યા)માં આવેલ એચ. એચ. ધી આગાખાન પ્લેટિનમ જ્યુબિલી હૉસ્પિટલમાં બાકી રહેલ ૯ માસની ફરજિયાત રોટેટિંગ ઇન્ટર્નશિપ (ઇન્ટર્નશિપ) કરવાની મંજૂરી આપ્યાના.

(૪) નડિયાદ ખાતે પૉલિમર સાયન્સનો યુનિવર્સિટી વિભાગ સ્થાપવા માટે રૂ. દસ લાખનું દાન તથા જમીન આપવા અંગે શ્રી. ધર્મસિંહ દેસાઈ સાથે કરાર કર્યાના;

(૫) નીચે દર્શાવેલ કૉલેજોનાં એમ.કૉમ.નાં અનુસ્નાતક કેન્દ્રોની ત્રિવાર્ષિક તપાસસમિતિ પર નિમાયેલ સભ્ય પ્રિ. એમ. સી. દેસાઈ અને પ્રિ. એમ. સી. શાહનું ત્રિવાર્ષિક તપાસ માટે પોતાની ગાડીમાં જવા માટે (બન્ને સભ્યોને) ફર્સ્ટ ક્લાસનું મુસાફરી ભથ્થું ખાસ કેસ તરીકે મંજૂર કર્યાના :

કૉલેજોનાં નામ :

૧. સૈફી જ્યુબિલી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુર
૨. કે. કે. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા
૩. સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડી
૪. આઈ. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, નડિયાદ
૫. નવજીવન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ.

(૬) ઉનાળાની રજાઓમાં ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે હરિ ૐ આશ્રમ પ્રેરિત વિદ્યાર્થી જીવન વિકાસ હરિભા ભાઈલાલભાઈ પટેલ (નડિયાદ) સ્મારક ટ્રસ્ટની યોજના હેઠળ યોજનાર આંતર-યુનિવર્સિટી કચ્છ-રણ છાવણી માટે રૂ. ૫,૦૦૦નું અંદાજી ખર્ચ કુલપતિશ્રીએ મંજૂર કર્યાના;

(**નોંધ.**—આ ખર્ચ માટેનાં નાણાં સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા સદરહુ ટ્રસ્ટ પાસેથી મળશે.)

(૭) યુનિવર્સિટીનું સને ૧૯૭૫-૭૬ના વર્ષના અંદાજપત્ર તથા સને ૧૯૭૪-૭૫ વર્ષના પુનર્નિર્મિત અંદાજપત્ર ઉપરની વિચારણા તા. ૨૯/૩૦-૩-૧૯૭૫ની કૉર્ટની વાર્ષિક સભામાં પૂરી થઈ શકી નહીં અને નવું વર્ષ તા. ૧-૪-૧૯૭૫થી શરૂ થતું હોઈ એકિઝકયુટિવ કાઉન્સિલે મંજૂર કરેલ સદરહુ અંદાજપત્રની નોંધ લીધાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૪૩, જૂન ૧૯૭૬થી નીચેની સંસ્થાઓ તરફથી તેમનાં નામ સામે જણાવેલી વિદ્યાશાખાની કૉલેજ શરૂ કરવા માટેની જોડાણ અરજી અંગે યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨)ના સંદર્ભમાં વિચારણા કરી જરૂરિયાત નકકી કરવા બાબત.

ક્રમાંક	અરજી કરનાર સંસ્થાનું નામ	સ્થળ	વિદ્યાશાખા
૧.	આર્ટ્સ કૉલેજ, સંખેડા	સંખેડા	વાણિજ્ય
૨.	પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ (ફક્ત બહેનો માટે)	ગોધરા	વિનયન અને વાણિજ્ય
૩.	સી. યુ. શાહ કૉલેજ, અમદાવાદ	અમદાવાદ	કાયદો
૪.	ગોધરા તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ, ગોધરા (ફક્ત બહેનો માટે)	ગોધરા	વિનયન
૫.	ચતુર્ભુજ લાજપતરાય એજ્યુકેશન ટ્રસ્ટ	અમદાવાદ	વિનયન અને વાણિજ્ય (હિંદી માધ્યમ)

ક્રમાંક	અરજી કરનાર સંસ્થાનું નામ	સ્થળ	વિદ્યાશાખા
૬.	શ્રી. અરવિંદો એજ્યુકેશન ટ્રસ્ટ	અમદાવાદ	વાણિજ્ય
૭.	ડૉ. આંબેડકર એજ્યુકેશન સોસાયટી, અમદાવાદ	અમદાવાદ	વિનયન અને વાણિજ્ય
૮.	નવજાગૃતિ એજ્યુકેશન ટ્રસ્ટ	અમદાવાદ	વિનયન અને વાણિજ્ય
૯.	,,	,,	કાયદો
૧૦.	શ્રી. ડી. ડી. દેસાઈ ટ્રસ્ટ	નડિયાદ	વાણિજ્ય
૧૧.	સ્વામી ભગવદાચાર્યજી એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ	,,	વાણિજ્ય

(તા. ૨–૪–૧૯૭૫ના રોજ અરજી આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્ય એમ. એસ. પંડિત
૨. આચાર્ય એમ. સી. શાહ
૩. પ્રો. ડી. એન. પાઠક
૪. શ્રી. નવીનચંદ્ર બારોટ.

૪૪. યુનિવર્સિટી ધારાની કલમ ૩૩–એ (૧) (બી) (૧) અને (૨) અનુસાર સંલગ્ન કૉલેજોએ શિક્ષકોની નિમણૂક કરતી વખતે પ્રત્યેક કૉલેજની જે તે વરણીસમિતિ પર યુનિવર્સિટીના પ્રતિનિધિ હોવા આવશ્યક હતા તે છતાં પણ યુનિવર્સિટીના પ્રતિનિધિ સિવાય કેટલીક કૉલેજોમાં શિક્ષકોની નિમણૂકો કરવામાં આવી છે. તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિમણૂકો ચાલુ વર્ષ પૂરતી ગ્રાહ્ય ગણવી.

વધુમાં પુનઃ ઠરાવવામાં આવે છે કે તમામ સંલગ્ન કૉલેજોને જણાવવું કે શિક્ષકોની નિમણૂકો અંગેની વરણીસમિતિ પર યુનિવર્સિટીના પ્રતિનિધિઓને બોલાવ્યા વિના કોઈ પણ નિમણૂક કરવામાં આવશે તો તે તે નિમણૂક માન્ય કરવામાં આવશે નહીં અને ગ્રાન્ટના હેતુ માટે તે અગ્રાહ્ય ગણવા માટે શિક્ષણસંચાલકશ્રીને ભલામણ કરવામાં આવશે.

૪૫. તા. ૮–૪–૧૯૭૫ના રોજ એમ.એ. ભાગ ૧ની પરીક્ષામાં "થિયરી ઑફ મની"ના પેપર અંગે વિદ્યાર્થીઓની આવેલ અરજી ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં ટી.વાય.બી.એસસી. કેમિસ્ટ્રીના પ્રશ્નપત્ર ૮ વખતે તા. ૯–૪–૧૯૭૫ના રોજ વિદ્યાર્થીઓ પરીક્ષા-ખંડમાંથી ઊઠી ગયા હતા તે બાબત પણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી.

તે પછી કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતો અંગેની વિચારણા હાલ મોકૂફ રાખવી.

વધુમાં આ સભાગૃહ ઠરાવે છે કે પરીક્ષા બહિષ્કારની આ સામુદાયિક પ્રવૃત્તિ બરદાસ્ત કરી શકાશે નહીં અને જે વિદ્યાર્થીઓ પરીક્ષા ટાળશે તે પોતાના હિસાબે અને જોખમે જ તેમ કરશે.

૪૬. ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘની પગલાં સમિતિની તા. ૭--૪--૧૯૭૫ના રોજની સભામાં તા. ૯--૪--૧૯૭૫થી ગ્રૅચ્યુઇટી તથા ઇન્સ્યોરન્સના સ્ટ્રેચ્યૂટસને અનુમતિ આપવાની માંગણીના સંદર્ભમાં ૧ કલાકની પેન ડાઉન સ્ટ્રાઈક શરૂ કરવા અને તેમાં દર અઠવાડિયે બીજા એક કલાકનો ઉમેરો કરવા વિ. પગલાંની જાણ કરતા સંઘના તા. ૭--૪--૧૯૭૫ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘનો તા. ૧૧–૪–૧૯૭૫નો પત્ર પણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે—

(૧) સદરહુ પત્રમાં જણાવેલ, સંઘના તા. ૧૧–૪–૧૯૭૫માં જણાવેલા ઠરાવ નં. ૨ અંગે આ સભાગૃહને કશું કરવાપણું નથી.

(૨) સદરહુ બાબત (સંઘના તા. ૧૧–૪–૧૯૭૫માં જણાવેલા ઠરાવ નં. ૧ સહિત) અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલ સભ્યોની બનેલી સમિતિ નીમવી :

૧. ડૉ. બિહારીભાઈ કનૈયાલાલ
૨. પ્રો. મનુભાઈ પંચોલી
૩. ડૉ. જે. એન. પટેલ
૪. શ્રી. નવીનચન્દ્ર બારોટ.

૪૭. ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં ડેપ્યુટી એકાઉન્ટન્ટ (ઑડિટ) શ્રી. વી. વી. શાહને તેઓના સોસાયટીના હાલના મકાનમાં બાકી રહેલાં કામો કરાવવા અંગે સ્ટે. ૧૮૮ (૨) પ્રમાણેની બીજી વારની તેઓના ખાતે નીકળતી લોન આપવા અંગેની તેઓની તા. ૩--૪--૧૯૭૫ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) શ્રી. વી. વી. શાહના ખાતે તા. ૩૧–૩–૧૯૭૫ના રોજ રૂ. ૧૪,૭૬૬–૯૪ જમા છે અને તેમાંથી તેઓની બિલ્ડિંગ લોનના રૂ. ૭,૭૧૯–૦૦ તથા પ્રોવિડન્ટ ફંડની લોનના રૂ. ૩,૦૮૦ અને તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.

(૨) એકિઝ. કાઉન્સિલની તા. ૭–૧૨–૧૯૭૪ અને તા. ૪–૨–૧૯૭૫ની સભામાં આ લોન નામંજૂર કરવામાં આવી હતી.]

આથી ઠરાવવામાં આવે છે કે ડેપ્યુટી એકાઉન્ટન્ટ (ઑડિટ) શ્રી. વી. વી. શાહને તેમના પ્રોવિડન્ટ ફન્ડ ખાતામાંથી રૂ. ૧૪,૭૬૬ની બિલ્ડિંગ લોન સ્ટે. ૧૮૮ (૨) હેઠળ યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ મંજૂર કરવી.

૪૮. ત્રિવાર્ષિક તપાસસમિતિઓના અહેવાલો પરત્વે એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની તા. ૧૮--૨--૧૯૭૫ની તથા તા. ૯--૪--૧૯૭૫ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની તા. ૧૮-૨-૧૯૭૫ અને તા. ૯-૪-૧૯૭૫ની સભાઓની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૮–૨–૧૯૭૫ અને તા. ૯–૪–૧૯૭૫ની સભાઓની કાર્યવાહીની નોંધની નકલો **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૪૯. સરદાર પટેલ યુનિવર્સિટીના બોટેની ડિપાર્ટમેન્ટ તરફથી અખિલ ભારતીય પરિસંવાદ "Form, Structure and Function in Plants" વિષય ઉપર ઑક્ટોબર ૧૯૭૫માં વલ્લભવિદ્યાનગર ખાતે યોજનાર છે તેમાં નિરીક્ષકો તથા પ્રતિનિધિઓ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. સી. કે. શાહને મોકલવા.

૫૦. એમ. એસ. (જનરલ સર્જરી)ની પરીક્ષા માટે "શ્રી. જગમોહન એલ. પરીખ સ્મૃતિ ચંદ્રક"ઓ નામથી ચંદ્રક એનાયત કરવા માટે રૂ. ૭,૮૫૦ (૭,૫૦૦ ચંદ્રકના ફંડ માટે + રૂ. ૩૫૦ ચાલુ વર્ષે તેનો અમલ કરવા માટે) પ્રદાન સ્વીકારવાની દરખાસ્તનો યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨–૧૧–૧૯૭૪ની સભામાં સાભાર સ્વીકાર કરેલ છે પરંતુ ડૉ. એ. જે. પરીખે તેમના તા. ૬–૪–૧૯૭૫ના પત્રથી આ ચંદ્રક તેમનાં માતુશ્રી શ્રીમતી સરસ્વતી જગમોહન પરીખના નામે એનાયત કરવાની વિનંતી કરી છે તો તે મુજબ સ્વીકારીને પ્રદાન અંગેના સુધારેલા નિયમો મંજૂર કરવા બાબત તથા તે મુજબ ચાલુ વર્ષની પરીક્ષા માટે તે એનાયત કરવા માટે મંજૂરી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો તથા સદરહુ ચન્દ્રક સાથે સદ્‌ગત શ્રી. જગમોહન એલ. પરીખને બદલે શ્રીમતી સરસ્વતીબહેન જગમોહન પરીખનું નામ જોડવાની દાતા ડૉ. અંબરીષ પરીખની વિનંતી મંજૂર કરવી અને તે મુજબ સદરહુ ચન્દ્રકના પ્રદાન અંગેના સુધારેલા નિયમો મંજૂર કરવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ૧૯૭૪–૭૫ના વર્ષમાં ચન્દ્રક આપી શકાય તે માટે સદરહુ દાતા તરફથી મળેલ રૂ. ૩૫૦/–ના વધારાના પ્રદાનનો પણ સાભાર સ્વીકાર કરવો અને સદરહુ ચન્દ્રકની જાહેરાત ચાલુ વર્ષે યુનિવર્સિટીની પરીક્ષાના પરિણામની સાથે કરવી.

૫૧. એમ.એ. પરીક્ષા માટેના "શ્રી. મોહનલાલ લલ્લુભાઈ વ્યાકરણ ચંદ્રક"ના મૂળ નિયમ નં. ૧ અને ૨ ને બદલે દાતા શ્રી. જે. એમ. શુકલે તેમના તા. ૧૫–૧–૧૯૭૫ના પત્રથી સૂચવ્યા પ્રમાણે નીચે દર્શાવ્યા મુજબ સુધારેલો નિયમ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

19.	Soak well	Rs. 750–00 per each	1 No.
20.	Whole valve 1"	Rs. 20–00 per each	25 Nos.
	—do— 3/4"	,, 18 per each	10 Nos.
	—do— 2"	,, 40 per each	2 Nos.
21.	C. I. Cowl	,, 4 per each	10 Nos.
22.	A. C. Cowl	,, 4 per each	15 Nos.
23.	C. I. Connection	,, 50 per each	1 No.

5	6	7	8	9
17 Nos.	..	1 No.	..	30/-
6 Nos.	4 Nos.	..	800/-	..
1 No.	..	..	..	..
1 No.	..	2 No.	..	340/-
Nil	..	1 No.	..	200/-
13 No.	1 No.	..	25/-	..
Nil	..	1 No.	..	10/-
1 No.	..	..	..	..
Nil	..	4 Nos.	..	1,800/-
Nil	..	1 No.	..	750/-
Nil	..	25 Nos.	..	500/-
Nil	..	10 Nos.	..	180/-
Nil	..	2 Nos.	..	80/-
17 Nos.	7 Nos.	..	28/-	..
Nil	..	15 Nos.	..	60/-
Nil	..	1 No.	..	50/-

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૬૦

"પ્રો. જે. જે. ચિનોય સ્મૃતિ ચંદ્રક"

૧. દાતાનું નામ તથા સરનામું : કન્વીરશ્રી, પ્રો. જે. જે. ચિનોય કો-મેમોરેશન ફંડ, દ્વારા વનસ્પતિવિજ્ઞાન વિદ્યાભવન, વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.

૨. પ્રદાનની રકમ : રૂ. ૭,૦૦૧નું રોકડ પ્રદાન.

૩. પ્રદાનનો પ્રકાર : રૂ. ૩૩૦નો એક સુવર્ણમંડિત ચંદ્રક.

૪. પ્રદાનનો સ્વીકાર : એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૮-૭-૧૯૭૪ની સભામાં પ્રદાનનો સાભાર સ્વીકાર કરેલ છે.

નિયમો

૧. "પ્રો. જે. જે. ચિનોય સ્મૃતિ ચંદ્રક" એ નામનો એક સુવર્ણમંડિત ચંદ્રક ગુજરાત યુનિવર્સિટીની માર્ચ-એપ્રિલમાં લેવામાં આવતી એમ.એસસી.ની અનુસ્નાતક પદવી પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓમાંથી જે વિદ્યાર્થીએ વનસ્પતિવિજ્ઞાનના વિષયમાં સૌથી વધુ ગુણાંક મેળવ્યા હશે તેને એનાયત કરવામાં આવશે.

૨. ચંદ્રક વિજેતાનું નામ બને ત્યાં સુધી પરીક્ષાના પરિણામ સાથે જાહેર કરવામાં આવશે અને વિજેતા વિદ્યાર્થીના નામ અને સરનામાની ઘટતી જાણ દાતાને કરવામાં આવશે.

૩. વિજેતાને ચંદ્રક આપવામાં તેની જાત, નાત કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહિ.

૪. સદરહુ ચંદ્રક એનાયત કરવા અંગે યુનિવર્સિટીની એક્ઝિકયુટિવ કાઉન્સિલને વખતોવખત જે શરતો ઉમેરવી આવશ્યક જણાશે તે ઉમેરવા માટે તેને અધિકાર રહેશે.

૫. આ સખાવતની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

૬. આ સખાવતની વાર્ષિક આવકની બચત કુલ રકમમાં ઉમેરવામાં આવશે.

પરિશિષ્ટ "૮"
કામકાજ ક્રમાંક ૬૧

"સ્વ. ડૉ. શોભના મહેતા સ્મૃતિ સુવર્ણ ચંદ્રક"

૧. દાતાનું નામ તથા સરનામું : Dr. Kishor A. Mehta, Paediatrician-in-chief, Framingham Union Hospital, Framingham, BOSTON, Massachusetts, 01701.

૨. પ્રદાનની રકમ : રૂ. ૧૫,૦૦૦ રોકડ પ્રદાન જેનું સરકારી જામીનગીરીઓમાં રોકાણ કરવામાં આવશે. વધુ પ્રદાનની રકમ ૧૦૦ ડોલર દાતા મારફત આવી છે.

૩. દાનનો પ્રકાર : બે ચંદ્રક—એક માર્ચ માટે અને એક ઑકટોબર માટે.

૪. પ્રદાનનો સ્વીકાર : એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૫–૧૦–૧૯૭૪ની સભામાં સાભાર સ્વીકાર કર્યો છે.

નિયમો

૧. "સ્વ. ડૉ. શોભના મહેતા સ્મૃતિ સુવર્ણચંદ્રક" એ નામનો આશરે રૂપિયા ૩૫૫ની કિંમતનો એક ચંદ્રક દર વર્ષે આ યુનિવર્સિટી તરફથી માર્ચ–એપ્રિલમાં આવતી એમ.ડી. (એનેસ્થેસિયા)ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓ પૈકી, સદરહુ પરીક્ષા માટે નીમવામાં આવેલ પરીક્ષકોની સમિતિ સદરહુ પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થીને ચંદ્રક માટે લાયક છે એમ જણાવશે તેને તે એનાયત કરવામાં આવશે.

૨. "સ્વ. ડૉ. શોભના મહેતા સ્મૃતિ સુવર્ણચંદ્રક" એ નામનો આશરે રૂપિયા ૩૫૫ની કિંમતનો એક ચંદ્રક દર વર્ષે આ યુનિવર્સિટી તરફથી ઑકટોબર માસમાં લેવામાં આવતી એમ.ડી.–(એનેસ્થેસિયા)ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓમાંથી સદરહુ પરીક્ષા માટે નીમવામાં આવેલ પરીક્ષકોની સમિતિ સદરહુ પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થીને ચંદ્રકને માટે લાયક છે એમ જણાવશે તેને તે એનાયત કરવામાં આવશે.

૩. જો કોઈ વખતે પરીક્ષકોની સમિતિને એમ લાગે કે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓ પૈકી ચંદ્રક માટે કોઈ લાયક નથી તો તે વખતે સદરહુ પ્રદાનના વ્યાજની ઊપજ મૂળ સખાવતની રકમમાં ઉમેરવામાં આવશે.

૪. ચંદ્રક વિજેતાઓનાં નામો બને ત્યાં સુધી પરીક્ષાના પરિણામ સાથે જાહેર કરવામાં આવશે, અને દાતાને વિજેતાઓનાં નામો, તેનાં સરનામાંની જાણ કરવામાં આવશે.

૫. સદરહુ ચંદ્રકો યુનિવર્સિટીના પદવીદાન સમારંભ વખતે વિજેતાઓને એનાયત કરવામાં આવશે.

૬. ચંદ્રક આપવામાં વિજેતાની નાત, જાત કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહીં.

૭. સદરહુ ચંદ્રકો એનાયત કરવા અંગેની શરતોમાં યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલને વખતોવખત કોઈ શરતો ઉમેરવાનું કે તેમાં ફેરફાર કરવાનું આવશ્યક જણાશે તો તેમ કરવાને તેને અધિકાર રહેશે.

૮. આ સખાવતની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

૯. આ સખાવતની વાર્ષિક આવકની બચત મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિકયુટિવ કાઉન્સિલની જૂન માસની સભા, શનિવાર, તા. ૭-૬-૧૯૭૫ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૭-૬-૧૯૭૫
૧.	શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ, કુલપતિ	હાજર
૨.	શ્રી. શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	આચાર્ય એમ. એસ. પંડિત	હાજર
૪.	શ્રી. પ્રફુલ્લચંદ્ર ચંદુલાલ શાહ	ગેરહાજર
૫.	શ્રી. નવીનચંદ્ર મોતીલાલ બારોટ	ગેરહાજર
૬.	ડૉ. જ્યોતીન્દ્ર લક્ષ્મીશંકર ભટ્ટ	હાજર
૭.	પ્રો. અનંતરાય મણિશંકર રાવળ	હાજર
૮.	ડૉ. વિનોદકાન્ત ચૂનીલાલ શાહ	ગેરહાજર
૯.	આચાર્ય દર્શનસિંઘ મુસ્તાકસિંઘ શીખ	હાજર
૧૦.	આચાર્ય ડૉ. ધીરુભાઈ પ્રેમશંકર ઠાકર	ગેરહાજર
૧૧.	આચાર્ય ડૉ. હર્ષદભાઈ મોતીભાઈ દેસાઈ	હાજર
૧૨.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૧૩.	પ્રા. મનુભાઈ દેવશંકર પંચોલી	હાજર
૧૪.	શ્રી. ગુલાબભાઈ રતનજી દેસાઈ	હાજર
૧૫.	ડૉ. જશવંતલાલ નાનાલાલ પટેલ	ગેરહાજર
૧૬.	પ્રો. દેવવ્રત નાનુભાઈ પાઠક	હાજર
૧૭.	ડૉ. અંબાશંકર એસ. નાગર	હાજર
૧૮.	ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહ	હાજર
૧૯.	શ્રી. મણિભાઈ ગોરધનભાઈ બ્રહ્મભટ્ટ	હાજર
૨૦.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર.

૧. તા. ૮-૫-૧૯૭૫ના રોજ મળેલ એક્ઝિકયુટિવ કાઉન્સિલની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૮-૫-૧૯૭૫ના રોજ મળેલી એક્ઝિકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. સર સયાજીરાવ હીરક મહોત્સવ અને સ્મારક નિધિ, વડોદરા તરફથી જૂના વડોદરા રાજ્યના વિસ્તારમાંથી આવતા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ માટે છાત્રાલયો બાંધવા માટે જમીન અંગેનો કરારનામાનો મુસદ્દો જે એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૨૯-૬-૧૯૭૫થી મંજૂર કરવામાં આવેલ તે સદરહુ ટ્રસ્ટને મોકલાવતાં તેઓને તે માન્ય નથી તેમ જણાવતાં તેમના તા. ૬-૫-૧૯૭૫ના પત્રની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવા.

૩. યુનિવર્સિટી કેમ્પસમાં રસ્તાઓ તથા બત્તીઓની વ્યવસ્થા અંગે રૂ. ૨૦,૫૦૦નું ખર્ચ મંજૂર કરવા વિચારણા કરવા બાબત.

[નોંધ.—મ્યુનિસિપલ કોર્પોરેશન પાસે ૧૦ ટકાના ખર્ચે પ્રિન્સિપાલના બંગલાઓથી લાઇબ્રેરીના રસ્તા ઉપર ડામરકામ તથા લાઇટિંગ કરવા માટે તથા ફાર્મસી કોલેજથી પી. આર. એલ ના રસ્તા ઉપર ડામરકામ અંગેના કુલ ખર્ચ રૂ. ૮૧,૮૩૦ અંગે અટિરા, પી. આર. એલ. તથા અમદાવાદ એજ્યુકેશન સોસાયટી વચ્ચે સરખે હિસ્સે વહેંચીને આ રકમ યુનિવર્સિટીએ આપવાનો પ્રસ્તાવ છે]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો અને તે માટે ખર્ચમાં યુનિવર્સિટીના હિસ્સા પેટે રૂ. ૨૦,૫૦૦/-નું ખર્ચ મંજૂર કરવું.

૪. જાપાનની એતેમેન ગાકુઇન યુનિવર્સિટી અને ગુજરાત યુનિવર્સિટી વચ્ચે વિદ્યાર્થી વિનિમય કાર્યક્રમ ૧૯૭૫-૭૬ના વર્ષ સુધી ચાલુ રાખવા ભારત સરકારના તા. ૨-૯-૧૯૭૪ના પત્રાંક એફ. ૬૮-૧-૭૩—યુ—૩થી અનુમતિ મળેલ છે. તો અગાઉની જેમ ચાલુ વર્ષે પણ આ યોજના ચાલુ રાખવા તેમજ આ અંગે જરૂરી ખર્ચ કરવા કુલપતિશ્રીને સત્તા આપવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.— ઉપરોક્ત યોજના હેઠળ ચાલુ વર્ષે રૂ. ૬,૫૦૦નો ખર્ચ અંદાજેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યોજના ૧૯૭૫-૭૬ના વર્ષમાં પણ ચાલુ રાખવી અને તે માટે રૂ. ૬,૫૦૦/- સુધીનું ખર્ચ મંજૂર કરવું અને તે યોજનાની વિગતો અને ખર્ચ મંજૂર કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫. ગુજરાત યુનિવર્સિટી સ્ટાફ સ્પોર્ટ્સ ક્લબને સને ૧૯૭૫ના વર્ષ માટે આર્થિક સહાય આપવા અંગેના સદરહુ ક્લબના પ્રમુખશ્રીના તા. ૭-૫-૧૯૭૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૮-૫ ૧૯૭૪ની સભામાં ૧૯૭૪ના વર્ષ માટે સદરહુ ક્લબને રૂ. ૩,૦૦૦/- (અંકે રૂ. ત્રણ હજાર)ની આર્થિક સહાય આપવાનું ઠરાવ્યું હતું.]

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી સ્ટાફ સ્પોર્ટ્સ ક્લબને સને ૧૯૭૫ના વર્ષ માટે રૂ. ૩,૦૦૦/-ની આર્થિક સહાય આપવી અને તેને પોતાના વાર્ષિક હિસાબો રજૂ કરવા માટે જણાવવું.

૬. યુનિવર્સિટી કાર્યાલયમાં અને ગ્રંથાલયમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો એક વર્ષનો અજમાયશી સમય પૂરો થતો હોઈ તેઓને તેમનાં નામ સાથે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. એન. એસ. ઉપાધ્યાય	સિક્યુરિટી ઑફિસર	૩૧-૭-૧૯૭૫	૧-૮-૧૯૭૫થી
૨.	શ્રી સી. જી. પટેલ	ક્લાર્ક-ટાઇપિસ્ટ યુનિવર્સિટી ગ્રંથાલય	૨૪-૭-૧૯૭૫	૨૫-૭-૧૯૭૫થી

સદરહુ સભ્યોની કામગીરી અંગેના બાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા.

૭. ગુજરાત યુનિવર્સિટીમાં કામ કરતા નીચેના કર્મચારીઓને તેઓનાં નામ સામે જણાવેલ કારણોસર રૂ. ૧૮૮(૨) પ્રમાણેની તેઓના પ્રોવિડન્ટ ફંડ ખાતામાંથી લોન આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ તથા વિભાગ	૩૧-૩-૧૯૭૫ સુધીની જમા રકમ	કયાં કારણોસર જોઈએ છે.
૧.	શ્રી. પી. એમ. મહેતા, સ્ટોરકીપર, વિજ્ઞાન વિદ્યાભવન	રૂ. ૧,૧૦૬-૨૩	મકાનનાં બાકીનાં કામ પૂરાં કરવા માટે.
૨.	શ્રી. આઈ. એલ. વાળંદ, પટાવાળા ગુજરાત યુનિવર્સિટી	રૂ. ૩,૫૨૮-૭૮	મકાન મરામત અંગે.

[નોંધ. —(૧) શ્રી. પી. એમ. મહેતાના ખાતે તા. ૩૧-૩-૧૯૭૫ સુધી રૂ. ૧,૧૦૬-૨૩ પૈ. જમા છે તેમાંથી તેઓની પ્રોવિડન્ટ ફંડની લોનના રૂ ૮૯૫·૦૦ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.

(૨) શ્રી. આઈ. એલ. વાળંદના ખાતે તા. ૩૧-૩-૧૯૭૫ સુધી રૂ. ૩,૫૨૮-૭૮ પૈ. જમા છે અને તેમાંથી તેઓની પ્રોવિડન્ટ ફંડની લોનના રૂ. ૧,૩૦૦-૦૦ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.]

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરના કર્મચારીઓને રૂ. ૧૮૮(૨) હેઠળ તેમના નામ સામે જણાવેલ રકમની લોન તેમના પ્રોવિડન્ટ ફન્ડમાંથી યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ મંજૂર કરવી.

૮. યુનિવર્સિટી વિદ્યાભવનોમાં શિક્ષકગણની નીચેની જગ્યાઓ માટે વરણી સમિતિઓની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત :

(૧) પ્રોફેસર ઑફ સાયકોલોજી
(૨) પ્રોફેસર ઑફ બોટાની
(૩) પ્રોફેસર ઑફ મેથેમેટિક્સ
(૪) રીડર ઇન લેબર વેલ્ફર
(૫) લેકચરર ઇન એજ્યુકેશન
(૬) લેકચરર ઇન ઇકોનોમેટ્રિક્સ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યાઓ માટેની વરણીસમિતિઓ પર નીચેના સભ્યોની ક્રમાનુવર્તી ધોરણે નિમણૂક કરવી :

(૧) પ્રોફેસર ઑફ સાયકોલોજી

૧. ડૉ. એસ. કે. મિત્ર (એન.સી.ઈ આર.ટી.)
૨. ડૉ. એસ. વી. કાલે (મુંબઈ)
૩. પ્રો. વી. કે. કોથારકર (પૂના)
૪. પ્રો. એચ. સી. ગાંગુલી (દિલ્હી)
૫. ડૉ. એમ. વી. તીર્થ (બેંગલોર)

(૨) પ્રોફેસર ઑફ બોટની

૧. ડૉ. એચ. વાય. મોહનરામ (દિલ્હી)
૨. ડૉ. ટી. એસ. મહાબલે (પૂના)
૩. ડૉ. બી. ત્યાગી (જયપુર)
૪. ડૉ. એચ. ડી. કુમાર (ઉદેપુર)
૫. ડૉ. ઓ. સીદ્દીકી (ટી.આઈ.એફ.આર., મુંબઈ)

(૩) પ્રોફેસર ઑફ મેથેમેટિકસ

૧. ડૉ. એસ. એસ. શ્રીખંડે (મુંબઈ)
૨. ડૉ. એચ. સી. ગુપ્તા (દિલ્હી)
૩. ડૉ. રામકુમાર (ઉદેપુર)
૪. ડૉ. કૃષ્ણમૂર્તિ (પિલાણી)
૫. ડૉ. વી. પી. ભાપકર (પૂના)

(૪) રીડર ઇન લેબર વેલ્ફેર

૧. ડૉ. ટી. એસ. પપોલા (આઈ.આઈ.એમ.)
૨. ડૉ. મહેશ દેસાઈ (મુંબઈ)
૩. જસ્ટિસ જે. એમ. શેલત
૪. ડૉ. બી. એસ. લીર (મુંબઈ)
૫. ડૉ. એન. આર. શેઠ (આઈ.આઈ.એમ.)

(૫) લેકચરર ઇન એજ્યુકેશન

૧. પ્રો. ગૌરીભાઈ ભટ્ટ
૨. પ્રો. ચન્દ્રવદન શાહ
૩. પ્રો. આર. એસ. ત્રિવેદી
૪. ડૉ. એમ. બી. બુચ (બરોડા)

(૬) લેકચરર ઇન ઈકોનોમેટ્રિકસ

૧. પ્રો. ડી. ટી. લાકડાવાળા
૨. શ્રી. વી. વી. દીવેટિયા
૩. ડૉ. પ્રભુનાથ મિશ્રા (આઈ.આઈ.એમ.)
૪. ડૉ. કે. કે. સુબ્રમણ્યમ્ (એસ.પી.આઈ.)

૯. જૂન, ૧૯૭૬થી ચાલુ-વધારાના જોડાણ માટે સંલગ્ન કૉલેજો તરફથી આવેલ અરજીઓની બાબતોમાં સ્થાનિક તપાસસમિતિઓ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જૂન ૧૯૭૬ થી ચાલુ / વધારાના જોડાણ માટે સંલગ્ન કૉલેજો તરફથી આવેલ અરજીઓની બાબતમાં જરૂરી સ્થાનિક તપાસસમિતિઓ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૦. સને ૧૯૭૫-૭૬ના શૈક્ષણિક વર્ષ દરમ્યાન નીચે જણાવેલ સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓ અંગે ત્રિવાર્ષિક તપાસ કરી અહેવાલ આપવા માટે ત્રિવાર્ષિક તપાસ-સમિતિઓ નીમવાની વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજ / સંસ્થાનું નામ	વિદ્યાશાખા
(૧)	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	વિનયન
(૨)	જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	વિનયન
(૩)	ગુજરાત કૉલેજ, અમદાવાદ	વિનયન અને વિજ્ઞાન
(૪)	આર. આર. લાલન કૉલેજ, ભુજ	વિનયન અને વિજ્ઞાન
(૫)	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ	વિજ્ઞાન
(૬)	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	વાણિજ્ય
(૭)	એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	વાણિજ્ય
(૮)	સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ	કાયદો
(૯)	ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદ	કાયદો
(૧૦)	એમ. એસ. ભગત એન્ડ સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદ	કાયદો
(૧૧)	એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ	ઇજનેરી
(૧૨)	શ્રીમતી એન. એચ. એલ. મ્યુનિ. મેડિકલ કૉલેજ, અમદાવાદ	તબીબી
(૧૩)	બી. જે ઇન્સ્ટિટ્યુટ ઑફ લર્નિંગ એન્ડ રિસર્ચ, અમદાવાદ	વિનયન

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલ સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓ અંગે જરૂરી ત્રિવાર્ષિક તપાસસમિતિઓ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૧. એક્ઝિકયુટિવ કાઉન્સિલ તેની તા. ૧૫-૧૨-૧૯૭૩ની તેમ જ તા. ૧૮-૭-૧૯૭૪ની સભામાં સેન્ટર ફૉર મૅનેજમેન્ટ એન્ડ પ્રોફેશનલ ટ્રેઇનિંગ અંગે નીમેલી સમિતિ પર ડાયરેક્ટર ઑફ મૅનપાવર એન્ડ એમ્પ્લોયમેન્ટ ટ્રેઇનિંગ શ્રી. એસ. પી. તનેજાની નિમણૂક કરી હતી તો તેમની જગ્યાએ હાલ કાર્ય કરતા શ્રી. સી. એમ. પટેલની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર શ્રી. એસ. પી. તનેજાની જગ્યાએ ગુજરાત રાજ્યના ડાયરેક્ટર ઑફ મેનપાવર એન્ડ એમ્પલોયમેન્ટ ટ્રેઇનિંગને હોદ્દાની રૂએ નીમવા.

૧૨. ૧૯૭૮ના વર્ષમાં ઇન્ડિયન સાયન્સ કોંગ્રેસનું ૬૫મું અધિવેશન ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે અમદાવાદ મુકામે યોજવા અંગેના ગુજરાત યુનિવર્સિટીના આમંત્રણનો સ્વીકાર કર્યાના તા. ૬-૫-૧૯૭૫ના જાણ કરતા તેના મંત્રીશ્રીના પત્રાંક ૮૪૭/૯-૭૫-૭૬ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી તથા નીચે જણાવેલ અધ્યાપકોને સ્થાનિક સંયુક્ત મંત્રીઓ તરીકે નીમવા :

૧. ડૉ. વી. સી. શાહ
૨. ડૉ. એમ. એન. દેસાઈ
૩. ડૉ. જે. જે. ત્રિવેદી.

૧૩. જૂન, ૧૦થી ૧૨, ૧૯૭૫ના સમય દરમિયાન Indian Public Health Associationનું ૧૯મું વાર્ષિક અધિવેશન તામિલનાડુ, ગાંધીગ્રામ મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે એસોસિયેશનના કાર્યકારી મંત્રીશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.** — અધિવેશનમાં ચર્ચાના મુખ્ય વિષય " Minimum Health care needs of the rural and urban population in India" છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કોઈને મોકલવા નહીં.

૧૪. જૂન ૨૨થી ૨૫, ૧૯૭૫ના સમય દરમિયાન મદ્રાસ મુકામે Asian Poets Meet યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે સદરહુ સોસાયટીના પ્રમુખશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સંમેલનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કોઈને મોકલવા નહીં.

૧૫. નવેમ્બર ૧૧થી ૧૩, ૧૯૭૫ના સમય દરમિયાન International Association of University Presidentsનું ૪થું ત્રિવાર્ષિક અધિવેશન બોસ્ટન (યુ.એસ.એ.) મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) ચર્ચાનો મુખ્ય વિષય Toward a New Direction in Higher Education for the 21st century.

(૨) American Association of State colleges and Universities'ની ૧૧મી વાર્ષિક સભા પણ આ સમય દરમ્યાન મળનાર છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના બોસ્ટન (યુ.એસ.એ.) ખાતે યોજાયેલ અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલને, તેઓ ચાલુ વર્ષે એસોસિયેશન ઑફ ઇન્ડિયન યુનિવર્સિટીઝનું અધ્યક્ષપદ સંભાળે છે તે વિશિષ્ટ સંજોગો લક્ષમાં લેતાં, મોકલવા તથા તે માટેનું જરૂરી ખર્ચ મંજૂર કરવું. આમ છતાં એસોસિયેશન ઑફ યુનિવર્સિટીઝ, યુસેફી કે અન્ય સંસ્થાઓ દ્વારા આ ખર્ચ પ્રાપ્ત કરવા જરૂરી પ્રયત્ન કરવો.

૧૬. કોમ્પ્યુટર સમિતિની તા. ૭-૪-૧૯૭૫ના રોજ મળેલ સભાએ કરેલી નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

' (2) (A) The post specified as Punch Room Supervisor may be renamed as EDP Supervisor. The scale of the post may be kept same, however, the requirement of qualifications may be prescribed as under :

" Graduate with one year's experience of Unit Equipment or S.S.C. with five years' experience of Unit Record Equipment. Experience of wiring the control panels is preferred."

While readvertising for the Post the following may also be included for publication :

' A higher start upto Rs. 400/- basic salary may be given to an experienced and deserving candidate."

(B) The requirement of qualifications for the post of Console Operators may be prescribed as under :

" Graduate with some knowledge of Electronic Data Processing equipment desirable. After satisfactory completion of an initial training of one year on a consolidated salary of Rs. 300/- p.m. the candidate will be placed in the grade of Rs. 250-25-500."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૧૭. બાંધકામ સમિતિની તા. ૧૨-૫-૧૯૭૫ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

(૧) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસમાં ઇલેક્ટ્રિક પાવર જનરેટરની બાબત અંગે સમિતિએ કરેલી ભલામણ, યુનિવર્સિટી પ્રેસમાં પ્રશ્નપત્રો છપાતાં હોઇ સંજોગવશાત્ કે અકસ્માત્ વીજળીનો પુરવઠો કપાઇ જાય તો મોટી મુશ્કેલી સર્જાય તે નિવારવા માટેની કોઇ વૈકલ્પિક વ્યવસ્થાની વિચારણા કરવાના સૂચન સાથે, બાંધકામ સમિતિની પુનર્વિચારણા માટે પાછી મોકલવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર નં. (૧) માં જણાવેલ ભલામણ સિવાયની સદરહુ સમિતિની તા. ૧૨-૫-૧૯૭૫ની સભાની અન્ય ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૨-૫-૧૯૭૫ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૧૮. યુનિવર્સિટી કાર્યાલયમાં કાર્યાલય નિયામકની ત્રણ કાયમી જગ્યાઓ માટે તા. ૧૬-૫-૧૯૭૫ના રોજ મળનાર વરણી સમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની તા. ૧૬-૫-૧૯૭૫ની સભાની ભલામણો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિની તા. ૧૬-૫-૧૯૭૫ની સભાની ભલામણો મંજૂર કરવી તથા તે મુજબ નીચેના કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને મૂળ માસિક પગારથી રૂ. ૪૬૬-૨૦-૫૬૬-૨૨-૬૧૦-ઈ.બી.-૨૧-૬૬૭ના પગારધોરણમાં એક વર્ષ ન. અજમાયશી ધોરણે નીમવા :

૧. શ્રી. એન. બી. શાહ	ડેશિયર-કમ-ઑફિસ સુપરિન્ટેન્ડન્ટ	રૂ. ૫૪૬-૦૦
૨. શ્રી. કે. જી. શાહ	કુલસચિવના અંગત મદદનીશ-કમ-ઑફિસ સુપરિન્ટેન્ડેન્ટ	રૂ. ૬૬૦-૦૦
૩. શ્રી. એમ. ડી. ત્રિવેદી	ઑફિસ સુપરિન્ટેન્ડેન્ટ	રૂ. ૫૪૬-૦૦
૪. શ્રી. વી. એન. પટેલ	ઑફિસ સુપરિન્ટેન્ડેન્ટ	રૂ. ૫૦૬-૦૦
૫. શ્રી. આર. સી. દેસાઈ	ઑફિસ સુપરિન્ટેન્ડેન્ટ	રૂ. ૫૦૬-૦૦

(સદરહુ સમિતિની તા. ૧૬-૫-૧૯૭૫ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૧૯. વિજ્ઞાન અને ટેકનિકલ જ્ઞાનકોશ તૈયાર કરવા અંગેની સંપાદકોની તા. ૨૦-૩-૧૯૭૫ના રોજ મળેલ સભાએ કરેલ નીચેની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત.

"પુરસ્કાર આપવાની બાબતમાં જો મેટર મળી ગયું હોય અને મુદ્રણ માટે મુખ્ય સંપાદકો અને પ્રમાણપત્ર આપ્યું હોય તેવા લખાણના પુરસ્કારની વ્યવસ્થા યુનિવર્સિટી કરે એવી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૦. "બૃહદ્ વ્યાકરણ"ના મુખ્ય સંપાદકને સંપાદનના કામ માટે ઉચ્ચક વધારાનો પુરસ્કાર આપવા તથા તેના ત્રણ સંપાદકોને પ્રત્યેકને સદરહુ પુસ્તકની દસદસ નકલો પડતર કિંમતે આપવા ડૉ. ભાયાણીએ તેમના તા. ૯-૪-૧૯૭૫માં કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે 'બૃહદ્ વ્યાકરણ'ના સૌ સહસંપાદકોને સમાન ધોરણે પુરસ્કાર આપવો યોગ્ય થશે અને તેથી મુખ્ય સંપાદકને વધારાનો પુરસ્કાર આપવાનો પ્રસ્તાવ મંજૂર કરવો નહીં.

વધુમાં પ્રત્યેક સહસંપાદકને 'બૃહદ્ વ્યાકરણ' પ્રસિદ્ધ થતાં તેની વધુ દસ દસ નકલો પડતર કિંમતે આપવાનો ડૉ. ભાયાણીનો પ્રસ્તાવ મંજૂર કરવો.

બાબત નં. ૨૧ અને ૨૨ની વિચારણા સાથે કરવામાં આવી.

૨૧. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં હાલ "સ્ટુડન્ટ યુનિયન ફી" ૩. ૧૦-૦૦ લેખે દરેક સત્રમાં લેવાય છે તેને બદલે દરેક સત્ર દીઠ રૂપિયા ૧-૦૦ પ્રમાણે રાખવા અંગે વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીના તા. ૯-૫-૧૯૭૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

[જિમખાના ફી તથા હૉસ્ટેલ યુનિયન ફી અંગે પણ ભલામણ કરવી જોઈએ.]

અને

૨૨. નીચેના અભ્યાસક્રમો માટે શિક્ષણ ફીનું ધોરણ નક્કી કરવા બાબત :

૧. બિઝનેસ મૅનેજમેન્ટ અભ્યાસક્રમ
૨. ટેક્ષટાઈલ કેમિસ્ટ્રી અભ્યાસક્રમ
૩. પૉલિમર સાયન્સ અભ્યાસક્રમ
૪. ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રી અભ્યાસક્રમ
૫. ઇન્ડસ્ટ્રિયલ ઍન્ડ ઍનેલિટિકલ કેમિસ્ટ્રી અભ્યાસક્રમ
૬. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇંગ્લિશ ઍન્ડ ફોરીન લેંગ્વેજીસનો અભ્યાસક્રમ.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં સ્ટુડન્ટ્સ યુનિયન ફી તરીકે સત્ર દીઠ રૂ. ૧૦/—ની ફી લેવામાં આવે છે તેને બદલે નીચે મુજબ ફી લેવાનું રાખવું :

લાઇબ્રેરી ફી	...	રૂ. ૫-૦૦
યુનિયન ફી	...	રૂ. ૧-૦૦
જિમખાના ફી	...	રૂ. ૧-૦૦
સ્ટુડન્ટસ એઇડ ફી	...	રૂ. ૧-૦૦

(૨) નીચેનો ઑર્ડિ. ૧૫૧-ડી મંજૂર કરવો :

O. 151-D :

The tuition fees for the students admitted to the courses prescribed in Business Management, Textile Chemistry, Polymer Science, Pharmaceutical Chemistry and Industrial and Analytical Chemistry shall be Rs. 375/- per term while in the case of students admitted to the Institute of English and Foreign Languages the tuition fee shall be Rs. 250/- per term.

(૩) ઑર્ડિ. ૧૫૧-સી માં નીચે મુજબ સુધારો કરવો :

O. 151-C :

(2) The students admitted to the University Schools and Post-graduate centres shall also pay the following fees per term as service charges :

1. Library fee	...	Rs. 5-00
2. Union fee	...	Re. 1-00
3. Gymkhana fee	...	Re. 1-00
4. Students' Aid Fund	...	Re. 1-00

૨૩. માર્ચ/એપ્રિલ ૧૯૭૫માં લેવાયેલ સેકન્ડ બી.એ.ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થિની શ્રીમતી જોષી સૂર્યાબહેન પુરુષોત્તમદાસની ખૂટતી હાજરી માફ કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.** — (૧) વિદ્યાર્થિનીની પ્રથમ અને દ્વિતીય સત્રની હાજરીની વિગતો નીચે મુજબ છે :

સત્ર	ભરેલ હાજરી	ખૂટતી હાજરી
પ્રથમ	૨૧	૫૪
દ્વિતીય	૬૩	૧૨

(૨) પ્રથમ સત્રમાં તબિયત સારી નહિ રહેવાથી તા. ૭-૧૦-૧૯૭૪થી તા. ૧૭-૧૦-૧૯૭૪ સુધી હૉસ્પિટલમાં વિદ્યાર્થિનીએ સારવાર લીધી હતી. ત્યાર બાદ તા. ૩૧-૧૦-૧૯૭૪ના રોજ વિદ્યાર્થિનીના પતિએ આત્મહત્યા કરી હતી જેના આઘાતથી તાત્કાલિક હૉસ્પિટલમાં દાખલ થવું પડયું હતું. વધુમાં, પ્રસૂતિને કારણે પણ આ બહેન પૂરી હાજરી ભરી શકયાં નહોતાં જે માટે પ્રમાણપત્રો રજૂ કરવામાં આવેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી જોષી સૂર્યાબહેન પુરુષોત્તમદાસની સેકન્ડ બી.એ.ના વર્ષની ખૂટતી હાજરી, તેમના વિશિષ્ટ સંજોગોને લક્ષમાં લઈને, અપવાદ તરીકે માફ કરવી.

૨૪. યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓનાં છાપેલાં પ્રશ્નપત્રો સાચવવા માટે ચોકીદારની નિમણૂકની જોગવાઈ કરવા અંગે ગાંધીનગર કેન્દ્રના સેકન્ડ બી.એ., બી.એસસી., બી.કોમ. પરીક્ષાના સીનિયર સુપરવાઇઝરના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન સ્વીકારવું નહીં.

૨૫. કૉલેજ ઑફ એજ્યુકેશન, હરામલીને તા. ૧૪-૬-૧૯૭૫ સુધી જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે સદરહુ કૉલેજના શિક્ષક શ્રી. ઘનશ્યામભાઈ ઓઝાની બાબતમાં તેમની સેવાનું સાતત્ય જળવાય તે રીતે ચાલુ રાખવાની શરતની વિચારણા નહિ કરવા માટે હાઇ માંગતી વિવેકાનંદ એજ્યુકેશન ટ્રસ્ટ, હરામલીએ ગુજરાત યુનિવર્સિટી સામે, ગુજરાતની વડી અદાલતમાં સ્પે. સિવિલ એપ્લિ. ૮૪૯ થી રિટ અરજી કરેલી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ રિટ અરજીની બાબતમાં યુનિવર્સિટીના વકીલ તરીકે શ્રી. સુરેશભાઈ એન. શેલતને નીમવા.

વધુમાં, શ્રી. શેલત આ કેસ માટે પરદેશથી સમયસર પાછા આવી શકે નહીં તે અન્ય કોઈ વકીલને નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૬. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૮૦ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૨૭. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૩૮ અને ૭૬ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૨૮. ફાર્મસી વિદ્યાશાખાની તા. ૨૪-૨-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૨-૪-૧૯૭૫ની સભામાં મંજૂર કરી એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૨-૪-૧૯૭૫ની સભામાં મંજૂર કરી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત (એકે. કાઉન્સિલ બાબત ક્રમાંક ૧૫).

"આથી ઠરાવવામાં આવે છે કે, ડિપ્લોમા ઇન ફાર્મસીના પહેલા અને બીજા વર્ષની પરીક્ષાઓ માટે તથા ફોર્થ બી.ફાર્મ.ની પરીક્ષાઓ માટે ૧૯૭૪ના વર્ષમાં સેશનલ પરીક્ષાઓ લીધી ન હોવાથી તેના સેશનલ ગુણ ગણુતરીમાં લીધા ન હતા તેથી યુનિવર્સિટીની આ પરીક્ષાઓમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ ફરીથી પરીક્ષા આપે તેમને થિયરી અને પ્રેકિટકલ્સ માટે પ્રોરેટા ગુણ ગણવા ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.

૨૯. ફાર્મસી વિદ્યાશાખાની તા. ૨૪-૩-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૨-૪-૧૯૭૫ની સભામાં મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે માર્ચ/એપ્રિલ ૧૯૭૪ના વર્ષમાં સેકન્ડ બી.ફાર્મ. અને થર્ડ બી.ફાર્મ.ની પરીક્ષા યુનિવર્સિટીએ લીધી ન હોવાથી આવા વિદ્યાર્થીઓ ફોર્થ બી.ફાર્મ.ની પરીક્ષામાં બેસે ત્યારે તેમને વર્ગ આપવા બાબતમાં નીચેની પદ્ધતિ અપનાવવા ભલામણ કરવી :

૧. આવા વિદ્યાર્થીઓએ સેકન્ડ બી.ફાર્મ. અથવા થર્ડ બી.ફાર્મ.ની પરીક્ષા આપી નહિ હોવાથી વર્ગ આપવાના ફાર્મસી રેગ્યુ. ૩૮-બી મુજબ વર્ગ આપવા માટે ગણવાના ગુણ બેરા ૧ મુજબ થર્ડ બી.ફાર્મ. અથવા સેકન્ડ બી.ફાર્મ.ની પરીક્ષાના ગુણના ટકા કાઢયા પછી તેને બેએ ભાગી ૫૦માંથી મેળવેલા ગુણ ગણવા અને જે પરીક્ષા લેવાઈ નથી તેના ગુણ ગણુતરીમાં લેવા નહિ.

આ રીતે વર્ગ આપવા માટે નીચે મુજબ ગુણ થાય છે :

(૧) (એ) સેકન્ડ બી.ફાર્મ. અથવા થર્ડ બી.ફાર્મ.ના ટકા કાઢયા પછી તેને બે વડે ભાગી જે ગુણ આવે તેને ૫૦ ગુણમાંથી મેળવેલા ગણવા ... ૫૦ ગુણ

સેકન્ડ બી.ફાર્મ. અથવા થર્ડ બી.ફાર્મ.ની પરીક્ષા કમ્પાર્ટમેન્ટમાં પાસ કરી હોય તેમને ઓછામાં ઓછા થતા ગુણ આ રીત મુજબ ગણવા :

(૨) ચોથા બી.ફાર્મ.ના ગુણ જે રીતે ગણાય છે તેમ ગણવા. ... ૧૦૦ ગુણ

કુલ ... ૧૫૦ ગુણ

આ રીતે વર્ગ આપવા માટે કુલ ૨૦૦ને બદલે કુલ ૧૫૦ ગુણમાંથી વર્ગ આપવાનો થાય છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.

૩૦. સેન્ટર ફોર મેનેજમેન્ટ એન્ડ પ્રોફેશનલ ટ્રેનિંગનાં પુસ્તકો ખરીદવા વધારાના રૂ. ૧૦,૦૦૦/-ના ખર્ચની જોગવાઈ કરવાની હોવાથી ચાલુ વર્ષના અંદાજપત્રમાં તે માટે રૂ. ૧,૫૦,૦૦૦/-ને બદલે રૂ. ૧,૬૦,૦૦૦/-નું ખર્ચ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ચાલુ વર્ષના અંદાજપત્રમાં પુસ્તક ખરીદી માટે રૂ. ૧,૫૦,૦૦૦/–ને બદલે રૂ. ૧,૬૦,૦૦૦–નું અંદાજી ખર્ચ મંજૂર કરવું.

૩૧. પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, અમદાવાદમાં રસાયણવિજ્ઞાનના ખંડ સમયના ડેમોન્સ્ટ્રેટર તરીકે કાર્ય કરતાં શ્રી. લીનાબહેન એસ. દેસાઈની નિમણૂક તા. ૧૫-૬-૧૯૭૨થી પશ્ચાદ્વર્તી માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—શ્રી. લીનાબહેન એસ. દેસાઈ એમ.એસસી. બીજો વર્ગ ધરાવે છે અને તેઓ તા. ૧૫-૬-૧૯૭૨ના રોજ રસાયણવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર તરીકે માન્યતાને પાત્ર હતાં]

અને

૩૨. શ્રીમતી એચ. સી. પટેલ (કંડારી) આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, મિયાંગામ-કરજણમાં એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા તરીકે કાર્ય કરતાં શ્રી. એચ. એન. ગઢાણીની નિમણૂક તા. ૭-૮-૧૯૭૧થી પશ્ચાદ્વર્તી માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.** –(૧) શ્રી. ગઢાણી બી.કોમ. અને એમ.કોમ. એ બેઉ પદવી બીજા વર્ગમાં ધરાવે છે અને તેઓ તા. ૭-૮-૧૯૭૧ના રોજ એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા તરીકે માન્યતા મેળવવાને પાત્ર હતા.]

અને

૩૩. સરસપુર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, અમદાવાદમાં અંગ્રેજીના લેક્ચરર તરીકે તા. ૧૫-૬-૧૯૭૩થી જોડાયેલા શ્રી. આર. સી. પટેલ લેક્ચરરના પદ માટે જરૂરી લાયકાત ધરાવતા ન હતા છતાં કોલેજે તેમને લેક્ચરરનું કામ અને પગારધોરણ આપેલ હોઈ તેમને તે સમય દરમ્યાન કરેલું કામ ગ્રાહ્ય ગણવા તથા તા. ૧૫-૬-૧૯૭૪થી લેક્ચરર તરીકે પશ્ચાદ્વર્તી માન્યતા આપવા માટેના કોલેજના આચાર્યશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

અને

૩૪. વાય. એસ. આર્ટ્સ એન્ડ શ્રી. કે. એસ. શાહ કોમર્સ કોલેજ, દેવગઢબારિયામાં અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે કાર્ય કરતા શ્રી. આર. એસ. ઠાકુરની નિમણૂક તા. ૧૫-૬-૧૯૭૨થી પશ્ચાદ્વર્તી અને ગુજરાતીના ખંડસમયના વ્યાખ્યા તરીકે કાર્ય કરતાં શ્રી. પી. એચ. શાહની નિમણૂક તા. ૨૬-૬-૧૯૭૨થી પશ્ચાદ્વર્તી માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.** –(૧) શ્રી. આર. એસ. ઠાકુર બી.એ. અને એમ.એ. એ બેઉ પદવીઓ અર્થશાસ્ત્ર સાથે બીજા વર્ગમાં ધરાવે છે અને તેઓ તા. ૧૫-૬-૧૯૭૨ના દિવસે અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે માન્યતા મેળવવાને પાત્ર હતા.

(૨) શ્રી. પી. એચ. શાહ બી.એ. અને એમ.એ. એ બેઉ પદવીઓ બીજા વર્ગમાં ધરાવે છે તથા તા. ૨૬-૬-૧૯૭૨ના દિવસે તેઓ વ્યાખ્યાતા તરીકેની માન્યતાને પાત્ર હતા.]

બાબત નં. ૩૧, ૩૨, ૩૩ અને ૩૪ની વિચારણા સાથે કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ કેસો ઝીણવટથી જોઈતપાસીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. પ્રો. ડી. એન. પાઠક
૨. આચાર્ય એમ. સી. શાહ
૩. પ્રો. મનુભાઈ ડી. પંચોલી
૪ શ્રી. મણિભાઈ જી. પ્રજાપતિ.

૩૫. ધી મથુરાદાસ એલ. ગાંધી હાયર એજ્યુકેશન સોસાયટી સંચાલિત લો કોલેજ, મોડાસામાં લાયકાત ધરાવતા આચાર્ય અપ્રાપ્ય હોવાથી શ્રી. વી. આર. રણદીવેની સેવાઓ ચાલુ રાખવા પરવાનગી માગતા સદરહુ સોસાયટીના મંત્રીશ્રીના તા. ૧૯-૪-૧૯૭૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.** – આચાર્યશ્રી વી. આર. રણદીવે ૭૦ વર્ષ કરતાં વધુ ઉંમર ધરાવે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના આચાર્ય તરીકે શ્રી વી. આર. રણદીવેની સેવાઓ ચાલુ રાખવાની તેમની વિનંતી, વિશિષ્ટ સંજોગો જોતાં, અપવાદ તરીકે ૧૯૭૫-૭૬ના એક શૈક્ષણિક વર્ષ પૂરતી મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ધારાશાસ્ત્રની વિદ્યાશાખામાં સંલગ્ન કૉલેજોના આચાર્યો માટેની ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણો અંગે પુનર્વિચારણા કરવા માટે સદરહુ વિદ્યાશાખાને જણાવવું.

૩૬. એમ. એસ. ભગત એન્ડ સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદના ભૂતપૂર્વ આચાર્ય શ્રી વી. આર. રણદીવેને તા. ૧-૪-૧૯૬૬થી અમલી બને તે રીતે રૂ. ૭૦૦-૪૦-૧,૧૦૦ના પગારધોરણમાં મૂકીને તે અનુસાર આપવાની થતી તફાવતની રકમ તથા ગ્રેચ્યુઈટીની રકમ નડિયાદ એજ્યુકેશન સોસાયટીએ હજુ સુધી ચૂકવી ન હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—આચાર્ય શ્રી વી. આર. રણદીવે નિવૃત્ત સરકારી નોકર હોઈ તથા તેમને માસિક પેન્શન મળતું હોવાથી તથા લૉ કૉલેજ ગ્રાન્ટને પાત્ર ન હોવાથી યુ. જી. સી. પગાર-ધોરણનો સરકારે તેમને લાભ આપ્યો નથી, અને નવા ગ્રેડમાં મૂકવા શિક્ષણનિયામકશ્રીની ઑફિસે ઠરાવેલ નથી તેમ નડિયાદ એજ્યુકેશન સોસાયટીના તા. ૨-૧૨-૧૯૭૪ના પત્રથી જણાવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના સંચાલકમંડળને જણાવવું કે કૉલેજના આચાર્યના વેતન પેટે તેને સરકાર તરફથી ગ્રાન્ટ મળે કે ન મળે તો પણ આચાર્યો માટે યુનિવર્સિટીએ નિયત કરેલા પગારધોરણ મુજબ તેના આચાર્ય વી. આર. રણદીવેને પગાર આપવો તદ્દન આવશ્યક છે અને તે માટે કૉલેજને વારંવાર લખવા છતાં યુનિવર્સિટીના આદેશનું પાલન કરવામાં આવ્યું નથી તે બાબત અત્યંત શોચનીય છે, અને તેથી હવે વિનાવિલંબે આચાર્ય રણદીવેને તા. ૧-૪-૧૯૬૬થી યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ તેમના પગાર પેટે તથા ગ્રેચ્યુઈટી પેટે જે રકમ ચૂકવવાની બાકી નીકળતી હોય તે તેમને ત્વરિત ચૂકવીને યુનિવર્સિટી કાર્યાલયને જાણ કરવી.

૩૭. સીનિયર સુપરવાઇઝરને અપાતા પુરસ્કારના દરમાં વધારો કરવા માટે ડૉ. બી. આર. પટેલ વગેરેના તા. ૧૫-૪-૧૯૭૫ના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો નહીં.

૩૮. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૭૬ સાથે કરવામાં આવેલી હોઇ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૩૯. એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૮-૩-૧૯૭૫ની સભાના ઠરાવ અનુસાર સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓ માટેના પ્રૉવિડંટ ફંડના નિયમોમાં નીચે પ્રમાણે ફેરફાર કરવા વિચારણા કરવા બાબત :

[(૧) નિયમ ૧૩ની કંડિકા (૩) ૨૬ કરવી.

(૨) નીચે પ્રમાણેનો નિયમ ૧૫-એ ઉમેરવો :

Notwithstanding anything contained elsewhere an employee who has completed twelve years' service in the employment of the same College/Institution in its discretion for meeting the expenditure on building or purchasing a house or a site for a house to the extent of his own subscription plus the contribution of the College/Institution credited to his Provident Fund Account as on 31st March, immediately preceding his application. Such advance shall be repaid in monthly instalments not exceeding 120 and at such rate of interest as may be fixed by the College/Institution from time to time.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૦. સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓ માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નિયત કરેલ પગારધોરણો, સેવાઓના નિયમો તેમ જ અન્ય સવલતો કર્મચારીઓનાં પ્રમાણ, મહેકમ, ગ્રેચ્યુઈટી ઇત્યાદિના પાલન અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૪-૨-૧૯૭૫ની સભામાં કરેલા નીચેના ઠરાવ પરત્વે સ્પષ્ટતા કરવા બાબત.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલનો ઠરાવ

"ઠરાવવામાં આવ્યું કે સ્વીકૃત (approved) તથા માન્ય (recognised) સંસ્થાઓના બિનશૈક્ષણિક કર્મચારીઓ અંગેના નિયમો લાગુ પાડવા નહીં."

(નોંધ.—એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨-૧૧-૧૯૭૪ની સભામાં માન્ય સંસ્થાઓના કેવળ મહેકમ અંગે નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

"સદરહુ બાબત સમિતિની પુનર્વિચારણા માટે મોકલવી."

સદરહુ ઠરાવ અનુસાર હાલ આ બાબત સમિતિની પુનર્વિચારણા હેઠળ છે.)

આથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે યુનિવર્સિટીની માન્ય સંસ્થાઓને બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓના મહેકમ અંગેના નિયમો લાગુ પાડવા નહીં અને તે સિવાયના બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓના અન્ય નિયમો તેને લાગુ પાડવા.

૪૧. પ્રા. એમ. ડી. પંચોલી તરફથી આવેલા નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"કોઈ પણ વિદ્યાશાખામાં જેમને કહી શકાય એવા વિદ્વાન અને પ્રતિષ્ઠાસંપન્ન શિક્ષકોને તેઓ તેમની રિટાયરમેન્ટની ઉંમર વટાવી ગયા હોય તો પણ તેમનાં જ્ઞાન અને નિષ્ઠાનો વિદ્યાર્થીઓને લાભ મળી શકે તેવા હેતુથી તેમને અમુક વ્યાખ્યાનો આપી શકાય, પરંતુ જે તે વિષયનો કાર્યભાર નક્કી કરવા માટે આવાં વ્યાખ્યાનો ગણતરીમાં લઈ શકાય નહિ, એવો ઠરાવ અગાઉની સિન્ડિકેટમાં થયેલો હતો. આ સભા હવે એવું ઠરાવે છે કે આવાં વ્યાખ્યાનો અંગે નીચેની નીતિનો અમલ કરવો :

(અ) આવા શિક્ષકોને બધાં મળીને દર અઠવાડિયે આઠ તાસ કરતાં વધુ તાસ આપી શકાશે નહિ.

(બ) તે અંગેનું વેતન ઓછામાં ઓછું રૂ. ૩૫૦/- તથા એક જ સંસ્થામાં વધુમાં વધુ ચાર તાસ આપી શકાય.

(ક) એક જ સંચાલન નીચેની બે કરતાં વધુ સંસ્થાઓમાં આવા શિક્ષક એકસાથે સેવા આપી શકે નહિ."

આથી ઠરાવવામાં આવે છે કે કોઈ પણ વિદ્યાશાખામાં વિદ્વાન અને પ્રતિષ્ઠાસંપન્ન શિક્ષકોની સેવાઓનો લાભ તેમનાં ૬૫ વર્ષ પૂરાં થતાં તેમની નિવૃત્તિ પછી પણ કૉલેજોને મળી શકે તે માટે, તે અંગેના આ અગાઉના તમામ નિયમો રદ કરીને નીચેના નિયમો મંજૂર કરવા :

(અ) આવા શિક્ષકો માનાર્હ શિક્ષકો ગણાશે અને તેમને બધા મળીને દર અઠવાડિયે ચાર તાસ કરતાં વધુ તાસ આપી શકાશે નહીં.

(બ) તે અંગે માસિક માનાર્હ પુરસ્કાર ઓછામાં ઓછો રૂ ૩૫૦/— આપવો જોઈશે તથા તેઓ એક સંસ્થામાં વધુમાં વધુ ચાર તાસ આપી શકશે.

(ક) બે કરતાં વધુ સંસ્થાઓમાં આવા શિક્ષકો એક સાથે સેવા આપી શકશે નહીં.

૪૨. એન્જિનિયરિંગ અને ટેકનિકલ વિષયોમાં ૧૯૭૫ના વર્ષ માટે પાયાનું સંશોધન કરનારને ઉત્તેજન આપવા માટે (૧) "હરિ ૐ આશ્રમ પ્રેરિત શ્રી. કાંતિલાલ એમ. કાંટાવાળા સંશોધન એવોર્ડ" તથા (૨) તબીબી વિજ્ઞાન ક્ષેત્રમાં "Tropical Diseases and their Remedies" અંગે પાયાનું સંશોધન કરનારને ઉત્તેજન આપવા માટે "હરિ ૐ આશ્રમ પ્રેરિત એલેમ્બિક સંશોધન એવોર્ડ" માટે કુલ બે સમિતિઓમાં ચાર ચાર નિષ્ણાતોની સભ્યો તરીકે નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—હરિ ૐ આશ્રમ તરફથી એક પ્રતિનિધિ આ સમિતિમાં સભ્ય તરીકે રહે છે, તેથી આમ નિષ્ણાતો નીમવાના થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નીચેના સભ્યોની નિમણૂક કરવી :

૧. હરિ ૐ આશ્રમ પ્રેરિત શ્રી. કાંતિલાલ એમ. કાંટાવાળા સંશોધન એવોર્ડ સમિતિ :

૧. શ્રી. રમેશભાઈ મહેતા
૨. શ્રી. ઉપેન્દ્રભાઈ ભટ્ટ
૩. શ્રી. જે. જે. મહેતા
૪. શ્રી. ટી. એન. મહેતા.

૨. "Tropical Diseases and their Remedies" અંગે હરિ ૐ આશ્રમ પ્રેરિત એલેમ્બિક સંશોધન એવોર્ડ સમિતિ :

૧. ડૉ. શાંતિલાલ શેઠ
૨. ડૉ. ઓ. પી. ગુપ્તા
૩. ડૉ જે. ડી. પાઠક, મુંબઈ
૪. ડૉ એચ. સી. શાહ,
સુપર., નાણાવટી હોસ્પિટલ, વિલેપાર્લે, મુંબઈ

૪૩. તા. ૨૬-૩-૧૯૭૫ના રોજ મળેલ યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભામાં પુછાયેલ પ્રશ્નોત્તરીના ઉત્તરોમાં નીચે જણાવેલ બાબતો એકિઝકયુટિવ કાઉન્સિલની વિચારણા માટે મૂકવામાં આવશે તેમ જણાવેલ તેના અનુસંધાનમાં તે અંગે વિચારણા કરવા બાબત.

(૧) સંલગ્ન કૉલેજોના બિનશૈક્ષણિક કર્મચારીઓનાં નવાં પગારધોરણોનો અમલ ન કર્યો હોય તે કૉલેજો અંગે.

(**નોંધ.**—૯૩ કૉલેજોની આવેલ માહિતીના આધારે કુલ્લે ૧૪ કૉલેજોએ અમલ કરેલ નથી.)

(૨) યુ.જી.સી.નાં સુધારેલાં પગારધોરણો મુજબ જે કૉલેજોએ હજુ સુધી Tutors / Demonstratorsને revised gradesનો અમલ કર્યો નથી તે અંગે.

(**નોંધ.**— ૯૩ કૉલેજોની આવેલ માહિતીના આધારે ૧૩ કૉલેજોએ અમલ કરેલ નથી.)

(૩) પી. એફ. ટ્રસ્ટની રચના કરવી એ જોડાણ માટેની શરત તરીકે મૂકવાનું રાખ્યું હોવા છતાં કેટલીક કૉલેજોએ પી. એફ. ટ્રસ્ટની રચના કરી નથી તે અંગે.

(**નોંધ.**—એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૪-૮-૧૯૭૪ની સભામાં આ બાબત તકેદારી રાખવા એક સમિતિ નીમેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સંબંધકર્તા કૉલેજોને આ બાબતમાં યુનિવર્સિટીનાં ધારાધોરણોનું પરિપાલન કરવા માટે ઘટતો પત્ર લખવા માટે કુલપતિશ્રીને વિનંતી કરવી

૪૪. બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૧૪-૪-૧૯૭૫ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—બાબત નં. ૩, ૯ અને ૧૮ એકેડેમિક કાઉન્સિલ સમક્ષ વિચારણા માટે મોકલી હોઈ તે પર વિચારણા કરવાની નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની તા ૧૪-૪-૧૯૭૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ બોર્ડની તા. ૧૪—૪—૧૯૭૫ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૪૫. ભવન્સ આર. એ. કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ કોમર્સ, અમદાવાદને બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી, સમાજશાસ્ત્ર, ઇતિહાસ; તથા બી.એ. (સબો.)માં આંકડાશાસ્ત્ર અને હિંદી તથા બી.કોમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ

એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી કાયમી જોડાણ આપવા અંગે મૂકેલી શરતોનું યથાર્થ પરિપાલન થયું હોઈ જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ભવન્સ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ કૉમર્સ, અમદાવાદને બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી, સમાજશાસ્ત્ર, ઇતિહાસ તથા બી.એ.(સમો.)માં આંકડાશાસ્ત્ર અને હિંદી તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી કાયમી જોડાણ આપવું.

૪૬. શ્રી. એમ. એન. શુકલ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ આપવા અંગે મૂકેલી શરતોનું પરિપાલન થયું હોઈ જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. એન. શુકલ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ આપવું.

૪૭. વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ આપવા અંગે મૂકેલી શરતોનું પરિપાલન થયું હોઈ જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ આપવું.

૪૮. વિવેકાનંદ કૉલેજ ઑફ કામર્સ એન્ડ લૉ, અમદાવાદને તૃતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ આપવા અંગે મૂકેલી શરતોનું પરિપાલન થયું હોઈ જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ લૉ, અમદાવાદને તૃતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ આપવું.

૪૯. શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસાને બી.એ. (પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી કાયમી જોડાણ આપવા માટે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણ અંગે મૂકેલી શરતોનું પરિપાલન થયેથી જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૦. નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદને બી.એ. (પ્રિન્સિ.)માં હિંદીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું વંચારાનું જોડાણ આપવા માટે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણ અંગે મૂકેલી શરતોનું પરિપાલન થયેથી જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૧. શ્રી. લાલશંકર ઉમિયાશંકર કૉલેજ ફૉર વિમેન, અમદાવાદનું જૂન ૧૯૭૫થી વિભાગીકરણ કરી (૧) શ્રી. લાલશંકર ઉમિયાશંકર આર્ટ્સ કૉલેજ ફૉર વિમેન, અમદાવાદને સ્વતંત્ર કૉલેજ તરીકે બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, હિંદી, સમાજશાસ્ત્ર અને ભૂગોળ; તથા બી.એ. (સબ.)માં ઇતિહાસ, અંગ્રેજી, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર અને ભારતીય સંસ્કૃતિના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું મળેલ ચાલુ જોડાણ ચાલુ રાખવા તથા બી.એ. (પ્રિન્સિ.)માં ઇતિહાસ, અર્થશાસ્ત્ર, અંગ્રેજી અને ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ આપવા તથા બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીના વંચારાના જોડાણ; તથા (૨) શ્રી. લાલશંકર ઉમિયાશંકર એજ્યુકેશન કૉલેજ ફૉર વિમેન, અમદાવાદને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું મળેલ ચાલુ જોડાણ ચાલુ રાખવા અંગે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણ અંગે મૂકેલી શરતોનું પરિપાલન થયેથી જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૨. શ્રી. સી. એન. પટેલ ફરતીકૂઈવાળા આર્ટ્સ એન્ડ ડભોઈ નગરપાલિકા સાયન્સ કૉલેજ, ડભોઈને જૂન ૧૯૭૫થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર તથા બી.એ. (સબ.)માં સંસ્કૃત, અંગ્રેજી, હિન્દી, મનોવિજ્ઞાન અને ઇતિહાસ તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી કાયમી જોડાણ આપવા માટે મૂકેલી શરતોનું પરિપાલન થયું હોઈ જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. સી. એન. પટેલ ફરતીકૂઈવાળા આર્ટ્સ એન્ડ ડભોઈ નગરપાલિકા સાયન્સ કૉલેજ, ડભોઈને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર તથા બી.એ.(સબ.)માં સંસ્કૃત, અંગ્રેજી, હિંદી, મનોવિજ્ઞાન અને ઇતિહાસ તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી કાયમી જોડાણ આપવું.

૫૩. શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ તલોદ સહકારી મંડળી કૉમર્સ કૉલેજ, તલોદને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, હિન્દી અને અંગ્રેજી તથા બી.એ. (સબ.)માં સમાજશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી કાયમી જોડાણ આપવા અંગે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણ અંગે મૂકેલી શરતોનું પરિપાલન થયેથી જોડાણ અંગેનું જાહેરનામું એક્ઝિકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૪. સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદને બી.એ. (સબ.)માં સમાજશાસ્ત્ર તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી કાયમી જોડાણ આપવા અંગે મૂકેલી શરતોના પરિપાલનના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણ અંગે મૂકેલી શરતોનું પરિપાલન થયેથી જોડાણ અંગેનું જાહેરનામું એક્ઝિકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૫. યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ એન્ડ કે. એસ. શાહ કૉમર્સ કૉલેજ, દેવગઢ-બારિયાને બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર અને બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું વધારાનું જોડાણ આપવા અંગે મૂકેલી શરતોના પરિપાલનના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણ અંગે મૂકેલી શરતોનું પરિપાલન થયેથી જોડાણ અંગેનું જાહેરનામું એક્ઝિકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૬. ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અંગ્રેજી, અર્થશાસ્ત્ર અને મનોવિજ્ઞાન તથા બી.એ.(સબ.)માં હિંદી, સમાજશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, આંકડાશાસ્ત્રની પદ્ધતિઓ, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ અને સંસ્કૃત તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ તથા આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૮૦ સુધીનું ચાલુ જોડાણ આપવા મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણ અંગે મૂકેલી શરતોનું પરિપાલન થયેથી જોડાણ અંગેનું જાહેરનામું એક્ઝિકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૭. શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, માંડવીને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર અને મનોવિજ્ઞાન તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ આપવા અંગે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણ અંગે મૂકેલી શરતોનું પરિપાલન થયેથી જોડાણ અંગેનું જાહેરનામું એક્ઝિકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૮. વડનગર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વડનગરને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાન, હિન્દી, ઇતિહાસ અને સંસ્કૃત તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધીના ચાલુ જોડાણ તથા બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીના વધારાના જોડાણ અંગે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણ અંગે મૂકેલી શરતોનું પરિપાલન થયેથી જોડાણ અંગેનું જાહેરનામું એક્ઝિકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૯. ઈડર-આંજણા પાટીદાર એચ. કે. એમ. આર્ટ્સ એન્ડ પી. એન. પટેલ કૉમર્સ કૉલેજ, ઈડરને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, હિન્દી તથા બી.એ. (સબો.)માં અંગ્રેજી, સંસ્કૃત, રાજ્યશાસ્ત્ર, મનોવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૮૦ સુધીનું ચાલુ જોડાણ આપવા અંગે મૂકેલી શરતોના પરિપાલનના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણ અંગે મૂકેલી શરતોનું પરિપાલન થયેથી જોડાણ અંગેનું જાહેરનામું એક્ઝિકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૦. શ્રી. બી. કે. પટેલ આર્ટ્સ એન્ડ શ્રીમતી એલ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, સાવલીને પ્રથમ વર્ષ બી.એ.માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ઇતિહાસ અને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર તથા બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાન, ઇતિહાસ તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું વધારાનું જોડાણ આપવા અંગે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણ અંગે મૂકેલી શરતોનું પરિપાલન થયેથી જોડાણ અંગેનું જાહેરનામું એક્ઝિકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૧. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, વીસનગરને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી કાયમી જોડાણ આપવા અંગે મૂકેલી શરતોના પરિપાલનના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણ અંગે મૂકેલી શરતોનું પરિપાલન થયેથી જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૨. એલ. એચ. સાયન્સ કૉલેજ, માણસાને બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન તથા ગણિતશાસ્ત્ર તથા બી.એસસી (જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા ૧૫-૬-૧૯૭૫થી કાયમી જોડાણ આપવા અંગે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણ અંગે મૂકેલી શરતોનું પરિપાલન થયેથી જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૩. સાયન્સ કૉલેજ, કડીને બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન તથા પ્રથમ વર્ષ બી.એસસી.માં જીવવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ આપવા અંગે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણ અંગે મૂકેલી શરતોનું પરિપાલન થયેથી જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૪. ભવન્સ શેઠ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદને બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર તથા બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાન તથા ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી કાયમી જોડાણ આપવા માટે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ભવન્સ શેઠ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદને બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર તથા બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાન તથા ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી કાયમી જોડાણ આપવું.

૬૫. નવજીવન કૉલેજ, ઢાહોદને પ્રથમ વર્ષ બી.એસસી.માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર તથા જીવશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું વધારાનું જોડાણ આપવા અંગે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણ અંગે મૂકેલી શરતોનું પરિપાલન થયેથી જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૬. **શ્રી. એચ. એસ. શાહ કોલેજ ઑફ કૉમર્સ, મોડાસાને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું ચાલુ જોડાણ આપવા અંગે મૂકેલી શરતોના પરિપાલનના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણ અંગે મૂકેલી શરતોનું પરિપાલન થયેથી જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૭. **સાર્વજનિક કોલેજ ઑફ કામર્સ, ગોધરાને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ આપવા અંગે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણ અંગે મૂકેલી શરતોનું પરિપાલન થયેથી જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૮. **તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુરને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું જોડાણ આપવાની બાબતમાં શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણ અંગે મૂકેલી શરતોનું પરિપાલન થયેથી જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૯. **બોરસદ સાયન્સ એન્ડ લૉ કૉલેજ, બોરસદને તૃતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૮૦ સુધીનું ચાલુ જોડાણ આપવા અંગે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણ અંગે મૂકેલી શરતોનું પરિપાલન થયેથી જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭૦. **વિવેકાનંદ કોલેજ ઑફ એજ્યુકેશન એન્ડ લૉ, મહેસાણાને બી.એડ. તથા દ્વિતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી કાયમી જોડાણ**

આપવા તથા તૃતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું વધારાનું જોડાણ આપવા અંગે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણ અંગે મૂકેલી શરતોનું પરિપાલન થયેથી જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭૧. શેઠ વી. એસ. લૉ કૉલેજ, ઊંઝાને તૃતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું ચાલુ જોડાણ આપવા અંગે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણ અંગે મૂકેલી શરતોનું પરિપાલન થયેથી જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭૨. શ્રી. એન. એસ. પટેલ લૉ કૉલેજ, મોડાસાને દ્વિતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ આપવા તથા તૃતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીના વધારાના જોડાણ અંગે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણ અંગે મૂકેલી શરતોનું પરિપાલન થયેથી જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી

૭૩. લૉ કૉલેજ, ગોધરાને દ્વિતીય એલએલ.બી.ના અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ આપવા તથા તૃતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું વધારાનું જોડાણ આપવા અંગે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણ અંગે મૂકેલી શરતોનું પરિપાલન થયેથી જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭૪. ફાઇનાન્સ સમિતિની તા. ૪-૬-૧૯૭૫ના રોજ મળનાર સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૪-૬-૧૯૭૫ની સભાની ભલામણ મંજૂર કરવી

(સદરહુ સમિતિની તા. ૪-૬-૧૯૭૫ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૭૫. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો ઉપર તેમ જ પ્રાધ્યાપકો, પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોને હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા મળેલ સને ૧૯૭૫ની સભાની પરીક્ષાશુદ્ધિ સમિતિની તા. ૨૬-૫-૧૯૭૫ અને તા. ૩૦-૫-૧૯૭૫ની ત્રીજી સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત વિચારણા માટે હાથ ધરાવવામાં આવી ત્યારે પરીક્ષાશુદ્ધિ સમિતિની તા. ૫-૬-૧૯૭૫ની સભાની ભલામણો પણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી.

તે પછી કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે પરીક્ષા અંગેના યુનિવર્સિટીના નિયમોનો ભંગ કરી જે વિદ્યાર્થીઓ લખાણુચોરી કાપલી કે અન્ય કોઈ સાહિત્ય અનધિકૃત રીતે પરીક્ષાખંડમાં લઈ ગયા હોય તેમને ફક્ત ચાલુ પરીક્ષામાં જ નાપાસ ગણવામાં આવે અને બીજી કશી સજા તેમને કરવામાં આવે નહીં તે યોગ્ય જણાતું નથી; તો આ સૂચનને લક્ષમાં લઈને પોતાની ભલામણો ઉપર પુનર્વિચારણા કરવા માટે સદરહુ સમિતિને તે પાછી મોકલવી.

બાબત નં. ૨૭, ૩૮, ૭૬ અને ૭૭ની વિચારણા સાથે કરવામાં આવી.

૨૭. એમ.એ. અને એમ.કોમ.ના અભ્યાસક્રમ માટે વર્ગદીઠ વિદ્યાર્થીઓની વધારેમાં વધારે સંખ્યા ૭૫ અને વિજ્ઞાનની વિદ્યાશાખામાં વધારેમાં વધારે વિદ્યાર્થીઓની સંખ્યા ૬૦ નિયત કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૪-૨-૧૯૭૫ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત. [એ. કા. બાબત ક્રમાંક ૧૭(૩)].

(નોંધ.—આ વ્યવસ્થાની બે વરસ બાદ પુનર્વિચારણા કરવા માટે એકેડેમિક કાઉન્સિલે ઠરાવ્યું છે.)

અને

૩૮. (૧) અનુસ્નાતક નિયમ નં. ૩૭ અનુસાર માન્ય અનુસ્નાતક શિક્ષક અને માન્ય મદદનીશ અનુસ્નાતક શિક્ષકને વ્યાખ્યાન દીઠ અપાતા પુરસ્કારના દર, તેમ જ (૨) અનુસ્નાતક નિયમ નં. ૩૬ અનુસાર અનુસ્નાતક કેન્દ્રને વહીવટી ખર્ચના દરો પર પુનર્વિચારણા કરવા બાબત.

[નોંધ.—હાલના દર નીચે મુજબ છે :

(૧) અનુસ્નાતક નિયમ નં. ૩૭ અનુસાર માન્ય અનુસ્નાતક શિક્ષકને વ્યાખ્યાન દીઠ રૂ. ૧૫ અને મદદનીશ માન્ય અનુસ્નાતક શિક્ષકને વ્યાખ્યાન દીઠ રૂ. ૧૦.

(૨) અનુસ્નાતક નિયમ નં. ૩૬(ઈ) અનુસાર પ્રત્યેક અનુસ્નાતક કેન્દ્ર દીઠ રૂ. ૨૦૦ ઓછામાં ઓછા રૂ. ૧–૫૦ લેખે પ્રત્યેક વિદ્યાર્થી દીઠ વહીવટી ખર્ચ જેવું કે સ્ટેશનરી, પોસ્ટેજ, કન્ટિન્જન્સી અને લાઇબ્રેરી અને લેબોરેટરી સ્ટાફના મહેનતાણા પેટે.]

અને

૭૬. અનુસ્નાતક કેન્દ્રો, તેમાં પ્રવેશ તેમ જ સાંજના વર્ગો ઇત્યાદિ બાબત અંગે સર્વગ્રાહી વિચારણા કરી અહેવાલ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની

તા. ૪-૧-૧૯૭૫ની સભાએ નીમેલી સમિતિની તા. ૨૯-૫-૧૯૭૫ના રોજ મળેલી સભાના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

અને

૭૭. એકેડેમિક કાઉન્સિલનો તા. ૨૨-૪-૧૯૭૫ની સભાએ સાંજના વર્ગો અંગે કરેલી નીચેની ભલામણના સંદર્ભમાં જરૂરી પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત:

એકેડેમિક કાઉન્સિલનો તા. ૨૨-૪-૧૯૭૫નો સભાની ભલામણ

"વિનયન વિદ્યાશાખાના વિષયો માટે સાંજના અનુસ્નાતક વર્ગો અમદાવાદ શહેર વિસ્તારમાં વધુમાં વધુ બે કૉલેજોમાં જ્યાં હાલના અનુસ્નાતક કેન્દ્રને માટે જરૂરી સ્થાનિક શિક્ષકગણ અને અન્ય સુવિધાઓ હોય તેવા સ્થળે પી. જી. સેન્ટરના નિયમ મુજબ જે તે વિષયમાં સાંજના વર્ગો શરૂ કરી શકાય તેવી જોગવાઈ કરવી; પરંતુ જે વિષયમાં આવા સાંજના વર્ગોની જોગવાઈ કૉલેજમાં કરી શકાય તેમ ન હોય તેવા વિષયોમાં યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં સાંજના વર્ગો ચાલુ રાખવા."

(**નોંધ.**—સ્ટે. ૧૨૧-ડી નીચે પ્રમાણે વંચાય છે :

Statute 121-D :

"In the Ahmedabad City area post-graduate instruction shall be imparted only in or on behalf of the University departments in the subjects which are taught to be in them."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૯-૫-૧૯૭૫ના રોજ મળેલી સભાની ભલામણો મંજૂર કરવી, પરંતુ વિદ્યાર્થીસંખ્યા અંગેની તેની ભલામણનો અમલ જૂન ૧૯૭૬થી કરવાનું રાખવું.

૭૮. કૉમ્પ્યુટર સમિતિની તા. ૧૬-૨-૧૯૭૫ની સભાએ કરેલી ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૬-૨-૧૯૭૫ની સભાની ભલામણોની નોંધ લેવી.

(સદરહુ સમિતિની તા. ૧૬-૨-૧૯૭૫ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૭૯. પદવીદાન સમારંભની પદ્ધતિ અંગે સર્વગ્રાહી વિચારણા કરી પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટેની તા. ૩-૨-૧૯૭૫ની સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પદવી પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને વધુ અભ્યાસ માટે પરદેશ જવામાં અને / અથવા નોકરી મેળવવામાં મુશ્કેલી પડે છે તે લક્ષમાં લઈને તેઓ ઉત્તીર્ણ થાય તે પછી શક્ય તેટલી ત્વરાથી પદવીપ્રમાણપત્ર આપી શકાય તે દૃષ્ટિએ યુનિવર્સિટીનાં ધારાધોરણો સુધારીને આ સભાગૃહ સમક્ષ રજૂ કરવા માટે કાર્યાલયને જણાવવું.

બાબત નં. ૨૬ અને ૮૦ની વિચારણા સાથે કરવામાં આવી.

૨૬. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૨-૪-૧૯૭૫ની સભામાં અનુસ્નાતક કેન્દ્રમાં પ્રોફેસર-ઇન-ચાર્જ રૂલ નિયત સંખ્યાની મર્યાદામાં રહી પ્રથમ વર્ગ કે બીજો વર્ગ કે સંબંધકર્તા વિષયમાં ઓછામાં ઓછા બીજા વર્ગ જેટલા ગુણાંક મેળવી પાસ વર્ગમાં પાસ થનાર વિદ્યાર્થીને પ્રવેશ આપવો એમ ભલામણ કરેલી હોઈ તે સંબંધમાં અનુસ્નાતક નિયમ નં. ૧ હેઠળ નીચે મુજબ પેટાકલમ(૫) ઉમેરીને તે નિયમ સુધારવા બાબત :

(*i*) In the faculties of Arts including Education, Science and Commerce, the Professor in charge of the post-graduate centre concerned shall, subject to the limit of the maximum number of students admissible at the centre, shall admit students in the M.A. (Part I), M.Sc. (Part I) or M.Com. (Part I) class, as the case may be, in the following order of preference :

(*i*) Those who have obtained a First Class at the qualifying degree examination.

(*ii*) Those who have obtained a Second Class in the qualifying degree examination.

(*iii*) Those who have obtained a pass class provided that–

(*a*) No candidate who has not obtained at least 48% of the marks in the subject concerned at the qualifying Degree Examination; and

(*b*) Students obtaining a higher number of marks as his grand total in any of the categories shall be given preference to the one obtaining lower marks as his grand total in this qualifying examination concerned."

અને

૮૦. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં અનુસ્નાતક અભ્યાસ માટે વિદ્યાર્થીઓના પ્રવેશ માટે ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણો સુધારવા અંગે એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"અનુસ્નાતક અભ્યાસ માટે ઓછામાં ઓછી પ્રવેશ લાયકાત સ્નાતક પદવી પરીક્ષામાં જે તે વિષયમાં ઓછામાં ઓછો બીજો વર્ગ મેળવેલો આવશ્યક ગણવો અને તેને અનુલક્ષીને ઑડિ. એમ.એ. ૧, એમ.એસસી. ૧ અને એમ.કૉમ. ૧ સુધારવા તથા ઑડિ. એમ.કૉમ. ૨ ૨૬ કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ ઑડિ. એમ.એ. ૧, એમ એસસી. ૧ અને એમ. કૉમ. ૧ સુધારવા અને ઑડિ. એમ.કૉમ. ૨ ૨૬ કરવો અને આ ઠરાવનો અમલ તા. ૧૫મી જૂન ૧૯૭૫ થી કરવો.

૮૧. The Advocates Act, 1961ની કલમ ૭ પ્રમાણે બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાએ શ્રેષ્ઠ કેસપુસ્તકો નિર્માણ કરવા અને તે માટે બેંગ્લોરમાં નેશનલ લૉ સ્કૂલ સ્થાપવા વિચારેલ છે. આ વિચારોને મૂર્ત કરવા ભંડાળ ઊભું કરવા તથા યુનિવર્સિટીઓના ઉત્તમ શિક્ષકો પાસે કેસપુસ્તકો તૈયાર કરવા માનદ વેતન આપવા પણ વિચારેલ છે. આ બાબતને અનુલક્ષીને સામાન્ય ભંડાળ માટે સહાયક બનવા તથા નિષ્ણાત શિક્ષકોનાં નામ મોકલી આપવા બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના ચેરમેનના તા. ૨૬-૫-૧૯૭૫ના રોજ આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

[આ બાબતમાં પત્રમાં નીચે પ્રમાણે સ્પષ્ટતા કરવામાં આવેલી છે :

The Council feels that the best way to meet the need for quality case-books is to pool the resources of the Universities and the Council. If a Common fund were to be set up for this purpose, the Bar Council of India will consider contributing Rs. 50,000/- per year. Our proposal is that a residential or teaching University, having law classes, should contribute a minimum of Rs. 10,000/- per year and a federal or examining University should contribute Rs. 20,000/- per year.

We would hope that the Law Faculty and colleges of your University would be interested in the present proposal and we would greatly welcome having names of scholars who would be interested in this kind of work. It would be possible, under the proposed fund, to offer some honorarium to the University's best scholar engaged in the tasks of preparing case-books. We would expect, however, that it would not be necessary for them in order to undertake the assignment under the scheme; to forsake for any substantial time their normal duties in the University.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ઍસોસિયેશન ઑફ ઇન્ડિયન યુનિવર્સિટીઝની વિચારણા માટે મોકલવી.

૮૨. યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગમાં ઇલેક્ટ્રિકલ એન્જિનિયર તરીકે કામ કરતા શ્રી. એસ. એમ. શાહ તા. ૩૧-૫-૧૯૭૫ના રોજ રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેઓના ખાતે નીકળતી યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબની પ્રૉવિડંટ ફંડની રકમ તેઓના વતી તેમનાં પત્ની શ્રીમતી કોકિલાબહેન એસ. શાહને આપવા અંગેની તા. ૭-૫-૧૯૭૫ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રી. શાહ યુનિવર્સિટીમાં તા. ૮-૨-૧૯૭૨ના રોજ જોડાયા હતા અને તા. ૩૧-૫-૧૯૭૫ના રોજ રાજીનામું આપી છૂટા થયા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. એમ. શાહને તેમના ખાતે નીકળતી પ્રૉવિડન્ટ ફન્ડની રકમ તેમના વતી તેમનાં પત્ની શ્રીમતી ફાકિલાબહેન એસ. શાહને યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ ચૂકવી આપવી.

૮૩. ભાષા-સાહિત્ય ભવનના જુનિ. ક્લાર્ક શ્રી. એચ. એચ. શાહને રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઈ. બી. ૧૫-૪૦૮-૧૯-૪૬પના પગારધોરણમાં રૂ. ૨૪૩-૦૦ પછીનો તા. ૧-૬-૧૯૭૫થી કાર્યક્ષમતા અંતરાય (Efficiency Bar) ઓળંગવા અંગેની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. એમ. એચ. શાહની કામગીરી અંગેનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. એમ. એચ. શાહને રૂ. ૧૫૩—૫—૧૮૩—૧૦—૨૪૩ ઈ.બી.—૧૫—૪૦૮—૧૯—૪૬પના પગારધોરણમાં રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા માટે મંજૂરી આપવી.

૮૪. યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગમાં માળી તરીકે કામ કરતા અનુક્રમે શ્રી. રામદીન અનંગને તેમ જ શ્રી. રામનરેશ કે. માળીને મોંઘવારી ભથ્થા સાથેના સુધરેલાં નવાં પગારધોરણ તા. ૧-૭-૧૯૬૯થી તેમ જ તા. ૧-૭-૧૯૭૦થી સ્વીકારવા અંગેની તેઓની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રામદીન અનંગને અને શ્રી. રામનરેશ કે. માળીને મોંઘવારી ભથ્થા સાથેનું નવું પગારધોરણ અનુક્રમે તા. ૧-૭-૧૯૬૯ અને તા. ૧-૭-૧૯૭૦થી સ્વીકારવા માટે મંજૂરી આપવી.

૮૫. ૧૯૭૬-૭૬ના ત્રિવાર્ષિક ગાળા માટે બ્લૉક મેઇન્ટેનન્સ ગ્રાન્ટ નક્કી કરવા માટેની વિગતવાર સમજૂતી દર્શાવતા રાજ્ય સરકારશ્રીના શિક્ષણ અને શ્રમ વિભાગના તા. ૨૧-૫-૧૯૭૫ના પત્ર ક્રમાંક યુએસજી-૧૨૭૪-૧૬૪૦૧-ખ અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના સંયુક્ત બોર્ડની સભાની ભલામણો રજૂ કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણો સ્વીકારવી.

(સદરહુ બોર્ડની ભલામણોની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી બ્લૉક મેઇન્ટેનન્સ ગ્રાન્ટના પ્રશ્ન અંગે રાજ્ય સરકાર સમક્ષ જરૂરી રજૂઆત કરવા માટે નીચે જણાવેલા સભ્યોનું પ્રતિનિધિમંડળ રચવું :

૧. કુલપતિશ્રી
૨. ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહ
૩. શ્રી. નવીનચન્દ્ર એમ. બારોટ
૪. આચાર્ય એમ. સી. શાહ

૮૬. ૧૯૭૫-૭૬ના વર્ષમાં ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે યોજવામાં આવનાર " Work Meet for field study projects—college and community work " અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના પત્રાંક F. 3-11(1)/75(FIP), dated 20-5-1975થી અનુદાનની રકમ રૂ. ૪,૦૦૦-૦૦ (રૂપિયા ચાર હજાર) મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી તથા તે અંગેના કાર્યક્રમની વિગતો નક્કી કરવા માટે તથા તે અંગે જરૂરી ખર્ચ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮૭. ઑગસ્ટ ૧૦થી ૧૨, ૧૯૭૫ના સમય દરમિયાન Women's Commission of the Sri Aurobindo Society " Women and Human Society " પર પોંડિચેરી મુકામે પરિસંવાદ યોજે છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કોઈ સ્ત્રી પ્રાધ્યાપકને મોકલવા અંગે સોસાયટીના મંત્રીશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. ચંપાબહેન ભટ્ટને મોકલવા.

૮૮. નોર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી સંચાલિત શેઠ એમ. એન. લૉ કૉલેજ, પાટણમાં લાયકાત ધરાવતા આચાર્ય અપ્રાપ્ય હોવાથી, શ્રી. સી. ડી. વ્યાસની સેવાઓ ચાલુ રાખવા પરવાનગી માંગતા સદરહુ સોસાયટીના મંત્રીશ્રીના તા. ૪-૫-૧૯૭૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રી. સી. ડી. વ્યાસ ૭૧ વર્ષ કરતાં વધુ ઉંમર ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના આચાર્ય તરીકે શ્રી. સી. ડી. વ્યાસની સેવાઓ, વિશિષ્ટ સંજોગો જોતાં, અપવાદ તરીકે તા. ૧૪ જૂન ૧૯૭૬ સુધી ચાલુ રાખવા માટે પરવાનગી આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ધારાશાસ્ત્રની વિદ્યાશાખામાં સંલગ્ન કૉલેજોના આચાર્યો માટેની ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણો અંગે પુનર્વિચારણા કરવા માટે સદરહુ વિદ્યાશાખાને જણાવવું.

૮૯. બોર્ડ ઑફ હૉસ્ટેલ મૅનેજમેન્ટની તા. ૨૪-૨-૧૯૭૫ના રોજ મળેલ સભાએ યુનિવર્સિટી જે તે કૉલેજ માટે નિમાતી સ્થાનિક તપાસસમિતિને છાત્રાલયની તપાસ કરવા અંગે બદલી સૂચના આપવા કરેલી ભલામણના સંદર્ભમાં જોડાણ અરજી અંગે સ્થાનિક તપાસસમિતિઓને અપાતી સૂચનાઓની કંડિકા ૮ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

" સંસ્થાએ પ્રત્યેક કૉલેજ દીઠ ઓછામાં ઓછા ૨૧ વિદ્યાર્થીઓ રહી શકે એવા છાત્રાલયની જોગવાઈ કરવી પડશે. સામાન્ય રીતે એક છાત્રવાળી ઓરડીનું માપ ૮૦ થી ૯૦ ચો.ફૂટ, બે છાત્રોવાળી ઓરડીનું માપ ઓછામાં ઓછું ૧૬૦ ચો. ફૂટ અને ત્રણ છાત્રોવાળી ઓરડીનું માપ ઓછામાં ઓછું ૨૧૦ ચો.ફૂટ જેટલા ક્ષેત્રફળવાળું આવશ્યક ગણાશે. સ્થાનિક તપાસ-સમિતિએ છાત્રાલય અંગે પણ જરૂરી વખત આપીને બરોબર કરવાનું અવશ્ય રાખવું. "

આથી ઠરાવવામાં આવે છે કે જે કોઈ કૉલેજોમાં છાત્રાલયો ચાલતાં હોય તો તે છાત્રાલયોની તપાસ કરવા માટે સ્થાનિક તપાસસમિતિને સૂચના આપવાનું રાખવું, અને તે માટે હાલના સૂચનાપત્રમાં આપવામાં આવે છે તે પર્યાપ્ત છે.

૯૦. ગુજરાત સરકારના નાણાખાતાના ઠરાવ નં. પીસીઆર-૪૭૭૫-૯-એમ., તા. ૯-૫-૧૯૭૫થી સરેન્ડર લીવ માં ૩૦ દિવસને બદલે ૧૫ દિવસ રજા પર રહેવા અંગે નિયમોમાં ફેરફાર કર્યા હોય તે પ્રમાણે યુનિવર્સિટી કર્મચારીઓ માટે ફેરફાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓની 'એન્કેશમેન્ટ લીવ' અંગેનો નિયમ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

(૧) યુનિવર્સિટીના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓ પૈકી જે કોઈ કર્મચારી ૧૫ દિવસથી ઓછા નહીં તેટલા સમય માટે હક્ક રજા ઉપર જાય અને તે કર્મચારીને ૩૦ દિવસ સુધીની બીજી રજાઓ જે તેના ખાતે જમા થયેલી હોય તથા તે રજાઓ જતી (સરેન્ડર) કરવા ઇચ્છતો હોય તો તે પ્રમાણે કરવા તેને છૂટ આપવી, અને આવી સરેન્ડર રજા માટે તેને રાજ્ય સરકારના ધોરણે વધારાનું વેતન leave encashment તરીકે આપવું.

(૨) ઉપર નં. (૧) માં જતી (સરેન્ડર) કરેલી રજાઓ પેટે તેને મળતો મૂળ માસિક પગાર, વચગાળાની રાહત સાથેની રકમ, મોંઘવારી ભથ્થા તથા સ્થાનિક ભથ્થા સહિત નિયમો પ્રમાણે આપવામાં આવશે, પણ ઘરભાડા ભથ્થું, વધુ-કામ ભથ્થું, ટાઈપિંગ, ડ્યૂટી એલાવન્સ કે બીજાં ભથ્થાં આપવામાં આવશે નહીં.

(૩) હક્ક રજા માટે રોકડી રકમ મેળવવાની છૂટ બે કેલેન્ડર વર્ષમાં એક જ વખત મળી શકશે, માટે પહેલા વર્ષનો ગાળો (બ્લૉક) ૧૯૭૧થી ગણાશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓની એનકેશમેન્ટ લીવ અંગેના નિયમની બાબત એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૫-૧૦-૧૯૭૪ની સભામાં બાબત નં. ૫૪ હેઠળ નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૯૧. રાજ્ય સરકારના કર્મચારીઓ માટેના પગારપંચના અહેવાલનો અકબંધ સૈદ્ધાંતિક સ્વીકાર કરવાની તેમના મહામંડળની માગણી માટેની તેમની લડતના સંદર્ભમાં રાજ્ય સરકારના કર્મચારીઓ તેઓ સામૂહિક કેજ્યુઅલ (તા. ૨૯-૫-૧૯૭૫) રજા પર ગયા તેના સક્રિય ટેકામાં ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘના આદેશ અન્વયે આ યુનિવર્સિટીના બિન-શૈક્ષણિક (હેડકલાર્કથી ઉપરની કક્ષા સિવાયના કર્મચારીઓ યુનિવર્સિટી કાર્યાલય, ગ્રંથાલય, મુદ્રણાલય, યુનિવર્સિટી ભવનોના કર્મચારીઓ સહિત) તા. ૨૯-૫-૧૯૭૫ના રોજ સામૂહિક આકસ્મિક રજા પર ઊતર્યા તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૨૯-૫-૧૯૭૫ના રોજ યુનિવર્સિટીના બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓ સામૂહિક આકસ્મિક રજા ઉપર રહ્યા તે બાબતની નાપસંદગી સાથે નોંધ લેવી.

૯૨. મે-જૂન ૧૯૭૪માં લેવાયેલ થર્ડ બી.કોમ. પરીક્ષાના ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ વિષયના પ્રશ્નપત્ર ઉના પરીક્ષક શ્રી. ડી. કે. સૈયદના પુરસ્કાર અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ડી. કે. સૈયદને મે-જૂન ૧૯૭૪માં લેવાયેલ પરીક્ષા માટે કશો પુરસ્કાર આપવો નહીં.

૯૩. એમ.એ., એમ.એસસી. અને એમ.કોમ.ની ભાગ ૧ની પરીક્ષાઓ ઑક્ટોબર માસમાં પણ લેવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એ., એમ.એસસી. અને એમ.કોમ.ની ભાગ ૧ ની પરીક્ષાઓ ઑક્ટોબર માસમાં ન લેતાં ચાલુ વર્ષમાં એક વખત લેવાય છે તે પર્યાપ્ત છે.

૯૪. કુલપતિશ્રીના નીચેના કાર્યની નોંધ લેવા બાબત :

પ્રો. જે. જે. ચિનોય કોમેમોરેશન ફંડના કન્વીનરના તા. ૧૪-૫-૧૯૭૫ના સૂચન મુજબ "પ્રો. જે. જે. ચિનોય સ્મૃતિચંદ્રક" નામના પ્રદાનમાં શીર્ષક અને નિયમોમાં "પ્રા. જે. જે. ચિનોય ચંદ્રક" એ પ્રમાણેનો ફેરફાર મંજૂર કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવી.

૯૫. શ્રી રજની પારેખ આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલેજ, ખંભાતને બી.એ.(પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણ અંગે મૂકેલી શરતોનું પરિપાલન થયેથી જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૯૬. સી. એન. આર્ટ્સ ઍન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડીને બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી અને બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાન તથા બી.કોમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૮૦ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણ અંગે મૂકેલી શરતોનું પરિપાલન થયેથી જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૯૭. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, પ્રાંતીજને પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, ઇતિહાસ અને સમાજશાસ્ત્ર તથા પ્રથમ વર્ષ બી.કોમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ આપવા તથા બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી અને બી.એ.(સબો.)માં ઇતિહાસ અને સમાજશાસ્ત્ર તથા બી.કોમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ આપવા મૂકેલી શરતોનું યથાર્થ પરિપાલન થયું હોઈ જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ. પ્રાંતીજને પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, ઇતિહાસ અને સમાજશાસ્ત્ર તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી અને બી.એ (સબો.)માં ઈતિહાસ અને સમાજશાસ્ત્ર તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું વધારાનું જોડાણ આપવું.

૯૮. કુલપતિશ્રી તથા યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના અધ્યક્ષોની તા. ૨૮-૫-૧૯૭૫ના રોજ મળેલી સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સભાની ભલામણો પૈકી સાંજના વર્ગોના સંચાલન માટે અલગ પુરસ્કાર સિવાયની બીજી બધી સ્વીકારવી.

(સદરહુ સભાની ભલામણોની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૯૯. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (એ) (૧)(બી)(૨) અને (૨) અનુસાર સંલગ્ન કૉલેજોએ શિક્ષકોની નિમણૂક કરતી વખતે પ્રત્યેક કૉલેજની જે તે વરણીસમિતિ પર કુલપતિશ્રીએ નિયુક્ત કરેલ યુનિવર્સિટીના પ્રતિનિધિ હોવાનું આવશ્યક છે તેમ છતાં યુનિવર્સિટીના પ્રતિનિધિ સિવાય કેટલીક કૉલેજોમાં શિક્ષકોની નિમણૂકો કરવામાં આવી છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિમણૂકો ચાલુ વર્ષ પૂરતી ગ્રાહ્ય ગણવી.

વધુમાં પુનઃ ઠરાવવામાં આવે છે કે તમામ સંલગ્ન કૉલેજોને જણાવવું કે શિક્ષકોની નિમણૂકો અંગેની વરણીસમિતિ પર યુનિવર્સિટીના પ્રતિનિધિઓને બોલાવ્યા વિના કોઈ પણ નિમણૂક કરવામાં આવશે તો તે નિમણૂક માન્ય કરવામાં આવશે નહીં, અને ગ્રાન્ટના હેતુ માટે તે અગ્રાહ્ય ગણવા માટે શિક્ષણસંચાલકશ્રીને ભલામણ કરવામાં આવશે.

૧૦૦. યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે તેઓના ખાતામાં નીકળતી પ્રૉ. ફંડની લોન આપવા અંગેની તેઓની અરજી ઉપર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ તથા હોદ્દો	તા. ૩૧-૩-૧૯૭૫ સુધીની રકમ	કયા કામ માટે ?
(૧)	શ્રી. આર. આર. ભાવસાર, ટાઇપિસ્ટ	રૂ. ૧,૮૦૩-૪૧	સોસાયટીના ટેનામેન્ટના સભ્ય બનવા માટે
(૨)	શ્રી. એસ. કે. વાઘેલા, પટાવાળા સમાજવિદ્યા ભવન	રૂ. ૨,૧૧૦-૦૦	મકાન મરામત માટે

[**નોંધ.** — (૧) શ્રી. ભાવસારના ખાતે તા. ૩૧-૩-૧૯૭૫ સુધી રૂ. ૧,૮૦૩-૪૧ની રકમ જમા છે.

(૨) શ્રી. એસ. કે. વાઘેલાના ખાતે તા. ૩૧-૩-૧૯૭૫ સુધી રૂ. ૨,૫૧૦-૭૮ની રકમ જમા છે અને તેમાંથી તેઓની પ્રૉ. ફંડની લોન રૂ. ૮૨૫-૦૦ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કર્મચારીઓને સ્ટે. ૧૮૮ (૨) હેઠળ તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતામાંથી તેમનાં નામ સામે જણાવેલ રકમની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આપવી.

૧૦૧. યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓની તેઓનાં નામની સામે દર્શાવેલ તારીખથી મજૂર ડી.એ.વાળું પગારધોરણ સ્વીકારવા અંગેની પરવાનગી માંગતી અરજી ઉપર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	કઈ તારીખથી સ્વીકારવા માગે છે
૧.	શ્રી. રામુભાઈ એસ. પટેલ	તા. ૧-૪-૧૯૭૫ (અગાઉ સ્વીકારાયું નહોતું)
૨.	શ્રી. દલ્લાસીંગ લાલસીંગ રાજપૂત	તા. ૧-૪-૧૯૭૧ને બદલે તા. ૨૪-૧૧-૧૯૭૧થી

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ તારીખથી મજૂર ડી.એ.વાળું પગારધોરણ સ્વીકારવા માટે મંજૂરી આપવી.

૧૦૨. વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ અને પ્રોફેસર ડૉ. જે. જે. ચિનોયની યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના નિવૃત્ત પ્રાધ્યાપકોની સેવાઓના ઉપયોગ અંગેની યોજના (૭૪-૭૫) હેઠળ પસંદગી થઈ છે જેના પ્રો. ચિનોયને યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના માનાર્હ અધ્યક્ષ તરીકે તેમને ચાલુ રાખવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ તરીકે, આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. સી. જી. ખત્રીની નિમણૂક તા. ૧૪ જૂન ૧૯૭૭ સુધીની મુદ્દત માટે કરવી અને ડૉ. ખત્રીને પોતાનો અધ્યક્ષ તરીકેનો ચાર્જ તા. ૧૫મી જૂન ૧૯૭૫ના રોજ કે તે પછીની અનુકૂળ તારીખે સંભાળવા માટે જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના માનાર્હ અધ્યક્ષ ડૉ. જે. જે. ચિનોયે યુનિર્સિટીની કરેલી સેવાઓની સાભાર નોંધ લેવી.

૧૦૩. ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝયુમર્સ કો-ઓ. સ્ટોર્સની વહીવટી સમિતિની તા. ૨૭-૧૧-૧૯૭૪ની સભાના ઠરાવ અન્વયે ડૉ. દર્શનસીંગ બસન (વિજ્ઞાન વિદ્યાભવન)ની ડાયરેક્ટર તરીકે નિમણૂક કરેલી હોઈ સ્ટોર્સના બંધારણની કલમ ૨૦(૫) અન્વયે આ અંગેની સંમતિ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝયુમર્સ કો-ઓપરેટિવ સ્ટોર્સની વહીવટી સમિતિના મેનેજિંગ ડાયરેક્ટર તરીકે ડૉ. દર્શનસિંગ બસનની કરવામાં આવેલી નિમણૂક માટે અનુમતિ આપવી.

૧૦૪. એકિઝકયુટિવ કાઉન્સિલે સેન્ટર ફોર મેનેજમેન્ટ એન્ડ પ્રોફેશનલ ટ્રેનિંગના સંચાલન અંગે નીમેલી સ્થાયી સમિતિની તા. ૨૭-૫-૧૯૭૫ની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની તા. ૨૭—૫—૧૯૭૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૭—૫—૧૯૭૫ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૧૦૫. હરિઃ ૐ આશ્રમ પ્રેરિત રામાનુજમ્ ગણિત પ્રતિભા શોધ યોજના (કૉલેજ વિભાગ) અંગેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રતિભા શોધ યોજનાના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

૧૦૬. "હરિઃ ૐ આશ્રમ પ્રેરિત કવિ નાનાલાલ દલપતરામ ગુજરાતી પ્રતિભા શોધ પારિતોષિક યોજના" અંગેના નિયમોનો મુસદ્દો પ્રો. અનંતરાય રાવળ તરફથી તેમના તા. ૧૩-૩-૧૯૭૫ના પત્રથી આવેલ હોઈ તે મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રતિભા શોધ પારિતોષિક યોજનાના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ પરિશિષ્ટ "૭" તરીકે સામેલ છે.)

૧૦૭. શ્રીમતી એચ. સી. પટેલ કંડારી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજણને બી.એ. (સબો.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ આપવા મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણ અંગે મૂકેલી શરતોનું પરિપાલન થયેથી જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૦૮. અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદને બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, મનોવિજ્ઞાન અને અંગ્રેજી તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, ઇતિહાસ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણ અંગે મૂકેલી શરતોનું પરિપાલન થયેથી જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૦૯. શ્રીમતી એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદને બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫ થી તા. ૧૪-૬-૧૯૮૦ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણ અંગે મૂકેલી શરતોનું પરિપાલન થયેથી જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૧૦. **જૂન ૧૯૭૫થી ચાલુ/વધારાનું જોડાણ મેળવવા માટે સંલગ્ન કૉલેજો તરફથી આવેલ જોડાણઅરજી ઉપર મૂકેલી શરતોના પરિપાલનનો અહેવાલ નીચે જણાવેલ કૉલેજો તરફથી આવેલ નથી તો તે અંગે વિચારણા કરવા બાબત:**

ક્રમાંક	કૉલેજનું નામ
૧.	સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદ
૨.	ગુજરાત કૉલેજ, અમદાવાદ
૩.	શ્રી. આર. આર. લાલન કૉલેજ, ભૂજ
૪.	પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૫.	શ્રી. બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૬.	સહજાનંદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૭.	નગરપંચાયત આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ડીસા
૮.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, હાલોલ
૯.	શ્રીમતી તારાબહેન સુંદરલાલ રાયચંદ કૉમર્સ કૉલેજ, પાટણ
૧૦.	શ્રી. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત
૧૧.	એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને તેઓની જોડાણ અરજી પર મૂકેલી શરતોના પરિપાલનનો અહેવાલ તાકીદે મોકલી આપવા જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણ અંગે મૂકેલી શરતોનું પરિપાલન થયેથી જોડાણ અંગેનું જાહેરનામું એક્ઝિકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૧૧. **એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૮-૩-૧૯૭૫ની સભામાં સંલગ્ન કૉલેજોને રાજ્ય સરકાર મોંઘવારી ભથ્થા અંગે ૧૦૦ ટકા ગ્રાન્ટ આપે તેવું ઠરાવેલ તે અનુસાર રાજ્ય સરકારને પત્ર દ્વારા રજૂઆત કરતા રાજ્ય સરકારશ્રીના શિક્ષણ અને મજૂર વિભાગ તરફથી તા. ૩-૬-૧૯૭૫ના પત્રાંક એનસીસી-૧૩૭૫-૫૦૭૯૧-બથી નીચે મુજબ જણાવેલ છે તેની નોંધ લેવા બાબત :**

> " .....Since, the matter pertaining to grant-in-aid to colleges is under the review of the Miyabhoy Committee, it is not possible for Government to make any changes in the grant-in-aid pattern at this stage."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત રાજ્ય સરકારે કૉલેજોની ગ્રાન્ટ અંગે શ્રી. મિયાંભાઈના અધ્યક્ષપદ હેઠળ નીમેલી સમિતિ સમક્ષ ઘટતી રજૂઆત કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨-૪-૧૯૭૫ની સભામાં બાબત નં. ૩૩ હેઠળ નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૧૧૨. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૮-બી અનુસાર સ્વાયત્તતા મેળવવા માટે અરજી કરવાની પરવાનગી આપવા અંગેની યુનિવર્સિટી વિજ્ઞાનભવનના અધ્યક્ષશ્રીએ કરેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૮-બી અનુસાર સ્વાયત્તતા માટે અરજી કરવા વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીને પરવાનગી આપવી.

૧૧૩. અનુસ્નાતક અભ્યાસ માટે જોડાતા નેત્રહીન વિદ્યાર્થીઓને સત્રફીમાંથી મુક્તિ આપવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ઑર્ડિ. ૧૨૯-એ અનુસાર નેત્રહીન વિદ્યાર્થીઓને ફક્ત પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના અનુસ્નાતક વિદ્યાભવનોમાં કે અનુસ્નાતક કેન્દ્રોમાં ભણતા નેત્રહીન વિદ્યાર્થીઓને, જો તેમને રાજ્ય કે કેન્દ્ર સરકાર તરફથી ટ્યૂશન ફીની બાબતમાં આર્થિક સહાય મળી શકતી ન હોય તો તેમાંથી મુક્તિ આપવાનું ધોરણ સ્વીકારવું.

૧૧૪. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) કર્મચારી સંઘના પેન ડાઉન સ્ટ્રાઇક તથા વર્ક ટૂ રૂલના આદેશના કારણે ઊભી થયેલ પરિસ્થિતિના લીધે સમાજવિદ્યાભવનના સર્વશ્રી જી. એફ. પટેલ (સ્ટેનોગ્રાફર) તથા એચ. એન. શાહ (ટાઇપિસ્ટ-ક્લાર્ક)ની સેવાઓ લેવાનું આવશ્યક બન્યું હોઈ તેઓ દરેકનો અંદાજે ૧૩-૧૧ કલાકનો યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ અધિક સમય કામનો (ઓવરટાઈમ) પુરસ્કાર મંજૂર કર્યાનો;

(૨) વિદ્યાર્થીઓ માટે યોજવામાં આવેલ હિન્દી (પ્રેમચંદ મૈથિલીશરણ) સાહિત્ય રસાસ્વાદ શિબિર માટે ધી ન્યૂ સ્વદેશી મિલ્સ ઑફ અમદાવાદ લિમિટેડના મેનેજર શ્રી. કૃષ્ણજી અગ્રવાલ તરફથી આવેલ રૂ. ૨,૦૦૧ ના પ્રદાનનો કુલપતિશ્રીએ સાભાર સ્વીકાર કર્યાનો;

(૩) રાષ્ટ્રીય સેવા યોજનાના મે મહિનામાં યોજનાર શિબિરોના ખર્ચ પેટે પડેલા વિદ્યાર્થી દીઠ દૈનિક રૂ. ૭/- મંજૂર થયેલ હતા, પરંતુ ભારત સરકારે શિબિરનું બજેટ વિદ્યાર્થી દીઠ દૈનિક રૂ. ૯/- કર્યા છે તે સંદર્ભમાં ૫૦૦ વિદ્યાર્થીઓના ૧૦ દિવસના શિબિરોના ખર્ચ માટે નીચેની વિગતો સહિત કુલ રૂ. ૪૫,૦૦૦/- મંજૂર કર્યાના :

(૧) ભોજન વ્યવસ્થા અને મુસાફરી ખર્ચના	રૂ. ૪૦,૦૦૦/-
(૨) પરચૂરણ ખર્ચ પેટે	રૂ. ૫,૦૦૦/-
કુલ	રૂ. ૪૫,૦૦૦/- ;

(૪) હિંમતનગર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના સેકન્ડ બી.એ. પરીક્ષાના વિદ્યાર્થી શ્રી. મેમણ અબ્દુલરજાક તથા દાહોદ કૉમર્સ કૉલેજના ફર્સ્ટ બી.કૉમ.ના વિદ્યાર્થી શ્રી. ગિરીશ જશભાઈ પટેલે તેમનો એપ્રિલ ૧૯૭૫ની પરીક્ષાનો પ્રવેશ રદ થયાના અનુસંધાનમાં હાઈકોર્ટમાં કરેલ રિટ અરજીઓના સંદર્ભમાં યુનિવર્સિટી તરફથી તે બંને રિટ અરજીઓના કામમાં શ્રી. નિરંજન બી. મહેતાને ઍડવોકેટ તરીકે નિયુક્ત કર્યાના તથા તે અંગે જરૂરી ખર્ચ કરવા મંજૂરી આપ્યાના;

(૫) એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૫-૧૨-૧૯૯૩ની સભામાં ઠરાવ નં. ૫૧-બથી ૪૦૦ ફુલસ્કેપ કાગળનાં રીમો ખરીદવા માટે કુલપતિશ્રીને સત્તા આપેલી હતી, પરંતુ ભૂલથી સભાની નોંધમાં ૩૦૦ રીમ બતાવ્યાં છે તે ભૂલ સુધાર્યાના;

(૬) એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૨-૪-૧૯૭૫ની સભામાં જ્ઞાનકોશના સંચાલન કાર્ય માટે સંપાદક તરીકે શ્રી. ચૂનીલાલ બારોટને નીમવા ઠરાવ્યું તેના સંદર્ભમાં તેઓને રૂ. ૧,૦૦૦/- વેતન આપવા છપાયું છે તેને બદલે રૂ. ૮૦૦/- છાપવા જોઈએ તે ભૂલ સુધારી લીધાના;

(૭) ચાલુ વર્ષે (૧૯૭૫-૭૬માં) જે વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષય વગર કે અંગ્રેજી વિષયમાં પાસ થયા ન હોય અને પ્રી-આર્ટ્સ, સાયન્સ, કોમર્સ અને ડિપ્લોમા ઇન ફાર્મસીમાં પ્રવેશ મેળવ્યો હોય તેવા વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી બોર્ડ ઑફ સ્ટડીઝના અધ્યક્ષશ્રીએ તૈયાર કરાવેલ "ઇંગ્લિશ રીડર"ની ૨૨,૦૦૦ નકલો પ્રકાશિત કરવા માટે મંજૂરી આપ્યાના;

[**નોંધ.**—ઇંગ્લિશ રીડર પુસ્તકના કોપી રાઈટ NCERTએ આપેલા છે. સદરહુ પ્રકાશનનું મુદ્રણ તથા બાઈન્ડિંગનું કામ યુનિવર્સિટી પ્રેસમાં કરવામાં આવી રહ્યું છે તે અંગે અંદાજે રૂ. ૧૭,૫૦૦/- (અંકે રૂપિયા સત્તર હજાર અને પાંચસો)નો મુદ્રણ ખર્ચ થશે.]

(૮) એક્ઝિકયુટિવ કાઉન્સિલે તલોદ કૉલેજની વરણીસમિતિ પર નિમાયેલા પ્રિ. દર્શનસીંગ શીખે અચાનક આ કામગીરી સ્વીકારવા અશક્તિ દર્શાવતાં છેલ્લી ઘડીએ તેમની જગ્યાએ આચાર્યશ્રી બી. કે. ગઢવીને તાત્કાલિક નીમવામાં આવતાં તેમને તાબડતોબ તલોદ જવાનું થતાં ટેકસીનું ખરેખર થયેલ (એકચ્યુઅલ બીલ) રૂ. ૧૫૦/- મંજૂર કર્યાના;

(૯) યુનિવર્સિટી વિસ્તારમાં છાત્રાલય માટે વધારાના પાણીનો બોર કરવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને ૫૦ : ૫૦ ટકાના ધોરણે પાંચમી પંચવર્ષીય યોજનામાં મંજૂરી આપી હોવાથી તે યોજના પાંચમી પંચવર્ષીય યોજનામાં સમાવવા અંગે મંજૂરી આપ્યાના;

(૧૦) માર્ચ/એપ્રિલ ૧૯૭૫ની પરીક્ષાઓનાં પરિણામો તૈયાર કરવા દરમિયાન જરૂરી ગુણપત્રકો તેમ જ રજિસ્ટરની કન્ટિન્જન્સીસ સ્ટેશનરી ખરીદવા અંગેના અંદાજી ખર્ચમાં શુલ્ક, વાહન ખર્ચ વગેરે બાદ કરતાં રૂ ૯,૯૯૪-૭૫નો થયેલ વધારો મંજૂર કર્યાના;

(૧૧) સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ તેમની કૉલેજના નવા બંધાયેલા માળ પર રસાયણવિજ્ઞાન તથા ભૌતિકવિજ્ઞાન ઇત્યાદિની પ્રયોગશાળાઓ ખસેડવા ઇચ્છતા હોઈ તેના ક્ષેત્રફળ તથા અન્ય સુવિધાઓ અંગે તપાસ કરી અહેવાલ આપવા અંગેની સમિતિ પર (૧) ડૉ. એમ એન. દેસાઈ તથા (૨) આચાર્ય કે. એન. શાહની નિમણૂક કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી.

૧૧૫. રાજ્ય સરકારે તેના કર્મચારીઓ માટે તેના તા. ૨૯-૫-૧૯૭૫ના ઠરાવ અન્વયે વચગાળાનું મોંઘવારી ભથ્થું જાહેર કર્યું છે તે ધોરણે યુનિવર્સિટીના અને સંલગ્ન કોલેજોના શિક્ષકવર્ગના અને બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને વચગાળાનું મોંઘવારી ભથ્થું આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના તથા સંલગ્ન કોલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકવર્ગના અને બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને, રાજ્ય સરકારના ધોરણે તા. ૧-૫-૧૯૭૫થી વચગાળાનું મોંઘવારી ભથ્થું આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ ઠરાવથી મંજૂર કરવામાં આવેલા વચગાળાના મોંઘવારી ભથ્થાનો સમાવેશ ભવિષ્યમાં મોંઘવારી ભથ્થાના વધારા અંગે જે નિર્ણય લેવામાં આવે તેનો તેમાં સમાવેશ કરવાનો રહેશે એમ સ્પષ્ટતા કરવી.

૧૧૬. સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની તા. ૬-૬-૧૯૭૫ની સભાની નીચેની બાબત અંગેની ભલામણ મંજૂર કરવા બાબત :

"(૮) ચોકીદાર શ્રી દલ્લાસીંગ લાલસીંગની બાબતમાં ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘના તા. ૬-૬-૧૯૭૫ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘનો ઉપરોક્ત પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. આ બાબત સમિતિએ સહાનુભૂતિપૂર્વક વિચારી અને ત્યાર બાદ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ચોકીદાર શ્રી. દલ્લાસીંગ લાલસીંગને પટાવાળા, ચોકીદાર કે બીજી સમકક્ષ જગ્યા ઉપર કામ કરી શકે કે કેમ તે માટે અમદાવાદના સિવિલ સર્જન પાસે શારીરિક તપાસ કરાવીને તેમનું સર્ટિફિકેટ રજૂ કરવા માટે તેમને જણાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.

૧૧૭. યુનિવર્સિટી કેમ્પસની ખુલ્લી જમીનનો ઉપયોગ કરવાની બાબતમાં સદ્‌વિચાર સમિતિ, અમદાવાદની સાથેના સહયોગી કાર્યક્રમ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસમાં ખુલ્લી જમીનના પ્રશ્ન પર સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

૧. ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહ

૨. આચાર્ય એમ. એસ. પંડિત

૩. આચાર્ય એમ. સી. શાહ

૧૧૮. ચાલુ વર્ષે એસ.એસ.સી.ની પરીક્ષાનું પરિણામ તા. ૯ જૂન ૧૯૭૫ના રોજ અને તેનાં ગુણપત્રકો તા. ૧૪ જૂન ૧૯૭૫ના રોજ ઉપલબ્ધ થનાર હોઈ તે સંદર્ભમાં યુનિવર્સિટીના શૈક્ષણિક વર્ષના આરંભ કઈ તારીખથી કરવો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનું નવું શૈક્ષણિક વર્ષ તા. ૧૫મી જૂનથી શરૂ થાય છે તેમાં કશો ફેરફાર કરવો નહીં, પરંતુ ચાલુ વર્ષે તા. ૧૫મી જૂનના દિવસે રવિવાર આવતો હોવાથી યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ અને વિદ્યાભવનોનું કામકાજ, ઉનાળાનું વેકશન પૂરું થતાં, તા. ૧૬મી જૂન ૧૯૭૫થી પુનઃ શરૂ કરવું.

૧૧૯. પ્રી-યુનિવર્સિટી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યના તથા ડિપ્લોમા ઇન ફાર્મસીના વર્ગો માટે યુનિવર્સિટીએ નિયત કરેલ એન.સી.ઈ.આર.ટી.એ તૈયાર કરેલું "English Reader–Grade I" જે અંગ્રેજી વિના એસ.એસ.સી.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈને યુનિવર્સિટીમાં દાખલ થયેલા વિદ્યાર્થીઓ માટે પાઠ્યપુસ્તક તરીકે નિયત કરવામાં આવેલ છે તેના વેચાણ અંગે વ્યવસ્થા કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પાઠ્યપુસ્તકનું વેચાણ યુનિવર્સિટીએ પોતા થકી કરવાનું રાખવું.

૧૨૦. શ્રી. આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદ તરફથી સદરહુ કૉલેજોનું જૂન ૧૯૭૫થી વિભાગીકરણ કરી (૧) શ્રી. એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદને સ્વતંત્ર કૉલેજ તરીકે તથા (૨) શ્રી. આર. કે. પરીખ સાયન્સ કૉલેજ, પેટલાદ સાથે વિભાજિત થયેલ આર્ટ્સ કૉલેજનું સંયોજન કરી શ્રી. આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદને અનુક્રમે બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું મળેલ ચાલુ જોડાણ ચાલુ રાખવા તથા બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, ગુજરાતી, અર્થશાસ્ત્ર; બી.એ.(સબો.)માં સંસ્કૃત, હિન્દી, ઇતિહાસ અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે મળેલ કાયમી જોડાણ કાયમી રાખવા તથા બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું મળેલ ચાલુ જોડાણ ચાલુ રાખવા તથા બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું મળેલ ચાલુ જોડાણ ચાલુ રાખવા તથા બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન તથા બી.એસસી.(જન.)માં વનસ્પતિ-વિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે મળેલ કાયમી જોડાણ કાયમી રાખવા માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એક્ઝિકયુટિવ કાઉન્સિલ વતી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

તે પછી પ્રો. મનુભાઈ ડી. પંચોલી તેમની નિમણૂક નવા શૈક્ષણિક વર્ષથી સિટી લૉ કૉલેજના આચાર્ય તરીકે થયેલી છે અને તેઓ તે તારીખથી આ સભાગૃહના સભ્ય મટી જશે તે હકીકત લક્ષમાં લઈ સભાગૃહે નીચે મુજબ ઠરાવ્યું :

પ્રોફેસર પંચોલીને આ સભાગૃહ આચાર્યપદે થયેલી તેમની નિમણૂક માટે અભિનંદન આપે છે અને આ સભાગૃહના સભ્ય તરીકે તેમણે યુનિવર્સિટીના કામકાજમાં સંનિષ્ઠપૂર્વક સાથ અને સહકાર આપ્યો છે તે માટે તેમના તરફ આભારની લાગણી વ્યક્ત કરે છે.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એકિઝ. કાઉ./૧૮૪૧૨/૧૯૭૫
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
અમદાવાદ-૩૮૦૦૦૯
તા. ૧-૭-૧૯૭૫

કે. ચં. પરીખ
કુલસચિવ

પરિશિષ્ટ "ક"

કામકાજ ક્રમાંક ૧૭

બાંધકામ સમિતિની એક સભા તા. ૧૨–૫–૧૯૭૫ ને સોમવારના રોજ બપોરના ૩–૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. નવનીતલાલ સા. શોધન	હાજર
૩. ડૉ. આર. સી. સોનપાલ	હાજર
૪. શ્રી. કિશોરચંદ્ર સંઘાણી	હાજર
૫. શ્રી. આર. જી. ભાટિયા	હાજર
૬. શ્રી. એમ. સી. શાહ	ગેરહાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૮–૪–૧૯૭૫ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૮–૪–૧૯૭૫ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવામાં આવી અને તેના પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી પ્રેસ માટે જનરેટર ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૨૦,૦૦૦–૦૦ થશે.
(૨) યુનિ. કેમ્પસમાં ઘણી વાર વીજળી ગોરવાઈ જાય છે અને તેથી પરીક્ષાના પ્રશ્ન-પત્રોના કામમાં વિક્ષેપ થાય તેમ છે તેથી જનરેટર ખરીદવાની હાલ જરૂરિયાત છે.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના પ્રેસ માટે જનરેટર ખરીદવાની હાલ જરૂરિયાત નથી.

૩. યુનિવર્સિટી કેમ્પસમાં બંધાઈ રહેલા જિમ્નેશિયમના બાંધકામમાં અમુક આઇટમના જથ્થામાં વધારો થાય છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસમાં બંધાઇ રહેલા જિમ્નેશિયમના બાંધકામમાં અમુક આઇટમના જથ્થામાં વધારો થાય છે તે આ સાથેની યાદી "અ" પ્રમાણે મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ કામના જથ્થામાં જે વધારો થાય છે તે અંગે સ્થપતિનો અભિપ્રાય તથા કન્સલ્ટિંગ એન્જિનિયરનું સર્ટિફિકેટ તથા આ ફેરફાર માટેનું જસ્ટિફિકેશન મંગાવવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪. બોયઝ હૉસ્ટેલના ઇલેક્ટ્રિક કામમાં વધારાના કામકાજના દર મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના છાત્રાલયના ઇલેક્ટ્રિક કામમાં વધારાના કામકાજના નીચે પ્રમાણેના દર મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ૬૦ એમ્પિયર બસબાર ચેમ્બર ૧ નંગ ... રૂ. ૨૫૦ નંગ દીઠ.
૨. ૬૦ „ ફ્યૂઝ ૩ નંગ ... રૂ. ૫૦ „ „

૫. યુનિવર્સિટી બોયઝ હૉસ્ટેલ બ્લોક "ઇ"ના મકાનમાં કબાટોના ગોખલા પર શટર બનાવી આપવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—હાલ "ઇ" બ્લોકની રૂમોમાં ગોખલા તથા છાજલી છે, પરંતુ શટર નથી.
આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૧૮,૫૦૦–૦૦ જેટલું થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે બોયઝ હૉસ્ટેલ બ્લૉક "ઇ"ના મકાનમાં કબાટોના ગોખલા પર શટર બનાવી આપવા તથા તે અંગેનું અંદાજી ખર્ચ રૂ. ૧૮,૧૮૦ મંજૂર કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં આ માટે બજેટમાં ખર્ચના વધારાની જોગવાઈ કરવા મંજૂર કરવું.

૬. યુનિવર્સિટીના ટ્રાન્સમીટર રૂમની પશ્ચિમ બાજુએ પાઈપ તથા સિમેન્ટ શીટનાં પતરાંનો પાકો શેડ બનાવી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.** — આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૪૮,૦૦ જેટલું થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિ.ના ટ્રાન્સમીટર રૂમની પશ્ચિમ બાજુએ નીચાં ઝાડ રોપવા તથા તેના પર વેલ વગેરે બનાવવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૭. યુનિવર્સિટી કૅમ્પસમાં બંધાઈ રહેલા કૉમ્પ્યુટર સેન્ટરના મકાનના બાંધકામની સમયમર્યાદા વધારી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—૧. આ કામ માટેની સમયમર્યાદા તા. ૪-૨-૧૯૭૫ ના રોજ પૂરી થયેલ છે.

૨. કૉન્ટ્રાક્ટરે તેમના તા. ૫-૫-૧૯૭૫ના પત્રથી સમયમર્યાદા તા. ૩૦-૬-૧૯૭૫ સુધી વધારી આપવા માગણી કરી છે.

૩. આ કામના સ્થપતિએ સમયમર્યાદા તા. ૧૫-૬-૧૯૭૫ સુધી વધારી આપવા ભલામણ કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિ. કૅમ્પસમાં બંધાઈ રહેલા કૉમ્પ્યુટર સેન્ટરના મકાન બાંધકામમાં સિમેન્ટ સમયસર મળેલો ન હોઈ આ કામની સમયમર્યાદા સ્થપતિની ભલામણ મુજબ તા. ૧૫-૬-૧૯૭૫ સુધી વધારી આપવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૮. યુનિવર્સિટી કૅમ્પસમાં બંધાઈ રહેલા ટ્રસ્ટ ભવનના મકાનના બાંધકામની સમયમર્યાદા વધારી આપવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) આ કામની સમયમર્યાદા તા. ૯-૧-૧૯૭૫ના રોજ પૂરી થયેલી છે. ત્યાર બાદ તા. ૨૧—૧૦—૧૯૭૪ની બાંધકામ સમિતિમાં તા. ૩૧—૫—૧૯૭૫ સુધી સમયમર્યાદા વધારી આપવામાં આવેલી છે.

(૨) આ કામના કૉન્ટ્રાક્ટર તરફથી ગ્રાઉન્ડ ફ્લોરના બાંધકામની સમયમર્યાદા તા. ૩૦-૬-૧૯૭૫ તથા ફર્સ્ટ ફ્લોરના બાંધકામની સમયમર્યાદા તા. ૩૧—૮—૧૯૭૫ સુધી વધારી આપવા માંગણી છે.

(૩) આ કામના સ્થપતિ તરફથી ગ્રાઉન્ડ ફ્લોરની સમયમર્યાદા તા. ૧૫—૬-૧૯૭૫ તથા ફર્સ્ટ ફ્લોરની સમયમર્યાદા તા. ૧૫—૮-૧૯૭૫ સુધી વધારી આપવા માટે ભલામણ કરવામાં આવી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કૅમ્પસમાં બંધાઈ રહેલા ટ્રસ્ટ ભવનના બાંધકામની સમયમર્યાદા નીચેનાં કારણોસર સ્થપતિની ભલામણ પ્રમાણે ગ્રાઉન્ડ ફ્લોરની તા. ૧૫—૬—૧૯૭૫ તથા ફર્સ્ટ ફ્લોરની તા. ૧૫—૮—૧૯૭૫ સુધી વધારી આપવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. આ કામ માટે સિમેન્ટ સમયસર મળ્યો ન હોવાથી.

૨. આ કામ એકસ્પોઝ્ડ કરવાનું હોવાથી તે માટે નવા લોખંડના ફર્મા બનાવવાના હોવાથી.

૩. ફર્સ્ટ ફ્લોર પર વધુ બે રૂમ બનાવવાના હોવાથી.

૯. યુનિવર્સિટીના "ડી" ટાઇપ સ્ટાફ ક્વાર્ટર્સમાં ઇલેક્ટ્રિક કામમાં વધારાના કામકાજના દર મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.** — આ અંગે વધારાનું ખર્ચ રૂ. ૧,૦૦૦ જેટલું થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના "ડી" ટાઇપ સ્ટાફ ક્વાર્ટર્સના મકાનમાં ઇલેક્ટ્રિક વાયરિંગના કામકાજમાં નીચે પ્રમાણેના વધારાના કામકાજના દર મંજૂર કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સલને ભલામણ કરવી :

બસબાર ચેમ્બર ... ૪ નંગ ... રૂ. ૨૫૦ નંગ દીઠ.

૧૦. યુનિવર્સિટી કેમ્પસમાં બંધાઈ રહેલા જિમ્નેશિયમના બાંધકામની સમયમર્યાદા વધારી આપવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.** — (૧) આ કામની સમયમર્યાદા તા. ૧૯-૫-૧૯૭૫ ના રોજ પૂરી થાય છે.
(૨) કૉન્ટ્રાક્ટર તરફથી ડિસેંબર ૧૯૭૫ સુધી સમયમર્યાદા વધારી આપવા માગણી છે.
(૩) આ કામના સ્થપતિની તા. ૩૦-૧૧-૧૯૭૫ સુધી સમયમર્યાદા વધારી આપવા ભલામણ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસમાં બંધાઈ રહેલા જિમ્નેશિયમના બાંધકામની સમયમર્યાદા નીચેનાં કારણોસર સ્થપતિની ભલામણ પ્રમાણે તા. ૩૦-૧૧-૧૯૭૫ સુધી વધારી આપવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. સાઇટ અગાઉ એન. આર. એસ. સેન્ટર પાસે રાખવામાં આવેલી તે બદલીને હેલ્થ સેન્ટરની પાસે રાખવામાં આવી છે.

૨. અગાઉ આ કામની સાઇઝ ૭૭'—૦" × ૧૦૨'-૦" હતી પરંતુ તે વધારીને હવે ૮૩'—૦૦" × ૧૧૭'—૦૦" કરવામાં આવી છે.

૩. આ મકાનની ઊંચાઈ અગાઉ ૨૧'—૦" રાખવાની હતી પરન્તુ હવે ૨૫'—૦" કરવાની છે.

૪. આ ફેરફારને કારણે આર.સી.સી. કામની ફરીથી ડિઝાઇન કરવી પડી અને તેનાં ડ્રોઇંગ ફરીથી નવેસરથી બનાવવાં પડ્યાં તેમાં વિલંબ થયો.

૧૧. યુનિવર્સિટીના ટ્રસ્ટ ભવનના બાંધકામમાં ઠરાવમાં જણાવ્યા પ્રમાણેની આઇટેમના જથ્થામાં વધારો થાય છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ટ્રસ્ટ ભવનના બાંધકામમાં નીચે પ્રમાણેની આઇટેમના જથ્થામાં વધારો થાય છે તે મંજૂર કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

ટેન્ડર આઇટેમ નંબર	આઇટેમ	ભાવ	ટેન્ડર પ્રમાણે જથ્થો	થયેલ કામ પ્રમાણે જથ્થો	જથ્થામાં વધારો	ખર્ચનો વધારો
૨.	ક્લીકલેટ લાઇમ કૉંક્રીટ	૪૨-૦૦	૧૭૦	૩૭૦	૨૦૦	૮,૪૦૦-૦૦
૩.	પેઇન્ટિંગ કૉપર સલ્ફેટ	૧-૬૦	૩૨૦	૫૪૦	૨૨૦	૩૫૨-૦૦
૫.	ચણતર ૧ : ૬	૭૮-૦૦	૫૭૦	૮૦૦	૨૩૦	૧૭,૯૪૦-૦૦
૧૦.	એક્સપોઝ્ડ કૉંક્રીટ	૫-૫૦	૧,૯૦૦	૨,૩૦૦	૪૦૦	૨,૨૦૦-૦૦
૧૧.	,, ચણતર	૩-૫૦	૧,૧૦૦	૧,૪૦૦	૨૮૦	૯૮૦-૦૦
૧૩—એ.	પોલિશિંગ	૨-૧૫	૧,૧૨૦	૧,૪૦૦	૨૮૦	૬૩૦-૦૦
૧૪—એ.	વૉટર રિપ્લેન્ટ પેઇન્ટ	૩-૨૫	૧,૧૨૦	૧,૪૦૦	૨૮૦	૯૧૦-૦૦
૨૪.	માટી પુરાણ	૧૨-૦૦	૫૦	૪૦૦	૩૫૦	૪,૨૦૦-૦૦
૩૫.	વૉટરપ્રૂફિંગ	૧૫-૦૦	૫૨૦	૧,૦૪૦	૫૨૦	૭,૮૦૦-૦૦
૩૮.	ફિનિશિંગ	૩-૫૦	૫૨૦	૧.૦૪૦	૫૨૦	૧,૮૨૦-૦૦

૧૨. યુનિ.ના કૉમ્પ્યુટર સેન્ટર તથા ટ્રસ્ટ ભવનના મકાનમાં કૉપર વાયર કે ઍલ્યુમિનિયમ વાયર વાપરીને વાયરિંગનું કામ કરવું તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કૉમ્પ્યુટર સેન્ટર તથા ટ્રસ્ટ ભવનના મકાનમાં ઍલ્યુમિનિયમ વાયર વાપરીને વાયરિંગનું કામ કરાવવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી :

૧૩. યુનિવર્સિટી કૅમ્પસમાં બંધાઈ રહેલા "ડી" ટાઇપ સ્ટાફ ક્વાર્ટર્સનું કામ ઘણા સમયથી બંધ છે અને કૉન્ટ્રાક્ટરને આ કામ શરૂ કરવા પત્ર લખવા છતાં તેઓ તરફથી કોઈ જવાબ નથી અથવા કામ ચાલુ કરાવવા કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી તો આ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના "ડી" ટાઇપ સ્ટાફ ક્વાર્ટર્સના બાંધકામ અંગે કાનૂની અભિપ્રાય મેળવીને ઘટતું કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૪. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનના મકાનમાં પાર્ટિશન કરાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગેની વિગતો, જરૂરિયાત વગેરે તપાસી જુદો પ્રસ્તાવ રજૂ કરવો તેથી હાલ આ બાબતની વિચારણા મુલતવી રાખવામાં આવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

યાદી "અ"

વધેલ જથ્થા પ્રમાણે વધેલ ખર્ચ	આઈટેમ નંબર	આઈટેમ	ભાવ	ટેન્ડર પ્રમાણે જથ્થો	કામ પ્રમાણે જથ્થો	વધવા પામેલ જથ્થો
રૂ.			રૂ.			
	A					
૧,૭૨૦/-	૧	ખોદાણ	૪-૩૦	૪૦૦ cm.	૮૦૦ cm.	૪૦૦ cm.
૪૫૬/-	૪	રેતીપુરાણ	૧૯-૦૦	૧૦૬ ,,	૧૩૦ ,,	૨૪ ,,
૧૧,૩૪૦/-	૫	ચણતર કામ ૧ : ૬	૧૦૮-૦૦	૨૨૫ ,,	૩૩૦ ,,	૧૦૫ ,,
૨,૮૯૦/-	૬	પાર્ટિશન	૧૭-૦૦	૩૦ ,,	૨૦૦ ,,	૧૭૦ ,,
	B					
૧,૦૮૫/-	૨	પી.સી.સી.	૩૧૦-૦૦	૫ ,,	૮.૫૦ ,,	૩.૫૦ ,,
૧૪,૦૦૦/-	૩	સાદું સ્ટીલ	૨,૮૦૦/-	૧૦ ટન	૧૫ ટન	૫ ટન
૧૬,૦૦૦/-	૪	ટોર સ્ટીલ	૩,૨૦૦/-	૧૫ ટન	૨૦ ટન	૫ ટન.
૪૭,૪૯૧/-						

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૧૮

યુનિવર્સિટી કાર્યાલયમાં કાર્યાલય નિયામકની ત્રણ કાયમી જગ્યાઓ માટે ઉમેદવારોની મુલાકાત લેવા માટે વરણીસમિતિની એક સભા શુક્રવાર, તા. ૧૬-૫-૧૯૭૫ના રોજ ૧૨-૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ, કુલપતિ	હાજર
૨. આચાર્ય એમ. સી. શાહ	હાજર
૩. આચાર્ય એમ. એસ. પંડિત	હાજર
૪. શ્રી. નવીનચંદ્ર એમ. બારોટ	ગેરહાજર

નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

૧. શ્રી. એમ. ડી. ત્રિવેદી	હાજર
૨. શ્રી. આર. સી દેસાઈ	હાજર
૩. શ્રી. એન. બી. શાહ	હાજર
૪. શ્રી. એચ. સી દોશી	હાજર
૫. શ્રી. એ. ટી. મિસ્ત્રી	હાજર
૬. શ્રી. વી. એન. પટેલ	હાજર
૭. શ્રી. આર. એચ. પારેખ	હાજર
૮. શ્રી. કે. જી. શાહ	હાજર

હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લેવામાં આવી અને તે તમામ ઉમેદવારોની પાત્રતા અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી. તેના સંદર્ભમાં યુનિવર્સિટી કાર્યાલયમાં કૅશિયર અને કુલસચિવશ્રીના અંગત મદદનીશ-કમ-સ્ટેનોગ્રાફરના કામની જવાબદારીના ઉપલક્ષમાં તે જગ્યાઓ અપગ્રેડ કરવાની જરૂરિયાત તપાસવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે એકિઝકયુટિવ કાઉન્સિલને નીચે મુજબ ભલામણ કરવી :

૧. કૅશિયરની જગ્યાને કૅશિયર-કમ-ઑફિસ સુપરિન્ટેન્ડન્ટની જગ્યામાં ફેરવવામાં આવે અને તે જગ્યા પર શ્રી. એન. બી. શાહની નિમણૂક કરવામાં આવે.

૨. કુલસચિવશ્રીના અંગત મદદનીશ-કમ-સ્ટેનોગ્રાફરની જગ્યાને કુલસચિવશ્રીના અંગત મદદનીશ-કમ-ઑફિસ સુપરિન્ટેન્ડન્ટની જગ્યામાં ફેરવવામાં આવે અને તે જગ્યા પર શ્રી. કે. જી. શાહની નિમણૂક કરવામાં આવે.

૩. ઑફિસ સુપરિન્ટેન્ડન્ટની ત્રણ જગ્યા પર નીચેના સભ્યોને નીમવામાં આવે :

૧. શ્રી. એમ. ડી. ત્રિવેદી
૨. શ્રી. વી. એન. પટેલ
૩. શ્રી. આર. સી. દેસાઈ.

ભો. કે. શાહ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૪૪

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની વર્ષ ૧૯૭૫ની દ્વિતીય સભા યુનિવર્સિટી કાર્યાલયમાં શુક્રવાર, તા. ૧૮-૪-૧૯૭૫ના રોજ બપોરના ૩-૦૦ કલાકે કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલના અધ્યક્ષસ્થાને મળી હતી. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૮-૪-૧૯૭૫
૧.	શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ (કુલપતિશ્રી)	હાજર
૨.	શ્રી. એ. એમ. રાવળ	હાજર
૩.	શ્રી. એ. એસ. નાગર	હાજર
૪.	શ્રી. કે. આર. ચંદ્રશેખરન	હાજર
૫.	કુ. ઈ. એ. સોલોમન	હાજર
૬.	શ્રી. સી. આર. નાયક	ગેરહાજર
૭.	શ્રી. એમ. પી. ભટ્ટ	હાજર
૮.	કુ. તારાબહેન પટેલ	હાજર
૯.	શ્રી. આર. કે. ધારૈયા	હાજર
૧૦.	શ્રી. ડી. એન. પાઠક	ગેરહાજર
૧૧.	શ્રી. પરેશ મજમુદાર	ગેરહાજર
૧૨.	શ્રી. સી. ટી. ભોપટકર	હાજર
૧૩.	શ્રી. કે. જી. દેસાઈ	હાજર
૧૪.	શ્રી. જે. એ. યાજ્ઞિક	હાજર
૧૫.	શ્રી. પી. ડી. પાઠક	હાજર
૧૬.	શ્રી. એમ. એન. દેસાઈ	હાજર
૧૭.	શ્રી. જે. જે. ચિનોય	હાજર
૧૮.	શ્રી. વી. સી. શાહ	હાજર
૧૯.	શ્રી. સી. જી. ખત્રી	ગેરહાજર
૨૦.	શ્રી. એચ. એન. રાવળ	હાજર
૨૧.	શ્રી કે. જે. ભટ્ટ	ગેરહાજર
૨૨.	શ્રી. સી. એસ. શાહ	હાજર
૨૩.	ડૉ. એ. પી. ગુપ્તા	ગેરહાજર
૨૪.	શ્રી. એમ. એસ. પંડિત	હાજર
૨૫.	શ્રી. એમ. સી. શાહ	હાજર
૨૬.	શ્રી. એચ. જી. શાસ્ત્રી	હાજર
૨૭.	ડૉ. (મિસ) એસ. સી. પંડ્યા	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૮-૪-૧૯૭૫
૨૮.	ડૉ. દેવેન્દ્રલાલ	ગેરહાજર
૨૯.	ડૉ. યશપાલ	ગેરહાજર
૩૦.	શ્રી. વાય. કે. અલઘ	ગેરહાજર
૩૧.	શ્રી. પી. સી. મહેતા	ગેરહાજર
૩૨.	શ્રી. દલસુખભાઈ માલવણિયા	હાજર
૩૩.	ડૉ. એ. એમ. મલાવવાળા	હાજર
૩૪.	શ્રી. સુમન્ત મજમુદાર	ગેરહાજર
૩૫.	શ્રી. પ્રફુલ્લભાઈ અનુભાઈ	ગેરહાજર.

૧. બોર્ડ ઑફ યુનિ. ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૨૧-૧-૧૯૭૫ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૨૧-૧-૧૯૭૫ના રોજ મળેલી સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો/સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકો તરફથી પીએચ.ડી.ની પદવીમાં માન્યતા મેળવવા માટે આવેલ અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

આથી આ સભા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે કે—

(૧) ગુજરાત યુનિવર્સિટીના સ્પેસ સાયન્સીઝ ઍન્ડ ઍપ્લિકેશન્સ સેન્ટરના પ્રોફેસર અને વડા ડૉ. વર્મા સત્યદેવને ભૌતિકવિજ્ઞાનના વિષયમાં પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા આપવી.

(૨) આ યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોમાં કાર્ય કરતા નીચેના શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા માટેની તેમની અરજીના સંદર્ભમાં તેમના સંશોધનલેખો જરૂરી ગુણવત્તા (રેકગ્નાઇઝ્ડ મેરિટ્સ) ધરાવે છે કે કેમ તે અંગે અભિપ્રાય માટે જે તે શિક્ષકના નામ સામે જણાવેલ તજ્ઞને મોકલવા અને તેમનો અભિપ્રાય આવ્યેથી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી :

ક્રમાંક	શિક્ષક અને કૉલેજનું નામ	વિષય	તજ્ઞનું નામ
૧.	ડૉ. હરજીવન પ્રભુદાસ પટેલ, ગવર્નમેન્ટ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર	ગુજરાતી	ડૉ. ઈશ્વરલાલ આર. દવે
૨.	ડૉ. મોદી ચીનુભાઈ ચંદુલાલ, શ્રી. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	ગુજરાતી	,,
૩.	ડૉ. મહેતા શાંતિલાલ બહેચરદાસ, ગુજરાત કૉલેજ, અમદાવાદ	અર્થશાસ્ત્ર	ડૉ. વી. એસ. વ્યાસ

(૩) આ યુનિવર્સિટીની માન્ય સંસ્થાઓમાં કાર્ય કરતા નીચેના શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા માટેની અરજીના સંદર્ભમાં તેમના સંશોધન લેખો જરૂરી ગુણવત્તા (રેકગ્નાઇઝ્ડ મેરિટ્સ) ધરાવે છે કે કેમ તે અંગે અભિપ્રાય મેળવવા તજ્જ્ઞની નિમણૂક કરવા અને તેમનો અભિપ્રાય આવ્યેથી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી :

ક્રમાંક	શિક્ષક અને સંસ્થાનું નામ	વિષય
૧.	ડૉ. પ્રેમપાલ સિંઘ, અટિરા, અમદાવાદ	રસાયણવિજ્ઞાન
૨.	ડૉ. પક્ષી દેવેન્દ્રપ્રસાદ રતિલાલ, સેન્ટ્રલ સોલ્ટ ઍન્ડ મરિન કેમિકલ્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, ભાવનગર	રસાયણવિજ્ઞાન
૩.	ડૉ. સુખદેવ ઝાલા, મલ્ટિકેમ રિસર્ચ સેન્ટર, નાંદેસરી, વડોદરા	રસાયણવિજ્ઞાન
૪.	ડૉ. ઈશ્વરરાજ સકસેના, રિજિયોનલ રિસર્ચ લેબોરેટરી, હૈદરાબાદ	રસાયણવિજ્ઞાન
૫.	ડૉ. દેશપાંડે મોહન રામરાવ, ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ	ભૌતિકવિજ્ઞાન

(૪) એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના સંસ્કૃતના લેક્ચરર ડૉ. શાસ્ત્રો પ્રવીણકુમાર ઉમાકાન્તને સંસ્કૃતના વિષયમાં પીએચ.ડી. પદવીના માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા આપવાની તેમની વિનંતી સ્વીકારવી નહીં.

૩. પ્રો. એસ. બી. વોરાનું સૂચન ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૪-૨-૧૯૭૫ની સભાએ આ બોર્ડની વિચારણા માટે મોકલ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"અનુસ્નાતક કક્ષાએ શિક્ષણ આપવાની લાયકાતના કાયદા-ઑર્ડિનન્સમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ-બંને કક્ષાએ પાસ ક્લાસમાં ઉત્તીર્ણ થનાર શિક્ષક ગમે તેટલો અનુભવી હોય તોપણ તે અનુસ્નાતક શિક્ષણકાર્ય ન કરી શકે એ ઘણું અન્યાયી અને ગેરવાજબી પગલું છે તેથી ૧૯૬૫ પહેલાં જે પાસ થયા હોય તેવા શિક્ષકોને તેમનો ગમે તે ક્લાસ હોય પણ ત્રણ પેપર લખવાની શરત પૂરી કરે તો તેમને અનુસ્નાતક શિક્ષણ કરવાની છૂટ આપવી જોઈએ."

શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખા, વિજ્ઞાનની વિદ્યાશાખા અને વાણિજ્યની વિદ્યાશાખાઓના વિષયોમાં કાર્ય કરતા શિક્ષકને માન્ય મદદનીશ અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપવા માટેના ઑર્ડિ. ૬૫-એમ(૧)માં (ડી) તરીકે નીચેની જોગવાઈ ઉમેરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

(*d*) "A Bachelor's degree in Pass Class and a Masters' degree in Pass Class with ten years' teaching experience in degree classes in the subject concerned and five research papers or five articles of high quality or a monograph, as the case may be."

૪. નિયમ મુજબ જે શિક્ષકોના સંશોધન પેપરો–લેખો તજ્ઞના અભિપ્રાય અનુસાર યોગ્ય ગુણવત્તાવાળા માલૂમ પડયા હોય તેવા માન્ય અનુસ્નાતક શિક્ષકો/મદદનીશ શિક્ષકોની માન્યતા ચાલુ કરી આપવામાં આવે તો તે અંગેની મુદત નિયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

નિયમાનુસાર જે શિક્ષકોના સંશોધનપત્રો અથવા ત્રણ અભ્યાસલેખો અગર મોનોગ્રાફ, તજ્ઞના અભિપ્રાય અનુસાર યોગ્ય ગુણવત્તાવાળા માલૂમ પડયા હોય તેવા માન્ય અનુસ્નાતક શિક્ષકો અને માન્ય મદદનીશ અનુસ્નાતક શિક્ષકોની માન્યતા તા. ૧૪–૬–૧૯૮૦ સુધી ચાલુ કરી આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૫. નીચેના શિક્ષકોના સંશોધનપત્રો–લેખોના આધારે જે તે શિક્ષકની માન્યતા લંબાવી આપવા અંગે તજ્ઞે સ્પષ્ટ અભિપ્રાય નહીં આપેલો હોવાથી તેમની માન્યતાના પ્રશ્ન અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	શિક્ષકનું નામ	માન્ય અનુ. શિક્ષક કે મદદનીશ શિક્ષક	માન્યતાનો વિષય
૧.	શ્રી. એન. સી. શાહ	શિક્ષક	ગુજરાતી
૨.	શ્રી. જે. એ. દવે	શિક્ષક	ગુજરાતી
૩.	શ્રી. એમ. એસ. રાજ	શિક્ષક	અર્થશાસ્ત્ર, જૂથ 'સી'–'ડી'

આથી આ સભા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે કે—

(૧) શ્રી. એન. સી. શાહ અને શ્રી. જે. એ દવેના ગુજરાતી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા તા. ૧૪–૬–૧૯૮૦ સુધી ચાલુ કરી આપવી.

(૨) શ્રી. એમ. એસ. શાહના સંશોધનપત્રો-લેખો તજ્ઞના અભિપ્રાય અનુસાર જરૂરી ગુણવત્તાવાળા નહીં હોવાથી તેમની અર્થશાસ્ત્ર–જૂથ "સી" અને "ડી" વિષયની માન્ય અનુસ્નાતક શિક્ષકની માન્યતા તા. ૧૪–૬–૧૯૭૬ પછી ચાલુ રાખવી નહીં.

૬. નીચે જણાવેલ શિક્ષકોના સંશોધનપત્રો-લેખો તેમનાં નામ સામે જણાવેલ તજ્જ્ઞને અભિપ્રાય માટે મોકલતાં તેમની માન્યતા તા. ૧૪-૬-૧૯૭૬ પછી લંબાવી આપવાની બાબતમાં જરૂરી વિચારણા કરવા બાબત :

ક્રમાંક	શિક્ષકનું નામ	વિષય	અનુસ્નાતક શિક્ષક કે મદદનીશ	તજ્જ્ઞનું નામ
૧.	શ્રી. એસ. સી. કાનાવાલા	મનોવિજ્ઞાન	અનુ. શિક્ષક	ડૉ. એ. એસ. પટેલ, વડોદરા
૨	આચાર્ય સી. કે. અકુવાલા	શિક્ષણશાસ્ત્ર	અનુ. શિક્ષક	શ્રી. આર. એસ. ત્રિવેદી, વલ્લભવિદ્યાનગર
૩.	શ્રી. એન. ડી. દેસાઈ	ગુજરાતી	,,	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પેટલાદ.

(૧) મનોવિજ્ઞાનના વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા ધરાવતા પ્રોફેસર એસ. સી. કાનાવાલા, (૨) શિક્ષણશાસ્ત્રના વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા ધરાવતા આચાર્ય સી. કે. અકુવાલાના તથા (૩) ગુજરાતી વિષયમાં અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા ધરાવતા શ્રી. એન. ડી. દેસાઈના સંશોધનપત્રો-લેખો વગેરે તજ્જ્ઞના અભિપ્રાય અનુસાર જરૂરી ગુણવત્તાવાળા નહીં હોવાથી તેઓની માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા તા. ૧૪-૬-૧૯૭૬ પછી ચાલુ ન રાખવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૭. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખા, વિજ્ઞાનની વિદ્યાશાખા અને વાણિજ્યની વિદ્યાશાખા સિવાયની અન્ય વિદ્યાશાખાઓના વિષયોમાં માન્યતા ધરાવતા માન્ય અનુસ્નાતક શિક્ષકો અને માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષકોની માન્યતા તા. ૧૪-૬-૧૯૭૫ના રોજ પૂરી થતી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખા, વાણિજ્ય વિદ્યાશાખા અને વિજ્ઞાનની વિદ્યાશાખાઓ સિવાયની અન્ય વિદ્યાશાખાઓમાંથી જે તે વિષય અને પદવી માટે હાલમાં માન્યતા ધરાવતા માન્ય અનુસ્નાતક શિક્ષકો અને માન્ય મદદનીશ અનુસ્નાતક શિક્ષકોની માન્યતા તા. ૧૪-૬-૧૯૮૦ સુધી લંબાવી આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૮. જુદા જુદા વિષયોનાં અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર-ઇન-ચાર્જની મુદત તા. ૧૪-૬-૧૯૭૫ના રોજ પૂરી થતી હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

જુદા જુદા વિષયોનાં અનુસ્નાતક કેન્દ્રોના સંચાલન માટે અનુસ્નાતક નિયમ નં. ૨૩(એ) પ્રમાણે નીમવામાં આવેલા જે તે પ્રોફેસર-ઇન-ચાર્જની નિમણૂકની મુદત તા. ૧૪-૬-૧૯૮૦ સુધી લંબાવી આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(યાદી **પરિશિષ્ટ "૧"** તરીકે સામેલ છે.)

૯. તબીબી વિદ્યાશાખાએ તેની તા. ૮-૨-૧૯૭૫ની સભાએ પ્રી-ક્લિનિકલ વિષયની અભ્યાસસમિતિની તા. ૩-૨-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલને સ્વીકારવા ભલામણ કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"It is recommended to the Medical Faculty to change terminology from 'Assistant to a Post-graduate Teacher' to 'Assistant Post-graduate Teacher'."

તબીબી વિદ્યાશાખાની ઉપરની ભલામણ સ્વીકારવી અને તે મુજબ પ્રત્યેક વિદ્યાશાખામાં "માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક" એ રીતના નામાભિધાનને બદલે "માન્ય મદદનીશ અનુસ્નાતક શિક્ષક" એ નામાભિધાન રાખવું અને ઑર્ડિ. ૬૫-એના (૨)વાળા ભાગમાં જરૂરી ફેરફાર કરી ઑર્ડિ. ૬૫-એ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

O. 65-A :

There shall be two types of teachers of the University for Post-graduate instruction :

1 (*a*) Post-graduate teachers appointed by the University for its own department.

(*b*) Recognised teachers working in the affiliated Colleges or Recognised Institutions.

2. Recognised Assistant Post-graduate teachers.

૧૦. પ્રી-ક્લિનિકલ વિષયોની અભ્યાસસમિતિની તા. ૩-૨-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"It is recommended to B.U.T. & R. that the appointment of the Head of the Department as the Professor-in-charge for each of the P.G. centres in the subjects of Anatomy, Physiology, Pharmacology and Pathology ——be made as P.G. Rule No. 23(a)."

તબીબી વિદ્યાશાખાના નૉન-ક્લિનિકલ વિષયોનાં અનુસ્નાતક કેન્દ્રો માટે અલગ અલગ પ્રોફેસર ઇન-ચાર્જ નીમવાની પ્રી-ક્લિનિકલ વિષયોની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ નહીં સ્વીકારવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૧. વર્ષ ૧૯૭૫-૭૬ દરમ્યાન નીચે જણાવેલ કૉલેજોમાં જુદા જુદા વિષયનાં અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવા માટે જે તે કૉલેજોના આચાર્યશ્રી તરફથી આવેલ દરખાસ્તો અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	અનુ. કેન્દ્રનો વિષય
૧.	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાટણ	હિન્દી
૨.	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાટણ	ઇનઑર્ગેનિક ઍન્ડ ફિઝિકલ કેમિસ્ટ્રી
૩.	આર. આર. લાલન કૉલેજ, ભૂજ	હિન્દી
૪.	સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદ	સમાજશાસ્ત્ર–મનોવિજ્ઞાન
૫.	ભવન્સ જશોદાબહેન કૉમર્સ કૉલેજ, ડાકોર	એમ.કૉમ.ના વિષયો
૬.	કૉમર્સ કૉલેજ, ડભોઈ	,, ,,
૭.	શેઠ સી. એન. કૉમર્સ કૉલેજ, વીસનગર	,, ,,

વર્ષ ૧૯૭૫–૭૬ દરમ્યાન ઉપર જણાવેલ કૉલેજોની સામે દર્શાવેલ વિષયોમાં અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવાની જે તે કૉલેજના આચાર્યશ્રીની વિનંતી નહીં સ્વીકારવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૨. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદના આચાર્ય ડૉ. બી. આર. પટેલ તરફથી પીએચ.ડી. માટેના મહાનિબંધના માર્ગદર્શક અધ્યાપકને માનદ વેતન આપવા અંગેના સૂચન પરત્વે વિચારણા કરવા સારુ.

આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદના આચાર્ય ડૉ. બી. આર. પટેલનું પીએચ.ડી. પદવીના માર્ગદર્શક શિક્ષકને માનદ વેતન આપવા અંગેનું સૂચન નહીં સ્વીકારવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૩. હાલનો અનુ. નિયમ નં. ૨૨ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અંગે કાર્યાલયના સૂચન પર વિચારણા કરવા બાબત :

અનુ. નિયમ નં. ૨૨

"Fees for registration of Post-graduate students, once received, will in no case be refunded.

Provided that in the case of candidates who are not eligible for enrolment as post-graduate students, their full fees, if paid, together with registration fees be refunded to them at their cost."

અનુસ્નાતક નિયમ નં. ૨૨ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

P.G. Rule ૨૨ :

Fees for registration of Post-graduate students, once received, will in no case, be refunded, provided that in the case of candidates who are not eligible for enrolment as post-graduate students, their full fees, if paid, together with their registration fees be refunded to them at their own cost.

૧૪. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો/સંસ્થાઓમાં કામ કરતા સાથેના **પરિશિષ્ટ "૨"**માં દર્શાવેલ શિક્ષકોને માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપ્યાના;

(૨) આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો/સંસ્થાઓમાં કામ કરતા સાથેના **પરિશિષ્ટ "૩"**માં દર્શાવેલ શિક્ષકોની માન્ય અનુ. શિક્ષક તરીકેની માન્યતા માટેની અરજી નામંજૂર કર્યાના;

(૩) આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો/સંસ્થાઓમાં કામ કરતા સાથેના **પરિશિષ્ટ "૪"**માં દર્શાવેલ શિક્ષકોને માન્ય અનુ. શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપ્યાના;

(૪) આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો/માન્ય સંસ્થાઓમાં કામ કરતા સાથેના **પરિશિષ્ટ "૫"**માં દર્શાવેલ અનુ. શિક્ષકો-મદદનીશ શિક્ષકોની માન્યતા એક કૉલેજમાંથી બીજી કૉલેજમાં બદલી આપ્યાના;

(૫) સર પી.ટી. આર્ટ્સ કૉલેજ, મોડાસામાં શ્રી. સી. એફ. રાઠોડની એમ.એ. પદવી અંગ્રેજી વિષયની મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા તા. ૧૫-૩-૧૯૭૫થી રદ કર્યાના;

(૬) સમાજવિદ્યા ભવનમાં પ્રથમ સત્રમાં ભવનના નિમંત્રણથી શ્રીમતી ઊર્મિબહેન દેસાઈએ જે કામ કર્યું છે તે કામ માટે તેમને યુનિવર્સિટીએ નિયત કરેલ દરે (ઍડહૉક માન્યતા સમજીને) પુરસ્કાર આપવાનું માન્ય રાખ્યાના;

(૭) શ્રીમતી પી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાતમાં સ્થાપવામાં આવેલ એમ.એડ. પદવી એજ્યુકેશન વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાનિક શિક્ષકગણની ઊણપને લીધે તા. ૧૫-૬-૧૯૭૫થી બંધ કર્યાના;

(૮) શ્રીમતી પી. સી. જે. કૉલેજ ઑફ સાયન્સ, ખંભાતમાં સ્થાપવામાં આવેલ એમ.એસસી. પદવી ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાનિક શિક્ષકગણની ઊણપને લીધે તા. ૧૫-૬-૧૯૭૫થી બંધ કર્યાના;

(૯) નવજીવન આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદમાં સ્થાપવામાં આવેલ એમ.કૉમ. વિષયના અનુ. કેન્દ્રમાં ઑડિ. ૬૫-પી અનુસાર પૂરતો સ્થાનિક શિક્ષકગણ ન હોવાથી જૂન ૧૯૭૫થી બંધ પડેલું ગણવાના;

(૧૦) આર. આર. લાલન કૉલેજ, ભૂજ (કચ્છ)માં સ્થાપવામાં આવેલ એમ એ. પદવી ઇતિહાસ-અર્થશાસ્ત્ર જૂથ 'એ'-'સી'નું અનુ. કેન્દ્ર સ્થાનિક શિક્ષકગણના અભાવે વર્ષ ૧૯૭૫-૭૬થી બંધ પડેલું ગણવાના.

કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

[(૧) માન્યતા આપેલ માન્ય અનુ. શિક્ષકોની યાદી માટે **પરિશિષ્ટ "૨"**
(૨) માન્યતા નહીં આપેલ માન્ય અનુ. શિક્ષકોની યાદી માટે **પરિશિષ્ટ "૩"**
(૩) માન્યતા આપેલ માન્ય અનુ. શિક્ષકના મદદનીશ શિક્ષકની યાદી માટે **પરિશિષ્ટ "૪"**
(૪) એક કૉલેજમાંથી બીજી કૉલેજમાં માન્યતા બદલી આપી તેવા શિક્ષકોની યાદી માટે **પરિશિષ્ટ "૫"**]

૨૫. નીચેની કૉલેજોમાં તેમનાં નામ સામે જણાવેલ વિષયનાં અનુ. કેન્દ્રોની ત્રિવાર્ષિક તપાસ અંગે નીમેલી જે તે તપાસસમિતિ તરફથી આવેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજ/સંસ્થાનું નામ	પદવી	વિષય
૧.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધોળકા	એમ.એ.	ગુજરાતી
૨.	એમ. એન. કૉલેજ, વીસનગર	,,	,,
૩.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, તલોદ	,,	,,
૪.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મેાડાસા	,,	,,
૫.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદ	,,	,,
૬.	સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદ	,,	અર્થશાસ્ત્ર-સમાજશાસ્ત્ર
૭.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા	,,	ગુજરાતી
૮.	નવજીવન આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ	એમ.કૉમ.ના વિષયો	
૯.	આઈ. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, નડિયાદ	,,	,,
૧૦.	સૈફી જ્યુબિલી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુર	,,	,,
૧૧.	સી. એન. આર્ટ્સ ઍન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડી	,,	,,

આથી આ સભા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે કે—

(૧) ઉપરની કૉલેજોમાં સ્થાપવામાં આવેલાં અનુસ્નાતક કેન્દ્રોની તપાસ માટે નીમવામાં આવેલી તપાસસમિતિઓ તરફથી આવેલા અહેવાલોની નોંધ લેવી. (તપાસસમિતિઓના અહેવાલ માટે જુઓ **પરિશિષ્ટ "૬"**).

(૨) એમ. એન. કૉલેજ, વીસનગરમાં સ્થાપવામાં આવેલા ગુજરાતી વિષયના અનુસ્નાતક કેન્દ્રમાં તપાસસમિતિના અહેવાલ અનુસાર સત્ર દીઠ ૨૦-૨૦ વ્યાખ્યાનોનું કાર્ય ગોઠવવામાં આવતું હોવાથી, નિયમાનુસાર અનુસ્નાતક શિક્ષણકાર્ય થાય તે માટે તે કૉલેજના આચાર્યશ્રીઓને અને ગુજરાતી વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જને ઘટતું કરવા જણાવવું.

(૩) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, તલોદ અને આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મેાડાસામાં સ્થાપવામાં આવેલા ગુજરાતી વિષયનાં અનુસ્નાતક કેન્દ્રોમાં ત્રિવાર્ષિક તપાસસમિતિના અહેવાલ અનુસાર ફક્ત શનિવાર અને રવિવાર એમ બે દિવસ દરમ્યાન જ શિક્ષણકાર્ય થતું હોવાથી, અનુસ્નાતક નિયમ નં. ૩૪(એ) અનુસાર અઠવાડિયાના પાંચ દિવસ શૈક્ષણિક કાર્ય થાય તે માટે તે તે કૉલેજોના આચાર્યશ્રીઓને અને ગુજરાતી વિષયનાં અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર-ઇન-ચાર્જને ઘટતું કરવા જણાવવું.

(૪) તપાસસમિતિઓના અહેવાલો જે તે કૉલેજને જાણ માટે તેમ જ તેમાં દર્શાવવામાં આવેલી ક્ષતિઓ દૂર કરવા માટે મોકલી આપવા.

૧૬. ભવન્સ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડાકોરના આચાર્ય ડૉ. ઍલ. ડી. દવેના માર્ગદર્શન હેઠળ નોંધાયેલા વિદ્યાર્થીઓ સર્વશ્રી (૧) આર. ઍમ. શાહ (૨) ચિન્મય ગાંધી અને (૩) બી. ઍમ. પટેલને તેમનું પીએચ.ડી. પદવીનું સંશોધનકાર્ય પૂરું કરી તેમનો મહાનિબંધ ડૉ. દવે મારફતે રજૂ કરવા પરવાનગી આપવાના ડૉ. દવેના પ્રસ્તાવ અંગે વિચારણા કરવા બાબત.

ડૉ. ઍલ. ડી. દવેના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા વિદ્યાર્થીઓ સર્વશ્રી (૧) આર. ઍમ. શાહ, (૨) ચિન્મય ગાંધી અને (૩) બી. ઍમ. પટેલને તેમનું પીએચ.ડી. પદવીનું બાકી રહેલું કાર્ય ડૉ. દવેના માર્ગદર્શન હેઠળ પૂરું કરી તેમના મહાનિબંધ ડૉ. ઍલ. ડી. દવે મારફતે રજૂ કરવા પરવાનગી આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૭. આચાર્યશ્રી વાય. પી. શુકલની ઍમ.ઍ. પદવી ગુજરાતી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની અને પીએચ.ડી. પદવી માટે ગુજરાતી વિષયના માર્ગદર્શક શિક્ષક તરીકેની બંધ પડેલી માન્યતા ફરી ચાલુ કરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રી વાય. પી. શુકલની ઍમ.ઍ. ગુજરાતી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની અને પીએચ.ડી. પદવીના માર્ગદર્શક શિક્ષક તરીકેની બંધ પડેલી માન્યતા ફરી ચાલુ કરી આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૮. ઑર્ડિ. ૬૫-ઍફ (૧) નીચે ટાંકેલી કલમ ૧ (ઍ) અંગે જરૂરી સ્પષ્ટતા કરવા બાબત :

1(*a*) A recognised post-graduate teacher or an assistant to a recognised post-graduate teacher with five years' teaching experience at post-graduate level in the subject and three research papers, or three articles of high quality or a published monograph in a subject provided that their research papers, or articles, or the monograph, as the case may be, as adjudged by a competent person to be of a sufficiently high quality.

ઑર્ડિ. ૬૫-ઍફ (૧) નીચે મુજબ વંચાય તેમ સુધારવા માટે ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

1(*a*) (*i*) A recognised post-graduate teacher or (*ii*) a recognised Assistant post-graduate teacher with five years' teaching experience at post-graduate level in the subject concerned and three research papers, or three articles of high quality or a published monograph in the subject, provided that their research papers, or articles or the monograph, as the case may be, are adjudged by a competent person to be of a sufficiently high quality.

૧૯. સુધારેલા અનુ. નિયમ ૨૭ (સી) (*i*) હેઠળ વધુતમ આવકમર્યાદા રૂ. ૬,૦૦૦ની નક્કી કરવામાં આવી છે, પરંતુ તેમાં લઘુતમ આવકમર્યાદા નક્કી કરેલ નહીં હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત :

અનુ. નિયમ ૨૭-સી નીચે મુજબ છે :

(*i*) The half freeship or full freeship, as the case may be, granted to the post-graduate students whose total annual income including the income of his guardian is below Rs. 6,000/-.

સુધારેલા અનુસ્નાતક નિયમ નં. ૨૭ની કલમ (સી) (*i*) હેઠળ અનુસ્નાતક વિદ્યાર્થીને આપવામાં આવતી સત્ર ફીમાંથી અડધી માફી અથવા આખી માફી માટે વધુતમ આવકમર્યાદા નક્કી કરવામાં આવેલી, પરંતુ ઓછામાં ઓછી આવકમર્યાદા નક્કી કરેલી ન હોવાથી તે નિયમ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

P.G. Rule 7-C (*i*) :

The half freeship or full freeship, as the case may be, granted to the post-graduate student whose total annual income including the income of his guardian is not below Rs. 2,400/- and not above Rs. 6,000/-.

૨૦. અમદાવાદની (૧) એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, (૨) નવગુજરાત કૉમર્સ કૉલેજ, (૩) સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, તથા (૪) એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સમાં સ્થાપવામાં આવેલા એમ.કૉમ. પદવીના વિષયોનાં અનુસ્નાતક કેન્દ્રો માટે નિમાયેલી ત્રિવાર્ષિક તપાસસમિતિના સભ્યો શ્રી. મનુભાઈ એચ. શાહ તથા શ્રી. હૃષીકેશ પાઠક તરફથી આવેલા અહેવાલ પર વિચારણા કરવા બાબત.

અમદાવાદની (૧) એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, (૨) નવગુજરાત કૉ.મર્સ કૉલેજ, (૩) સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અને (૪) એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સમાં સ્થાપવામાં આવેલા એમ.કૉમ.ના વિષયોનાં અનુસ્નાતક કેન્દ્રોની તપાસ માટે નીમવામાં આવેલી ત્રિવાર્ષિક તપાસસમિતિ તરફથી આવેલા અહેવાલની નોંધ લેવી અને તે અહેવાલ જે તે કૉલેજને જાણ સારુ મોકલી આપવા.

(અહેવાલ માટે જુઓ પરિશિષ્ટ " ૬ ")

૨૧. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈમાં સ્થાપવામાં આવેલા ઇન-ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર ૧૯૭૪-૭૫ના વર્ષ દરમિયાન એક વર્ષ માટે આપવામાં આવેલું છે તે ચાલુ રાખવા માટે મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈમાં સ્થાપવામાં આવેલા એમ.એસસી. ઇન-ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયના અનુસ્નાતક કેન્દ્રની તપાસાર્થે નીચેના સભ્યોની સમિતિ નીમવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ડૉ. એમ. એન. દેસાઈ
૨. ડૉ. જે. જે. ત્રિવેદી.

બાબત નં. ૨૨ વિચારણા માટે પ્રમુખસ્થાનેથી રજૂ કરવામાં આવી.

૨૨. સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદમાં પ્રાધ્યાપક તરીકે જોડાયેલા શ્રી. જયેશભાઈ જે. દેસાઈને માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપવા અંગે વિચારણા કરવા બાબત.

સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદમાં પ્રાધ્યાપક તરીકે જોડાયેલા શ્રી. જયેશભાઈ જે. દેસાઈને એમ.કૉમ.ના નીચેના વિષયોમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ઇકૉનોમિક પૉલિસી ઍન્ડ પ્લાનિંગ

૨. પબ્લિક ફાઇનાન્સ

૩. ઍગ્રિકલ્ચરલ ઇકૉનોમિકસ.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ડા. હ. પટેલ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "૧"

List of the Post-graduate Centres and the Name of Professors-in-charge of the Post-graduate Centres

(It will comprise of Colleges/Institutions in the City of Ahmedabad and the Sabarmati Town Area)

No.	*College / Institution*	*Degree*	*Subject*	*Name of Professor--in-charge*
1	2	3	4	5
1.	Gujarat College, Ahmedabad.	M.A.	Urdu	Prof. M. A. Faruqui
2.	M. G. Science Inst., Ahmedabad.	M.Sc.	Geology	Prof. S. Mukherji
3.	B. J. Institute of Learning & Research, Ahmedabad.	M.A.	Indian Culture	Dr. H. G. Shastri
4.	L. D. College of Engineering, Ahmedabad.	1. M.E.(E.)	Elect. Machine Design etc. & Elect. Power	Prof. H. S. Jain
		2. M.E.(M)	Mechanical	Shri N. R. Dave
		3. M.E.(C)	—	Shri A. Venkatari
5.	B. D. College, Ahmedabad.	M.A.	Home Science	Shrimati U. D. Patel
6.	L. A. Shah Law College, A'bad.	LL.M. Gr. III	LL.M. Gr. III	Prin. M. S. Pandit
7.	New Law College, Ahmedabad.	LL.M. Br. I	—	Shri H. U. Joshi
8.	H. L. College of Commerce, Ahmedabad.	M.Com.	M.Com.	Shri R. L. Sanghvi
9.	H. A. College of Commerce, Ahmedabad.	M.Com.	M.Com.	Shri H. K. Trivedi

1	2	3	4	5
10.	S. V. Commerce College, Ahmedabad.	M.Com.	M.Com. (Costing)	Shri D. M. Sikh
11.	Navgujarat Comm. College, Ahmedabad.	M.Com.	M.Com. (Costing)	Shri M. C. Shah
12.	H. K. Arts College, Ahmedabad.	M.A.	Geography (Ad-hoc)	Shri A. T. Desai
13.	B. M. Institute, Ahmedabad.	D.P.	Psycho-therapy	Dr. Sumant Majmudar
		D.P.S.W.	Psychiatric Social Work	
		D.P.O.T.	Psychiatric Occu. Therapy	
		D.S.E.N.C.	Sp. Edu. for the Non-normal Children.	
14.	L. M. College of Pharmacy, Ahmedabad.	M.Pharm.	Pharmacy (M.Pharm. Subject)	Dr. C. S. Shah
		Group I		
15.	K. M. School of P.-G. Medicine & Research, Ahmedabad.	M.D. I	Medicine & Therapeutics	Dr. S. J. Damani
		M.D. IX	Radio Diagnosis	
		M.D. XI	Dermatology	
		D.V. & D.	Dip. in Derme. & Venerio.	
		D.M.R.E.	Dip. in Radiology	
		D.P.M.	Dip. in Psy. Medicine	

1	2	3	4	5
		Gr. II		
		M.D. II	Pathology & Bact.	Dr. M. S. Kanvinde
		M.D. IV	Pharmacology	
		M.D. VII	Preventive & Social Medicine	
		M.D. VIII	Physiology	
		D.C.P.	Dip. in Clinical Pathology	
		Gr. III		
		M.S. I	Gen. Surgery	Dr. J. M. Jalundhwala
		M.S. II	E.N.T.	
		M.S. III	Ortho. Surgery	
		M.S. IV	Opth.	
		D.O.	Dip. in Ophtha.	
		D.L.O.	Dip. in Laryngology	
		D.A.	Dip. in Anaesthesia	
		M.D. Br. VI	Anansthesia	
		Gr. IV		
		M.D. III	Obst. & Gynaeco.	Dr. (Miss) S. S Pandya
		M.D. V	Pediatrics	
		D.G.O.	Dip. in Gynaecology. & Obst.	
		D.Ped.	Dip. in Pediatrics	

1	2	3	4	5
		Gr. I		
16.	B. J. Medical College, Ahmedabad.	M.D. I	Medicine & Therapeutics	Dr. J. M. Patel
		M.D. IX	Radio Diagnosis	
		M.D. X	Radiotheraphy	
		D.M.R.E.	Dip. in Radiology	
		T.D.D.	Dip. in Tuberculosis	
		D.P.M.	Dip. in Psychological Medicine	
		D.V.D.	Dip. in Derm. & Vene.	
		Gr. II		
		M.D. II	Pathology & Bacteriology	Dr. M. N. Jindal
		M.D. IV	Pharmacology	
		M.D. VII	Preventive & Social Medicine	
		M.D. VIII	Physiology	
		D.C.P.	Dip. in Clinical Patho.	
		Gr. III		
		M.S. I	Gen. Surgery	Dr. P. R. Thakor
		M.S. II	Otorhinolaryngology	
		M.S. III	Orthopaedic Surgery	
		M.S. IV	Ophthalmology	
		M.S. V	Anatomy	
		D.O.	Dip. in Opth.	
		D.L.O.	Dip. in Laryngology	
		D.A.	Dip. in Anaesthesia	
		M.D. V	Anaesthesia	

1	2	3	4	5
		Gr. IV		
		M.D. III	Obst. & Gynaeco.	Dr, (Mrs.) A. B. Desai
		M.D. V	Pediatrics	
		D.G.O.	Dip. in Gynaeco.	
		D.Ped.	Dip. in Pediatrics	
		M.Sc. (Med.) (for non-Medical)	1. Anatomy 2. Human Physiology 3. Pharmacology 4. Microbiology & Helminthology	
		D.P.S.W.	Dip. in Psychiatric Social Work	
		D.P.O.T.	Dip. in Psychiatric Occupational Theraphy	
		D.P.	Dip. in Psychotherapy	
17.	Municipal Medical College, Ahmedabad.	M.Sc. (Med.) for Non-Medical		Dr. Hrishikesh
		M.D.	Physiology	
		M.S.	Anatomy	
		M.Sc. (Med.) for Non-Medical	Pharmacology	
		,,	Anatomy	
		,,	Microbiology and Helminthology	

1	2	3	4	5
18.	Govt. Dental College & Hospital, Ahmedabad.	M.D.S Br. I	Prosthetic Dentistry	Dr. A. M. Malaowala
		Br. V	Orthodontia	
		Br. III	Oral Surgery & Maxillofacial Plastic Surgery	
		Br. VII	Oral Diagnosis & Dental Radiology	
		Br. VIII	Preventive Dentistry	
		Br. VI	Oral Pathology & Bacteriology	
		Br. IV	Operative Dentistry	

NORTH ZONE

[It will comprise of colleges/institutions in the Districts of Ahmedabad (excluding the city of Ahmedabad & Sabarmati town area), Gandhinagar, Mehsana and Sabarkantha.]

19.	M. N. College, Visnagar.	M.A.	Gujarati	Shri M. A. Dave
		M.A./M.Sc.	Mathematics Grs. A & B	Shri M. H. Patel
		M.Sc.	Inorganic Chemistry	Shri V. T. Oza
		M.A.	History-Economics (Grs. A & C)	Shri V. B. Topkhane
		M.A.	Hindi	Shri H. C. Naik
		M.Sc.	Physics	Shri C. J. Pandya
		M.A.	English	Shri J. V. Joshi
20.	College of Education, Patan	M.Ed.	Education	Shri B. C. Patel

1	2	3	4	5
21.	Arts & Science College, Patan.	M.A.	Sanskrit	Shri B. M. Upadhyay
22.	Shri S. K. Shah and Shri Krishna O. M. Arts & Comm. College, Modasa.	M.A. M.A.	Gujarati Hist. Econ. Grs. A & C.	Shri D. P. Thaker Shri J. J. Joshi
23.	Sir P. T. Science College, Modasa.	M.Sc.	Organic Chemistry	Shri K. M. Shah
24.	Sheth H. P. Arts and Commerce College, Talod.	M.A.	Gujarati	Shri J. J. Dave
25.	U. P. Arts and Science College, Pilvai	M.Sc.	Physical Chemistry	Shri J. D. Talati
26.	Municipal Arts and Commerce College, Mehsana.	M.A.	Hindi	Shri D. S. Josh
27.	Arts & Comm. College, Dholka.	M.A.	Gujarati	Shri T. R. Shukla
28.	C. N. Arts and Comm. College, Kadi.	M.Com.	Costing	Shri D. D. Dave
29.	Saifee Jubilee Arts and Comm. College, Sidhpur.	M.Com.	Costing	Shri H. K. Bukhari
30.	Sir K. K. Arts & Comm. College, Dhandhuka.	M.Com. M.A.	M.Com. Subjects Gujarati	Shri B. M. Pirzada Shri K. D. Patel

KAIRA ZONE

(It will comprise of Colleges / Institutions in the Kaira District)

31.	C. B. Patel Arts College, Nadiad.	M.A.	Gujarati	Shri D. M. Master
		M.A.	Econ-Sociology Grs. 'C' & 'E'	Shri A. S. Patel
		M.A.	Hindi	Shri S. C. Raval
32.	J. & J. College of Science, Nadiad.	M.Sc	Physic	Shri H. M. Shah
		M.Sc.	Organic Chemistry	Shri C. D. Desai
		M.A./ M.Sc.	Maths. (Gr. A.)	Shri S. B. Shah
		M.Sc.	Micro-biology	Shri J. J. Shukla

1	2	3	4	5
33.	Shri I. V. Patel College of Commerce, Nadiad.	M.Com.	M.Com. subjects	Shri S. R. Mehta
34.	P. B. Science and S. K. Arts College, Kapadwanj.	M.Sc.	Organic Chemistry	Shri V. T. Soni
35.	Arts and Science College, Bhadran.	M.Sc.	Physics	Shri I. M. Patel
		M Sc. Part I	Chemistry (Except Organic Chemistry)	Shri R. V. Shah
36.	Bhavans' College, Dakor.	M.Sc.	Inorganic Chemistry	Shri L. D. Dave
37.	Arts & Science College, Petlad.	M.Sc.	Organic Chemistry	Shri D.V. Brahmbhatt
38.	Secondary Teachers Training College, Kaira.	M.Ed.	Education	Shri N. V. Raval
39.	Arts & Commerce College, Borsad.	M.A.	Gujarati	Shri B. R. Patel
	EAST ZONE			
	(It will comprise of Colleges/Institutions in the District of Panchmahals and Baroda)			
40.	P. T. Arts and Science College, Godhra.	M.Sc.	Organic Chemistry	Shri A. G. Munshi
		M.A.	Hist.-Econ. (Grs. A & C)	Shri V. A. Patel
41.	Arts & Science College, Dabhoi.	M.Sc.	Inorganic Chemistry	Shri R. C. Shah
		M.A.	Gujarati	Shri B. R. Mistry
42.	Navjivan Arts & Comm. College, Dahad.	M.A.	Gujarati	Shri C. A. Topiwala
	KUTCH ZONE			
	(It will comprise of Colleges/Institutions in the Districts of Kutch and Banaskantha)			
43.	R. R. Lalan College, Bhuj.	M.A.	Gujarati	Shri B. J. Jhaveri
		M.A.	English	Shri J. N. Shukla

પરિશિષ્ટ " ૨ "

કુલપતિશ્રીએ માન્યતા આપેલ માન્ય અનુ. શિક્ષકોની યાદી

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૧.	શ્રી. યોગેન્દ્ર ડી. વ્યાસ	પીએચ.ડી.	લિંગ્વિસ્ટિકસ	ભાષા-સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯
૨.	શ્રી. કૈલાસચંદ્ર ગુપ્તા	એમ.એસસી. ડિગ્રી	કેમિસ્ટ્રી	અટિરા, અમદાવાદ-૯
૩.	શ્રી. એચ. યુ. મહેતા	,,	,,	,,
૪.	શ્રી. જે. આર. મોદી	,,	,,	,,
૫.	શ્રી. એલ. કે. પટેલ	પીએચ.ડી.	મૅથેમેટિકસ	વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯
૬.	શ્રી. એમ. ડી. માણેક	એલએલ.એમ.	ગ્રુપ ૧ અને ૩	લૉ કૉલેજ, ગોધરા
૭.	શ્રી. સી. જે. દવે	એમ.ડી.,ડી.સી.પી.	પેથોલોજી (ક્લિનિકલ પેથોલોજી)	કે. એમ. સ્કૂલ ઑફ પી.-જી. મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદ-૬.
૮.	ડૉ. ચંદ્રકાન્ત જે. પરીખ	એમ.ડી. ગ્રા. ૧	જનરલ મેડિસિન	એન.એચ.એલ. મ્યુનિ. મેડિકલ કૉલેજ ઍન્ડ કે. એમ. સ્કૂલ ઑફ પી.-જી. મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદ.
૯.	ડૉ. પ્રતાપ એન. મહેતા	ડી.પી.એમ.	સાયકોલોજિકલ મેડિસિન	,, ,,

પરિશિષ્ટ " ૩ "

કુલપતિશ્રીએ અમાન્ય કરેલ અનુ. શિક્ષકોની યાદી

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૧.	શ્રીમતી ઉષા એચ. આચાર્ય	પીએચ.ડી.	બોટેની (પ્લાન્ટ ફિઝિયોલોજી)	વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ—૯
૨.	શ્રી. વી. એ પટેલ	,,	અર્થશાસ્ત્ર	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગોધરા
૩	શ્રી. ડી. સી. દેસાઈ	એમ.એ.	ગુજરાતી	એચ.એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
૪.	ડૉ. શ્રી. એલ. સી. પટેલ	એમ.એ.	ગુજરાતી	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધોળકા
૫.	ડૉ. આર. એસ. શાહ	એમ.ડી. ગ્રા. ૧	જનરલ મેડિસિન	એન.એચ.એલ. મ્યુનિ. મેડિકલ કૉલેજ ઍન્ડ કે. એમ. સ્કૂલ ઑફ પી.-જી. મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદ.

પરિશિષ્ટ "૪"

કુલપતિશ્રીએ માન્યતા આપેલ માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષકોની યાદી

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૧	૨	૩	૪	૫
૧.	શ્રી. જે. વી. દવે	એમ.એ.	અંગ્રેજી	એમ. એન. કૉલેજ, વીસનગર
૨.	શ્રી. એન. ટી. ઓઝવાળા, એમ.એસસી.	એમ.એસસી.	મૅથેમેટિકસ	નટવરસિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર
૩.	શ્રી. બી. એમ. પંડ્યા, એમ.એસસી.	,,	,,	,,
૪.	શ્રી. એસ. પી. શાહ, એલએલ.એમ.	એલએલ.એમ.	ગ્રુપ ૩ના વિષયો	વિવેકાનંદ કૉલેજ ઑફ અજ્યુકેશન એન્ડ લૉ, મહેસાણા
૫.	ડૉ. સાધનાબહેન એમ. જોશી, એમ.ડી.	એમ.ડી.પ્રા. ૮ એમ.એસસી. (મેડ.) ફૉર નૉન-મેડિકલ	ફિઝિયોલોજી	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ-૧૬
૬.	ડૉ. ભારતીબહેન કે. પટેલ, એમ.ડી.	,,	,,	,,
૭.	ડૉ. આર. કે. ડી. ગોયેલ, એમ.એસસી. (મેડ.)	એમ.એસસી. (મેડ.) નૉન-મેડિકલ	માઇક્રો-બાયોલોજી એન્ડ હેલ્મિન્થોલોજી	,,
૮.	શ્રી. એન. જી. પટેલ	એમ.એસ. ડિપ્લોમા ઇન ઓપ્થાલ્મોલોજી	ઓપ્થાલ્મોલોજી	કે. એમ. સ્કૂલ ઑફ પી.-જી. મેડિસિન એન્ડ રિસર્ચ, એલિસબ્રિજ, અમદાવાદ-૬
૯.	ડૉ. સુધા વી. પંડ્યા, (ડી.આર.સી.ઓ.જી., એન.આર.સી ઓ.જી.)	એમ.ડી. ડી જી.ઓ.	ઓબ્સ્ટેટ્રિકસ એન્ડ ગાયનેકોલોજી	,,
૧૦.	ડૉ. નિરૂપમા એસ. શાહ, એમ.ડી.	એમ.ડી. (પ્રા. ૧)	જનરલ મેડિસિન	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ-૧૬
૧૧.	ડૉ. આર. એસ. શાહ, એમ.ડી.	,,	,,	એન. એચ. એલ. મ્યુનિ. મેડિકલ કૉલેજ એન્ડ કે. એમ. સ્કૂલ ઑફ પી.-જી. મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદ-૬
૧૨.	ડૉ. એ. એસ. પરીખ, એફ.આર.સી.એસ.	એમ.એસ. (પ્રા. ૧)	સર્જરી	,,
૧૩.	ડૉ. આર. એમ. કોઠારી, એમ.એસ.	,,	,,	,,

૧	૨	૩	૪	૫
૧૪.	ડૉ. પી. આર. ભટ્ટ, એમ.ડી., એમ.આર.સી.પી.	એમ.ડી.	મેડિસિન	એન.એચ.એલ. મ્યુનિ. મેડિકલ કૉલેજ એન્ડ કે. એમ. સ્કૂલ ઑફ પી.-જી. મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદ-૬
૧૫.	ડૉ. નિર્મળા આર. દેસાઈ, એમ.ડી.	એમ.ડી. ડી.જી.ઓ.	ઑબ્સ્ટેટ્રિક્સ એન્ડ ગાયનેકૉલોજી	,,
૧૬.	શ્રી. જે. એચ. પટેલ, એમ.કૉમ., એલએલ.બી.	એમ.કૉમ.	૧. કૉસ્ટિંગ ૨. બિઝનેસ મૅનેજમેન્ટ ૩. ઑર્ગે. માર્કેટ્સ	સિટી કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
૧૭.	શ્રી. એમ. વી. દવે	એમ.કૉમ.	૧. કૉર્પો. ફાઇનાન્સ ૨. ઑર્ગે. માર્કેટ્સ	સૈફી જ્યુબિલી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુર
૧૮.	ડૉ. વી. સી. દોશી, એમ.એસ.	એમ.એસ. (પ્રા. ૧)	જનરલ સર્જરી	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ.
૧૯.	ડૉ. લીલાવતી બી. ત્રિવેદી, એમ.ડી., ડી.જી.ઓ.	એમ.ડી. ડી.જી.ઓ.	ઑબ્સ્ટેટ્રિક્સ એન્ડ ગાયનેકૉલોજી	,,
૨૦.	ડૉ. એમ. એન. ત્રિવેદી, ડી.એ.	ડી.એ.	એનેસ્થેસિયા	એન.એચ.એલ. મ્યુનિ. મેડિકલ કૉલેજ એન્ડ કે. એમ. સ્કૂલ ઑફ પી.-જી. મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદ.
૨૧.	ડૉ. ભૈરવી એમ. શાહ, એમ.ડી., ડી.પેડ.	એમ.ડી.	પેડિયાટ્રિક્સ	ઉપર મુજબ
૨૨.	ડૉ. ડોલર ડી. ભૂપતાણી, એમ.ડી.	એમ.ડી. ડી.જી.ઓ.	ઑબ્સ્ટેટ્રિક્સ એન્ડ ગાયનેકૉલોજી	ઉપર મુજબ
૨૩.	ડૉ. આર. એન. નાયક, એમ.એસ.	એમ.એસ. (પ્રા. ૩)	ઑર્થોપેડિક સર્જરી	ઉપર મુજબ

પરિશિષ્ટ " ૫ "

કુલપતિશ્રીએ નીચેના માન્ય અનુસ્નાતક શિક્ષક-અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષકની માન્યતા એક કૉલેજ-સંસ્થામાંથી બીજી કૉલેજ-સંસ્થામાં બદલી આપી તેની યાદી

શિક્ષકનું નામ	પદવી	વિષય	અગાઉની કૉલેજ-સંસ્થાનું નામ	માન્યતા બદલી આપી તે કૉલેજ-સંસ્થાનું નામ
શ્રી. પ્રદ્યોત આર. ઠાકોર	એમ.એસ. (બ્રા. ૧)	જનરલ સર્જરી	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ	કે. એમ. સ્કૂલ ઑફ પી.-જી. મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદ

પરિશિષ્ટ "૬"

આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધોળકાના ગુજરાતી વિષયના અનુસ્નાતક કેન્દ્રની ત્રિવાર્ષિક તપાસનો અહેવાલ

અમો નીચે સહી કરનાર ડૉ. રમણલાલ જોશી અને પ્રિ. કાંતિભાઈ આચાર્ય તા. ૧૧ જાન્યુ. '૭૫ ને શનિવારે આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધોળકાના ગુજરાતી વિષયના અનુસ્નાતક કેન્દ્રની ત્રિવાર્ષિક તપાસ માટે ગયા હતા. તપાસણી અર્થે જરૂરી માહિતી પૂરી પાડવામાં કેન્દ્રના પ્રોફે.-ઇન-ચાર્જ આચાર્ય શ્રી. ટી. આર. શુક્લે અમને પૂરી સુવિધા કરી આપી હતી. આ કૉલેજમાં ગુજરાતી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર ૧૯૭૦માં સ્થપાયું હતું. ૧૯૭૩-૭૪ના વર્ષને બાદ કરતાં એમ.એ. ભાગ ૧માં વિદ્યાર્થીઓની સંખ્યા ઉત્તરોત્તર ઘટતી આવે છે. વાર્ષિક પરીક્ષાનાં પરિણામો જોતાં એકંદરે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓની સંખ્યા ઘણી સારી હોવા છતાં બીજો વર્ગ મેળવનારની સંખ્યા ઓછી રહી છે અને પ્રથમ વર્ગ તો અત્યાર સુધીમાં કોઈ વિદ્યાર્થી લાવી શકયો નથી.

ચાલુ સાલે એમ.એ. ભાગ ૧માં પ્રથમ સત્રમાં ૧૨ અને બીજા સત્રમાં ૯ અને એમ.એ ભાગ ૨માં બંને સત્રોમાં ૧૭ વિદ્યાર્થીઓ છે. અધ્યાપનકાર્ય અંગે આ કેન્દ્રમાં બે પૂરા સમયના માન્ય અનુસ્નાતક શિક્ષકો અને એક મદદનીશ અનુસ્નાતક શિક્ષક કાર્ય કરે છે એ દૃષ્ટિએ યુનિવર્સિટીના હાલના નિયમો પ્રમાણે સ્થાનિક શિક્ષકગણની આવશ્યક સંખ્યા છે. આ કેન્દ્રમાં ગૌણ વિષય તરીકે માત્ર હિંદી શીખવવામાં આવે છે. સ્થાનિક અધ્યાપક માન્ય અનુસ્નાતક શિક્ષક છે. મુખ્ય અને ગૌણ વિષયોમાં મુલાકાતી અધ્યાપકોની સેવાઓ લેવામાં આવે છે. યુનિવર્સિટીના નિયમ મુજબ એક પેપર સામાન્ય રીતે બે અધ્યાપકો વચ્ચે વિભાજિત થાય છે. આ વર્ષે અપવાદ તરીકે પ્રશ્નપત્ર ૧ ત્રણ અધ્યાપકો વચ્ચે ફાળવવામાં આવ્યો છે તે બરોબર થયું નથી (જોકે આ માટે યુનિવર્સિટીની પરવાનગી મેળવવામાં આવી છે એવું અમોને જણાવવામાં આવ્યું હતું). મુલાકાતી અધ્યાપકોના કાર્યભાર અંગે ફાળવવામાં આવેલા પોતાના તાસ પૂરા કર્યા બાદ તે અધ્યાપકો અનુસ્નાતક કેન્દ્રમાં આવતા બંધ થાય છે અને બીજા અધ્યાપકો પોતાનું કાર્ય શરૂ કરે છે. આ પદ્ધતિને બદલે પ્રત્યેક પેપરના અધ્યાપકો આખું વર્ષ સતત અધ્યાપનકાર્ય કરે એ પ્રકારની વહેંચણી કરવામાં આવે તો બધા પેપરો આખું વર્ષ ચાલે અને વિદ્યાર્થીઓને પણ સતત અધ્યાપકોનો સંપર્ક રહે. મુલાકાતી અધ્યાપકો સામાન્ય રીતે શ.નિ-રવિએ પીરિયડો લે છે એ પદ્ધતિ અવશ્ય સુધારો માગી લે છે. એ માટે ઘટતી વૈકલ્પિક વ્યવસ્થા થવી જ જોઈએ. સ્થાનિક અધ્યાપકો સામાન્ય રીતે દર અઠવાડિયે બે પીરિયડ લે છે તેને બદલે વધારે પીરિયડ લે એવી વ્યવસ્થા ગોઠવાય તો વિદ્યાર્થીઓને અધ્યાપકોનો ચાલુ લાભ મળ્યા કરે. અત્યારે વર્ગો બુધ-ગુરુ અને શુક્રવારે સાંજે ૪-૦૦ વાગ્યે, શનિવારે બપોરે ૩-૦૦ વાગ્યે અને રવિવારે સવારે ૯-૩૦ વાગ્યે લેવાય છે.

કૉલેજની લાઇબ્રેરીમાં પુસ્તકોની સંખ્યાના આંકડા અમોને આપવામાં આવ્યા હતા એ પ્રમાણે પુસ્તકોની સંખ્યા ૧૪૦૭ છે અને કિંમત રૂ. ૯,૮૩૧-૦૧ છે. અનુસ્નાતક કેન્દ્ર માટે એની ઘણાયદી લાઇબ્રેરી હોય તે ઇષ્ટ છે. આ લાઇબ્રેરીમાં સંશોધન-વિવેચનનાં પુસ્તકો સારી સંખ્યામાં હોય અને રિસર્ચ જર્નલ પણ પૂરતા પ્રમાણમાં મંગાવવામાં આવે તો વિદ્યાર્થીઓ અને અધ્યાપકો એનો લાભ લઈ શકે.

સમગ્રતયા ધોળકા કૉલેજમાં ચાલતું ગુજરાતી (મુખ્ય) અને હિંદી (ગૌણ) વિષયનું અનુસ્નાતક કેન્દ્ર યુનિવર્સિટીના પ્રવર્તમાન નિયમો અનુસારનું હોઈ અને આજુબાજુના નોકરી કરી અભ્યાસ કરતા અને અન્ય વિદ્યાર્થીઓને એનો લાભ મળતો હોઈ એને ચાલુ રાખવાની ભલામણ કરવામાં આવે છે.

રમણલાલ જોશી
કાન્તિભાઈ આચાર્ય
ધોળકા ખાતેના અનુસ્નાતક કેન્દ્રની તપાસસમિતિના સભ્યો.

એમ. એન. કૉલેજ, વીસનગરના ગુજરાતી વિષયના અનુસ્નાતક કેન્દ્રની ત્રિવાર્ષિક તપાસસમિતિનો અહેવાલ

૧. એમ.એન. કૉલેજ, વીસનગરના ગુજરાતી વિષયના અનુસ્નાતક કેન્દ્રમાં સ્થાનિક શિક્ષકગણનું પ્રમાણ યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણેનું છે અને ત્યાં અનુસ્નાતક શિક્ષણનું કાર્ય સરળતાપૂર્વક અને વ્યવસ્થિત રીતે ચાલે છે.

૨. પ્રશ્નપત્ર દીઠ ઓછામાં ઓછા ચોવીસ પીરિયડ સત્ર દીઠ ગોઠવવાનો યુનિવર્સિટીનો નિયમ છે પણ એમ.એ. કેન્દ્રની માહિતી મેળવી તેમાં ત્યાં સત્ર દીઠ પેપર દીઠ વધુમાં વધુ વીસ પીરિયડ ફાળવવામાં આવ્યા છે. અમે આ અંગે પૂછપરછ કરતાં કેન્દ્ર નિયામકે હવે પછીથી પીરિયડોની ફાળવણી યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે સુધારી લેવાની ખાતરી આપી છે.

૩. પુસ્તકોની સંખ્યા અને વિષયવૈવિધ્યમાં પુસ્તકાલય એકંદરે સંતોષકારક લાગ્યું છે. તેમ છતાં અભ્યાસક્રમને આવરી લેતા અને ગુજરાતીનાં વિવિધ સાહિત્યસ્વરૂપોનો વિશેષ લાભ આપી શકાય તે માટે હજુ નવાં તાજેતરમાં બહાર પાડેલાં પુસ્તકો ઉમેરી શકાય એમ અમને લાગે છે. અભ્યાસક્રમની ચર્ચા માટે સાહિત્યવિવેચનનાં અને સાહિત્યસ્વરૂપનાં કેટલાંક નાનાં અંગ્રેજી પુસ્તકો પણ વસાવી શકાય તો ઇષ્ટ ગણાય.

૪. પુસ્તકાલયમાં આવતાં સામયિકોનું વૈવિધ્ય સંતોષકારક છે. સત્ર દીઠ વિદ્યાર્થીઓએ એક પરીક્ષા આપવી આવશ્યક છે અને આ કેન્દ્રમાં પણ અગાઉનાં વર્ષોમાં આ નિયમાનુસાર પરીક્ષાઓ લેવાઈ છે. ચાલુ સાલે વિદ્યાર્થીઓનાં તોફાનોને કારણે એ પરીક્ષા સત્રાન્તે લઈ શકાઈ નહોતી પણ એમણે એ પરીક્ષા થોડાક સમયમાં જ લેવાની ખાતરી આપી છે.

૫. વિદ્યાર્થીઓને અપાતી ફ્રીશિપ અને સ્કૉલરશિપ યુનિવર્સિટીનાં પ્રવર્તતાં ધારાધોરણ મુજબ અપાય છે તેની અમોએ ખાતરી કરી છે.

એકંદરે આ કેન્દ્રનું શૈક્ષણિક વાતાવરણ અમને સ્વચ્છ અને સંતોષકારક લાગ્યું છે.

મધુસૂદન પારેખ
ધ્રુમન દીવાનજી

તલોદ આર્ટ્સ—કૉમર્સ કૉલેજના ગુજરાતી વિષયના અનુસ્નાતક કેન્દ્રની ત્રિવાર્ષિક તપાસસમિતિનો અહેવાલ

ગુજરાત યુનિવર્સિટીના પત્રાંક નં. અનુ. બી. ૪૧૪૨૮, તા. ૩૦-૧૧-૧૯૭૪ના અનુસંધાનમાં આચાર્યશ્રી પ્રેમશંકર હ. ભટ્ટ તથા પ્રો. શ્રી. ચિમનભાઈ ત્રિવેદીની બનેલી તપાસસમિતિએ તા. ૧૫-૨-૧૯૭૫ના રોજ કૉલેજના કેન્દ્રની મુલાકાત લીધી હતી. સમિતિની મુલાકાત પ્રસંગે આચાર્યશ્રી જગદીશભાઈ દવે તથા કેન્દ્રના અધ્યાપકોને મળવાનું ગોઠવ્યું હતું. તપાસસમિતિનો અહેવાલ નીચે પ્રમાણે છે :

આ કેન્દ્રમાં વર્ગોનું સમયપત્રક પાંચ દિવસનું ગોઠવવામાં આવ્યું છે અને તદનુસાર વિદ્યાર્થીઓની તથા શિક્ષકોની હાજરીનાં પત્રકો યુનિવર્સિટીને મોકલવામાં આવે છે. પરંતુ વાસ્તવમાં અન્ય કેન્દ્રોની જેમ આ કેન્દ્રમાં પણ અઠવાડિયામાં શનિ તથા રવિ એમ ફક્ત બે દિવસ જ વર્ગો લેવાય છે. અમારી વિનંતી છે કે આ બાબતને ગંભીર ગણી યુનિવર્સિટીએ સત્વરે તે અંગે ઘટતું કરવું જોઈએ.

આ કેન્દ્રમાં મુખ્ય વિષય ગુજરાતી અને સંસ્કૃત, હિંદી અને અંગ્રેજી ગૌણ વિષયો તરીકે શીખવવામાં આવે છે. એમ.એ. ભાગ ૧ માં ૪૨ તથા એમ.એ. ભાગ ૨ માં ૩૦ વિદ્યાર્થીઓ નોંધાયેલા છે. આ સંખ્યા ઓછી ન ગણાય તેમ સમિતિ માને છે.

આ કેન્દ્રના પુસ્તકાલયની તપાસ કરતાં સમિતિને જણાયું છે કે વિષયવાર એમ.એ. ના વિદ્યાર્થીઓ માટે નીચેની સંખ્યામાં પુસ્તકો પુસ્તકાલયમાં છે :

ગુજરાતી	:	૧૬૧૫
અંગ્રેજી	:	૯૧
સંસ્કૃત	:	૧૨૩
હિંદી	:	૨૯૫
કુલ	:	૨૧૨૪

કેન્દ્રની સ્થાપના સને ૧૯૬૭-૬૮થી થયેલી છે. તે જોતાં પુસ્તકાલયમાં પુસ્તકોની સંખ્યા ઘણી ઓછી ગણાય. કેન્દ્રે ૧૯૭૩-૭૪ના વર્ષમાં રૂ. ૯૦૬-૭૫ પૈસાની બચત કરી છે. અમારું સૂચન છે કે આ રકમ કેન્દ્રને પુસ્તકો ખરીદવા માટે યુનિવર્સિટીએ વાપરવાની મંજૂરી આપવી જોઈએ. તદુપરાંત પ્રતિવર્ષ મુખ્ય વિષય માટે રૂ. ૨,૦૦૦ તથા દરેક ગૌણ વિષય માટે રૂ. ૧,૦૦૦નાં પુસ્તકો માટેની રકમ, કેન્દ્રો યુનિવર્સિટી તરફથી ચાલતાં હોઈ, યુનિવર્સિટીએ ખર્ચ પેટે કેન્દ્રને આપવી જોઈએ. અનુસ્નાતક કેન્દ્રોમાં પુસ્તકાલયની દરિદ્રાવસ્થા ગ્લાનિપ્રેરક છે, અને તેનો ઉપાય યુનિવર્સિટીએ સત્વરે યોજવો જોઈએ.

કેન્દ્રમાં સ્થાનિક અધ્યાપકો ઉપરાંત બહારથી મોટી સંખ્યામાં મુલાકાતી અધ્યાપકોને બોલાવવામાં આવે છે જે બધાં જ કેન્દ્રો માટે સામાન્ય છે. અધ્યાપકો સાથેની વાતચીતમાં અધ્યાપકોને મળતું માનદ વેતન તાસ દીઠ રૂ. ૧૫ અને રૂ. ૧૦ વધારવું જોઈએ તેવી તેમની માગણી છે. આ માગણી પણ સાર્વત્રિક છે, અને સમિતિ તે અંગે યોગ્ય કરવું ઘટે તે બાબત સાથે સંમત છે. વિદ્યાર્થીઓની ટેસ્ટ

પરીક્ષા, સેમિનાર્સ, સંભાષણો, રમતગમતો વગેરે માટે ભાગ્યે જ કશી વ્યવસ્થા ઉપલબ્ધ છે. આ વિધાન દરેક અનુસ્નાતક કેન્દ્રને લાગુ પડે છે અને આ કેન્દ્ર તેમાં અપવાદરૂપ નથી.

કેન્દ્રના અધ્યાપકોએ સમિતિને એક નિવેદનપત્ર આપ્યું છે જેમાં અધ્યાપકો પીરિયડ લેવાને બદલે વર્ગમાં અપ્રસ્તુત વાતો કરે છે, મોડા જાય છે, જતા નથી વગેરે બાબતોનો ઉલ્લેખ કર્યો છે. આ બાબતો ખરી રીતે જોઈએ તો અધ્યાપકોના એટલે કે તેમના પોતાના જ "સત્ત્વ" ને પ્રગટ કરે છે. સંબંધિત નિવેદન યુનિવર્સિટીની જાણ માટે આપને આ સાથે બીડેલ છે (અત્રે છાપેલ નથી).

સમિતિનું એક મહત્ત્વનું સૂચન છે કે યુનિવર્સિટીનું ભાષા-સાહિત્ય ભવન દ્વારા, કેન્દ્રો સાથે સાથે અનુસંધાન જળવાય તે અત્યંત આવશ્યક છે. આ માટે ભાષા-સાહિત્ય ભવનના સીનિયર શિક્ષકો કેન્દ્રને જાણ કરીને કે જાણ કર્યા સિવાય મુલાકાત લે અને સત્ર દીઠ ઓછામાં ઓછા બે-ત્રણ વર્ગોનું સંચાલન કરે. આવી વ્યવસ્થા ઊભી કરવાથી કેન્દ્રનું શિક્ષણધોરણ, કેન્દ્રની અનિયમિતતા, પુસ્તકાલયની સ્થિતિ, વગેરેમાં ક્રમશઃ થોડો સુધારો થશે.

અનુસ્નાતક કેન્દ્રો એટલે સમૃદ્ધ પુસ્તકાલય અને વિદ્યાપુરુષો કહી શકાય તેવા અધ્યાપકો તથા "મોટિવેશનવાળા વિદ્યાર્થીઓ". — આ પરિસ્થિતિ નહિ સર્જાય ત્યાં સુધી કેન્દ્રો સ્થૂળ રીતે ચલાવવાના સંતોષ સિવાય બીજું કશું આપણે ભાગ્યે જ મેળવી શકીશું.

પ્રેમશંકર હ. ભટ્ટ
ચિમનભાઈ ત્રિવેદી
સ્થાનિક તપાસસમિતિના સભ્યો.

મોડાસા કૉલેજના અનુસ્નાતક કેન્દ્રની ત્રિવાર્ષિક સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ

ગુજરાત યુનિવર્સિટીના પત્રાંક અનુ. બી. ૪૧૪૨૮-૧૯૭૪, તા. ૩૦-૧૧-૧૯૭૪ના અનુસંધાનમાં આચાર્યશ્રી પ્રેમશંકર હ. ભટ્ટ તથા પ્રો. ચિમનભાઈ ત્રિવેદીની બનેલી સ્થાનિક તપાસસમિતિએ મોડાસા ખાતે ચાલતા ગુજરાતીના અનુસ્નાતક કેન્દ્રની તા. ૧૭-૧-૧૯૭૫ના રોજ મુલાકાત લીધી હતી. સમિતિની મુલાકાત પ્રસંગે કૉલેજના આચાર્યશ્રી ધીરુભાઈ ઠાકર તથા કેન્દ્ર સાથે સંકળાયેલા સર્વ અધ્યાપકો સાથે ચર્ચાવિચારણા થઈ હતી. સમિતિનો અહેવાલ નીચે પ્રમાણે છે:

શિક્ષણકાર્ય : ગુજરાતીના અને અન્ય વિષયનાં બહારગામનાં સર્વ અનુસ્નાતક કેન્દ્રોમાં વ્યવહારમાં માત્ર શનિવાર અને રવિવાર એમ બે દિવસો જ શિક્ષણકાર્ય ચાલે છે અને આ કેન્દ્ર પણ તેમાં અપવાદરૂપ નથી તેની સમિતિએ નોંધ લીધી હતી. આના અનુલક્ષમાં યુનિવર્સિટીને અમારું નમ્ર સૂચન છે કે અનુસ્નાતક શિક્ષણકાર્ય અમદાવાદ તથા અન્ય સ્થળોએ એકસરખી રીતે ચાલવું જોઈએ અને તેમ કરવાનું યુનિવર્સિટીને શક્ય ન જણાય તો અમદાવાદનાં અને બહારનાં અનુસ્નાતક કેન્દ્રોના સમયપત્રકનો ઘટતો ફેરફાર કરવા વિચારવું જોઈએ.

આ કેન્દ્રમાં ગુજરાતીના વિષયમાં પાર્ટ ૧માં ૬૧ વિદ્યાર્થીઓ તથા પાર્ટ ૨માં ૫૮ વિદ્યાર્થીઓ નોંધાયેલા છે. સ્થાનિક તેમ જ બહારગામના અનુસ્નાતક શિક્ષકોની મદદથી શિક્ષણકાર્ય નિયમાનુસાર ચલાવામાં આવે છે.

પુસ્તકાલય : અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટે આ કૉલેજમાં અલગ પુસ્તકાલયની વ્યવસ્થા કરવામાં આવી છે અને તેમને પુસ્તકાલયમાં બેસી અભ્યાસ કરવા માટે અલગ વ્યવસ્થા છે જે સ્તુત્ય છે. આમ છતાં અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટેના પુસ્તકાલયમાં છેલ્લાં ત્રણ વર્ષમાં નીચે પ્રમાણે પુસ્તકો ખરીદવામાં

આવ્યાં છે જે અમારી દૃષ્ટિએ પર્યાપ્ત નથી :

વર્ષ	પુસ્તકોની સંખ્યા	કિંમત
		રૂ. પૈસા
૧૯૭૨–૭૩	૧૫૪	૯૯૭—૮૫
૧૯૭૩–૭૪	૪૧	૫૫૧—૭૦
૧૯૭૪–૭૫	૩૬	૪૬૪—૩૬

અમારું સૂચન છે કે જેમ કૉલેજમાં વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો ખર્ચ કરવો ફરજિયાત છે તેમ અનુસ્નાતક કેન્દ્રો ચલાવવા માટે પણ કૉલેજોએ પ્રતિવર્ષ મુખ્ય વિષય દીઠ રૂ. ૨,૦૦૦ તથા ગૌણ વિષય દીઠ રૂ. ૧,૦૦૦નાં પુસ્તકો તથા સામયિકો ખરીદવાં તેવી શરત યુનિવર્સિટીએ કરવી જોઈએ, અને આ રકમ અનુસ્નાતક કેન્દ્રો યુનિવર્સિટીના ઉપક્રમે ચાલતાં હોઈ, યુનિવર્સિટીએ આપવી જોઈએ.

અધ્યાપકો : અનુસ્નાતક અધ્યાપનકાર્યો કરતા અધ્યાપકો સાથે જે ચર્ચાવિચારણા થઈ તેમાંથી નીચેના મુદ્દાઓ વિશે અધ્યાપકો આગ્રહ રાખતા હતા :

૧. અનુસ્નાતક અધ્યાપનકાર્ય કરતા સર્વ શિક્ષકોને અનુસ્નાતક શિક્ષકોને મળતો સ્કેલ (૭૦૦-૧,૧૦૦) મળવો જોઈએ.

૨. અનુસ્નાતક શિક્ષકને વ્યાખ્યાન દીઠ હાલ મળતું વેતન ઘણું ઓછું (meagre) છે તે વધારવું જોઈએ—આ પ્રકારનું જ કામ કરતા યુનિવર્સિટી ભવનોના અધ્યાપકોના વેતનને અનુલક્ષીને ખાસ.

૩. અનુસ્નાતક શિક્ષણકાર્ય માટે માન્યતા મેળવવા ચાર સંશોધનલેખો લખવાનું ફરજિયાત રહેવું જોઈએ નહિ.

૪. સંશોધનકાર્ય અંગે અવારનવાર શિબિરો, વર્કશોપ, Refresher courses યોજવાં જોઈએ અને યુનિવર્સિટી ભવનો અને બહારગામનાં કેન્દ્રો વચ્ચે અનુસંધાન અને સહયોગ રહે તે માટે ભવનના અધ્યાપકોએ શક્ય હોય ત્યાં સુધી ક્રમમાં ક્રમ દરેક કેન્દ્ર પર સત્રમાં બે વખત વર્ગો લેવા જવું જોઈએ જેથી કેન્દ્રના વિદ્યાર્થીઓને તથા શિક્ષકોને, ભવનોમાં થતા શિક્ષણકાર્યની તરાહ, કક્ષા અને પદ્ધતિનો ખ્યાલ આવે.

૫. અનુસ્નાતક શિક્ષણકાર્ય કરતા શિક્ષકો માટે અભ્યાસખંડની લાઇબ્રેરી કે કૉલેજમાં જુદી વ્યવસ્થા થવી જોઈએ. તેમને માટે પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપાર્ટમેન્ટલ લાઇબ્રેરીની યોજના પણ દાખલ કરવી ઘટે.

૬. અનુસ્નાતક શિક્ષણકાર્ય કરતા શિક્ષકોને કૉલેજમાં ૧૩ તાસને બદલે દસેક તાસ સુધીનું કામ સોંપવું જોઈએ. આના વિકલ્પમાં બધું જ શિક્ષણકાર્ય કેન્દ્રના અધ્યાપકો કરે અને તેમની પાસે અનુસ્નાતક શિક્ષણકાર્ય સિવાય બીજા વર્ગોનું શિક્ષણકાર્ય ન હોય તેવી યોજના પણ વિચારી શકાય. એક જ વિષયનાં નજીક નજીકનાં કેન્દ્રો વચ્ચેનું ડુપ્લિકેશન નાબૂદ કરવું કે ઘટાડવું જોઈએ.

સમિતિ ઉપરના મુદ્દાઓમાંથી નં. ૩ સિવાય અન્ય સર્વ મુદ્દાઓ સાથે સહમત છે, અને ક્રમશઃ તેનો અમલ યુનિવર્સિટી કરે તેવું સૂચન કરે છે. ગુજરાતી વિષયના મોડાસા ખાતેના અનુસ્નાતક કેન્દ્રનું કાયમી જોડાણ ચાલુ રાખવાની સમિતિની ભલામણ છે.

પ્રેમશંકર હ. ભટ્ટ
ચિમનભાઈ ત્રિવેદી
ત્રિવાર્ષિક સ્થાનિક તપાસસમિતિના સભ્યો.

પટેલ રૂદેલવાળા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદ ખાતેના ગુજરાતી અનુસ્નાતક કેન્દ્રની તપાસણીનો હેવાલ

બોરસદ ખાતેની પટેલ રૂદેલવાળા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના ગુજરાતીના અનુસ્નાતક કેન્દ્રની તપાસણી મુલાકાત મેં તા. ૨૩-૨-૧૯૭૫ના રોજ લીધી હતી. કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ કૉલેજના આચાર્ય અને ગુજરાતીના અધ્યાપક ડૉ. બહેચરભાઈ પટેલે બધી જોઈતી માહિતી પૂરી પાડી ઉમંગભર્યો સહકાર આપ્યો હતો. કેન્દ્રના એમ.એ. ગુજરાતી વર્ગ ૧-૨ના વિદ્યાર્થીઓના વિદાય સમારંભમાં હાજરી આપી તેમની સમક્ષ આચાર્યશ્રી પટેલની વિનંતીથી તેમના અભ્યાસવિષય કવિ ન્હાનાલાલ પર સવા કલાક વ્યાખ્યાન મેં આપ્યું હતું. આચાર્ય તથા સંચાલકમંડળના અધ્યક્ષની સાથે કૉલેજના તથા તેની જોડેના હાઈસ્કૂલના ખૂબ સમૃદ્ધ અને સુવ્યવસ્થિત પુસ્તકાલયનું પણ નિરાંતે નિરીક્ષણ કર્યું હતું. આ જાતનિરીક્ષણને આધારે મજકૂર અનુસ્નાતક કેન્દ્ર વિષે મારો હેવાલ નીચે મુજબ રજૂ કરું છું :

આ કેન્દ્ર જૂન ૧૯૭૦માં શરૂ કરવામાં આવ્યું હતું અને ત્યારથી તે આજ સુધી ચાલુ રહ્યું છે. આ સાથે જોડેલા આંકડા અનુસ્નાતક વિદ્યાર્થીઓની સંખ્યા પ્રતિવર્ષ ઉત્તરોત્તર વધતી રહ્યાનું બતાવે છે. આ વર્ષે પાર્ટ ૧માં ૭૦ અને પાર્ટ ૨માં ૩૮ વિદ્યાર્થીઓ જોડાયા હતા જેમાંથી ૫ બીજા સત્રમાં ઓછા થતાં પણ કુલ સંખ્યા ૧૦૩ની છે જે નોંધપાત્ર છે.

કેન્દ્રનાં આગલાં ચાર વર્ષનાં યુનિવર્સિટીની એમ.એ. પરીક્ષાનાં પરિણામો સારાં આવ્યાં છે જે સાથે જોડેલા પરિણામપત્રક પરથી જણાશે. કેન્દ્ર ખાતે થતા શિક્ષણકાર્યને આથી સંતોષકારક માનવું પડે.

કેન્દ્ર પાસે સ્થાનિક માન્ય શિક્ષકો ત્રણ છે અને તેઓ નિયમ મુજબ અર્ધાથી વધુ અભ્યાસક્રમનું શિક્ષણકાર્ય બજાવે છે. બાકીના માટે મુલાકાતી શિક્ષકોની મદદ લેવી પડે છે. કેન્દ્ર ગુજરાતી મુખ્ય સાથે ગૌણ ભાષાઓમાં હિંદી અને સંસ્કૃત એ બે શીખવે છે. ગૌણ વિષયમાં ભાષાવિજ્ઞાન અને અંગ્રેજીની સગવડ આ કેન્દ્રમાં નથી. ચાલુ વર્ષનું સાથે જોડેલું સમયપત્રક સ્થાનિક તથા મુલાકાતી અધ્યાપકોની મુખ્ય તેમ જ ગૌણ વિષયોના અધ્યાપનની કામગીરી બતાવે છે. દરેક પ્રશ્નપત્ર દીઠ સત્રમાં ૨૪ વ્યાખ્યાનો આપવામાં આવે છે. પણ સાહિત્યમીમાંસા તથા ભાષાવિજ્ઞાનનાં પ્રશ્નપત્રોમાં તેની સંખ્યા ૨૮ની રાખી છે, જે વાજબી જણાય છે.

કેન્દ્ર તેની વિદ્યાર્થીસંખ્યાને કારણે યુનિવર્સિટીને તેની પાછળ ખર્ચ કરાવે એવું નથી. વધેલી રકમના અર્ધા ભાગરૂપે યુનિવર્સિટી તરફથી તેને રૂ. ૫૦૦ તથા ૧,૫૦૦ અત્યાર સુધીમાં મળ્યા છે, જે તેણે ગુજરાતી વિભાગ માટેના પુસ્તકાલયનાં પુસ્તકોમાં ખર્ચ્યા છે. આ વર્ષે એ માટે ખર્ચેલી રકમમાં રૂ. ૧,૨૦૦ ઉપરાંત ઉપરના રૂ. ૧,૫૦૦નો સમાવેશ થયો છે એ મને જણાવવામાં આવ્યું છે. આ કૉલેજનું એક ઘણું જૂજળું પાસું તેનું સમૃદ્ધ પુસ્તકાલય છે. સંચાલકમંડળના અધ્યક્ષ શ્રી રમણભાઈ પટેલ પોતે વિદ્યારસિક અને પુસ્તકપ્રેમી ગૃહસ્થ હોઈ સંસ્થાનાં મકાનો તથા ફર્નિચરમાં પૂરતી સાદગી અપનાવી મોટી રકમ પુસ્તકાલય પાછળ ખર્ચે છે. પુસ્તકાલય માટે પુસ્તકો મંગાવવામાં અનુસ્નાતક વિદ્યાર્થીઓની જરૂરતનો ખ્યાલ પૂરતા પ્રમાણમાં રખાય છે.

આચાર્ય શ્રી. બહેચરભાઈ પટેલે બે-ત્રણ સૂચનો કર્યાં છે તે અંગે રજૂ કરવાનું ઉચિત માનું છું. એક સૂચન એવું છે કે એમ.એ. ગુજરાતીના બીજા પ્રશ્નપત્ર ૬માં નિબંધ, કાવ્યવિવેચન, અનુવાદ

ઇત્યાદિમાં દસ દસ લેખન વિદ્યાર્થીઓ પાસે અપેક્ષિત રાખ્યાં છે, પણ તેમની તેના પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ મોટા પ્રમાણમાં વરતાય છે. એટલે એ અપેક્ષા સંબંધી ઉલ્લેખ અભ્યાસક્રમમાંથી કાઢી નાખવામાં આવે. અલબત્ત અધ્યાપકો વરસભર તેને માટે પીરિયડો જેમ સમયપત્રકમાં રાખી તેની તાલીમ આપે છે તેમ લાભ પણ બહારનાં કેન્દ્રોને મળવો જોઈએ એવું હતું. ત્રીજું સૂચન યુનિવર્સિટી કેન્દ્રનો નફો-તોટો જોયા વિના પ્રતિવર્ષ રૂપિયા એક હજારની ગ્રાન્ટ પુસ્તકાલયને વધુ સમૃદ્ધ કરવા આપતી રહે એવું હતું.

આ અનુસ્નાતક કેન્દ્રની વધતી જતી વિદ્યાર્થીસંખ્યા, પરિણામો, પુસ્તકાલય તથા કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ ડૉ. બહેચરભાઈ પટેલનો ઉત્સાહ, એ બધું જોતાં આ કેન્દ્ર ચાલુ રાખવાની ભલામણ હું વિનાસંકોચ કરું છું.

અનંતરાય મ. રાવળ
તપાસસમિતિના સભ્ય.

સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદના અર્થશાસ્ત્ર-સમાજશાસ્ત્રના અનુસ્નાતક કેન્દ્રની ત્રિવાર્ષિક તપાસસમિતિનો અહેવાલ

સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદના અર્થશાસ્ત્ર-સમાજશાસ્ત્રના અનુસ્નાતક કેન્દ્રની ત્રિવાર્ષિક તપાસસમિતિએ કેન્દ્રની તા. ૧૧-૧-૧૯૭૫ના રોજ મુલાકાત લીધી હતી. આચાર્યશ્રી એચ. જી. દેસાઈ તથા સમાજશાસ્ત્ર વિભાગના વડા ડૉ. એ. એસ. પટેલ અને અર્થશાસ્ત્ર વિભાગના વડા પ્રો. જે. એમ. પટેલે સમિતિને જરૂરી માહિતી આપી હતી. આ ઉપરાંત આચાર્યશ્રીએ સમિતિની માગણી અનુસાર તેમના તા. ૪-૨-૧૯૭૫, તા. ૧૩-૨-૧૯૭૫ તથા તા. ૫-૩-૧૯૭૫ના અનુક્રમે પત્રાંક ૧૧૩૭, ૧૧૮૬ તથા ૧૪૫૦થી વધારાની માહિતી મોકલી આપી હતી.

આચાર્યશ્રી તરફથી સમિતિને આપવામાં આવેલ માહિતી પત્રકો ઇત્યાદિ આ સાથે સામેલ છે.

આ અનુસ્નાતક કેન્દ્ર ૧૯૬૪થી ચાલે છે. કેન્દ્રમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા, તેમનું વાર્ષિક પરીક્ષાનું પરિણામ સ્થાનિક તથા મુલાકાતી શિક્ષકગણ, પુસ્તકાલય, ઇ. બાબતો અંગેની માહિતી આ સાથે આચાર્યશ્રીએ આપેલ માહિતી-પત્રકમાં ઉપલબ્ધ છે. સંનિષ્ઠ અધ્યાપકોની મદદ અને સારા પુસ્તકાલયની સગવડને પરિણામે આ કેન્દ્ર સારી રીતે ચાલે છે એવી એકંદરે છાપ સમિતિ પર પડી છે. તેમ છતાં, યુનિવર્સિટીના કેટલાક નિયમોનું યથાર્થ રીતે પાલન કરવાનું આ કેન્દ્ર માટે શક્ય બનતું નથી તે તરફ સમિતિ યુનિવર્સિટીનું ધ્યાન દોરવું મુનાસિબ માને છે.

૧. ઑ. ૬૫-પી(સી) પ્રમાણે અનુસ્નાતક કેન્દ્રમાં ઓછામાં ઓછા ત્રણ માન્ય અનુસ્નાતક શિક્ષકો હોવા જરૂરી છે. વળી ઑ. ૬૫-પી(એચ) પ્રમાણે અનુસ્નાતક કેન્દ્રના કુલ અધ્યાપનકાર્યનો ઓછામાં ઓછો અડધો કાર્યભાર કેન્દ્રના પોતાના અધ્યાપકગણે ઉપાડવો એવી આવશ્યકતા છે. પરંતુ યુનિવર્સિટીએ જ્યારથી આ નિયમ અમલમાં મૂક્યો છે ત્યારથી જ આ કેન્દ્ર બે પૂરા સમયના અને એક ખંડ સમયના માન્ય અનુસ્નાતક શિક્ષકની મદદથી ચાલે છે. પરિણામે યુનિવર્સિટીના નિયમ પ્રમાણે કૉલેજના પોતાના જ માન્ય અનુસ્નાતક શિક્ષકો કે મદદનીશો દ્વારા કાર્યભાર ઉપાડવાનું આ કેન્દ્ર માટે શક્ય બન્યું નથી.

૨. અનુસ્નાતક નિયમ નં. ૩૧ પ્રમાણે કોઈ પણ પ્રશ્નપત્રનું અધ્યાપનકાર્ય વધુમાં વધુ બે અધ્યાપકો વચ્ચે વહેંચી શકાય, પરંતુ આ નિયમનો અમલ આ કેન્દ્ર કરી શકયું નથી. ચાલુ વર્ષે સમાજશાસ્ત્ર ગ્રુપ-ઈના પ્રશ્નપત્ર નં. ૨નું અધ્યાપનકાર્ય ત્રણ અધ્યાપકો અને પ્રશ્નપત્ર નં. ૩નું અધ્યાપનકાર્ય ત્રણ અધ્યાપકો વચ્ચે વહેંચવામાં આવ્યું હતું.

૩. ઑ. ૬૫-પી(આઈ) પ્રમાણે કોઈ પણ કેન્દ્ર રવિવારે બે કરતાં વધારે વ્યાખ્યાનો ગોઠવી શકે નહિ. આ કેન્દ્રમાં રવિવારે સમાજશાસ્ત્રનાં બે અને અર્થશાસ્ત્રનું એક એમ કુલ ત્રણ વ્યાખ્યાનો ગોઠવવામાં આવ્યાં છે.

કૉલેજે મનોવિજ્ઞાનના અનુસ્નાતક કેન્દ્ર માટે માગણી કરી છે. આ કૉલેજમાં મનોવિજ્ઞાન વિભાગમાં બે અધ્યાપકો માન્ય અનુસ્નાતક શિક્ષકો હોવાથી, મનોવિજ્ઞાનનું અનુસ્નાતક કેન્દ્ર મળતાં યુનિવર્સિટીના નિયમોનું ઔપચારિક રીતે પાલન કરવાનું શકય બને છે, પરંતુ સમિતિને લાગે છે કે જો કૉલેજ સમાજશાસ્ત્રમાં ખંડ સમયના માન્ય અનુસ્નાતક શિક્ષકને બદલે પૂરા સમયના માન્ય શિક્ષક કે મદદનીશની સેવાઓ મેળવી શકે અને તેવી જ રીતે, અર્થશાસ્ત્રમાં પણ એક જ માન્ય શિક્ષક છે તેની સાથે ક્રમ સે ક્રમ બીજા એક માન્ય અનુસ્નાતક મદદનીશની સેવાઓ મેળવી શકે તો આ કેન્દ્રનું અધ્યાપનકાર્ય વધારે સંગીન બની શકે.

વિ. મ. શાહ
આર. સી. પટેલ
સ્થાનિક તપાસસમિતિના સભ્યો.

આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકાના ગુજરાતી વિષયના અનુસ્નાતક કેન્દ્રની ત્રિવાર્ષિક તપાસનો અહેવાલ

અમો નીચે સહી કરનાર ડૉ. રમણલાલ જોશી અને પ્રિ. કાન્તિભાઈ આચાર્ય તા. ૧૪ માર્ચ ૧૯૭૫ ને શુક્રવારે આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકાના ગુજરાતી વિષયના અનુસ્નાતક કેન્દ્રની ત્રિવાર્ષિક તપાસ માટે ગયા હતા. તપાસણી અર્થે જરૂરી માહિતી પૂરી પાડવામાં કેન્દ્રના પ્રોફે.-ઇન-ચાર્જ પ્રો. કે. ડી. પટેલે અમોને પૂરી સુવિધા કરી આપી હતી. આચાર્યશ્રી પીરજાદા પણ સહાયભૂત થયા હતા. અમો આ બંનેનો આભાર માનીએ છીએ.

આ કૉલેજમાં ગુજરાતી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર ૧૯૭૨–૭૩માં સ્થપાયું હતું. પહેલા વર્ષે એમ.એ ભાગ ૧માં ૧૨ અને એમ.એ. ભાગ ૨માં ૮, ૧૯૭૩-૭૪માં એમ.એ. ભાગ ૧માં ૧૦ અને ભાગ ૨માં ૬ અને ચાલુ વર્ષે ભાગ ૧માં ૧૦ અને ભાગ ૨માં ૮ વિદ્યાર્થીઓ છે. જોઈ શકાય છે કે આ કેન્દ્રમાં યુનિવર્સિટીના નિયમ પ્રમાણે જેટલા વિદ્યાર્થીઓ જોઈએ તેટલા જ માંડ મળી શકે છે. કેન્દ્ર ચલાવવા માટે વધુ વિદ્યાર્થીઓ એનો લાભ લેતા નથી. યુનિવર્સિટી પરીક્ષાનાં પરિણામો પણ મધ્યમ કક્ષાનાં છે.

આ કેન્દ્રમાં મુખ્ય વિષય ગુજરાતી માટે પ્રોફે.-ઇન-ચાર્જ શ્રી. પટેલ ઉપરાંત બીજા એક સ્થાનિક અધ્યાપક શ્રી. એસ. જી. વ્યાસ છે, અને ગૌણ વિષય હિંદી માટે પ્રો. જે. આર. પાન્ડે છે. મુખ્ય અને ગૌણ વિષય માટે કૉલેજમાં ત્રણ માન્ય અનુ. અધ્યાપકો છે અને બીજા મુલાકાતી અધ્યાપકોથી કામ ચલાવવામાં આવે છે. વર્ગો બુધ, ગુરુ, શુક્ર, શનિ અને રવિએ લેવાય છે. કાર્યભાર જોતાં પ્રશ્નપત્ર ૧-ના ૧૨ પીરિયડ ફાળવવામાં આવ્યા છે તે દેખીતી રીતે જ ઓછા છે. પ્રશ્નપત્ર ૬માં "સરસ્વતીચંદ્ર" ઉપરાંત નિબંધ, ભાષાંતર અને રસદર્શન અભ્યાસક્રમમાં મુકરર થયેલ છે તેને માટે બે અધ્યાપકોને ૮, ૮ પીરિયડ ફાળવ્યા છે તે પણ વધારવા જોઈએ. "અપઠિત"ની બને તેટલી વધુ તાલીમ આપવામાં આવે તે ઇષ્ટ છે. મુલાકાતી અધ્યાપકોને થયેલી પીરિયડોની વહેંચણીમાં સમતુલા જળવાઈ નથી. દા.ત. પાંચમા પેપરમાં એક અધ્યાપક બહેનને ૨૪ પીરિયડો ફાળવ્યા છે, બીજા એક અધ્યાપકને ૨૦ પીરિયડો ફાળવ્યા છે, જ્યારે એક મુલાકાતી અધ્યાપક માત્ર ૧૨ પીરિયડ લે છે. ગૌણ વિષય હિંદીમાં સ્થાનિક અધ્યાપક ઉપરાંત બીજા બે મુલાકાતી અધ્યાપકોને નિમંત્રવામાં આવે છે તે કાર્યભાર જોતાં બરેબર વધારે ગણાય. મુલાકાતી અધ્યાપકો સામાન્ય રીતે શનિ-રવિએ પીરિયડો લે છે એ પદ્ધતિ સુધારો માગી લે છે. એ માટે વૈકલ્પિક વ્યવસ્થા થવી જોઈએ. કેન્દ્ર પાસે ગુજરાતીમાં માન્ય. અનુ. અધ્યાપકો માત્ર બે જ છે. તેમાં એકાદનો ઉમેરો કરી શકાય અને મોટા ભાગનું અધ્યાપનકાર્ય સ્થાનિક શિક્ષકગણ કરે એ જાતની ગોઠવણી વિદ્યાર્થીઓ અને વિદ્યાના હિતમાં છે. માત્ર હાજરી માટે આવતા વિદ્યાર્થીઓ ગમે તે કક્ષાનું વાંચી લઈ પરીક્ષા પસાર કરતા હોય છે તેને બદલે અનુસ્નાતક કેન્દ્રને શોભે એ રીતે અધ્યાપનની નવરચના થાય એવાં પગલાં યુનિવર્સિટીએ ભરવાં જોઈએ.

કૉલેજની લાઇબ્રેરીમાં પુસ્તકોની સંખ્યાના આંકડા અમોને આપવામાં આવ્યા એ પ્રમાણે અનુસ્નાતક કેન્દ્રમાં ૧૯૭૨-૭૩માં રૂ. ૪,૭૬૪-૫૦ની કિંમતનાં ૧૪૪ પુસ્તકો, ૧૯૭૩-૭૪માં રૂ. ૪,૩૩૫-૧૯ની કિંમતનાં ૬૨૫ પુસ્તકો અને ચાલુ સાલે તા. ૨૮-૨-૧૯૭૫ સુધીમાં રૂ. ૩,૬૮૧-૧૭ની કિંમતનાં ૬૩૦ પુસ્તકો વસાવવામાં આવ્યાં છે. લાઇબ્રેરી બરેબર સારી છે અને ખાસ કરીને અંગ્રેજી સાહિત્યનાં ગણનાપાત્ર પુસ્તકો વસાવવામાં આવ્યાં છે તે સારું છે. સામયિક વિભાગ પણ સંતોષકારક છે. આચાર્ય અને માન્ય અનુસ્નાતક શિક્ષકોનો ઉત્સાહ પ્રશસ્ય છે. ગુજરાતી વિષયનાં કેટલાંક જૂનાં-નવાં પુસ્તકો અને "વસંત", "સુદર્શન", "સમાલોચક" જેવાં સામયિકોની જૂની ફાઈલો પણ વસાવી શકાય.

સમગ્રતયા ધંધુકા કૉલેજમાં ચાલતું ગુજરાતી (મુખ્ય) અને હિંદી (ગૌણ) વિષયનું અનુસ્નાતક કેન્દ્ર યુનિવર્સિટીના પ્રવર્તમાન નિયમો અનુસારનું હોઈ અને કેન્દ્રના પ્રોફે.-ઇન-ચાર્જ અને કૉલેજના આચાર્ય અનુસ્નાતક શિક્ષણના સ્તરને ઊંચો લાવવાની ભાવના સેવતા હોઈ આ કેન્દ્ર ચાલુ રાખવા ભલામણ કરવામાં આવે છે.

રમણલાલ જોશી
પ્રિ. કે. એમ. આચાર્ય
સ્થાનિક તપાસસમિતિના સભ્યો.

નવજીવન આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, એમ.કૉમ. અનુસ્નાતક કેન્દ્ર દાહોદની સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ

યુનિ.ના પત્રાંક અનુ. બી. ૦૩૦૩૪૪, તા. ૩-૧૨-૧૯૭૪ અન્વયે અમો (પ્રિ. એમ. સી. શાહ તથા પ્રિ. એમ. સી. દેસાઈ) નવજીવન આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, એમ.કૉમ. અનુસ્નાતક કેન્દ્ર, દાહોદની સ્થાનિક તપાસ માટે તા. ૩-૩-૧૯૭૫ના રોજ ગયા હતા ત્યારે કૉલેજના આચાર્ય શ્રી ટોપીવાલા, કેન્દ્રનાં પ્રોફેસર-ઇન-ચાર્જ શ્રી. એ. એમ. કડક અને એમ.કૉમ.ના ત્યાંના કેન્દ્ર માટેના માન્ય શિક્ષક-ગણના સભ્ય હાજર રહ્યા હતા અને અમોને જોઈતી માહિતી પૂરી પાડી હતી.

આ તપાસ અંગેનો અમારો અહેવાલ નીચે મુજબ છે :

(૧) દાહોદનું એમ.કૉમ.નું અનુસ્નાતક કેન્દ્ર જૂન ૧૯૬૯થી શરૂ થયેલ છે. ચાલુ વર્ષે એમ કૉમ. પાર્ટ ૧ માં ૧૦૩ અને પાર્ટ ૨માં ૨૨ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો છે, જે પૈકી પાર્ટ ૧માંના ૧૦૩ વિદ્યાર્થીઓમાંથી ૩૩ વિદ્યાર્થી દાહોદના છે, જ્યારે બાકીનાં અન્ય સેન્ટરોમાંથી આવે છે. જેમાં મુખ્યત્વે દેવગઢબારિયાના ૧૮, ગોધરાના ૨૦ તથા મોડાસાના ૧૨ વિદ્યાર્થીઓ છે. (જુદાં જુદાં સ્થળોએથી આવતા વિદ્યાર્થીઓની વિગત-વાર સંખ્યા સારુ જુઓ પરિશિષ્ટ ૧) પાર્ટ ૧ અને પાર્ટ ૨ પ્રત્યેકમાં ૧૨૫ વિદ્યાર્થી-ઓને પ્રવેશ આપવાની પરવાનગી આપવામાં આવી હોવા છતાં અનુક્રમે ફક્ત ૧૦૩ તથા ૨૨ વિદ્યાર્થીઓ દાખલ કરાવા છે. એટલે કે એમ.કૉમ.માં પ્રવેશ મેળવવા ઇચ્છતા બધા જ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયો છે.

(૨) શિક્ષકગણ પૈકી ત્રણ અધ્યાપકો સ્થાનિક તથા પાંચ અધ્યાપકો મુલાકાતી છે. સ્થાનિક ત્રણ અધ્યાપકો પૈકીના એક પ્રા. શ્રી. એસ. જે. દાલિયા બીજા સત્રમાં રાજીનામું આપીને છૂટા થયા છે અને તેમની જગાએ શ્રી. રાવજીવાલા મુલાકાતી પ્રાધ્યાપક તરીકે કાર્ય કરે છે. આમ બીજા સત્રથી સ્થાનિક શિક્ષકો બે અને મુલાકાતી શિક્ષકો છ થાય છે, તથા કુલ ૧૬ પીરિયડો પૈકી ચાર પીરિયડનું કામ સ્થાનિક શિક્ષકો તથા ૧૨ પીરિયડનું કામ મુલાકાતી શિક્ષકો કરે છે. સમયપત્રક પ્રમાણે ગુરુવાર, શુક્રવાર તથા શનિવારના રોજ સાંજે ૪ થી ૬ તથા રવિવારે સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ પીરિયડો ચાલે છે. તેમાં ગુરુવાર તથા શુક્રવારના રોજ સાંજે સ્થાનિક શિક્ષકો અને શનિવાર સાંજે અને રવિવારે સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ મુલાકાતી શિક્ષકો શિક્ષણકાર્ય ચલાવે છે. ગુરુવાર અને શુક્રવારે સાંજના ૪-૦૦ થી વર્ગો ચાલતા હોવાથી નોકરી કરતા વિદ્યાર્થીઓને આ વર્ગો સાનુકૂળ રહેતા નથી.

(૩) કૉલેજ ગ્રંથાલયમાં ચાલુ વર્ષે રૂ. ૩,૩૦૦-૦૦ની કિંમતનાં ૨૮૯ પુસ્તકો એમ.કૉમ. માટે વસાવવામાં આવ્યાં છે, જ્યારે લગભગ ૭૦૦-૦૦ રૂપિયા સામયિકો પાછળ ખર્ચાય છે. ગ્રંથપાલ પૂરી લાયકાત ધરાવે છે. આમ પુસ્તકાલય તથા વાચનાલયમાં સંતોષકારક સુવિધાઓ મળે છે.

(૪) આચાર્યશ્રી ટોપીવાલા તથા એમ.કૉમ. કેન્દ્રના ઇન-ચાર્જ પ્રોફેસર શ્રી. ઓ. એમ. કડક સાથે અમારે આ કેન્દ્ર અંગે વિગતવાર ચર્ચા થઈ. બીજા સત્રમાં છૂટા થયેલા પ્રોફેસર દાલિયાને બદલે માન્ય અનુસ્નાતક શિક્ષક નીમવા તેઓ ખૂબ આતુર છે. જૂન ૧૯૭૫થી શિક્ષક નિમાનાર છે એમ તેઓએ અમને જણાવ્યું છે. મુલાકાતી અધ્યાપકોની અનિયમિતતા અંગે તેઓ પણ સચિંત દેખાતા હતા.

(૫) આ કેન્દ્રમાં મોટા ભાગના વિદ્યાર્થીઓ બહારથી આવતા હોવા છતાં આજુબાજુમાં એમ.કૉમ.નું કેન્દ્ર ન ધરાવતાં સેન્ટરોમાંથી વિદ્યાર્થીઓ આવતા હોઈ વિદ્યાર્થીઓ અંગેની પરિસ્થિતિ સંતોષકારક લાગે છે. જો ફક્ત બીજા વર્ગમાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને જ પ્રવેશ આપવાનું નક્કી થાય તો આ કેન્દ્રની સંખ્યા ઘણી ઓછી થાય. આ કેન્દ્રમાં શિક્ષકો અંગેની પરિસ્થિતિ સંતોષકારક નથી. એમ.કૉમ.નું શિક્ષણકાર્ય બહુધા મુલાકાતી અધ્યાપકો દ્વારા જ થાય છે. આ સ્થિતિમાં તાકીદે સુધારો કરવો અનિવાર્ય છે. વળી મુલાકાતી શિક્ષકો શનિવારે સાંજે અને રવિવારે સવારે શીખવતા હોવાથી તેઓ માટે રહેવા-જમવા અંગેની વ્યવસ્થા કરવી જરૂરી છે, જેથી યુનિવર્સિટીના નિયમ પ્રમાણે અધ્યાપકને વધુ ભથ્થું ન મળતું હોય તોપણ અધ્યાપકને આર્થિક નુકસાન ન થાય. તે જ પ્રમાણે પુસ્તકાલયમાં પણ ફક્ત કેન્દ્રની બચત રકમ ઉપરાંત વિદ્યાર્થીઓને ઉપયોગી થાય તે સારુ મૅનેજમેન્ટે પુસ્તકો અને સામયિકો માટે કાંઈક વધારાનું ખર્ચ કરવું જોઈએ તેમ અમને લાગે છે. ગુરુવાર, શુક્રવાર અને શનિવારના રોજ સર્વિસ કરતા વિદ્યાર્થીઓને પીરિયડ ભરવામાં મુશ્કેલી પડતી હોય તો તે અંગે યોગ્ય વ્યવસ્થા કરવી જરૂરી છે એમ પણ અમને લાગે છે.

ગ્રામ્ય વિસ્તારમાંના એમ.કૉમ. કેન્દ્ર માટે યુનિવર્સિટી વાસ્તવિકતાનો સ્વીકાર કરી, ચોક્કસ યોજના નક્કી કરી, તેનો અમલ કરે તે અત્યંત જરૂરી છે એમ અમને લાગે છે.

એમ. સી. શાહ
એમ. સી. દેસાઈ
સ્થાનિક તપાસસમિતિના સભ્યો.

આઈ. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, એમ.કૉમ. અનુસ્નાતક કેન્દ્ર, નડિયાદની સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ

યુનિવર્સિટીના પત્રાંક અનુ. બી. ૦૩૦૩૪૪, તા. ૩-૧૨-૧૯૭૪ અન્વયે અમો (પ્રિ. એમ. સી. શાહ તથા પ્રિ. એમ. સી. દેસાઈ) આઈ. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, અનુસ્નાતક કેન્દ્ર, નડિયાદની સ્થાનિક તપાસ માટે તા. ૩-૩-૧૯૭૫ના રોજ સવારે ગયા હતા. કૉલેજના આચાર્ય અને કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ શ્રી. એસ. આર. મહેતા તથા એમ.કૉમ.ના સ્થાનિક શિક્ષકગણના સભ્યો આ વેળા હાજર રહ્યા હતા અને અમોને જોઈતી માહિતી પૂરી પાડી હતી :

આ તપાસ અંગેનો અમારો અહેવાલ નીચે મુજબ છે :

(૧) નડિયાદમાં જૂન ૧૯૬૭થી એમ.કૉમ.નું કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. ચાલુ વર્ષે પાર્ટ ૧માં ૧૨૫ તથા પાર્ટ ૨માં ૧૧૧ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલો છે, જે પૈકી પાર્ટ ૧માંથી ૧૨૦ તથા પાર્ટ ૨માંથી ૮૪ વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી પરીક્ષાનાં ફૉર્મ ભર્યાં છે. આ કેન્દ્રમાં મોટા ભાગના વિદ્યાર્થીઓ નડિયાદની કૉલેજના જ છે. જ્યારે ખંભાત, ડાકોર, પેટલાદ, ખેડા, બોરસદ અને કપડવંજમાંથી ૪૪ વિદ્યાર્થીઓ આવે છે અને અમદાવાદના ફક્ત પાંચ જ વિદ્યાર્થીઓ છે. અમદાવાદના વિદ્યાર્થીઓની અરજી મોટે ભાગે સ્વીકારવામાં આવતી નથી. પાર્ટ ૧માંના કુલ ૧૨૫ વિદ્યાર્થીઓમાંથી ૬૦ વિદ્યાર્થીઓ બી.કૉમ.માં બીજા વર્ગમાં ઉત્તીર્ણ થયેલા છે અને બાકીના પાસ વર્ગમાં ઉત્તીર્ણ થયા છે.

(૨) શિક્ષકગણ પૈકી ત્રણ અધ્યાપકો સ્થાનિક અને છ અધ્યાપકો મુલાકાત લે છે. સ્થાનિક શિક્ષકો કુલ ૧૪ પીરિયડ અને મુલાકાતી કુલ ૭ પીરિયડનું કામ કરે છે. મુલાકાતી શિક્ષકો ફક્ત રવિવારે ૪ પીરિયડ લેવા આવે છે. રવિવારે સવારના ૮—૦૦ થી ૧૨—૧૫ સુધી ચાર પીરિયડ લેવાય છે. જ્યારે ગુરુ, શુક્ર અને શનિવારના રોજ સવારના ૮-૦૦ થી ૧૦-૦૦ સુધી શિક્ષણકાર્ય ચાલે છે.

(૩) કૉલેજમાં પુસ્તકાલય છે. તેમાં કુલ રૂ. ૧,૭૨,૭૮૬-૦૦ની કિંમતનાં ૧૦૫૬ પુસ્તકો વસાવવામાં આવ્યાં છે, જ્યારે સામયિકો પાછળ છેલ્લાં ત્રણ વર્ષમાં રૂ. ૪,૮૩૨-૦૦નો ખર્ચ કરવામાં આવ્યો છે. એકંદરે પુસ્તકાલયનું કામકાજ સંતોષકારક છે.

(૪) આચાર્ય અને સ્થાનિક શિક્ષકગણને મળ્યા ત્યારે તેઓએ નીચે મુજબનાં સૂચનો કર્યાં હતાં :

(અ) બી.કૉમ.માં બીજા વર્ગમાં પરીક્ષા પસાર કરનારને જ એમ.કૉમ. પાર્ટ ૧માં પ્રવેશ આપવો જોઈએ. આ અંગે જરૂર જણાય તો યુનિવર્સિટીએ ઑર્ડિનન્સ પણ કરવો જોઈએ.

(બ) મુલાકાતી અધ્યાપકો સામાન્ય રીતે અનિયમિત હોય છે. પરિણામે વિદ્યાર્થીઓમાં અસંતોષની લાગણી પ્રવર્તે છે. યુનિવર્સિટીએ આ અંગે વિચાર કરવો ઘટે.

(ક) મોટા ભાગે વર્ગમાં કોર્સ પૂરો કરવામાં આવતો નથી. પેપર દીઠ વધુમાં વધુ પીરિયડની જે મર્યાદા મૂકવામાં આવી છે તેનાથી વધુ પીરિયડ અધ્યાપકો લેતા નથી. પરિણામે કેટલાક વિષયોનો કોર્સ અધૂરો મૂકી દેવાય છે. આથી યુનિવર્સિટીએ પીરિયડ દીઠ પીરિયડની જે મર્યાદા મૂકી છે, તે રદ કરવાની જરૂર છે.

(૫) અમોને નડિયાદના કેન્દ્રની કામગીરી સંતોષકારક લાગી છે. મોટા ભાગના વિદ્યાર્થીઓ નડિયાદના જ છે અથવા નડિયાદની આજુબાજુનાં કેન્દ્રો કે જ્યાં કૉમર્સ કૉલેજને આવેલી છે અને એમ.કૉમ.નાં કેન્દ્રો નથી ત્યાંથી આવે છે. એટલે વિદ્યાર્થીઓના પ્રવેશની સ્થિતિ હાલ સંતોષકારક છે. મુલાકાતી શિક્ષકોને આ કેન્દ્રમાં પ્રમાણમાં કામ ઓછું અપાયું હોવાથી શિક્ષણકાર્ય અંગેની પરિસ્થિતિ પણ સંતોષકારક છે.

આ કેન્દ્રના શિક્ષકોએ કરેલા પેરા (૪) માંનાં સૂચનો પર યોગ્ય તે વિચારણા કરવાની અમો યુનિવર્સિટીને ભલામણ કરીએ છીએ.

એમ. સી. શાહ
એમ. સી. દેસાઈ
સ્થાનિક તપાસસમિતિના સભ્યો.

સૈફી જ્યુબિલી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ (એમ.કૉમ. અનુસ્નાતક કેન્દ્ર), સિદ્ધપુર અંગે સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ

ઉપરોક્ત વિષય પરત્વેના આપના પત્રાંક અનુ. બી. ૦૩૦૩૪૪, તા. ૩-૧૨-૧૯૭૪ અન્વયે અમો (પ્રિ. એમ. સી. શાહ તથા પ્રિ. એમ. સી. દેસાઈ) સૈફી જ્યુબિલી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, એમ.કૉમ. અનુસ્નાતક કેન્દ્ર, સિદ્ધપુરની સ્થાનિક તપાસ માટે તા. ૫-૩-૧૯૭૫ના રોજ ગયા હતા. તે વેળા કૉલેજના આચાર્ય અને કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ શ્રી. એચ. કે. બુખારી તથા તે કેન્દ્રના માન્ય શિક્ષકગણના સભ્યો હાજર રહ્યા હતા અને અમોને જોઈતી માહિતી પૂરી પાડી હતી.

આ તપાસ અંગેનો અમારો હેવાલ નીચે મુજબ છે :

(૧) સિદ્ધપુરમાં સને ૧૯૭૨થી એમ.કૉમ.નું કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. ચાલુ સાલે પાર્ટ-૧ માં ૪૭ તથા પાર્ટ-૨ માં ૨૬ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે, જે પૈકી અનુક્રમે ૩૫ અને ૨૦ વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી પરીક્ષાનાં ફૉર્મ ભરેલાં છે.

એમ.કૉમ. પાર્ટ-૧ તથા પાર્ટ-૨ માં પ્રવેશ લીધેલા અનુક્રમે કુલ ૪૭ તથા ૨૬ વિદ્યાર્થીઓ મળી કુલ એકંદર ૭૩ વિદ્યાર્થીઓમાંથી સિદ્ધપુરના ૨૦, પાટણના ૧૬, મહેસાણાના ૧૫, ઊંઝાના ૧૨ તથા વડનગર, વીસનગર, વડગામ, ખેરાળુ વગેરે સેન્ટરમાંથી આવતા વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે (જુઓ પરિશિષ્ટ-૧). આમ પાર્ટ-૧ તથા પાર્ટ-૨ પ્રત્યેકમાં ૧૨૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની પરવાનગી અપાઈ હોવા છતાં અનુક્રમે ફક્ત ૪૭ તથા ૨૬ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે, એટલે કે એમ.કૉમ.માં પ્રવેશ મેળવવા ઇચ્છતા બધા જ વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યો છે.

(૨) શિક્ષકગણ પૈકી ચાર શિક્ષકો સ્થાનિક તથા સાત મુલાકાતી શિક્ષકો છે. કુલ ૧૬ પીરિયડો પૈકી આઠ પીરિયડ સ્થાનિક શિક્ષકો લે છે, જ્યારે આઠ પીરિયડ મુલાકાતી શિક્ષકો લે છે. તદુપરાંત ત્રણ મુલાકાતી શિક્ષકો મર્યાદિત સંખ્યાના પીરિયડોમાં વર્ષ દરમિયાન શીખવે છે. સમયપત્રક મંગળવારથી શનિવાર સુધી સાંજના ૩-૦૦ થી ૫-૦૦ ચાલે છે. રવિવારે વર્ગો લેવાતા નથી.

(૩) પુસ્તકાલયમાં એમ કૉમ. માટે અલગ જોગવાઈ નથી, પરંતુ ચાલુ વર્ષે સ્નાતક-અનુસ્નાતક કક્ષાએ કુલ રૂ. ૭,૯૦૦-૦૦ની કિંમતનાં કુલ ૬૨૬ પુસ્તકો વસાવવામાં આવ્યાં છે. અને સામયિકો પાછળ પણ રૂ. ૧,૨૪૦-૦૦નો ખર્ચ કરવામાં આવ્યો છે તે જોતાં પુસ્તકાલય તથા વાચનાલયની સુવિધા સંતોષકારક ગણી શકાય.

(૪) અમોને લાગે છે કે આ કેન્દ્રમાં શિક્ષકગણમાંના મુલાકાતી પ્રાધ્યાપકોનો કાર્યભાર હજુ પણ ઘટાડાય તે વિદ્યાર્થીઓના હિતમાં જરૂરી છે. વળી સંસ્થા પુસ્તકો તથા સામયિકો માટે અલગ ખર્ચ કરે તે ઇચ્છનીય છે. વિદ્યાર્થીઓને વધુ સવલતો મળે તે સારુ મૅનેજમેન્ટે પણ થોડોક વધુ ખર્ચ કરવો જોઈએ તેમ અમને લાગે છે.

એમ. સી. શાહ
એમ. સી. દેસાઈ
સ્થાનિક તપાસસમિતિના સભ્યો.

સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ (એમ.કૉમ. અનુસ્નાતક કેન્દ્ર), કડીની સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ

ઉપરોક્ત વિષય પરત્વેના યુનિ.ના પત્રાંક અનુ. બી. ૦૩૦૩૪૪, તા. ૩-૧૨-૧૯૭૪ અન્વયે અમો (પ્રિ. એમ. સી. શાહ તથા પ્રિ. એમ. સી. દેસાઈ), સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, એમ.કૉમ. અનુસ્નાતક કેન્દ્ર, કડીની સ્થાનિક તપાસ માટે તા. ૫-૩-૧૯૭૫ના રોજ ગયા હતા. તે વેળા કૉલેજના આચાર્ય અને કેન્દ્રના પ્રો.-ઇન-ચાર્જ શ્રી. એન. બી. જોશી તથા તે કેન્દ્રના માન્ય શિક્ષકગણના સભ્યો હાજર રહ્યા હતા અને અમોને જોઈતી માહિતી પૂરી પાડી હતી.

આ તપાસ અંગેનો અમારો હેવાલ નીચે મુજબ છે :

(૧) આ કેન્દ્ર છેલ્લાં સાતેક વર્ષથી શરૂ કરેલ છે. આ કેન્દ્રમાં ચાલુ વર્ષે પાર્ટ ૧માં ૧૨૫ તથા પાર્ટ ૨ માં ૯૫ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલો છે, જે પૈકી પાર્ટ-૧ના ૧૧૪ અને પાર્ટ ૨ના ૪૧ વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી પરીક્ષાનાં ફૉર્મ ભરેલાં છે. એમ.કૉમ. પાર્ટ ૧ અને ૨ માં દાખલ થયેલા કુલ ૧૯૯ વિદ્યાર્થીઓમાંથી ૪૧ વિદ્યાર્થીઓ કડીમાંથી, ૧૯ વિદ્યાર્થીઓ કલોલમાંથી, ૭૪ વિદ્યાર્થીઓ અમદાવાદમાંથી તથા ૬૬ અન્ય સ્થળોથી આવે છે. આમ એવું જણાય છે કે—

અમદાવાદમાં જે વિદ્યાર્થીઓને પ્રવેશ નથી મળી શકતો તેવા વિદ્યાર્થીઓ આ કેન્દ્રમાં પ્રવેશ મેળવી લે છે, પરિણામે બી.કૉમ.માં માત્ર પાસવર્ગમાં પાસ થયેલા વિદ્યાર્થીઓ જ આ કેન્દ્રમાં દાખલ થાય છે.

(૨) શિક્ષકગણ પૈકી પાંચ શિક્ષકો સ્થાનિક છે અને પાંચ મુલાકાતી શિક્ષકો છે. સ્થાનિક શિક્ષકો અઠવાડિયામાં ૧૦ પીરિયડ લે છે, જ્યારે મુલાકાતી શિક્ષકો ૬ પીરિયડનું કામ કરે છે. સમયપત્રક પ્રમાણે ગુરુ, શુક્ર તથા શનિવારે સાંજના ૪ થી ૬ સુધી અને રવિવારે ૧૦ થી ૧૨ સુધી વર્ગો લેવાય છે.

(૩) ગ્રંથાલયમાં ચાલુ વર્ષે રૂ. ૫૪૦-૦૦ની કિંમતનાં ૩૦ પુસ્તકો ખરીદાયાં છે, જ્યારે સામયિકો માટે એમ.કૉમ.માં અલગ ખર્ચ કરતા નથી. આમ છતાં ગ્રંથાલય-વાચનાલયમાં વિદ્યાર્થીઓને અપાતી સવલતો સારી દેખાય છે.

(૪) અમો આચાર્ય તથા અધ્યાપકગણને મળ્યા ત્યારે તેમણે નીચે મુજબનાં સૂચનો કર્યાં હતાં :

(અ) અનુસ્નાતક કક્ષાએ પણ એમ.કૉમ.ના વર્ગો નિયમિત લેવાવા જોઈએ.

(બ) શક્ય હોય તો બી.કૉમ.માં માત્ર બીજા વર્ગમાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને જ દાખલ કરવા જોઈએ અને કડી સિવાયનાં કેન્દ્રો કે જ્યાં એમ.કૉમ.ના અનુસ્નાતક વર્ગો ચાલે છે તેવાં બહારગામનાં કેન્દ્રોના વિદ્યાર્થીઓને પ્રવેશ ન આપવો જોઈએ.

(ક) વહીવટી મહેનતાણું વધવું જોઈએ.

(ડ) અમદાવાદથી લગભગ ૭૩ વિદ્યાર્થીઓ આવે છે, તેથી ઘણા બધા પ્રશ્નો ઊભા થાય છે એ અંગે સવેળા વિચાર કરી, જરૂરી પગલાં લેવાં જોઈએ.

(૫) કડી મુકામે ચાલતા એમ.કૉમ. કેન્દ્રમાં એમ જણાય છે કે મોટા ભાગના વિદ્યાર્થીઓ અમદાવાદ અને અન્ય સ્થળોએથી આવતા હોવાથી તેમની નિયમિતતા અને અન્ય બાબતો અંગે ઘણા બધા પ્રશ્નો ઊભા થાય છે. યુનિવર્સિટીએ આ અંગે ગંભીરતાથી વિચારવું જોઈએ, એમ અમને લાગે છે.

આ કેન્દ્રમાં શિક્ષણકાર્ય અંગેની પરિસ્થિતિ પ્રમાણમાં સંતોષકારક જણાય છે.

કૉલેજમાં યુનિવર્સિટીએ નિયત કરેલ બંચતમાંથી પુસ્તકો વસાવવામાં આવે છે. તદુપરાંત વિદ્યાર્થીઓને વધુ સવલતો મળે તે સારુ મૅનેજમેન્ટે પણ થોડો વધુ ખર્ચ કરવો જોઈએ એમ અમને લાગે છે.

ગ્રામ્ય વિસ્તારમાંના એમ.કૉમ. કેન્દ્ર માટે યુનિવર્સિટીએ વાસ્તવિકતાનો સ્વીકાર કરી તેનો અમલ કરે તે જરૂરી છે એમ અમને લાગે છે.

એમ. સી. શાહ
એમ. સી. કેસાઈ
સ્થાનિક તપાસસમિતિના સભ્યો.

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદનાં એમ.કૉમ.નાં ચાર અનુસ્નાતક કેન્દ્રો (અમદાવાદ)ની ત્રિવાર્ષિક તપાસસમિતિનો અહેવાલ

અમે, સમિતિ તરીકે, ચારેય કૉલેજ કેન્દ્રોની નીચે જણાવેલ તારીખોએ રૂબરૂ મુલાકાત લીધી હતી અને જે તે આચાર્યશ્રી/પ્રોફેસર-ઇન-ચાર્જ તથા તેમના હાજર રહેલા સહકાર્યકર પ્રાધ્યાપકો પાસેથી જરૂરી વિગતો મેળવી હતી તથા તેઓની સાથે વિચારવિનિમય કર્યા હતા :

ક્રમાંક	કૉલેજ / કેન્દ્ર	મુલાકાત તારીખ	આચાર્યશ્રી/ પ્રોફેસર-ઇન-ચાર્જ
(૧)	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ	૨૧-૨-૧૯૭૫	પ્રિ. આર. એલ. સંઘવી
(૨)	નવગુજરાત કૉમર્સ કૉલેજ	૨૧-૨-૧૯૭૫	પ્રિ. એમ. સી. શાહ
(૩)	સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ	૨૨-૨-૧૯૭૫	પ્રિ. દર્શનસિંઘ એમ. શીખ
(૪)	એચ. એ કૉલેજ ઑફ કૉમર્સ	૨૨-૨-૧૯૭૫	પ્રિ. એચ. કે. ત્રિવેદી

જે તે કૉલેજ અંગેની વિગતો, નિશ્ચિત પત્રકના ઢાંચામાં [ક્રમ અનુ. (૧)થી (૭) અંગે] છ અનુક્રમે પરિશિષ્ટ (પૃષ્ઠ ૧થી ૩), પરિશિષ્ટ-ખ (પૃષ્ઠ ૧-૨), પરિશિષ્ટ-ગ (પૃષ્ઠ ૧-૨) અને પરિશિષ્ટ-ઘ (પૃષ્ઠ ૧થી ૪)માં સામેલ છે. પુસ્તકાલયના મુદ્દાની ચારેય કૉલેજો અંગેની માહિતી પરિશિષ્ટ-૬૦માં સામેલ છે.

ભલામણ

ઉપર્યુક્ત માહિતી અને અમારી જાતતપાસને આધારે અમે કહી શકીએ છીએ કે ચારેય અનુસ્નાતક કેન્દ્રોનું કાર્ય, પ્રવર્તમાન ધારાધોરણોની મર્યાદામાં, સંતોષકારક રીતે ચાલે છે અને એ દરેકને વધુ પાંચ વર્ષ માટે માન્યતા (રેકગ્નિશન) આપવી.

અન્ય વિચારણા તથા ભલામણો

ઉપર્યુક્ત કેન્દ્રોની રજૂઆત તથા તેઓ સાથેની અમારી ચર્ચાવિચારણામાંથી ફલિત થતા કેટલાક મુદ્દા અંગે પણ, અનુસ્નાતક શિક્ષણને વધુ કાર્યક્ષમ, અસરકારક તથા સુદૃઢ બનાવવાના આશયથી અત્રે કેટલીક ભલામણો કરવાનું અમે મુનાસબ માનીએ છીએ.

(૧) સંખ્યા : એમ.કૉમ.માં પ્રવેશ લેવા ઇચ્છતી વિદ્યાર્થી-સંખ્યા વરસોવરસ વધતી જાય છે. ગઈ સાલે (ક) નવગુજરાત કૉમર્સ કૉલેજ તથા સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજને એમ.કૉમ.-(પાર્ટ-૧)ના એક વધારાનો વર્ગ (ડિવિઝન) ખોલવા આગ્રહ કરવામાં આવ્યો. (ખ) વર્ગ દીઠ મૂળ ગુરુતમ સંખ્યા ૧૦૦+૧૦% પરવાનગી વધારા સામે ૧૨૫ની જોગવાઈ થઈ તે મર્યાદા પણ બે કૉલેજોમાં વટાવાઈ. (ગ) વિદ્યાર્થીઓનો પ્રવેશ ઘસારો ભારે થયો. એક કૉલેજમાં બારસો ઉપરાંત અરજીઓ સામે અઢીસોને પ્રવેશ આપી શકાયો. તેથી ૫૨ ટકાથી નીચે ગુણ ધરાવનારને પ્રવેશ ન મળ્યો. સામાન્ય રીતે બી.કૉમ.માં બીજો વર્ગ મેળવનારને જ પ્રવેશ મળ્યો. અંગ્રેજી માધ્યમવાળા વિદ્યાર્થીઓની બાબતમાં અપવાદો થયા.

ઉપરના સંજોગોમાં ઉકેલ તરીકે અમારી નીચેની ભલામણો છે :

(ક) અમદાવાદ સિટી ઝોનને ઉચિત નામકરણ સાથે બે ઝોનમાં વહેંચી નાખી વધુ કૉલેજોને અનુસ્નાતક કેન્દ્રો આપવાં;

(ખ) અનુસ્નાતક કેન્દ્રો ધરાવતી વર્તમાન કૉલેજોના અનુભવનો વધુ લાભ લેવા તેમાં એકેએક વધુ વર્ગ ખોલાય તેવી વ્યવસ્થા કરવી.

(૨) ગુણવત્તા : પ્રવર્તમાન વ્યવસ્થામાં અનુસ્નાતક કેન્દ્રોની સંચાલનમાં વધુ સ્વાયત્તતા આપવાની સાર્વત્રિક માંગ જણાઈ. આદર્શ રીતે અમદાવાદ ઝોનમાં અનુસ્નાતક શિક્ષણ યુનિવર્સિટીએ સ્વહસ્તક રાખી પૂર્ણસમયી શિક્ષણ તાલીમની જોગવાઈ કરવી જોઈએ, પરંતુ પ્રવર્તમાન વિભિન્ન વિગતો ધ્યાનમાં લઈ અનુસ્નાતક કેન્દ્રોનો પ્રબંધ ચાલુ રાખવાનો હોય તો નીચેનાં પગલાં ભરાવાં ઘટે :

(ક) દરેક અનુસ્નાતક કેન્દ્રને વધુ સ્વાયત્તતા આપવી. આ અંગે વિગતો ઘડવાનું કાર્ય અનુભવીઓની બનેલી ઉચ્ચ કક્ષાની એક સમિતિને સોંપવું જે પછીથી કાયમી સંકલન સમિતિ પણ કામ કરે અને નીચેની તેમ જ અન્ય બાબતો પણ નિશ્ચિત છે :

(ખ) અત્યારે અઠવાડિયામાં ચારથી પાંચ દિવસ રોજ સામાન્ય તથા બે તાસ પ્રમાણે સમયપત્રકો છે. એકાદ અપવાદ સિવાય આ બધા સાંજના સમયમાં તે તાસ માત્ર વ્યાખ્યાનોના જ હોય છે.

સારા દિવસના થાકને અંતે સાંજના સમયના આ વર્ગોથી ગુણવત્તાયુક્ત શિક્ષણ કેમ મળે તે પ્રશ્ન છે. વળી હવેનાં વર્ષોમાં જ્યારે વિદ્યાવિકાસ ખૂબ ઝડપી બન્યો છે ત્યારે એમ.કૉમ. જેવી પદવી માટે માત્ર વ્યાખ્યાનોની પુરાણી પ્રથાને બદલે, વ્યાખ્યાનો ઉપરાંત, વધુ પુસ્તકાલય-કાર્ય, ટ્યુટોરિયલ, નિબંધલેખન-વાચન, સેમિનારો, પાત્રાભિનય કાર્ય તાલીમ, બંધારણીય એકમોની મુલાકાતો, અહેવાલ લેખન, આદિ રીતો, પદ્ધતિઓ દ્વારા ઘનિષ્ઠ શિક્ષણ તાલીમ આપવાની, સપ્તાહના છયે દિવસોએ પૂર્ણસમયી સમયપત્રકો દ્વારા કાર્યક્રમ યોજવો જોઈએ.

શરૂઆતમાં બે કે વધુ અનુસ્નાતક કેન્દ્રોને આ કાર્યક્રમ અમલમાં મૂકવા પસંદ કરવાં. કાળક્રમે આ પ્રબંધ વિકસાવતા જવો.

ઉચ્ચ અભ્યાસ જારી રાખવા માગતા નિષ્ઠાવાન વિદ્યાર્થીઓની તે તક ખૂંચવાઈ ન જાય તે માટે શહેરમાં જરૂરી સંખ્યામાં સાંજે ચાલતાં અનુસ્નાતક કેન્દ્રો પણ ચાલુ રાખવાં. પરંતુ તે અભ્યાસક્રમ તથા તાલીમ જોગવાઈ શક્ય તેટલા ઉપરના પૂર્ણસમયી કાર્યક્રમ જેવાં જ રાખવાં જોઈએ અને તે કારણે બે વર્ષને બદલે એની લઘુતમ સમયમર્યાદા ત્રણથી ચાર વર્ષની રાખવી જોઈએ.

(ગ) એક વર્ગમાં વિદ્યાર્થીસંખ્યા આદર્શ રીતે પચાસની રાખવી જોઈએ. પરંતુ હાલ પૂરતી, પંચોતેરની નિશ્ચિત કરાવવી જોઈએ. અનુસ્નાતક કક્ષાએ વર્ગમાં ૧૨૫–૧૩૦ની સંખ્યા ન જ રાખી શકાય.

(ઘ) અનુસ્નાતક કેન્દ્રોમાં પ્રવેશ માટે હાલ જે પદ્ધતિ છે તેમાં ફેરફાર કરવો જોઈએ. હાલમાં જે તે કેન્દ્રમાં પ્રવેશ માટે વિદ્યાર્થીએ જુદી જુદી અરજીઓ કરવી પડે છે. નિશ્ચિત કેન્દ્રમાં પ્રવેશ નહિ મળવાની શક્યતાએ એક જ વિદ્યાર્થી એકથી વધુ કેન્દ્રોમાં પ્રવેશપત્રો ભરે છે તેથી અનેક પ્રશ્નો ઊભા થાય છે. આને બદલે, સમગ્ર અમદાવાદ ઝોન માટે એક જ

પ્રવેશપત્ર ભરાય અને (૧) અનુસ્નાતક કેન્દ્રો માટે વિદ્યાર્થીને પસંદગીક્રમે આપવાનું સૂચવાય (૨) વિદ્યાર્થીના એ પસંદગીક્રમને ધ્યાનમાં લઈ તથા એના ગુણ, પસંદગી, નિવાસની નજદીકતા, વગેરે મુદ્દા ધ્યાનમાં લઈ મધ્યસ્થ સંકલન સમિતિ દ્વારા વિદ્યાર્થીઓની વિભિન્ન કેન્દ્રોમાં પ્રવેશ-ફાળવણી કરવામાં આવે તેવી વ્યવસ્થા થવી જોઈએ.

(૬) શકય તેટલે અંશે લઘુતમ ટકાવારી તેમ જ શિક્ષણમાધ્યમના અનુસંધાનમાં પ્રવેશનાં ધોરણ નક્કી કરવાં જોઈએ. અલબત્ત ઓછી ટકાવારી ધરાવતા વિદ્યાર્થીઓ અમદાવાદ ઝોન બહારનાં અનુસ્નાતક કેન્દ્રોમાં પ્રવેશ મેળવી ત્યાંનાં શિક્ષણસ્તર નીચાં ન લઈ જાય તે મુદ્દો ધ્યાનમાં રાખવો ઘટે.

(૩) અનુસ્નાતક અને મદદનીશ શિક્ષકોને માનદ વેતન

વેતનના દર તાસ દીઠ અનુક્રમે રૂ. ૧૦/-(દસ) અને રૂ. ૧૫/-(પંદર) છે તે વર્ષો પૂર્વે નક્કી થયેલ. પ્રવર્તમાન સંજોગોમાં એ દર તાસ દીઠ રૂ. ૩૦/-(ત્રીસ) દરેક માટે થવો જોઈએ એમ શિક્ષક સૌની માગણી છે. [શિક્ષક અને મદદનીશ શિક્ષક એક જ કક્ષાએ એક જ પ્રકારનું અધ્યાપનકાર્ય કરતા હોવા છતાં વેતન દર (બન્ને માટે જુદા (વધુ-ઓછા) રાખવાની પદ્ધતિ ન્યાય્ય ન ગણાય.] પ્રત્યેક જણ નિષ્ઠાપૂર્વક વિષય-તૈયારી તથા અધ્યાપનકાર્ય કરે તે હેતુ હોવો જોઈએ આંતરિક ટેસ્ટ પરીક્ષાઓની ઉત્તરવહીઓ વિના વેતન તપાસવાની હોય છે તથા આનુષંગિક કાર્યો કરવાનાં હોય છે તે મુદ્દો વીસરાવો ન જોઈએ અને પ્રવર્તમાન જીવનખર્ચ વધારો, શહેરનાં લાંબાં અન્તરોએ જવા વાહનખર્ચ વધારો તેમ જ આવકપ્રાપ્તિનાં વધુ પ્રલોભક અન્ય સાધનોનો સંદર્ભ પણ ધ્યાનમાં લેવાવો જોઈએ.

પરંતુ આ અંગે યુનિવર્સિટીની નાણાક્ષમતાનો પણ વિચાર થવો ઘટે, તેથી વચલા માર્ગ તરીકે, શિક્ષક કે મદદનીશ શિક્ષક વચ્ચે ભેદભાવ રાખ્યા સિવાય દરેકને તાસ દીઠ રૂ. ૨૦ વેતન વત્તા રૂ. ૫ સ્થાનિક (શહેર) વાહનખર્ચ મળી રૂ. ૨૫નો દર નક્કી થવો ઘટે. સાથોસાથ કોઈ પણ અનુસ્નાતક અધ્યાપકને પ્રશ્ન દીઠ મળતા વેતનની સત્ર દીઠ રૂપિયા પાંચસોની ટોચમર્યાદા પણ બાંધવી જોઈએ.

આમ છતાં અત્યારની રૂ. ૩૦૦ની ટોચમર્યાદાને કારણે કોઈ કોઈ અનુસ્નાતક અધ્યાપક અનિયમિત બનવા કે વીસ વ્યાખ્યાનો લઈ અટકી જવા પ્રેરાય છે તે વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ પૂરો નહિ થવામાં સહેવું પડે છે તે પ્રશ્ન પણ ઊકલી જશે.

(૪) અનુસ્નાતક શિક્ષકો અને મદદનીશ શિક્ષકો

ઉપર્યુક્ત કલમોને પરિણામે એમની સંખ્યામાં વધારો કરવો અનિવાર્ય બનશે. અત્યારે પણ અમુક વિષયોમાં પૂરતી સંખ્યામાં એમની પ્રાપ્તિમાં મુશ્કેલી નડે છે. આ બાબતમાં જે તે વિષયના સંદર્ભમાં, વધુ સંખ્યામાં માન્યતાઓ આપવાનો પ્રબંધ થવો જોઈએ. (ત્રણ સંશોધન નિબંધો લખેલા હોવા જોઈએ તે જરૂરિયાત ઉચિત છતાં વ્યવહાર્ય નહિ હોવાનું જણાયું છે.)

(૫) વહીવટી ખર્ચ તથા પુસ્તકાલય ખર્ચ

અત્યારની પદ્ધતિ અનુસાર અનુસ્નાતક કેન્દ્ર યુનિવર્સિટી વતી કાર્ય કરતું હોવાનું ગણાય છે અને કેન્દ્રને વહીવટી ખર્ચ માટે (ક) વાર્ષિક રૂ. ૨૦૦/- મળ્યાના અને (ખ) નોંધાયેલ વિદ્યાર્થી દીઠ સત્ર દીઠ રૂ. ૧-૧૦ પૈ. (વાર્ષિક રૂ. ૩-૦૦) અપાય છે. વળી કુલ ખરચતના ૫૦% પુસ્તકાલય અનુદાન તરીકે અપાય છે. ઉપરાંત વિદ્યાર્થીદીઠ રૂ. ૧૫/- સુધી જે તે કેન્દ્ર જિમખાના, પુસ્તકાલય તથા અન્ય સેવાઓની ફી તરીકે લઈ શકે છે.

હવે સાંજના બેએક કલાકના વર્ગોનાં વ્યાખ્યાનો દ્વારા અપાતા અનુસ્નાતક શિક્ષણમાં વિદ્યાર્થીઓ જિમખાના આદિ પ્રવૃત્તિઓમાં જવલ્લે ભાગ લઈ શકે. એટલે (ગ)ની રકમ જેનો હિસાબ યુનિવર્સિટીને આપવાનો હોતો નથી તેમાં કેટલાક પ્રકારના વહીવટી ખર્ચો નાખી, અનુસ્નાતક કેન્દ્રને મળતા અપૂરતા વહીવટી ખર્ચના અનુદાનના પ્રશ્નને કેટલેક અંશે તે ઉકેલી શકે.

આને બદલે, જે તે અનુસ્નાતક કેન્દ્રને જે પૂર્વસ્નાતક કક્ષાએ જોડાણ અપાય છે તેમ જોડાણ આપી, આવક-જાવક, વહીવટ, પુસ્તકાલય, આદિના નિયમો નિશ્ચિત કરી તદ્અનુસાર સ્વતંત્ર બનાવી દેવાય તે વધુ ઇષ્ટ છે. આમાં જે નિયમ મુજબ આવકવધારો રહે તેમાંથી જે તે અનુસ્નાતક કેન્દ્ર વધુ કાર્યક્ષમ તથા સુદૃઢ અનુસ્નાતક શિક્ષણ તાલીમ માટે લાંબા ગાળાની દૃષ્ટિએ કલેવર રચી શકે. અનુસ્નાતક પુસ્તકાલય વાંચન રૂમોનું યોગ્ય અલાયદા ગ્રંથપાલો દ્વારા સંચાલન કરી શકે, અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટે અલાયદી આવશ્યક સુવિધાઓ રચી શકે અને ગુણવત્તાની દૃષ્ટિએ નવપ્રયોગો હાથ ધરી પોતાની આગવી પ્રતિભા સર્જી શકે.

પુસ્તકાલયમાં જર્નલો વગેરે વધુ સંખ્યામાં ખાસ મંગાવી શકાય, મહત્ત્વનાં જર્નલોની પાછલી (બૅક) ફાઈલો બંધાવી કાયમી ઉચ્ચ અભ્યાસ તથા સંશોધનો માટે ઉપયોગમાં લઈ શકાય, પુસ્તકાલય માટે જરૂરી ફર્નિચર ખરીદી શકાય.

અંતમાં ઉપરનાં પગલાંને પરિણામે, અમદાવાદમાં કેટલાંક સ્વાશ્રયી, ગુણવત્તાયુક્ત વિકાસલક્ષી અનુસ્નાતક વાણિજ્ય શિક્ષણ તાલીમકેન્દ્રો નવપ્રયાસને માર્ગે સાતત્ય સાધી શકશે તેવી શ્રદ્ધા છે.

પ્રો. મનુભાઈ મો. શાહ (વલ્લભવિદ્યાનગર)
પ્રો. હૃષીકેશ પાઠક (અમદાવાદ)
સ્થાનિક તપાસસમિતિના સભ્યો.

પરિશિષ્ટ "ધ"
કામકાજ ક્રમાંક ૭૪

ફાઇનાન્સ સમિતિની તા. ૪–૬–૧૯૭૫ની સભાની એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણો

૧. આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આ સાથેના પરિશિષ્ટ "અ"માં જણાવ્યા પ્રમાણે અને ટેન્ડરની શરતો મુજબ યુનિવર્સિટી કાર્યાલય માટે સ્ટેશનરી ખરીદવી.

૨. આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય માટે બે અંગ્રેજી ટાઇપરાઇટર્સ તથા સેન્ટર ફોર મૅનેજમેન્ટ ઍન્ડ પ્રોફેશનલ ટ્રેનિંગ માટે બે અંગ્રેજી ટાઇપરાઇટર્સ મે. રેમિંગટન રેન્ડ ઑફ ઇન્ડિયા લિ. પાસેથી તેઓના તા. ૨૧–૫–૧૯૭૫ના પત્રમાં જણાવેલ શરતે અને કિંમતે ખરીદવાં તથા સેન્ટર ફોર મૅનેજમેન્ટ ઍન્ડ પ્રોફેશનલ ટ્રેનિંગ માટે એક ઇલેકિટ્રક ડુપ્લિકેટર મે. ગેસ્ટેટનલ ડુપ્લિકેટર્સ પ્રા. લિ. (ઇન્ડિયન ડુપ્લિકેટર કંપની પ્રા. લિ.) પાસેથી તેઓના તા. ૨૭–૫–૧૯૭૫ના પત્રમાં જણાવેલ શરતે અને કિંમતે ખરીદવું.

૩. આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના જુદા જુદા વિભાગો માટે ગ્લાસવેર્સ ખરીદવા માટે મે. બોરોસીલ ગ્લાસ વર્ક્સ લિ., મુંબઈ સાથે તેઓના તા. ૨૦–૧૧–૧૯૭૫ના પત્રમાં જણાવેલ શરતો મુજબ તા. ૩૧–૩–૧૯૭૬ સુધી રેઇટ કૉન્ટ્રાક્ટ કરવો.

પરિશિષ્ટ "અ"

ફાઇનાન્સ સમિતિ : તા. ૪-૬-૧૯૭૫

ક્રમાંક	વસ્તુનું નામ	જથ્થો	વેપારીનું નામ	ભાવ	નોંધ
૧.	કાળી પેન્સિલ "ચેલેન્જ"	૬ ગ્રોસ	રવાણી એન્ડ કું.	રૂ. ૨૮-૦૦	સારી જાતની હોવાથી
૨.	લાલ પેન્સિલ "ચેલેન્જ"	૪ ગ્રોસ	રવાણી એન્ડ કું.	રૂ. ૩૨-૦૦	સારી જાતની હોવાથી
૩.	વાદળી પેન્સિલ "ચેલેન્જ"	૩ ગ્રોસ	રવાણી એન્ડ કું.	રૂ. ૩૨-૦૦	સારી જાતની હોવાથી
૪.	રબ્બર રિંગ પેકેટ	૧૦૦ પેકેટ (દરેક ૧૦૦ ગ્રામ વજનના)	કોન્ટ્રાક્ટર કોર્પોરેશન	રૂ. ૨-૦૪	સૌથી ઓછા ભાવ હોવાથી
	રબ્બર રિંગ પેકેટ. ટેલિફોન	૧૦૦ પેકેટ (દરેક ૧૦૦ ગ્રામ વજનના)	વિનસ કોર્પોરેશન	રૂ. ૨-૦૪	,, ,, ,, ,,
૫.	ટાંકણી પેકેટ "મહાવીર"	૭૫૦ પેકેટ (દરેક ૧૦૦ ગ્રામ વજનના)	વિનસ કોર્પોરેશન	રૂ. ૧-૦૨	સારી જાતની હોવાથી
૬.	યુ ક્લિપ પેકેટ "ઈગલ"	૬૦૦ પેકેટ (દરેક પેકેટ ૧૦૦ ક્લિપનું)	કોન્ટ્રાક્ટર કોર્પોરેશન	રૂ. ૦-૫૪	સૌથી ઓછા ભાવ હોવાથી
૭.	ટાઇપ રિબન "કોરસ"	૧૪૪ નંગ	રવાણી એન્ડ કું.	રૂ. ૫-૬૭	સારી જાતની હોવાથી
૮.	ટાઇપ કાર્બન પેપર ફૂલસ્કેપ સાઇઝ	૧. ૫૦ પેકેટ કોરસ ૫૦૩	રવાણી એન્ડ કું.	રૂ. ૨૧-૭૦	,, ,, ,,
		૨. ૨૫ પેકેટ ટેલિફોન	રવાણી એન્ડ કું.	રૂ. ૧૫-૫૫	તે બ્રાન્ડમાં ઓછામાં ઓછા આવે છે.
		૩. ૨૫ પેકેટ ટેલિફોન	કોન્ટ્રાક્ટર કોર્પોરેશન		

ફાઇનાન્સ કમિટિ : તા. ૪-૬-૧૯૭૫

૯.	સીલિંગ વેકસ એક રતલી પેકેટ "લાયન"	૧૦૦ પેકેટ	વિનસ કોર્પોરેશન	રૂ.	૩–૦૦	સારી જાતની હોવાથી
૧૦.	પેન્સિલ કાર્બન પેપર ઓફ સાઈઝ–કોરસ–યુટિલિટી	૨૫ પેકેટ	રવાણી એન્ડ કું.	રૂ.	૧૯–૨૬	સારી જાતની હોવાથી
૧૧.	પેન્સિલ કાર્બન પેપર ફૂલસ્કેપ સાઈઝ	૧૦૦ પેકેટ	રવાણી એન્ડ કું.	રૂ.	૦–૬૩	,, ,, ,,
૧૨.	ગુંદરના બાટલા ૭૦૦ એમ.એમ. "વીલ બ્રાન્ડ"	૧૫૦ નંગ	રવાણી એન્ડ કું.	રૂ.	૩–૭૩	સારી જાતના હોવાથી અને તે જાતમાં ઓછામાં ઓછા આવે છે.
૧૩.	શાહીના બાટલા ૭૦૦ એમ.એમ. કેમલ રોયલ બ્લ્યૂ	૫૦ નંગ	કોન્ટ્રાકટર કોર્પોરેશન	રૂ.	૬–૩૦	સારી જાતના હોવાથી
૧૪.	ટૂ-પેર ફોલિયા–લેસ સાથે, પાર્ટના નમૂના મુજબ	૧૫૦ પેર	રવાણી એન્ડ કું.	રૂ.	૧–૨૫	સૌથી ઓછા ભાવ હોવાથી
૧૫.	પોર્ટફોલિયા તેમના નમૂના મુજબ	૧૮૦૦ નંગ	કોન્ટ્રાકટર કોર્પોરેશન	રૂ.	૦–૯૦	,, ,,
૧૬.	ઓફિસ ફાઈલ તેમના નમૂના "એ" મુજબ	૧૪૪૦ નંગ	વિનસ કોર્પોરેશન	રૂ.	૦–૮૪	સારી જાતની હોવાથી
૧૭.	ઘોડા ફાઈલ તેમના નમૂના "એ" મુજબ	૧૦૦૮ નંગ	વિનસ કોર્પોરેશન	રૂ.	૪–૪૭	,, ,,
૧૮.	એક ધાનાં લીટીવાળાં રજિસ્ટર	300 નંગ	વિનસ કોર્પોરેશન	રૂ.	૨–૦૨	સૌથી ઓછા ભાવ હોવાથી

નોંધ.— મેસર્સ સુરેશચંદ્ર એન્ડ બ્રધર્સ અને મેસર્સ એમ. એમ. રહેમાનીએ ટેન્ડર સાથે ડિપોઝિટ ભરેલી ન હતી, તેથી તેમનાં ટેન્ડરોને સમિતિએ ગણતરીમાં લીધાં નથી.

પરિશિષ્ટ " ચ "
કામકાજ ક્રમાંક ૭૮

1. To discuss the budget proposals of the Computer Centre for the year 1975–76.

"It was resolved to recommend to the Executive Council that State Government may be approached to obtain 50% financial help for recurring expenditure for instituting one post of Reader in Computer Science. The other 50% expenditure may be met from the savings available on account of reduction in visiting Lecturers. A provision to this effect may be made in the budget proposals of 1975–76.

Other Proposals in the budget may be approved with the inclusion of the following :

(*a*) Expenses up to Rs. 10,000 for shifting to new building.

(*b*) Expenses on account of purchase of cards may be recalculated considering the increased cost."

2. To discuss the report of the Co-ordinator in connection with the organisation of the certificate course in Computer Programming.

The report circulated to the members was discussed in details and the committee then makes the following recommendations :

"(*a*) To motivate the students to participate in the courses throughout with interest a deposit of Rs. 100/- (Rs. 25/-for scheduled caste/tribe candidate) should be collected from each student upon admission. If the candidate maintains the presence at minimum 80% level, completes the assignments satisfactorily and registers for final examinations, this should be refunded at the end of the course.

(*b*) In order to maintain the continuity and consistency in teaching the topics, like SPS, FORTRAN, COBOL, etc. the present limit of maximum 25 lectures per member may be relaxed to 35 for internal faculty. This will also facilitate continuous evaluation of the assignment given to the students and their performance in the periodical tests, etc.

GUJARAT UNIVERSITY COMPUTER CENTRE

Budget Proposals for the year 1975-76

	INCOME		AMOUNT Rs.	Rs.
1.	**Miscellaneous Income :**			
	Income from Machine :			
	(*i*) **Usage :**			
	(1) IBM 1620 100 Hours for non-educational 200 Hours for educational usage			
	(2) A/c. machine @ 200 hours for outside work	Machine Time Charges	30,000	
	(*ii*) Tuition fees income from students of Batch II Appx. 40–45 students per year and punching classes	Tuition fees income	10,000	40,000
2.	Contribution of State Govt. for teaching Course Batch I of unemployed students on account of :	Grant for Teaching Programming Course	20,000	20,000
	(*i*) Cards Teaching Material (1.5 lac Cards)			
	(*ii*) Temporary staff like technical assistant & peon			
	(*iii*) Visiting Lecturers, etc.			
	(*iv*) Machine time, etc. (computer time provided is free)			
3.	Contribution from examinations			
	(*i*) Machine Time IBM 1620 300 Hrs. A/c M/c 1000 Hrs. Sorters 1000 Hrs. Collator 400 Hrs.	Machine Time for Exam.	90,000	
	(*ii*) Blank Stationery 40.000 Single	Blank Stationery	6,000	

			Rs.	Rs.
(*iii*)	Cards : approximately 10 lac cards will be consumed for 1,30,000 students	Cards for examination	40,000	
(*iv*)	Other charges of Trainee Punch Operators plus service charges	Service Charges for Examination	30,000 ———	1,66,000
4.	Contributions from departments and users			
(*i*)	Contributions from Accounts Dept. Cards 1.5 lacs Stationery 5,000 Computer Time 100 Hrs. A/c M/c Time 100 Hrs.	Accounts work	15,000	
(*ii*)	Cards/Stationery Charges available from other users Cards 4 lacs Stationery 15,000 sheets	Stationery charges from users	16,000 ———	31,000 ———
		TOTAL INCOME Rs.		2,57,000
		Excess of Expenditure Over Income		1,30,000 ———
				3,87,000

GUJARAT UNIVERSITY COMPUTER CENTRE

Budget Proposals for the year 1975—76

EXPENDITURE

1. Recurring Expenditure :

(*i*) Staff **Amount**

(*A*)	Computer Systems Supdt.	1
	Senior Programmer	1
	Junior Programmer	2
	Trainee Programmer	2
	Punch Operator	1
	Senior Operator	1
	Junior Operator	4
	Clerk-Typist	1
		—
	Total Staff...	13

		Rs.	Rs.
(*B*) Trainee Computer Operators, etc.	Pay	65,000	
	D.A. & Other Allowances	35,000	
	P. F. Contribution	5,000	
	Gratuity	2,000	
	Temporary Staff	2,000	
			1,09,000
(*ii*) Machine Rent/Maintenance			
(*a*) **Purchased Equipment**			
Electrical Punches Three	Punch–Verifier	12,000	
Electrical Verifiers Two	Maintenance	4,000	
Collator One	Collator Maintenance	2,500	
(*b*) **Rental Equipment**			
Sorters Two	Rental Sorters	12,000	
Accounting M/c. One	Rental of A/C. M/C.	64,000	
(*c*) IBM 1620 System	Computer Maintenance	22,000	
			1,16,000-00
2. Other Miscellaneous Expenses			
(*a*) Stationary Consumption Approx. 20,000 Single	Blank Stationery	3,000	
(*b*) Cards approxi. 1.5 lac for Computer Centre & 1.5 lac for students of Batch II	Cards	12,000	
(*c*) Electricity	Electricity Charges	8,000	
(*d*) Furniture and Storage Equipment (*i*) Wooden Racks (*ii*) Cup--Boards for library books (*iii*) Card Storage Equipments	Furniture	10,000	
(*e*) Advertisement for Programming Classes, recruitment of staff, etc.	Advertisement	4,000	
(*f*) Contingencies providing for other miscellaneous expenses for purchase of ribbons, carriage tapes, etc.	Contingencies	5,000	
(*g*) Insurance of Equipment like IBM 1620 & punching machines	Insurance	2,000	

		Rs.	Rs.
(*h*) Honorarium to the Lecturers of Programming classes, Batch II	Visiting Lecturers	5,000	
(*i*) Using the facilities of other computer centres for staff training and student education	Usage at other Computer Centre	2,000	51,000

3. Expenses to be recovered from Grants of other sources :

(*i*) Staff for examination and other management jobs, like Trainee Punch Operators, etc.	Temp. Staff for other jobs	14,000	
(*ii*) Cards for examination work and for other educational as well as non-educational jobs, appx. 17 lacs.	Cards for other Services	68,000	
(*iii*) Blank Stationary consumable for such other educational, non-educational jobs appx. 60,000 single.	Blank Stationery	9,000	
(*iv*) Purchase of equipment like slide projector, etc.	Equipment	15,000	
(*v*) Honorarium to Lecturers of Batch I of unemployed students		5,000	1,11,000
	Total expenditure Rs...		3,87,000

પરિશિષ્ટ " છ "
ફાગફતાળ ક્રમાંક ૮૫

In respect of all Universities for whom principle of block grant is accepted. The principles regarding fixation of block grant have to be settled in details once for all in order to set at rest controversy or dispute which arise from time to time for lack of clearity or for lack of correct interpretation. The vice-Chancellors had appointed a committee of all the Registrars and Accounts of all the Universities and on the basis of their report, the State Government was requested to modify the Government G.R. Since the Government has appointed a High Power Committee, the matter should be placed before it to settle the issues once for all particularly in respect of the following points :

(1) The wage bill should include, besides pay and dearness allowance, the expenditure on all other allowances viz., House Rent Allowance, Local Compensatory Allowance and contribution to P. F. and Gratuity and Insurance premium, if any.

(2) An increase in provision should be made for salary and allowances at the rate of not less than 6% per year to cover annual increment etc.

(3) Whenever the State Government increases rates of D. A. interim relief, H.R.A., T.A. etc. additional adhoc extra grant should be automatically given to meet with the increased expenditure of the University on this account.

(4) The State Government should given additional block grant from year to year to meet additional expenditure on those vacant posts filled-in after the fixation of triennium block grant as the University will fill them only after assessing the requirement of each of the posts. No prior approval of the State Government for filling-up the posts already instituted should be necessary.

(5) Adequate increase should be allowed every year in contingency keeping in view the normal rise in the usecoficontengency as well as rise in the price index which has been abnormal in the recent year.

(6) The University should be permitted to provide for depreciation of properties, furniture and equipment at usual depreciation rates. If depreciation is not permitted, there is no reason not to allow for repairs and maintenance of buildings, furniture and equipments.

(7) So far as buildings are concerned, provision should be allowed for special repairs as well as current repairs on the same lines as in the P.W.D. in Government in respect of Government properties.

(8) The expenditure on amount of payment of loans, interest insurance charges should be admitted as normal expenditure for the purposes of the Block Grant.

(9) In order to avoid resort to over-draft from banks the policy of the Goverment should be sufficiently liberal. The Government should provide for loans (interest-free against block grant as and when the University needs them and a working fund of at least Rs. 10 lakhs should be made with the ways and means of the University be sanctioned.

(10) The Government should agree in cases of individual University to create special fund/endowment for specific purposes with the approval of the Government.

(11) The Government should not levy centage charges for scrutiny of estimates prepared by the University for their buildings and erection works like roads, electricity, water supply and other abatement certificate in respect of higher tender rates over the estimates approved by the P.W.D.

(12) In future whenever the Government appoints Pay-Commission for recommendations to be made in respect of pay-scales and conditions of service of its employees, it should also simultaneously include in the terms of reference of the Pay-Commission the question of pay-scales and conditions of service of non-teaching staff of the Universities also.

(*b*) **Development Expenditure :**

(1) The Government should intimate the financial estimates to be made available to each University for development during the plan period in order to enable the University to formulate its development programme for five years.

(2) The University will prepare its development programme keeping in view the needs of the University, finances to be made available from the State Plan and the finances so be made available from the U.G.C. The State Government's matching share where the finances are made available from the U.G.C. on sharing pattern. The State Government should give concurrence for matching share within a period of three months at the least.

(3) The priorities of the schemes and their details will be entirely a matter for the University to decide subject to the limitation of ceiling given by the State Government if the funds or matching share is claimed from the State Government.

(4) For new developing Universities, the Government should consider special funds to be provided in the State Budget as normally the U.G.C. will not aprove the cost of creating infra-structure like campus development which for the new University is a must before it can undertake other academic responsibility like any other developed University.

પરિશિષ્ટ "બ"
કામકાજ ક્રમાંક ૯૮

Minutes of the meeting of the Vice-Chancellor and Directors of University Schools

A meeting of the Vice-Chancellor and the Directors of University Schools was held at the University School of Psychology, Education and Philosophy at 10-00 a.m. on 28-5-1975. The following were present :

1. Shri Ishwarbhai Patel (Vice-Chancellor)
2. Dr. J. J. Chinoy
3. Prof. D. N. Pathak
4. Prof. K. R. Chandrasekharan
5. Dr. K. G. Desai.

Shri Ishwarbhai Patel was in the Chair. The following are the recommendations of the meeting :

1. Evening classes will be continued while the alternative proposals are processed.
2. A member of the staff of the department is to be put in charge of the evening classes. Some reward may be given to him.
3. Admissions may be given according to the following priorities :
    1. 1st class
    2. 2nd class
    3. 2nd class in the subject in spite of overall pass class.
4. Union fees may be discontinued and only one rupee may be collected per student per term. For special needs of the subjects, subject clubs may be formed and collection may be made on special occasions.

    For Gymkhana, one rupee per student per term may also be collected.

    Balance in both cases be used for the Reading Centre, contribution of Re. 1/- per term by each student towards student Aid Fund may continue as heretobefore.

5. When a student pays the fees at the counter of the University office, one receipt may be given to the student and one may be sent to the School by the University office directly. One counterfoil will be retained by the University office. A register of admissions will be mentioned by the School and checked periodically.

6. Every student may be given an identity card after he pays the fees.

7. Whatever disbursement of money is done from the Schools, a periodic check may be made of the transactions.

8. Every school may publish its prospectus.

9. Telephones for Directors' residence may be expedited.

The meeting terminated at 11-30 a.m. with a vote of thanks to the Chair.

પરિશિષ્ટ "ઝ"
ઠરાવકાળ ક્રમાંક ૧૦૪

Centre for Management and Professional Training

A meeting of the Standing Committee of the Centre took place on 27-5-1975 at 4-30 p.m. in the Vice-Chancellor's Chamber.

Shri Ishwarbhai Patel, Vice-Chancellor, was in the chair. Following members were present :

1. Shri Ishwerbhai J. Patel
2. Dr. K. G. Desai
3. Prin. M. C. Shah
4. Shri B. M. Patel
5. Prof. R. M. Bhatt

(By invitation)

The following business was transacted.

1. The letter No. Acc/2/8908 dated 23-5-1975, to the Director of Manpower Planning proposing to start the undermentioned courses was placed before the Committee. It was then resolved to recommend to run the courses as and when approved by Goverment.
   1. Office Mangement
   2. Banking Management
   3. Financial Management
   4. Export Business Management
   5. Materials Management
   6. Stenography (English)
   7. Marketing & Salesmanship
   8. Research Methodology
   9. Photographic Arts.
2. A letter No. DO/VC/1750/1975 dated 23rd May, 1975 written to Shri Chhabra, Secretary, U.G.C. for providing grant for running courses mentioned hereunder (a) and under (b) was placed before the Committee and decided to recommend these courses to Executive Council for approval.

(A) 1. Office Management
2. Banking Management
3. Financial Management
4. Export Business Management
5. Materials Management
6. Stenography (English)
7. Marketing & Salesmanship (Textile)
8. Research Methodology
9. Photographic Arts.

(B) 1. Retailing
2. Stores Management
3. Spoken English.

4. The committee after due consideration decided to recommend to charge fees for various courses on the following basis :

Rs 25/- Registration fees for all stipendary courses.

Rs. 25/- per month for non-stipendary courses one month's duration.

Rs. 50/- per month for stipendary courses.

Rs. 30/- per month for non-stipendary courses.

Rs. 50/- additional Laboratories fees for courses like photography (where practical work is involved.)

5. To approve the faculty members invited for various courses and to receive suggestions for inviting faculty members from academic and professional field. It was resolved to recommend to the Executive Council to empower the Vice Chancellor to appoint the teachers on the recommendations of the Committee consisting of the following :

1. Dr. K. G. Desai
2. Dr. M. N. Desai
3. Prin. M. C. Shah
4. Prin. J. C. Trivedi
5. Prin. H. K. Trivedi.

It was further resolved to recommend to the Executive Council that the teachers be paid honorarium of Rs. 15/- per lecture.

6. For accomodation to conduct classes it was recommended that the School of Social Sciences may be approached for providing suitable classrooms.

7. It was also decided to publish a Report of the working and achievements of the Centre and a prospectus for various courses. It was also recommended to publish a newsletter for information of all connected with the Centre.

8. The case of Mr. J. G. Solanki of Bank Recruitment Test Training Programme course, was considered and looking to his performance in the Final Test, it was decided to release the stipend to him.

No. Acc/2/11272 of 1975
Gujarat University Office,
Ahmedabad-380009.
5th June, 1975

B. M. Patel
for Registrar.

પરિશિષ્ટ "ટ"
કામકાજ ક્રમાંક ૧૦૫

હરિ: ॐ આશ્રમ પ્રેરિત

રામાનુજન ગણિત પ્રતિભા શોધ યોજના

કૉલેજ વિભાગ

આ યોજનામાં ગુજરાતની કોઈ પણ કૉલેજના Pre અને F.Y. વિજ્ઞાન, વિનયન કે વાણિજ્ય તથા Pre-Engineeringમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી કે વિદ્યાર્થિની ભાગ લઈ શકશે આ યોજનાના વહીવટી ખર્ચ માટે ભાગ લેનાર હરીફો કે તેમની સંસ્થાઓ દાખલ ફી હરીફ દીઠ રૂ. ૫ આપશે.

આખા રાજ્યમાં પાંચ કેન્દ્રો પર પ્રાથમિક પરીક્ષા દર વર્ષે ૧૫મી નવેમ્બરના અરસામાં લેવાશે. આ કેન્દ્રો અમદાવાદ, સુરત, વડોદરા, વલ્લભવિદ્યાનગર અને ભાવનગરમાં યુનિવર્સિટીઓના ગણિત વિભાગોમાં હશે. દરેક કેન્દ્ર પર તેના વહીવટ માટે જે તે યુનિવર્સિટીના ગણિત વિભાગના વડા કન્વીનર તરીકે રહેશે. કેન્દ્રોના કન્વીનરો નીચેની કામગીરી કરશે :

(૧) પ્રચારકાર્ય

(૨) કેન્દ્ર ઉપર બેસનાર હરીફો પાસેથી પ્રવેશ ફી વસૂલ લેવાની, અને

(૩) કેન્દ્ર ઉપર પરીક્ષા લેવાની વ્યવસ્થા કરવાની.

[**નોંધ.**—(૧) કેન્દ્રના કન્વીનર પ્રવેશ ફીની તેમણે વસૂલ કરેલી ફીમાંથી ૫૦ ટકા (અડધો હિસ્સો) સ્ટેશનરી, ટપાલ ખર્ચ, ઉત્તરવહી જેવા વહીવટી ખર્ચ માટે કરી શકશે અને બાકીની ૫૦ ટકા રકમ નીચે જણાવેલ પ્રતિભા શોધ કમિટીના કન્વીનરને પરત મોકલશે.]

(૨) ચાલુ વર્ષ માટે સુરત કેન્દ્ર માટે કન્વીનર પ્રિ. ડી. જી. વશી રહેશે.]

દરેક કેન્દ્ર પર આ પરીક્ષામાં ગુણવત્તાની દૃષ્ટિએ પહેલા ત્રણ હરીફોને (તેઓ ઓછામાં ઓછા ૭૦ ટકા ગુણ મેળવે તો) યોગ્ય ઇનામો અપાશે તથા દરેક કેન્દ્રમાંથી પહેલા પાંચ હરીફો છેવટની પરીક્ષા માટે અમદાવાદ આવશે. પરીક્ષાના પરીક્ષકો તથા પ્રાશ્નિકો માટે ગાઈડ લાઈન્સ પ્રા. પી. સી. વૈદ્ય (અધ્યક્ષ, ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન) તથા પ્રા. એચ. એન. રાવળ કરશે.

છેવટની પરીક્ષા અમદાવાદ ખાતે તા. ૧૫મી ડિસેમ્બરના અરસામાં લેવાશે. આ પરીક્ષામાં ભાગ લેનાર દરેક વ્યક્તિને પ્રમાણપત્ર આપવામાં આવશે તથા પહેલા ત્રણ હરીફોને યોગ્ય ઇનામો આપવામાં આવશે.

આ હરીફોનું વધીવટી ખર્ચ પ્રવેશ ફીમાંથી કરવામાં આવશે, જ્યારે હરીફોનું મુસાફરી ખર્ચ તેમની સંસ્થાઓ અથવા તેઓ પોતે ભોગવશે. સંસ્થાઓ માટે આ ખર્ચ ગ્રાન્ટને પાત્ર ગણાય તેવા પ્રયત્નો કરવામાં આવશે. હરિ: ૐ આશ્રમ તરફથી મળેલ અનુદાનના વ્યાજમાંથી કેવળ ઇનામો જ આપવામાં આવશે. પ્રાથમિક અને છેવટની બંને પરીક્ષાઓ લેખિત રહેશે.

આ પરીક્ષાઓના સંચાલન માટે તથા આનુષંગિક કાર્યવાહી માટે એક પ્રતિભા શોધ સમિતિ રહેશે. આગામી નવેમ્બર તથા ડિસેમ્બરની પરીક્ષાઓ માટેની સમિતિ નીચે પ્રમાણે રહેશે :

૧. પ્રા. એચ. એન. રાવળ (કન્વીનર), ગણિત વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.
૨. પ્રા. ડી. એસ. બસન ,, ,, ,,
૩. પ્રા. આઈ. એચ. શેઠ ,, ,, ,,
૪. પ્રા. એચ. સી. શુક્લ, એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ
૫. પ્રા. જી. એમ. પટેલ, આર. એ. ભવન્સ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૬. પ્રા. એસ. એસ. વોરા, સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ.

પરિશિષ્ટ "ઠ"
કામકાજ ક્રમાંક ૧૦૬

ભાષા-સાહિત્ય ભવન
ગુજરાત યુનિવર્સિટી
અમદાવાદ–૩૮૦૦૦૯.
તા. ૧૩–૩–૧૯૭૫

પ્રતિ

કુલપતિશ્રી,
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૯.

વિષય.—હરિઃ ૐ આશ્રમ પ્રેરિત ગુજરાતી પ્રતિભા શોધ પારિતોષિક.

શ્રીમાન,

આપના અંગત પત્ર સાથે મને મોકલેલી ગૂજરાત વિદ્યાપીઠની હિંદી પ્રતિભાશોધ પારિતોષિક યોજના હું ઝીણવટથી જોઈ ગયો છું. એ યોજનાનું કાઠું ગુજરાત યુનિવર્સિટીની ગુજરાતી પ્રતિભા-શોધ યોજનામાં લગભગ યથાવત્ કામ લાગે એવું છે. વિદ્યાપીઠવાળી યોજનાના પૃષ્ઠ ૨ પર નં. ૮ અને ૧૧ આગળ મેં પ્રશ્નાર્થ ચિહ્ન મૂકયાં છે તેનો ઘટતો વિચાર કરી આપ આપણી યુનિવર્સિટી તરફથી ગુજરાતી માટેની એવી યોજનાની માહિતી-પત્રિકા પ્રગટ કરાવી શકશો. એ માટે વિદ્યાપીઠવાળી યોજનામાં મેં ઘટતા સુધારા કર્યા છે.

હિંદી અને ગુજરાતી પ્રતિભાશોધ માટેની યોજનાઓનું કામ એકસરખું છે. વિદ્યાર્થીઓની તે તે ભાષાઓમાં લેખનશક્તિને એમાં જોવા-મૂલવવાની તથા પુરસ્કારવાની છે. વિજ્ઞાનની બાબતમાં વિદ્યાર્થીઓનો વિજ્ઞાનરસ, સંશોધનશક્તિ અને વિજ્ઞાનવિષયક જાણકારી ઉપર ભાર મૂકવાનો રહેશે. એટલે એમાં નિબંધલેખન જેવો પ્રકાર ચાલશે નહિ. કસોટી શાના ઉપર યોજવી એ માટે એમાં વિજ્ઞાનના તદ્વિદો સૂચવે તે પ્રમાણે કરવાનું રહેશે. એથી વિજ્ઞાન માટેની આવી યોજના માટે વિજ્ઞાનના અનુભવી અધ્યાપકોને વિચારવાનું સોંપવા વિનંતી છે.

ગુજરાતી પ્રતિભાશોધ યોજના માટે હાઈસ્કૂલો તથા કૉલેજોની ગુજરાતભરની સંખ્યા, તેમના તરફથી પાંચ પાંચ લેખે આવનાર સ્પર્ધકોની સંખ્યા, તેને અંગેની ફી, મંજૂરી પત્રોની રવાનગી, સ્પર્ધા પરીક્ષાના વરસમાં બબ્બેવાર ગોઠવવાનાં કેન્દ્રોની વ્યવસ્થા, હિસાબ, ઈ. બહુવિધ કામગીરી માટે યુનિવર્સિટી કાર્યાલયે એક વ્યવસ્થાતંત્ર ગોઠવવું જરૂરી બનશે. મોટી સંખ્યામાં પરીક્ષકો પણ નીમવાના થશે, એ બધાનો વિચાર પણ કરી લેવાનો થશે.

આપનો,
અનંતરાય મ. રાવળ
(ગુજરાતી વિભાગ)

હરિ: ॐ આશ્રમ પ્રેરિત કવિ નાનાલાલ દલપતરામ ગુજરાતી પ્રતિભાશોધ પારિતોષિક યોજના

શાળા-કૉલેજોના વિદ્યાર્થીઓની વ્યવસ્થિત રીતે વિચારવાની તથા લેખનની શક્તિને પુરસ્કારવા-ઉત્તેજવાના શુભાશયથી આ યોજના શરૂ કરવામાં આવે છે.

કક્ષા : આ યોજનાની બે કક્ષાઓ રહેશે :

૧. હાઈસ્કૂલ કક્ષા : ગુજરાત સરકાર માન્ય બધી જ માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ આ કક્ષામાં ભાગ લઈ શકશે.

૨. કૉલેજ કક્ષા : ગુજરાતની બધી યુનિવર્સિટીઓની સંલગ્ન કૉલેજોના વિદ્યાર્થીઓ આ કક્ષામાં ભાગ લઈ શકશે.

સ્તર : દરેક કક્ષાના બે સ્તર રહેશે :

૧. પ્રાથમિક, ૨. અંતિમ.

આ બંને સ્તર સ્પર્ધાના રૂપમાં રહેશે.

સ્પર્ધા : પ્રાથમિક સ્તરની સ્પર્ધાના ત્રીસ દિવસ પહેલાં દરેક કક્ષા માટે ૧૦ વિષયો જાહેર કરવામાં આવશે. સ્પર્ધાના દિવસે નક્કી કરવામાં આવેલ સ્થળ ઉપર નિશ્ચિત સમયે અગાઉ જાહેર કરવામાં આવેલ વિષયોમાંથી કોઈ એક વિષય આપવામાં આવશે, જેના ઉપર ત્રણ કલાકમાં ૧૦૦ અંકનો નિબંધ લખવાનો રહેશે.

અંતિમ સ્તરની સ્પર્ધાના ૧૪ દિવસ અગાઉ માધ્યમિક કક્ષા માટે ૬ વિષયો અને મહાવિદ્યાલય કક્ષા માટે ૭ વિષયો સ્પર્ધકોને આપવામાં આવશે. સ્પર્ધાના દિવસે પ્રાથમિક કક્ષાની જેમ અગાઉ આપવામાં આવેલા વિષયોમાંથી કોઈ એક વિષય આપવામાં આવશે, જેના ઉપર ત્રણ કલાકમાં ૧૦૦ અંકનો નિબંધ લખવાનો રહેશે.

અંતિમ સ્તરની સ્પર્ધાના દિવસે નિબંધલેખન પછી વક્તૃત્વસ્પર્ધા થશે, જેના ૨૧ અંક રહેશે. અંતિમ સ્તરની નિબંધસ્પર્ધા માટે જે વિષયો આપવામાં આવ્યા હોય તેમાંથી કોઈ એક વિષય ઉપર માધ્યમિક શાળા કક્ષાવાળાઓને ૪ મિનિટ અને મહાવિદ્યાલય કક્ષાવાળાઓને ૬ મિનિટ બોલવાનું રહેશે.

કેન્દ્ર : પ્રાથમિક સ્તરની સ્પર્ધા માટે નીચેનાં કેન્દ્રો રહેશે :

૧. અમદાવાદ	૩. આણંદ	૫. સુરત
૨. મહેસાણા	૪. વડોદરા	૬. રાજકોટ.

અંતિમ સ્તરની સ્પર્ધા માટે ફક્ત અમદાવાદ જ કેન્દ્ર રહેશે.

સમય : સ્પર્ધા વર્ષમાં એક વખત થશે. પ્રાથમિક સ્તરની સ્પર્ધા જુલાઈના ત્રીજા અઠવાડિયામાં અને અંતિમ સ્તરની સ્પર્ધા સપ્ટેંબર માસના બીજા અથવા ત્રીજા અઠવાડિયામાં થશે.

અરજીપત્ર અને ફી : ૧. પ્રત્યેક સરકાર માન્ય માધ્યમિક શાળા પ વિદ્યાર્થીઓને સ્પર્ધા માટે મોકલી શકશે. અરજીપત્ર સાથે તે માધ્યમિક શાળાએ આ પારિતોષિક યોજના માટે નીચેના સરનામે રૂ. ૧૦–૦૦ મોકલવાના રહેશે.

૨. ગુજરાતની બધી જ યુનિવર્સિટીઓ સાથે સંલગ્ન પ્રત્યેક કૉલેજ પોતાના વિદ્યાર્થીઓને સ્પર્ધા માટે મોકલી શકશે. અરજીપત્ર સાથે કૉલેજે આ પારિતોષિક યોજના માટે નીચેના સરનામે રૂ. ૧૦–૦૦ મોકલવાના રહેશે

૩. આ સિવાય માધ્યમિક શાળા કક્ષા કે કૉલેજ કક્ષામાંથી કોઇ પણ વિદ્યાર્થી સ્વતંત્રરૂપે નીચેના સરનામે રૂ. ૧૦–૦૦ ફી ભરી સ્પર્ધામાં ભાગ લઈ શકશે. તે સાથે તેણે પોતાનું અરજીપત્ર શાળા અથવા મહાવિદ્યાલયના આચાર્યશ્રી જોડે પ્રમાણિત કરાવીને મોકલવાનું રહેશે.

મંજૂરીપત્ર : સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકોનાં મંજૂરીપત્રો જે તે માધ્યમિક શાળા કે કૉલેજના આચાર્યો ઉપર મોકલવામાં આવશે. સ્પર્ધા વખતે પોતાનું મંજૂરીપત્ર બતાવવાનું સ્પર્ધકો માટે અનિવાર્ય રહેશે.

ઇનામ : ૧. પ્રત્યેક સ્તરની પ્રાથમિક કક્ષાની સ્પર્ધામાં પ્રત્યેક કેન્દ્રમાં પ્રથમ ત્રણ આવનારને અનુક્રમે રૂ. ૫૦, રૂ. ૩૦ અને રૂ. ૨૫નું રોકડ ઇનામ આપવામાં આવશે.

૨. અંતિમ સ્તરની સ્પર્ધામાં દરેક કેન્દ્રમાંથી પ્રત્યેક કક્ષામાં પ્રથમ ૫ આવનાર સ્પર્ધકો ભાગ લઈ શકશે. તેમાંથી પ્રથમ ત્રણ આવનાર સ્પર્ધકોને અનુક્રમે રૂ. ૫૦૦, રૂ. ૩૦૦ અને રૂ. ૨૦૦નું રોકડ ઇનામ આપવામાં આવશે. આ ઇનામ નિબંધ અને વકતૃત્વ સ્પર્ધા બંનેના આધારે આપવામાં આવશે.

કોપીરાઇટ : ઇનામ મેળવતા નિબંધોનો કોપીરાઈટ ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનો રહેશે.

કોઈ કક્ષામાં પ્રથમ ઇનામ મેળવનાર સ્પર્ધક ફરી વાર તે જ સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહીં.

પારિતોષિક અંગે ગુજરાતી પ્રતિભાશોધ-પારિતોષિક વ્યવસ્થા સમિતિનો નિર્ણય છેવટનો ગણાશે.

આ સ્પર્ધા સંબંધી બધો જ પત્રવ્યવહાર નીચેના સરનામે કરવા વિનંતી :

પરીક્ષા નિયામક, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૩૮૦૦૦૯.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

આનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિકયુટિવ કાઉન્સિલની જુલાઈ માસની સભા, સોમવાર, તા. ૨૧-૭-૧૯૭૫ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૧-૭-૧૯૭૫
૧.	શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ, કુલપતિ	હાજર
૨.	શ્રી. શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	આચાર્ય એમ. એસ. પંડિત	હાજર
૪.	શ્રી. પ્રફુલ્લચંદ્ર ચંદુલાલ શાહ	હાજર
૫.	શ્રી. નવીનચંદ્ર એમ. બારોટ	હાજર
૬.	ડૉ. જ્યોતીન્દ્ર લક્ષ્મીશંકર ભટ્ટ	ગેરહાજર
૭.	પ્રો. અનંતરાય મણિશંકર રાવળ	હાજર
૮.	ડૉ. વિનોદકાન્ત ચૂનીલાલ શાહ	હાજર
૯.	આચાર્ય દર્શનસિંઘ મુસ્તાકસિંઘ શીખ	હાજર
૧૦.	આચાર્ય ડૉ. ધીરુભાઈ પ્રેમશંકર ઠાકર	ગેરહાજર
૧૧.	આચાર્ય ડૉ. હર્ષદભાઈ મોતીભાઈ દેસાઈ	હાજર
૧૨.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૧૩.	શ્રી. ગુલાબભાઈ રતનજી દેસાઈ	ગેરહાજર
૧૪.	ડૉ. જશવંતલાલ નાનાલાલ પટેલ	હાજર
૧૫.	પ્રો. દેવવ્રત નાનુભાઈ પાઠક	હાજર
૧૬.	ડૉ. અંબાશંકર એસ. નાગર	હાજર
૧૭.	ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહ	હાજર
૧૮.	શ્રી. મણિભાઈ ગોરધનભાઈ પ્રહ્લાદ	હાજર
૧૯.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર.

૧. તા. ૭-૬-૧૯૭૫ના રોજ મળેલ એક્ઝિકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૭-૬-૧૯૭૫ના રોજ મળેલ એક્ઝિકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

"બાબત નં. ૮ હેઠળના ઠરાવમાં ડૉ. એચ. ડી. કુમારના નામ આગળનું સ્થળ ઉદેપુર દર્શાવવામાં આવ્યું છે તેને બદલે બનારસ મૂકવું."

૨. ભાષા-સાહિત્ય ભવનમાં લિંગ્વિસ્ટિક્સના પ્રોફેસર તરીકે કામ કરતા શ્રી. એચ. સી. ભાયાણી રાજીનામું આપી તા. ૧૫-૬-૧૯૭૫થી છૂટા થયા હોઈ નિયમો અનુસાર (અ) તેઓને પ્રોવિડંટ ફંડની, તથા (બ) ગ્રેચ્યુઇટીની રકમ આપવા અંગેની તેમની તા. ૧૬-૬-૧૯૭૫ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—ડૉ. ભાયાણી તા. ૧૫-૬-૧૯૬૫ના રોજ ભવનમાં જોડાયા હતા અને તેઓ તા. ૧૫-૬-૧૯૭૫ના રોજ રાજીનામું આપી છૂટા થયા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એચ. સી. ભાયાણીને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમને ખાતે નીકળતી (અ) પ્રોવિડન્ટ ફન્ડની રકમ, તથા (બ) ગ્રેચ્યુઇટીની રકમ ચૂકવી આપવી.

૩. યુનિવર્સિટીના કોમ્પ્યુટર સેન્ટરમાં જુ. પ્રોગ્રામર તરીકે કામ કરતા શ્રી. કે. નામ્બી તા. ૭-૭-૧૯૭૫ના રોજ રાજીનામું આપી છૂટા થયા હોઈ તેઓના ખાતે નીકળતી પ્રો. ફંડની રકમ આપવા અંગેની તેઓની તા. ૭-૭-૧૯૭૫ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. નામ્બી તા. ૨૯-૬-૧૯૭૨ના રોજ સેન્ટરમાં જોડાયા હતા અને તા. ૭-૭-૧૯૭૫ના રોજ રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કે. નામ્બીના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ તેમને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પાછી આપવી.

૪. યુનિવર્સિટી મુદ્રણાલયના જુ. કમ્પોઝીટર શ્રી. એસ. વી. ભાવસાર તા. ૬-૫-૧૯૭૫ના રોજ રાજીનામું આપી છૂટા થયા હોઈ તેઓને નિયમાનુસાર ગ્રેચ્યુઇટી આપવા અંગેની તેઓની તા. ૨૫-૬-૧૯૭૫ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. ભાવસાર તા. ૯-૬-૧૯૫૮ના રોજ યુનિ. મુદ્રણાલયમાં જોડાયા હતા અને તા. ૬-૫-૧૯૭૫ના રોજ રાજીનામું આપી છૂટા થયા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. વી. ભાવસારના ખાતે નીકળતી ગ્રેચ્યુઇટીની રકમ તેમને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ચૂકવી આપવી.

૫. યુનિવર્સિટીના મદદનીશ કુલસચિવ શ્રી. ડી. એચ. પટેલને નિવૃત્તિ-વયમર્યાદામાં આપેલ ૬ માસના વધારાની મુદત તા. ૪-૯-૧૯૭૫ના રોજ પૂરી થતી હોઈ તેઓને

નિવૃત્તિ-વયમર્યાદામાં યોગ્ય વધારો કરી આપવા અંગેની તેઓની તા. ૩૦-૬-૧૯૭૫ ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.--શ્રી. પટેલે તા. ૪-૩-૧૯૭૫ના રોજ ૬૧ વર્ષ પૂરાં કર્યાં છે અને તેઓને તા. ૫-૩-૧૯૭૫થી તા. ૪-૯-૧૯૭૫ સુધીનો ૬ માસનો વધારો આપવામાં આવ્યો હતો.)

આથી ઠરાવવામાં આવે છે કે મદદનીશ કુલસચિવ શ્રી. ડી. એચ. પટેલને પોતાની તબીબી તપાસ ડૉ. પી. પી. મહેતા પાસે કરાવવા માટે જણાવવું અને ડૉ. મહેતાનો અહેવાલ આવ્યેથી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬. યુનિવર્સિટી મુદ્રણાલયમાં પ્રૂફરીડર તરીકે કામ કરતા શ્રી. કે. ડી. દેસાઈને તા. ૨૭-૮-૧૯૭૫ના રોજ ૬૧ વર્ષ પૂરા થતા હોઈ તેમની નિવૃત્તિ-વયમર્યાદામાં વધારો કરી આપવા અંગેની તેઓની તા. ૧૬-૬-૧૯૭૫ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.--સિન્ડિકેટે તેની તા. ૪-૯-૧૯૬૫ની સભામાં નિવૃત્તિ-વયમર્યાદા અંગે નીચે મુજબ ઠરાવ્યું છે :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વહીવટી અને શિક્ષકવર્ગના કર્મચારીઓની નિવૃત્તિ-વયમર્યાદા ૬૦ વર્ષની રાખવી. પણ આ વયમર્યાદા સિન્ડિકેટને યોગ્ય લાગે તે કેસોમાં જરૂરી તબીબી તપાસ કરાવીને પ્રત્યેક વર્ષે એક વર્ષ સુધી એમ ૬૫ વર્ષ સુધી લંબાવી શકાશે. કોઈ પણ કર્મચારીને ૬૫ વર્ષ પૂરાં કર્યા પછી તેને કોઈ પણ સંજોગોમાં યુનિવર્સિટીની સેવામાં રાખી શકાશે નહીં.)

આથી ઠરાવવામાં આવે છે કે પ્રૂફરીડર શ્રી. કે. ડી. દેસાઈને પોતાની તબીબી તપાસ ડૉ. જે. એન. પટેલ પાસે કરાવવા માટે જણાવવું અને ડૉ. પટેલનો અહેવાલ આવ્યેથી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી

૭. યુનિવર્સિટીના ડિરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન શ્રી. વી. પી. મહેતાને તા. ૧૮-૮-૧૯૭૫ના રોજ ૬૦ વર્ષ પૂરાં થતાં હોઈ તેમની નિવૃત્તિ-વયમર્યાદામાં વધારો કરી આપવા અંગેની તેમની તા. ૧૭-૬-૧૯૭૫ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.--સિન્ડિકેટે તેની તા. ૪-૯-૧૯૬૫ની સભામાં નિવૃત્તિ-વયમર્યાદા અંગે નીચે મુજબ ઠરાવ્યું છે :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વહીવટી અને શિક્ષકવર્ગના કર્મચારીઓની નિવૃત્તિ-વયમર્યાદા ૬૦ વર્ષની રાખવી, પણ આ વયમર્યાદા સિન્ડિકેટને યોગ્ય લાગે તે કેસોમાં જરૂરી તબીબી તપાસ કરાવીને પ્રત્યેક વર્ષે એક વર્ષ સુધી એમ ૬૫ વર્ષ સુધી લંબાવી શકાશે. કોઈ પણ કર્મચારીને ૬૫ વર્ષ પૂરાં કર્યા પછી તેને કોઈ પણ સંજોગોમાં યુનિવર્સિટીની સેવામાં રાખી શકાશે નહીં.)

આથી ઠરાવવામાં આવે છે કે ડિરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન શ્રી. વી. પી. મહેતાને પોતાની તબીબી તપાસ ડૉ. છોટુભાઈ નાયક પાસે કરાવવા માટે જણાવવું અને ડૉ. નાયકનો અહેવાલ આવ્યેથી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮. વિજ્ઞાન વિદ્યાભવનના સ્પેસ સાયન્સ સેન્ટરમાં ટેકનિકલ આસિસ્ટન્ટ (ઇલેકટ્રોનિકસ) ની જગ્યા પર કામ કરતા શ્રી. આર. જે. અરોરા તા. ૩૧–૫–૧૯૭૫ થી રાજીનામું આપી છૂટા થયા હોઈ તેઓના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ પરત કરવા અંગેની તા. ૫–૬–૧૯૭૫ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. આર. જે. અરોરા તા. ૧૭-૧૨–૧૯૭૩ના રોજ સેન્ટરમાં જોડાયા હતા અને તા. ૩૧–૫–૧૯૭૫ના રોજ રાજીનામું આપી છૂટા થયા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. જે. અરોરાને તેમને ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફન્ડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પાછી આપવી.

૯. યુનિવર્સિટી કાર્યાલયમાં અને હોસ્ટેલમાં કામ કરતા નીચેના કર્મચારીઓને તેઓનાં નામ સામે જણાવેલ તારીખે એક વર્ષનો અજમાયશી સમય પૂરો થતો હોઈ તેઓનાં નામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

નં.	કર્મચારીનું નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. એન. એ. પટેલ	જુ. કલાર્ક (સ્ટોરકીપર)	તા. ૪–૮–૧૯૭૫	તા. ૫–૮–૧૯૭૫
૨.	શ્રી. એસ. એ. ત્રિવેદી	મદદનીશ વૉર્ડન	તા. ૬–૯–૧૯૭૫	તા. ૭–૯–૧૯૭૫
૩.	શ્રી. ડી. બી. ગોવિંદાણી	ડુપ્લિકેટિંગ મશીનમૅન	તા. ૧૬–૯–૧૯૭૫	તા. ૧૭–૯–૧૯૭૫
૪.	શ્રી. એમ. એસ. પરમાર	વૉર્ડન	તા. ૩૦–૯–૧૯૭૫	તા. ૧–૧૦–૧૯૭૫

સદરહુ સભ્યોની કામગીરી અંગેના બાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સર્વશ્રી એન. એ. પટેલ, ડી. બી. ગોવિંદાણી અને એમ. એસ. પરમારને તેમનાં નામો સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે મદદનીશ વૉર્ડન શ્રી. એસ. એ. ત્રિવેદીનો અજમાયશી સમય વધુ એક વર્ષ માટે લંબાવવો અને તેમને જણાવવું કે આ લંબાવેલા અજમાયશી સમય દરમિયાન તેઓ યુનિવર્સિટી સત્તાવાળાઓને સંતોષ આપી શકશે નહીં તો તેમને હાલની જગ્યા પરથી ફારેગ કરવામાં આવશે.

૧૦. ડિસેમ્બર ૧૯૭૫ના છેલ્લા સપ્તાહ દરમિયાન ઇન્ડિયન ફાર્માકોલોજિકલ સોસાયટીનું આઠમું વાર્ષિક અધિવેશન મદ્રાસ મુકામે યોજાનાર છે, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—રજિસ્ટ્રેશન ફી રૂ. ૫૦/– છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી વાર્ષિક અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૧૧. ડિસેમ્બર ૧ થી ૫. ૧૯૭૫ના સમય દરમિયાન બેંગલોર મુકામે ડોકયુમેન્ટેશન રિસર્ચ ઍન્ડ ટ્રેનિંગ સેન્ટર તરફથી "Thesaurus in information system" પર એક પરિસંવાદ યોજનાર છે. તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે યુનિવર્સિટીના ગ્રંથપાલશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૧૨. યુથ હોસ્ટેલ્સ ઍસોસિયેશન ઑફ ઇન્ડિયાની ૨૩મી નેશનલ કૉન્ફરન્સ તા. ૫/૬/૭-૧૦-૧૯૭૫ના રોજ અમદાવાદ મુકામે યોજવાનું નક્કી થયેલ હોઈ તે અંગે યૂથ હૉસ્ટેલ્સ વિકાસસમિતિના ચેરમેને તેમના તા. ૩-૭-૧૯૭૫ના પત્રથી આર્થિક સહાય આપવા વિનંતી કરી છે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિના અધ્યક્ષશ્રીને સખેદ જણાવવું કે યુનિવર્સિટી તરફથી તેમણે માંગેલી આર્થિક સહાય આપવાનું શકય નથી.

૧૩. યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ ઍન્ડ કે. ઍસ. શાહ કૉમર્સ કૉલેજ, દેવગઢ-બારિયાએ જૂન ૧૯૭૫થી બી.કોમ.માં આંકડાશાસ્ત્ર તથા બેંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ મેળવવા માટેની અરજી પાછી ખેંચી લીધાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૪. ગુજરાત સ્ટેટ આર્ચિવીઝના અધ્યક્ષના તા. ૨૩-૫-૧૯૭૫ના પત્રથી જાદવપુર (કલકત્તા) મુકામે તા. ૧૬થી ૧૮ નવેમ્બર, ૧૯૬૭માં યોજાયેલ ઇન્ડિયન હિસ્ટોરિકલ રેકૉર્ડ્ઝ કમિશનના ૩૮મા અધિવેશનમાં નીચેના ઠરાવ અંગે વિચારણા કરવા બાબત :

Resolution of the 38th Session, Jadavpur (Calcutta)
16–18 November, 1967.

Resolution XIV :

"The Commission notes with regret that in most of the Universities records are ill-maintained and papers of historical value are irretrievably lost. As such it resolves that Universities be requested to entrust the care of their records to officers who have had training in archives-keeping consult historians of standing in selecting records for permanent retention and also maintain them on scientific lines as a separate entity."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઠરાવ દફ્તરે કરવો.

૧૫. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૮-બી અનુસાર જૂન ૧૯૭૭થી સ્વાયત્તતા મેળવવા માટે યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રી તરફથી આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૭—૬—૧૯૭૫ની સભાના ઠરાવ ક્રમાંક ૧૧૨થી સદરહુ ભવનને સ્વાયત્તતા મેળવવા અંગે અરજી કરવા પરવાનગી આપી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસ-સમિતિ નીમવી :

૧. ડૉ. જે. એસ. પટેલ
૨. ડૉ. સુરેશ શેઠના
૩. ડૉ. ડી. લાલ.

૧૬. બોર્ડ ઑફ સ્પોર્ટ્સની રચના અંગે સુધારેલ ઍા. ૭ની કલમ નં. ૬ અને ૭ પ્રમાણે બોર્ડ ઑફ સ્પોર્ટ્સ પર યુનિવર્સિટીના ત્રણેય વિભાગો (અમદાવાદ, ઉત્તર અને દક્ષિણ) પ્રત્યેકમાંથી એક-એક વ્યાયામ શિક્ષક અને વિદ્યાર્થી પ્રતિનિધિની એક વર્ષ માટે નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

(૧) સદરહુ બોર્ડ પર ઑર્ડિ. ૭(૬) હેઠળ નીચેના વ્યાયામ શિક્ષકોની નિમણૂક કરવી :

૧. શ્રી. ડી. બી. સોલંકી, અમદાવાદ વિભાગ
૨. શ્રી. એન. પી. આદેસરા, ઉત્તર વિભાગ
૩. શ્રી. એમ. બી. ગોહિલ, દક્ષિણ વિભાગ.

(૨) સદરહુ બોર્ડ પર ઑર્ડિ. ૭ (૭) હેઠળ વિદ્યાર્થી પ્રતિનિધિઓની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) સદરહુ બોર્ડ પર ઑર્ડિ. ૭(૬) હેઠળ નીચેના વ્યાયામ શિક્ષકોની નિમણૂક કરવા

૧. શ્રી. ડી. બી. સોલંકી, અમદાવાદ વિભાગ
૨. શ્રી. એન. પી. આદેસરા, ઉત્તર વિભાગ
૩. શ્રી. એમ. બી. ગોહિલ, દક્ષિણ વિભાગ.

(૨) સદરહુ બોર્ડ પર ઑર્ડિ. ૭(૭) હેઠળ વિદ્યાર્થી પ્રતિનિધિઓની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૭. રાજ્ય સરકારના જી.આર. નં. એન.એન.એમ. ૧૦૭૫-૯૧૫ઝેડ તા. ૨૫-૫-૧૯૭૫ના ઠરાવ અન્વયે રાજ્ય સરકારના કર્મચારીઓને સીલિંગ ફેન, ટેબલ ફેન તથા સાઇકલ ખરીદવા અંગેની રકમ એડવાન્સ આપવામાં આવે છે તે મુજબ યુનિવર્સિટી કર્મચારીઓને આપવા અંગેની કર્મચારીઓની તા. ૧૧-૬-૧૯૭૫ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—હાલ યુનિવર્સિટી કર્મચારીઓને સાઇકલ-ખરીદી માટે રૂ. ૪૫૦-૦૦ની રકમ એડવાન્સ આપવામાં આવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કર્મચારીઓને સાઇકલ ખરીદી માટે લોન આપવાની નીતિ હાલનાં ધારાધોરણ મુજબ ચાલુ રાખવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કર્મચારીઓને સીલિંગ ફેન અને ટેબલ ફેન માટે લોન આપવાની વિનંતી, સરકારી ઠરાવ નં. Exp / ૧૦૭૫ / ૩૦૮૯ / ક, તા. ૧૬-૭-૧૯૭૫ના સંદર્ભમાં મંજૂર કરવી નહીં.

૧૮. એક્ઝિકયુટિવ કાઉન્સિલે આરોગ્યકેન્દ્રની સી.એમ.ઓ., લેડી ડૉકટર તથા રેડિયોલોજિસ્ટની ખાલી પડેલી જગ્યાઓ અંગેની જરૂરિયાત વગેરે તપાસીને રિપોર્ટ કરવા અંગેની સમિતિના એક સભ્ય ડૉ. હરિભક્તિએ આ સમિતિ પર કામ કરવાની અશક્તિ દર્શાવી હોઈ તેમની જગ્યાએ બીજા સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર ડૉ. જે. બી. હરિભક્તિની જગ્યાએ ડૉ. પી. પી. મહેતાની નિમણૂક કરવી.

બાબત નં. ૧૯ અને ૧૧૧ની વિચારણા સાથે કરવામાં આવી.

૧૯. ૧૯૭૫—૭૬ના વર્ષ માટે ભારત સરકાર તરફથી ગુજરાત રાજ્યને ફાળે આવેલ સંખ્યામાંથી આપણી યુનિવર્સિટીને કુલ ૪,૮૦૦ વિદ્યાર્થીઓની સંખ્યા ફાળવી છે તેથી તેના અર્ચ પેટે આર્થિક સહાય નીચેની વિગતે રૂ. ૪,૭૫,૨૦૦-૦૦ મળશે તેની નોંધ લઈને તે મુજબ જરૂરી કાર્યવાહી અને અર્ચની જોગવાઈ મંજૂર કરવા બાબત.

	વિદ્યાર્થી	રૂ.	રૂ.
(અ) પ્રોજેકટ માટે	૪૮૦૦ ×	૫૭ =	૨,૭૩,૬૦૦
(બ) કેમ્પ માટે	૨૦૧૧ ×	૧૦૦ =	૨,૦૧,૫૦૦

અને

૫૧. ભારત સરકારના કેળવણીખાતા તરફથી ૧૯૭૫-૭૬ના વર્ષ માટે મળેલ રૂ. ૪,૫૪,૯૫૦ એન.એસ.એસ.ની ગ્રાન્ટમાંથી નીચે મુજબના અંદાજી ખર્ચ મંજૂર કરવા બાબત :

	રૂ.	પૈસા
(૧) વહીવટી પ્રોજેકટ અને તેની સાધનસામગ્રીનું ખર્ચ	૨,૭૩,૬૦૦	-૦૦
(૨) શિબિરો અને શિબિરોની સાધનસામગ્રી માટેનું ખર્ચ	૧,૮૧,૩૫૦	-૦૦
કુલ ...	૪,૫૪,૯૫૦	-૦૦

તે પછી ઠરાવવામાં આવ્યું કે ૧૯૭૫-૭૬ના વર્ષ માટે એન.એસ. એસ.ની પ્રવૃત્તિઓ માટે ભારત સરકાર તરફથી ઉપર મુજબ મંજૂર કરવામાં આવેલી આર્થિક સહાયની સાભાર નોંધ લેવી તથા ઉપર મુજબની હકીકતે અંદાજી ખર્ચ મંજૂર કરવો.

૨૦. પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ હાલ જે મકાનમાં બેસે છે તેને બદલે ચાલુ સત્રથી નજીકમાં આવેલા બીજા મકાનમાં બેસાડવા દેવા અંગે સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર એક્ઝિકયુટિવ કાઉન્સિલે નીમેલ સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સ્થાનિક તપાસસમિતિએ કૉલેજ જ્યાં બેસવાની છે તે મકાન અંગે સંતોષ વ્યકત કરેલો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિનો અહેવાલ સ્વીકારવો તથા તે મુજબ પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદને બીજા મકાનમાં પોતાનું કાર્ય કરવા માટે મંજૂરી આપવી.

૨૧. ૧૯૭૫-૭૬ના શૈક્ષણિક વર્ષથી કલોલ મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કલોલની વિનયન વિદ્યાશાખાનો સમય હાલ ૧૦-૪૫થી ૪-૦૦નો છે તે બદલીને સવારના ૭-૧૫થી ૧૧-૪૫નો કરવાની મંજૂરી આપવા અંગેની સદરહુ કૉલેજના આચાર્યની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને તેની વિનયન વિદ્યાશાખાનું શિક્ષણકાર્ય સવારે કરવા માટે મંજૂરી આપવી.

૨૨. ગુજરાત યુનિવર્સિટીની એમ.એ.ની અનુસ્નાતક પદવી પરીક્ષામાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થઈ મુખ્ય વિષય હિન્દીમાં સૌથી વધુ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીને પ્રતિવર્ષ "શ્રીરામેશ્વરદાસ બિરલા સ્મૃતિ ચંદ્રક" એનાયત કરી શકાય તે માટે રૂ. ૭,૫૦૦નું પ્રદાન સ્વીકારવા માટે ધી ન્યૂ સ્વદેશી મિલ્સ ઑફ અમદાવાદ લિ., અમદાવાદના મૅનેજિંગ ડિરેક્ટર શ્રી. એસ. કે. અગ્રવાલ તરફથી આવેલ દરખાસ્ત અંગે તથા તે અંગેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો તથા તે અંગેના નિયમો મંજૂર કરવા.

(સદરહુ પ્રદાનના નિયમોની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૨૩. બાંધકામસમિતિની તા. ૧૩-૬-૧૯૭૫ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૩-૬-૧૯૭૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૩-૬-૧૯૭૫ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૨૪. ફાઇનાન્સ સમિતિની તા. ૯-૫-૧૯૭૫ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૯-૫-૧૯૭૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૯-૫-૧૯૭૫ની સભાની ભલામણોની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૨૫. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો પર તેમ જ પ્રાધ્યાપકો, પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા સને ૧૯૭૫ની પરીક્ષાશુદ્ધિ

સમિતિની તા. ૩૦-૫-૭૫, ૫-૬-૭૫, ૧૩/૧૭-૬-૭૫, ૨૪/૨૫-૬-૭૫ અને તા. ૧/૩/૬-૭-૭૫ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૩૦-૫-૧૯૭૫, ૫-૬-૧૯૭૫, ૧૩/૧૭-૬-૧૯૭૫, ૨૪/૨૫-૬-૧૯૭૫ તથા ૧/૩/૬-૭-૧૯૭૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની ભલામણોની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૨૬. નીચેની સમિતિઓ પર પ્રો. એમ. ડી. પંચોલીની જગ્યાએ અન્ય સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

(૧) કોર્ટની પ્રશ્નોત્તરીના સંદર્ભમાં સ્ટે. ૩૧ ઉપર સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા અંગેની સમિતિ.

(૨) શિક્ષણની નવી તરાહને કારણે કૉલેજો પર પડનારી અસર અંગેની સમિતિ.

(૩) યુનિવર્સિટીનાં ધારાધોરણોની અવગણના કરનાર કૉલેજો માટેની સમિતિ.

(૪) સંલગ્ન કૉલેજોના શિક્ષણ તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની સેવાઓના તેમ જ અન્ય આનુષંગિક પ્રશ્નો અંગેની સમિતિ.

(૫) સ્ટાફ અંગેની વહીવટી પ્રશ્નો અંગેની સમિતિ.

(૬) ત્રિવાર્ષિક તપાસસમિતિના અહેવાલ અંગેની સ્થાયી સમિતિ.

(૭) પરીક્ષા શુદ્ધિસમિતિ.

(૮) પરીક્ષાનાં પ્રશ્નપત્રો અંગે કુલપતિશ્રીએ નીમેલી સમિતિ.

(૯) પરીક્ષાના મહેનતાણાના દરો નક્કી કરવા અંગેની સમિતિ.

(૧૦) જોડાણ અંગેની સૂચનાઓનું નિયત પત્રક તૈયાર કરવા અંગેની સમિતિ.

(૧૧) યુનિવર્સિટી ધારાની કલમ ૩૩-એ(૧)(બી)(૧) અને (૨) અનુસાર સંલગ્ન કૉલેજોના આચાર્યો/શિક્ષકોની નિમણૂક કરતી વખતની વરણીસમિતિમાં કુલપતિશ્રીના પ્રતિનિધિની નિમણૂક કરવા અંગેની બાબતમાં નિયમો નક્કી કરવા અંગેની સમિતિ.

(૧૨) સંલગ્ન કૉલેજમાં પશ્ચાદ્‌વર્તી નિમણૂકો માન્ય કરવા અંગેની સમિતિ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિઓ પૈકી સમિતિ નં. ૧થી ૧ અને ૧૦થી ૧૨ ઉપર આચાર્ય એમ. ડી. પંચોલીને સભ્ય તરીકે ચાલુ રાખવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સમિતિઓ નં. ૬થી ૯ પર આચાર્ય એમ. ડી. પંચોલીને બદલે અનુક્રમે નીચેના સભ્યોની નિમણૂક કરવી :

(૬) આચાર્ય એમ. એસ. પંડિત

(૭) ડૉ. જે. એન. પટેલ

(૮) ડૉ. એમ. એન. દેસાઈ

(૯) ડૉ. અંબાશંકર નાગર.

૨૭. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧૮-૭-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી યુનિવર્સિટીનાં સત્તામંડળોને ભલામણ કરવામાં આવે છે કે હવેથી પ્રી-યુનિવર્સિટી વાણિજ્ય, એફ.વાય.બી.કૉમ. તથા એસ.વાય.બી.કૉમ.ની એક વધારાની પરીક્ષા ઑક્ટોબર માસમાં લેવા."

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે નવનિર્માણ યુવક કેન્દ્રના પ્રમુખ શ્રી. રાજકુમાર ગુપ્તાનો તા. ૧૫-૭-૧૯૭૫નો પત્ર પણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ પરીક્ષાઓ ઑક્ટોબર માસમાં લેવા માટેની વિનંતી મંજૂર કરી શકાય તેમ નથી.

૨૮. તા. ૪-૭-૧૯૭૩ની સભામાં એકઝકયુટિવ કાઉન્સિલે બાબત ક્રમાંક ૧૨થી કરેલા નીચેના ઠરાવ પર પુનર્વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખામાં પ્રી-યુનિ., ફર્સ્ટ ઇયર અને સેકન્ડ ઇયર પરીક્ષામાં ફક્ત એ.ટી.કે.ટી.માં જ આવનાર વિદ્યાર્થીઓ માટે ઑક્ટોબર માસમાં એક વધારાની પરીક્ષા લેવાનું રાખવું અને આ ઠરાવનો અમલ આગામી ઑક્ટોબર માસમાં સદરહુ પરીક્ષા લઈને શરૂ કરવાનું રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખામાં પ્રી.યુનિ., ફર્સ્ટ ઈયર અને સેકન્ડ ઈયરની પરીક્ષાઓમાં A.T.K.T. મેળવનાર વિદ્યાર્થીઓ માટે ઑક્ટોબર/નવેંબરમાં એક વધારાની પરીક્ષા બાસ કેસ તરીકે લેવી.

૨૯. થર્ડ બી.કૉમ.(જૂના અભ્યાસક્રમ મુજબની) પરીક્ષા ઑક્ટોબર, ૧૯૭૫માં લેવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) વાણિજ્ય વિદ્યાશાખાના ડીનશ્રીએ વધુ એક પરીક્ષા ઑક્ટોબર, ૧૯૭૫માં લેવા ભલામણ કરી છે.

(૨) આ પરીક્ષામાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા આશરે ૭૫૬ની છે.

(૩) આ પરીક્ષાની બે ટ્રાયલ થઈ ગઇ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે થર્ડ બી.કૉમ.ની જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષા વધુ એક વખત આગામી ઑક્ટોબર માસમાં લેવાનું રાખવું અને તે પછી જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષાઓ લેવાનું રાખવું નહીં.

૩૦. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાંથી સમાજશાસ્ત્ર વિષયમાં વર્ષ ૧૯૭૪-૭૫ દરમિયાન પાર્ટ ૨ માટે નોંધાયેલા વિદ્યાર્થી શ્રી. ત્રિવેદી દિનેશ જયંતીલાલની બીજા સત્રમાં ખૂટતી હાજરી માફ કરવા વિચારણા કરવા બાબત.

(નોંધ.—૧. શ્રી. ત્રિવેદીની બીજા સત્રમાં હાજરી નીચે પ્રમાણે છે :

કુલ વ્યાખ્યાનો	જરૂરી હાજરી	રાખેલ હાજરી
૧૩૯	૯૪	૪૧

૨. હાજરી ૫૦ ટકા કરતાં પણ વધુ ખૂટે છે પણ હાજરી રોલ નંબર બદલવાના કારણે ખૂટતી હોવાનો સંભવ હોવાનું અધ્યક્ષશ્રીએ જણાવ્યું છે.

૩. પહેલું સત્ર માન્ય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ત્રિવેદી દિનેશ જયંતીલાલની બીજા સત્રમાં ખૂટતી હાજરી ઉપર જણાવેલા વિશિષ્ટ સંજોગોમાં અપવાદ તરીકે માફ કરવી.

૩૧. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં સમાજશાસ્ત્ર વિષયમાં વર્ષ ૧૯૭૪-૭૫ દરમિયાન નોંધાયેલા વિદ્યાર્થી શ્રી. કુંજડિયા એન. ડી.ની બીજા સત્રમાં ખૂટતી હાજરી માફ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સામાન્ય રીતે બેઉ સત્રોમાં હાજરી ખૂટતી હોય તો તે રજૂ કરવામાં આવતી નથી. શ્રી. કુંજડિયાની પ્રથમ સત્રમાં ખૂટતી હાજરી માફ કરવામાં આવી હતી. બીજા સત્રમાં તેઓ જ આંતર-યુનિવર્સિટી એ.એ. ટુર્નામેન્ટમાં આ યુનિવર્સિટીની ટીમના સુકાનીપદે હોવાથી યુનિવર્સિટીની ટીમને તાલીમ આપવી વગેરે રોકાણોના કારણે સત્રમાં હાજરી ખૂટી છે એમ તેમણે રજૂઆત કરેલી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કુંજડિયા એન. ડી.ની બીજા સત્રમાં ખૂટતી હાજરી ઉપર જણાવેલા વિશિષ્ટ સંજોગોમાં અપવાદ તરીકે માફ કરવી.

સદરહુ બાબતના સંદર્ભમાં સમાજવિદ્યા ભવનના રાજ્યનીતિશાસ્ત્રના વિદ્યાર્થી શ્રી. લાલજીભાઈ લોહની ખૂટતી હાજરી અંગેનો કેસ પણ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. લાલજીભાઈ લોહની બીજા સત્રમાં ખૂટતી હાજરી અપવાદ તરીકે માફ કરવી.

૩૨. જૂન ૧૯૭૬થી નવી કૉલેજો શરૂ કરવા માટેની આવેલ જોડાણઅરજીઓ અંગે યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૨) ના સંદર્ભમાં વિચારણા કરી જરૂરિયાત (need) નક્કી કરવા અંગે એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૧૨-૪-૧૯૭૫ની (બાબત ક્રં. ૪૩) સભા સમક્ષ મૂકવામાં આવેલ નવી કૉલેજોની યાદી ઉપરાંત નીચેની બે જોડાણ માટેની અરજીઓ એક્ઝિકયુટિવ કાઉન્સિલે આ અંગે નિયુક્ત કરેલ સમિતિ સમક્ષ વિચારણા માટે મૂકવાની નોંધ લેવા બાબત :

૧. શ્રી લુણાવાડા વિભાગ ઉચ્ચ વિદ્યોત્તેજક મંડળ, લુણાવાડા.	વાણિજ્યની નવી કૉલેજ માટે
૨. એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ જી. એમ. એન. આર્ટ્સ કૉલેજ, દહેગામ.	વિનયન અને વાણિજ્યની કૉલેજના વિભાગીકરણ માટે

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૩૩. રાષ્ટ્રીય સેવા યોજનાની સલાહકાર સમિતિની મુદત એકેડેમિક કાઉન્સિલની તા. ૨૯-૬-૧૯૭૪ની સભાના ઠરાવ નં. ૩૫ અનુસાર ૧૯૭૪-૭૫ના શૈક્ષણિક વર્ષ પૂરી થતી હોઈ તેની પુનરૂચ્ચના કરવા બાબત.

(ગયા વર્ષના સભ્યોની મુદત ૧૯૭૪-૭૫ના શૈક્ષણિક વર્ષની પૂરી થાય છે સલાહકાર સમિતિની રચના અંગે ભારત સરકારના હેવાલમાં નીચેની ભલામણ છે :

"The Committee at the University level should not be too unwidy (not more than 20) and should provide representation to Principal / Head of Departments involved in N.S.S. (by rotation, if necessary). The respective school at social work / other training institution should also be associated with committee at University level, wherever possible. The Committee may also co-opt or invite Experts.")

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૫-૭૬ના વર્ષ માટે રાષ્ટ્રીય સેવા યોજનાની સલાહકાર સમિતિ નીચે મુજબ રચવી :

૧. કુલપતિશ્રી
૨. શ્રી. બળલભાઈ મહેતા
૩. ડૉ. પરેશ મજમુદાર
૪. શ્રી. ઈશ્વરભાઈ પટેલ, સફાઈવિદ્યાલય
૫. ડૉ. વી. કે. વાણી
૬. ડૉ. કે. એમ. તલાટી
૭. આચાર્ય દર્શનસિંઘ શીખ
૮. ડૉ. અવિનાશ મુનશી
૯. આચાર્ય એસ. આર. મહેતા
૧૦. ડૉ. જે. એન. પટેલ
૧૧. કુ. હેમલતા હેગીષ્ટે
૧૨. પ્રો. એન. જી. પરીખ
૧૩. પ્રો. નટુભાઈ ઠક્કર
૧૪. પ્રો. સી. ડી. દેસાઈ

૩૪. વિજ્ઞાન વિદ્યાભવનમાંની (૧) ટેકનિકલ-સાયન્ટિફિક આસિસ્ટન્ટ, અને (૨) ઇલેકટ્રોનિકસ એન્જિનિયરની ખાલી રહેલી જગ્યાઓ કાયમી ધોરણે ન પુરાય તે સમય દરમિયાન વચગાળાના સમય માટે સદરહુ જગ્યાઓ હંગામી ફૈનિક ધોરણે પૂરવા અંગેના અધ્યક્ષશ્રીના તા. ૯-૬-૧૯૭૫ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ટેકનિકલ-સાયન્ટિફિક આસિસ્ટન્ટને દૈનિક રૂ. ૧૮ અને ઇલેકટ્રોનિકસ એન્જિનિયરને દૈનિક રૂ. ૩૦ આપવાનું અધ્યક્ષનું સૂચન છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો નહીં.

૩૫. સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદમાંથી ઓર્ડિ. ૧૨૦-ડી ની કાર્યવાહી કર્યા સિવાય છૂટા કરવામાં આવેલા શ્રી. એન. એમ. જોષીના સ્થાને સંસ્કૃતના વ્યાખ્યાતા અને સંસ્કૃતના ટ્યૂટર તરીકે અનુક્રમે શ્રી. દેસાઈ ભરતના સુરેશચન્દ્ર તથા શ્રી. પટેલ જગદીશચન્દ્ર ઈશ્વરભાઈની નિમણૂક વરણીસમિતિ પર યુનિવર્સિટીના પ્રતિનિધિ વિના કરેલી હોઈ તેમની નિમણૂક માન્ય કરવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા અદાલતનો ચુકાદો આવે ત્યાં સુધી મોકૂફ રાખવી.

૩૬. તા. ૯-૩-૧૯૭૫ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભામાં ઠરાવ્યા પ્રમાણે યુનિ.નાં પ્રશ્નપત્રો રૉયલ્ટી લઈને છાપવા માટે વિક્રેતાઓને પુછાવતાં ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કં. સ્ટોર્સના ચેરમેનશ્રીએ તે કામ રૉયલ્ટી લીધા વગર તેમને સોંપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના પ્રશ્નપત્રો છાપવા માટે રૉયલ્ટીનો હાલનો દર રૂ. ૫૦ થી ઘટાડીને રૂ. ૨૫નો કરવો અને ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઑપરેટિવ સ્ટોર્સને પણ તે જ દરનું ધોરણ લાગુ પાડવું.

૩૭. શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ તલોદ સહકારી મંડળ કૉમર્સ કૉલેજ, તલોદની જૂન ૧૯૭૫ થી જોડાણ માટેની અરજી પર મૂકેલી શરતના સંદર્ભમાં વાણિજ્યના પ્રાધ્યાપક નહીં મળવાથી મુલાકાતી પ્રાધ્યાપકની નિમણૂકથી ચલાવવા અંગે પરવાનગી આપવા સદરહુ કૉલેજના આચાર્યશ્રીએ કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને વાણિજ્યના મુલાકાતી પ્રાધ્યાપકથી ચલાવવા માટે ચાલુ વર્ષ પૂરતી પરવાનગી આપવી અને જણાવવું કે જૂન ૧૯૭૬ થી યોગ્ય લાયકાત ધરાવતા પૂરા સમયના વાણિજ્યના પ્રાધ્યાપકની નિમણૂક કરવી આવશ્યક રહેશે અને જો તેમ કરવામાં આવશે નહીં તો જૂન ૧૯૭૬થી નવા વિદ્યાર્થીઓને તે વિષયમાં દાખલ કરવાની પરવાનગી આપી શકાશે નહીં.

૩૮. વડનગર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વડનગરની જૂન ૧૯૭૫થી જોડાણ માટેની શરતના સંદર્ભમાં વાણિજ્યના પ્રાધ્યાપક ન મળવાને કારણે મુલાકાતી પ્રાધ્યાપકની વ્યવસ્થાથી ચલાવવા દેવા અંગે પરવાનગી આપવા સદરહુ કૉલેજના આચાર્યશ્રીએ કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને વાણિજ્યના મુલાકાતી પ્રાધ્યાપકથી ચલાવવા માટે ચાલુ વર્ષ પૂરતી પરવાનગી આપવી અને જણાવવું કે જૂન ૧૯૭૬ થી યોગ્ય લાયકાત ધરાવતા પૂરા સમયના વાણિજ્યના પ્રાધ્યાપકની નિમણૂક કરવી આવશ્યક રહેશે, અને જો તેમ કરવામાં આવશે નહીં તો જૂન ૧૯૭૬થી નવા વિદ્યાર્થીઓને તે વિષયમાં દાખલ કરવાની પરવાનગી આપી શકાશે નહીં.

૩૯. યુનિવર્સિટી ધારાની કલમ ૩૩-એ (૧) (બી) (૧) અને (૨) અનુસાર સંલગ્ન કૉલેજોએ શિક્ષકોની નિમણૂક કરતી વખતે પ્રત્યેક કૉલેજની જે તે વરણીસમિતિ પર યુનિવર્સિટીના પ્રતિનિધિ હોવા આવશ્યક હતા છતાં પણ નીચેની કૉલેજોનાં નામ સામે જણાવેલ વિષય માટે યુનિવર્સિટીના પ્રતિનિધિ સિવાય કેટલાક શિક્ષકોની નિમણૂક કરવામાં આવી છે તો તે અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	શિક્ષકનું નામ	વિષય	કૉલેજે કરેલો ખુલાસો
૧	વિવેકાનંદ કૉમર્સ એન્ડ લૉ કૉલેજ, અમદાવાદ	શ્રી. કે. જે. વૈદ્ય	કાયદાના ખંડ સમયના વ્યાખ્યાતા	વિદ્યાર્થીઓના ધસારાને લીધે તાત્કાલિક કેટલીક નિમણૂક કરવાની જરૂરિયાત

૨	,,	શ્રી. કે. એચ. દીક્ષિત	,,	ઊભી થતાં ખંડ સમયના
૩.	,,	શ્રી. કે. જે. વોરા	,,	અધ્યાપકોની નિમણૂક કરવામાં આવી છે તે ક્ષમ્ય ગણવા જણાવ્યું છે.
૪. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ધોળકા	શ્રી. આર. આર. પટેલ	એકાઉન્ટન્સીના ખંડ સમયના પ્રાધ્યાપક	શ્રી. આર. આર. પટેલની નિમણૂક તાત્કાલિક કરવી પડે તેમ હતી તેથી તેમની નિમણૂક વખતે યુનિ.ના પ્રતિનિધિની હાજરી ન હતી.	

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિમણૂકો માન્ય ગણવી અને ૧૯૭૪–૭૫ના શૈક્ષણિક વર્ષ દરમ્યાન સદરહુ કોલેજોએ ઉપર જણાવેલી નિમણૂકો, તે અંગેની વરણીસમિતિઓ પર યુનિવર્સિટીના પ્રતિનિધિઓ બોલાવ્યા વિના કરી તે માટે તે કોલેજોને ઠપકો આપવો અને જણાવવું કે ભવિષ્યમાં આ પ્રકારે કરવામાં આવેલી નિમણૂકો માન્ય કરવામાં આવશે નહીં.

૪૦. અનુસ્નાતક શિક્ષક અને મદદનીશ અનુસ્નાતક શિક્ષકને વાહનભથ્થું (કન્વેયન્સ એલાવન્સ) આપવા અંગે એચ. એલ. કોલેજ ઓફ કોમર્સ, અમદાવાદના કેટલાક શિક્ષકો તરફથી આવેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કરકસર અંગે રાજ્ય સરકારે તેના તા. ૧૮–૭–૧૯૭૫ના પત્રાંક એમ.આઈ.એસ ૧૦૭૫/૫૬૧૨૬/સીએચ.વી કરેલાં સૂચનોને અનુલક્ષીને સદરહુ વિનંતી મંજૂર કરી શકાય તેમ નથી એમ સખેદ જણાવવું.

૪૧. યુનિ. કાર્યાલય, હેલ્થ સેન્ટર વગેરેના કાર્યાલયનિયામકથી નીચેની કક્ષાના કર્મચારીઓ તા. ૨૭–૬–૧૯૭૫ને શુક્રવારના રોજ કેન્દ્ર સરકારના પગલાના વિરોધમાં હડતાલ પાડી ગેરહાજર રહ્યા હતા તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૨૭–૬–૧૯૭૫ના રોજ હડતાળ પાળનાર યુનિવર્સિટીના કર્મચારીઓની તે દિવસની ગેરહાજરી તેમની આકસ્મિક/બદલાની કે અન્ય પ્રકારની રજા સામે એડજસ્ટ કરવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ભવિષ્યમાં યુનિવર્સિટીના કર્મચારીઓ હડતાળ પાડે તો હડતાળના દિવસોનો તેમનો પગાર કાપી લેવા માટે કાર્યાલયને સૂચના આપવી.

૪૨. એજ્યુકેશન કોલેજ, મુન્દ્રામાં શૈક્ષણિક કાર્ય કરતા શ્રી. આર. એમ. ભટ્ટને યુનિવર્સિટી ધારાની કલમ ૫૨–એ નો ભંગ કરીને છૂટા કરવામાં આવ્યા હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કોલેજે શ્રી. આર. એમ. ભટ્ટને તેમની સેવામાંથી ફારેગ કર્યા તે યુનિવર્સિટીનાં ધારાધોરણ સાથે સુસંગત નથી તથા તેમની સેવાનું સાતત્ય જળવાય તે રીતે તેમને પાછા કોલેજના શિક્ષકગણમાં લેવા જોઈએ એમ આચાર્યશ્રીને જણાવવું.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. એમ. ભટ્ટને ઉપર નં. (૧)માં જણાવ્યા મુજબ કૉલેજમાં ચાલુ રાખવામાં આવશે નહીં તો તેમની સામે પરીક્ષાનું કેન્દ્ર બંધ કરવા સહિતનાં શિક્ષાત્મક પગલાં શા માટે લેવાં નહીં તેની કારણદર્શક નોટિસ આપવી.

૪૨ (અ). એમ. ડી. શાહ કૉમર્સ એન્ડ બી. ડી. પટેલ આર્ટ્સ કૉલેજ, મહુધાને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા તા. ૧૫-૬-૧૯૭૫થી કાયમી જોડાણ આપવા તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું વધારાનું જોડાણ આપવા મૂકેલી શરતોનું યથાર્થ પરિપાલન થયેલ હોઈ જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એમ. ડી. શાહ કૉમર્સ એન્ડ બી. ડી પટેલ આર્ટ્સ કૉલેજ, મહુધાને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા તા. ૧૫-૬-૧૯૭૫થી કાયમી જોડાણ આપવું.

સદરહુ કૉલેજે આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણ અરજી પાછી ખેંચેલી હોઈ તે અંગે કશું કરવાપણું રહેતું નથી.

૪૩. સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૪થી જોડાણ મેળવવા માટેની અરજી પર મૂકેલી શરતોના પરિપાલનના સંદર્ભમાં પ્રોવિડંટ ફંડની (સંસ્થાના ફાળા સહિતની) રકમ ટ્રસ્ટને સોંપવા તથા ગ્રેચ્યુઈટી ફંડની રકમ અલગ મૂકવા માટે માર્ચ ૧૯૭૭ સુધી મુદત લંબાવી આપવા સદરહુ કૉલેજના આચાર્યશ્રીએ કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) સદરહુ કૉલેજનું જોડાણ અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

(૨) પ્રોવિડંટ ફંડની રકમ (સંસ્થાના ફાળા સહિતની) તા. ૧-૪-૧૯૭૩થી જમા કરાવવામાં આવી છે. તે અગાઉના વર્ષની રકમ જમા કરાવવામાં આવી નથી તેની કુલ રકમ રૂ. ૪૧,૯૭૬ થાય છે.

(૩) ગ્રેચ્યુઇટી ફંડ તા. ૧-૪-૧૯૭૨થી ઊભું કરવા બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે, પરંતુ તેની રકમ અલગ મૂકવામાં આવી નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદને પ્રૉવિડન્ટ ફન્ડની રકમ તે અંગેના ટ્રસ્ટને માર્ચ ૧૯૭૭ સુધીમાં સોંપવા માટેની પરવાનગી આપવા માટેની વિનંતી મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ગ્રેચ્યુઈટી ફન્ડ ઊભું કરવા માટે બજેટમાં જોગવાઈ કરી હોઈ તે પર્યાપ્ત ગણવું.

૪૪. તા. ૧૭-૭-૧૯૭૫ના રોજ મળેલી ફાઇનાન્સ સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની તા. ૧૭-૭-૧૯૭૫ની સભાની કાર્યવાહીની નોંધ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિની તા. ૧૭–૭–૧૯૭૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૭–૭–૧૯૭૫નો કાર્યવાહીનો નોંધના નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૪૫. મનોવિજ્ઞાન વિદ્યાભવનના ટાઇપિસ્ટ શ્રી. આર. એન. સોની તથા સમાજ-વિદ્યા ભવનના જુ. ક્લાર્ક શ્રી. આર. એચ. પટેલને તેઓના રૂ. ૧૫૩–૫–૧૮૩–૧૦–૨૪૩ઈ.બી. ૧૫–૪૦૮–૧૯–૪૬૫ના પગારધોરણમાં તા. ૧–૯–૧૯૭૫થી રૂ. ૨૪૩–૦૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય (એફિસિયન્સી બાર) ઓળંગવા માટે મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સભ્યોને રૂ. ૧૫૩–૫–૧૮૩–૧૦–૨૪૩ ઈ.બી. ૧૫–૪૦૮–૧૯–૪૬૫ના પગારધોરણમાં તા. ૧–૯–૧૯૭૫ થી રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા માટે મંજૂરી આપવી.

૪૬. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં રીડર ઇન સાયકોલોજી તરીકે કામ કરતા ડૉ. સી. ટી. ભોપટકરની તા. ૧૬/૧૭–૬–૧૯૭૫ના દિવસ બેની "લીવ ઓન ડ્યૂટી"ની રજા વેકેશન સાથે જોડવા અંગેની પરવાનગી આપવા અંગેના અધ્યક્ષશ્રીના તા. ૧૭–૬–૧૯૭૫ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ભવનના અધ્યક્ષશ્રીની ભલામણ અનુસાર ડૉ. સી. ટી. ભોપટકરની તા. ૧૬/૧૭–૬–૧૯૭૫ના રોજની બે દિવસની 'લીવ ઓન ડ્યૂટી' મંજૂર કરીને તેને વેકેશન સાથે જોડવા માટે પરવાનગી આપવી.

૪૭. સંલગ્ન કૉલેજોના શિક્ષકગણમાં ફેરફાર અંગે નીચે પ્રમાણેની યાદીઓની નોંધ લેવા બાબત :

(૧) સંલગ્ન કૉલેજોના માન્ય થયેલા શિક્ષકોની યાદી

(૨) સંલગ્ન કૉલેજોમાં જે શિક્ષકોની નિમણૂક અમાન્ય કરવામાં આવી છે તે અંગેની યાદી

(૩) અગાઉ માન્ય થયેલા શિક્ષકો જેઓ એક સંલગ્ન કૉલેજમાંથી બીજી સંલગ્ન કૉલેજમાં જોડાયા છે તેની યાદી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યાદીઓની નોંધ લેવી.

(સદરહુ યાદીઓની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૪૮. "Norms and Conditions for introduction of Post-graduate courses in colleges" એ વિષય પર યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી તરફથી આવેલા પત્રમાં જણાવેલા "નોર્મ્સ એન્ડ કંડિશન્સ" અંગે એક્ઝેકયુટિવ કાઉન્સિલે નીમેલી સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત, ઉપરની સમિતિની ભલામણ સાથે, બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની વિચારણા માટે મોકલવી.

૪૯. સ્થાનિક કૉલેજોમાં સ્થાપવામાં આવેલા એમ.કૉમ.ના વિષયનાં અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર-ઇન-ચાર્જની તા. ૨-૭-૧૯૭૫ના રોજ મળેલી અધિષ્ઠાતાની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણો મંજૂર કરવી.

૫૦. સમાજવિદ્યાભવનમાં થયેલી નાણાકીય ગેરરીતિના સંદર્ભમાં ભવનમાં સીનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. ડબલ્યુ. એન. ક્રિશ્ચિયનને બરતરફ કરવામાં આવ્યા છે તેના સંદર્ભમાં તેઓએ એક્ઝિક્યુટિવ કાઉન્સિલ સમક્ષ તા. ૨૨-૬-૧૯૭૫ના રોજ કરેલી અપીલને અનુલક્ષીને વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતમાં તપાસ અધિકારીનો રિપોર્ટ તથા શ્રી. ક્રિશ્ચિયનની અપીલ માટેની તા. ૨૨-૬-૧૯૭૫ની અરજી સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે—

(૧) શ્રી. ડબલ્યુ. એન. ક્રિશ્ચિયનની સદરહુ અપીલ નામંજૂર કરવી;

(૨) શ્રી. ડબલ્યુ. એન. ક્રિશ્ચિયનને તા. ૩૧-૭-૧૯૭૫ સુધીમાં યુનિવર્સિટી કૅમ્પસ પર તેમને આપવામાં આવેલ નિવાસસ્થાન ખાલી કરવા માટે જણાવવું; અને

(૩) સદરહુ બાબત અંગે શ્રી. ક્રિશ્ચિયન સામે પોલીસમાં ફરિયાદ નોંધાવવી તેમ જ તેમની પાસેથી યુનિવર્સિટીની લેણી નીકળતી રકમની વસૂલાત કરવા માટે કાનૂની રાહે ઘટતાં પગલાં લેવાં.

૫૧. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૯ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૫૨. શેઠ એમ. એન. સાયન્સ એન્ડ શ્રી એન્ડ શ્રીમતી પી. કે. કોટાવાળા આર્ટ્સ કૉલેજ, પાટણમાં શિક્ષકોને સુધારેલા પગારધોરણના સંદર્ભમાં આપવાના થતા તફાવતની રકમમાં મોંઘવારી ભથ્થાં, ઘરભાડા ભથ્થાં તથા પી.એફ.ની રકમની ચુકવણી કૉલેજે હજી સુધી કરી નથી, તો તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.** — ૧. કૉલેજે કુલ રૂ. ૭૦,૬૧૩-૫૨ પૈસા ચૂકવવાના છે.

૨. નાણાકીય સગવડ થયેથી ચુકવણી કરવામાં આવશે તેમ કૉલેજે જણાવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના શિક્ષકોના પગાર, ભથ્થાં ઇત્યાદિ પેટે બાકી નીકળતી રકમ મેળામાં મોડી તા. ૩૧-૧૨-૧૯૭૫ સુધીમાં અવશ્ય ચૂકવીને યુનિવર્સિટી કાર્યાલયને તેની જાણ કરવા માટે સદરહુ કૉલેજને જણાવવું.

૫૩. ગુજરાત યુનિવર્સિટી કોર્ટના સભ્ય શ્રી પી. આર. શાહના નીચેના પ્રસ્તાવ પર બોર્ડ ઑફ સ્પોર્ટ્સના અભિપ્રાયના સંદર્ભમાં વિચારણા કરવા બાબત :

"કૉલેજનાં ગ્રંથાલયો અને વાચનાલયો તેમ જ વ્યાયામશાળા અને ખેલકૂદ વિભાગો વેકેશનમાં વાસ્તવમાં લેવામાં આવતાં નથી. વિદ્યાર્થીઓ આગ્રહપૂર્વક આ સેવા માગતા નથી

અને કર્મચારીઓ અન્ય સવેતન-અવેતન પ્રવૃત્તિમાં રોકાયેલા હોય છે અને ઉપક્રમ (Initiative) દાખવીને આ સેવા અપાતી નથી. ખેલકૂદની સેવાઓ માટે પણ આવો જ પ્રબંધ કરવો. વિદ્યાર્થીઓની સુષુપ્ત ઇચ્છા અને શક્તિને યોજવામાં યુનિવર્સિટી માત્ર વહીવટી નહીં પણ વિદ્યાકીય દૃષ્ટિ દાખવશે એવી શ્રદ્ધા છે."

બોર્ડ ઑફ સ્પોર્ટ્સનો અભિપ્રાય

"શારીરિક શિક્ષણના શિક્ષકોનો પણ અન્ય વિષયના શિક્ષકોની જેમ 'વેકેશન સ્ટાફ'માં સમાવેશ થતો હોવાથી તેઓ પણ રજાઓના અધિકારી છે, છતાં પણ જો વિદ્યાર્થીઓની રજાઓમાં મેદાનો ઉપર રમવાની ઇચ્છા હોય તો સ્વૈચ્છિક રીતે આચાર્યશ્રી અને વ્યાયામ શિક્ષક મળીને યોગ્ય વ્યવસ્થા કરે તે ઇચ્છનીય છે એમ આ બોર્ડનો અભિપ્રાય છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે બોર્ડ ઑફ સ્પોર્ટ્સનો ઉપરનો અભિપ્રાય સ્વીકારવો.

૫૪. બોર્ડ ફૉર સ્ટુડન્ટ્સ વેલ્ફેરની તા. ૨૯-૨-૧૯૭૫ની સભાનું યુનિવર્સિટી યુવક કલ્યાણ વિભાગના વિભાગોમાંથી કોઈ આચાર્ય અધ્યક્ષપદ લેવા તૈયાર થતા ન હોવાથી હવે પછી યુવક મહોત્સવનું આયોજન કેવી રીતે કરવું તે વિચારવા નિયુક્ત કરેલ સમિતિની તા. ૧૧-૭-૧૯૭૫ના રોજ મળેલ સભાના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત:

"યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોના આચાર્યોને મોકલેલ પરિપત્રના અનુસંધાનમાં ૬૧ કૉલેજોમાંથી આવેલ જવાબો જોતાં કોઈ કૉલેજ યુવક મહોત્સવનું યજમાનપદ સ્વીકારવા તૈયાર નથી અને વિભાગીય કક્ષાએ સ્પર્ધાનું તત્ત્વ કાઢી નાંખીને નિદર્શનરૂપે કાર્યક્રમો યોજવા અંગે પ્રતિભાવ માંડ્યો તેનો પણ લગભગ ૧૫ કૉલેજોએ વિરોધ કર્યો હતો તેના સંદર્ભમાં ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે નીચે પ્રમાણે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

પ્રવર્તમાન પરિસ્થિતિમાં યુવક મહોત્સવ યોજવા સલાહભર્યું લાગતું નથી, પરંતુ યુવકોની આ પ્રકારની શક્તિઓને આકારવા માટે યુનિવર્સિટી તરફથી યુનિવર્સિટી કક્ષાએ સંગીત, નૃત્ય અને નાટ્યના ૧૦થી ૧૫ દિવસના તાલીમશિબિરો યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોના ૩૦થી ૪૦ વિદ્યાર્થીઓ માટેની જોગવાઈ સાથે, રજાઓમાં યોજવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ શિબિરોની નાણાકીય જોગવાઈ યુવક મહોત્સવ તેમ જ વિભાગીય યુવક મહોત્સવ વગેરે માટે ફાળવેલ રકમમાંથી કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે યુવક મહોત્સવ યોજવાનું બંધ કરવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના વિદ્યાર્થીઓ માટે સંગીત, નૃત્ય અને નાટ્યના તાલીમશિબિરો, તે અંગેની નાણાકીય જોગવાઈઓને આધીન, યોજવાનું રાખવું.

૫૫. બોર્ડ ઑફ સ્પોર્ટ્સની તા. ૨૫-૪-૧૯૭૫ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

"૧. આંતરયુનિવર્સિટી સ્પર્ધાઓમાં ભાગ લેવા જતા ખેલાડીઓને આપવામાં આવતું દૈનિક ભથ્થું રૂ. ૮-૦૦ (રૂપિયા આઠ પૂરા) જે હાલમાં આપવામાં આવે છે તે વધતી જતી મોંઘવારીના અનુસંધાનમાં વધારીને રૂ. ૯-૦૦ (રૂપિયા નવ પૂરા) અને મૅનેજર-કોચને રૂ. ૧૦-૦૦ (રૂપિયા દસ પૂરા) આપવામાં આવે છે તે વધારીને રૂ. ૧૨-૦૦ (રૂપિયા બાર પૂરા) આપવા આ બોર્ડ એકિઝકયુટિવ કાઉન્સિલને ભારપૂર્વક ભલામણ કરે છે.

૨. બેસવાના અને ઊતરવાના સ્થળ સહિતના ટ્રેનના કે બસના પ્રત્યેક ચેઇન્જ માટે મુસાફરી દરમ્યાન ખેલાડીઓને રૂ. ૧ને બદલે રૂ. ૧-૫૦ અને મૅનેજર-કોચને પણ તે પ્રમાણે રૂ. ૧-૫૦ પ્રત્યેક ચેઇન્જ માટે કુલી ચાર્જ અને ટ્રાન્સપોર્ટ ચાર્જ તરીકે આપવાનું મંજૂર કરવા આ બોર્ડ એકિઝયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

નોંધ.—આંતરયુનિવર્સિટી હરીફાઈઓ ખાતે મંજૂર થયેલી રકમની મર્યાદામાં રહીને જ આ અંગે થનારો વધારાનો ખર્ચ કરવાનો રહેશે. બજેટમાં નવી કોઈ રકમની જોગવાઈ કરવાની રહેશે નહિ.

૩. આથી ઠરાવવામાં આવે છે કે ઑ. ૮માં છેલ્લા વાકયમાં જે 'Co-opted Members' શબ્દો છે તેની જગ્યાએ 'The Physical Education Teachers and the students appointed by the Executive Council to the Board of Sports'...એ શબ્દો મૂકવા અને તેથી નીચે પ્રમાણે ઑર્ડિનન્સ વંચાય તેમ સુધારવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

'The Principals of the Colleges and the members appointed by the Executive Council to the Board of Sports shall ordinarily be persons possessing expert knowledge of experience in some branch of sports and shall hold office for three years but shall be eligible for re-appointment. The outgoing Chairmen of the Board of Sports shall hold office for the succeeding year only. The Physical Education Teachers and students appointed by the Executive Council to the Board of Sports shall hold office for one year only but shall be eligible for re-appointment.'"

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણો સ્વીકારવી નહીં.

૫૬. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૮-૩-૧૯૭૫ની સભામાં ઠરાવ ક્રમાંક ૨૫થી જોડાણઅરજી મોકલવા અંગેના સુધારેલા ઑ. ૧૨૦ના અમલની તારીખ નિયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલા ઑર્ડિ. ૧૨૦નો અમલ તા. ૮-૩-૧૯૭૫થી ન કરતાં તા. ૨૧-૭-૧૯૭૫થી કરવાનું રાખવું.

૫૭. ખેડા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડાની સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં દર્શાવેલ ક્ષતિઓ અંગે તપાસ કરી પોતાની ભલામણો રજૂ કરવા માટે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૨-૪-૧૯૭૫ની સભામાં નીમેલી શ્રી. પરેશ મજમુદાર તથા પ્રો. એ. ટી. દેસાઈની તપાસસમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગેની એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ મંજૂર કરવી :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૧-૭-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું ચાલુ જોડાણ આપવા એકેઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ઑ. ૧૨૦-એ અન્વયે એક વિષય માટે કેવળ એક જ ખંડ સમયના શિક્ષક રાખવામાં આવે;

૨. હિન્દીના ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૩. આચાર્ય અને અધ્યાપકો માટે અલગ શૌચાલયની વ્યવસ્થા કરવામાં આવે;

૪. ગ્રંથાલયમાં પુસ્તકો અને સામયિકો માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલી આપવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષે રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૭. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

૫૮. જાપાનની ચોટેમોન ગાકુઇન યુનિવર્સિટી અને ભારતની ગુજરાત યુનિવર્સિટી વચ્ચે ચાલતા વિદ્યાર્થી વિનિયમ કાર્યક્રમ નીચે ૧૯૭૫-૭૬ના વર્ષ દરમ્યાન લગભગ ૪થી ૬ અઠવાડિયાં જાપાન મોકલવા માટે વિદ્યાર્થીઓ પસંદ કરવા તેમ જ જાપાનથી આવનાર

વિદ્યાર્થીઓ માટે યોગ્ય કાર્યક્રમ તૈયાર કરવા જરૂરી દોરવણી માટે સમિતિની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.— આ બાબતે એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૭-૬-૧૯૭૫ની સભામાં બાબત નં. ૪થી રૂ. ૬,૫૦૦નો અંદાજી ખર્ચ મંજૂર કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે મુજબ બે સમિતિઓની રચના કરવી:

૧. વિદ્યાર્થી પસંદગી સમિતિ

(૧) ડૉ. બિહારીલાલ કનૈયાલાલ
(૨) પ્રો. એચ. એન. પાઠક
(૩) શ્રી. એન. આર. શેઠ

૨. કાર્યક્રમ સમિતિ

(૧) પ્રો. ડી. એન. પાઠક
(૨) ડૉ. વી. સી. શાહ
(૩) ડૉ. મહેન્દ્રભાઈ દેસાઈ
(૪) શ્રી. મૂકેશ પટેલ
(૫) શ્રી. આનંદ માવળંકર
(૬) શ્રી. કુલસચિવ (આવાહક).

૫૯. સ્થાયી કાનૂનવિષયક સમિતિની તા. ૫-૭-૧૯૭૫ના રોજ મળેલી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) સદરહુ સમિતિની નીચેની ભલામણ તેની પુનર્વિચારણા માટે પાછી મોકલવી:

"(૮) તા. ૧૩/૧૪/૧૫-૬-૧૯૭૪ના રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની સભામાં થયેલ નીચેનું સૂચન એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૮-૨-૧૯૭૫ની સભામાં સ્થાયી કાનૂનવિષયક સમિતિને વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત:

યુનિવર્સિટી કોર્ટનું સૂચન

'કૉલેજના ઑડિટેડ હિસાબો રજૂ કરવા માટે કૉલેજોને જણાવી શકાય તે માટે ઑાડનન્સ ઘડવો જોઈએ.'

ઑ. ૯૬ હેઠળ આ માહિતીનો સમાવેશ થતો હોઈ બીજું કાંઈ કરવાની જરૂર નથી.

(૨) ઉપર નં. (૧)માં જણાવેલ ભલામણ સિવાયની સદરહુ સમિતિની તા. **૫-૭-૧૯૭૫**ની સભાની ભલામણો મંજૂર કરવી.

(૩) સદરહુ સમિતિની ભલામણ નં. ૧૦ના સંદર્ભમાં નીચેનો ઑર્ડિ. એક્ષ-૨ મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો:

O. X-2 :

A student who was studying in an affiliated college of this University during the academic year 1973—74 in the Pre-Uni., F.Y. or S.Y. class in the Faculty of Arts, Science or Commerce, or First LL.B, or Semesters I to VIII B.E. or Semesters I to IV of

Post-Diploma Degree Course in the Faculty of Technology including Engineering or in First or Second or Third Year in the Faculty of Pharmacy and was permitted, on his passing or without passing the examination of the class concerned, to join the next higher class in June 1974.

OR

A student who having kept terms for any of the aforementioned examinations before the academic year 1973—74 has obtained during the academic year 1974—75 a certificate of promotion to the next higher class from the Principal of his college under Transitory O. T 1, shall be allowed to join the relevant higher class in 1975-76 or in any subsequent year.

Provided that a student who having kept terms before the year 1973—74 has not joined a college in the academic year 1974-75 and who has not obtained a certificate of promotion from the Principal of the college shall not be considered eligible for admission to a higher class from June 1975 and onwards, unless he has passed the examination for which he has kept the terms during a year preceding the academic year 1973—74.

The concession of promotion to a higher class without passing the examination given during the year 1973—74 to the students under Transitory Ordinance X-1 passed by the Executive Council is treated as withdrawn and shall, in no circumstances, be available for the year 1975—76 or any time thereafter.

(સદરહુ સમિતિની તા. ૧-૭-૧૯૭૫ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૬૦. રાજ્ય સરકારના નાણાખાતાના જી.આર. નં. પીસીઆર. ૩૪૭૫-૧૮-એમ, તા. ૧૦-૬-૧૯૭૫થી રાજ્ય સરકારે કર્મચારીઓને અપાતા ઘરભાડા ભથ્થાના ફ્લેટ રેઈટ્સમાં તા. ૧-૪-૧૯૭૫થી અમલી બને તે રીતે નીચે પ્રમાણે ફેરફાર કર્યા છે તેનો લાભ યુનિવર્સિટી કર્મચારીઓને આપવા અંગે વિચારણા કરવા બાબત :

ફેરફાર :

૧. રૂ. ૭૫૦ સુધીનો મૂળ પગાર મેળવતા કર્મચારીએ હવે ભાડાની પહોંચ બતાવવાની રહેશે નહીં.

૨. રૂ. ૭૫૦થી ઉપર અને રૂ. ૯૫૦થી નીચેનો મૂળ પગાર મેળવતા કર્મચારીઓ જો રૂ. ૭૫૦-૦૦ના મૂળ પગાર ઉપર મકાન ભાડા ભથ્થું લેવા તૈયાર હોય તો ભાડાની પહોંચ આપવાની રહેશે નહીં.

યુનિવર્સિટીના નિયમો પ્રમાણે રૂ. ૨૯૯–૦૦થી વધુ પગાર મેળવતા કર્મચારીને ૧૫ ટકા પ્રમાણે એચ.આર.એ. મેળવવા ભાડાની પહોંચ આપવાની હોય છે. અને ૧૨½ ટકા ભાડા ભથ્થું મેળવવા કોઈ પહોંચની જરૂર રહેતી નથી.

આથી ઠરાવવામાં આવે છે કે સરકારી ઠરાવ નં. PCR / ૩૪૭૫ / ૧૮ / એમ તા. ૧૦–૬–૧૯૭૫ અનુસાર યુનિવર્સિટીના કર્મચારીઓ (શિક્ષકવર્ગ તેમ જ બિનશિક્ષકવર્ગ) પૈકી માસિક રૂ. ૭૫૦/– સુધીનો મૂળ પગાર મેળવનાર કર્મચારીઓને તેમના મૂળ પગારના ૧૫ ટકા લેખે ઉચ્ચક (at a flat rate) ભાડાભથ્થું આપવાનું રાખ્યું.

(નોંધ.—રૂ. ૭૫૦ સુધીનો મૂળ પગાર મેળવનાર કર્મચારીઓ પાસેથી ઘરભાડાની રસીદ કે અન્ય કોઈ માહિતી માંગવાની રહેશે નહીં.)

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ ઠરાવનો અમલ તા. ૧–૪–૧૯૭૫થી કરવાનું રાખ્યું.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર નં. (૧)માં જણાવેલ ઠરાવથી માસિક રૂ. ૭૫૦થી વધુ મૂળ પગાર મેળવનાર કર્મચારીઓને માટે ઘરભાડા ભથ્થા અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે તા. ૧૧–૮–૧૯૭૩થી કરેલા ઠરાવનો અમલ ચાલુ રહેશે.

૬૧. યુનિવર્સિટી દ્વારા આપાતી જુદી જુદી સ્કોલરશિપ એનાયત કરવા માટે રચાયેલ રિસર્ચ સ્કોલરશિપ સમિતિની મુદત તા. ૭–૧–૧૯૭૫ના રોજ પૂરી થઈ હોવાથી તે પર ત્રણ વર્ષ માટે નવા સભ્યોની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી તથા તેની મુદત ત્રણ વર્ષ માટેની નિયત કરવી :

૧. પ્રો. ડી. એન. પાડક
૨. પ્રો. કે. આર. ચંદ્રશેખરન
૩. ડૉ. જે. એ. થારિક
૪. ડૉ. એમ. એન. દેસાઈ

૬૨. ઑર્ડિ. ૩૭ અન્વયે રચાયેલ ગ્રાન્ટ્સ યુટિલાઈઝેશન સમિતિ પર નીમવામાં આવેલા સભ્યો પૈકી ડૉ. એલ. ડી. દ્રવેની જગ્યાએ તા. ૮–૧૨–૧૯૭૫ સુધી અન્ય સભ્યની નિમણૂક કરવાના પ્રશ્ન પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—હાલમાં ગ્રાન્ટસ યુટિલાઈઝેશન કમિટી પર નીચેના સભ્યો છે :

(૧) આચાર્ય ડી. પી. ઠાકર
(૨) આચાર્ય દર્શનસીંગ શીખ
(૩) આચાર્ય બી. એમ. પીરઝાદા
(૪) ડૉ. એમ. એન. દેસાઈ
(૫) ડૉ. જયંત હરિભક્તિ
(૬) ડૉ. એલ. ડી. દ્રવે

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર ડૉ. એલ. ડી. દ્રવેની જગ્યાએ ડૉ. વી. સી. શાહને તા. ૮–૧૨–૧૯૭૫ સુધીના સમય માટે નીમવા.

૬૩. બાંધકામ સમિતિની તા. ૧૭-૭–૧૯૭૫ની સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૭–૭–૧૯૭૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૭–૭–૧૯૭૫ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૬૪. યુનિવર્સિટીના ચાલુ વર્ષના કેપિટલ બજેટમાં મનોવિજ્ઞાન ભવનના મકાન માટે રૂ. ૧૫,૦૦૦-૦૦ની જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—૧૯૭૪-૭૫ના વર્ષના પુનર્નિર્મિત અંદાજપત્રમાં રૂ. ૫૦,૦૦૦-૦૦ની જોગવાઈ કરવામાં આવેલી, પરંતુ ફાઇનલ બિલ પૂરાં ન થવાથી આ જોગવાઈ કરવાની છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૫-૭૬ના ચાલુ વર્ષના અંદાજપત્રમાં સદરહુ બાબત અંગે રૂ. ૧૫,૦૦૦/— (રૂપિયા પંદર હજાર)ના ખર્ચની જોગવાઈ મંજૂર કરવી.

૬૫. ખેતી અને સંશોધન અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૮-૬-૧૯૭૫ની સભામાં નીમેલી પેટાસમિતિની તા. ૨-૭-૧૯૭૫ની સભાની ભલામણો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨-૭-૧૯૭૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ યોજનાના અમલની બાબતમાં માર્ગદર્શન આપવા માટે નીચે જણાવેલા સભ્યોની સલાહકાર સમિતિ નીમવી :

૧. ડૉ. બિહારીલાલ કનૈયાલાલ
૨. પ્રો. જે. જે. ચિનોય
૩. ડૉ. સી. કે. શાહ
૪. ડૉ. એમ. એન. દેસાઈ.

(સદરહુ સમિતિની તા. ૨-૭-૧૯૭૫ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૬૬. એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૬/૭-૩-૧૯૬૯ની સભામાં અનુસ્નાતક વિદ્યાર્થીઓની ખૂટતી હાજરી માફ કરવા અંગેના નીચેના નીતિનિયમો અને કાર્યપદ્ધતિ અંગે પુનર્વિચારણા કરવા બાબત :

ઠરાવો

૧. "યુનિવર્સિટીના જે અનુસ્નાતક વિદ્યાર્થીઓની ફક્ત એક જ સત્રમાં હાજરી ખૂટતી હોય તે સત્રમાં તેણે ઓછામાં ઓછા ૫૦ ટકા જેટલાં વ્યાખ્યાનોમાં હાજરી આપેલી હોય તો તેવા કેસોમાં માંદગીને કારણે ખૂટતી હાજરી માફ કરવા માટે શ્રી. પરીક્ષાનિયામક- (કન્ટ્રોલર ઑફ એકઝામિનેશન્સ)ને જરૂરી સત્તા આપવી."

૨. "જે અનુસ્નાતક વિદ્યાર્થીઓની હાજરી ફક્ત એક જ સત્રમાં ખૂટતી હોય અને માંદગી અગર અન્ય કારણસર હોય અને જો તે ૫૦ ટકાથી ઓછી હોય તો તેવા કેસોમાં કુલપતિશ્રીને યોગ્ય લાગે તો ખૂટતી હાજરી માફ કરવા માટે તેઓશ્રીને સત્તા આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના પૂર્વસ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થીઓની ખૂટતી હાજરી માફ કરવાની બાબતમાં સમગ્ર રીતે વિચારણા કરીને માર્ગદર્શક નિયમાવલિ રજૂ કરતો પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્ય એમ. એસ. પંડિત
૨. આચાર્ય દર્શનસીંઘ શીખ
૩. આચાર્ય એમ. સી. શાહ
૪. પ્રો. ડી. એન. પાઠક
૫. ડૉ. એમ. એન. દેસાઈ.

૬૭. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં સીનિયર જગ્યાઓ (રૂ. ૧,૬૦૦થી રૂ. ૧,૮૦૦ના પગારધોરણમાં) માટેની વરણીસમિતિની તા. ૨૪–૪–૧૯૭૫ની ભલામણો સ્વીકારવા એકૅડેમિક કાઉન્સિલે તેની તા. ૧૮–૭–૧૯૭૫ની સભામાં એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૪–૪–૧૯૭૫ની સભાની ભલામણો સ્વીકારવા માટે એકૅડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી, અને સરકાર તરફથી એ અંગેની રકમ મળતાં એની ચુકવણી કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૪–૪–૧૯૭૫ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ " ૬ " તરીકે સામેલ છે.)

૬૮. ઇલેકટ્રોનિકસ એન્જિનિયરની જગ્યા માટે તા. ૧૨–૬–૧૯૭૫ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણ એકૅડેમિક કાઉન્સિલે તેની તા. ૧૮–૭–૧૯૭૫ની સભામાં એકિઝકયુટિવ કાઉન્સિલને મંજૂર કરવા ભલામણ કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત (એ.કા. બાબત ક્રં. ૧૪).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૨–૬–૧૯૭૫ની સભાની ભલામણો સ્વીકારવા માટેની એકૅડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૨–૬–૧૯૭૫ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ " ૭ " તરીકે સામેલ છે.)

૬૯. ૧૯૭૫–૭૬ના શૈક્ષણિક વર્ષ માટે જે કૉલેજોમાં ઑર્ડિ. ૧૨૦–બી અન્વયેની ૧,૬૫૦ની ગુરુતમ વિદ્યાર્થીસંખ્યા થઈ ગઈ હોય તેવી કૉલેજોમાં વિદ્યાર્થીઓની કેટલીક વિશિષ્ટ પરિસ્થિતિને કારણે અપવાદરૂપે વધારેમાં વધારે ત્રીસ વધુ વિદ્યાર્થીઓ કુલપતિશ્રીની પૂર્વમંજૂરીથી લેવાની જોગવાઈ કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લઈ એકૅડેમિક કાઉન્સિલે તેની તા. ૧૮–૭–૧૯૭૫ની સભામાં નીચે મુજબ ઠરાવ્યું હોઈ તે પર વિચારણા કરવા બાબત (એ.કા. બાબત ક્રં. ૨૫) :

" વધુમાં ઠરાવવામાં આવે છે કે ખરેખર હાર્ડ કેસીસને સમાવવા માટે બીજો કોઈ વિકલ્પ ન હોય તો કોઈ પણ એક કક્ષાએ બધા વર્ગોમાં થઈને ૧૨૫ ઉપરાંત વધુમાં વધુ ૫ વિદ્યાર્થીઓને દાખલ કરવા માટે કુલપતિશ્રીની પૂર્વમંજૂરી લઈને વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની કૉલેજોને પરવાનગી આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

[**નોંધ.**—આ વ્યવસ્થા ફક્ત ૧૯૭૫–૭૬ના વર્ષ પૂરતી જ અમલમાં રહેશે.]

વધુમાં ઠરાવવામાં આવે છે કે મધ્યસ્થ પોલીસ ખાતાના અધિકારીના પુત્ર શ્રી. ભૈરાના કેસના વિશિષ્ટ સંજોગો જોતાં તેમને એક વધારાના વિદ્યાર્થી તરીકે દાખલ કરવા શ્રી. સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન, ગોધરાને પરવાનગી આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી. "

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૭૦. યુનિવર્સિટી મુદ્રણાલયમાં પ્રૂફરીડર "સી" તરીકે કામ કરતા શ્રી. જે. ડી. અમીન તા. ૧-૬-૧૯૭૫થી રાજીનામું આપી છૂટા થયા હોઈ તેઓને નિયમ મુજબ ગ્રેચ્યુઈટીની રકમ ચૂકવવા અંગેની તેઓની તા. ૮-૭-૧૯૭૫ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. અમીન મુદ્રણાલયમાં તા. ૯-૬-૧૯૫૮ના રોજ જોડાયા હતા અને તા. ૧-૬-૧૯૭૫ના રોજ રાજીનામું આપી છૂટા થયા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જે. ડી. અમીનને, તેમના ખાતે નીકળતી ગ્રેચ્યુઈટીની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ચૂકવી આપવી.

૭૧. શ્રી. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત તરફથી જૂન ૧૯૭૫થી જોડાણ મેળવવા માટેની અરજી પર અગાઉ મૂકવામાં આવેલી શરતો અંગે પુનર્વિચારણા કરીને એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૮-૭-૧૯૭૫ની સભામાં નીચે પ્રમાણે ભલામણ કરેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૨૮):

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત તા. ૩૧-૭-૧૯૭૫ સુધીમાં નીચેની શરતોનું પરિપાલન કરે તો સદરહુ કૉલેજની ડિપ્લોમા ઇન ફાર્મસી માટે એક વર્ષ માટે એટલે કે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું જોડાણ આપવું :

૧. નીચે જણાવેલી નિમણૂકો કરવામાં આવે :
   (અ) ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રીના વ્યાખ્યાતા (એમ.ફાર્મ. પદવી ધરાવનાર)
   (બ) ફાર્માકોગ્નોઝીના વ્યાખ્યાતા
   (ક) ફાર્માકોલોજી અને ફિઝિયોલોજીના વ્યાખ્યાતા;

૨. શૈક્ષણિક તેમ જ બિનશૈક્ષણિક સ્ટાફના સભ્યોને તેમને ચૂકવવાની થતી બાકી રકમ ચૂકવવામાં આવે;

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં પગારધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૬. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને
૭. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૨. જૂન ૧૯૭૬થી ગોધરા તાલુકા કેળવણી મંડળ, ગોધરા તરફથી ગોધરા ખાતે વિનયન કૉલેજ (બહેનો માટેની) શરૂ કરવા માટે આવેલ અરજી અંગે યુનિ. ધારાની કલમ ૩૩(૨)ના સંદર્ભમાં વિચારણા કરી જરૂરિયાત નક્કી કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨-૪-૧૯૭૫ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૮-૭-૧૯૭૫ની સભામાં કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે ગોધરા તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ, ગોધરા પુરસ્કૃત પ્રસ્તુત કૉલેજની બાબતમાં સદરહુ સમિતિએ તેની તા. ૧૮-૬-૧૯૭૫ની સભાના અહેવાલમાં વ્યક્ત કરેલાં મંતવ્યો સાથે આ સભા સંમત છે અને તેથી સદરહુ કૉલેજને જોડાણ આપવું નહિ, એમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૩. જૂન ૧૯૭૬થી ડૉ. આંબેડકર એજ્યુકેશન સોસાયટી, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે વિનયન અને વાણિજ્યની કૉલેજ શરૂ કરવા માટે આવેલ અરજી અંગે યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨)ના સંદર્ભમાં વિચારણા કરી જરૂરિયાત નક્કી કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨-૪-૧૯૭૫ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૮-૭-૧૯૭૫ની સભામાં કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. આંબેડકર એજ્યુકેશન સોસાયટી, અમદાવાદ પુરસ્કૃત પ્રસ્તુત કૉલેજની બાબતમાં સદરહુ સમિતિએ તેની તા. ૧૮-૬-૧૯૭૫ની સભાના અહેવાલમાં વ્યક્ત કરેલાં મંતવ્યો સાથે આ સભાગૃહ સંમત છે અને તેથી સદરહુ પ્રસ્તુત કૉલેજને જોડાણ આપવું નહિ, એમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૪. જૂન ૧૯૭૬થી નવજાગૃતિ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે વિનયન અને વાણિજ્યની કૉલેજ શરૂ કરવા માટે આવેલ અરજી અંગે યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨)ના સંદર્ભમાં વિચારણા કરી જરૂરિયાત નક્કી કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨-૪-૧૯૭૫ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૮-૭-૧૯૭૫ની સભામાં કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે નવજાગૃતિ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ પુરસ્કૃત પ્રસ્તુત કૉલેજની બાબતમાં સદરહુ સમિતિએ તેની તા. ૧૮-૬-૧૯૭૫ની સભાના અહેવાલમાં વ્યક્ત

કરેલાં મંતવ્યો સાથે આ સભા સંમત છે અને તેથી સદરહુ પ્રસ્તુત કૉલેજોને જોડાણ આપવું નહિ, એમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૫. જૂન ૧૯૭૬થી ચતુર્ભુજ લાજપતરાય એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે વિનયન અને વાણિજ્યની કૉલેજ (હિન્દી માધ્યમ માટે) શરૂ કરવા માટે આવેલ અરજી અંગે યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨)ના સંદર્ભમાં વિચારણા કરી જરૂરિયાત નક્કી કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨–૪–૧૯૭૫ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૮–૭–૧૯૭૫ની સભામાં કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે ચતુરભુજ લાજપતરાય એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ પુરસ્કૃત પ્રસ્તુત કૉલેજની બાબતમાં સદરહુ સમિતિએ તેની તા. ૧૮–૬–૧૯૭૫ની સભાના અહેવાલમાં વ્યક્ત કરેલાં મંતવ્યો પર વિચારણા કર્યા પછી આ સભાનું સ્પષ્ટ મંતવ્ય છે કે અમદાવાદ શહેરમાં વિનયન અને/અથવા વાણિજ્યની વિદ્યાશાખામાં વધુ કોઈ કૉલેજની જરૂરિયાત નથી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૬. જૂન ૧૯૭૬થી પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ, ગોધરા તરફથી ગોધરા ખાતે વિનયન અને વાણિજ્યની (બહેનો માટેની) કૉલેજ શરૂ કરવા માટે આવેલ અરજી અંગે યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨)ના સંદર્ભમાં વિચારણા કરી જરૂરિયાત નક્કી કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨–૪–૧૯૭૫ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૮–૭–૧૯૭૫ની સભામાં કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ, ગોધરા પુરસ્કૃત પ્રસ્તુત કૉલેજની બાબતમાં સદરહુ સમિતિએ તેના તા. ૧૮–૬–૧૯૭૫ની સભાના અહેવાલમાં વ્યક્ત કરેલાં મંતવ્યો સાથે આ સભા સંમત છે, અને તેથી સદરહુ પ્રસ્તુત કૉલેજને જોડાણ આપવું નહિ, એમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૭. જૂન ૧૯૭૬થી સ્વામી ભગવદાચાર્ય એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે વાણિજ્યની કૉલેજ શરૂ કરવા માટે આવેલ અરજી અંગે યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨)ના સંદર્ભમાં વિચારણા કરી જરૂરિયાત નક્કી કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨–૪–૧૯૭૫ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૮–૭–૧૯૭૫ની સભામાં કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સ્વામી ભગવદાચાર્ય એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ પુરસ્કૃત પ્રસ્તુત કૉલેજની બાબતમાં સદરહુ સમિતિએ તેની તા. ૧૮–૬–૧૯૭૫ની સભાના અહેવાલમાં

વ્યક્ત કરેલાં મંતવ્યો સાથે આ સભા સંમત છે અને તેથી સદરહુ પ્રસ્તુત કૉલેજને ન્હેડાણ આપવું નહિ, એમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૮. જૂન ૧૯૭૬થી શ્રી અરવિંદો એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે શરૂ કરવા માટે આવેલ અરજી અંગે યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨)ના સંદર્ભમાં વિચારણા કરી જરૂરિયાત નક્કી કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨-૪-૧૯૭૫ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૮-૭-૧૯૭૫ની સભામાં કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. અરવિંદો એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ પુરસ્કૃત પ્રસ્તુત કૉલેજની બાબતમાં સદરહુ સમિતિએ તેની તા. ૧૮-૬-૧૯૭૫ની સભાના અહેવાલમાં વ્યક્ત કરેલાં મંતવ્યો સાથે આ સભા સંમત છે અને તેથી સદરહુ પ્રસ્તુત કૉલેજને ન્હેડાણ આપવું નહિ, એમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૯. જૂન ૧૯૭૬થી ધર્મસિંહ દેસાઈ ફાઉન્ડેશન, નડિયાદ તરફથી નડિયાદ ખાતે વાણિજ્યની કૉલેજ શરૂ કરવા માટે આવેલ અરજી અંગે યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨)ના સંદર્ભમાં વિચારણા કરી જરૂરિયાત નક્કી કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨-૪-૧૯૭૫ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૮-૭-૧૯૭૫ની સભામાં કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે ધર્મસિંહ દેસાઈ ફાઉન્ડેશન, નડિયાદ પુરસ્કૃત પ્રસ્તુત કૉલેજની બાબતમાં સદરહુ સમિતિએ તેની તા. ૧૮-૬-૧૯૭૫ની સભાના અહેવાલમાં વ્યક્ત કરેલાં મંતવ્યો સાથે આ સભા સંમત નથી અને નડિયાદમાં વાણિજ્ય વિદ્યાશાખાની વધુ એક કૉલેજની જરૂરિયાત સ્વીકારતી નથી. તેથી સદરહુ પ્રસ્તુત કૉલેજને ન્હેડાણ આપવું નહીં, એમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૮૦. જૂન ૧૯૭૬થી શ્રી લુણાવાડા વિભાગ ઉચ્ચ વિદ્યોતેજક મંડળ, લુણાવાડા તરફથી લુણાવાડા ખાતે વાણિજ્યની કૉલેજ શરૂ કરવા માટે આવેલ અરજી અંગે યુનિવર્સિટી ધારાની કલમ 33(૨)ના સંદર્ભમાં વિચારણા કરી જરૂરિયાત નક્કી કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨-૪-૧૯૭૫ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૮-૭-૧૯૭૫ની સભામાં કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે શ્રી લુણાવાડા વિભાગ ઉચ્ચ વિદ્યોતેજક મંડળ, લુણાવાડા પુરસ્કૃત પ્રસ્તુત કૉલેજની બાબતમાં સદરહુ સમિતિએ તેની તા. ૧૮-૬-૧૯૭૫ની સભાના

અહેવાલમાં વ્યક્ત કરેલાં મંતવ્યો સાથે આ સભા સંમત છે અને તેથી સદરહુ પ્રસ્તુત કૉલેજને જોડાણ આપવું નહિ એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૮૧. જૂન ૧૯૭૬થી માનવ મંદિર, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે કાયદાની કૉલેજ શરૂ કરવા માટે આવેલ અરજી અંગે યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨)ના સંદર્ભમાં વિચારણા કરી જરૂરિયાત નક્કી કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨-૪-૧૯૭૫ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૮-૭-૧૯૭૫ની સભામાં કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે માનવમંદિર, અમદાવાદ પુરસ્કૃત પ્રસ્તુત કૉલેજની બાબતમાં સદરહુ સમિતિએ તેની તા. ૧૮-૬-૧૯૭૫ની સભાના અહેવાલમાં વ્યક્ત કરેલાં મંતવ્યો સાથે આ સભા સંમત છે અને તેથી સદરહુ પ્રસ્તુત કૉલેજને જોડાણ આપવું નહિ, એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૮૨. જૂન ૧૯૭૬થી નવજાગૃતિ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે કાયદાની કૉલેજ શરૂ કરવા માટે આવેલ અરજી અંગે યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨)ના સંદર્ભમાં વિચારણા કરી જરૂરિયાત નક્કી કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨-૪-૧૯૭૫ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૮-૭-૧૯૭૫ની સભામાં કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે નવજાગૃતિ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ પુરસ્કૃત પ્રસ્તુત કૉલેજની બાબતમાં સદરહુ સમિતિએ તેની તા. ૧૮-૬-૧૯૭૫ની સભાના અહેવાલમાં વ્યક્ત કરેલાં મંતવ્યો સાથે આ સભા સંમત છે અને તેથી સદરહુ પ્રસ્તુત કૉલેજને જોડાણ આપવું નહિ, એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૮૩. જૂન ૧૯૭૬થી આર્ટ્સ કૉલેજ, સંખેડા તરફથી વાણિજ્યની વધારાની વિદ્યાશાખાના જોડાણ માટેની અરજી અંગે યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨)ના સંદર્ભમાં વિચારણા કરી જરૂરિયાત નક્કી કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨-૪-૧૯૭૫ની સભામાં નીમેલ સમિતિના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૮-૭-૧૯૭૫ની સભામાં કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ કૉલેજ, સંખેડા તરફથી વાણિજ્યની વધારાની વિદ્યાશાખાના જોડાણની બાબતમાં સદરહુ સમિતિએ તેની તા. ૧૮-૬-૧૯૭૫ની સભાના અહેવાલમાં વ્યક્ત કરેલાં મંતવ્યો સાથે આ સભા સંમત છે અને તેથી સદરહુ અરજીમાં માંગેલ જોડાણ આપવું નહિ, એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૮૪. જૂન ૧૯૭૬થી શ્રી. એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ ગોસ્વામી એમ. નવલલાલજી આર્ટ્સ કૉલેજ, દહેગામનું વિભાગીકરણ કરવા માટેની અરજી અંગે યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨)ના સંદર્ભમાં વિચારણા કરી જરૂરિયાત નક્કી કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨-૪-૧૯૭૫ની સભામાં નીમેલ સમિતિના અહેવાલ પર ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૮-૭-૧૯૭૫ની સભામાં કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ ગોસ્વામી એમ. નવલલાલજી આર્ટ્સ કૉલેજ, દહેગામના વિભાગીકરણની બાબતમાં સદરહુ સમિતિએ તેની તા. ૧૮-૬-૧૯૭૫ની સભાના અહેવાલમાં વ્યક્ત કરેલાં મંતવ્યો સાથે આ સભા સંમત છે અને તેથી સદરહુ કૉલેજનું વિભાગીકરણ કરવા દેવું નહિ, એમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૮૫. અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૫થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ નીચેની શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૧-૭-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી કાયમી જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મેળવવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રો. ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતના યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૮૬. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, વીસનગર તરફથી જૂન ૧૯૭૫થી જોડાણ મેળવવા માટેની અરજી પર મૂકેલી શરતોના પરિપાલનના સંદર્ભમાં સદરહુ કૉલેજે પ્રોવિડંટ ફંડના ટ્રસ્ટની રચના કરી છે, પરંતુ પ્રોવિડંટ ફંડની રકમ કૉલેજની સ્થાપના વર્ષથી અત્યાર સુધીની જે રૂ. ૧૯,૮૨૮-૦૦ થાય છે તે રકમ ૧૯૭૭ સુધીમાં જમા કરાવશે તથા ગ્રેચ્યુઇટી ફંડ તા. ૧-૪-૧૯૭૨થી અમલી બને તે રીતે ઊભું કરવામાં આવ્યું છે તેની રકમ પણ માર્ચ ૧૯૭૭ સુધીમાં જમા કરાવશે તેમ ખાતરી આપી છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજની ઉપરની વિનંતી મંજૂર કરવી.

૮૭. જૂન ૧૯૭૫થી જોડાણ મેળવવા કરેલ અરજીના સંદર્ભમાં અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદને એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૮-૭-૧૯૭૫ની સભામાં કરેલ નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"સદરહુ કૉલેજના જોડાણ અંગેના આ સભાગૃહના તા. ૨૨-૪-૧૯૭૫ના ઠરાવ પર પુનર્વિચારણા કરવામાં આવી અને ઠરાવવામાં આવ્યું કે અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદને તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૬ને બદલે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૮૦ સુધીનું ચાલુ જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૮૮. વિદ્યાસમાજ, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે જૂન ૧૯૭૫થી શરૂ કરાનાર વિજ્ઞાનની કૉલેજને પ્રી-યુનિ. વિજ્ઞાનના અભ્યાસક્રમો, પ્રથમ વર્ષ બી.એસસી.માં રસાયણ-વિજ્ઞાન; ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર તથા જીવવિજ્ઞાનના અભ્યાસક્રમો તથા બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર તથા બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાન તથા પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટેની અરજી. (એકેડેમિક કાઉન્સિલ બાબત ક્રમાંક ૩૫)

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાસમાજ, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે શરૂ કરાનાર મણિનગર સાયન્સ કૉલેજ, અમદાવાદ શિક્ષકગણની નિમણૂંક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૧-૭-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર તથા બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાન તથા પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. સ્વામિનારાયણ સાયન્સ કૉલેજમાં ૧૯૭૪-૭૫ના શૈક્ષણિક વર્ષમાં જે શિક્ષકગણ (આચાર્ય સહિત) તેમ જ બિનશિક્ષકગણના કર્મચારીઓ સ્વામિનારાયણ સાયન્સ કૉલેજની સેવામાં

ચાલુ હતા તે તમામને આ કૉલેજની સેવામાં તેમની જે તે જગ્યા પર સમાવી લેવામાં આવે;

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણ પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે—જરૂરી શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસ ખંડો

(૨) વર્ગખંડો અને ટયુટોરિયલ માટેના જરૂરી ખંડો

(૩) શિક્ષકો માટેનો ખંડ

(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ—કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો

(૫) વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ—સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો

(૬) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછી ૧૦ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય

(૭) આચાર્ય માટેનો ખંડ

(૮) પ્રયોગશાળા માટેના ખંડો

(૯) પીવાના પાણી માટેનો ખંડ, અને

(૧૦) શૌચાલય વગેરેની વ્યવસ્થા.

૩. પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂ. ૧,૫૦,૦૦૦ નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે અને વચગાળાના સમય દરમ્યાન પ્રત્યેક વિષયના પ્રાયોગિક કાર્ય માટે તાકીદે ઘટતી વ્યવસ્થા કરવામાં આવે;

૪. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે રૂ. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

૧.	પુસ્તકો માટે	... રૂ. ૫,૦૦૦
૨.	સામયિકો માટે	... રૂ. ૧,૦૦૦
૩.	સંદર્ભગ્રંથો માટે	... રૂ. ૧,૦૦૦

૬. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૭. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસ વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧૦૦૦ ચોરસ વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું આપવામાં આવે;

૧૦. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૧૧. કૉલેજના સંચાલનમાં જે ખામી જણાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૨. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૧૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકો તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે "ગ્રેચ્યુઇટી ફંડ" શરૂ કરવામાં આવે; અને

૧૪. રૂ. ૧૦,૦૦૦ની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટેનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂ. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અસ્કામત છે તેનું શ્રી. ચેરિટી કમિશનરનું અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૮૯. (૧) સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદના પ્રશ્ન બાબતમાં, સંલગ્ન કૉલેજોના શિક્ષકોની તા. ૨૩-૬-૧૯૭૫થી ચાલતી હડતાલનું તા. ૧૨-૭-૧૯૭૫ના રોજ સમાધાન થયું તે અંગે ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર શિક્ષક મંડળના મંત્રીશ્રીના તા. ૧૨-૭-૧૯૭૫ના પત્ર પર તથા (૨) સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદના વિદ્યાર્થીઓને અન્ય સ્થાનિક વિજ્ઞાનની કૉલેજોમાં પ્રવેશ નહીં આપવા કૉલેજોને ભલામણ કરવામાં આવેલી છે તે અંગે વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના અધ્યાપકોની હડતાળને કારણે જે કૉલેજોમાં તા. ૨૩-૬-૧૯૭૫ થી તા. ૧૨-૭-૧૯૭૫ સુધી શિક્ષણકાર્ય થઈ શકયું નથી તે કૉલેજોમાં ચાલુ વર્ષ દરમ્યાન પ્રથમ સત્રમાં પર્યુષણ, જન્માષ્ટમી, ઇત્યાદિ રજાઓ અને બીજા સત્રમાં નાતાલની રજાઓ ન પાળતાં પોતાનું શિક્ષણકાર્ય ચાલુ રાખે તેમાં યુનિવર્સિટીને વાંધો નથી એમ તમામ કૉલેજોને પરિપત્ર મોકલવો.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે હાલને તબક્કે વિશેષ કરવાપણું રહેતું નથી.

૯૦. વહીવટી ખર્ચમાં કરકસર અંગેના રાજ્ય સરકારશ્રીના શિક્ષણ અને શ્રમ ખાતાના સચિવશ્રી આર. બી. શુકલના કુલપતિશ્રીને ઉદ્દેશેલા તા. ૧૮-૭-૧૯૭૫ના પત્ર ક્રમાંક ડીઓ. એમ.આઈ.એસ.-૧૦૭૫-૫૧૨૬-સીએચ. અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પત્રની નોંધ લેવી તથા યુનિવર્સિટીના ખર્ચમાં બની શકે ત્યાં બધે કરકસર કરવાનું રાખવું.

૯૧. યુનિવર્સિટીએ તૈયાર કરેલા સ્કોલરશિપના નીચેના ગૂમ થયેલ ચેકો વટાવીને નીચે મુજબ કુલ રૂ. ૨,૪૦૦-૦૦ની થયેલી ઉચાપત અને તે અંગે પોલીસમાં કરવામાં આવેલી ફરિયાદોની નોંધ લેવા બાબત :

ક્રમાંક	સ્કોલરનું નામ	ચેક નં.	તારીખ	રકમ
				રૂ.
૧.	શ્રી. પી. ત્રિમુર્થી	૭૯૦૧૧૬	૨-૬-૧૯૭૫	૪૦૦-૦૦
૨.	શ્રી. સી. એન. નાયર	૭૯૦૧૫૯	૨-૬-૧૯૭૫	૪૦૦-૦૦
૩.	શ્રી. બી. આર. દેસાઈ	૭૯૦૧૬૧	૨-૬-૧૯૭૫	૪૦૦-૦૦
૪.	શ્રી. મહેશકુમાર	૭૯૦૧૭૦	૨-૬-૧૯૭૫	૪૦૦-૦૦
૫.	શ્રી. ડી. આર. શિનોય	૭૮૯૯૬૭	૨-૬-૧૯૭૫	૪૦૦-૦૦
૬.	શ્રી. આર. કે. પટેલ	૭૮૯૯૬૮	૨-૬-૧૯૭૫	૪૦૦-૦૦
			કુલ્લે ...	૨,૪૦૦-૦૦

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૯૨. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી કીલાજો અંગેના કેસો પર વિચારણા કરવા સને ૧૯૭૫ના વર્ષની પરીક્ષા-શુદ્ધિસમિતિની તા. ૧૦-૭-૧૯૭૫, તા. ૧૩-૭-૧૯૭૫ અને તા. ૧૭-૭-૧૯૭૫ની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૦-૭-૧૯૭૫, તા. ૧૩-૭-૧૯૭૫ અને તા. ૧૭-૭-૧૯૭૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૦-૭-૧૯૭૫, તા. ૧૩-૭-૧૯૭૫ અને તા. ૧૭-૭-૧૯૭૫ની સભાની કાર્યવાહીની નોંધની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૯૩. રાજ્ય સરકારના શિક્ષણ અને મજૂર વિભાગના તા. ૧૧-૭-૧૯૭૫ના પત્રથી જણાવ્યા પ્રમાણે આઈ.એ.એસ. જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે કોચિંગ સેન્ટર્સ ૧૯૭૫-૭૬ના વર્ષે ચાલુ રાખવાનું ઠરાવેલ છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના વર્ગો નવા વર્ષે ચાલુ રાખવા અંગે આગળની કાર્યવાહી હાથ ધરવી.

૯૪. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) ઑક્ટોબર ૧૯૭૫માં લેવાનાર યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ માટે નીચે મુજબ કેન્દ્રો મંજૂર કર્યાના :

ક્રમાંક	પરીક્ષાઓ	કેન્દ્રનું નામ
૧.	બધી જ પરીક્ષાઓ	અમદાવાદ
૨.	પ્રી-યુનિ આર્ટ્સ, ફર્સ્ટ બી.એ., સેકન્ડ બી.એ., ટી.બી.એ. (એકસ્ટર્નલ), થર્ડ બી.એ (રેગ્યુલર), થર્ડ બી.કોમ., ફર્સ્ટ અને સેકન્ડ એલએલ.બી.(મોનસૂન એન્ડ વિન્ટર સેમેસ્ટર).	ભૂજ

૩. પ્રી-યુનિ. આર્ટ્સ, એકાઉ. વ્યા. એસ.વાય. અને ટી.વાય.બી.એ. (એકસ્ટર્નલ), થર્ડ બી.એ.(રેગ્યુલર) અને થર્ડ બી કૉમ. — ગોધરા

૪. પ્રી-યુનિ. આર્ટ્સ, એફ.વાય.બી.એ., એસ.વાય.બી.એ. અને થર્ડ બી.એ.(એકસ્ટર્નલ) થર્ડ બી.એ.(રેગ્યુલર), થર્ડ બી કૉમ., ફર્સ્ટ એલએલ બી., સેકન્ડ એલએલ.બી.(મોનસૂન અને વિન્ટર સેમેસ્ટર), થર્ડ એલએલ બી.(મોનસૂન અને વિન્ટર સેમેસ્ટર), થર્ડ એલએલ.બી. (સ્પે) અને કેમિકલ એન્જિનિયરિંગ. — નડિયાદ

૫ પ્રી-આર્ટ્સ, એફ.વાય., એસ.વાય. અને થર્ડ બી.એ.(એકસ્ટર્નલ), થર્ડ બી.એ.(રેગ્યુલર), અને થર્ડ બી.કૉમ. — વીસનગર.

(૨) વિદ્યાસમાજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૫થી અમદાવાદ ખાતે શરૂ કરાનાર વિજ્ઞાનની કૉલેજની અરજી ઑ. ૨૨૦ અન્વયે સમયમર્યાદા બહાર આવી હોવા છતાં વિશિષ્ટ સંજોગો ને કારણોને લક્ષમાં લઈને ખાસ કેસ તરીકે કાર્યવાહી કરવાનું રાખ્યાના તથા તે અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમ્યાના;

(૩) શ્રી. માંડલિયા રસિકલાલ જેઓએ હાયર મૅથ્સ. સિવાય એસએસ.સી. પરીક્ષા પસાર કરી છે અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની પ્રી-યુનિ. વિજ્ઞાનની પરીક્ષા પસાર કરી છે તેમને એલિજિબિલિટી સર્ટિફિકેટ આપવાની ના પાડેલી હોઈ તેમણે ગુજરાત રાજ્યની હાઇકોર્ટમાં કરેલી રિટ અરજી બાબત શ્રી. એસ. એન. શેલતને કેસની રજૂઆત કરવા નીમ્યાના;

(૪) સેંટ ઝેવિયર્સ કૉલેજ તથા નવગુજરાત કૉમર્સ કૉલેજનાં પરીક્ષાકેન્દ્રોમાં પ્રી-યુનિ. આર્ટ્સ તથા પ્રી-યુનિ. કૉમર્સ પરીક્ષાના કામ પેટે રોકવામાં આવેલા નીચેના બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓને અનુક્રમે કુલ રૂ. ૧,૦૩૨, તથા રૂ. ૬૮૮ના પુરસ્કાર ચૂકવવાનું ખાસ કેસ તરીકે મંજૂર કર્યાના :

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	કુલ કામના દિવસો	પુરસ્કારની રકમ રૂ. પૈ.
૧.	શ્રી. બી. ડી. પટેલ	ચીફ ફેકટોટમ	૩॥	૨૦૮-૦૦
૨.	શ્રી. એ. સી. દેસાઈ	આસિ. ફેકટોટમ	૩॥	૧૬૮-૦૦
૩.	શ્રી. ડી. આર. દેસાઇ	,, ,,	૩॥	૧૬૮-૦૦
૪.	શ્રી. એમ. એચ. શાહ	ફેકટો. રિલીવર	૪	૪૮-૦૦
૫.	શ્રી. બી. એ. દેસાઈ	,,	૪	૪૮-૦૦
૬.	શ્રી. કે. સી. ઓઝા	ટાઇપિસ્ટ	૪	૪૮-૦૦
૭.	શ્રી. જે. આઈ. ફલકે	ફેકટોટમ	૫	૧૪૪-૦૦
૮.	શ્રી. પી. કે. પંચાલ	,,	૫	૧૪૪-૦૦
૯.	શ્રી. એફ. આર લોરેન્સ	,,	૫	૧૪૪-૦૦
૧૦.	શ્રી. ઝેડ. જી. અલવી	,,	૫	૧૪૪-૦૦
૧૧.	શ્રી. એ. ડી. મેકવાન	,,	૫	૧૪૪-૦૦
૧૨.	શ્રી. પી. સી. ક્રિસ્ટી	ટાઇપિસ્ટ	૫॥	૬૬-૦૦
૧૩.	શ્રી. પાઉલ મેકવાન	,,	૫॥	૬૬-૦૦

૧૪.	શ્રી. સુરેના ગોહિલ	પટાવાળા	૬	૬૦-૦૦
૧૫.	શ્રી. ચંદમલ એસ.	,,	૬	૩૦-૦૦
૧૬.	શ્રી. એમ. ડી. વી	,,	૬	૩૦-૦૦
૧૭.	શ્રી. એમ એસ. શેખ	,,	૬	૩૦-૦૦
૧૮.	શ્રી. પીટર મેકવાન	,,	૬	૩૦-૦૦
૧૯.	એસ. શિકારી	,,	૬	૩૦-૦૦

(૫) એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૮-૫-૧૯૭૫ની નોંધમાં બાબત ક્રમાંક ૨૮ના ઠરાવમાં બીજી લીટીમાં આવતો "બીજે" શબ્દ બિનજરૂરી હોઈ તે છાપભૂલ સુધાર્યાના;

(૬) વિજ્ઞાન વિદ્યાભવનના કેમિસ્ટ્રી વિભાગમાં ડ્રગ એનાલિસિસ ઈન કેમિસ્ટ્રી તથા ડ્રગ એનાલિસિસ ઈન માઇક્રોબાયોલોજીના શરૂ થયેલ અભ્યાસક્રમ માટે માઇક્રોબાયોલોજીના વ્યાખ્યાન આપવાનું કાર્ય રૂ. ૪૫૦ના ઉચ્ચક માસિક પુરસ્કારથી શ્રી. આર. એન. માનપરાને સોંપ્યાના;

(૭) તા. ૨૮-૭-૧૯૭૫ના રોજ લેવાનાર ફર્સ્ટ એલએલ.બી.ની વધારાની પરીક્ષા માટે પ્રાશ્નિક-પરીક્ષકોની નિમણૂક મંજૂર કર્યાના;

(૮) કાઉન્સિલ ઑફ સાયન્ટિફિક એન્ડ ઇન્ડસ્ટ્રિયલ રિસર્ચની આર્થિક સહાયથી આ યુનિવર્સિટી ખાતે મેડિસિન એન્ડ એરોમેટિક પ્લાન્ટ્સના સંશોધન માટે સીમ્બોનું સેન્ટર ચાલુ કરવા માટે તથા તે અંગેના ખર્ચના ૫૦ ટકા ગુજરાત યુનિવર્સિટી-રાજ્ય સરકાર ભોગવશે એમ જણાવ્યાના;

(૯) હૉસ્ટેલો માટે ટ્યૂશન ફી ઉપરાંત નીચે મુજબની ફી લેવાનું નક્કી કર્યાના :

૧. યુનિયન ફી રૂ. ૫ ટર્મ દીઠ, વિદ્યાર્થી દીઠ
૨. પંખાનું ભાડું રૂ. ૧૫ ડબલ સીટર માટે, વિદ્યાર્થી દીઠ
૩. ,, ,, રૂ. ૨૦ સિંગલ સીટર માટે, વિદ્યાર્થી દીઠ
૪. વીજળીનું ખર્ચ રૂ. ૧૫ ડબલ સીટર માટે, વિદ્યાર્થી દીઠ
૫. વીજળીનું ખર્ચ રૂ. ૨૦ સિંગલ સીટર માટે;

(૧૦) એમ. એમ. શુકલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદની જોડાણઅરજી પરની સ્થાનિક તપાસસમિતિના અહેવાલના સંદર્ભમાં સદરહુ કૉલેજે કુલ ૮૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યાના;

(૧૧) ૧૯૭૬ના વર્ષમાં લેવાનાર યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ માટે પ્રાશ્નિક-પરીક્ષકોની નિમણૂકો અંગે મંગાવવામાં આવેલ અરજીઓ માટે નિયત કરવામાં આવેલ અરજીપત્રકની ફી રૂ. ૧ રાખવાનું મંજૂર કર્યાના;

(૧૨) સ્વામીનારાયણ કૉલેજ, અમદાવાદના એફ.વાય.બી.એસસી.ના વિદ્યાર્થીઓને સ્થાનિક કૉલેજોમાં એસ.વાય.બી.એસસી.ના વર્ગમાં દાખલ ન કરવા અંગે સ્થાનિક કૉલેજોને ભલામણ કર્યાના;

(૧૩) યુનિવર્સિટી કાર્યાલયના એસ્ટેટ વિભાગમાં ચોકીદાર તરીકે કામ કરતા શ્રી. દલ્લાસીંગ લાલસીંગ રજપૂતને થયેલી લકવાની બીમારીના કારણે તેઓને હળવી ફરજો સોંપવા અંગેના સિવિલ સર્જનના પ્રમાણપત્રના સંદર્ભમાં તેમની બદલી ગ્રંથાલયમાં કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

વધુમાં બાબત નં. ૯૪: ૪) અંગે ઠરાવવામાં આવે છે કે તેમાં જણાવેલી હકીકત જોતાં યુનિવર્સિટીની પરીક્ષાઓના કાર્ય અંગે થતા રોકાણ અંગેના પુરસ્કારના દર પ્રમાણમાં અત્યંત વધુ પડતા જણાય છે તો તે અંગે ઘટતી વિચારણા કરીને પોતાની ભલામણ રજૂ કરવા માટે પરીક્ષા પુરસ્કાર દર સમિતિને જણાવવું.

તે પછી પ્રમુખસ્થાનેથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૯૫. એમ.એસસી. (મેડિકલ) પાર્ટ ૧ અને ૨ની પરીક્ષાની ફી ૩. ૧૦૦/– નિયત કરવા ઑર્ડિ. ૧૨૯ના સંબંધકર્તા પાઠમાં નીચે મુજબ સુધારો કરવા બાબત :

Name of the Examination	*How many times held in a year*	*Date of commencement*	*Last date of application*	*Examination Fees*
				Rs.
M.Sc. (Med), Part I	Twice	1st Monday in March and 1st Monday in October	10th December 10th July	100/—
M.Sc. (Med.), Part II	—do—	—do—	—do—	100/—

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એસસી. (મેડિકલ)ની પરીક્ષાની બાબતમાં ઑર્ડિ. ૧૨૯માં ઉપરનો ભાગ ઉમેરવો અને તે પ્રમાણે સુધારેલો ઑર્ડિ. ૧૨૯ તાત્કાલિક અમલમાં મૂકવો.

૯૬. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની સૂચના મુજબ આ યુનિવર્સિટીમાં કવેશ્ચન બેંક સ્થાપવા અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કવેશ્ચન બેંક સ્થાપવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી અને તે માટે પરીક્ષા સંશોધન અને અમલ કેન્દ્ર (Examination Research & Implementation Cell ; ઊભું કરવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને આર્થિક સહાય આપવા માટે વિનંતી કરવી.

૯૭. (૧) પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદના લગભગ ૧૮૦ વિદ્યાર્થીઓની આંતરિક ગુણાંકન અંગેની માહિતી અને તે માટે તેમની કસોટીઓના ઉત્તરપત્રો અનેક વાર લખવા છતાં હજુ સુધી કૉલેજે તે મોકલ્યા નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

(૨) પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદમાં નીચે જણાવેલાં શિક્ષિકાબહેનની નિમણૂક પશ્ચાદ્વર્તી માન્ય કરવા માટેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	શિક્ષકનું નામ	શિક્ષકનું પદ	નિમણૂકની તારીખ	નિમણૂક રિપોર્ટ કર્યાની તારીખ
૧.	શ્રી. તરલિકા આર. ભગત	અર્થશાસ્ત્રનાં ખંડ સમયનાં વ્યાખ્યાતા	૧૫-૬-૧૯૭૨	૧૭-૧૨-૧૯૭૩

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ખરેખર શું પરિસ્થિતિ છે તે અંગે કૉલેજમાં જઈને તથા અન્ય જે રીતે યોગ્ય લાગે તે રીતે ઊંડી અને સર્વગ્રાહી તપાસ કરીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમની :

૧. આચાર્ય ય. પ્રા. શુકલ
૨. ડૉ. એમ. એન. દેસાઈ
૩. આચાર્ય એમ. સી. શાહ,

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિમણૂક તથા આ કૉલેજમાં આ પહેલાં જે શિક્ષકોની નિમણૂકો, નિમણૂકના સત્રમાં માન્ય કરવા માટેનો રિપોર્ટ આવેલો ન હોય તે તમામ નિમણૂકો અંગે ઊંડી અને સર્વગ્રાહી તપાસ કરીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટેનું કામ પણ ઉપર નં. (૧)માં જણાવેલ સમિતિને સોંપવુ.

૯૮. નીચેની કૉલેજોની ચાલુ જોડાણ માટેની અરજીઓ સમયમર્યાદાની બહાર આવી છે અને આવવાની હોવા છતાં તેમાં ચાલુ જોડાણનો પ્રશ્ન સમાયેલો હોઈ તે અંગે કુલપતિશ્રીની ભલામણ પર વિચારણા કરવા બાબત :

૧. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૨. અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૩. ગુજરાત કૉલેજ, અમદાવાદ
૪. આર. આર. લાલન કૉલેજ, ભૂજ (કચ્છ)
૫. પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલડી, અમદાવાદ
૬. બનાસકાંઠા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર
૭. એસ. એસ. મહેતા આર્ટ્સ કૉલેજ એન્ડ એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગર
૮. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા
૯. એસ. ડી. આર્ટ્સ એન્ડ બી. આર. કૉમર્સ કૉલેજ, માણસા
૧૦. એમ. ડી. શાહ કૉમર્સ એન્ડ બી. ડી. આર્ટ્સ કૉલેજ, મહુધા
૧૧. આર. બી. સાગર કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ
૧૨. કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલી
૧૩. સરકારી વિજ્ઞાન કૉલેજ, ગાંધીનગર
૧૪. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ

૧૫. શ્રી. એમ. એસ. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસા.
૧૬. એન. સી. બોડીવાલા કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
૧૭. તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુર (કચ્છ)
૧૮. શેઠ વી. એસ. લૉ કૉલેજ, ઊંઝા
૧૯. પીપલ્સ એજ્યુકેશન સોસાયટી સંચાલિત શેઠ ડી. એસ. લૉ કૉલેજ, ભૂજ (કચ્છ)
૨૦. એન. એસ. પટેલ લૉ કૉલેજ, મોડાસા
૨૧. લૉ કૉલેજ, ગોધરા
૨૨. ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ
૨૩. એમ. એન. કૉલેજ ફાર્મસી, ખંભાત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે કુલપતિશ્રીની ભલામણો સ્વીકારવી અને તે અંગે જરૂરી પ્રથાનિક તપાસસમિતિઓ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૯૯. યુનિવર્સિટીના કર્મચારીઓને યુનિવર્સિટીના કામકાજ માટે પ્રવાસ ઉપર જવાનું થાય ત્યારે તેમનો રોકાણ ભથ્થા (Halting Allowance) અંગેનો ૬૨ રાજય સરકારના તા. ૭-૪-૧૯૭૫ ના ક્રમાંક પી.સી.આર./ ૩૨૭૫-(૧)૨/ એમના ઠરાવને ધોરણે સુધારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યુનિવર્સિટીના કર્મચારીઓના રોકાણ ભથ્થાના દર રાજ્ય સરકારના ઉપરના ઠરાવને ધોરણે સુધારવા અને તે માટે પગારની ગણતરી તે ઠરાવમાં દર્શાવ્યા મુજબ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સુધારેલા રોકાણ ભથ્થાના દરનો અમલ તા. ૧-૪-૧૯૭૫થી કરવાનું રાખવું

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એકિઝ. કાઉ./૦૧૭૯૮૦/૧૯૭૫
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦૦૦૯,
તા. ૧૨-૮-૧૯૭૫.

ઇ. ચં. પરીખ,
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૨૨

"શ્રી. રામેશ્વરદાસ બિરલા સ્મૃતિચંદ્રક"

૧. દાતાનું નામ તથા સરનામું : શ્રી. એસ. કે. અગ્રવાલ, મેનેજિંગ ડિરેક્ટર, ધી ન્યૂ સ્વદેશી મિલ્સ ઑફ અમદાવાદ લિ., નરોડા રોડ, અમદાવાદ—૩૮૦૦૦૨

૨. પ્રદાનની રકમ : રૂ. ૭,૫૦૦-૦૦નું રોકડ પ્રદાન

૩. પ્રદાનનો પ્રકાર : રૂ. ૩૪૦-૦૦નો એક સુવર્ણમંડિત ચંદ્રક.

નિયમો

૧ "શ્રી. રામેશ્વરદાસ બિરલા સ્મૃતિચંદ્રક" એ નામનો આશરે રૂ. ૩૪૦—૦૦ની કિંમતનો એક સુવર્ણમંડિત ચંદ્રક દર વર્ષે આ યુનિવર્સિટીની માર્ચ/એપ્રિલની એમ.એ.ની પદવી પરીક્ષામાં "હિન્દી" મુખ્ય વિષયનાં ૬ પેપરમાં પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણાંક મેળવીને પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને આપવામાં આવશે. જો "હિન્દી"ના વિષયમાં સૌથી વધુ ગુણાંક મેળવનાર એક કરતાં વધુ વિદ્યાર્થીઓ હોય તો તે પૈકી એમ.એ.ની પદવી પરીક્ષામાં હિન્દી મુખ્ય અને ગૌણ વિષય સહિત સૌથી વધુ ગુણાંક મેળવનારને સદરહુ ચંદ્રક આપવામાં આવશે.

૨. ચંદ્રક વિજેતાનું નામ બને ત્યાં સુધી પરીક્ષાના પરિણામ સાથે જાહેર કરવામાં આવશે અને વિજેતા વિદ્યાર્થીના નામ અને સરનામાની ઘટતી જાણ દાતાને કરવામાં આવશે.

૩. વિજેતાને ચંદ્રક આપવામાં તેની નાત, જાત કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહીં.

૪. સદરહુ ચંદ્રક એનાયત કરવા અંગે યુનિવર્સિટીની એક્ઝિકયુટિવ કાઉન્સિલને વખતોવખત જે શરતો ઉમેરવી આવશ્યક જણાશે તે ઉમેરવા માટે તેને અધિકાર રહેશે.

૫. આ સખાવતની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

૬. આ સખાવતની વાર્ષિક આવકની બચત મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૨૩

બાંધકામ સમિતિની એક સભા તા. ૧૩-૬-૧૯૭૫ ને શુક્રવારના રોજ બપોરના ૩-૦૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી તેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. નવનીતલાલ સા. શેાધન	ગેરહાજર
૩.	શ્રી. કિશોરચંદ્ર સંઘાણી	હાજર
૪.	શ્રી. એમ. સી. શાહ	ગેરહાજર
૫.	શ્રી. આર. જી. ભાટિયા	હાજર
૬.	ડૉ. આર. સી. સેાનપાલ	હાજર

૧. બાંધકામ સમિતિની તા. ૧૨-૫-૧૯૭૫ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૧૨-૫-૧૯૭૫ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તેના પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી કેમ્પસમાં બંધાઈ રહેલા સ્પેસ સાયન્સના મકાનની બાંધકામની સમયમર્યાદા વધારી આપવા માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસમાં બંધાઈ રહેલા સ્પેસ સાયન્સના મકાનના બાંધકામમાં વધારેા થયેા છે તે હિસાબે સદરહુ બાંધકામની સમયમર્યાદા તા. ૩૧-૮-૧૯૭૫ સુધી વધારી આપવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩. યુનિવર્સિટીના ઉપક્રમે નડિયાદ ખાતે બાંધવામાં આવનાર પેાલિમર સાયન્સના મકાન માટેની જરૂરિયાતેા રસાયણ વિભાગ તરફથી મેાકલી આપવામાં આવેલી છે તે જરૂરિયાતેા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ઉપક્રમે નાડિયાદ ખાતે બાંધવામાં આવનાર પેાલિમર સાયન્સના મકાન અંગે જરૂરિયાતેાની નેાંધ લેવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪. યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર ટેકસ્ટાઈલ કેમિસ્ટ્રી, ફાર્માસ્યુટિકલ લેબેારેટરી તથા ઈન્ડસ્ટ્રિયલ એનાલિટિકલ લેબેારેટરીના મકાનબાંધકામ અંગે જુદા જુદા સ્થપતિ તરફથી આવેલા સ્કેચ પ્લાન પરત્વે વિચારણા કરવા બાબત.

આ અંગે લંબાણ ચર્ચાવિચારણા કરવામાં આવી તેના સંદર્ભમાં ઠરાવવામાં આવ્યું કે જે સ્થપતિઓએ પ્રેાફેશનલ એટિકેટના સંબંધમાં પ્લાન રજૂ કર્યા નથી તેઓએ આ અંગે સ્પષ્ટતા કરી પ્લાન આપવા જણાવવું.

પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી :

૫. યુનિવર્સિટી છાત્રાલયના "ઈ" બ્લોક પાસે ૧૦'×૧૨'નો એક સ્ટોર રૂમ બનાવવા માટે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી છાત્રાલયના "ઈ" બ્લોક પાસે ૧૨' × ૧૦'ની સાઈઝનો સ્ટોર રૂમ બનાવવાના કામ માટે આવેલાં બે ટેન્ડરો પૈકી સૌથી ઓછો ભાવ ભરનાર કૉન્ટ્રાકટર મે. સી. આર. કૉન્ટ્રાકટરનું રૂ. ૪,૦૩૭–૭૬નું ટેન્ડર મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૬. યુનિવર્સિટી કૅમ્પસમાં બંધાઈ રહેલા "ડી" ટાઈપ સ્ટાફ ક્વાર્ટર્સમાં કૉન્ટ્રાકટર મે. પટેલ ગાંધી એન્ડ કં. તરફથી આવેલા તા. ૧૩–૬–૧૯૭૫ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કૅમ્પસમાં બંધાઈ રહેલા "ડી" ટાઇપ સ્ટાફ ક્વાર્ટર્સમાંના બાંધકામ અંગે સુપરિ. એન્જિનિયર શ્રી. આર. જી. ભાટિયાની સલાહ લઈને ઘટતું કરવા કુલપતિશ્રીને સત્તા આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૭. યુનિવર્સિટીનાં છાત્રાલયો માટે ૧૨" × ૮"નો એક નવો ટ્યૂબવેલ બનાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના છાત્રાલય માટે નવો ટ્યૂબવેલ ૧૨" × ૮"નો બનાવવા અંગેનો પ્રસ્તાવ મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ટ્યૂબવેલ માટે ૧૨" × ૮"ની પાઈપ વગેરે અંગે ટેન્ડરો મંગાવવાં.

૮. યુનિવર્સિટી કૅમ્પસમાં બંધાઈ રહેલા કૉમ્પ્યુટર સેન્ટર તથા ટ્રસ્ટ ભવનના બાંધકામમાં વધારાના કામકાજના દર મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કૉમ્પ્યુટર સેન્ટર તથા ટ્રસ્ટ ભવનના બાંધકામમાં વધારાના કામકાજના દર આ સાથેની યાદી "અ" પ્રમાણે મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૯. યુનિવર્સિટી કૅમ્પસનાં મકાનો રંગવા તથા ધોળવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કૅમ્પસમાં આવેલાં મકાનો રંગવા તથા ધોળવા માટે વિગતવાર પ્રસ્તાવ અંદાજી ખર્ચ સાથે આગામી સભાગૃહ સમક્ષ રજૂ કરવો.

ત્યાર બાદ સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

પી. ડી. મિશ્રી
કુલસચિવ વતી.

यादी "अ"

Extra item rates in the work of Computer Centre, Gujarat University, Ahmedabad

Sr. No.	*Item*	*Quantity*	*Rate*	*Per*	*Amount*
	Note.—For all item details of architect should be attached.				
1.	Extra for tender item No. 11a **Mosaic tiles**	600 smt.	6—50	smt.	3,900—00
2.	Providing and fixing false ceiling, etc.	400 smt.	10—50	smt.	4,200—00
3.	Providing & fixing wooden frame, etc.	4 Nos.	44—00	No.	176—00
4.	Providing and fixing B. T. wood or Ply wood runner, etc.	160 RFT	8—00	RFT	1,280—00
5.	P & F M.S. grill	16 SFT	20—00	SFT	320—00
6.	R.C.C. Tank	1 No.	To be paid in tender items		
7.	P and constructing Brick Masonry Padastal, etc.	2 No.			
8.	BK Masonry Foundation Pump	1 No.	25—00	each	25—00
9.	S. F. bolt nuts, etc.	40 No.	7—00	No.	280—00
10.	P & Fixing Vertical Hangers for dual, etc.	12 No.	30—00	No.	360—00
				Rs. ...	10,541—00

यादी "अ–१"

Extra item rates in the work of Trust Bhavan Gujarat University, Ahmedabad–9.

Sr. No.	*Item*	*Quantity Rate*	*Per*	*Amount*
(1)	Providing and fixing Window with teak wood frame 6" × 2½" etc. (details as per Architects Description attached)	220 smt.	310–00 smt.	68,200–00
(2)	Extra over for tender item No. 11–a for approved Tiles due to change in colour and quantity of Mosaic tiles.	1,300 smt.	6–50 smt.	8,450–00
				76,650–00

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૨૪

ફાઇનાન્સ સમિતિની તા. ૯-૫-૧૯૭૫ની સભાની ભલામણો

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાનવિદ્યા ભવનના જુદા જુદા વિભાગો માટે જરૂરી રસાયણો ખરીદવા માટે મે. બી. ડી. એચ. એન્ડ ઈ. મર્ક. (ઇન્ડિયા) પ્રા. લિ. સાથે તા. ૧-૪-૧૯૭૫થી તા. ૩૧-૩-૧૯૭૬ સુધી રેઈટ કોન્ટ્રાક્ટ કરવો.

યુનિવર્સિટીના અધિકારીઓના રહેઠાણ પર રાખવામાં આવતા ટેલિફોનનાં બિલ તથા યુનિવર્સિટીનાં જુદાં જુદાં ભવનોમાં રાખવામાં આવતા ટેલિફોન અંગેની માહિતી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવી હતી અને ત્યાર બાદ વિચારણાને અંતે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવી કે એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૭-૪-૧૯૭૪ની સભાનો ઠરાવ નં. ૧૨૪ રદ કરવો. શ્રી. પરીક્ષા નિયામક અને શ્રી. વિકાસ અધિકારીની ફરજો તથા જરૂરિયાત જોતાં તેઓના નિવાસસ્થાને આપેલા ટેલિફોનનું બધું ખર્ચ યુનિવર્સિટીએ આપવું.

વધુમાં એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનના અધ્યક્ષો તથા ગ્રંથપાલશ્રીના નિવાસસ્થાને મંજૂર કરવામાં આવેલું ટેલિફોન અંગેનું ભાડાનું ખર્ચ (ફ્રી કોલ સાથેનું) યુનિવર્સિટીએ ભોગવવું. તે ઉપરાંતનું કોલનું જે બિલ આવે તે તેઓ પાસેથી લેવાનું રાખવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ધ"
કામકાજ ક્રમાંક ૪૪

ફાઇનાન્સ સમિતિની તા. ૧૭-૭-૧૯૭૫ની સભાની એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણો

૧. આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના જુદા જુદા વિભાગો માટે વૈજ્ઞાનિક સાધનો ખરીદવા માટે મે. સિસ્ટ્રોનિક્સ સાથે તા. ૩૦-૬-૧૯૭૬ સુધી રેઇટ કોન્ટ્રાક્ટ કરવો.

૨. ભારત સરકારના કેળવણી ખાતા તથા જોઈન્ટ બોર્ડ ઑફ પેપર ઇન્ડસ્ટ્રીઝ, ન્યૂ દિલ્હી તરફથી યુનિવર્સિટીને વેસ્ટ કોટન પેપર મિલ્સ મારફત પંદર મેટ્રિકટન કાગળ ઍલોટ કરવામાં આવ્યો તે ખરીદવા માટે કુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવી અને વધુમાં ભવિષ્યમાં સરકાર તરફથી કાગળનો જથ્થો ફાળવવામાં આવે તો તે ખરીદવા કુલપતિશ્રીને સત્તા આપવી એમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૪૭

કુલપતિશ્રીએ માન્ય કરેલા શિક્ષકોની યાદી

એચ. કે. કોમર્સ કોલેજ, અમદાવાદ

૧. શ્રી. આર. આર. ગાંધી	એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા	સિં. અધ્યા./૮/૯૯૮૧		૨૮-૫-'૭૫

ગુજરાત કોલેજ, અમદાવાદ

૨. શ્રી. આઈ. જી. શેખ	ફારસી અને ઉર્દૂના વ્યાખ્યાતા	,,	૯૯૮૩	૨૮-૫-'૭૫

એન. સી. ખોડીવાલા કોમર્સ કોલેજ, અમદાવાદ

૩. શ્રી. કે. એ. ઠક્કર	વેપારી કાયદાના ખંડ સમયના પ્રાધ્યાપક	,,	૧૦૨૫૮	૩૦-૫-'૭૫
૪. શ્રી. એસ. એમ. ડાભી	અંગ્રેજીના વ્યાખ્યાતા	,,	૩૦૪૮	૧-૧૧-'૭૫
૫. શ્રી. બી. પી. જોષી	એકાઉન્ટન્સીના ,,	,,	૯૯૭૯	૨૮-૫-'૭૫

તોલાણી આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, આદિપુર

૬. શ્રી. બી. પી. શર્મા	સંસ્કૃતના પ્રાધ્યાપક	,,	૦૩૦૫૦	૧-૫-'૭૫
૭. શ્રી. એન. બી. પટેલ	તત્ત્વવિજ્ઞાન-લોજિકના પ્રાધ્યાપક	,,	૦૩૦૫૦	૧-૧૧-'૭૫

સી. એન્ડ એસ. એચ. દેસાઈ આર્ટ્સ કોલેજ એન્ડ એસ. કે. દોશી કોમર્સ કોલેજ, બાલાસિનોર

૮. શ્રી. એમ. બી. શાહ	વેપારી કાયદાના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	૧૦૨૫૬	૩૦-૫-'૭૫

(**નોંધ.** — શ્રી. એમ. બી. શાહની નિમણૂક પશ્ચાત્વર્તી તા. ૧૫-૫-૧૯૭૨થી મંજૂર રાખવામાં આવી.)

૯. શ્રી. એ. એ. મલેક	અંગ્રેજીના વ્યાખ્યાતા	,,	૧૦૦૮૬	૩૦-૫-'૭૫
૧૦. શ્રી. સી. એસ. છત્રાવાળા	અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા	,,	,,	,,

૧૧.	શ્રી. આઈ. કે. પાઠક	સંસ્કૃતના વ્યાખ્યાતા	સિં.અધ્યા./૮/૧૦૦૮૬		૩૦-૫-૭૫
	(નોંધ. — શ્રી. સી. એસ. છત્રાવાળા અને શ્રી. આઈ. કે. પાઠકની નિમણૂક પશ્ચાત્વર્તી તા. ૧૫-૬-૧૯૭૨થી માન્ય કરવામાં આવી છે.)				
૧૨.	શ્રીમતી શૌ. દક્ષા જુલ્યસ	ગુજરાતીનાં ખંડ સમયનાં વ્યાખ્યાતા	,,	૦૮૨૭૯	૧૬-૬-'૭૫

સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડી (ઉ.ગુ.)

૧૩.	શ્રીમતી ભારતી ભાનુપ્રસાદ ત્રિપાઠી	માનસશાસ્ત્રનાં ખંડ સમયનાં વ્યાખ્યાતા	,,	૦૮૨૮૦	૧૬-૬-'૭૫

શ્રીમતી આર. ડી. શાહ આર્ટ્સ એન્ડ શ્રીમતી વી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકા

૧૪.	શ્રીમતી કલાવતી ભોગીલાલ પટેલ	સંસ્કૃતનાં વ્યાખ્યાતા	,,	૦૮૨૭૮	૧૬-૬-'૭૫
૧૫.	શ્રી. જી. આર. ત્રિવેદી	આંકડાશાસ્ત્રના ,,	,,	૧૩૭૯૨	૧૧-૬-'૭૫

આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદ

૧૬.	શ્રી. પી. એસ. પટેલ	અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા	,,	૬૨૭૦	૩૦-૪-'૭૫
૧૭.	શ્રી. બી. વી. રાવલ	એકાઉન્ટન્સીના ,,	,,	૧૩૭૯૧	૧૧-૬-'૭૫

દેસાઈ સી. એમ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામ

૧૮.	શ્રી. એમ. પી. ભાટિયા	આચાર્ય	,,	૧૩૬૧૩	૯-૬-'૭૫

શ્રી. એચ. એસ. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મેાડાસા

૧૯.	શ્રી. પી. સી. રાયજીવાળા	આચાર્ય	,,	૯૯૮૦	૨૬-૫-'૭૫

શ્રી. એન. એસ. પટેલ લૉ કૉલેજ, મેાડાસા

૨૦.	શ્રી. બી. એમ. કોઠારી	કાયદાના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	૧૦૨૫૭	૩૦-૫-'૭૫

લૉ કૉલેજ, ગોધરા (જિ. પંચમહાલ)

૨૧.	શ્રી. એસ. જી. પંડ્યા	કાયદાના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	૧૦૨૫૯	૩૦-૫-'૭૫
૨૨.	શ્રી. પી. એસ. તલાટી	કાયદાના ખંડ સમયના વ્યાખ્યાતા	સિં. અધ્યા./૮/૧૦૨૫૯		૩૦-૫-'૭૫

બોરસદ સાયન્સ એન્ડ લૉ કૉલેજ, બોરસદ (જિ. ખેડા)

૨૩.	શ્રી. કે. જે. શાહ	કાયદાના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	૧૦૨૬૦	૩૦-૫-'૭૫

મુનિ. ટ્રસ્ટ સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ :

૨૪.	શ્રી. જે. જે. દેસાઈ	અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક તેમ જ આચાર્ય	સિં. અધ્યા./૮/૬૨૬૯	૩૦-૪-'૭૫

એમ. એસ. ભગત એન્ડ સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદ

૨૫.	શ્રી. આર. એમ. સરૈયા	કાયદાના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	૧૦૨૬૧	૩૦-૫-'૭૫
૨૬.	શ્રી. એ. આર. શાહ	,, ,,	,,	૧૦૨૬૧	૩૦-૫-'૭૫

એમ. એન. કૉલેજ, વીસનગર

૨૭.	શ્રી. પી. એચ. શાહ	અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા	,,	૯૯૮૬	૨૮-૫-'૭૫

આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર

૨૮.	શ્રીમતી ભાવના એમ. મહેતા	હિન્દીનાં વ્યાખ્યાતા	,,	૯૯૮૫	૨૮-૫-'૭૫

એસ. એસ. મહેતા આર્ટ્સ એન્ડ એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગર

૨૯.	શ્રી. એન. આઈ. મહેતા	એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા	,,	૯૯૮૨	૨૮-૫-'૭૫

આર્ટ્સ કૉલેજ, સંખેડા

૩૦.	કુ. એચ. આર. ત્રિવેદી	અર્થશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	૬૨૭૧	૩૦-૪-'૭૫

વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન એન્ડ લૉ, મહેસાણા

૩૧.	શ્રી. એસ. એ. પટેલ	શિક્ષણના વ્યાખ્યાતા	,,	૦૩૦૪૯	૧-૫-'૭૫

વિવેકાનંદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ-૨૨

૩૨.	શ્રી. એચ. આર. મિશ્રા	વાણિજ્યના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	૧૩૬૨૦	૯-૬-'૭૫

આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પ્રાંતીજ :

૩૩.	શ્રી. એન. કે. શાહ	એકાઉન્ટન્સીના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	૧૩૬૧૯	૯-૬-'૭૫

આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા

૩૪.	શ્રી. ડી. વી. શાહ	એકાઉન્ટન્સીના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	૧૩૬૫૫	૯-૬-'૭૫
૩૫.	શ્રી. એસ. કે. જયસ્વાલ	એકાઉન્ટન્સીના ખંડ સમયના ટ્યૂટર	,,	,,	,,

વાય. એસ. આર્ટ્સ એન્ડ કે. એસ. શાહ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયા

૩૬. શ્રી. એમ. એ. શાહ	કૉમર્સ એન્ડ એકાઉન્ટ-	સિં. અધ્યા./૮/૧૩૬૫૫		૯-૬-'૭૫
	ન્સીના ખંડ સમયના વ્યાખ્યાતા	૧૩૬૧૮		૯-૬-'૭૫

તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુર (કચ્છ)

૩૭. શ્રી. આર. એમ. પટેલ	એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા	,,	૧૩૬૧૭	૯-૬-૧૯૭૫

એમ. ડી. શાહ કૉમર્સ એન્ડ બી. ડી. પટેલ આર્ટ્સ કૉલેજ, મહુધા

૩૮. શ્રી. યુ. એચ. પટેલ	એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા	,,	૧૩૬૧૬	૯-૬-૧૯૭૫

વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ લૉ, અમદાવાદ-૨૨

૩૯. શ્રી. જે. પી. લંગાલિયા	કૉમર્સના પ્રાધ્યાપક	,,	૧૩૬૧૫	૯-૬-૧૯૭૫

પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ-૭

૪૦. શ્રીમતી લીલાબહેન એચ. દેસાઈ	રસાયણવિજ્ઞાનનાં વ્યાખ્યાતા	,,	૦૨૬૨૪	૨૨-૪-૧૯૭૫

આર. આર. લાલન કૉલેજ, ભૂજ

૪૧. શ્રી. બી. એ. પરમાર	આંકડાશાસ્ત્રના ટ્યૂટર	,,	૦૨૬૨૫	,,
૪૨. શ્રી. સી. એસ. મહેતા	રસાયણશાસ્ત્રના ટ્યૂટર	,,	૦૨૬૨૫	,,

જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ

૪૩. શ્રી. એન. એલ. નાયક	આચાર્ય	,,	૦૨૬૨૬	,,

પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ-૭

૪૪. શ્રી. જી. જી. દવે	ગણિતશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	૦૨૬૨૭	,,

(નોંધ. — નિમણૂક પશ્ચાત્વર્તી તા. ૧૫-૬-૧૯૭૩ થી માન્ય.)

૪૫. શ્રી. એમ. જી. પટેલ	રસાયણવિજ્ઞાનના પ્રાધ્યાપક	,,	,,	,,

એચ. કે. કૉમર્સ કૉલેજ, અમદાવાદ

૪૬. શ્રી. પી. આઈ. ઓઝા	આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતા	,,	૦૨૬૩૦	,,

સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ

૪૭. શ્રી. પી. બી. ડાકોર	ભૌતિકશાસ્ત્રના ખંડ સમયના ડેમોન્સ્ટ્રેટર	,,	૦૨૬૩૧	,,

વાય. એસ. આર્ટ્સ એન્ડ કે. એસ. શાહ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયા

૪૮. શ્રી. જી. એન. શાહ	આંકડાશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા	સિં. અધ્યા./૮/૦૨૬૨૮		૨૨-૪-૧૯૭૫

આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા

૪૯. શ્રી. પી. સી. રાણા	આંકડાશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	૦૨૬૨૯	,,

શાહ સી. કે. કૉમર્સ કૉલેજ, કલોલ

૫૦. શ્રી. એમ. આઈ. પટેલ	ગણિતના વ્યાખ્યાતા	,,	૯૯૮૪	૨૮-૪-૧૯૭૫

આ અગાઉ માન્ય થયેલા અને જેમના પદમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર થયો નથી અને જેમની નિમણૂકની નોંધ લેવાની છે તેવા શિક્ષકોની યાદી

ગુજરાત કૉલેજ, અમદાવાદ

૧. શ્રી. એન. એસ. શુકલ	સમાજશાસ્ત્રના ટ્યૂટર	સિં. અધ્યા./૮/૧૩૬૧૪		૯-૫-૧૯૭૫

શ્રી. એચ. એસ. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મેાડાસા

૨. શ્રી. ડી. વી. વસાવડા	એકાઉન્ટન્સીના ખંડ સમયના પ્રાધ્યાપક	,,	૯૫૭૮	૨૭-૫-૧૯૭૫

શ્રીમતી બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાત

૩. શ્રી. એન. આર. કલ્યાણી	શિક્ષણના પ્રાધ્યાપક	,,	૧૭૨૦૨	૨૧-૬-૧૯૭૫

સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડી

૪. શ્રી. એસ. એચ. પટેલ	કૉમર્સના ટ્યૂટર	,,	૭૭૬૪	૧૩-૫-૧૯૭૫

સી. એન્ડ એસ. એસ. દેસાઈ આર્ટ્સ કૉલેજ એન્ડ એલ. કે. દોશી કૉમર્સ કૉલેજ, બાલાસિનોર

૫. શ્રીમતી ક્ષમાદેવી રામપ્રસાદ વ્યાસ	અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા	,,	૬૫૧૧	૨-૫-૧૯૭૫

કુલપતિશ્રીએ અમાન્ય કરેલા શિક્ષકોની યાદી

ડીસા નગરપંચાયત આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ડીસા

૧. કુ. ઉષાબહેન સી. ગાંધી	અર્થશાસ્ત્રનાં વ્યાખ્યાતા	બી.એ. તથા એમ.એ. બંને પદવીઓ પાસ વર્ગમાં ધરાવતાં હોવાથી	સિં.અધ્યા./૮/૯૯૮૭, તા. ૨૮-૫-'૭૫

શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી (કચ્છ)

૨. કુ. કીર્તિદા પી. વોરા	અર્થશાસ્ત્રનાં ખંડ સમયના વ્યાખ્યાતા	જરૂરી શૈક્ષણિક અનુભવ ધરાવતા નહિ હોવાથી	સિં.અધ્યા./૮/૬૨૭૩	તા. ૩૦-૪-'૭૫

પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલડી, અમદાવાદ

૩. શ્રી. જી. એચ. દારૂવાલા	અંગ્રેજીના ખંડ સમયના ટ્યૂટર	અનુસ્નાતક પદવી ધરાવતા નહિ હોવાથી	સિં. અધ્યા./૮/૬૨૭૨	તા. ૧૦-૪-૧૯૭૫

પરિશિષ્ટ "છ"
કામકાજ ક્રમાંક ૫૯

એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી કાનૂનવિષયક (લિગલ) સમિતિની સભા શનિવાર, તા. ૫-૭-૧૯૭૫ના રોજ સાંજના ૫-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં નીચેના કામકાજની વિચારણા માટે મળી હતી, જેમાં હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ, કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. એમ. એસ. પંડિત	હાજર
૩. શ્રી. આઈ. એમ. નાણાવટી	ગેરહાજર
૪. શ્રી. મનુભાઈ ડી. પંચોલી	હાજર
૫. આચાર્ય એન. એસ. પંડ્યા	હાજર
૬. શ્રી. ચંદ્રકાન્ત દરૂ	ગેરહાજર
૭. આચાર્ય વી. આર. રણદીવે	ગેરહાજર.

પ્રમુખસ્થાન કુલપતિશ્રીએ સંભાળ્યું હતું.

૧. તા. ૨૯-૪-૧૯૭૫ના રોજ મળેલી સ્થાયી કાનૂનવિષયક સમિતિની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૨૯-૪-૧૯૭૫ના રોજ મળેલી સ્થાયી કાનૂનવિષયક (લિગલ) સમિતિની સભાની નોંધને મંજૂર કરવામાં આવી તથા કુલપતિશ્રીએ તેના પર સહી કરી.

૨. તોલાણી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, આદિપુરના પ્રો. આર. કે. શાસ્ત્રીના કેસ બાબતમાં કૉલેજના પ્રતિનિધિની રજૂઆત સાંભળીને તે કેસમાં ઘટતો અભિપ્રાય આપવા બાબત.

આચાર્યશ્રી એમ. ડી. પંચોલીને રૂબરૂ મળવા પ્રો. આર. કે. શાસ્ત્રીને જણાવ્યા છતાં તેઓ હજુ સુધી મળ્યા નથી તો આ બાબતમાં હવે વિશેષ કાંઈ કરવાની જરૂર જણાતી નથી એમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩. સ્થાયી કાનૂનવિષયક સમિતિની તા. ૧૦-૫-૧૯૭૪ની ભલામણ જે એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૮-૫-૧૯૭૪ની સભામાં મંજૂર કરવામાં આવી તે અનુસાર સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસામાંથી છૂટા કરવામાં આવેલા ભૌતિકશાસ્ત્રના ડેમોન્સ્ટ્રેટર શ્રી. ગોવિંદભાઈ પટેલને ખંડ સમયના ડેમોન્સ્ટ્રેટરની નિમણૂકમાંથી મુક્ત કરી શકાય નહિ તેમ કૉલેજને જણાવતાં શ્રી. મથુરદાસ એલ. ગાંધી હાયર એજ્યુકેશન સોસાયટી, મોડાસાના માનદ મંત્રીશ્રી તરફથી આવેલ તા. ૧૪-૮-૧૯૭૪ના પત્રથી શ્રી. ગોવિંદભાઈ પટેલને નોકરીનું સાતત્ય જળવાય તે રીતે નોકરીમાં લેવા માટે ઇન્કાર નહિ કરવા વિનંતી કરી છે તો તે પર વિચારણા કરવા બાબત.

ડેમોન્સ્ટ્રેટર શ્રી. ગોવિંદભાઈ પટેલ અને કૉલેજ તરફથી જવાબ ન આવ્યો હોય તો મંગાવવો. દરમ્યાન આ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪. યુનિવર્સિટી કૉર્ટની તા. ૧૩/૧૪/૧૫-૬-૧૯૭૪ની સભામાં કૉલેજનું સંચાલન ટ્રસ્ટને બદલે સોસાયટીઓ દ્વારા થવું જોઈએ તે મતલબના ગુજરાત યુનિવર્સિટી કૉર્ટની સભામાં થયેલ સૂચનો ઉપર વિચારણા કરી પોતાનો અહેવાલ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૪-૮-૧૯૭૪ની સભામાં નીમેલ સમિતિની ભલામણ અન્વયે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨-૧૧-૧૯૭૪ની સભામાં લિગલ કમિટીના અભિપ્રાય માટે મોકલવા ઠરાવ્યું હોઈ તે પર વિચારણા કરવા બાબત.

કૉલેજસંચાલન માટે કાયદેસર સ્થપાયેલ ટ્રસ્ટ અગર સોસાયટી બન્ને ચાલી શકતા (Permissible) હોઈ, આ બાબતમાં કાંઈ કરવાની જરૂર નથી.

૫. એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૭-૧૨-૧૯૭૪ની સભામાં નીચેના બાબત કાનૂનવિષયક સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટીના બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓ માટે ટ્રિબ્યુનલ ઑફ આર્બિટ્રેશનની જોગવાઈ કરવા માટે ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘના તા. ૧૯-૧૧-૧૯૭૪ના પત્ર ક્રમાંક ૧૧૮૮ ઉપર વિચારણા કરવા બાબત.

આ બાબત રાજ્ય સરકારના કાયદા ખાતાને ઘટતું કરવા મોકલી આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૬. ગાંધીધામ કૉલેજિયેટ બોર્ડ સંચાલિત (૧) તોલાણી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, આદિપુર તથા તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુર અને (૨) સૈફી જ્યુબિલી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુરને અનુક્રમે ભાષાની તથા ધાર્મિક લઘુમતી ગણવા તથા ભારતની વરિષ્ઠ અદાલતના ચુકાદાને કારણે ઉપરની જણાવેલી ભાષાની-ધર્મની લઘુમતી કૉલેજોને તા. ૧૨મી માર્ચ ૧૯૭૩થી સુધારવામાં આવેલા ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમો ૩૩-એ, ૪૦-૪, ૫૧-એ ૧(બી), ૫૧-એ(૨)(બી), અને ૫૨-એના પાલનમાંથી મુક્તિ આપવા અંગે સદરહુ કૉલેજ તરફથી આવેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

રાજ્ય સરકારના કાયદા ખાતાને તેમના અભિપ્રાય અર્થે મોકલી આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૭. બોર્ડ ઑફ સ્ટડીઝના સભ્યોની નિમણૂક ત્રણ વર્ષ માટે હોય છે, તે ધ્યાનમાં રાખીને જો બોર્ડ ડિઝોલ્વ (Dissolve) થઈ શકતું હોય તો વાંધો નથી. છતાં ડિઝોલ્વ (Dissolve) કરવાની કાયદેસરતા વિચારવા અંગે ઈજનેરી વિદ્યાશાખાના ડીનશ્રીના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

અભ્યાસસમિતિ ૩ વર્ષ માટે કાયદેસર અસ્તિત્વ ધરાવતી હોઈ, તેની સભ્યસંખ્યા પાંચ કરતાં ઓછી થાય તોપણ તે વિસર્જિત (Dissolve) થતી નથી.

૮. તા. ૧૩/૧૪/૧૫–૬–૧૯૭૪ના રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની સભામાં થયેલ નીચેનું સૂચન એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૮–૨–૧૯૭૫ની સભામાં સ્થાયી કાનૂનવિષયક સમિતિને વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટી કોર્ટનું સૂચન

"કૉલેજના ઑડિટેડ હિસાબો રજૂ કરવા માટે કૉલેજોને જણાવી શકાય તે માટે ઑર્ડિનન્સ ઘડવો જોઈએ."

ઑ. ૯૬ હેઠળ આ માહિતીનો સમાવેશ થતો હોઈ બીજું કાંઈ કરવાની જરૂર નથી.

૯. લૉ કૉલેજ, મોડાસાના આચાર્યપદેથી છૂટા કરાયેલ શ્રી. એ. જે. પંડ્યાના તા. ૧૮-૨-૧૯૭૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આચાર્યશ્રી એ. જે. પંડ્યા લૉ કૉલેજ, મોડાસાના આચાર્યપદેથી છૂટા થયા છે, તથા લૉ કૉલેજ, ઊંઝામાં આચાર્યપદે જોડાયા હોઈ અને તે નિમણૂક માન્ય થઈ છે, તેથી આ બાબતમાં કંઈ કરવાનું રહેતું નથી એમ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૦. ટ્રાન્ઝિટરી ઑર્ડિનન્સ એકસ–૧ને તા. ૮–૫–૧૯૭૫ની એક્ઝિકયુટિવ કાઉન્સિલની સભામાં રદ કરવાનું ઠરાવ્યું હોઈ આ ઑર્ડિનન્સ આધારે જે વિદ્યાર્થીએ—

(૧) ૧૯૭૩–૭૪ના વર્ષ દરમ્યાન ઉપરના વર્ગમાં ચઢાવ્યાનું પ્રમાણપત્ર આચાર્ય પાસેથી મેળવ્યું હોય કે,

(૨) ૧૯૭૩-૭૪ના વર્ષમાં સત્ર/સત્રો ભર્યાં હોય અને જે તે પરીક્ષા માટે માન્ય થયા હોય, પરંતુ ઉપલા વર્ગમાં ચઢાવ્યાનું પ્રમાણપત્ર મેળવ્યું ન હોય કે,

(૩) ૧૯૭૩–૭૪ના વર્ષમાં યુનિવર્સિટી કૉલેજે લીધેલ જે તે પરીક્ષામાં બેઠા હોય અથવા પરીક્ષામાં બેસવા નિયત ફૉર્મ–ફી ભર્યાં હોય તો ઉપરોક્ત ઑર્ડિનન્સના આધારે તેને ઉપરના વર્ગમાં જવા માટે હક પ્રાપ્ત થયો ગણાય કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

શૈક્ષણિક વર્ષ ૧૯૭૩–૭૪ દરમ્યાન ગુજરાતભરમાં વ્યાપક રીતે થયેલા આંદોલનના સંદર્ભમાં યુનિવર્સિટીના નિર્ણય મુજબ આ યુનિવર્સિટીના જે વિદ્યાર્થીઓએ ૧૯૭૪–૭૫ના શૈક્ષણિક વર્ષમાં જરૂરી સત્રો ભર્યાં હોય અગર તો અગાઉ ભરેલાં સત્રોને આધારે ઉપલા વર્ગમાં ચઢાવ્યા અંગેનું પ્રમાણપત્ર આચાર્યશ્રી પાસેથી મેળવ્યું હોય તેઓ, ૧૯૭૪–૭૫ના શૈક્ષણિક વર્ષમાં ઉપલા વર્ગમાં દાખલ ન થયા હોય તોપણ, આ વર્ષે કે ભવિષ્યમાં ઉપલા વર્ગમાં અભ્યાસ કરવા માટે પ્રવેશપાત્ર ગણાશે.

૧૧. ગુજરાત યુનિવર્સિટીના નવા ધારાના શેડ્યુલ *II*ના સ્ટે. ૬માં દર્શાવ્યા પ્રમાણે યુનિવર્સિટી બોર્ડ ફૉર સ્ટુડન્ટ્સ વેલ્ફેરની રચના ઑ. ૫૧–એ પ્રમાણે પ્રત્યેક કૉલેજના વિદ્યાર્થીમંડળના સભ્યો દ્વારા કરવાની હોય છે. અને વિદ્યાર્થીમંડળના બંધારણ માટે ઑ. ૫૧–એ માં જે માર્ગદર્શન છે તે

સિવાયના નિયમો ગયા વર્ષના હાઇકોર્ટના ચુકાદાના અનુસંધનમાં કૉલેજે પોતે કરવાના થાય છે. આના સંદર્ભમાં નીચેના પ્રશ્નો પર વિચારણા કરવા બાબત :

૧. કોઇ કૉલેજ વિદ્યાર્થીમંડળનું સભ્યપદ પોતાની કૉલેજમાં મરજિયાત ધોરણે રાખી શકે કે કેમ ?

૨. વિદ્યાર્થીમંડળની ફી જે તે કૉલેજે લેવી અનિવાર્ય છે કે કેમ ?

આ બાબતમાં શું કરવું તે દરેક કૉલેજ/ભવન/માન્ય સંસ્થાએ પોતા પૂરતું વિચારીને નિર્ણય લેવાનો રહે છે. આ વિદ્યાર્થી પ્રતિનિધિની ચૂંટણી માટેની વિદ્યાર્થીમંડળના સભ્યોની નામાવલી યુનિવર્સિટી કાર્યાલયને નિયમ મુજબ કૉલેજે મોકલવાની રહે છે.

૧૨. સંલગ્ન કૉલેજોના ગવર્નિંગ બોડી અંગેનો પ્રશ્ન ભારતની વરિષ્ઠ અદાલત સમક્ષ પડેલો છે તેના સંદર્ભમાં કૉલેજોની ગવર્નિંગ બોડીની રચના અંગે હાલ પૂરતો આગ્રહ રાખવો નહિ તેમ એક્ઝિકયુટિવ કાઉન્સિલની તેની તા. ૧૨-૪-૧૯૭૫ની સભામાં ઠરાવ્યું છે. તેના સંદર્ભમાં જો કોઈ સંલગ્ન કૉલેજ તરફથી યુનિવર્સિટી ધારાની કલમ ૩૩-એ અનુસાર યુનિવર્સિટી પ્રતિનિધિની નિમણૂક તેના "ગવર્નિંગ બોડી" પર કરવાના પ્રશ્ન અંગે વિચારણા કરવા બાબત.

નોંધ.—વરિષ્ઠ અદાલતે (સુપ્રીમ કોર્ટે) નીચે મુજબ હુકમ આપ્યો છે :

Upon hearing counsel, the Court directed issue of Rule Nisi Interim Stay Order made absolute.

Further implementation of Section 33-A after the constitution of the Governing Body is also stayed."

આ બાબત સુપ્રીમ કોર્ટમાં થયેલ રિટમાં હોઇ, હાલ સબજ્યુડાઇસ થાય છે, તેથી આ બાબતમાં કાંઇ કરવાની જરૂર નથી.

૧૩. સ્ટેટયૂટ ૧૪-સી અંગે વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટી કોર્ટની તા. ૨૯-૩-૧૯૭૫ની સભા સમક્ષ આ સાથે જોડેલ સ્ટે. ૧૪-સી વિચારણા માટે હતો, પરંતુ સંજોગોવશાત્ યુનિવર્સિટી કોર્ટનું કામકાજ બંધ થવાથી તે વિચારી શકાયો ન હતો. યુનિવર્સિટી કોર્ટ પર ૧૨ વિદ્યાર્થી પ્રતિનિધિઓની ચૂંટણી કરવાની હોઇ અને રાજ્ય સરકાર જણાવે છે કે સ્ટે. ૧૪-સી મંજૂર કરવાની કાર્યવાહી તેઓ કરી શકે તેમ ન હોઇ અને નવું શૈક્ષણિક વર્ષ હવે શરૂ થતાં સ્ટે. ૧૪-સીમાં તાત્કાલિક સુધારો કરવાની જરૂર છે તે જોતાં સુધારેલો સ્ટે. ૧૪-સી (આ સાથે પરિશિષ્ટ "અ" તરીકે સામેલ છે.) યુનિવર્સિટી ધારાની કલમ ૧૧(૪) અન્વયે મંજૂર કરવા માટે કુલપતિશ્રીને ભલામણ છે.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભો. કે. શાહ
કુલસચિવ વતી.

परिशिष्ट "अ"

St. 14-C :

1. Election of eleven representatives of students on the Court to be made under sub-section (*B*) (*i*) (*a*), (*b*) and (*c*) under Class II–Ordinary Members of Section 16 (1) shall be held in the manner prescribed herebelow :

(*A*) (*i*) Any post-graduate student who is duly enrolled as such as on 15th July of an academic year or such other date as may be fixed by the Vice-Chancellor, if in his opinion, such a change in the date is necessary, at a post-graduate school or a recognised institution, or at a post-graduate centre of the University, as the case may be,

and

(*ii*) Any undergraduate student who is duly enrolled as such at any affiliated college as on 15th July of an academic year or such other date as may be fixed by the Vice-Chancellor, if in his opinion, such a change in the date is necessary,

shall be entiteled to stand as a candidate by submitting his nomination paper in the prescribed form, duly proposed by one of his fellow-students and duly seconded by one of his fellow-students at his post-graduate school/recognised institution/post-graduate centre at an affiliated college, as the case may be. His nomination paper shall contain a certificate duly signed by the Director of his post-graduate school or Professor-in-charge of his post-graduate centre or Head of his recognised institution or by the Principal of his college, as the case may be, certitying his enrolment as above. On such nomination and certificate being submitted, he shall be held eligible to stand as a candidate for election to—

(*a*) one of the three seats meant for post-graduate students in the Faculty of (*i*) Arts including Education, or (*ii*) Science, or (*iii*) Commerce as the case may be;

or

(*b*) one of the three seats meant for under-graduate students in the Faculty of (*i*) Arts including Education, or (*ii*) Science, or (*iii*) Commerce as the case may be;

or

(*c*) one of the five seats meant for post-graduate and under-graduate students jointly in the Faculties other than the Faculties of (*i*) Arts including Education, (*ii*) Science, and (*iii*) Commerce, as the case may be :

Provided that no student shall be held eligible to stand as a candidate for a seat meant for any faculty other than the one in which he has been enrolled as a student. In the event, however, of a student enrolled in more than one faculty, he shall file his nomination for one and only one of his faculties, from which he is eligible and desires to contest, and in the event of his nomination being found to have been filed from more than one faculty, the Vice-Chancellor shall, if such a situation is brought to this notice, from which one faculty he will contest, and Vice-Chancellor's decision in this respect shall be final.

(*B*) There shall be a Students' Union in each University School, in each Affiliated College and in each Recognised Institution. For the purpose of voting for election for eleven members as students' representatives on the Court, the Students' Union of every post-graduate school, the Students' Union of every recognised institution and the Students' Union of every affiliated college shall be entitled to elect any of the students of the post-graduate school or post-graduate centre, or recognised institution or the college, as the case may be, as their representative voters to elect student's representatives on the Court in the manner specified herebelow :

(*i*) (*a*) A post-graduate school or a post-graduate centre or a recognised Institution of the University with an enrolment of students not exceeding 50 as on 15th July of the year of election or on such date as may be fixed by the Vice-Chancellor as stated above—one voter.

(*b*) For a post-graduate school or a post-graduate centre or a recognised institution with an enrolment of more than 50 students as on 15th July of the year of election or on such

date as may be fixed by the Vice-Chancellor as stated above—one voter for every 50 students.

(*ii*) In case of an affiliated college, one voter for every 50 students enrolled as on 15th July of the year of election or on such date as may be fixed by the Vice-Chancellor as stated above.

(*iii*) The voters mentioned in (*i*) and (*ii*) above shall be elected by ballot by the Students' Union concerned of each of the post-graduate schools or recognised institutions or affiliated colleges, as the case may be.

(*iv*) (*a*) Heads of the post-graduate schools, the Principals of the colleges or the Heads of the recognised institutions where post-graduate eentres have been instituted and Principals of affiliated colleges, as the case may be, shall arrange to hold election of the voters as contemplated in (*i*) and (*ii*) of (*B*) above and shall send intimation to the Registrar so as to reach him not later than the 31st of July every year or on any of the date fixed by the Vice-Chancellor in his opinion if found necessary to change the date, of the full names (beginning with surname), the names of their faculties and addresses of the University School / Post-graduate Centres / Colleges / Recognised Institutions. as the case may be, of voters duly elected as per provisions contained in (*i*) and (*ii*) of (*B*) above. The list of the voters so received by the University shall, notwithstanding anything contained elsewhere constitute the Electoral Roll for the respective constituencies, as provided in Section 16—Class II—B (*i*), (*b*) and (*c*) of the Act.

(*b*) The date of election of students' representatives one the University Court shall be as fixed by the Vice-Chancellor.

(*c*) Publication of the Electoral Rolls, announcement on the Notice Board that the Rolls are ready, and publication of the Notice of the Election in the newspapers selected by the Vice-Chancellor shall be made at least 30 clear days before the date of election.

(*d*) The Vice-Chancellor shall have the authority to correct the Rolls, if any omission or wrong entry is brought to his notice at least 21 clear days before the date of election. The Vice-Chancellor's decision in the matter shall be final.

(*e*) The last day of receiving nomination papers from any student shall be at least 15 clear days before the date of election.

(*f*) The scruting of nominations, withdrawal thereof and intimation of valid nomination shall be as per Statutes 149, 150, and 151, in so far as they are applicable.

(*v*) In case of any dispute or doubt in respect of the election of voters as mentioned in the above sub-clauses, the decision of the Head of the University School of Principal of the college or the Head of the recognised institution concerned, as the case may be, shall be final.

(*vi*) Election from this constituency shall be held by ballot at Polling Centres as fixed by the Vice-Chancellor for the same and in the notice of election, centres and places of election shall be notified where the voters will be required to go in person to vote. The holding of election and its procedure will be as per St. 162.

(*vii*) Every voter will be eligible to vote at an election only on production of an identity card (bearing his full name and recent photograph) issued by the Principals of the respective colleges. Heads of the recognised institutions, or Directors of the University Schools, as the case may be. It is further provided that no voter shall be permitted to vote at a polling centre other than the one fixed in the town, in which, as his college or institution or the post-graduate centre as the case may be, where he is already enrolled as a student is situated.

2. Eleven representatives of students on the Court shall be elected in such a manner that at least one representative of students from each faculty or each group of faculties, if any such groups are formed, gets its representation in the Court.

3. Notwithstanding anything contained elsewhere it shall be competent for the Vice-Chancellor to make such suitable modifications in the time schedule for the various processes in the election as he deems necessary in the circumstances so require,

પરિશિષ્ટ "જ"
કામકાજ ક્રમાંક ૬૩

બાંધકામ સમિતિની એક સભા તા. ૧૭-૭-૧૯૭૫ ને ગુરુવારના રોજ બપોરના ૩-૩૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી તેમાં હાજરી નીચે મુજબ હતી :

૧.	કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. નવનીતલાલ સા. શોધન	ગેરહાજર
૩.	શ્રી. આર. જી. ભાટિયા	હાજર
૪.	શ્રી. કિશોરચંદ્ર સંઘાણી	હાજર
૫.	શ્રી. એમ. સી. શાહ	હાજર
૬.	ડૉ. આર. સી. સેાનપાલ	હાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૧૩-૬-૧૯૭૫ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૧૩-૬-૧૯૭૫ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તેના પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર ટેકસ્ટાઈલ કેમિસ્ટ્રી, ફાર્માસ્યુટિકલ લેબોરેટરી તથા ઇન્ડસ્ટ્રિયલ એનાલિટિકલ લેબોરેટરીના બાંધકામ માટે જુદા જુદા સ્થપતિ તરફથી આવેલા સ્કેચ પ્લાન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૩. યુનિવર્સિટીની જમીનની આસપાસ વાયર ફેન્સિંગ કરવાના કામ માટે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની માલિકીની જમીનની આસપાસ તારની વાડ (વાયર ફેન્સિંગ)ના કામ માટે આવેલાં કુલ નવ ટેન્ડરો પૈકી સમગ્ર રીતે વિચારણા કર્યા બાદ ઠરાવવામાં આવ્યું કે સૌથી નીચા ભાવ ભરનાર મે. શાંતિલાલ હરિલાલ શાહે વાયર ફેન્સિંગનું કોઈ કામ યુનિવર્સિટીમાં કરેલું નથી, તે જોતાં મે. સી. આર. કૉન્ટ્રાકટે યુનિવર્સિટીમાં આ જાતનું ઘણું કામ કર્યું છે, તેથી (તેઓનું) રૂ. ૫૧,૬૮૦ બાદ ૧૦.૮ ટકાનું ટેન્ડર મંજૂર કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪. યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર બેંકના મકાનના બાંધકામ અંગે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર બેંકના મકાનના બાંધકામ માટે આવેલાં ચાર ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવ ટાંકનાર પેઢી મે. કનડા એન્જિનિયરિંગ કં.નું રૂ. ૨,૫૦,૧૦૦નું ટેન્ડર મંજૂર કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૫. યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર સરદાર સ્મારક વાચનકેન્દ્રના મકાનના બાંધકામ અંગે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર સરદાર સ્મારક વાચનકેન્દ્રના બાંધકામ માટે આવેલાં ટેન્ડર પૈકી કોટચર્ક કન્સ્ટ્રકશનને જણાવવું કે તને એક વખત ટેન્ડર ભર્યા પછી પાછું ખેંચી લઈ શકો નહિ. આ કામ યુનિવર્સિટી તેઓને આપવા માગે છે તો તેઓ એક અઠવાડિયામાં આ કામ માટેની સ્વીકૃતિ (Confirmation) મોકલી આપે અને ન આપે તો ઘટતી નોટિસ આપી તેઓની ડિપોઝિટ જપ્ત કરવી તથા બ્લેક લિસ્ટમાં દાખલ કરવાની કાર્યવાહી કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(૨) ઉપર નં. ૧માં જણાવ્યા મુજબ કોટચર્ક કન્સ્ટ્રકશનને આ કામ આપી શકાય નહીં તો આ કામ માટે આવેલાં કુલ પાંચ ટેન્ડરો પૈકી કોટચર્ક કન્સ્ટ્રકશન કં. જે આ કામ ન સ્વીકારે તો તે સિવાય બાકીની પાર્ટીઓ પાસેથી ફરીથી ભાવ મંગાવવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૬. સ્પેસ સાયન્સના મકાન માટે કેબિન બનાવવાના કામ માટે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્પેસ સાયન્સના મકાન માટે કેબિન બનાવવાના કામ અંગે આવેલાં બે ટેન્ડરો પૈકી મે. હેલન કોર્પોરેશને અર્નેસ્ટ મનીની રકમ ભરી નથી તેથી તે અંગેનું ટેન્ડર ગણતરીમાં લેવું નહીં અને આ કામ માટે સી. આર. કોન્ટ્રાક્ટરનું રૂ. ૬,૪૮૨-૦૩ પૈ. બાદ ૧૦ ટકાનું ટેન્ડર મંજૂર કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે મે. હેતલ કોર્પોરેશને બીજા ટેન્ડર સાથે ભરેલો ચેક પરત આવેલો તે જોતાં તેઓનું નામ બ્લેક લિસ્ટમાં મૂકવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

પરિશિષ્ટ "ઝ"

કામકાજ ક્રમાંક ૬૫

ખેતી અને સંશોધન અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૮-૬-૧૯૭૫ની સભામાં નીમેલી સમિતિની એક સભા તા. ૨-૭-૧૯૭૫ના રોજ ૪ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ, કુલપતિશ્રી	હાજર
૨. ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહ	હાજર
૩. આચાર્ય એમ. સી. શાહ	હાજર
૪. શ્રી. એમ. એસ. પંડિત	હાજર.

૧. વૈજ્ઞાનિક તથા ઔદ્યોગિક અનુસંધાન પરિષદ (સી.એસ.આઈ.આર.) નો તા. ૧-૭-૧૯૭૫નો પત્ર સમિતિ સમક્ષ મૂકવામાં આવ્યો હતો. ત્યાર બાદ લંબાણપૂર્વક વિચારણા કર્યા બાદ નીચે પ્રમાણે ભલામણ કરવામાં આવી :

ગત સાલના દુષ્કાળના વિશિષ્ટ સંજોગોમાં યુનિવર્સિટીનો પડતર જમીન પર સદ્‌વિચાર પરિવારના સહયોગથી પરિવારગૃહ તરફથી પશુકેન્દ્રને ઘાસચારાવૃદ્ધિ કરવામાં આવી તેમાં સદ્‌વિચાર પરિવારે જે ધગશ ને રસથી આ કાર્ય કર્યું તે બદલ આ સમિતિ યુનિવર્સિટી વતી હૃદયપૂર્વક આભાર માને છે. ઘાસ-ઉછેરનું કાર્ય કરવાની સરકારની પરવાનગી દુષ્કાળ પૂરતી સીમિત હોઈ નવા વરસે એ સહકાર ચાલુ રાખી શકાશે નહીં તેની જાણ સમિતિ સદ્‌વિચાર પરિવારને કરવી અને એમનો ખાસ આભાર માનવો.

૨. સી.એસ.આર.આઈ. તરફથી સિમકો સેન્ટરના સ્થાન અંગે કુલપતિશ્રીએ આજે લખેલ પત્ર નં. ૭-૫૪-૭૫-એલ, તારીખ ૧-૭-૧૯૭૫માં જણાવ્યા મુજબ યુનિવર્સિટીની પડતર રહેલી જમીનમાં મેડિસિનલ પ્લાન્ટ્સ અને એગ્રિકલ્ચર અંગે એક કેન્દ્ર ઊભું કરવું. આ અંગે સી.એસ.આર.આર સાથે તથા રાજ્ય સરકાર સાથે ગ્રાન્ટ માટે પત્રવ્યવહાર કરવો.

૩. દરમિયાન યુનિવર્સિટીના બોટાની વિભાગ તરફથી જે રિસર્ચ પ્રોજેક્ટ હાથ ઉપર લીધા છે તે અંગેનું કામકાજ હાલ આ જમીન ઉપર કરવું અને આ માટે યુનિવર્સિટીએ પોતાના તરફથી જરૂર પ્રમાણે હંગામી દૈનિક ધોરણે માણસો રાખીને કામ કરાવવાનું રાખવું.

૪. યુનિવર્સિટી જમીનનો સુયોગ્ય રીતે કબજો સચવાય તથા ભેલાણ વગેરે થાય નહીં તે માટે તાત્કાલિક યુનિવર્સિટીની જમીન ઉપર વાયર ફેન્સિંગ કરવું તથા તે માટે જરૂર પડે તો ચોકીદાર વગેરે રાખવાનું રાખવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

પી. ડી. મિસ્ત્રી
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "૬"
ઠરાવઠાવ ક્રમાંક ૬૭

Confidential

A meeting of the Selection Committee for recommending names for appointment to the posts of Senior Professors' pay-scale to the University Professors was held on Thursday the 24th April 1975 at 9–30 A.M. at the office of Dr. B. M. Udgaonkar at Bombay. Shri Ishwarbhai J. Patel, Vice-Chancellor, Gujarat University, Ahmedabad, presided.

The attendance of the Selection Committee members was as under :

1. Shri Ishwarbhai J. Patel, Vice-Chancellor — Present
2. Dr. B. M. Udgaonkar — Present
3. Prof. C. N. Vakil — Present
4. Prof. S. S. Bhandarkar —

The Committee recommends the following Professors in order of preference to be Senior Professors in the higher pay-scale of Rs. 1,600–100–1,800, subject to the approval of the State Government for necessary financial assistance for covering the excess in expenditure as laid down in St. 204.

1—4—1966

1. Prof. B. R. Shenoy from 1—4—66
2. Prof. U. J. Joshi from 1—4—66
3. Prof. J. J. Chinoy from 14—6—68
   (in lieu of Prof. Shenoy)
4. Prof. P. C. Vaidya from 1—4—70
   (in lieu of Prof. U. J. Joshi)

Revised list of Senior Professors as on 1–4–71

1. Prof. J. J. Chinoy from 14—6—68
2. Prof. P. C. Vaidya from 1—4—70
3. Dr. K. R. Chandrashekharan from 1—4—71

4. Prof. D. N. Pathak from 19—6—74
   (in lieu of Dr. P. C. Vaidya)
5. Prof. H. C. Bhayani from 1—7—74
   (in lieu of Dr. J. J. Chinoy)
6. Prof. C. G. Khatri from 16—6—75
   (in lieu of Prof. H. C. Bhayani)

Ishwarbhai J. Patel
Vice-Chancellor
Dr. B. M. Udgaonkar
Prof. C. N. Vakil
Prof. S. S. Bhandarkar

પરિશિષ્ટ "ઠ"
ઠરાવ ક્રમાંક ૬૮

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Electronics Engineer at Space Applications Centre in the University School of Sciences, Gujarat University was held on Thursday the 17th June, 1975 at 3-00 p.m. Shri Ishwarbhai J. Patel, Vice-Chancellor, Gujarat University presided.

The attendance of the Selection Committee members was as under :

1.	Shri Ishwarbhai J. Patel, Vice-Chancellor	Present
2.	Dr. S. R. Thakore	Absent
3.	Dr. C. P. N. Calla	Absent
4.	Dr. S. D. Verma	Present

The following candidates were called for interview :

1.	Smt. Premila Dhar	Absent
2.	Shri V. Y. Karnik	Present
3.	Shri R. T. Ranade	Absent
4.	Shri J. H. Patel	Present
5.	Shri A. C. Patel	Present

After interviewing the three candidates, the committee feels that none is suitable for the post.

J. L. Patel
S. D. Verma

Gujarat University Press, Ahmedabad-380009

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ૫ મી માસની સભા, ગુરુવાર, તા. ૮–૫–૧૯૭૫ના રોજ સવારના ૯–૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૮–૫–૧૯૭૫
૧.	શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ, કુલપતિ	હાજર
૨.	શ્રી. શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	આચાર્ય એમ. એસ. પંડિત	હાજર
૪.	શ્રી. પ્રફુલ્લચંદ્ર ચંદુલાલ શાહ	હાજર
૫.	શ્રી. નવીનચંદ્ર મોતીલાલ બારોટ	હાજર
૬.	ડૉ. જ્યોતીન્દ્ર લક્ષ્મીશંકર ભટ્ટ	હાજર
૭.	પ્રો. અનંતરાય મણિશંકર રાવળ	ગેરહાજર
૮.	ડૉ. વિનોદકાન્ત ચૂનીલાલ શાહ	ગેરહાજર
૯.	આચાર્ય દર્શનસિંઘ મુસ્તાકસિંઘ શીખ	હાજર
૧૦.	આચાર્ય ડૉ. ધીરુભાઈ પ્રેમશંકર ઠાકર	ગેરહાજર
૧૧.	આચાર્ય ડૉ. હર્ષદભાઈ મોતીભાઈ દેસાઈ	ગેરહાજર
૧૨.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૧૩.	પ્રા. મનુભાઈ દેવશંકર પંચોલી	હાજર
૧૪.	શ્રી. ગુલાબભાઈ રતનજી દેસાઈ	હાજર
૧૫.	ડૉ. જશવંતલાલ નાનાલાલ પટેલ	હાજર
૧૬.	પ્રો. દેવવ્રત નાનુભાઈ પાઠક	હાજર
૧૭.	ડૉ. અંબાશંકર એસ. નાગર	હાજર
૧૮.	ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહ	હાજર
૧૯.	શ્રી. મણિભાઈ ગોરધનભાઈ બ્રહ્મભટ્ટ	હાજર
૨૦.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર.

૧. તા. ૧૨-૪-૧૯૭૫ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૧૨-૪-૧૯૭૫ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૪૫ પછી કરવામાં આવેલી હોઇ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૩. એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૫થી બી.ઈ. ઇલેકટ્રોનિકસ એન્ડ કોમ્યુનિકેશન તથા બી.ઈ. (ઇન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ સેન્ડવિચ પેટર્ન)ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદને બી. ઈ. (ઇલેકટ્રોનિકસ એન્ડ કોમ્યુનિકેશન) તથા બી. ઈ. (ઇન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કન્ટ્રોલ) (સેન્ડવિચ પેટર્ન)ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪. પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ તરફથી બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, તત્ત્વજ્ઞાન, સંસ્કૃત અને રાજ્યનીતિશાસ્ત્ર; બી.એ. (સબોર્ડિનેટ)માં હિંદી, અંગ્રેજી અને મનોવિજ્ઞાન તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (જનરલ)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિપલ)માં સમાજશાસ્ત્ર તથા બી.એ. (સબોર્ડિનેટ)માં ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ નિમણૂંક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૧-૫-૧૯૭૬ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સંસ્કૃત, રાજ્યનીતિશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન તથા બી.એ.(સબો.)માં હિંદી, અંગ્રેજી અને મનોવિજ્ઞાન તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી.(જન.)માં ભાતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૮૦ સુધીનું તથા બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન તથા બી.એ.(સબો.)માં ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એકિઝકયુટિવ

કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   ૧. સમાજશાસ્ત્રના પ્રાધ્યાપક
   ૨. મનોવિજ્ઞાનના પ્રાધ્યાપક
   ૩. ઇતિહાસના વ્યાખ્યાતા;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. સમાજશાસ્ત્ર તથા મનોવિજ્ઞાન એ પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂ. ૨,૦૦૦નો તથા ઇતિહાસ (ગૌણ) વિષયને લગતાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. મનોવિજ્ઞાનની પ્રયોગશાળા માટે રૂ. ૩,૦૦૦નાં સાધનો માટે આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૭. પ્રૉ. ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫. એમ. ડી. શાહ કૉમર્સ ઍન્ડ બી. ડી. પટેલ આર્ટ્સ કૉલેજ, મહુધા તરફથી જૂન ૧૯૭૫થી પ્રથમ વર્ષ બી.એ.માં આંકડાશાસ્ત્ર (ગૌણ)ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૪-૧-૧૯૭૫ની સભામાં **સદરહુ** કૉલેજ માટે જે વિષયોનું જોડાણ આપવા અંગે શરતો મૂકવા એકૅડેમિક કાઉન્સિલની ભલામણ **મંજૂર** કરી છે તે ઉપરાંત પ્રથમ વર્ષ બી.એ. આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે નીચે જણાવેલ **શરતો નં. ૬ અને ૭** પણ ઉમેરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

(૨) આંકડાશાસ્ત્રના વિષયને લગતાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬. શેઠ વી. એસ. લૉ કૉલેજ, ઊંઝા તરફથી જૂન ૧૯૭૫થી તૃતીય વર્ષ એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શેઠ વી. એસ. લૉ કૉલેજ, ઊંઝા નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૧-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને તૃતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું ચાલુ જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭. અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૫થી બી.એ. (પ્રિન્સિપલ)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, મનોવિજ્ઞાન અને અંગ્રેજી તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, ઇતિહાસ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૧-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, મનોવિજ્ઞાન અને અંગ્રેજી તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, ઇતિહાસ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું ચાલુ જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને, તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;
૪. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;
૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૮. શ્રી. સાર્વજનિક કૉમર્સ કૉલેજ, ગોધરા તરફથી જૂન ૧૯૭૫થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. સાર્વજનિક કૉમર્સ કૉલેજ, ગોધરા નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૧-૫-૧૯૭૫ સુધીમાં કરે, તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;
૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને, તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;
૪. પ્રો. ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;
૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે.

(નોંધ.—સ્થાનિક સમિતિએ કેટલી મુદ્દત માટે જોડાણ આપવું એ જણાવેલ નહીં હોવાથી ૨ વર્ષ માટે જોડાણની મુદ્દત મૂકી છે.)"

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૯. શ્રી. એચ. એસ. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસા તરફથી જૂન ૧૯૭૫થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એચ. એસ. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસા નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૧–૫–૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૫થી તા. ૧૪–૬–૧૯૭૬ સુધીનું ચાલુ જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. અર્થશાસ્ત્રના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;

૨. કાયમી જગ્યામાંથી સને ૧૯૭૪માં ઊભી કરવામાં ન આવેલી જગાઓ સિવાયની નિમણૂકોમાંથી કોઈને છૂટા કરવામાં આવે નહિ;

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૬. પ્રો. ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૦. શ્રી. રજની પારેખ આર્ટ્સ ઍન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત તરફથી જૂન ૧૯૭૫થી બી.એ. (પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

[**નોંધ.**—(૧) ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૪–૧૦–૧૯૭૪ની સભામાં ઉપરોક્ત બાબત મોકૂફ રાખવામાં આવી હતી. તેમાં વધુમાં ઠરાવ્યું હતું કે સદરહુ કૉલેજના શિક્ષકવર્ગ અને બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની લેણી રકમ પૂરેપૂરી ચૂકવાયેથી અરજી પરની બાબત પર વિચારણા કરવી.

(૨) આચાર્યશ્રીએ તેની તા. ૨૧-૧૨-૧૯૭૪ના પત્રમાં જણાવ્યું હતું કે નાણાની સવલત થયેથી લેણી રકમ ચૂકવવામાં આવશે તથા બીજા સત્ર તા. ૨૬-૨-૧૯૭૫ની જણાવ્યું છે કે શિક્ષકોની લેણી રકમ જેમ જેમ પૈસાની સગવડ થઈ છે તેમ તેમ ચૂકવવા માંડી છે. જેઓની રકમ બાકી છે તેના પર ૧૦ ટકા વ્યાજ આપવાનું પણ મંડળે ઠરાવ્યું છે.]

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રજની પારેખ આર્ટ્સ એન્ડ કે. બી. કોમર્સ કોલેજ, ખંભાત નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૧-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી એ. (પ્રિન્સ.)માં ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલાં શરતોના સંદર્ભમાં કોલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં બાકી રહેલી જણાય તો તેટલાં રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;
૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;
૪. પ્રો. ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;
૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ' ગ્રેચ્યુઇટી ફંડ ' ઊભું કરવામાં આવે. "

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૧. શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, માંડવી તરફથી જૂન ૧૯૭૫થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી તથા અર્થશાસ્ત્ર અને મનોવિજ્ઞાન તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત તથા બી.કોમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, માંડવી નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૧-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી,

અર્થશાસ્ત્ર અને મનોવિજ્ઞાન તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૫થી તા. ૧૪–૬–૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. એકાઉન્ટન્સીના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;

૨. બહેનો માટેના રૂમમાં શૌચાલયની વ્યવસ્થા કરવામાં આવે;

૩. છાત્રાલય માટે ગૃહપતિની નિમણૂક કરવામાં આવે અને રસોડું ચલાવવા માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૭. પ્રો. ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઈટી ફંડ' ઊભું કરવામાં આવે".

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૨. ડીસા નગર પંચાયત આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ડીસા તરફથી જૂન ૧૯૭૫થી બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; બી.એ. (સબો.)માં સંસ્કૃત, રાજ્યશાસ્ત્ર અને મનોવિજ્ઞાન તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત અને પ્રથમ વર્ષ બી.એ.માં અંગ્રેજી અને સમાજશાસ્ત્ર તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે નગર પંચાયત આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ડીસા નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૧–૧–૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર,

ગુજરાતી, બી.એ. (સમો.)માં સંસ્કૃત, રાજ્યશાસ્ત્ર અને મનોવિજ્ઞાન તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત, પ્રથમ વર્ષ બી.એ.માં સમાજશાસ્ત્ર, અંગ્રેજી તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા ૧૪-૬-૧૯૭૬ સુધીનું વધારાનું જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા

(૨) સંસ્કૃતના પ્રાધ્યાપક

(૩) સમાજશાસ્ત્રના વ્યાખ્યાતા;

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણે વધુ ખંડોની જોગવાઈ કરવામાં આવે :

(૧) લેડીઝ કૉમન રૂમ

(૨) ગ્રંથાલયનો ઓરડો વિશાળ બનાવવામાં આવે, તથા

(૩) ૧૦ ટકા વિદ્યાર્થીઓ માટે વાંચનાલય;

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. સંસ્કૃત મુખ્ય વિષયને લગતાં રૂ. ૨,૦૦૦નાં સમાજશાસ્ત્ર, અંગ્રેજી તથા બૅન્કિંગ એ પ્રત્યેક વિષય દીઠ રૂ. ૧,૦૦૦નાં પુસ્તકો માટે અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૭. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે. "

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૩. ગુજરાત કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૫થી બી.એસસી. (રૂપે.)માં કીટાણુવિજ્ઞાન તથા પ્રી-મેડિકલના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત કૉલેજ, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૧-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એસસી.(રૂપે.)માં કીટાણુવિજ્ઞાન અને આંકડાશાસ્ત્ર, બી.એ.(પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્ર, બી એ.(સબો.)માં આંકડાશાસ્ત્રની પદ્ધતિઓ પ્રી-મેડિકલના અભ્યાસક્રમો તથા નાટ્યવિદ્યાના દ્વિતીય વર્ષ સુધીના ડિપ્લોમા અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધી ચાલુ જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   ૧. સમાજશાસ્ત્રના; પ્રાધ્યાપક
   ૨. અનુસ્નાતક પદવી ધરાવતા બે ડેમોન્સ્ટ્રેટરો નીમવામાં આવે;
૨. કીટાણુવિજ્ઞાન માટે નવું મકાન તૈયાર કરવામાં આવે તે દરમ્યાન એક વૉશિંગ રૂમની વ્યવસ્થા કરવામાં આવે;
૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચના આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;
૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;
૬. અગાઉનાં વર્ષોમાં કીટાણુવિજ્ઞાનનાં સાધનો માટે વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે ખર્ચ કરવામાં ઊણપ રાખી હોય તો તે પૂરી કરવામાં આવે;
૭. ત્રીજા વર્ષ બી.એસસી. માટે પ્રયોગોનાં સાધનો જે વસાવ્યાં નથી તે વસાવવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૪. સ્થાયી કાનૂનવિષયક સમિતિની તા. ૨૯-૪-૧૯૭૫ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૯-૪-૧૯૭૫ની સભાની ભલામણો સ્વીકારવી.

(સદરહુ સમિતિની તા. ૨૯-૪-૧૯૭૫ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૧૫. તા. ૨૯/૩૦-૩-૧૯૭૫ના રોજ મળેલ કોર્ટની વાર્ષિક સભામાં પુછાયેલ પ્રશ્નોત્તરીના સંદર્ભમાં યુનિવર્સિટી કાર્યાલયે પાઠવેલ પરિપત્રના જવાબમાં ૫૪ કોલેજોએ માહિતી મોકલી નથી તો તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વેળાસર માહિતી ન મોકલવા માટે સદરહુ કોલેજોને ઠપકો આપવો તથા જરૂરી માહિતી તાત્કાલિક મોકલી આપવા માટે જણાવવું.

૧૬. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના ડી.ઓ. પત્રાંક એફ્ ૧-૨:૭૫ (CET), તા. ૧૫-૨-૧૯૭૫માં જણાવ્યા મુજબ ડૉ.ઓ. એફ્. આર. જી. કલ્ચર એક્ષચેન્જ પ્રોગ્રામ હેઠળ જર્મન ભાષાના ઉપલબ્ધ શિક્ષકોની સેવાઓ મેળવવા યુનિવર્સિટીએ આપવાની થતી સગવડોની બાબતમાં થનાર નીચે પ્રમાણેના અંદાજી ખર્ચ અંગે વિચારણા કરવા બાબત :

[નોંધ.—અંદાજી ખર્ચ ₹. પૈ.

(૧) ફર્નિશ્ડ (ફર્નિચર સાથે) રહેઠાણની સગવડના	૪,૦૦૦-૦૦
(૨) ફરજ પરની આંતરિક મુસાફરી	૧,૦૦૦-૦૦
(૩) ફી તબીબી સગવડ	૫૦૦-૦૦
	૫,૫૦૦-૦૦]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનિમય કાર્યક્રમ હેઠળ જર્મન ભાષાના એક શિક્ષકની સેવાઓ ઉપલબ્ધ થાય તે માટે ઘટતી તજવીજ કરવી તથા તે અંગે ઉપર જણાવ્યા મુજબ ₹. ૫,૫૦૦/-નો અંદાજી ખર્ચ મંજૂર કરવો.

૧૭. પ્રી-મેડિકલ અને પ્રી-ડેન્ટલનો અભ્યાસક્રમ જૂન ૧૯૭૬થી રદ્દ કરવા તથા પહેલી એમ.બી.બી.એસ. અને પહેલી બી.ડી.એસ.ના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે પ્રથમ વર્ષ બી.એસસી. પરીક્ષા કેમિસ્ટ્રી, ફિઝિકસ અને બાયોલોજી વિષય સાથે ઉત્તીર્ણ કરવાનું ધોરણ રાખવા અને તે માટે પ્રી-મેડિકલ ૧, ૨, ૩, ૪ અને ૫ જૂન ૧૯૭૬થી રદ્દ કરવા તથા ઓ. એમ.બી.બી.એસ. ૧ અને ઓ. ૩૬૮ સુધારી તેને જૂન, ૧૯૭૬થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૨-૪-૧૯૭૫ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ ઑર્ડિ. એમ.બી.બી.એસ. ૧ અને ઑર્ડિ. ૩૬૮ સુધારીને તેને જૂન ૧૯૭૬થી અમલમાં મૂકવા.

૧૮. ૧૯૭૩-૭૪ના વર્ષ દરમ્યાન રાજ્યમાં પ્રવર્તેલ પરિસ્થિતિને કારણે તા. ૨૯-૪-૧૯૭૪ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલે મંજૂર કરેલ ડ્રાન્ઝિટરી ઓ. તાત્કાલિક રદ્દ કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૨-૪-૧૯૭૫ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ફાર્મસ્ટરી ઑર્ડિનન્સ તાત્કાલિક રદ કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ ઑર્ડિનન્સના અર્થઘટનનો પ્રશ્ન સ્થાયી કાનૂનવિષયક સમિતિના અભિપ્રાય માટે મોકલવો.

૧૯. ઇન્ડિયન રેડિયોલોજિકલ ઍસોસિયેશન ઑક્ટોબર, ૧૯૭૫ના સમય દરમિયાન 'પટણા' મુકામે Post-graduate training teaching and award of degrees in Radiology and Radio therapy in India પર પરિસંવાદ યોજે છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૨૦. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદની જૂન, ૧૯૭૫થી જોડાણ મેળવવા માટેની અરજી પર એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૮-૩-૧૯૭૫ની સભામાં સદરહુ કૉલેજને બિઝનેસ મેનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે એક વર્ષનું જોડાણ આપવું એમ ઠરાવ્યું હતું પરંતુ ૧૯૭૪-૭૫નું શૈક્ષણિક વર્ષ વીતી ગયું હોવાથી તથા ૧૯૭૫થી જોડાણ મેળવવા માટેની અરજી કરવાની તારીખ પણ વીતી ગઈ હોવાથી સદરહુ કૉલેજને માંગેલ વિષયનું જોડાણ તા. ૧૪-૬-૧૯૭૬ સુધી આપવું કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને બિઝનેસ મેનેજમેન્ટનો અભ્યાસક્રમ શીખવવા માટેનું જોડાણ તા. ૧૪-૬-૧૯૭૬ સુધી આપવું.

૨૧. શિક્ષક તથા બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને છૂટા કરવાના પ્રશ્ન અંગે જોઈતપાસીને તે અંગે પગલાં લેવાની સત્તા સાથે એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૨૭-૪-૧૯૭૪ના સભાએ નિયુક્ત કરેલી સમિતિએ તેની તા. ૧૧-૧૦-૧૯૭૪ની સભામાં નીચે જણાવેલ શિક્ષકોની બાબતમાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૨(એ)માં જણાવેલી જોગવાઈઓનું પાલન થયું ન હોવાથી તથા સદરહુ કૉલેજ તરફથી તેમ કર્યા અંગેનો પ્રત્યુત્તર ન આવેલ હોઈ સદરહુ કૉલેજોને મળતી આર્થિક સહાય અટકાવવા માટે શિક્ષાત્મક પગલાં ભરવા કરેલી ભલામણ તથા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણમાંથી છૂટા કરવામાં આવેલા શ્રી. ડી. એફ. રાવે પોતાને નોકરીમાં ચાલુ રાખવા કરેલી ફરિયાદ જોતાં એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૨૩-૯-૧૯૭૨ની સભામાં ઠરાવ્યા પ્રમાણે નોકરીમાં ચાલુ રાખવા જણાવ્યું હતું, પરંતુ સદરહુ કૉલેજે તેમને નોકરીમાં પૂર્વવત્ ચાલુ રાખ્યા ન હોવાથી સદરહુ કૉલેજને મળતી આર્થિક સહાય અટકાવવા માટે શિક્ષાત્મક પગલાં ભરવા કરેલી ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૨-૪-૧૯૭૫ની સભામાં મંજૂર કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત.

ક્રમાંક	શિક્ષકનું નામ	કૉલેજનું નામ
૧.	શ્રી. નીતિન અંબાલાલ કોઠારી	આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, મિયાંગામ-કરજણ.
૨.	શ્રી. બી. જે. પટેલ	આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, માણસા.
૩.	શ્રી. મહેશચંદ્ર સી. શાહ	બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ સદરહુ કૉલેજોને મળતી આર્થિક સહાય અટકાવવા માટે ગુજરાત રાજ્યના શિક્ષણસંચાલકશ્રીને ભલામણ કરવી.

૨૨. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૧૦–૪–૧૯૭૫ની સભાની ભલામણ અનુસાર "પોસ્ટ–ડિપ્લોમા ડિગ્રી કોર્સ ઇન ઇલેકટ્રોનિકસ ઍન્ડ કોમ્યુનિકેશન"ના અભ્યાસક્રમ અંગેની ઓ.પી.ઈ. ઍન્જિ. ૧, ૨ અને ૩ મંજૂર કરી તેને જૂન ૧૯૭૫થી અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૨–૪–૧૯૭૫ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૩૦).

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ ઓ.ડિ. પી.ઈ. ઍન્જિ. ૧, ૨ અને ૩ મંજૂર કરવા તથા તેને ૧૫મી જૂન ૧૯૭૫થી અમલમા મૂકવા.

૨૩. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૧૦–૪–૧૯૭૫ની સભાની ભલામણ અનુસાર ઇજનેરીના ચાર વર્ષના સૂચિત અભ્યાસક્રમનાં ધારાધોરણો અંગેની ઓ. ઍન્જિ. ઍસ ૧, ઓ. ઍન્જિ. ઍસ ૨, ઓ. ઍન્જિ. ઍસ ૩ સુધારવાની અને તેને જૂન, ૧૯૭૬થી અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૨–૪–૧૯૭૫ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત. (એ. કા. બા. ક્ર. ૨૯)

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ સુધારેલા ઑડિ. ઍન્જિ. ઍસ. ૧, ઑડિ. ઍન્જિ. ઍસ. ૨ અને ઑડિ. ઍન્જિ. ઍસ. ૩ને જૂન ૧૯૭૬થી અમલમાં મૂકવા.

૨૪. કાયદાની વિદ્યાશાખાની તા. ૩–૪–૧૯૭૫ની સભાની નીચેની ભલામણ ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૨–૪–૧૯૭૫ની સભામાં મંજૂર કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૨૦) :

> "આ સભા ઠરાવે છે કે ઍલએલ.ઍમ. ભાગ ૧ અને ભાગ ૨ની પરીક્ષામાંથી ડબલ ઍસેસમેન્ટની પદ્ધતિ રદ કરવી અને તેને તાત્કાલિક અમલમાં લાવવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ ઍલએલ.ઍમ. ભાગ ૧ અને ૨ની પરીક્ષામાંથી બેવડી મૂલ્યાંકન પદ્ધતિ તાત્કાલિક રદ કરવી.

૨૫. કૉમ્પ્યુટર સેન્ટરમાં કામ કરતા સિ. પ્રોગ્રામર શ્રી. આર. જે. પાઠકનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૧૭–૪–૧૯૭૫ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૧૮–૪–૧૯૭૫થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

કૉમ્પ્યુટર સેન્ટરમાં કામ કરતા સીનિયર પ્રોગ્રામર શ્રી. આર. જે. પાઠકની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. આર. જે. પાઠકને સીનિયર પ્રોગ્રામર તરીકે તા. ૧૮–૪–૧૯૭૫થી કાયમ કરવા.

૨૬. ભાષા-સાહિત્ય ભવનમાં સ્ટેનોગ્રાફર તરીકે કામ કરતા શ્રી. એન. એસ. ઠાકોરને તેઓના પગારધોરણમાં કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા દેવા અંગેની બાબતમાં એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૭-૧૨-૧૯૭૪ની સભાના ઠરાવ અન્વયે શ્રી. ઠાકોરની કામગીરી અંગે યોગ્ય તપાસ કરી રિપોર્ટ કરવા નીમેલ તપાસ અધિકારીના તા. ૩૧-૩-૧૯૭૫ના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે તપાસ અધિકારીએ રજૂ કરેલો રિપોર્ટ સ્વીકારવો અને ભાષા-સાહિત્ય ભવનમાં સ્ટેનોગ્રાફર તરીકે કામ કરતા શ્રી. એન. એસ. ઠાકોરને કાર્યક્ષમતા અંતરાય ઓળંગતાં તા. ૩૧—૫—૧૯૭૫ સુધી અટકાવવા અને તે દરમ્યાન તેમને સ્ટેનોગ્રાફીનો ટેસ્ટ ફરીથી આપવા માટે જણાવવું.

૨૭. શ્રીમતી ટી. એસ. આર. કોમર્સ કોલેજ, પાટણમાં નિમાયેલ અંગ્રેજીનાં ટ્યૂટર કુ. સાધના એમ.ની નિમણૂક ગ્રાહ્ય રાખવા(condone કરવા)માટેની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.— કુ. સાધના રોય બી.એસસી.ની પદવી બીજા વર્ગમાં તથા એમ.એ.ની પદવી અંગ્રેજી વિષય સાથે પાસ વર્ગમાં ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં અંગ્રેજીના ટ્યૂટર તરીકે કુ. સાધના એમ.ની નિમણૂક ચાલુ વર્ષ માટે જ ગ્રાહ્ય રાખવી.

૨૮. નવી કૉલેજ માટેની જોડાણઅરજી પર વિદ્યાશાખા દીઠ રૂ. ૧૦,૦૦૦ની જોડાણ અનામત મૂકવાની બાબતમાં એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૮--૩-૧૯૭૫ની સભામાં કરેલા નીચેના ઠરાવને અનુલક્ષીને સ્થાનિક તપાસસમિતિને આપવાની સૂચના નં. ૨(ગ) નીચે પ્રમાણે વંચાય તેમ સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે જોડાણઅરજી સાથે વિદ્યાશાખા દીઠ રૂપિયા દસ હજારની વગર વ્યાજની અનામત યુનિવર્સિટીમાં જમા કરવાનું આવશ્યક રાખવું."

"૨ (ગ) પ્રત્યેક નવી કૉલેજે તેમાં ચાલતા અભ્યાસક્રમની ફેકલ્ટી દીઠ જોડાણની શરત તરીકે રૂ. ૧૦,૦૦૦ની રકમ યુનિવર્સિટી પાસે અનામત મૂકવી આવશ્યક રહેશે, અને તે અનામત બીજે તે પછીના જે વર્ષે તેનું જોડાણ ચાલુ રાખવા માટેનું જાહેરનામું બહાર પડે ત્યાં સુધી તે યુનિવર્સિટી પાસે અનામત રહેશે અને તે પછી તે કૉલેજને ઉપર મુજબ તેના ચાલુ જોડાણનું જાહેરનામું બહાર પડયેથી પાછી ચૂકવવામાં આવશે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચના નં. ૨ (ગ) ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવી.

૨૯. કૉલેજ ઑફ એજ્યુકેશન, મુન્દ્રા તરફથી જૂન, ૧૯૭૫થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટેની આવેલી અરજી પર તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધીના ચાલુ જોડાણ માટે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલની વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજ ઑફ એજ્યુકેશન, મુન્દ્રાને બી.એડ ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૭૫થી તા. ૧૪—૬—૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ આપવું.

૩૦. કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદની જૂન, ૧૯૭૫થી જોડાણ મેળવવા માટેની અરજી પર સદરહુ કૉલેજને દ્વિતીય વર્ષ (પોસ્ટ-બેઝિક) બી.એસસી. (નર્સિંગ) અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે મૂકેલી શરતોના પરિપાલનના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદને દ્વિતીય વર્ષ (પોસ્ટ-બેઝિક) બી.એસસી. (નર્સિંગ)ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું ચાલુ જોડાણ આપવું.

૩૧. નવેમ્બર, ૧૯૭૫ના સમય દરમિયાન The Indian Society of Agricultural Economicsનું ૩૪મું વાર્ષિક અધિવેશન હરિયાણા એગ્રિકલ્ચર યુનિવર્સિટીના ઉપક્રમે હિસાર (હરિયાણા) મુકામે યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વાર્ષિક અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૩૨. ઑક્ટોબર, ૨૦થી ૨૪, ૧૯૭૫ના સમય દરમિયાન Cytology and Geneticsની બીજી અખિલ ભારતીય પરિષદ ઉદેપુર યુનિવર્સિટીના ઉપક્રમે ઉદેપુર મુકામે યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે સદરહુ પરિષદના આવાહકના તા. ૧૬-૪-૧૯૭૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૩૩. તા. ૮-૪-૧૯૭૫ના રોજ એમ.એ. ભાગ ૧ની પરીક્ષામાં "થિયરી ઑફ મની"ના પેપર અંગે વિદ્યાર્થીઓની આવેલ અરજી ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં થર્ડ બી.એસસી ના કેમિસ્ટ્રી પેપર નં. ૮માંથી અમદાવાદ કેન્દ્રના વિદ્યાર્થીઓ ધાંધલ અને ભાંગફોડ કરીને ઊઠી ગયા તથા અન્ય વિદ્યાર્થીઓને તેમણે ઉઠાડી મૂક્યા તે પ્રશ્ન રજૂ કરવામાં આવ્યો.

તે પછી લાંબાણ ચર્ચાવિચારણાને અંતે વધુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

મંગળવાર તા. ૮મી એપ્રિલના રોજ બપોરના ૩-૦૦થી ૬-૦૦ દરમ્યાન એમ.એ. પાર્ટ-૧ની થિયરી ઑફ મની (ઇકોનોમિક્સ ગ્રુપ-"સી")ની પરીક્ષાના પ્રશ્નપત્ર નં. ૨ રાખવામાં આવ્યું હતું, તે વખતે પ્રશ્નપત્ર અઘરું છે તેવું બહાનું આગળ કરીને અમદાવાદ કેન્દ્રમાં ગુજરાત કૉલેજમાં રાખવામાં આવેલ પરીક્ષામાંથી અને થર્ડ બી.એસસી. કેમિસ્ટ્રી પેપર-૮નું પ્રશ્નપત્ર અઘરું છે એવું બહાનું આગળ કરીને અમદાવાદ કેન્દ્રમાં તા. ૯-૪-૧૯૭૫ના રોજ આર. એ. ભવન્સ કૉલેજ અને સેંટ ઝેવિયર્સ કૉલેજમાં રાખેલ તે વિષયની પરીક્ષામાંથી કેટલાક વિદ્યાર્થીઓ ઊઠી ગયા હતા અને

તે પૈકીના કેટલાક વિદ્યાર્થીઓએ ભારે ધાંધલ અને અશાંતિ ઊભાં કર્યાં હતાં તથા ભાંગફોડની પ્રવૃત્તિ પણ કરી હતી તેમ જ કેટલાક વિદ્યાર્થીઓનાં ઉત્તરપત્રો ઝૂંટવી લેવામાં આવ્યાં હતાં અને કેટલાકને બળજબરીમાંથી પરીક્ષામાંથી બહાર કાઢવામાં આવ્યા હતા.

જે વિદ્યાર્થીઓ આવી બીનશૈક્ષણિક અને તોફાની પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગીદાર બન્યા હતા તે વિદ્યાર્થીઓનું આ કૃત્ય ભારે શરમજનક અને નિંદનીય છે એમાં શંકા નથી પરંતુ આવા સમયે વિદ્યાર્થીઓનાં આવા ધાંધલ અને તોફાનને ઉત્તેજન આપવું જોઈએ નહીં, અને આ રીતે પરીક્ષાખંડ છોડીને ઊઠી ગયેલા વિદ્યાર્થીઓની ફેરપરીક્ષા લેવી તે આવી પ્રવૃત્તિને ઉત્તેજન આપવા બરોબર થશે. તો બીજી બાજુ જે કેટલાક વિદ્યાર્થીઓ શાંતિથી પોતાનાં ઉત્તરપત્ર લખવા માંગતા હતા તેઓ તેમ કરી શકયા નથી તેથી તેમના છ માસ કે વરસ બગડે નહિ તે દૃષ્ટિએ પણ આ પ્રશ્ન જોવો જોઈએ. આ સંજોગોમાં આ પ્રશ્ન પર સમગ્ર રીતે વિચારણા કર્યા બાદ નીચે મુજબ નિર્ણયો લેવામાં આવ્યા છે :

(૧) એમ.એ. પાર્ટ-૧ ઈકોનોમિક્સ ગ્રુપ-"સી" પ્રશ્નપત્ર બે : થિયરી ઑફ મનીની તા. ૮-૪-૧૯૭૫ના રોજ લેવાયેલી અમદાવાદ કેન્દ્રની પરીક્ષામાંથી ઊઠી ગયેલા વિદ્યાર્થીઓની પરીક્ષા; તેમજ

(૨) થર્ડ બી.એસસી.ની અમદાવાદ કેન્દ્રમાં તા. ૯-૪-૧૯૭૫ના રોજ લેવાયેલી પરીક્ષામાં કેમિસ્ટ્રી, બોટેની અને ઝૂલોજી વિષયોની પરીક્ષામાંથી જે વિદ્યાર્થીઓ ઊઠી ગયા છે તેમની પરીક્ષા, નીચેની શરતોને આધીન, ફરીથી સોમવાર તા. ૨૬-૫-૧૯૭૫ના રોજ ૧૧-૦૦થી ૧-૦૦ વાગ્યે યોજવી :

(૩) એમ એ થિયરી ઑફ મની અને થર્ડ બી.એસસી. કેમિસ્ટ્રી, બોટેની અને ઝૂલોજી પરીક્ષામાં અમદાવાદ કેન્દ્ર પર બેઠેલા જે વિદ્યાર્થીઓ તા. ૨૬-૫-૧૯૭૫ના રોજ યોજનાર આ પરીક્ષામાં બેસવા માંગતા હોય તેમણે રૂ. ૨૫ની વધારાની ફી તથા આ સાથે જોડવામાં આવેલ ફોર્મમાં વિનંતીપત્ર લેખિત સ્વરૂપે તા. ૧૯-૫-૧૯૭૫ સુધીમાં પોતાની કોલેજ મારફતે રજૂ કરવું આવશ્યક રહેશે.

(૪) અમદાવાદ કેન્દ્રમાં થર્ડ બી.એસસી. કેમિસ્ટ્રી, બોટેની અને ઝૂલોજી વિષયની પરીક્ષા જે વિદ્યાર્થીઓ તા. ૯-૪-૧૯૭૫ના રોજ આપેલી છે તે માન્ય ગણવામાં આવશે તેમ છતાં આવા વિદ્યાર્થીઓ પૈકી કોઈ પણ વિદ્યાર્થી તા. ૨૬-૫-૧૯૭૫ના રોજ ઉપર નં. ૩માં જણાવેલી શરતોને આધીન ફરીથી બેસી શકશે. તેમણે પણ વધારાની પરીક્ષા ફી ભરવી તથા નિયત પત્રમાં અરજી કરવી આવશ્યક રહેશે.

(૫) અમદાવાદની બહારનાં કેન્દ્રો પર લેવાયેલ થર્ડ બી.એસસી.ની તારીખ ૯ એપ્રિલની પરીક્ષા માન્ય જ રહે છે તેમ સ્પષ્ટતા કરવામાં આવે છે. તે જ રીતે અમદાવાદ કેન્દ્રમાં બેઠેલા વિદ્યાર્થીઓની પરીક્ષા પણ તેઓ ફરીથી પરીક્ષા આપવા ઇચ્છતા ન હોય તો માન્ય જ રહે છે.

(૬) આ બાબતને ભવિષ્યમાં પ્રથારૂપ ગણવામાં આવશે નહિ એટલું જ નહિ પણ આ અગાઉ યુનિવર્સિટીએ જાહેર કરેલી પરીક્ષાનીતિ—જે કોઈ વિદ્યાર્થીઓ કોઈ પણ પ્રશ્નપત્રની પરીક્ષા કે અન્ય કોઈ પરીક્ષા પૂરી આપ્યા વિના ઊઠી જશે તો પોતાના જ હિસાબે અને જોખમે તેમ કરશે તેનું ભારપૂર્વક પુનરુચ્ચારણ કરવામાં આવે છે.

૩૪. અમેરિકાની લુઇઝિયાના સ્ટેટ યુનિવર્સિટી તરફથી યુનિવર્સિટીને સ્પેસ સાયન્સ સેન્ટર માટે સાધનસામગ્રીનો ભેટ મળેલ તે માટે રૂા. એસ. ટી. ચાર્જિસ પેકિંગ ચાર્જ, ટ્રાન્સફર ચાર્જ, લોડિંગ અને અનલોડિંગ સર્વિસ ચાર્જ વગેરે રૂ. ૧૬,૧૦૬ (ડોલર ૧૭૮૮-૦૧)નો ખર્ચ કર્યાનું તેમણે જણાવ્યું છે અને તે તેમને આપવાની તેમણે માગણી કરેલ છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઝીણવટથી જોઈતપાસીને પોતાની સુચિંતિત ભલામણ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહ
૨. ડૉ. એમ. એન. દેસાઈ
૩. શ્રી. નવીનચન્દ્ર બારોટ.

૩૫. બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના નિર્ણયને અનુલક્ષીને પ્રથમ એલએલ.બી.ની વધુ એક પરીક્ષા લેવાનું નક્કી કરવામાં આવેલ હોઈ તે અંગે કાર્યાલયનાં નીચેનાં સૂચનો પર વિચારણા કરવા બાબત :

૧. પરીક્ષા શરૂ થવાની તા. ૧૪મી જુલાઈ ૧૯૭૬ રાખવી.
૨. આવેદનપત્રો સ્વીકારવાની છેલ્લી તા. ૨૧-૬-૧૯૭૬ રાખવી.
૩. આ પરીક્ષા માટે ફક્ત અમદાવાદ કેન્દ્ર રાખવું.

આથી ઠરાવવામાં આવે છે કે માર્ચ/એપ્રિલ ૧૯૭૪ માં પ્રથમ એલએલ.બી. ની પરીક્ષા આપ્યા સિવાય જે વિદ્યાર્થીઓને સેકન્ડ એલએલ.બી માં ચઢાવવામાં આવેલા છે તેમને માટે વધુ એક પરીક્ષા તા. ૨૮મી જુલાઈ ૧૯૭૬ થી શરૂ કરવી. સદરહુ વિદ્યાર્થીઓનાં આવેદનપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ ૩૦-૬-૧૯૭૬ રાખવી અને સદરહુ પરીક્ષા માટે ફક્ત અમદાવાદ કેન્દ્ર જ રાખવું.

૩૬. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ કોમ્યુનિટી ડેવલપમેન્ટ, હૈદરાબાદના આશ્રયે તા. ૧૬-૬-૧૯૭૬થી ૨ અઠવાડિયાંનો રિસર્ચ મેથોડોલોજી વિષય પર યોજનાર રિફ્રેશર કોર્સમાં ભાગ લેવા યુનિવર્સિટીના પ્રતિનિધિઓનાં નામો સૂચવવા અંગે સદરહુ સંસ્થાના ડીન તરફથી આવેલ પત્રાંક ૬૨૪-૭૫ ટી.આર.જી. તા. ૨૬-૩-૧૯૭૬ ઉપર વિચારણા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ રિફ્રેશર કોર્સમાં આ યુનિવર્સિટી તરફથી કોઈને મોકલવા નહીં.

૩૭. રાષ્ટ્રીય સેવા યોજનાની ૧૯૭૫-૭૬ની ગ્રાન્ટ અંગે ભારત સરકારના તા. ૩૧-૩-૧૯૭૫ના ડી.ઓ. નં. એફ. ૨-૭૫ એસવાય યુજએ નવા વર્ષથી વિદ્યાર્થી દીઠ પ્રોજેક્ટ અને વહીવટી ખર્ચ માટે જે ગયે વર્ષે રૂ. ૩૦ હતા તેને બદલે આ વર્ષે રૂ. ૬૦ અને કેમ્પ માટે વિદ્યાર્થી દીઠ દૈનિક રૂ. ૬ હતા તેને બદલે રૂ. ૯ મંજૂર કર્યા છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૩૮. લેક્ચરર-ઇન-સ્પેસ સાયન્સીઝ એન્ડ ધેર એપ્લિકેશન્સની બે જગ્યાઓ માટે તા. ૧૦-૬-૧૯૭૫ના રોજ મળેલી ગરણીસમિતિની ભલામણ મુજબ યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર-ઇન-સ્પેસ સાયન્સીઝ એન્ડ ધેર એપ્લિકેશનની બે જગ્યાઓ પૈકી એક જગ્યા ઉપર શ્રી. કે. બી. સિંગાસની નિમણૂક કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૨–૯–૧૯૭૪ની સભાનો ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ સ્વીકારવી અને તે મુજબ યુનિવર્સિટીના વિજ્ઞાનવિદ્યા ભવનના લેક્ચરર ઇન સ્પેસ સાયન્સીઝ એન્ડ ધેર એપ્લિકેશન્સની બે જગ્યાઓ પૈકી એક જગ્યા પર શ્રી. કે. બી. સિંગાસની નિમણૂક રૂ. ૪૦૦–૪૦–૮૦૦-૫૦–૯૫૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૪૮૦/–થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

૩૯. પી. આર. એલ. કન્ઝયુમર્સ કો. ઓ. સ્ટોર્સ લિ.ને ભાડે આપવામાં આવેલી દુકાન સામે ડિપોઝિટ ભરવામાંથી મુક્તિ આપવા માટેની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આ બાબતના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝયુમર્સ કો-ઓપરેટિવ સ્ટોર્સ લિ. ને આ સર્વિસ સેન્ટરની એક દુકાન આપવાનું ઠરાવવામાં આવ્યું છે તે બાબત રજૂ કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે પી. આર. એલ. કન્ઝયુમર્સ કો-ઓ. સ્ટોર્સ લિ. ને તથા ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝયુમર્સ કો-ઓ. સ્ટોર્સ લિ.ને, તે સહકારી સંસ્થાઓ હોઈ, ડિપોઝિટ ભરવામાંથી મુક્તિ આપવી.

૪૦. સંલગ્ન કોલેજો તથા યુનિવર્સિટીમાં ટ્યૂટર-રીડર-ડેમોન્સ્ટ્રેટરની નિમણૂક કરવાની આવશ્યકતા ન હોવા અંગે તથા હાલના ટ્યૂટર-રીડર-ડેમોન્સ્ટ્રેટરને પોતાની શૈક્ષણિક લાયકાત સુધારી વ્યાખ્યાતાના પદ માટે પાત્રતા મેળવવાની સુવિધા કરી આપવા અંગેના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૨૬–૪–૧૯૭૫ના પત્રાંક એફ. ૧-૧૫–૭૫(સી.પી.) પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૧. ૧૯૭૪-૭૫ના વર્ષ દરમ્યાન ભૂજની આર. આર. લાલન કોલેજ અને જે. બી. કોમર્સ કોલેજમાં દુષ્કાળને કારણે તેમ જ ભૂજ કેન્દ્ર બંધ કરવાના યુનિવર્સિટીના નિર્ણયને કારણે વિદ્યાર્થીઓએ હડતાળ પાડી હોવાથી બધા વિદ્યાર્થીઓની બન્ને સત્રમાં હાજરી પૂરી થઈ શકી નથી. તો સદરહુ વિદ્યાર્થીઓની ખૂટતી હાજરી માફ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓની ખૂટતી હાજરી માફ કરવી.

૪૨. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) યુનિવર્સિટીમાં હાલ કર્મચારી સંઘના આદેશથી "વર્ક ટૂ રૂલ"ના કારણે પરીક્ષા વિભાગમાં પરીક્ષાના તાફીદના કામ માટે હંગામી કર્મચારીઓની સેવાઓ વધારાના સમય માટે લેવાનું આવશ્યક બન્યું હોવાથી તે માટે તેઓને અધિક સમયનું (ઓવર ટાઈમ) ભથ્થું આપ્યાના;

(૨) યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગમાં શ્રી. વી. એમ. શુક્લને ઇલેક્ટ્રિકલ એન્જિનિયરની જગ્યા પર રૂ. ૨૫૦ના ઉચ્ચક વેતનથી બે માસ માટે નીમ્યાના;

(૩) ગુજરાત યુનિવર્સિટીના બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓને તા. ૧ જુલાઈ ૧૯૬૭થી તેમના પગારમાં મોંઘવારી ભથ્થું અંશતઃ ભેળવવા માટેની મંજૂરી રાજ્ય સરકારે આપેલી છે તેના અનુસંધાનમાં જે તે કર્મચારીની બાકી નીકળતી રકમના ૫૦ ટકા પગ વધુમાં વધુ રૂ. ૧,૦૦૦ સુધીની રકમ રોકડમાં તા. ૨-૪-૧૯૭૫ના રોજ ચૂકવ્યાના;

(૪) યુનિવર્સિટી કાર્યાલયમાં સ્ટેનો-ટાઇપિસ્ટની કાયમી જગ્યા પર ૭ માસમાં સ્ટેનો-ટાઇપિસ્ટની ઓછામાં ઓછી લાયકાત પ્રાપ્ત કરે તે શરતે હાલ કુ. સરલા એસ. રસાણિયાને રૂ. ૩૫૦ના માસિક ઉચ્ચક પગારથી એપ્રેન્ટીસ તરીકે હંગામી ધોરણે તા. ૨૫-૪-૧૯૭૫ની વરણી સમિતિની ભલામણ અન્વયે ૭ માસ માટે નીમ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૪૩. યુનિવર્સિટી કેમ્પસમાં આવેલ સર્વિસ સેન્ટરની દુકાન નં. ૧ અને ૨ના ભાડુઆત તરફથી દુકાન ખાલી કરવા અંગે આવેલ નોટિસ પરત્વે વિચારણા કરવા બાબત.

[નોંધ. — (૧) દુકાન નં. ૧ ધંધો બરાબર ચાલતો ન હોવાથી ભાડુઆત ખાલી કરવા માગે છે.
(૨) દુકાન નં. ૨ શાકભાજી માટે. તેઓએ ભાડું ઘટાડવા માગણી કરી છે. જો ભાડું ન ઘટાડી શકાય તો ખાલી કરવા જણાવેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસના રહીશોને સારી અને અસરકારક સેવાઓ મળી શકે તે દૃષ્ટિએ સર્વિસ સેન્ટરની દુકાનોના ભાડાનો પ્રશ્ન સમગ્ર રીતે ફરીથી જોઈતપાસી પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્ય એમ. સી. શાહ
૨. ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહ
૩. શ્રી. નવીનચન્દ્ર એમ. બારોટ.

૪૪. યુનિવર્સિટી કેમ્પસમાં પાંચ હજાર જેટલાં વૃક્ષો ઉગાડવા માટે રૂ. ૨૫,૦૦૦નું પ્રદાન, તેટલી જ રકમ યુનિવર્સિટી ખર્ચે તે શરતે આપવા અંગે હરિ ૐ આશ્રમના તા. ૩-૫-૧૯૭૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો અને તે માટે ખર્ચ પેટે યુનિવર્સિટીના હિસ્સાની રૂ. ૨૫,૦૦૦/- ની રકમ મંજૂર કરવી.

૪૫. યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિભાગોના જે તે વિભાગની શિક્ષણ અંગેની જરૂરિયાતની પહોંચી વળવા કરવા ભરતીના શિક્ષકગણની કેટલીક જગ્યાઓ અંગે તેમ જ આગામી વર્ષોમાં કાર્યરત નવા વિભાગો માટે જરૂરી જગ્યાઓ અંગે વિચારણા કરી આવશ્યક જગ્યાઓ માટે ભંડોળ આપવાની સત્તા સાથે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૪-૪-૧૯૭૫ની સભામાં નોંધેલી ભલામણોની તા. ૨-૫-૧૯૭૫ની સભાની ભલામણો અંગે વિચારણા કરવા બાબત.

એવી દરખાસ્ત આવી છે કે ઉપરોક્ત રિપોર્ટની નોંધ લેવી તથા તે બાબતમાં જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

તે પછી બાબત નં. ૨ ધ્યાનમાં લેવા માટે હાથ ધરવામાં આવી.

૨. શ્રી. કે. કાપડિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, અમદાવાદના મૅનેજિંગ ટ્રસ્ટીના તા. ૨૮-૪-૧૯૭૫ના પત્ર ઉપરની તેમ જ આણંદ ખાતેની શ્રી દુ.ન. કાપડિયા ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર અધ્યાપક મંડળના મંત્રીની તા. ૨-૫-૧૯૭૫ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ. — શ્રી. સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ અમદાવાદના મૅનેજિંગ ટ્રસ્ટીના તા. ૨૮-૪-૧૯૭૫ના પત્ર ઉપર સ્થાયી કાનૂનવિષયક સમિતિએ તેની તા. ૨૯-૪-૧૯૭૫ની સભામાં નીચે પ્રમાણે અભિપ્રાય દર્શાવ્યો છે :

(૧) સંલગ્ન કૉલેજના કોઈ પણ શિક્ષક કે બિનશિક્ષક વર્ગના કાયમી કે પ્રોબેશન પરના કર્મચારીને છૂટા કરતાં પહેલાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૧-એ અનુસાર કાર્યવાહી કરવા તેમજ તેમાં જણાવ્યા પ્રમાણે કુલપતિશ્રીનો અનુમત લેવો આવશ્યક છે તથા કૉલેજ બંધ કરવાના પ્રશ્નના સંદર્ભમાં ઑર્ડિ. ૧૨૦-ઈમાં જણાવેલી જોગવાઈઓનું યથાર્થ પરિપાલન કરવું આવશ્યક છે તેમ આ સમિતિ સ્પષ્ટપણે માને છે તેમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને અભિપ્રાય આપવો.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ કૉલેજના આચાર્યને તથા મૅનેજિંગ ટ્રસ્ટીને પાઠવેલ તા. ૨૮-૪-૧૯૭૫ના પત્રમાં કૉલેજ બંધ કરવાના નિર્ણય પર પુનર્વિચારણા કરવા વિનંતી કરી છે તેના પ્રત્યુત્તરની રાહ જોવી.]

સદરહુ બાબતમાં ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

૧. સ્વામિનારાયણ સાયન્સ કૉલેજના સંચાલકમંડળે તા. ૧૫મી જૂન ૧૯૭૫થી પોતાનું જોડાણ સુપરત (સરેન્ડર) કરવાનો અને તેના અધ્યાપકો અને અન્ય કર્મચારીઓને છૂટા કરવાનો નિર્ણય કર્યો છે તે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૧(એ) તથા ઑર્ડિનન્સ ૧૨૦-ઈ સાથે સુસંગત નથી અને તેથી પોતાના આ નિર્ણય પર પુનર્વિચારણા કરવા આ સભા સંચાલકમંડળને અનુરોધ કરે છે.

૨. સંચાલકમંડળના આ નિર્ણયને પરિણામે ૮૦થીય વધુ કુટુંબો એકસાથે જીવનનિર્વાહની ભીડમાં આવી પડશે તે સ્વાભાવિક રીતે સૌને માટે ચિંતાનો વિષય બને. તે ઉપરાંત આપણા દેશમાં વિજ્ઞાનના શિક્ષણ માટેની જરૂરિયાત આજે સવિશેષ છે. આ સંજોગોમાં સંચાલકમંડળને

આ કૉલેજ ચાલુ રાખવા માટે સમજાવવાના સતત પ્રયત્નો કુલપતિશ્રી તરફથી કરવામાં આવ્યા છે તેની આ સભા નોંધ લે છે, અને ભવિષ્યમાં આ પ્રયત્નો ચાલુ રાખવા માટે નીચેના સભ્યોની સમિતિ નીમે છે :

(૧) કુલપતિશ્રી
(૨) ડૉ. એમ. એન. દેસાઈ
(૩) પ્રોફેસર એમ. ડી. પંચોલી
(૪) ડૉ. જ્યોતીન્દ્રભાઈ ભટ્ટ.

૩. દરમ્યાન આ કૉલેજ ચાલુ રાખવામાં સંચાલકમંડળને આર્થિક મુશ્કેલીઓ પડે છે તે જોતાં એક્ઝિકયુટિવ કાઉન્સિલની આ સભા રાજ્ય સરકારને ભલામણ કરે છે કે આ સંસ્થાને જોઈતી નાણાકીય સહાય તત્કાલ જાહેર કરવામાં આવે, જેથી કૉલેજ ચાલુ રહી શકે.

૪. ઉપર નં. ૩માં જણાવ્યા મુજબ આર્થિક સહાય તત્કાલ જાહેર કરીને કૉલેજને ચાલુ રાખવાનું રાજ્ય સરકારને માટે શકય ન બને તો રાજ્ય સરકાર પોતે અથવા સ્વાયત્ત કૉર્પોરેશન દ્વારા આ કૉલેજનું સંચાલન સંભાળી લે તેમ રાજ્ય સરકારને આ સભા ભલામણ કરે છે.

૫. ઉપર ૪માં જણાવ્યા મુજબ આ કૉલેજનું સંચાલન પોતા થકી અથવા સ્વાયત્ત કૉર્પોરેશન દ્વારા સંભાળવાનું રાજ્ય સરકારને માટે શકય ન હોય તો યુનિવર્સિટીને એ કૉલેજ ચલાવવા માટે પૂરેપૂરા ખર્ચની તથા કૉલેજ ચલાવવા માટે વરસોવરસ જે સઘળી આર્થિક ખાધ પડે તે પૂરેપૂરી ભરપાઈ કરવાની તમામ જવાબદારી સ્વીકારવા માટે રાજ્ય સરકાર તરફથી સ્પષ્ટ બાંયધરી આપવામાં આવે તો જ અને ત્યારે જ, ખાસ અપવાદરૂપે, આ કૉલેજનું સંચાલન સંભાળવા માટેની જરૂરી કાર્યવાહી યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ હાથ ધરવી અને સાથેસાથે સ્પષ્ટતા કરવી કે આ બાબત ભવિષ્યમાં શિરસ્તારૂપ લેખાશે નહીં અને અપવાદરૂપ જ ગણાશે.

૬. પ્રી-યુનિવર્સિટી સાયન્સની પરીક્ષાનું પરિણામ તા. ૧૦-૫-૧૯૭૫ના રોજ બહાર પડનાર હોઈ આ કૉલેજનું વિદ્યાર્થી સંખ્યાબળ ટકી રહે તે હેતુસર અમદાવાદની સ્થાનિક વિજ્ઞાન કૉલેજોએ આ કૉલેજના વિદ્યાર્થીઓને એફ.વાય.બી.એસસી.માં પ્રવેશ આપવો નહીં તેમ તમામ સ્થાનિક વિજ્ઞાન કૉલેજોને ભલામણ કરવામાં આવે.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એકિઝ./૯૪૦૦/૧૯૭૫
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
અમદાવાદ-૩૮૦૦૦૯
તા. ૨૭-૫-૧૯૭૫.

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૧૪

એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી કાનૂનવિષયક (લિગલ) સમિતિની એક સભા મંગળવાર, તા. ૨૯–૪–૧૯૭૫ના રોજ સાંજના ૫–૧૫ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	હાજરી
૧.	શ્રી. ઈશ્વરભાઈ પટેલ, કુલપતિશ્રી	હાજર
૨.	આચાર્ય એમ. એસ. પંડિત	ગેરહાજર
૩.	શ્રી. આઈ. એમ. નાણાવટી	ગેરહાજર
૪.	પ્રા. મનુભાઈ ડી. પંચોલી	ગેરહાજર
૫.	આચાર્ય એન. એસ. પંડ્યા	હાજર
૬.	શ્રી. ચંદ્રકાન્ત ટી. દરુ	હાજર
૭.	આચાર્ય વી. આર. રણદીવે	ગેરહાજર

પ્રમુખસ્થાન કુલપતિશ્રીએ સંભાળ્યું હતું.

૧. તા. ૨૮–૧–૧૯૭૫ના રોજ મળેલી સ્થાયી કાનૂનવિષયક સમિતિની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૨૮–૧–૧૯૭૫ના રોજ મળેલી સ્થાયી કાનૂનવિષયક સમિતિની સભાની નોંધ મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. સ્વામિનારાયણ કૉલેજના મૅનેજિંગ ટ્રસ્ટીના પત્રો પર વિચારણા કરવા બાબત.

નીચેના પત્રો સમિતિના ધ્યાન પર લાવવામાં આવ્યા :

(૧) શ્રી અનાદિમુક્ત સદ્‌ગુરુ શ્રી મુક્તજીવનદાસજી સ્વામી સુવર્ણ જયંતી મહોત્સવ સ્મારક ટ્રસ્ટ, મણિનગરના મૅનેજિંગ ટ્રસ્ટીનો તા. ૨૮–૪–૧૯૭૫નો પત્ર.

(૨) આચાર્ય કે. એન. શાહનો તા. ૨૬–૪–૧૯૭૫નો પત્ર.

(૩) કુલસચિવશ્રીએ મૅનેજિંગ ટ્રસ્ટીને પાઠવેલ તા. ૨૧–૪–૧૯૭૫નો પત્રાંક ૫૬૭૪.

(૪) કુલસચિવશ્રીએ, સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદના આચાર્યને પાઠવેલ તા. ૨૮–૪–૧૯૭૫નો ડી.ઓ. પત્રાંક આર. સિ./૦૨૮૧૨.

ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે—

(૧) સંલગ્ન કૉલેજના કોઈ પણ શિક્ષક કે બિનશૈક્ષણિક વર્ગના કાયમી કે પ્રોબેશન પરના કર્મચારીઓને છૂટા કરતાં પહેલાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૧–એ અનુસાર કાર્યવાહી કરવા તેમ જ તેમાં જણાવ્યા પ્રમાણે કુલપતિશ્રીની અનુમતિ લેવી આવશ્યક છે, તથા કૉલેજ બંધ કરવાના પ્રશ્નના સંદર્ભમાં ઑર્ડિનન્સ ૧૨૦–ઈમાં જણાવેલી જોગવાઈઓનું યથાર્થ પરિપાલન કરવું આવશ્યક છે તેમ આ સમિતિ સ્પષ્ટપણે માને છે, તેમ એકિઝકયુટિવ કાઉન્સિલને અભિપ્રાય આપવો.

(૨) વધુમાં ઠરાવવામાં આવ્યું કે કુલસચિવશ્રીએ કૉલેજના આચાર્યશ્રીને તથા મૅનેજિંગ ટ્રસ્ટીને પાઠવેલ તા. ૨૮–૪–૧૯૭૫ના પત્રમાં કૉલેજ બંધ કરવાના નિર્ણય પર પુનર્વિચારણા કરવા વિનંતી કરી છે તેના પ્રત્યુત્તરની રાહ જોવી.

૩. શ્રી. ડી. એફ. રાવના તા. ૨૨–૪–૧૯૭૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણમાંથી છૂટા કરવામાં આવેલા શ્રી. ડી. એફ. રાવની બાબતમાં એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૩–૯–૧૯૭૨ની સભામાં ઠરાવ્યા પ્રમાણે શ્રી. ડી. એફ. રાવને તેમની નોકરીનું સાતત્ય જળવાય તે રીતે પુનઃ નોકરીમાં પાછા લીધા ન હોઈ યુનિવર્સિટી ધારાની કલમ ૨૦(૧) (૨૧) (સી) અનુસાર સદરહુ કૉલેજને રાજ્ય સરકાર તરફથી મળતી આર્થિક સહાય અટકાવવા અંગે ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૨–૪–૧૯૭૫ની સભામાં એકિઝકયુટિવ કાઉન્સિલને જે ભલામણ કરી છે તેમ કાનૂનસર છે તેમ આ સમિતિ માને છે તેવો અભિપ્રાય એકિઝકયુટિવ કાઉન્સિલને આપવો.

કામકાજની અન્ય બાબતો પરની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભો. કે. શાહ
કુલસચિવ વતી.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિકયુટિવ કાઉન્સિલની ઑગસ્ટ માસની સભા, શનિવાર, તા. ૧૬-૮-૧૯૭૫ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૬-૮-૧૯૭૫
૧.	શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ, કુલપતિ	હાજર
૨.	શ્રી. એસ. જે. મુનશા, શિક્ષણુસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩.	આચાર્ય એમ. એસ. પંડિત	હાજર
૪.	શ્રી. પ્રફુલ્લચંદ્ર ચંદુલાલ શાહ	ગેરહાજર
૫.	શ્રી. નવીનચંદ્ર મોતીલાલ બારોટ	ગેરહાજર
૬.	ડૉ. જ્યોતીન્દ્ર લક્ષ્મીશંકર ભટ્ટ	હાજર
૭.	પ્રો. અનંતરાય મણિશંકર રાવળ	હાજર
૮.	ડૉ. વિનોદકાન્ત ચૂનીલાલ શાહ	હાજર
૯.	આચાર્ય દર્શનસિંઘ મુસ્તાકસિંઘ શીખ	હાજર
૧૦.	આચાર્ય ડૉ. ધીરુભાઈ પ્રેમશંકર ઠાકર	હાજર
૧૧.	આચાર્ય ડૉ. હર્ષદભાઈ મોતીભાઈ દેસાઈ	ગેરહાજર
૧૨.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૧૩.	શ્રી. ગુલાબભાઈ રતનજી દેસાઈ	હાજર
૧૪.	ડૉ. જશવંતલાલ નાનાલાલ પટેલ	હાજર
૧૫.	પ્રો. દેવવ્રત નાનુભાઈ પાઠક	હાજર
૧૬.	ડૉ. અંબાશંકર એસ. નાગર	હાજર
૧૭.	ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહ	ગેરહાજર
૧૮.	શ્રી. મણિભાઈ ગોરધનભાઈ પ્રહ્લાદ	હાજર
૧૯.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર.

૧. તા. ૨૧-૭-૧૯૭૫ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૨૧-૭-૧૯૭૫ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના બે સુધારાઓ સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

(૧) બાબત નં. ૨૬ના ઠરાવમાં 'સમિતિ નં. ૧થી ૫'ને બદલે 'સમિતિ નં. ૧થી ૪', 'સમિતિ નં. ૬થી ૯'ને બદલે 'સમિતિ નં. ૫થી ૮' અને 'સમિતિ નં. ૧૦થી ૧૨'ને બદલે 'સમિતિ નં. ૯થી ૧૨' એમ સુધારો કરવો.

(૨) બાબત નં. ૬૮ના પરિશિષ્ટ 'ઠ'માં 'જે. એલ. પટેલ'ને બદલે 'આઇ. જે. પટેલ' એમ સુધારો કરવો.

૨. ઓકટોબર ૧૯૭૫માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાશ્નિકો-પરીક્ષકોની નિમણૂકો અંગે જે તે વિદ્યાશાખાની પરીક્ષાસમિતિઓની ભલામણો અને તે પર તા. ૧૪-૮-૧૯૭૫ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલે કરેલી વિચારણાને અનુલક્ષીને સદરહુ નિમણૂકો કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે થયેલી ભલામણો અને સૂચનો પર વિચારણા કરીને તથા સમગ્ર રીતે જોતાં જરૂર જણાય તે સુધારાવધારા સૂચવવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. પ્રો. અનંતરાય રાવળ
૨. ડૉ. એમ. એન. દેસાઈ
૩. આચાર્ય એમ. સી. શાહ
૪. આચાર્ય એમ. એસ. પંડિત
૫. ડૉ. જે. એન. પટેલ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો પર વિચારણા કરીને અને સભાગૃહવતી જરૂરી નિર્ણયો લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩. ઓકટોબર ૧૯૭૫માં લેવાનાર આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં પરીક્ષાસમિતિ કે એકિઝકયુટિવ કાઉન્સિલના સભ્યો હોવા છતાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨ : ૧૩ (૩) અન્વયે પ્રાશ્નિકો-પરીક્ષકો તરીકે સૂચવાયા હોવાથી તેમને નીમવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગે સર્વાનુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યાદી મંજૂર કરવી.

૪. ભાષા-સાહિત્ય ભવનના પ્રોફેસર અને અધ્યક્ષશ્રી કે. આર. ચંદ્રશેખરનને તા. ૩૦-૧૧-૧૯૭૫ના રોજ ૬૦ વર્ષ પૂરાં થાય છે તો તેઓની નિવૃત્તિ-વયમર્યાદા લંબાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનના અંગ્રેજીના પ્રોફેસર અને ભાષા-સાહિત્ય ભવનના અધ્યક્ષ પ્રો. કે. આર. ચન્દ્રશેખરનને પોતાની શારીરિક તપાસ કરાવવા માટે ડૉ. જે. એન. પટેલનો સંપર્ક સાધવા જણાવવું અને તે અંગે ડૉ. પટેલનો અહેવાલ આવ્યેથી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫. ઑગસ્ટ ૨૫ અને ૨૬, ૧૯૭૫ના સમય દરમિયાન પૂના મુકામે "પોસ્ટ-ગ્રેજ્યુએટ કોર્સ ઇન સાયન્સ એજ્યુકેશન" ૫૨ "રિજિયોનલ કૉલેજ ઑફ એજ્યુકેશન, ભોપાલ" આયોજન યોજે છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસક્રમમાં ભાગ લેવા માટે આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. વી. સી. શાહને મોકલવા.

(**નોંધ.**— ખર્ચ રિજિયોનલ કૉલેજ ભોગવવાની છે.)

૬. ભગવાન મહાવીરના નિર્વાણની ૨૫મી શતાબ્દી પ્રસંગે ઑક્ટોબર ૧૦થી ૧૨, ૧૯૭૫ના સમય દરમિયાન જૈન વિશ્વભારતી "જૈન સ્ટડીઝ" ૫૨ જયપુર મુકામે એક પરિસંવાદ યોજે છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૭. ઑક્ટોબર ૨૫થી ૨૭, ૧૯૭૫ના સમય દરમિયાન "ઇન્ડિયન એડલ્ટ એજ્યુકેશન એસોસિયેશન" "ઑલ-ઇન્ડિયા એડલ્ટ એજ્યુકેશન"નું ૨૮મું અધિવેશન જબલપુર મુકામે યોજે છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૮. ઑક્ટોબર ૧૯૭૫ના છેલ્લા સપ્તાહ દરમિયાન "ઇન્સ્ટિટ્યૂટ ઑફ હિસ્ટોરિકલ સ્ટડીઝ" પણજી (ગોવા) મુકામે ૧૩મું વાર્ષિક અધિવેશન યોજે છે તો તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઇન્સ્ટિટ્યૂટના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૯. ફેબ્રુઆરી ૧૨થી ૧૪, ૧૯૭૬ના સમય દરમિયાન એમ. એલ.બી. મેડિકલ કૉલેજ, ઝાંસી મુકામે યોજાનારા "ફિફ્થ નેશનલ કૉન્ફરન્સ ઑન કૉમ્યુનિકેબલ ડિસીસ"માં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે **સદરહુ** પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઇ પ્રતિનિધિને મોકલવા નહીં.

૧૦. વોલ્ટિયર મુકામે આગામી ૨થી ૮ જાન્યુઆરી ૧૯૭૬ના અરસામાં યોજનાર "ઇન્ડિયન સાયન્સ કોંગ્રેસ"માં ભવન તરફથી નીચેના પ્રતિનિધિઓ મોકલવા અંગેના વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીના તા. ૨૩-૭-૧૯૭૫ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ		નામ	વિભાગ
૧.	ડૉ. કે. પી. સોની	અથવા	ડૉ. એમ. એચ. ગાંધી	કેમિસ્ટ્રી
૨.	ડૉ. કે. જી. જાની	,,	પ્રો. પી. ડી. પાઠક	ફિઝિક્સ
૩.	ડૉ. એ. બી. વ્યાસ	,,	ડૉ. યુ. એમ. રાવલ	ઝૂલોજી
૪.	ડૉ. યુ. એચ. આચાર્ય	,,	ડૉ. એ. બી. વોરા	બોટાની
૫.	ડૉ. બી. બી. જાની	,,	પ્રો. સી. જી. ખત્રી	સ્ટેટિસ્ટિક્સ
૬.	ડૉ. એ. એમ. વૈદ્ય	,,	ડૉ. ડી. એસ. બાસન	મૅથેમેટિક્સ
૭.	ડૉ. સીંગાલ	,,	ડૉ. એચ. ડી. વર્મા	સ્પેસ સાયન્સ

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે ખર્ચમાં કરકસરનાં પગલાંને અનુલક્ષીને ઇન્ડિયન સાયન્સ કોંગ્રેસના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઇ પ્રતિનિધિને અપવાદરૂપે મોકલવા નહીં.

૧૧. નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદે જૂન ૧૯૭૬ની બી.એ. હિંદી (મુખ્ય)ના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ મેળવવા માટેની અરજી પાછી ખેંચી લેાઈ તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૨. Youth Welfare Board and Committees–Financial Assistance to Gujarat University, Ahmedabad for the year 1974–75 અંગે અનુદાનની રકમ રૂ. ૧૨,૯૯૫ (અંકે રૂપિયા બાર હજાર નવસો પંચાણું પૂરા) ભારત સરકારના શિક્ષણ અને સમાજકલ્યાણ ખાતા (ન્યૂ દિલ્હી) તરફથી તેમના પત્રાંક F.20- 2/73–YSI(I) તા. ૧૮-૭-૧૯૭૫થી મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૧૩. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના પત્ર નંબર F.7-13/75(HR) dated 11th July, 1975 થીમનોવિજ્ઞાન ભવનના શિક્ષક ડૉ. કે. જી. દેસાઈની To compare the performance of (*i*) Urban, (*ii*) Semi-Urban, (*iii*) rural, and (*iv*) Tribal School children on (*a*) Cattells culture fair intelligence, test, (*b*) Reven's progressive matrices, (*c*) Desai-Bhatt Group Test in Intelligence (verbal), (*d*) Bhavsar Nonverbal Test of Intelligence અંગેની સંશોધન યોજના માટે અનુદાનની રકમ રૂ. ૩,૭૦૦ (અંકે રૂપિયા ત્રણ હજાર સાતસો પૂરા) મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૧૪. લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ–૯ તરફથી પ્રાકૃત, સંસ્કૃત અને પ્રાચીન ભારતીય સંસ્કૃતિના અભ્યાસક્રમોમાં પીએચ.ડી.ના સંશોધનકાર્ય માટે જૂન ૧૯૭૬થી કાયમી માન્યતા મેળવવા માટે આવેલ અરજી ઉપર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસ-સમિતિ નીમવી :

૧. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી
૨. ડૉ. ભોગીલાલ સાંડેસરા.

૧૫. સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદને તેઓની રસાયણવિજ્ઞાન, ભૌતિક-વિજ્ઞાન અને જીવવિજ્ઞાનની પ્રયોગશાળાઓ નવા મકાનમાં ખસેડવા બાબતમાં કુલપતિશ્રીએ નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિની ભલામણ મુજબ તેમ કરવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને જીવવિજ્ઞાનની નવી પ્રયોગશાળાઓનો ઉપયોગ કરવા માટે મંજૂરી આપવી.

૧૬. સંલગ્ન કૉલેજોની ગ્રાન્ટ અંગે રાજ્ય સરકારે નીમેલી સમિતિ સમક્ષ કૉલેજોના કેસ યુનિવર્સિટી તરફથી રજૂ કરવા માટે પોતાની સુચિંતિત ભલામણો તૈયાર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨–૪–૧૯૭૫ની સભામાં નિયુક્ત કરેલી સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો, (૧) રાજ્ય સરકારને અને (૨) સંલગ્ન કૉલેજોને આપવામાં આવતી ગ્રાન્ટની બાબતમાં રાજ્ય સરકારે ભૂતપૂર્વ વડા ન્યાયમૂર્તિ શ્રી. મીયાંભાઈના અધ્યક્ષપદે નીમેલી સમિતિને મોકલવી.

૧૭. યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર સ્ટેટ બેંકના મકાન અંગે લોન તથા ભાડાની શરતો, લોનની પરત ચુકવણી વગેરે અંગે સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયા તરફથી આવેલા પત્ર નં. મિસે-૨૦૬, તા. ૧૬-૭-૧૯૭૫ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસમાં પોતાની બેંકની શાખા સ્થાપવા અંગે અન્ય કોઈ રાષ્ટ્રીકૃત બેંક તૈયાર હોય તો તેની સાથે પત્રવ્યવહાર કરીને તેમની શરતો લખી પુછાવવી અને તે અંગે બેંકોના જવાબો આવ્યેથી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૮. અધ્યાપન શિબિરના આયોજનના સંદર્ભમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે પોતાનો સુચિંતિત અહેવાલ સુપરત કરવા નીમેલી પેટાસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અહેવાલ સામાન્ય રીતે સ્વીકારવો અને તેને અનુલક્ષીને જરૂરી પ્રસ્તાવો તૈયાર કરીને મોકલવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૯. ફાઇનાન્સ સમિતિની તા. ૧૪-૮-૧૯૭૫ના રોજ મળેલ સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૪-૮-૧૯૭૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૪-૮-૧૯૭૫ની સભાની ભલામણો પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૨૦. યુનિવર્સિટી કેમ્પસમાં રોજિંદા ધોરણે કામ કરતા માળી, મજૂર, સફાઇ કામદાર, વૉચમેન તથા પટાવાળા વગેરે તરફથી વેતનવધારા અંગે આવેલ તા. ૨૧-૭-૧૯૭૫ની અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીમાં રોજિંદા ધોરણે (on daily wages) કામ કરતા માળી, મજૂર, સફાઇ કામદાર, ચોકીદાર, પટાવાળા ઇત્યાદિ માટે દૈનિક વેતનનો દર સુધારીને રૂ. ૬-૦૦ નિયત કરવો.

૨૧. સને ૧૯૭૫-૭૬ના વર્ષ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને Unassigned Grant માટે રૂ. ૩૦,૦૦૦ની આર્થિક સહાય તા. ૨૩-૫-૧૯૭૫ના પત્ર ક્રમાંક F. 18-3/75(D-4a)થી

મંજૂર કરી છે તેના સંદર્ભમાં નીચે જણાવેલ યોજનાઓ અંગે તેની સામે જણાવેલ અંદાજી ખર્ચની ફાળવણી કરવા અંગે વિચારણા કરવા બાબત:

No.	*Scheme*	*Estimate for the year 1974–75*	*Actual for the year 1974–75*	*U.G.C.'s share for the year 1974–75*	*Estimate for the year*	*Rates of U.G.C.'s Share*
		Rs.	*Rs. P.*	*Rs. P.*	*Rs. P.*	
1.	Travel grants to teachers in Universities for attending International Conference abroad	Nil	Nil	Nil	Nil	50%
2.	Travel grants to teachers / research scholars/Technicians for visiting Centres of research or to attend academic conferences / Seminers within India	9000/–	11278–81	9696–50	10000–00	100%
3.	Exchange of Teachers	2000/–	652–80	652–80	3000–00	100%
4.	Extention work by University teachers	—	8740–75	4650–70	1000–00	100%
5.	Computer assistance for buying the time of the computer	4000/–	Nil	Nil	1000–00	100%
6.	Preparation and development of teaching materials and aids	Nil	Nil	Nil	Nil	100%
7.	U.G.C.'s Unit	15000/–	55272–07	15000–00	15000–00	100%
		30000/–	75944–43	30000–00	30000–00	100%

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અનએસાઈન્ડ ગ્રાન્ટ પેટે ખર્ચની ફાળવણી નીચે મુજબ મંજૂર કરવી તથા તેમાં જરૂર મુજબ ફેરફાર કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી :

No.	*Scheme*	*Estimate for the year 1974–75* *Rs.*	*Actual for the year 1974–75* *Rs. P.*	*U.G.C.'s share for the year 1974–75* *Rs. P.*	*Esiimatc for the year* *Rs. P.*	*Rates of U.G.C.'s share*
1.	Travel grants to teachers in Universities for attending International Conference abroad	Nil	Nil	Nil	Nil	50%
2.	Travel grants to teachers / research scholars / Technicians for visiting centres of research or to attend academic conferences / Seminers within India	9000/-	11278–81	9696–50	8000–00	100%
3.	Exchange of Teachers	2000/-	652–80	652–80	2000–00	100%
4.	Extention work by University teachers	—	8740–75	4650–70	1000–00	100%
5.	Computer assistance for buying the time of the computer	4000/-	Nil	Nil	4000–00	100%
6.	Preparation and development of teaching materials and aids	Nil	Nil	Nil	Nil	100%
7.	U.G.C.'s Unit	15000/-	55272–07	15000–00	15000–00	100%
		30000/-	75944-43	30000-00	30000–00	100%

૨૨. ધી એમ. એલ. ગાંધી હાયર એજ્યુકેશન સોસાયટી, મોડાસાની કારોબારી સમિતિના નીચેના ઠરાવો પરત્વે વિચારણા કરવા બાબત:

"સરકારે ચાલુ સાલે કર્મચારીઓને આપેલા ઘરભાડા ભથ્થા ઉપર ગ્રાન્ટ આપી નથી તે બાબતની આ સભા દુ:ખપૂર્વક નોંધ લે છે, અને ઠરાવે છે કે મંડળીની આર્થિક સ્થિતિને લક્ષમાં લઈ હાલ જુલાઈ ૧૯૭૫થી મંડળ સંચાલિત કૉલેજોના બધા કર્મચારીઓને ઘરભાડા ભથ્થું આપવાનું મોકૂફ રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સરકારશ્રી તરફથી આપણી કૉલેજોને ઘરભાડા ભથ્થા ઉપર ગ્રાન્ટ આપવાનો નિર્ણય લેવાતાં કર્મચારીઓને ઘરભાડા ભથ્થું આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી દ્વારા આદેશિત ગ્રેચ્યુઇટી ઉપર ગ્રાન્ટ આપવાનો સરકારશ્રી નિર્ણય લે ત્યાં સુધી ગ્રેચ્યુઇટીની યોજના મોકૂફ રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યુનિવર્સિટી તરફથી સરકારશ્રી સમક્ષ ઘટતી રજૂઆત કરવા માટે નીચેના સભ્યોનું પ્રતિનિધિમંડળ નીમવું :

૧. કુલપતિશ્રી (અધ્યક્ષ)
૨. આચાર્ય એમ. સી. શાહ
૩. ડૉ. ધીરુભાઈ ઠાકર
૪. આચાર્ય દર્શનસિંઘ શીખ.

૨૩. સહજાનંદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદમાં જુનિયર અને સીનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશ શીખવવા માટે પરવાનગી માટે સદરહુ કૉલેજના આચાર્યશ્રીની તા. ૧૦-૫-૧૯૭૫ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને જુનિયર અને સીનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી ત્રણ વર્ષ માટે પરવાનગી આપવી.

૨૪. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૫૬ સાથે કરવાનું રાખવું.

૨૫. યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ એન્ડ કે. એસ. શાહ કૉમર્સ કૉલેજ, દેવગઢ-બારિયાને ૧૯૭૫-૭૬ના વર્ષમાં વાણિજ્યની વિદ્યાશાખા બપોરની કરવા માટે પરવાનગી આપવા અંગે આવેલ આચાર્યશ્રીની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને વાણિજ્યની વિદ્યાશાખાનું શિક્ષણકાર્ય બપોરના સમયે કરવા માટે તા ૧૧-૬-૧૯૭૫થી મંજૂરી આપવી.

૨૬. સાયન્સ કૉલેજ, કડીના છાત્રાલયના ગૃહપતિ તરીકે અધ્યાપકોમાંથી કોઈ સેવા આપવા તૈયાર નથી તે સંજોગોમાં સદરહુ કૉલેજના ક્લાર્ક શ્રી. વી. વી. પટેલને ગૃહપતિ તરીકે નીમ્યા હોઈ તે અંગે અનુમતિ આપવા સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—અગાઉ એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૫-૧૦-૧૯૭૪ની સભામાં કપડવંજની સાયન્સ કૉલેજને ગૃહપતિ તરીકે બિનશૈક્ષણિક કર્મચારીની કે અન્ય કોઈ વ્યક્તિની નિમણૂક કરવા પરવાનગી આપી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં શ્રી. વી. વી. પટેલની છાત્રાલયના ગૃહપતિ (વૉર્ડન) તરીકેની નિમણૂક મંજૂર રાખવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ગૃહપતિની નિમણૂક અંગે સદરહુ પ્રસ્તાવને અનુલક્ષીને સામાન્ય ધોરણે નિયમ ઘડવા માટે બોર્ડ ઑફ હૉસ્ટેલ મૅનેજમેન્ટને જણાવવું.

૨૭. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ તરફથી જૂન ૧૯૭૫થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર તથા બી.એ.(સબ.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન અને ઇતિહાસ તથા બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાન તથા બી.એસસી.(જન.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૧-૭-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; બી.એ. (સબો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન અને ઇતિહાસ; તથા બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧-૬-૧૯૭૫થી કાયમી જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. હિંદીના ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૨. શ્રી. ડી. એફ. રાવને તેમની નોકરીનું સાતત્ય જળવાય તે રીતે નોકરીમાં પાછા લેવામાં આવે;

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૬. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે શરતોના પરિપાલનનો અહેવાલ મોકલવાની મુદત તા. ૩૧-૭-૧૯૭૫ને બદલે તા. ૩૧-૮-૧૯૭૫ રાખવી અને આ સુધારા સાથે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૮. સંલગ્ન કૉલેજો-માન્ય સંસ્થાઓના શિક્ષકોની નિવૃત્તિ-વયમર્યાદા શૈક્ષણિક વર્ષના ગાળા દરમ્યાન આવતી હોય તો તે અંત સુધી ચાલુ રાખવા અને તે સમય દરમ્યાનનો પગાર ગ્રાન્ટને પાત્ર ગણવા માટે રાજ્ય સરકારને ભલામણ કરતા તેવા એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૮-૯-૧૯૭૩ની સભાના ઠરાવના સંદર્ભમાં રાજ્ય સરકારના શિક્ષણ અને મજૂર ખાતાએ તેના તા. ૧૭-૭-૧૯૭૫ના પત્રાંક એનજીસી. ૧૦૭૩-૪૬૪૮૭-મથી નીચે પ્રમાણે જણાવ્યું છે તેની નોંધ લેવા બાબત :

" સદરહુ દરખાસ્ત અંતે ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. "

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરવા માટે ઉપર બાબત નં. ૨૨ હેઠળ નીમવામાં આવેલા પ્રતિનિધિમંડળને જણાવવું.

૨૯. એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૮-૩-૧૯૭૫ની સભાના ઠરાવ અનુસાર સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓ માટેના પ્રૉવિડંટ ફંડના નિયમોમાં નીચે પ્રમાણે ફેરફાર કરવા અંગે વિચારણા કરવા બાબત :

૧. નિયમ ૧૩ની કંડિકા (૩) રદ કરવી :

" Notwithstanding anything contained elsewhere an employee who has completed twelve years' service in the employment of the same college/Institution may be granted an advance by the college/Institution in its discretion for meeting the expenditure on building or purchasing a house or a site for a house to the extent at his own subscription plus the contribution of the college/Institution credited to his Provident Fund Account as on 31st March, immediately preceding his application. Such advance shall be repaid in monthly instalments not exceeding 120 and at such rate of interest as may be fixed by the College/Institution from time to time."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૦. એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૮-૨-૧૯૭૫ની સભાના ઠરાવ નં. ૧૦થી એન. એસ. એસ. સલાહકાર સમિતિની ભલામણ કે પ્લાનિંગ ફોરમને એન. એસ. એસ. સાથે સાંકળવું તે સ્વીકારવી નહીં એવો ઠરાવ થયો હતો. પરંતુ ભારત સરકારના શિક્ષણ મંત્રાલયના પત્રાંક ડી.ઓ. નં. એફ. ૨૩-૩૦-૭૪-એસવાય.ના તા. ૪-૭-૧૯૭૫ના પત્ર મુજબ પ્લાનિંગ ફોરમને એન. એસ. એસ. સાથે સાંકળવાની સૂચના થઈ હોવાથી ઉપરોક્ત ઠરાવ વિષે પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જે સંલગ્ન કૉલેજોમાં એન. એસ. એસ.ના એકમો આ પહેલાં આપવામાં આવેલા હોય કે હવે પછી આપવામાં આવે તેના પ્લાનિંગ ફોરમને એન. એસ. એસ.ના એકમ સાથે સંયોજિત કરવા માટે કૉલેજોને જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે જે કૉલેજોમાં એન. એસ. એસ. એકમો આપવામાં આવેલા ન હોય તે કૉલેજો ઇચ્છે તો પ્લાનિંગ ફોરમની પ્રવૃત્તિઓ માટે જરૂરી તંત્ર ગોઠવવા માટે તેમને જણાવવું.

૩૧. ભાષા-સાહિત્ય ભવનમાં જાપાનીઝ ભાષાના વર્ગો યોજવામાં આવ્યા તે માટે મુલાકાતી શિક્ષકના માટેનો પુરસ્કાર તથા વાહન ભથ્થાના દર નિયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વર્ગો ચલાવવા માટે તેના મુલાકાતી શિક્ષક ડૉ. સી. આર. પારેખને તેમના નિયત પુરસ્કાર ઉપરાંત રૂ. ૨૫૦/-નું વાહન ભથ્થું આપવું.

૩૨. શ્રીમતી એન. એચ. એલ. મ્યુનિ. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં સોશિયલ એન્ડ પ્રિવેન્ટિવ મેડિસિનના આસિ. પ્રાધ્યાપક તરીકે જોડાનાર શ્રી. સી. આર. ત્રિવેદીને ખૂટતા બે વર્ષના અનુભવની ઊણપ ક્ષમ્ય ગણીને તેમને શૈક્ષણિક કાર્ય કરવા દેવાની પરવાનગી આપવા અંગેના આવેલા કૉલેજના તા. ૨૧-૭-૧૯૭૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—ડૉ. સી. આર. ત્રિવેદી એમ.ડી.ની પદવી પ્રિવેન્ટિવ એન્ડ સોશિયલ મેડિસિનની ધરાવે છે તથા ગુજરાત યુનિવર્સિટી હેલ્થ સેન્ટરનો બે વર્ષ કરતાં વધુ વર્ષનો હેલ્થ ઑફિસરનો અનુભવ ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં સોશિયલ એન્ડ પ્રિવેન્ટિવ મેડિસિનના આસિસ્ટન્ટ પ્રોફેસરની જગ્યા માટે ડૉ. સી. આર. ત્રિવેદીના ખૂટતા શૈક્ષણિક અનુભવની ઊણપ ક્ષન્ય ગણવી.

૩૩. યુનિવર્સિટીના બિનશૈક્ષણિક સ્ટાફની નિમણૂકના સંદર્ભમાં એકિઝકયુટિવ કાઉન્સિલે કુલપતિશ્રીને આપેલી સત્તા અંગે નવી ધારાકીય જોગવાઈના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના સુધારેલા કાયદા અન્વયે પણ યુનિવર્સિટીમાં રૂ. ૪૫૦ સુધીના મૂળ માસિક પગારવાળી જગ્યાઓ પર આ સભાગૃહવતી બઢતી નિમણૂકો કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૪. એચ. એલ. કૉમર્સ કૉલેજ, અમદાવાદમાં અર્થશાસ્ત્રના વિષયના શિક્ષણકાર્ય માટે શ્રી. જે. આર. શાહની મુલાકાતી પ્રાધ્યાપક તરીકે કાર્ય કરવા દેવાની પરવાનગી માંગતા કૉલેજના તા. ૨૨-૮-૧૯૭૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં અર્થશાસ્ત્રના વિષયમાં શિક્ષણકાર્ય માટે શ્રી. જે. આર. શાહને મુલાકાતી પ્રાધ્યાપક તરીકે કાર્ય કરવા માટે ચાલુ શૈક્ષણિક વર્ષ માટે પરવાનગી આપવી.

૩૫. ગુજરાત યુનિવર્સિટી કોર્ટ પર નીચેના મતદારવિભાગમાંથી ખાલી પડેલ જગાઓ માટેની પેટાચૂંટણીઓ, તેનાં ચૂંટણી મથકો અને ચૂંટણી સ્થળો રાખવા માટેના પ્રસ્તાવ અંગે વિચારણા કરવા બાબત :

		બેઠક
૧. સંલગ્ન કૉલેજોના આચાર્યોનો મતદાર વિભાગ	૧. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખા	૧
	૨. વિજ્ઞાન વિદ્યાશાખા	૨
૨. શિક્ષક મતદાર વિભાગ	૩. ઇજનેરી વિદ્યાશાખા દશ વર્ષ કરતાં ઓછો અનુભવ.	૧
	૪. કાયદાની વિદ્યાશાખા દશ વર્ષ અને તેનાં કરતાં વધુ અનુભવ	૧

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પેટાચૂંટણીઓ અંગેનાં ચૂંટણી મથકો અને ચૂંટણી સ્થળોની યાદી મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલાં ચૂંટણી મથકો અને ચૂંટણી સ્થળોની યાદી **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૩૬. માર્ચ-એપ્રિલ ૧૯૭૫ની એમ.એ. પાર્ટ ૨ની પરીક્ષા માટેના મહારાજ શ્રી નથુરામ શર્મા આનંદાશ્રમ, બીલખા ચંદ્રક શંકરાચાર્ય ફિલોસોફીના પેપર સાથે એન્ટાયર ફિલોસોફીમાં સૌથી વધારે ગુણાંક મેળવનારને આપવાનો છે. એમ.એ. પાર્ટ ૨ની પરીક્ષામાં બે વિદ્યાર્થીઓ સરખા ગુણાંક મેળવતા હોઈ આ ચંદ્રક આપવા અંગે વિચારણા કરવા બાબત :

(**નોંધ.** — બેઠક નં. પાર્ટ ૧ના ગુણાંક પાર્ટ ૨ના ગુણાંક કુલ ૮૦૦ માંથી મેળવેલા

૧.	૧૦૨૨	૨૪૫	૨૩૫ ૪૮૦ ફર્સ્ટ
	૧૦૨૪	૨૪૦	૨૪૦ ૪૮૦ ફર્સ્ટ

૨ નોટિફિકેશન નં. ૩૩૮થી નં. ૧૦૨૨ને ચંદ્રક આપવાનું જાહેર થયેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરના બેઉ વિદ્યાર્થીઓને સદરહુ સુવર્ણમુદ્રિત ચંદ્રક આપવો અને તેનો ખર્ચ તે ચંદ્રક પ્રદાનના ફંડ ખાતે પાડવો.

૩૭. ઉચ્ચતર શિક્ષણ આપતી સંસ્થાઓને સરકારી અનુદાન આપવાની બાબતમાં પ્લાનિંગ કમિશન, ન્યૂ દિલ્હીએ તૈયાર કરેલ અહેવાલ અંગે અને ખાસ કરીને નીચે જણાવેલ મુદ્દાઓ પર યુનિવર્સિટીનાં મંતવ્યો મોકલી આપવાનું જણાવતા એસોસિયેશન ઓફ ઇન્ડિયન યુનિવર્સિટીઝના તા. ૨૬-૭-૧૯૭૫ના પત્ર પર વિચારણા કરવા બાબત :

(*a*) What concrete step can be suggested to establish a system of inventive grants to colleges in place of and/or in addition to maintenance grants ?

(*b*) Would it be helpful if the UGC were to maintain regional offices too ?

(*c*) The desirability or otherwise of establishing grant giving bodies in each large sized State.

(*d*) Should undergraduate education be the exclusive responsibility of the States and Post-graduate education of the UGC ?

(*e*) The feasibility and desirability of raising fees.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મુદ્દાઓ પર સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમની :

૧. આચાર્ય એમ. સી. શાહ
૨. પ્રો. ડી. એન. પાઠક
૩. ડૉ. એમ. એન. દેસાઈ
૪. શ્રી. કુલસચિવ
૫. શ્રી. વિકાસ અધિકારી.

૩૮. યુનિવર્સિટી સર્વિસ સેન્ટરની દુકાનો માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૮-૫-૧૯૭૫ના રોજ નીમેલ પેટાસમિતિની પુનર્રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.— સદરહુ પેટાસમિતિની સભા ત્રણથી ચાર વખત બોલાવવામાં આવેલી હતી, પરંતુ તેમાંથી એક પણ સભાનું કામકાજ થયેલ નથી. હાલ નીચેના સભ્યો છે :

૧. શ્રી. બિહારીલાલ કનૈયાલાલ
૨. શ્રી. નવીનચંદ્ર એમ. બારોટ
૩. શ્રી. મહેન્દ્રલાલ સી. શાહ.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર શ્રી. નવીનચંદ્ર બારોટની જગ્યાએ ડૉ. વી. સી. શાહને નીમવા.

૩૯. સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨-૪-૧૯૭૦ની સભામાં ટાગોર શતાબ્દી વ્યાખ્યાનમાળા અંગેના નિયમો પૈકી અનુ. નિયમ ૫ માં મંજૂર કરેલ સુધારાના સંદર્ભમાં ગયા ઓડિટની નોંધને અનુલક્ષીને નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારો મંજૂર કરવા બાબત :

5. Interest earned by the University out of the fund, including the interest of the previous years, if any, will be utilised for the following :

(1) towards the honorarium to lecturer for the lectures delivered by him, that may be fixed by the Vice-Chancellor,

(2) towards the actual T.A. and D.A. of the Lecturer.

(3) towards incidental (sundry) expenses that may be necessary for arranging the lectures.

(નોંધ.—ઑડિટ નોંધના સંદર્ભમાં ઉપરોક્ત સુધારેલો નિયમ ૧૯૭૧—૭૨ના વર્ષમાં અમલી બનાવવાનો થાય.)

આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક નિયમ નં. ૫ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો.

૪૦. સંલગ્ન કૉલેજોના શિક્ષકો માટેના ગ્રેચ્યુઇટી ફંડના નાણાના રોકાણ અંગે જરૂરી વિચારણા કરી અહેવાલ રજૂ કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૮-૩-૧૯૭૫ની સભામાં નીમેલી સમિતિની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓના શિક્ષકો માટે પ્રત્યેક કૉલેજ-સંસ્થાના શિક્ષકોના મૂળ પગારના ૨½ ટકા પ્રમાણે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવાની જોગવાઈ છે તેના સંબંધમાં પ્રત્યેક કૉલેજ-સંસ્થાએ સદરહુ ફંડનાં નાણાંના ૭૦ ટકા રાષ્ટ્રીયકૃત શિડ્યુલ બૅંકમાં, "ગ્રેચ્યુઇટી ફંડ" ખાતે અલાયદાં રોકવા તથા બાકીના ૩૦ ટકા નાણાં રાષ્ટ્રીય બચત અનામતમાં (નેશનલ સેવિંગ્ઝ ડિપૉઝિટ)માં અલાયદા મૂકવા તથા પ્રતિવર્ષે આ અંગેનો હિસાબ જરૂરી વિગત સાથે યુનિવર્સિટીને મોકલવા આથી એકિઝકયુટિવ કાઉન્સિલને આ સભા ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૧. ગુજરાત યુનિવર્સિટી કોર્ટ પર ૧૨ વિદ્યાર્થીઓના પ્રતિનિધિત્વ અંગેનો સ્ટે. ૧૪-સી સુધારવામાં આવેલ છે તેના સંદર્ભમાં વિદ્યાર્થીઓનું ઉમેદવારીપત્રનું ફૉર્મ સુધારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઉમેદવારી પત્રનો મુસદ્દો (form) મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલા ઉમેદવારી પત્રના મુસદ્દાની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૪૨. વિભાગીકરણ કરવા માગતી કૉલેજો માટેનાં ધારાધોરણ બાબતમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના સેક્રેટરી તરફથી આવેલ તા. ૧-૮-૧૯૭૫ના પત્રાંક એફ-૩૩-૩૪-૬૫-સીડીસીપીની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પત્રની નોંધ લેવી તથા તે બાબતમાં આ યુનિવર્સિટી માટે જરૂરી ધારાધોરણો અંગે વિચારણા કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. ડૉ. ધીરુભાઈ ઠાકર
૨. આચાર્ય દર્શનસિંગ શીખ

૪૩. એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૪-૧-૧૯૭૫ની સભાના નીચેના ઠરાવ નં. ૮૯ પર પુનર્વિચારણા કરવા બાબત :

"રાષ્ટ્રીય સેવા યોજના હેઠળ ખરીદેલ એમ્બેસેડર ગાડી તથા વીકી સ્કૂટરનું ચાલુ નિભાવ ખર્ચ એન. એસ. એસ.ના બજેટમાં આવેલ કાપ જોતાં કુલપતિશ્રીએ યુનિવર્સિટીના ખર્ચ ખાતે લેવાનું મંજૂર કર્યું છે તેની નોંધ લેવા બાબત."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મોટરગાડી અને સ્કૂટરનો નિભાવખર્ચ તા. ૧-૪-૧૯૭૫થી એન. એસ. એસ. અંગેના અંદાજપત્ર હેઠળ પાડવાનું રાખવું.

૪૪. ઑક્ટોબર ૧૯૭૫માં લેવાનાર યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ શરૂ થવાની તારીખો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑક્ટોબર-નવેમ્બર ૧૯૭૫માં લેવાનાર યુનિવર્સિટીની પરીક્ષાઓના પ્રારંભની તારીખોની યાદી મંજૂર કરવા.

(સદરહુ યાદીની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૪૫. યુનિવર્સિટી કેમ્પસમાં જમીનનો સબ-સોઈલ ટેસ્ટ કરાવવા અંગે થનાર રૂ. ૧૦,૧૫૦નો ખર્ચ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—યુનિવર્સિટી કેમ્પસમાં સબ-સોઇલ ટેસ્ટ માટે તા. ૨૭-૧-૧૯૭૫ની બાંધકામ સમિતિની ભલામણ તા. ૮-૨-૧૯૭૫ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભામાં મંજૂર થયેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રૂ. ૧૦૧૫૦નો ખર્ચ મંજૂર કરવો.

૪૬. શ્રી સહજાનંદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદે જૂન ૧૯૭૫થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતીના અભ્યાસક્રમો માટે જોડાણ મેળવવા માટેની અરજી પાછી ખેંચી લેઈ તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪૭. દેખભાળ સમિતિએ ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ માટે આપેલ અહેવાલ ઉપર વિચારણા કરી ભલામણ કરવા અંગેની સમિતિ પરના એક સભ્ય આચાર્ય એમ. ડી. પંચોલીની જગ્યાએ અન્ય સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

(**નોંધ.**—એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૩-૨-૧૯૭૪ની સભામાં સદરહુ સમિતિ નિમાઈ હતી અને આચાર્ય વાય. પી. શુકલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિપદે નિયુક્ત થતાં તેમની જગ્યાએ તા. ૨૪-૮-૧૯૭૪ની સભામાં પ્રો. એમ. ડી. પંચોલીને નીમ્યા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર આચાર્ય એમ. ડી. પંચોલીની જગ્યાએ ડૉ. અંબાશંકર નાગરને નીમવા.

૪૮. મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણામાં ચાલુ વર્ષે પ્રી-યુનિ. આર્ટ્સ સાથે પ્રથમ વર્ષ બી.એ.ના વર્ગોના સમયપત્રકનું "સ્ટેગરિંગ" કરીને વર્ગો ચલાવવા દેવાની સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં ફક્ત ચાલુ વર્ષ દરમ્યાન જ શિક્ષણકાર્યના સમયપત્રકનું સ્ટેગરિંગ કરવા માટે અપવાદ તરીકે પરવાનગી આપવી અને તેને જણાવવું કે જૂન ૧૯૭૬થી કોઈ પણ સંજોગોમાં આ પ્રકારની રજા આપી શકાશે નહીં; તેથી તે માટે કૉલેજના મકાનમાં જરૂરી બાંધકામ વેળાસર કરી લેવું આવશ્યક રહેશે.

૪૯. ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદની જૂન ૧૯૭૬થી બી.એ. (પ્રિન્સિ.)માં હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ મેળવવા માટે સમયમર્યાદા બહાર આવેલ જોડાણઅરજી પર ગુજરાત યુનિ. ધારાની કલમ ૪૩(૧) અને ઓ. ૧૨૦ અન્વયે વિચારણા કરવા કુલપતિશ્રીએ ભલામણ કરી હોઈ તે અંગે વિચારણા કરીને સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ડૉ. અંબાશંકર નાગરની એક વ્યક્તિની સ્થાનિક તપાસસમિતિ નીમવી.

૫૦. શ્રી. સી. વી. શાહ લૉ કૉલેજ, અંભાતને "ડિસએફિલિયેટ" કરવા અંગે સૂચન કરતા બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયા, ન્યૂ દિલ્હીના તા. ૯-૪-૧૯૭૫ના પત્રના સંદર્ભમાં એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૨-૪-૧૯૭૫ની સભાના ઠરાવ અન્વયે સદરહુ કૉલેજ તરફથી આવેલ વક્તવ્ય અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ધારાશાસ્ત્રની વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીનાં સલાહસૂચનો લઈને બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયા સમક્ષ ઘટતી રજૂઆત કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૧. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના તેમ જ પ્રાશ્નિક-પરીક્ષકો અને નિરીક્ષકોના તેમ જ કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા ૧૯૭૫ના વર્ષ માટેની પરીક્ષાશુદ્ધિ સમિતિની તા. ૨૪-૭-૧૯૭૫ અને તા. ૬-૮-૧૯૭૫ના રોજ મળેલ સભાઓની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૪-૭-૧૯૭૫ અને તા. ૬-૮-૧૯૭૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી સદરહુ સમિતિની તા. ૨૪-૭-૧૯૭૫ અને તા. ૬-૮-૧૯૭૫ની સભાની ભલામણોની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૫૨. નેશનલ સાયન્સ ટેલેન્ટ સર્ચ તાલીમ શિબિર ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે સેંટ ઝેવિયર્સ કૉલેજમાં યોજવા માટે શ્રી પંકજ પ્રમુખલાલ પટેલ ચેરિટી ટ્રસ્ટ, અમદાવાદ તરફથી રૂ. ૫,૦૦૦ (પાંચ હજાર)નું પ્રદાન સ્વીકારવા અંગે તથા તે માટે સેંટ ઝેવિયર્સ કૉલેજના ઉપાચાર્ય તરફથી આવેલ અંદાજપત્ર (જેની વિગત નીચે દર્શાવેલ છે) મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

અંદાજપત્ર

આવક :

સ્ટુડન્ટ ફી ૪૦ × ૨૦	રૂ. ૮૦૦-૦૦
યુનિવર્સિટીનો ફાળો	રૂ. ૨,૨૦૦-૦૦
કુલ આવક...રૂ.	૩,૦૦૦-૦૦

ખર્ચ :

વ્યાખ્યાનો તથા પ્રોજેક્ટ અંગે ચાર	રૂ. ૨,૦૦૦-૦૦
વિજ્ઞાન વિભાગોને પુરસ્કાર	
સ્ટેશનરી તથા વહીવટી ખર્ચ	રૂ. ૧,૦૦૦-૦૦
કુલ ખર્ચ...રૂ.	૩,૦૦૦-૦૦

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો તથા નેશનલ સાયન્સ ટેલેન્ટ સર્ચ અંગેની ભારત સરકારની યોજના હેઠળ બે તાલીમ વર્ગો ચલાવવાનું કામ સેંટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદને સોંપવું અને તે માટે ઉપર મુજબ કુલ રૂ. ૫૫૦૦/- (કુલ રૂપિયા પાંચ હજાર પાંચસો ફક્ત)નું ખર્ચ મંજૂર કરવું.

૫૩. ઓર્ડિ. એમ.એ. (એકસ્ટર્નલ)-૧, એમ.એ. (એકસ્ટર્નલ)-૨, એમ.એ. (એકસ્ટર્નલ)-૩ અને એમ.એ. (એકસ્ટર્નલ)-૪ મંજૂર કરી તેને જૂન ૧૯૭૬થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૮-૭-૧૯૭૫ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૪. એકેડેમિક કાઉન્સિલની તા. ૧૮-૭-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે બાનગી રાહે અભ્યાસ કરીને એમ.એ.ની પરીક્ષામાં બેસવા ઇચ્છતા વિદ્યાર્થીઓને તે સગવડ મળે તે માટે સ્ટે. ૧૭૭-બી નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલ અને યુનિવર્સિટી ઍક્ટને ભલામણ કરવી :

St. 177-B :

"The University shall award the Degree of Master of Arts (External) to such students as have, being exempted from attendance at courses of studies in affiliated colleges or recognised institutions where Post-graduate Centres in the subject concerned have been instituted or at the University Departments, as the case may be, passed the qualifying examination for the Degree of Master of Arts (External)."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૫. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૮-૭-૧૯૭૫ની સભામાં યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનમાં તમિલ ભાષાના શિક્ષણ માટે ડિપ્લોમા અને/અથવા સર્ટિફિકેટ અભ્યાસક્રમ શરૂ કરવા માટે તથા તે માટે તમિલ ભાષાના એક લેકચરરની જગ્યા ઊભી કરવા એકિઝકયુટિવ કાઉન્સિલે ભલામણ કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) તમિલ ભાષાના લેકચરરની જગ્યા માટે વાર્ષિક રૂ. ૧૨,૦૦૦ની આર્થિક સહાય સરકારશ્રી તરફથી આપવામાં આવશે;

(૨) તમિલ ભાષાનાં પુસ્તકો માટે રૂ. ૫,૦૦૦ની આર્થિક સહાય આપવામાં આવશે.]

આથી ઠરાવવામાં આવે છે કે તામિલભાષાના શિક્ષણ માટે ટૂંકાગાળાનો સર્ટિફિકેટ કોર્સ શરૂ કરવો અને તે માટે માનદ ધોરણે શિક્ષક નીમવા માટે તથા તેમનું યોગ્ય માનદ વેતન મંજૂર કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

તે પછી બાબત નં. ૫૬ની સાથે બાબત નં. ૨૪ પણ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૨૪. સંલગ્ન કોલેજોના બિન-શૈક્ષણિક કર્મચારીઓ અંગેની માહિતી મંગાવવા માટે નીચે પ્રમાણેનો ઑર્ડિનન્સ ૯૬-એ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

O. 96-A:

"Every college shall submit to the Executive Council by 31st of July information regarding the non-teaching staff of the college in the prescribed form."

અને

૫૬. સંલગ્ન કૉલેજો–માન્ય સંસ્થાઓના શિક્ષક-બિનશિક્ષક વર્ગના કર્મચારીઓની સેવાઓના નિયમો, પગારધોરણો ઇત્યાદિ પ્રશ્નો અંગે એકિઝકયુટિવ કાઉન્સિલ નિયુક્ત સ્થાયી સમિતિની તા. ૧૮-૧૨-૧૯૭૫ની સભાની ભલામણો પર એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૮-૨-૧૯૭૫ની સભામાં તેની સમગ્રતામાં પુનર્વિચારણા કરવા ઠરાવેલ. તદનુસાર સદરહુ સમિતિએ તેની તા. ૧૧-૮-૧૯૭૫ની સભામાં તે અંગે પુનર્વિચારણા કરી કરેલ ભલામણો પર વિચારણા કરવા બાબત.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૭. ફોરેન યુનિવર્સિટીઝ ઈન્ફર્મેશન બ્યૂરો અંગેની સમિતિના સભ્યોની મુદત તા. ૮-૯-૧૯૭૫ના રોજ પૂરી થતી હોઈ ઑર્ડિ. ૪૨ અન્વયે પ્રત્યેક વિદ્યાશાખાનું પ્રતિનિધિત્વ જળવાય તે રીતે સભ્યોની નિમણૂક આગામી ત્રણ વર્ષ માટે કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બ્યુરો પર પ્રતિનિધિઓ તરીકે નીચેની વ્યક્તિઓને તા. ૯-૯-૧૯૭૫થી ત્રણ વર્ષ માટે નીમવી :

૧. કુલપતિશ્રી
૨. ડૉ. રમણભાઈ ભટ્ટ
૩. ડૉ. સી. જી. ખત્રી
૪. આચાર્ય કે. જે. ભટ્ટ
૫. આચાર્ય જે. સી. ત્રિવેદી
૬. ડૉ. પનાલાલ શાહ
૭. આચાર્ય પી. આર. દેસાઈ
૮. ડૉ. વી. સી. શાહ
૯. ડૉ. એ. એમ. મલાવવાલા

૫૮. તા. ૨૬થી ૨૮ ઑક્ટોબર ૧૯૭૫ના સમય દરમિયાન "ઑલ-ઇન્ડિયા યુનિવર્સિટી ઉર્દૂ ટીચર ઍસોસિયેશનનું વાર્ષિક અધિવેશન બેંગ્લોર મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઍસોસિયેશનના આગામી વાર્ષિક અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૫૯. યુનિવર્સિટી ધારાની કલમ ૩૩-એ (૧) (બી) (૧) અને (૨) અનુસાર સંલગ્ન કૉલેજોએ શિક્ષકોની નિમણૂક કરતી વખતે પ્રત્યેક કૉલેજની જે તે વરણી સમિતિ પર યુનિવર્સિટીના પ્રતિનિધિ હોવા આવશ્યક હતા તેમ છતાં પણ નીચેની કૉલેજોનાં નામ સામે જણાવેલ વિષય માટે યુનિવર્સિટીના પ્રતિનિધિ સિવાય કેટલાક શિક્ષકોની નિમણૂક કરવામાં આવી છે તો તે અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	કૉલેજનું નામ	શિક્ષકનું નામ	વિષય	કૉલેજે કરેલ ખુલાસો
૧.	શ્રીમતી બી. સી. જે. એજ્યુ. કૉલેજ, ખંભાત	શ્રી એમ. જી. દેસાઈ	શિક્ષણના પ્રાધ્યાપક	આ જગ્યા પર શ્રી. કલ્યાણીની નિમણૂક કરી હતી. તેમનું અચાનક અવસાન થવાથી તથા એમ.એડ. પાર્ટ ૨ના વર્ગો ૧લી જુલાઈથી શરૂ કરવાના હોવાથી તાત્કાલિક નિમણૂક કરવી પડી છે.
૨.	નવજીવન આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ	૧. શ્રી. યુ. કે. પંડ્યા	કૉમર્સના વ્યાખ્યાતા	કૉલેજ શરૂ થઈ ગઈ હોવાને કારણે વિદ્યાર્થીઓ શિક્ષક વગર રખડે નહીં એ માટે તાત્કાલિક વ્યવસ્થાના સંદર્ભમાં નિમણૂક કરી છે.
		૨. શ્રી. ઝેડ. એફ. મૌલવી	અંગ્રેજીના ટચૂટર	કૉલેજ શરૂ થઈ ગઈ હોવાને કારણે વિદ્યાર્થીઓ શિક્ષક વગર રખડે નહીં એ માટે તાત્કાલિક વ્યવસ્થાના સંદર્ભમાં નિમણૂક કરી છે.
		૩. શ્રી. કે. જની	નયના અંગ્રેજીનાં વ્યાખ્યાતા	,,
		૪. શ્રી. પી. પી. જોશી	ઇતિહાસના વ્યાખ્યાતા	,,
		૫. શ્રી. બી. સી. દાલસરા	અર્થશાસ્ત્રના ટચૂટર	,,
		૬. શ્રી. દેવિલા એસ. કડકિયા	અર્થશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા	,,
		૭. શ્રી. આઈ. જી. સૈયદ	મનોવિજ્ઞાનના વ્યાખ્યાતા	,,

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિમણૂકો ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી માન્ય કરવી અને જૂન ૧૯૭૬થી તે જગ્યાઓ ઉપર શિક્ષકોની નિમણૂકો માટે યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ પસંદગી સમિતિની રચના કરવા માટે સંબંધકર્તા કૉલેજોને જણાવવું.

૬૦. બાંધકામ સમિતિની તા. ૧૩-૮-૧૯૭૫ની સભાની ભલામણો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૩-૮-૧૯૭૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૩-૮-૧૯૭૫ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૬૧. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પ્રાંતિજના પ્રશ્નો અંગે કુલપતિશ્રીએ નિયુક્ત કરેલી સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે કૉલેજના સંચાલકમંડળના મૅનેજિંગ ટ્રસ્ટીનો તા. ૧૪-૮-૧૯૭૫નો પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી સદરહુ બાબત અંગે લંબાણ ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ કૉલેજનો આખોય પ્રશ્ન સમગ્ર રીતે જોઈતપાસીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. ડૉ. એમ. એન. દેસાઈ
૨. આચાર્ય એમ. સી. શાહ
૩. આચાર્ય ધીરુભાઈ ઠાકર.

૬૨. વિભાગીય સ્થાનિક રમત સમિતિઓની બેઠકોની સંખ્યા નિયંત્રિત કરવાના હેતુથી ઑ. ૧૮, ૨૦ અને ૨૧ સુધારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલા ઑર્ડિ. ૧૮, ૨૦ અને ૨૧ મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

(મંજૂર કરવામાં આવેલા સદરહુ સુધારેલા ઑર્ડનન્સોની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૬૩. સાબરમતી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદમાં અંગ્રેજીના લાયકાત ધરાવતા વ્યાખ્યાતા અપ્રાપ્ય હોવાથી, તે જ કૉલેજમાં શિક્ષણકાર્ય કરતા કુ. આર. બી. જાડેજાને વ્યાખ્યાતા થવા માટે ખૂટતા શૈક્ષણિક અનુભવની ઊણપ ક્ષમ્ય ગણીને ચાલુ વર્ષે પણ નિમણૂક ગ્રાહ્ય રાખવા અંગે કૉલેજની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) કુ. આર. બી. જાડેજા બી.એ. અને એમ.એ. એ બે પદવીઓ પાસ વર્ગમાં ધરાવે છે તથા ૩ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવે છે.

(૨) કુ. આર. બી. જાડેજાની નિમણૂક ૧૯૭૪-૭૫ના શૈક્ષણિક વર્ષ માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૮—૩—૧૯૭૫ની સભામાં કૅાન્ડોન કરવામાં આવી હતી.

(૩) કુ. આર. બી. જાડેજા વ્યાખ્યાતા તરીકેની જરૂરી પાત્રતા ધરાવતાં નથી તેમ જ ૧૯૭૪—૭૫ના શૈક્ષણિક વર્ષ પૂરતી તેમની નિમણૂક કૅાન્ડોન કરવામાં આવી હતી તે છતાં પણ કૅાલેજે કુ. આર. બી. જાડેજાને ચાલુ રાખ્યા છે તે બાબતમાં કૅાર્ટ સભ્ય શ્રી. મંગુભાઈ પટેલ તરફથી વિરોધદર્શક પત્ર આવેલ છે.]

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે આચાર્યશ્રીનો તા. ૭-૮-૧૯૭૫નો પત્ર તથા કૅાર્ટ સભ્ય પ્રૅા. મંગુભાઈ પટેલનો તા. ૧૪-૭-૧૯૭૫નો પત્ર એ બેઉ પત્રો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ કૅાલેજમાં અંગ્રેજીના લેકચરર તરીકે કુ. આર. બી. જાડેજાની નિમણૂકને ચાલુ વર્ષે બાહ્ય રાખવાની આચાર્યશ્રીની વિનંતી તેમના તા. ૭—૮—૧૯૭૫ના પત્રમાં જણાવેલ કારણો જોતાં મંજૂર કરવી.

૬૪. યુનિવર્સિટીનાં નીચેનાં મકાનો માટે એલ.ટી. સર્વિસ જોડાણ કરવા માટે અમદાવાદ ઇલેક્ટ્રિસિટી કં. પાસે માગણી કરવા અંગે વિચારણા કરવા બાબત :

૧. યુનિવર્સિટી કાર્યાલય
૨. પ્રેસ
૩. કૅામ્પ્યુટર સેન્ટર
૪. ટ્રસ્ટ ભવન
૫. મનોવિજ્ઞાન ભવન
૬. સમાજ વિદ્યાભવન
૭. એન. આર. એસ. સેન્ટર
૮. પોસ્ટ ઑફિસ
૯. લાઇબ્રેરી
૧૦. ભાષા ભવન

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં ઉપરનાં મકાનો માટે એલ. ટી. સર્વિસનું વીજળીનું જોડાણ કરવા માટે અમદાવાદ ઇલેક્ટ્રિસિટી કંપનીને વિનંતી કરવી તથા તે અંગેની યોજના તથા અંદાજી ખર્ચની વિગતો આવ્યેથી સદરહુ બાબત બાંધકામ સમિતિના અભિપ્રાય સાથે આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૬૫. સંલગ્ન કૅાલેજો અને માન્ય સંસ્થાઓના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે નિયત કરેલ પગારધોરણો, મોંઘવારી ભથ્થાંઓ, ઘરભાડાં ભથ્થાંઓ, પ્રૅાવિડંટ ફંડ, ગ્રેચ્યુઈટી, વચગાળાની રાહત, સેવાના નિયમો અને સંલગ્ન કૅાલેજોમાં કર્મચારીઓના મહેકમ બાબતે પરિપત્રોના પરિપાલન અંગે સંલગ્ન કૅાલેજો-માન્ય સંસ્થાઓએ અંશતઃ પાલન કર્યું છે-કૅાઈ જવાબ નથી આવ્યો તો તે અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(અ) ૧. ૮૪ કૅાલેજોએ અંશતઃ પાલન કર્યું છે.
૨. ૧૧ કૅાલેજોએ કૅાઈ પ્રત્યુત્તર પાઠવ્યો નથી.
૩. ૯ સરકારી કૅાલેજો હોવાથી હાલને તબક્કે આપણે કૅાઈ કાર્યવાહી કરતા નથી.
૪. ૪૩ કૅાલેજોએ સંપૂર્ણ પાલન કર્યું છે.
૫. ૧ માન્ય સંસ્થાએ અંશતઃ પાલન કર્યું છે.
૬. ૬ માન્ય સંસ્થાઓએ કૅાઈ પ્રત્યુત્તર પાઠવ્યો નથી.

(બ) અગાઉ એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૨—૧૧—૧૯૭૪ તેમ જ તા. ૭-૬-૧૯૭૫ ની સભાના ઠરાવો અન્વયે કુલપતિશ્રીએ કૉલેજોના આચાર્યો તથા ટ્રસ્ટીશ્રીઓને બે વખત ડી.ઓ. પત્ર લખ્યા છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોને યુનિવર્સિટીનાં ધારાધોરણોનું પરિપાલન કરવા માટે ઘટતો પત્ર લખીને ભારપૂર્વક જણાવવું.

૬૬. "વિદ્યા"-બી સાયન્સીસના તંત્રી મંડળ પર અધ્યક્ષ તરીકે ડૉ. જે. જે. ચિનોય કામ કરતા હતા, પરંતુ હવે ડૉ. ચિનોય વિજ્ઞાન ભવનના અધ્યક્ષપદેથી નિવૃત્ત થયેલા હોઈ સદરહુ તંત્રીમંડળ પર તેમની જગ્યાએ કોની નિમણૂક કરવી તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—હાલ સદરહુ સમિતિ પર નીચેના સભ્યો છે:

૧. ડૉ. જે. જે. ચિનોય—અધ્યક્ષ
૨. ડૉ. વી. સી. શાહ
૩. પ્રો. પી. ડી. પાઠક
૪. આચાર્ય કે. એન. શાહ
૫. આચાર્ય જે. જે. ત્રિવેદી
૬. ડૉ. સી. જી. ખત્રી)

આથી ઠરાવવામાં આવે છે કે 'વિદ્યા'ના વિજ્ઞાન અંકના સંપાદક મંડળના અધ્યક્ષ તરીકે પ્રો. જે. જે. ચિનોયની જગ્યાએ ડૉ. સી. જી. ખત્રીની નિમણૂક કરવી તથા સભ્ય તરીકે ડૉ. સી. જી. ખત્રીની જગ્યાએ ડૉ. એમ. એન. દેસાઈની નિમણૂક કરવી.

૬૭. બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝની તા. ૭-૮-૧૯૭૫ના રોજ મળેલી સભાની નીચે મુજબની ભલામણ મંજૂર કરવા બાબત:

"એકસ્ટ્રામ્યુરલ બૉર્ડના ઉપક્રમે યોજાતા 'આ વર્ષનું યુનિવર્સિટી વ્યાખ્યાન'ની કૉલેજો માટેની યોજના યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોને પણ લાગુ પાડવા અને તેમાં અપાતી આર્થિક સહાય મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૮. મણિનગર સાયન્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૭૫થી બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર તથા બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાન તથા પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીના જોડાણ માટે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) પ્રાયોગિક કાર્ય માટે પ્રથમ સત્ર પૂરતી ભવન્સ સાયન્સ કૉલેજ તેમ જ અમદાવાદ સાયન્સ કૉલેજમાં વ્યવસ્થા કરવામાં આવી છે.

(૨) પ્રયોગશાસ્ત્રનાં સાધનો ઈ. માટેનો ખર્ચ રાજ્ય સરકારની ગ્રાન્ટ આવ્યેથી કરશે તેમ જણાવ્યું છે.

(૩) ગ્રંથાલય માટે રૂ. ૭,૦૦૦ ના અનાવર્તક ખર્ચ માટે ઑર્ડર મૂકવામાં આવ્યા છે.

(૪) રૂ. ૫૦,૦૦૦ ની ઋણમુક્ત અસ્કામત અંગેનું પ્રમાણપત્ર સરકારી ગ્રાન્ટ મળ્યેથી મોકલવું શકય બનશે તેમ જણાવ્યું છે.)

કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ કૉલેજને તા. ૧૫-૬-૧૯૭૫થી એક વર્ષ માટે બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર તથા બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાન તથા પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવું.

૬૯. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) માર્ચ-એપ્રિલ ૧૯૭૪માં ફર્સ્ટ બી.એસસી. પરીક્ષામાં જેઓ સ્વેચ્છિક રીતે બેસવા માંગે તેમની પરીક્ષા જે તે કૉલેજે લેવી તે અંગેના યુનિવર્સિટીના પરિપત્ર સંબંધમાં સેંટ ઝેવિયર્સ કૉલેજના શ્રી. સુનીલકુમાર વોરા અને બીજા કેટલાક વિદ્યાર્થીઓએ ફર્સ્ટ બી.એસસી. પરીક્ષા યુનિવર્સિટી દ્વારા લેવા માટે ગુજરાતની વડી અદાલતમાં કરેલ રિટ અરજી (સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૪૩૬ ઑફ ૧૯૭૪)ના સંદર્ભમાં યુનિવર્સિટી તરફથી ઍડવોકેટ રોકયા અંગેના તથા તે અંગે થયેલ રૂ. ૬,૧૫૦નો ખર્ચ મંજૂર કર્યાના;

[તા. ૨૭-૪-૧૯૭૫ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાએ બાબત નં. ૧૦૫ (૨) થી ઉપરોક્ત રિટમાં ઉભય પક્ષે થયેલ સમજૂતીને અનુમોદન આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લીધેલ છે].

(૨) યુનિવર્સિટીના બિનશૈક્ષણિક કક્ષાના કર્મચારીઓના "વર્ક ટૂ રૂલ" આંદોલનના કારણે માર્ચ-એપ્રિલ ૧૯૭૫ની પરીક્ષાઓનાં કેટલાંક પ્રશ્નપત્રો જુદાં જુદાં કેન્દ્રો ઉપર પહોંચતાં કરવા માટે નીચેની વ્યક્તિઓની મદદ લેવી પડી હતી તે અંગે તેઓને પ્રત્યેક ટીપના રૂ. ૨૦ પરીક્ષા પેટે તથા રૂ. ૫ ઇન્સિડન્ટલ ખર્ચ પેટે તથા ખરેખર મુસાફરી ખર્ચ જે થયો હોય તે ચૂકવવાનું મંજૂર કર્યાના :

ક્રમાંક	વિગત	રકમ
		રૂ.
૧.	ડૉ. આર. આર. પટેલ	૭૫
૨.	પ્રો. આર. આર. શાહ	૧૦૦
૩.	પ્રો. બી. આર. દેસાઈ	૧૦૦
૪.	પ્રો. એમ. બી. દેસાઈ	૭૫
૫.	પ્રો. બી. એસ. પટવારી	૨૫
૬.	પ્રો. એન. ટી. નાણાવટી	૨૫
૭.	પ્રો. એચ. જી. દેસાઈ	૫૦
૮.	પ્રો. બી. એન. નાયક	૨૫
૯.	પ્રો. સી. આર. વોરા	૨૫
૧૦.	પ્રો. આઈ. જી. વશી	૫૦
૧૧.	પ્રો. જી. જે. શાહ	૨૫
		૩૭૫

(૩) યુનિવર્સિટીના કૉમ્પ્યુટર સેન્ટરમાં તા. ૩૧-૧૦-૧૯૭૫ સુધીના સમય માટે એક હંગામી ક્લાર્ક-ટાઇપિસ્ટની નિમણૂક કર્યાના;

(૪) યુનિ. વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિ વિભાગના શિક્ષક ડૉ. બી. એસ. વૈદ્યની સંશોધન યોજના અંગે ઇન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઇઝર કો-ઓપરેટિવ લિ. તરફથી રૂ. ૪,૫૦૦નું પ્રદાન મળનાર હોવાથી તેઓની સંશોધન યોજના મંજૂર કર્યાના;

(૫) વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાની ઑક્ટોબર ૧૯૭૫માં લેવાનાર એ.ટી.કે.ટી.-વાળા વિદ્યાર્થીઓની પરીક્ષાઓ માટે અમદાવાદ, ભૂજ, ગોધરા, નડિયાદ અને વીસનગર કેન્દ્રો મંજૂર કર્યાના;

(૬) વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદમાં ૧૯૭૫-૭૬ના વર્ષ માટે ૭૦ અને ૭૫ની સંખ્યાના બે વર્ગો કરવાની પરવાનગી આપ્યાના;

(૭) વિજ્ઞાન વિદ્યાભવનમાં ટાઇપિસ્ટ તરીકે કામ કરતા શ્રી. એસ. આર. પરમારની સેવાઓ ટાઇપિસ્ટ તરીકે ત્રણ વર્ષ માટે (તા. ૧૫-૬-૧૯૭૫ થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધી) COSIP યોજના માટે ઉછીની આપ્યાના;

(૮) ચાલુ વર્ષના કેટલાક વિશિષ્ટ સંજોગોને લીધે કેટલીક વિદ્યાશાખામાં શિક્ષણ કાર્ય જુલાઈના બીજા સપ્તાહ સુધી ચાલુ થઈ શકયું ન હતું તે સંજોગોમાં વિદ્યાર્થીઓને કૉલેજની વર્ગદીઠ તથા સમગ્ર કૉલેજની નિયત થયેલ સંખ્યાની મર્યાદામાં કૉલેજો-સંસ્થાઓ-ભવનોમાં પ્રવેશ આપવાની મુદત તા. ૩૧-૭-૧૯૭૫ સુધી લંબાવ્યાના;

(૯) પીએચ.ડી. પદવી માટે નીચે જણાવેલા વિદ્યાર્થીઓના મહાનિબંધો સ્વીકૃત ગણ્યાના :

Sr. No.	*Name of the student*	*Subject / Faculty*		*Title of the Thesis*	*Name of the Guide*
1.	Shri J. G. Gadit	Gujarati	Arts	ન્હાનાલાલની અપદ્યા-ગદ્ય રચનાઓની ભાષાનું સાહિત્યિક અધ્યયન	ડૉ. એચ. સી. ભાયાણી ભાષા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯
2.	Shri R. N. Patel	Sanskrit	Arts	જગન્નાથ મિશ્રનો રસકલ્પદ્રુમ અલંકાર-શાસ્ત્રનો ગ્રંથ-એક અધ્યયન	ડૉ. ટી. એસ. નાન્દી, ભાષા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯
3.	Shri N. B. Patel	Pharma-cology	Medicine	Pharmacological Evaluation of some newly synthesized ganglionic Active Glutarimide compounds	Dr. M. N. Jindal, B. J. Medical College, Ahmedabad

4.	Shri H. O. Shah	Botany	Science	Morphophysiological studies during the Vegetative and reproductive and differentiation in wheat.	Dr. C. K. Shah, Uni. School of Sciences, Ahmedabad-9.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૭૦. બોર્ડ ઓફ સ્ટુડન્ટસ વેલ્ફેરની ચૂંટણીમાં મતદાર એક કરતાં વધારે કેન્દ્ર પર મતદાન ન કરી શકે તે માટે ઓ. ૫૧–એ ની કલમને નીચે સૂચવ્યા પ્રમાણે સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

Every voter will be eligible to vote at an election, only on production of an identity card (bearing his full name and recent photograph) issued by Principals of the respective colleges. Head of the recognised Institutions or Director of University Schools as the case may be.	Every voter will be eligible to vote at an election only on production of an identity card (bearing his full name and recent photograph) issued by the Principal of the respective colleges, Head of the recognised Institution or Director of the University schools, as the case may be. It is further provided that no voter shall be permitted to vote at a polling centre other than the one fixed in the town in which as his college or Institution of the post-graduate centre as the case may be where he is already enrolled as a student is situated.

આથી ઠરાવવામાં આવે છે કે ઓર્ડિ. ૫૧–એની કલમ નં. ૫ ઉપર સૂચવ્યા મુજબ સુધારવી તથા સદરહુ સુધારેલા ઓર્ડિ. ૫૧–એ ને તાત્કાલિક અમલમાં મૂકવો.

૭૧. બોર્ડ ઓફ સ્પોર્ટ્સની તા. ૨૫-૪-૧૯૭૫ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે ઓ. ૮માં છેલ્લા વાક્યમાં જે co-opted members શબ્દો છે તેની જગ્યાએ--

"The Physical Education Teachers and the students appointed by the Executive Council to the Board of Sports. . . . . .

"The Principals of the colleges and the members appointed by the Executive Council to the Board of Sports shall ordinarily be persons possessing expert knowledge or experience in some branch of sports and shall hold office for three years, but shall be eligible for re-appointment. The out-going Chairman of the Board of Sports shall hold office for the succeeding year only. *The Physical Education* Teachers and the students appointed by the Executive *Council to the Board of Sports* shall hold office for one year only but shall be eligible for re-appointment."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ સુધારેલા ઑર્ડિ. ૮ને મંજૂર કરવો, તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૭૨. ગુજરાત યુનિવર્સિટી કોર્ટ પરની વિદ્યાર્થી પ્રતિનિધિઓની ચૂંટણી તેમ જ બોર્ડ ફૉર સ્ટુડન્ટ્સ વેલ્ફેરની ચૂંટણીનાં કેન્દ્રો માટે શહેરમાં તથા કેન્દ્રો માટે મથકો રાખવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ચૂંટણીઓ માટે અમદાવાદ શહેરમાં તથા અન્ય મથકો ઉપર મતદાન કેન્દ્રોની યાદી મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલ મતદાન કેન્દ્રોની યાદીની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે,)

૭૩. યુનિવર્સિટી તરફથી તૈયાર કરવામાં આવેલ રમતગમતનાં મેદાનો કૉલેજોને વાપરવા આપવા અંગેના નિયમો મંજૂર કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.

૭૪. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના વિભાગોના વડાની ગેરહાજરીમાં અવેજી વ્યવસ્થા તથા તે અંગેના નીતિનિયમો નક્કી કરવા અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૮-૨-૧૯૭૫ની સભામાં નીમેલી સમિતિની તા. ૧૮-૫-૧૯૭૫ના રોજ મળેલ સભાની ભલામણો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૫. યુનિવર્સિટી કાર્યાલયના ટેલિફોન ઑપરેટર શ્રી. એન. એન. ઠક્કરને ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઇ૦બી ૧૫-૪૦૮-૧૯-૪૬૫૦ના પગારધોરણમાં રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય (એફિસિયન્સી બાર) તા. ૧-૮-૧૯૭૫થી ઓળંગવા દેવા અંગેની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૬. કૉલેજ સાયન્સ ઇમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ–યુનિવર્સિટી લીડરશિપ ઇન બાયોલોજિકલ સાયન્સીઝનો વિજ્ઞાન વિદ્યાશાખાના પ્રાણીવિજ્ઞાન વિભાગના વડા પ્રો. વી. સી. શાહના પ્રસ્તાવના જવાબમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૮-૪-૧૯૭૫ના પત્રાંક એફ. ૨૦-૧૭-૭૩ (એચસી-૩-એસએફ) થી વાર્ષિક રૂ. ૨,૨૫,૦૦૦ની આર્થિક સહાય ત્રણ વર્ષ માટે મંજૂર કરી છે તે અંગે પ્રો. વી. સી. શાહે નીચે મુજબનું મુખ્ય વધારો અંદાજી ખર્ચ આવ્યું છે તે મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

મથાળું	રકમ
૧. ઇન્ટેન્સિવ ટ્રેઇનિંગ	રૂ. ૬૯,૯૦૦-૦૦
૨. ઇન્ટેન્સિવ ટ્રેઇનિંગ	રૂ. ૪૦,૧૦૦-૦૦
૩. બીજા કાર્યક્રમો	રૂ. ૧,૧૨,૦૩૦-૦૦

આથી ઠરાવવામાં આવે છે કે COSIP પ્રોગ્રામ અંગેનું ઉપરનું અંદાજપત્ર, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને મૂકેલી શરતોને આધીન જરૂરી ફેરફાર સાથે મંજૂર કરવું.

૭૭. યુનિવર્સિટીના કૉમ્પ્યુટર વિભાગને નવા મકાનમાં બ્રસેડવામાં આવતાં તે વિભાગના કૉમ્પ્યુટર મશીનો આઈ.બી.એમ. સાથે કરેલા કરાર પ્રમાણે ઈજનેરી દેખરેખ નીચે બ્રસેડવા તથા આઈ.બી.એમ. સંસ્થાના તા. ૬-૮-૧૯૭૫ના પત્ર મુજબ તે અંગેના અંદાજે ૧૫ કલાકના રૂ. ૨૦૦૦ના ખર્ચને મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રૂ. ૨,૦૦૦/-નું ખર્ચ મંજૂર કરવું.

૭૮. દાહોદની નવજીવન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના આચાર્યશ્રી ચંદ્રકાન્ત ટોપાવાલા તરફથી જર્મન કવિ રિલ્કેની શતાબ્દી નિમિત્તે યુનિ.ની સંલગ્ન કૉલેજોના આશરે ૪૦ સાહિત્યના યોગ્ય વિદ્યાર્થીઓ માટેનો એક "રિલ્કે અભ્યાસશિબિર" દાહોદ મુકામે યોજવાના પ્રસ્તાવ અને તે માટે થનાર કુલ રૂ. ૪,૦૦૦ના ખર્ચમાંથી અડધો ખર્ચ યુનિ. જો ઉપાડે તો દાહોદ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીએ બીજો અડધો આપવાની તૈયારી બતાવી છે. તો આ શિબિર યોજવા અંગે અને તેનો ૫૦ ટકા એટલે કે રૂ. ૨,૦૦૦ સુધીનો ખર્ચ યુનિવર્સિટીએ ભોગવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ હાલની કરકસરની જરૂરિયાતના સંદર્ભમાં સ્વીકારી શકાય તેમ નથી એમ આચાર્ય શ્રી. ચન્દ્રકાન્ત ટોપાવાલાને સખેદ જણાવવું.

૭૯. તા. ૧૩-૮-૧૯૭૫ના રોજ મળેલ યુનિ. બોર્ડ ઓફ સ્પોર્ટ્સની ભલામણ પર વિચારણા કરવા બાબત :

૧. આથી ઠરાવવામાં આવે છે કે ઉત્તર અને દક્ષિણ વિભાગમાં આવેલી કૉલેજને માટે મુસાફરી તથા જમવા અંગેના ખર્ચને લક્ષમાં લઈને આંતર-કૉલેજ રમતો માટે મંજૂર થયેલ રૂ. ૧૧,૦૦૦ (અગિયાર હજાર) ની ગ્રાન્ટ વિભાગવાર નીચે પ્રમાણે વહેંચવા આ બોર્ડ

એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે :

અમદાવાદ વિભાગ	...	રૂ. ૨,૪૦૦-૦૦
ઉત્તર વિભાગ	...	રૂ. ૪,૫૦૦-૦૦
દક્ષિણ વિભાગ	...	રૂ. ૪,૧૦૦-૦૦

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે આંતર-કૉલેજ રમતો માટે રૂ. ૧૧,૦૦૦ના ખર્ચની ઉપર મુજબની વહેંચણી મંજૂર કરવી.

૮૦. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૯-૬-૧૯૭૫ના રોજ મળેલી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની તા. ૯-૬-૧૯૭૫ની સભાની ભલામણો નં. ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૨૮ અને ૩૦ મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ પરિશિષ્ટ "૮" તરીકે સામેલ છે.)

૮૧. એલ.ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૬થી કેમિકલ એન્જિનિયરિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૬ સુધીમાં કરે તો તેને બી.ઈ. (કેમિકલ) ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૬ થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધી વધારાનું જોડાણ આપવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો જરૂરિયાત પ્રમાણે કરવામાં આવે :

(૧) એક પ્રાધ્યાપક (વિભાગના વડા)
(૨) પાંચ આસિ. પ્રાધ્યાપક
(૩) સાત ટેકનિકલ વ્યાખ્યાતા
(૪) બે નૉન-ટેકનિકલ વ્યાખ્યાતા
(૫) આઠ ટીચિંગ આસિસ્ટન્ટ (ટીચિંગ)
(૬) ચાર ટીચિંગ આસિસ્ટન્ટ (નૉન-ટીચિંગ)
(૭) એક ફૉરમૅન
(૮) ચાર ઇન્સ્ટ્રક્ટર
(૯) મુલાકાતી પ્રાધ્યાપક-વ્યાખ્યાતા;

૨. સ્થાનિક તપાસસમિતિના અહેવાલના પરિશિષ્ટ "સી"માં દર્શાવ્યા પ્રમાણે કેમિકલ એન્જિનિયરિંગના પદવી અભ્યાસક્રમ માટે ૩૩૧૮૦ સ્કવેરફીટ જગાવાળું મકાન તૈયાર કરવામાં આવે;

૩. સ્થાનિક તપાસસમિતિના અહેવાલના પરિશિષ્ટ "બી"માં દર્શાવ્યા પ્રમાણેની સાધન-સામગ્રી વસાવવામાં આવે;

(નોંધ. — સ્થાનિક તપાસસમિતિએ આ માટેનો અંદાજી ખર્ચ રૂ. ૧૨થી ૧૪ લાખનો દર્શાવ્યો છે.)

૪. રસાયણવિજ્ઞાનની ચાલુ પ્રયોગશાળાની સુવિધા બેવડી કરવામાં આવે;

૫. રાયરચીલાં માટે રૂ. ૧ લાખની રકમની જોગવાઈ કરવામાં આવે;

૬. એન્જિનિયરિંગ અને તેને સંબંધક વિષયોના એબસ્ટ્રેક્ટો અને જર્નલ્સનાં પાછળનાં વોલ્યૂમ્સ અને પુસ્તકો માટે રૂ. ૧,૫૦,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૭. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૮. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

> A Junior Research Fellowship is required to undertake up 4 hours a week teaching assignment such as assisting in tutorial's, evaluation of test papers, laboratory demonstration work etc. which would help in future as a teacher. The University may please keep in view the above provision while awarding Junior Research fellowships allocated to them.

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના સેક્રેટરી તરફથી આવેલા ઉપરના સૂચનની નોંધ લેવા તથા તે સૂચન જે તે માર્ગદર્શક શિક્ષક અને યુ.જી સી.ની જુનિયર રિસર્ચ ફેલોશિપ મેળવનાર પ્રત્યેક વિદ્યાર્થીને પરિપત્રિત કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

પરિશિષ્ટ

અગાઉ આપેલ શિષ્યવૃત્તિ-ફેલોશિપ ચાલુ રાખવા કે લંબાવી

નં.	વિદ્યાર્થીનું નામ	માર્ગદર્શક શિક્ષકનું નામ	કૉલેજ/સંસ્થા
૧	૨	૩	૪
૧.	શ્રી. કોટાપલ્લી અરવિંદબાબુ એમ.	પ્રો. વી. સી. શાહ	યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન
૨.	કુ. પારેખી જ્યોતિ વી.	ડૉ. બી. એમ. દેસાઈ	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિ.
૩.	શ્રી. ઈશાનંદ જોસફ વેમ્પની	પ્રો. જે. એ. યાજ્ઞિક	યુનિ. મનોવિજ્ઞાન ભવન
૪.	શ્રી. મોદી રમેશચંદ્ર એમ.	ડૉ. જે. ડી. તલાટી	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પિલવાઈ
૫.	શ્રી. કાલિન્થા વિજયકુમાર પી.	ડૉ. આઈ. જી. વશી	યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન
૬.	શ્રી. થોમ્સ વી. સી.	ડૉ. એમ. એસ. દુબળે	,,
૭.	શ્રી. સોની રજનીકાંત એ.	શ્રી. બી. જે. ઝવેરી	આર. આર. લાલન કૉલેજ, ભૂજ
૮.	શ્રી. દેસાઈ સુધીર આર.	ડૉ. આર. કે. શાહ	યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન
૯.	કુ. જોશી ઈલા સુભાષ	ડૉ. સી. ટી. ભાપટકર	યુનિ. મનોવિજ્ઞાન ભવન
૧૦.	કુ. મહેતા દક્ષા એમ.	ડૉ. મધુસૂદન પારેખ	એચ. કે. આર્ટ્સ કૉલેજ
૧૧.	શ્રી. મશરૂવાલા સમીર વી.	ડૉ. જે. જે. ત્રિવેદી	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિ.
૧૨.	શ્રી. પંડ્યા નરેન્દ્ર એમ.	ડૉ. આર. જી. ભટ્ટ	યુનિ. મનોવિજ્ઞાનભવન
૧૩.	કુ. મહેતા વીરા બી.	ડૉ. વી. એસ. વૈદ્ય	યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન
૧૪.	શ્રી. વૈષ્ણવ પંકજ પી.	પ્રો. જે. જે. વિનોય	,,
૧૫.	શ્રી. નાણાવટી કૃપા પી.	પ્રો. બી. એસ. વૈદ્ય	,,
૧૬.	ચિનમ ગાંધી સત્યમ	ડૉ. એલ. ડી. દવે	ભવન્સ કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, ડાકોર
૧૭.	શ્રી. મુનશી નૂરમહમદ એ.	ડૉ. એમ. ઓ. એમ. ફારૂકી	ગુજરાત કૉલેજ
૧૮.	કુ. ભટ્ટ દેવયાની બી.	ડૉ. ટી. એસ. નાન્દી	યુનિ. ભાષા-સાહિત્ય ભવન
૧૯.	કુ. અમીન અમીના આઈ.	પ્રો. કે. આર. ચંદ્રશેખરન	,,
૨૦.	કુ. જોશી ઉષા જે.	ડૉ. જે. એમ. શુકલ	,,

'૧'

આપવા અંગેની માહિતીનું સ્ટેટમેન્ટ

શિષ્યવૃત્તિ/ફેલોશિપનું નામ	સમય	શિષ્યવૃત્તિ/ફેલોશિપ ચાલુ રાખવા કે મુદત લંબાવવાનો સમય	શિક્ષકની ભલામણ
૫	૬	૭	૮
ગુજરાત યુનિવર્સિટી	૨૨--૧૨--'૭૨ થી ૨૧--૧૨--'૭૪	૨૧--૧૨--'૭૫	ભલામણ છે.
,,	૧૮--૭--'૭૩ થી ૧૭--૭--'૭૫	૧૭--૭--'૭૬	,,
,,	૧૩--૭--'૭૩ થી ૧૨--૭--'૭૫	૧૨--૭--'૭૬	,,
,,	૨૬--૧૧--'૭૩ થી ૨૫--૧૧--'૭૫	૨૫--૧૧--'૭૬	,,
,,	૨૩--૬--'૭૪ થી ૨૨--૬--'૭૬	૨૨--૬--'૭૬	,,
,,	૨૦--૭--'૭૪ થી ૧૯--૬--'૭૬	૧૯--૬--'૭૬	,,
,,	૨૭--૧૨--'૭૪ થી ૨૬--૧૨--'૭૬	૨૬--૧૨--'૭૬	,,
,,	૧૬--૨--'૭૫ થી ૧૫--૨--'૭૭	૧૫--૬--'૭૬	,,
,,	૨૯--૧૧--'૭૪ થી ૨૮--૧૧--'૭૬	૨૮--૧૧--'૭૬	,,
,,	૧૨--૮--'૭૪ થી ૧૧--૮--'૭૬	૧૧--૮--'૭૬	,,
,,	૧૭--૮--'૭૪ થી ૧૬--૮--'૭૬	૧૬--૮--'૭૬	,,
,,	૨૦--૯--'૭૪ થી ૧૯--૯--'૭૬	૧૯--૯--'૭૬	ભલામણ સ્પષ્ટ આવી નથી
ગુજરાત સરકારની શિષ્યવૃત્તિ	૫--૧૨--'૭૨ થી ૪--૧૨--'૭૫	૪--૧૨--'૭૫	ભલામણ છે.
,,	૧૦--૮--'૭૦ થી ૯--૮--'૭૭	૯--૮--'૭૬	,,
,,	૮--૮--'૭૪ થી ૭--૮--'૭૭	૭--૮--'૭૬	,,
,,	૨૬--૭--'૭૪ થી ૨૫--૭--'૭૭	૨૬--૭--'૭૬	ભલામણ આવી નથી.
યુ. જી. સી. ની. જુનિ. રિસર્ચ ફેલોશિપ	૧૧--૬--'૭૧ થી ૧૪--૬--'૭૪ ૧૪--૬--'૭૫ સુધી લંબાવી	૧૪--૬--'૭૫	ભલામણ છે.
,,	૧૧--૭--'૭૧ થી ૧૪--૭--'૭૪ તા. ૧૪--૭--'૭૪ સુધી લંબાવી	૧૪--૭--'૭૫	,,
,,	૨૨--૧૨--'૭૨ થી ૨૧--૧૨--'૭૫	૨૧--૧૨--'૭૫	,,
,,	૧૯--૭--'૭૩ થી ૧૮--૭--'૭૬	૧૮--૭--'૭૬	,,

૧	૨	૩	૪
૨૧.	કુ. પંડ્યા જાગૃતિ એસ.	ડૉ. ટી. એસ. નાન્દી	,,
૨૨.	કુ. શાહ કોકિલા એચ.	ડૉ. એન. એમ. કંસારા	,,
૨૩.	કુ. સમ્તાણી લીલાવતી કે.	પ્રો. જે. એ. યાજ્ઞિક	યુનિ. મનોવિજ્ઞાન
૨૪.	શ્રી. કેબ્રલ ડેરિયાલ ડી.	પ્રો. કે. જી. દેસાઈ	,,
૨૫.	શ્રીમતી સિંગ કમલેશ એમ.	ડૉ. એ. એસ. નાગર	યુનિ. ભાષા ભવન
૨૬.	કુ. દેસાઈ અંજના ડી.	ડૉ. એન. એમ. કંસારા	ગુજરાત કૉલેજ
૨૭.	કુ. સંઘવી જયશ્રી એસ.	ડૉ. જે. જે. ત્રિવેદી	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિ.
૨૮.	શ્રી. અગ્નિહોત્રુ પ્રબોધ જી.	,,	,,
૨૯.	કુ. મહેતા દક્ષા એચ.	ડૉ. જે. જે. ચિનોય	યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન
૩૦.	કુ. શાહ નંદિતા કે.	શ્રી. બી. એસ. વૈદ્ય	,,
૩૧.	શ્રી. દેસાઈ ભરતકુમાર આર.	ડૉ. એમ. એમ. દેસાઈ	,,
૩૨.	શ્રી. પેનગ્રોશુ. ટી. એન.	ડૉ. એ. એમ. વૈદ્ય	યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન
૩૩.	શ્રી. દેસાઈ મહેશકુમાર બી.	ડૉ. એમ. એન. દેસાઈ	,,
૩૪.	શ્રી. ગુરુપ્રસાદ કાદુટ એન.	ડૉ. એમ. એમ. લાલોરયા	,,
૩૫.	શ્રી. શર્મા પ્રવીણકુમાર આર.	ડૉ. સી. કે. શાહ	,,
૩૬.	કુ. શિયાલક્ષ્મી કે.	ડૉ. એન. જે. ચિનોય	,,
૩૭.	શ્રી. દેસાઈ હરીશ જી.	ડૉ. એમ. એન. દેસાઈ	,,
૩૮.	શ્રી. ભટ્ટ મુકુંદરાય એચ.	ડૉ. જે. જે. ત્રિવેદી	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ
૩૯.	શ્રી. ચિન્તલપોડી આર. એસ.	ડૉ. આઈ. જી. વશી	યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન
૪૦.	શ્રી. ક્ષત્રિય અર્જુનકુમાર એમ.	ડૉ. એન. જે. ચિનોય	,,
૪૧.	શ્રી. ભટ્ટ દત્તાકુમાર આઈ.	ડૉ. આર. કે. શાહ	,,
૪૨.	કુ. ભટ્ટ કિષ્ણા સી.	ડૉ. જે. જે. ચિનોય	,,
૪૩.	શ્રી. બુજર બરૂઆ સબેશ્વર ડી.	ડૉ. એ. એસ. દાસ	ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી
૪૪.	શ્રી. ચંદ્રશેખરન એન. નેયર	ડૉ. એમ. એસ. દુબળે	યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન
૪૫.	શ્રી. ગઢિયા પંકજકુમાર કે.	ડૉ. વી. સી. શાહ	,,
૪૬.	શ્રી. ધ્રુવ શૈલેષ આર.	ડૉ. જે. જે. ત્રિવેદી	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ
૪૭.	કુ. આચાર્ય સ્મિતા એચ.	ડૉ. એમ. પી. ભટ્ટ	યુનિ. સમાજવિદ્યા ભવન

૫	૬	૭	૮
,,	૨૬--૭--'૭૪ થી ૨૧--૭--'૭૬	૨૧--૭ -'૭૬	,,
,,	૧૨--૮--'૭૪ થી ૧૧--૮--'૭૬	૧૧--૮--'૭૬	,,
,,	૨૯--૧૧--'૭૪ થી ૨૮--૧૧--'૭૬	૨૮--૧૧--'૭૬	ભલામણ છે.
,,	૧૫--૬--'૭૪ થી ૧૪--૬--'૭૬	૧૪--૬--'૭૬	,,
,,	૧૫--૬--'૭૪ થી ૧૪--૬--'૭૬	૧૪--૬--'૭૬	,,
,,	૧૬--૧૨--'૭૪ થી ૧૫--૧૨--'૭૬	૧૫--૧૨--'૭૬	,,
,,	૨૧--૬--'૭૧ થી ૨૦--૬--'૭૪ તા. ૨૦--૬--'૭૫ સુધી લંબાવી.	૨૦--૬--'૭૫	—
,,	૧૪--૭--'૭૧ થી ૧૩--૭--'૭૪ તા. ૧૩--૭--'૭૫ સુધી લંબાવી	૧૩--૭--'૭૫	—
,,	૧૫--૬--'૭૨ થી ૧૪--૬--'૭૫	૧૪--૬--'૭૬	ભલામણ છે.
,,	૧૫--૧૨--'૭૨ થી ૧૫--૭--'૭૫	૧૫--૭--'૭૬	ભલામણ છે.
,,	૧--૧--'૭૩ થી ૩૧--૧૨--'૭૫	૩૧--૧૨--'૭૫	ભલામણ આવી નથી.
,,	૧૨--૭--'૭૩ થી ૧૧--૭--'૭૬	૧૧- ૭ -'૭૬	ભલામણ છે.
,,	૧૫--૧૧--'૭૩ થી ૧૪--૧૧--'૭૫	૧૪--૧૧--'૭૬	ભલામણ આવી નથી.
,,	૧૪--૭--'૭૩ થી ૧૪--૭--'૭૩	૧૪--૭--'૭૫	—
,,	૨૫--૬--'૭૩ થી ૨૪--૬--'૭૬	૨૪--૬--'૭૬	ભલામણ છે.
,,	૨૩--૭--'૭૩ થી ૨૨--૭--'૭૬	૨૨--૭--'૭૬	,,
,,	૨૦--૧૧--'૭૩ થી ૧૯--૧૧- '૭૬	૧૯--૧૧--'૭૬	ભલામણ આવી નથી.
,,	૧૦--૧૨--'૭૩ થી ૯--૧૨--'૭૩	૯--૧૨--'૭૬	ભલામણ છે.
,,	૧--૪--'૭૪ થી ૩૧--૩- '૭૭	૩૧--૩--'૭૬	,,
,,	૧--૪--'૭૩ થી ૩૧--૩--'૭૬	૩૧--૩--'૭૬	,,
,,	૧૫--૧૧--'૭૩ થી ૧૪--૧૧--'૭૬	૧૪--૧૧--'૭૬	,,
,,	૨૨--૭--'૭૪ થી ૨૧--૭--'૭૬	૨૧--૭--'૭૬	,,
,,	૧૫--૬--'૭૪ થી ૧૪--૬--'૭૬	૧૪--૬--'૭૬	,,
,,	૮--૮--'૭૪ થી ૭--૮--'૭૬	૭--૮--'૭૬	,,
,,	૨૭--૭--'૭૪ થી ૨૬--૭--'૭૬	૨૭--૭--'૭૬	,,
,,	૧૬--૮--'૭૪ થી ૧૫--૮--'૭૬	૧૫--૮--'૭૬	,,
યુનિ.ની સંશોધન શિષ્યવૃત્તિ	૧૭--૭--'૭૩ થી ૧૬--૭--'૭૫	—	માર્ગદર્શક શિક્ષકે સ્કોલરશિપ લંબાવવા ભલામણ કરી નથી.

પરિશિષ્ટ '૨'

વર્ષ ૧૯૭૨-૭૩, ૧૯૭૩-૭૪ તથા ૧૯૭૪-૭૫ દરમિયાન નોંધાયેલા વિદ્યાર્થીઓ પૈકી જેમને પીએચ.ડી. પદવીના સંશોધન માટે (૧) યુનિવર્સિટી સંસ્થાપિત, (૨) ગુજરાત રાજ્ય સરકાર, કે (૩) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની (જે જુનિયર રિસર્ચ ફેલોશિપ તરીકે ઓળખાય છે) સંશોધન શિષ્યવૃત્તિઓ આપવામાં આવેલી તે વિદ્યાર્થીઓને તેમના માર્ગદર્શક શિક્ષકની ભલામણ અનુસાર તેમનાં નામ સામે છેલ્લા કોલમમાં જણાવ્યા અનુસાર શિષ્યવૃત્તિ/ફેલોશિપનો સમય લંબાવી આપ્યાનું તારણ :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	શિક્ષકનું નામ	કૉલેજ / સંસ્થા	શિષ્યવૃત્તિનું ફેલોશિપનું નામ	સમય	શિષ્યવૃત્તિ/ફેલોશિપ ચાલુ રાખવા કે મુદત લંબાવવાનો સમય
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	શ્રી. મુનસી નૂરમહંમદ એ.	ડૉ. એમ. એ. એચ. ફારૂકી	ગુજરાત કૉલેજ	યુ. જી. સી.ની જુનિ. રિસર્ચ ફેલોશિપ	૧૫-૬-'૭૧થી ૧૪-૬-'૭૪ ૧૪-૬-'૭૫ સુધી લંબાવી	૧૪-૬-'૭૫
૨.	કુમારી ભટ્ટ દેવયાની બી.	ડૉ. ટી. એસ. નાન્દી	યુનિ. ભાષા-સાહિત્ય ભવન	,,	૧૫-૭-'૭૧થી ૧૪-૭-'૭૪ ૧૪-૭-'૭૫ સુધી લંબાવી	૧૪-૭-'૭૫
૩.	કુ. સંઘવી જયશ્રી એસ.	ડૉ. જે. જે. ત્રિવેદી	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ	,,	૨૧-૬-'૭૧થી ૨૦-૬-'૭૪ ૨૦-૬-'૭૫ સુધી લંબાવી	૨૦-૬-'૭૫
૪.	શ્રી. અગ્નિહોત્રી પ્રબોધ જી.	ડૉ. જે. જે. ત્રિવેદી	,,	,,	૧૪-૭-'૭૧થી ૧૩-૭-'૭૪ ૧૩-૭-'૭૫ સુધી લંબાવી	૧૩-૭-'૭૫
૫.	શ્રી. મશરૂવાલા સમીર બી.	ડૉ. જે. જે. ત્રિવેદી	,,	ગુજરાત યુનિવર્સિટીની શિષ્યવૃત્તિ	૧૭-૮-'૭૪થી ૧૬-૮-'૭૬	૧૬-૮-'૭૬

૬.	શ્રી. વૈષ્ણુવ પંકજ પી.	પ્રો. જે. જે. ચિનોય	યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન	ગુજરાત સરકારની શિષ્યવૃત્તિ	૧૦-૮-'૭૪થી ૯-૮-'૭૭	૯-૮-'૭૬
૭.	કુ. નાણાવટી કૃપા પી.	ડૉ. બી. એસ. વૈદ્ય	,,	,,	૮-૮-'૭૪થી ૭-૮-'૭૭	૭-૮-'૭૬
૮.	કુ. પંડ્યા જાગૃતિ એસ.	ડૉ. ટી. એસ. નાન્દી	યુનિ. ભાષા-સાહિત્ય ભવન	યુ. જી. સી.ની જુનિ. રિસર્ચ ફેલોશિપ	૨૬-૭-'૭૪થી ૨૫-૭-'૭૬	૨૫-૭-'૭૬
૯.	કુ. શાહ કોકિલા એચ.	ડૉ. એન. એમ. કંસારા	ગુજરાત કૉલેજ, અમદાવાદ	,,	૧૨-૮-'૭૪થી ૧૧-૮-'૭૬	૧૧-૮-'૭૬
૧૦.	કુ. સમ્તાણી લીલાવતી કે.	ડૉ. જે. એ. થાત્રિક	યુનિ. મનો વિજ્ઞાન ભવન, તત્ત્વજ્ઞાન અને શિક્ષણ વિદ્યા ભવન	,,	૨૯-૧૧-'૭૪થી ૨૮-૧૧-'૭૬	૨૮-૧૧-'૭૬
૧૧.	શ્રી. કેપ્પલ ડેરિયલ ડી.	ડૉ. કે. જી. દેસાઈ	,,	,,	૧૫-૬-૭૪થી ૧૪-૬-'૭૬	૧૪-૬-'૭૬
૧૨.	શ્રીમતી સીંગ કમલેશ એમ.	ડૉ. એ. એસ. નાગર	યુનિ. ભાષા-સાહિત્ય ભવન	,,	૧૫-૬-'૭૪થી ૧૪-૬-'૭૬	૧૪-૬-'૭૬
૧૩.	કુ. દેસાઈ અંજના ડી.	ડૉ. એન. એમ. કંસારા	ગુજરાત કૉલેજ, અમદાવાદ	,,	૧૬-૧૨-'૭૪થી ૧૫-૧૨-'૭૬	૧૫-૧૨-'૭૬
૧૪.	શ્રી. ચિન્તલપૌડી આર. એસ.	ડૉ. આઈ. જી. વશી	યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન	,,	૧-૪-'૭૪થી ૩૧-૩-'૭૭	૩૧-૩-'૭૬
૧૫.	કુ. ભટ્ટ કૃષ્ણા સી.	ડૉ. જે. જે. ચિનોય	,,	,,	૨૨-૭-'૭૪થી ૨૧-૭-'૭૬	૨૧-૭-'૭૬
૧૬.	શ્રી. ખુજર બરૂઆ સર્વેશ્વર ડી.	ડૉ. એ. એસ. દાસ	ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી	યુ. જી. સી.ની જુનિ. રિસર્ચ ફેલોશિપ	૧૫-૬-'૭૪થી ૧૪-૬-'૭૬	૧૪-૬-'૭૬
૧૭.	શ્રી. ચંદ્રશેખરન એ. નૈયર	ડૉ. એમ. એસ. દુબળે	યુનિ. વિજ્ઞાન વિદ્યા-ભવન	,,	૮-૮-'૭૪થી ૭-૮-'૭૬	૭-૮-'૭૬
૧૮.	શ્રી. ગઢિયા પંકજકુમાર કે.	ડૉ. વી. સી. શાહ	,,	,,	૨૭-૭-'૭૪થી ૨૬-૭-'૭૬	૨૬-૭-'૭૬
૧૯.	શ્રી. ધ્રુવ શૈલેષ આર.	ડૉ. જે. જે. ત્રિવેદી	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ	,,	૧૬-૮-'૭૪થી ૧૫-૮-'૭૬	૧૫-૮-'૭૬

૧	૨	૩	૪	૫	૬	૭
૨૦.	શ્રી. કોટાપલ્લી અરવિંદકુમાર એમ.	પ્રો. વી. સી. શાહ	યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન	ગુજરાત યુનિ. શિષ્યવૃત્તિ	૨૨-૧૨-'૭૨થી ૨૧-૧૨-'૭૪	૨૧-૧૨-'૭૫
૨૧.	કુ. પારધી જ્યોતિ વી.	ડૉ. બી. એમ. દેસાઈ	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ	,,	૧૮-૭-'૭૩થી ૧૭-૭-'૭૫	૧૭-૭-'૭૬
૨૨.	શ્રી. ઇશાનંદ જોસફવેમ્પની	ડૉ. જે. એ. વાણિક	યુનિવર્સિટી મનોવિજ્ઞાન ભવન, તત્ત્વજ્ઞાન અને શિક્ષણ વિદ્યાભવન, અમદાવાદ	ગુજરાત યુનિવર્સિટી શિષ્યવૃત્તિ	૧૩-૮-'૭૩થી ૧૨-૭-'૭૫	૧૨-૭-'૭૬
૨૩.	શ્રી. મોદી રમેશચંદ્ર એમ.	ડૉ. જે. ડી. તલાટી	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પિલવાઈ	,,	૨૬-૧૧-'૭૩થી ૨૫-૧૧-'૭૫	૨૫-૧૧-'૭૬
૨૪.	કુ. મહેતા વીલા બી.	ડૉ. બી. એસ. વૈદ્ય	યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન	ગુજરાત સરકારની શિષ્યવૃત્તિ	૫-૧૨-'૭૨થી ૪-૧૨-'૭૫	૪-૧૨-'૭૫
૨૫.	કુ. અમીન અમીના આઈ.	ડૉ. કે. આર. ચંદ્રશેખરન	યુનિવર્સિટી ભાષા-સાહિત્ય ભવન, અમદાવાદ	યુ.જી.સી.ની જુનિ. રિસર્ચ ફેલોશિપ	૨૨-૧૨-'૭૨થી ૨૧-૧૨-'૭૫	૨૧-૧૨-'૭૬
૨૬.	કુમારી જોશી ઉષા જે.	ડૉ. જે. એમ. શુક્લ	,,	,,	૧૯-૭-'૭૩થી ૧૮-૭-'૭૬	૧૮-૭-'૭૬
૨૭.	શ્રી. દેસાઈ ભરતકુમાર આર.	ડૉ. એમ. એન. દેસાઈ	યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન	,,	૧-૧-'૭૩થી ૩૧-૧૨-'૭૫	૩૧-૧૨-'૭૬
૨૮.	શ્રી. પેનબોથુ ટી. એન.	ડૉ. એ. એમ. વૈદ્ય	,,	,,	૧૨-૭-'૭૩થી ૧૧-૭-'૭૬	૧૧-૭-'૭૬
૨૯.	શ્રી. દેસાઈ મહેશકુમાર બી.	ડૉ. એમ. એન. દેસાઈ	,,	,,	૧૫-૧૧-'૭૩થી ૧૪-૧૧-'૭૫	૧૪-૧૧-'૭૬
૩૦.	શ્રી. શર્મા પ્રવીણકુમાર આર.	ડૉ. સી. કે. શાહ	,,	,,	૨૫-૬-'૭૩થી ૨૪-૬-'૭૬	૨૪-૬-'૭૬
૩૧.	શ્રી. ભટ્ટ મુકુન્દરાય એચ.	ડૉ. જે. જે. ત્રિવેદી	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ	,,	૧૦-૧૨-'૭૩થી ૯-૧૨-'૭૬	૯-૧૨-'૭૬

૩૨. શ્રી. ક્ષત્રિય અર્જુનકુમાર એમ.	ડૉ. એન. જે. ચિનોય	,,	..	૧-૪-'૭૩થી ૩૧-૩-'૭૬	૩૧-૩-'૭૬	
૩૩. કુ. શિયાલક્ષ્મી કે.	ડૉ. એન. જે. ચિનોય	યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન	યુ. જી. સી.ની જુનિ. રિસર્ચ ફેલોશિપ	૨૩-૭-'૭૩થી ૨૨-૭-'૭૬	૨૨-૭-'૭૬	
૩૪. શ્રી. દેસાઈ ઉર્વીશ જી.	ડૉ. એમ. એન. દેસાઈ	,,	,,	૨૦-૧૧-'૭૩થી ૧૯-૧૧-'૭૬	૧૯-૧૧-'૭૬	
૩૫. શ્રી. ભટ્ટ દત્તકુમાર આઈ.	ડૉ. આર. કે. શાહ	,,	,,	૧૫-૧૧-'૭૩થી ૧૪-૧૧-'૭૬	૧૪-૧૧-'૭૬	
૩૬. કુ. મહેતા દક્ષા એચ.	ડૉ. જે. જે. ચિનોય	,,	,,	૧૫-૬-'૭૨થી ૧૪-૬-'૭૫	૧૪-૬-'૭૬	
૩૭. કુ. શાહ નંદિતા કે.	શ્રી. બી. એસ. વૈદ્ય	,,	,,	૧૫-૧૨-'૭૨થી ૫-૭-'૭૫	૫-૭-'૭૬	
૩૮. શ્રી. કાલિન્યા વિજયકુમાર પી.	ડૉ. આઈ. જી. વશી	,,	ગુજરાત યુનિવર્સિટી શિષ્યવૃત્તિ	૨૩-૬-'૭૪થી ૨૨-૬-'૭૬	૨૨-૬-'૭૬	
૩૯. શ્રી. થોમસ વી. સી.	ડૉ. એમ. એસ. દુબળે	,,	,,	૨૦-૭-'૭૪થી ૧૯-૭-'૭૬	૧૯-૭-'૭૬	
૪૦. શ્રી. સોની રજનીકાન્ત એ.	શ્રી. બી. જે. ઝવેરી	આર. આર. લાલન કૉલેજ	,,	૨૭-૧૨-'૭૪થી ૨૬-૧૨-'૭૬	૨૬-૧૨-'૭૬	
૪૧. શ્રી. દેસાઈ સુધીર આર.	ડૉ. આર. કે. શાહ	યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન	,,	૧૬-૨-'૭૫થી ૧૫-૨-'૭૭	૧૫-૨-'૭૬	
૪૨. કુ. જોશી ઈલા એસ.	ડૉ. સી. ટી. ભોપટકર	યુનિવર્સિટી મનોવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને શિક્ષણશાસ્ત્ર ભવન	,, ,,	૨૯-૧૧-'૭૪થી ૨૮-૧૧-'૭૬	૨૮-૧૧-'૭૬	
૪૩. કુ. મહેતા દક્ષા એમ.	ડૉ. મધુસૂદન પારેખ	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	,,	૧૨-૮-'૭૪થી ૧૧-૮-'૭૬	૧૧-૮-'૭૬	

Synopsis of the applications received for the

Sr. No.	*Name of the Applicant*	*Educational qualifications*	*Age in years*	*Subject and title of the Research*
1	2	3	4	5
1.	Shri Bhatt Vasantkumar M.	M.A. (G.U.), '75 1st Class 75% B.A. (G.U.), '73 1st Class, 70%	22	Sanskrit grammar Purushottamdev's Lagu Paribhasha Vritti.
2.	Kum. Mankad Parul K.	M.A. (G.U.), '75 1st Class, 71% B.A. (G.U.), '73 1st Class, 67.5%	23	આલંકારિક રુચા—એક અધ્યયન
3.	Kum. Roy Sabita S.	M.Sc. (G.U.), '75 1st Class. 65.5% B.Sc. (G.U.), '73 1st Class. 76.2%	21	Studies on replication in Polytene chromosomes

award of Research Scholarships, 1975--76

Name of the guide	*Institution*	*Ph.D. Registration No. & date*	*Whether he or she is in receipt of the the sholarship*	*Whether serving or not*	*For which scholarship applied for*	*Remarks*
6	7	8	9	10	11	12
Dr. J. M. Shukla	Uni. School of Languages, A'bad–9	Applied for registration on 19–6–'75	—	—	Uni. Research scholarship	
Dr. T. S. Nandi	—do—	Applied for registration	—	—	U.G.C.	
Dr. S. C. Lakhotia	Uni. School of Sciences, A'bad–9	—do--	—	—	U.G.C.	A paper Autoradiographic studies of replication in Polytene chromosim accepted at second International symposium Royal Inst., Edinbourg.

1	2	3	4	5
4.	Shri Bhatia Mohan R.	M.Sc. (G.U.), '74 1st Class, 62.9% B.Sc. (G.U.), '72 1st Class, 65%	24	Synthesis of Nitrogen and Sulphur containing Medicinally important compounds
5.	Shri Jadeia Dilipsinh B.	M.Sc. (G.U.), '75 1st Class, 61.2% B.Sc. (G.U.), '73 1st Class, 65.8%	22	**Botany** Biochemical and Biophysical study of Heterosis
6.	Shri Pandya Mukeshkumar M.	M.Sc. (Sau.), '75 1st Class, 60% B.Sc. (Sau.), '73 1st Class, 65.2%	22	Studies in corrosion inhibitors
7.	Shri Pandya Mayurkumar K.	M.Sc. (South G.U.),'75 1st Class, 62% B.Sc. (South G.U.) '73 2nd Class, 54.61%	22	**Zoology** Impacts of pesticides on Litter, siol organisms, soil fertility & litter Decomposition.
8.	Kum. Shah Jayshree H.	M.Sc. (G.U.), '74 1st Class 61.7% B.Sc. (G.U.), '72 2nd Class, 59%	23	Studies in local anaesthetics synthesis A basic esters and amides containing a Ketogroup
9.	Kum. S. B. Shreekumari	M.Sc. (G.U.), '75 1st Class, 61% B.Sc. (G.U.), '72 2nd Class, 50%	24	Mosphogenetic studies on the Mesocotyl of some monocotyledons

6	7	8	9	10	11	12
Dr. J. J. Trivedi	M. G. Science Inst., A'bad-9	Applied for registration on 7-7-'75	—	—	U.G.C. Gujarat State State Univ.	Certificate of Merit for securing the position in Cricket Int. collegiate tournaments
Prof. J. J. Chinoy	Uni. School of Sciences, A'bad-9	Applied for Reg. on 19-6-'75	—	—	U.G.C. Gujarat State University	—
Dr. M. N. Desai	—do—	—	—	—	U.G.C. Gujarat State Uni.	Will register if scholarship is given.
Dr. A. B. Vyas	—do—	Applied on 30-6-'75	—	—	U.G.C. Gujarat State Uni.	—
Dr. B. M. Desai	M. G. Science Inst., A'bad-9	Applied for registration on 25-7-'75	—	—	U.G.C. Gujarat State Uni.	—
Dr. C. K. Shah	Uni. School of Sciences, A'bad-9	Applied for Reg. on 30-6-'75	—	—	U.G.C. Gujarat State Uni.	M.Sc. desertation entitle cyto-photometric study of ascrobic acid in the developing anthers of some mono-cotyledon

1	2	3	4	5
10.	Kum. Buch Rajeshwari P.	M.Sc. (G.U.), '73 1st Class 60% B.Sc. (G.U.), '71 2nd Class. 57%	25	Studies on some aspects of mammalian testicular and epididymal Physiology
11.	Shri Rastogi Sanjay	M.Sc. 1975 (Ind. Inst. of Technology 2nd Class 53.3% B.Sc. (G.U.), '72 1st Class. 75 %	22	Studies in Earth's near space Environment
12.	Shri Dani Dhirendra P.	M.Sc. (G.U.), '73 2nd Class, 51% B.Sc. (G.U.), '71 1st Class, 71%	24	Studies in coordination compounds of some Azoles.
13.	Kum. Rayvarma Sushila B.	M.Sc. (Kerala Uni.) 1973 2nd Class, 58.8% B.Sc. (Kanpur Uni.) 2nd Class, 58%	24	Heterotrophism in Algae.
14.	Shri Shah Girishkumar V.	M.Sc. (South G.U.), '75 2nd Class, 58.66% B.Sc. (South G.U.), '73 2nd Class 52.9%	22	Studies in corrosion and corrosion inhibition.
15.	Kum. Kala Chandrashekharan	M.A. (MSU), '75 2nd Class. 56.5% B.A. (G.U.), '73 2nd Class, 60%	20	The search for Identity in Novels of Baldwin Ellison and Wright.

6	7	8	9	10	11	12
Dr. N. J. Chinoy.	—do—	1551 17-7-73	—	—	—do—	2 papers communicated for publication 1 paper under preparation
Dr. R. V. Bhonsle.	Physical Research laboratory, Ahmedabad-9.	—	—	—	—do—	written one dessertation for partial fulfilment of M.Sc. Degree.
Dr. K. P. Soni	Uni. School of Sciences, A'bad-9.	1657 22-7-'74	—	—	—do—	—
Dr. B. S. Vaidya.	—do—	Applied for Reg. on 14-6-'75	—	—	—do—	—
Dr. M. N. Desai	—do—	Applied for Reg. on 14-7-'75	—	—	—do—	—
Dr. R. G. Chabria	Sabarmati Arts & Commerce College, A'bad.	Applied for registration	—	—	U.G.C. University	—

1	2	3	4	5
16.	Shri P. K. Gopalkrishna	M.Sc. (G.U.), '75 2nd Class, 54.55% B.Sc. (Kerala Uni.), '72 2nd Class, 52.7%	23	Stress Physiology on some crop plants.
17.	Kum. Bais Ratan R.	M.Sc. (Rajasthan Uni.), '73 2nd Class, B.Sc., '71 (Rajasthan Uni.) 2nd Class, 51.3%	27	Studies in liver metabolism of vertebrates
18.	Shri R. M. Modi	M.Sc. 1973 (G.U.) 2nd Class, 49.4% B.Sc. 1971 (G.U.) 2nd Class, 59%	28	Studies in corrosion of aluminium in alkaline media
19.	Shri Jagalamaudi Venkateswararao H.	M.Sc. (G.U.) '74 2nd Class, 58.5% B.Sc. (Andhra-Uni.) 1972 48.8%	24	Numerical Analysis
20.	Shri Parmar Kanbhai H.	M.A. (G.U.), '75 2nd Class, 49.5% B.A. (G.U.), '73 2nd Class, 59%	25	A study of the role of person-perception sensitivity to supervisors efficiency
21.	Shri Mankodi Umesh H.	M.Sc. (G.U.), '66 1st Class, 62.5% B.Sc. (G.U.), '74 2nd Class, 54%	32	Studies in Chemical Senses Taste and Odor
22.	Shri Jacob Abraham	M.Sc. (G.U.), '75 2nd Class, 57.3% B.Sc. (Kerala, Uni.) '72 Pass Class, 49%	23	Studies in Saline alkali soils
23.	Shri Vaishnav Pankaj P.	M.Sc. (G.U.), '74 2nd Class, 56% B.Sc. (G.U.), '71 2nd Class, 59%	25	Physiology of Dwarfism in Plants.

6	7	8	9	10	11	12
Dr. A. B. Vora	Uni. School of Sciences A'bad.	—do—	—	—	U.G.C. Gujarat State Uni.	—
Dr. M. S. Duble	Uni. School of Sciences	applied for regi.	—	—	U.G.C. Gujarat State Uni.	Two papers have been published.
Dr. J. D. Talati	Arts & Science College, Pilvai.	**1534** 25–7–'73	Yes, receiving Uni. Research scholarship from 26–11–'73	—	U.G.C.	One paper published two papers sent for publications
Dr. M. Mishra	Uni. School of Sciences, A'bad	**1678** 30–7–75	—	—	U.G.C. Gujarat State Uni.	—
Dr. P. K. Shrivastava	A. T. I. R. A. A'bad.	applied for regi.	—	—	U.G.C. University	—
Dr. R. K. Shah	University School of Sciences, A'bad	**1472** 15-11–72	Received State Industrial Research Scholarship for two years Since, 1973	—	U.G.C. University Gujarat State	—
Dr. R. K. Shah	—do—	Applied for Registration	—	—	—do—	—
Prof. J. J. Chinoy	—do—	**1667** 10–8–74	Receiving Gujarat State Research Scholarship for 3 years from 9–8–'74	—	U.G.C.	—

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ–૩૮૦૦૦૯

આનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિકયુટિવ કાઉન્સિલની સપ્ટેમ્બર માસની સભા, શનિવાર, તા. ૧૩-૯-૧૯૭૫ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૩-૯-૧૯૭૫
૧.	શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ, કુલપતિ	હાજર
૨.	શ્રી. શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	આચાર્ય એમ. એસ. પંડિત	હાજર
૪.	શ્રી. પ્રફુલ્લચંદ્ર ચંદુલાલ શાહ	ગેરહાજર
૫.	શ્રી. નવીનચંદ્ર મોતીલાલ બારોટ	ગેરહાજર
૬.	ડૉ. જ્યોતીન્દ્ર લક્ષ્મીશંકર ભટ્ટ	હાજર
૭.	પ્રો. અનંતરાય મણિશંકર રાવળ	ગેરહાજર
૮.	ડૉ. વિનોદકાન્ત ચૂનીલાલ શાહ	હાજર
૯.	આચાર્ય દર્શનસિંઘ મુસ્તાકસિંઘ શીખ	હાજર
૧૦.	આચાર્ય ડૉ. ધીરુભાઈ પ્રેમશંકર ઠાકર	ગેરહાજર
૧૧.	આચાર્ય ડૉ. હર્ષદભાઈ મોતીભાઈ દેસાઈ	હાજર
૧૨.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૧૩.	શ્રી. ગુલાબભાઈ રતનજી દેસાઈ	હાજર
૧૪.	ડૉ. જશવંતલાલ નાનાલાલ પટેલ	હાજર
૧૫.	પ્રો. દેવવ્રત નાનુભાઈ પાઠક	હાજર
૧૬.	ડૉ. અંબાશંકર એસ. નાગર	હાજર
૧૭.	ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહ	હાજર
૧૮.	શ્રી. મણિભાઈ ગોરધનભાઈ બ્રહ્મભટ્ટ	હાજર
૧૯.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર.

સભાગૃહનું એજન્ડા પરનું કામકાજ હાથ ધરવામાં આવ્યું તે પહેલાં કુલપતિશ્રીએ જાણ કરી કે યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાનના લેકચરર ડૉ. એસ સી. લાખોટિયાને ઈન્ડિયન નેશનલ સાયન્સ એકેડેમી તરફથી યુવાન વૈજ્ઞાનિકો માટેના એવૉર્ડ પૈકી એક એવૉર્ડ મળ્યો છે.

તે પછી સભાગૃહે આનંદની લાગણી વ્યક્ત કરી અને ડૉ. લાખોટિયાને અભિનંદન આપ્યાં.

૧. તા. ૧૬-૮-૧૯૭૫ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૧૬-૮-૧૯૭૫ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. ગોપાલ બાલુ જાદવની મર્જીદ પગારધોરણ તા. ૧-૪-૧૯૭૧ ને બદલે તા. ૨-૧-૧૯૭૪થી સ્વીકારવા દેવા અંગેની પરવાનગી આપવા બાબતની તેઓની તા. ૮-૮-૧૯૭૫ ની અરજી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ગોપાલ બાલુ જાદવની સદરહુ વિનંતી મંજૂર કરવી.

૩. યુનિવર્સિટી કાર્યાલય, ભવન અને ગ્રંથાલયમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો અજમાયશી સમય તેમનાં નામ સામે બતાવેલ તારીખે પૂરો થતો હોઈ તેઓનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	હાલ કયાં કામ કરે છે ?	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રીમતી શિરીન એમ. મહેતા	લેકચરર	સમાજ વિદ્યાભવન	૩૧-૧૦-'૭૫	૧-૧૧-'૭૫થી
૨.	શ્રી. આર. ટી. રવાણી	,,	વિજ્ઞાન વિદ્યાભવન	૧૪-૧૧-'૭૫	૧૫-૧૧-'૭૫થી
૩.	શ્રીમતી જ્યોતિકા પી. ભટ્ટ	જુ. ક્લાર્ક	ગ્રંથાલય	૨૦-૧૦-'૭૫	૨૧-૧૦-'૭૫થી
૪.	શ્રીમતી માલતીબહેન એસ. અમીન	,	યુનિવર્સિટી કાર્યાલય	૯-૧૦-'૭૫	૯-૧૦-'૭૫થી
૫.	શ્રી. ઇન્દ્રવદન સી. પટેલ	,,	,,	૧૦-૧૦-'૭૫	૧૧-૧૦-'૭૫થી
૬.	શ્રી. આર. કે. પરમાર	,,	,,	૧૫-૧૦-'૭૫	૧૬-૧૦-'૭૫થી
૭.	શ્રી. એ. ડી. પટેલ	,,	,,	૨૦-૧૦-'૭૫	૨૧-૧૦-'૭૫થી

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે તમામ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા.

૪. સંલગ્ન કૉલેજોની જૂન, ૧૯૬૫થી જોડાણ માટે આવેલી અરજીઓ પૈકી કેટલીક કૉલેજોનું સંપૂર્ણ જોડાણ તા. ૧૪ જૂન, ૧૯૭૫ના રોજ પૂરું થતું હતું તે પૈકી નીચેની કૉલેજોએ જોડાણ શરતોનું મહદ્‌ અંશે પાલન કર્યું હોઈ તેઓના જોડાણ અંગે જાહેરનામાં બહાર પાડવામાં આવ્યાં છે :

(૧) અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૨) સી. એન. આર્ટ્સ ઍન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડી
(૩) શેઠ એલ. એચ. સાયન્સ કૉલેજ, માણસા
(૪) શ્રીમતી એસ એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ
(૫) શેઠ વી. એસ. લૉ કૉલેજ, ઊંઝા
(૬) શ્રી. બી. કે. પટેલ આર્ટ્સ ઍન્ડ શ્રીમતી એલ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, સાવલી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૫. શ્રી. રમેશચંદ્ર જી. પટેલે ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદમાં સ્ટે. ૧૪-સી અંગે સ્પે. સિવિલ એપ્લિકેશન ૧૫૭૧–૭૪ થી એક રિટ અરજી કરેલી તે રિટ પાછી ખેંચી લેવામાં આવેલ છે તે અંગે હાઇકોર્ટના તા. ૭–૭–૧૯૭૫ના હુકમનામા નં. ૧૫૭૧ ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી તથા તે અંગે જરૂરી ખર્ચ મંજૂર કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬. ઑકટોબર પથી ૭, ૧૯૭૫ના સમય દરમિયાન Youth Hostels Association of India નું ૧૩ મું વાર્ષિક અધિવેશન અમદાવાદ મુકામે યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ (Delegate/Observer) મોકલવા અંગે મંત્રીશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) ચર્ચાનો વિષય 'Youth Hostelling and National Development'
(૨) પ્રતિનિધિ રજિ. ફી રૂ. ૮ અને Observerને માટે રૂ. ૫-૦૦ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઍસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે શ્રી. અરવિંદભાઈ શાહ (ચીફ વૉર્ડન) અને શ્રી. ફાધર જે. એમ. એરેદેરોને મોકલવા.

૭. ડિસેમ્બર ૧૮ થી ૨૧, ૧૯૭૫ના સમય દરમિયાન Indian Chemical Society-નું વાર્ષિક કન્વેન્શન રૂરકી મુકામે યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી વાર્ષિક અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૮. ડિસેમ્બર, ૨૮ થી ૩૦, ૧૯૭૫ના સમય દરમિયાન ગુજરાતી સાહિત્ય પરિષદનું ૨૮મું અધિવેશન પોરબંદર મુકામે યોજનાર છે, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા

અંગે તેમજ પરિષદની સફળતા માટે આર્થિક સહાય કરવા અંગે ગુજરાતી સાહિત્ય પરિષદના સ્વાગત સમિતિના સભ્યો તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રો. અનંતરાય રાવળને મોકલવા.

(૨) સદરહુ પરિષદના આગામી અધિવેશન અંગે આ યુનિવર્સિટી તરફથી રૂ. ૫૦૦/-ની આર્થિક સહાય મંજૂર કરવી.

૯. ડાયરેક્ટર ઑફ એજ્યુકેશને તેમના પત્ર નં. એસ.૯૭.૪૯-૭૫.૭૬ : એ તા. ૧૨-૮-૧૯૭૫થી વિદ્યાર્થીઓના છાત્રાલયના બાંધકામ માટે (ચોથી પંચવર્ષીય યોજના) રૂ. ૪૮,૩૩૩-૦૦ની લોન નીચે જણાવેલ શરતોથી મંજૂર કર્યાની નોંધ લેવા બાબત :

(1) The amount of loan should bear interest at the rate of 9% per annum.

(2) The loan alongwith its interest should be repayed in five equal yearly instalments and the repayment shall start from the October, 1975.

(3) If the repayment of the instalment of principal and interest of loan is not made on the due dates then penal rate of interest should be charged @ 2% over and above the normal rate prescribed above.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ લોનને ગ્રાન્ટમાં ફેરવવા માટે મુખ્યમંત્રીશ્રી સમક્ષ ઘટતી રજૂઆત કરવા માટે કુલપતિશ્રીને વિનંતી કરવી.

૧૦. આ યુનિવર્સિટીની પ્રી-યુનિ. વિજ્ઞાન કે માન્ય યુનિવર્સિટી કે સંસ્થાની સમકક્ષ પરીક્ષા પસાર કરનારને ફર્સ્ટ બી.એ.ના વર્ગમાં પ્રવેશ મેળવવા શિષ્ટભાષા જેવી કે સંસ્કૃતનો ટેસ્ટ આપવાની શરત રદ્દ ગણવાની સ્ટેન્ડિંગ કમિટી ઑન ઈક્વિવેલેન્સ ઑફ એક્ઝામિનેશન્સની તા. ૨૪-૫-૧૯૭૪ની ભલામણ એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦-૫-૧૯૭૪ની સભામાં મંજૂર રાખેલ હોવાથી તે સંદર્ભમાં ઑર્ડિ. આર્ટ્સ-૪ નીચે પ્રમાણે વંચાય તે પ્રમાણે સુધારવા વિચારણા કરવા બાબત.

સુધારેલો ઑ. આર્ટ્સ-૪ નીચે મુજબ છે :

O. Arts 4 :

"Notwithstanding anything contained in the O. Arts 2, a candidate who has passed the Pre-University Science or the Pre-University Commerce Examination of this University or an examination recognised as equivalent thereto may be permitted at his option to enter on a course for the First B.A. Examination."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. આર્ટ્સ-૪ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૧૧. ઑર્ડિ. ૬૫-એ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવાની એકેડેમિક કાઉન્સિલની ભલામણ પર વિચારણા કરવા બાબત :

O. 65-A :

"There shall be two types of teachers of the University for post-graduate instruction :

1. (*a*) Post-graduate teachers appointed by the University for its own department, and

   (*b*) Recognised teachers working in the affiliated colleges or Recognised Institutions.

2. Recognised Assistant Post-graduate teachers.

આથી ઠરાવવામાં આવે છે કે ઑ. ૬૫–એ ઉપર મુજબ વંચાય તે રીતે તાત્કાલિક અમલમાં મૂકવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૬૫–એ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૧૨. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૧૮-૪-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ પરથી એકેડેમિક કાઉન્સિલની તા. ૧૮-૭-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત (એકે. કા. બાબત ક્ર. ૯) :

"આથી ઠરાવવામાં આવે છે કે ઑ. ૬૫–એફ(૧) નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવો :

O. 65-F (1) :

1. (*a*) (*i*) A recognised Post-graduate teacher; who—

or

(*ii*) A recognised Assistant post-graduate teacher with five years' teaching experience at Post-graduate level in the subject concerned, who—

has three research papers, or three articles of high quality or a published monograph in the subject, provided that his research papers, or articles or the monograph, as the case may be, are/is adjudged by a competent person to be appointed by the Vice-Chancellor of a sufficiently high quality.

[નોંધ.—સંશોધનકાર્યની આવશ્યકતા અનુસ્નાતક શિક્ષકો તેમ જ મદદનીશ અનુસ્નાતક શિક્ષકો એ બેઉને માટે આવશ્યક રહેશે.]"

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૬૫–એફ(૧) ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૧૩. ઑર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૧૮-૪-૧૯૭૫ની સભાની ભલામણ ઍકેડેમિક કાઉન્સિલે તેની તારીખ ૧૮-૭-૧૯૭૫ની સભાએ સ્વીકારી હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત (ઍકે. કા. બાબત ક્રમાંક ૧૨) :

"આથી ઠરાવવામાં આવે છે કે ઑ. ૬૫-એમ(૧)ની પેટાકલમ (ડી) નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને ઉમેરવા અને સદરહુ સુધારેલા ઑ. ૬૫-એમ(૧)ને તાત્કાલિક અમલમાં મૂકવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(*d*) A Bachelor's degree in Pass Class and a Master's degree in Pass Class with ten years' teaching experience in degree classes in the subject concerned and three research papers or five articles of high quality or a monograph, provided that his research papers or articles or monograph, as the case may be, are / is adjudged by a competent person to be appointed by the Vice-Chancellor of a sufficiently high quality."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૬૫-એમ(૧)ની પેટાકલમ (ડી) ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવી તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવી.

૧૪. ઑ. ૭૫નો સંબંધકર્તા ભાગ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવાના એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદના આચાર્યશ્રીના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત :

Faculty	*Second Term*	
In the Faculty of Technology including Engineering (Five-year Degree Course)	Date of commencement 1st December	Date of conclusion 31st March

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૭૫નો સંબંધકર્તા ભાગ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

Faculty	*Second Term*	
	Date of Commencement	*Date of Conclusion*
In the Faculty of Technology including Engineering (Five-year Degree Course)	1st December	5th April

૧૫. પરીક્ષાના કામ માટે જરૂરી કન્ટિન્યુઅસ સ્ટેશનરી ખરીદવા થયેલા કુલ ખર્ચ રૂ. ૬૬,૭૭૯-૦૦ અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે કુલ ખર્ચ રૂ. ૫૯,૮૯૪-૭૫ મંજૂર કર્યો છે તેથી રવાનગી ખર્ચ અને સેલ્સટેક્ષના વધારાના ખર્ચની રૂ. ૬,૮૮૪-૨૫ પૈસાના ખર્ચની મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઉપર મુજબનું વધારાનું ખર્ચ મંજૂર કરવું.

૧૬. હરિ:ૐ આશ્રમ પ્રેરિત કવિ નાનાલાલ દલપતરામ ગુજરાતી પ્રતિભાશોધ પારિતોષિક યોજના અંગેનું કામકાજ ગુજરાત યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનને સોંપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પારિતોષિક યોજના અંગેનું કામકાજ ભાષાસાહિત્ય ભવનને સોંપવું.

૧૭. યુનિવર્સિટીનાં છાત્રાલયોના સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયાની ગુજરાત યુનિવર્સિટી બ્રાન્ચના એકાઉન્ટમાં લેવડદેવડ (ઑપરેટ) કરવા માટે સંયુક્ત રીતે શ્રી હિસાબનીશ અથવા શ્રી નાયબ હિસાબનીશ અને ચીફ વૉર્ડનને અથવા આસિ. વૉર્ડનને સત્તા આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટેટ બેન્ક ઑફ ઇન્ડિયાની ગુજરાત યુનિવર્સિટીની શાખામાં યુનિવર્સિટીના છાત્રાલયોના હિસાબમાં લેવડદેવડ (ઑપરેટ) કરવા માટે સંયુક્ત રીતે (૧) શ્રી. હિસાબનીશ અથવા શ્રી. નાયબ હિસાબનીશ, અને (૨) ચીફ વૉર્ડન અથવા આસિસ્ટન્ટ વૉર્ડનને સત્તા આપવી.

૧૮. વિજ્ઞાન વિદ્યાભવનના સ્પેઇસ સાયન્સની ટર્મ શરૂ થઈ ગઈ હોવા છતાં ઇલેકટ્રોનિકસ એન્જિનિયરની જગ્યા પુરાઈ ન હોવાથી લેબોરેટરી કામ માટે એક કર્મચારીની જરૂર હોવાથી અઠવાડિક રૂ. ૧૫૦ લેખે છ અઠવાડિયાં માટે આમંત્રણથી કોઈને નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો નહીં.

૧૯. સ્ટે. ૧૦૮ હેઠળ સ્ટેટિસ્ટિકસની અભ્યાસસમિતિ વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાઓ હેઠળ સંયુક્ત રીતે સ્થપાઈ હોવાથી વાણિજ્ય વિદ્યાશાખા હેઠળ સ્થપાયેલી એકચ્યુઅરિયલ સાયન્સ અને સ્ટેટિસ્ટિકસની અભ્યાસસમિતિનું નામ એકચ્યુઅરિયલ સાયન્સ રાખવા અને તે માટે સ્ટે. ૧૦૮માં ઘટતો સુધારો કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૪-૮-૧૯૭૫ની સભાની ભલામણ અનુસાર સ્ટે. ૧૦૮ (૪૨)માં દર્શાવેલ અભ્યાસ-સમિતિનું નામાભિધાન નીચે પ્રમાણે રાખવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૨૦. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૪૦ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૨૧. સંલગ્ન કૉલેજોની જૂન, ૧૯૭૫થી જોડાણ માટે આવેલી અરજીઓ પૈકી ૨૪ કૉલેજોને જોડાણ અંગેની શરતોના પરિપાલનનો અહેવાલ મોકલ્યો નથી અને શરતોનું યથાર્થ પરિપાલન કર્યું નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) જોડાણ અંગેની શરતોનું ત્વરિત પરિપાલન કરવા માટે સદરહુ કૉલેજોને જણાવવા કુલપતિશ્રીને વિનંતી કરવી;

(૨) એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાતના જોડાણ અંગેની શરતોનું પરિપાલન હજુ સુધી થયું નથી તેથી તે કૉલેજમાં ખાસ કરીને જરૂરી શિક્ષકગણની પરિસ્થિતિ ભારે અસંતોષકારક હોઈ તેનું જોડાણ ચાલુ ન રાખતાં બંધ કરવું અને ચાલુ વર્ષે જે વિદ્યાર્થીઓ ડિપ્લોમાના બીજા વર્ષના અભ્યાસક્રમમાં જોડાયા છે તેમના શિક્ષણ અંગેની વ્યવસ્થા એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસીમાં કરવા માટેની શકયતા તપાસવી.

૨૨. ડૉ. (શ્રીમતી) ચંપાબહેન એલ. ભટ્ટના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી.પદવી શિક્ષણશાસ્ત્ર વિષયમાં નોંધાયેલાં વિદ્યાર્થિની શ્રીમતી હંસાબહેન મહેશભાઈ દવેના મહાનિબંધ પર રેફરીઓના અહેવાલ પર વિચારણા કરીને બો. ઉરર મુજબ પરિણામ જાહેર કરવા બાબત.

શ્રીમતી હંસાબહેન મહેશભાઈ દવેના મહાનિબંધ પરના તમામ રેફરીઓના અહેવાલો ઉપર વિચારણા કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ મહાનિબંધ પીએચ.ડી. પદવી માટે પાત્ર ગણીને સ્વીકારવો.

૨૩. યુનિવર્સિટીના પ્રાધ્યાપક, રીડર અને લેકચરર અંગે સેન કમિટીની ભલામણોને લક્ષમાં લઈ કોડ ઑફ કંડકટનો મુસદ્દો તૈયાર કરવા અંગેની વિનંતી કરતા યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનના ઉપપ્રમુખ પ્રો. સતીશચંદ્રના પત્રાંક ડી.ઓ.નં. એફ. ૧-૩૮-૭૪ (ડી.પ.સી.), તા. ૧૭-૭-૧૯૭૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓના સંયુકત બોર્ડની વિચારણા માટે મોકલવી.

૨૪. યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૧) (બી) (૧) અને (૨) અનુસાર સંલગ્ન કૉલેજોના આચાર્યો, શિક્ષકોની નિમણૂક કરતી વખતે વરણીસમિતિમાં યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા અંગેની બાબતમાં નિયમો નક્કી કરવા અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૯-૬-૧૯૭૪ની સભામાં નીમેલી સમિતિની ભલામણો એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૮-૨-૧૯૭૫ની સભાએ પુનઃવિચારણા માટે મોકલેલ હોવાથી તે સમિતિની તા. ૧૨-૮-૧૯૭૫-ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં શિક્ષકોની નિમણૂકો માટેની વરણીસમિતિ પર યુનિવર્સિટીના પ્રતિનિધિ નીમવાની બાબતમાં કાનૂની પરિસ્થિતિ જોતાં એ સ્પષ્ટ છે કે આવા પ્રતિનિધિઓની નિમણૂક કરવા માટે કુલપતિશ્રી મુખ્તયાર છે અને તેથી સદરહુ સમિતિએ તૈયાર કરેલી ભલામણો કેવળ માર્ગદર્શન (ગાઈડલાઈન્સ)રૂપે કુલપતિશ્રીને તે શકય હોય ત્યાં સુધી ધ્યાનમાં રાખવા ભલામણ કરવામાં આવે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ ગાઇડલાઇન્સમાં જણાવેલી કલમ નં. ૬ મુજબ કૉલેજોની વરણીસમિતિઓ પર યુનિવર્સિટીના પ્રતિનિધિઓના ખર્ચ અંગેનો અમલ હાલ ન કરતાં રાજ્ય સરકાર તરફથી તે ખર્ચ અનુદાનને પાત્ર ગણવામાં આવે તે પછી કરવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ ખર્ચને અનુદાનને પાત્ર ગણવા માટે રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરવા માટે કુલપતિશ્રીને વિનંતી કરવી.

૨૫. પ્રા. એસ. બી. વોરાનાં નીચે જણાવેલ સૂચનો પર વિચારણા કરવા બાબત :

"(૧) યુનિવર્સિટીની વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખાઓની જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાશ્નિક-પરીક્ષકોની નિમણૂંકો બાબતમાં હાલની પ્રથા મુજબ શિક્ષકે આ યુનિવર્સિટીને પરીક્ષામાં બેસનાર કોઈ પણ વિદ્યાર્થીને ખાનગી રાહે સવેતન કે અવેતન ટ્યૂશન રાખી ભણાવ્યા નથી તેમ જ ખાનગી ટ્યૂશન રાખીને ભણાવીશ નહીં તેની મતલબની આચાર્ય સમક્ષ કરવામાં આવતી ઍફિડેવિટને બદલે કોર્ટ રૂબરૂ ઍફિડેવિટ કરવા અંગે જોગવાઈ કરવી.

અથવા

(૨) આ યુનિવર્સિટી સાથે સંકળાયેલી કૉલેજો અને ભવનોના પ્રાધ્યાપકો પોતાના શૈક્ષણિક કાર્ય સાથે ટ્યૂશન ન કરી શકે તેવી મતલબનું બંધન દૂર કરવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનો પર સર્વગ્રાહી વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્ય એમ. સી. શાહ ૩. ડૉ. વી. સી. શાહ ૫. ડૉ. જે. જે. ત્રિવેદી.
૨. ડૉ. ધીરુભાઈ ઠાકર ૪. આચાર્ય ય. પ્રા. શુકલ

૨૬. ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૪-૮-૧૯૭૫ની સભામાં પ્રા. એ. ટી. દેસાઈનો નીચેનો પ્રસ્તાવ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"કૉલેજોમાં અધ્યાપકોની નિમણૂંકો અંગે તેમ જ તેમની જે તે વિષયમાં કૉલેજે મેળવવાની માન્યતા અંગે છેલ્લાં વર્ષોમાં કૉલેજોએ આચરેલી કેટલીક ગંભીર ગેરરીતિઓ બહાર આવી છે. વર્ષો સુધી શિક્ષકોની માન્યતા જ ન લીધી હોય અથવા કોઈ એક હોદ્દા માટે માન્યતા લીધી હોય અને છતાં કૉલેજમાં બીજા કોઈ હોદ્દાની હેસિયતથી શિક્ષક પાસે કામ લેવાતું હોય તેની માહિતી બહાર આવી છે. આ પરિસ્થિતિમાં હાલના નિયમોમાં નીચેની પ્રમાણેની જોગવાઈ કરવા આ સભા યુનિ.નાં જે તે સત્તામંડળોને ભલામણ કરે છે:

(૧) ઑ. ૯૬ પ્રમાણે કૉલેજે યુનિ.ને શિક્ષકના કાર્યભાર સંબંધી અને તેની ફાળવણી સંબંધી મોકલવાની માહિતી સાચી માહિતી છે તે અંગે જે તે શિક્ષકની સહી સાથેની માહિતી યુનિ.ને મોકલવામાં આવે.

(૨) કૉલેજમાં શિક્ષકની નિમણૂક કરવામાં આવે અથવા બઢતી આપવામાં આવે તે તારીખથી ત્રણ મહિનાની અંદર તેવા દરેક શિક્ષકની માન્યતા મેળવી લેવામાં આવે તે પછી અરજી સ્વીકારવામાં આવશે નહીં.

(૩) યુનિવર્સિટી કૉલેજ-શિક્ષકોને માન્યતા આપે તેની જાણ અત્રેથી કૉલેજમાં કરવામાં આવે તે સાથે અલગ પત્રથી જે તે શિક્ષકને પણ તેની જાણ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવો પૈકી ઉપરના પ્રસ્તાવો નં. (૧) અને (૨) સ્વીકારવા નહીં.

વધુમાં પ્રસ્તાવ નં. ૩ અંગે ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી તરફથી માન્યતાની બાબતમાં જે નિર્ણયો લેવામાં આવે તેની જાણ સંબંધકર્તા શિક્ષકોને કરવા માટે સંબંધકર્તા કૉલેજોના આચાર્યશ્રીઓને જણાવવું.

૨૭. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણમાંથી છૂટા કરવામાં આવેલા શ્રી. ડી. એફ. રાવના કેસ અંગે પુનર્વિચારણા કરવાની સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૨-એ હેઠળ ટ્રિબ્યુનલની રચના અંગેની કાર્યવાહી કરવી અને તેને તે બાબત અંગે નિર્ણય લેવા માટે વિનંતી કરવી.

૨૮. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાંગામ-કરજણે તેમના ભૂગોળના વ્યાખ્યાતા શ્રી. નીતિન અંબાલાલ કોઠારીને છૂટા કર્યા અંગેની ફરિયાદના સંદર્ભમાં એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૮-૫-૧૯૭૫ની સભામાં સદરહુ કૉલેજને મળતી આર્થિક સહાય અટકાવવા અંગે પગલાં લેવા શિક્ષણ-સંચાલકશ્રીને ભલામણ કરવા ઠરાવેલ તે અંગે પુનર્વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે શિક્ષણ નિયામકશ્રીને જણાવવું કે સદરહુ કૉલેજને મળતી આર્થિક સહાય અટકાવવા અંગે યુનિવર્સિટીએ તા. ૨૮-૫-૧૯૭૫ના પત્ર નં. એકેડેમિક-૦૫૨૯૬ થી જણાવેલું પણ જે શિક્ષકની ફરિયાદ અંગે આમ ઠરાવેલું, તે ફરિયાદનો નિકાલ થયો હોઈ, કૉલેજને નિયમ મુજબ ગ્રાન્ટ આપવી.

૨૯. શ્રી. એસ. એસ. મહેતા આર્ટ્સ એન્ડ શ્રી. એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગરની જૂન ૧૯૭૬થી બી.એ. (પ્રિન્સિ.) માં મનોવિજ્ઞાન અને બી.એ. (સબો.)માં રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ અંગેની અરજી પર ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૧) અને ઓ. ૧૨૦ અન્વયે વિચારણા કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને કુલપતિશ્રીએ ભલામણ કરી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને મનોવિજ્ઞાનની પ્રયોગશાળા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આર્થિક સહાય મળેલી છે તે હકીકત ધ્યાનમાં લઈને કુલપતિશ્રીની ઉપરની ભલામણ સ્વીકારવી.

૩૦. કલોલ મ્યુનિ. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કલોલની જૂન ૧૯૭૬થી બી.એસસી. (જન.) માં બોટેનીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ મેળવવા માટે સમયમર્યાદા બહાર આવેલ જોડાણઅરજી પર ગુજરાત યુનિ. ધારાની કલમ ૩૩ (૧) અને ઓ. ૧૨૦ અન્વયે વિચારણા કરવા કુલપતિશ્રીએ ભલામણ કરી હોઈ તે અંગે વિચારણા કરીને સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજની વિજ્ઞાન વિદ્યાશાખામાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટતી જતી હોઈ કોઈને જીવશાસ્ત્ર વિભાગના વધારાના શિક્ષક ગણીને છૂટા કરવાની પ્રક્રિયા ટાળી શકાય તે દૃષ્ટિએ કુલપતિશ્રીની ઉપરની ભલામણ સ્વીકારવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ જોડાણ અરજી પર એક વ્યક્તિની સ્થાનિક તપાસસમિતિ તરીકે ડૉ. સી. કે શાહની નિમણૂક કરવી.

૩૧. યુનિવર્સિટી કાર્યાલયમાં ચોકીદાર તરીકે કામ કરતા શ્રી. પૃથ્વીસિંહ જવાનસિંહ વાઘેલાને તા. ૧૯-૮-૧૯૭૫થી ફારેગ (discharge) કર્યા હોવાથી તેઓની પ્રો. ફંડની રકમ પરત કરવા અંગ તેઓની તા. ૨૫-૮-૧૯૭૫ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(તેઓ યુનિ. કાર્યાલયમાં તા. ૧૯-૧૧-૧૯૬૬થી જોડાયા હતા અને તા. ૧૯-૮-૧૯૭૫થી તેમને ફારેગ કરવામાં આવ્યા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. પૃથ્વીસિંહ જવાનસિંહ વાઘેલાને તેમને ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફન્ડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ ચૂકવી આપવી.

૩૨. ઑક્ટોબર ૨૭ થી ૩૦, ૧૯૭૫ના સમય દરમિયાન અખિલ ભારતીય દર્શન પરિષદનું ૨૦મું વાર્ષિક અધિવેશન રાંચી મુકામે યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગ પરિષદના મંત્રીશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કોઈને મોકલવા નહીં.

૩૩. સંલગ્ન કૉલેજોના બિનશૈક્ષણિક કર્મચારીઓ અંગની માહિતી મંગાવવા માટે નીચે પ્રમાણેનો ઓર્ડિ. ૯૬-એ મંજૂર કરવા અંગ વિચારણા કરવા બાબત :

O. 96-A :

Every college shall submit to the Executive Council by 31st of July, information regarding the non-teaching staff of the college in the prescribed form.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે યુનિવર્સિટીએ નિયત કરેલ મહેકમ અને પગારધોરણો રાજ્ય સરકાર તરફથી અનુદાનને પાત્ર ગણવામાં આવે તે પછી ઑર્ડિ. ૯૬-એ માં સુધારો કરવાના પ્રસ્તાવ અંગે વિચારણા કરવી. દરમ્યાન સદરહુ બાબત અનુદાનને પાત્ર ગણવા માટે રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરવા માટે કુલપતિશ્રીને વિનંતી કરવી.

૩૪. સંલગ્ન કૉલેજો / માન્ય સંસ્થાઓના શિક્ષક / બિનશિક્ષક વર્ગના કર્મચારીઓની સેવાઓના નિયમો, પગારધોરણો ઇત્યાદિ પ્રશ્નો અંગે એક્ઝિકયુટિવ કાઉન્સિલે નિયુક્ત કરેલ સ્થાયી સમિતિની તા. ૧૮-૧૨-૧૯૭૪ની સભામાં તેની સમગ્રતામાં પુનર્વિચારણા કરવા ઠરાવેલ, તદનુસાર સદરહુ સમિતિએ તેની તા. ૧૧-૮-૧૯૭૫ની સભામાં તે અંગે પુનર્વિચારણા કરી કરેલ ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) સદરહુ બાબત અંગે ભલામણ નં. ૧ અને ૨ અંગેની વિચારણા મોકૂફ રાખવી

(૨) ભલામણ નં. ૩ અને ૪ સ્વીકારવી.

(૩) ભલામણ નં. ૫ અંગે ઉપર બાબત નં. ૩૩ અંગે કરેલો ઠરાવ જોતાં તે અંગે હાલ વિચારવાપણું રહેતું નથી.

(૪) ભલામણ નં. ૬ થી ૧૮ સ્વીકારવી.

૩૫. યુનિવર્સિટી કાર્યાલયમાં નાયબ કુલસચિવ શ્રી. એસ. પી. મેઢને તા. ૨૩-૧૧-૧૯૭૫ના રોજ ૬૨ વર્ષ પૂરાં થતાં હોઈ તેમની નિવૃત્તિવય મર્યાદામાં વધારો કરી આપવા અંગે તેમની તા. ૨૭-૮-૧૯૭૫ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. પી. મેઢને પોતાની તબીબી તપાસ કરવા માટે ડૉ. જે. એન. પટેલનો સંપર્ક સાધવા માટે જણાવવું, તથા તેમનો રિપોર્ટ આવ્યેથી આ સભાગૃહ વતી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૬. યુનિવર્સિટી કાર્યાલયના ટેલિફોન ઓપરેટર શ્રી. એન. એન. ઠક્કરને રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઈ.બી. ૧૫-૪૦૮-૧૯-૪૬૫ના પગારધોરણમાં રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય (Efficiency Bar) તા. ૧-૮-૧૯૭૫થી ઓળંગવા દેવા અંગેની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

ટેલિફોન ઓપરેટર શ્રી, એન. એન. ઠક્કરની કામગીરી અંગેનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. એન. એન. ઠક્કરને કાર્યક્ષમતા અંતરાય શા માટે અટકાવવો નહીં તે માટે કારણદર્શક (શો કૉઝ) નોટિસ આપીને તે પછી તે અંગે જરૂરી કાર્યવાહી કરવી.

૩૭. ઓ. ૧૪૯ હેઠળ દરેક હેડ ઑફ પાસિંગ દીઠ રૂ. ૧૦ ચકાસણી ફી નિયત થયેલી છે તે અંગે જે તે પ્રશ્નપત્રોની સંખ્યાના સંદર્ભમાં પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૪૯ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો :

O. 149 :

Information as to whether a candidate's answers in any head or heads of a University examination have been examined and marks are entered will be supplied to the candidate on his forwarding either through the head of his Institution or directly to the University within six weeks of the declaration of the said examination results, an application accompanied by a fee of Rs. 10 per each head provided that where the head of passing comprises of more than one question-paper the fees for verification shall be as follows :

For 2 question-papers Rs. 15;

For 3 question-papers Rs. 20; and

For 4 or more question-papers Rs. 25.

The fee is only for verifying whether a candidate's answers in any particular head have been examined, and not for the re-examination of answer. The rule that marks obtained by candidates in individual questtons or in sections of a paper cannot, in any circumstances, be supplied, holds good also in the case of application for the verification of marks.

If as a result of the verification made under this clause, it is diseovered that there has been either an omission to examine or mark any answer or answers or a mistake in the totalling of the marks, the fee for verification shall be refunded to the applicant.

૩૮. સંલગ્ન કૉલેજોના શિક્ષકો માટેના ગ્રેચ્યુઇટી ફંડના નાણાના રોકાણ અંગે જરૂરી વિચારણા કરી અહેવાલ રજૂ કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૮-૩-૧૯૭૫ની સભામાં નીમેલી સમિતિની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓના શિક્ષકો માટે પ્રત્યેક કૉલેજ / સંસ્થાના શિક્ષકોના મૂળ પગારના ૨½ ટકા પ્રમાણે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવાની જોગવાઈ છે તેના સંબંધમાં પ્રત્યેક કૉલેજ / સંસ્થાએ સદરહુ ફંડના નાણાના ૭૦ ટકા રાષ્ટ્રીય કૃત શિડયુલ્ડ બૅંકમાં, 'ગ્રેચ્યુઇટી ફંડ' ખાતે અલાયદા રોકવા તથા બાકીના ૩૦ ટકા નાણાં રાષ્ટ્રીય બચત અનામત-(નેશનલ સેવિંગ્ઝ ડિપોઝિટ)માં અલાયદા મૂકવા તથા પ્રતિવર્ષે આ અંગેનો હિસાબ જરૂરી વિગત સાથે યુનિવર્સિટીને મોકલવા, આથી એકિઝકયુટિવ કાઉન્સિલને આ સભા ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના શિક્ષકવર્ગ અને બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે યુનિવર્સિટીએ નિયત કરેલ ગ્રેચ્યુઇટીનું ખર્ચ રાજ્ય સરકાર તરફથી અનુદાનને પાત્ર ગણવામાં આવે તે પછી સદરહુ ભલામણ પર વિચારણા કરવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ ખર્ચ અનુદાનને પાત્ર ગણવા માટે રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરવા માટે કુલપતિશ્રીને વિનંતી કરવી.

૩૯. એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૮-૩-૧૯૭૫ની સભાના ઠરાવ અનુસાર સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓ માટેના પ્રૉ. ફંડના નિયમોમાં નીચે પ્રમાણે ફેરફાર કરવા અંગે વિચારણા કરવા બાબત :

૧. નિયમ ૧૩ની કંડિકા (૩) રદ કરવી.

૨. નીચે પ્રમાણેનો નિયમ ૧૫-એ ઉમેરવો :

Notwithstanding anything contained elsewhere an employee who has completed twelve years' service in the employment at the same college/ institution may be granted an advance by the college / institution in its discretion for meeting the expenditure on building or purchasing a house or a site for a house to the extent of his own subscription plus the contribution of the college / institution credited to his provident fund account as on 31st March, immediately preceding his application. Such advance shall be repaid in monthly instalments not exceeding 120 and at such rate of interest as may be fixed by the college / institution from time to time.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી સમિતિ નીમવી :

૧. આચાર્ય એમ. સી. શાહ
૨. ડૉ. એમ. એન. દેસાઈ
૩. પ્રો. ગુલાબભાઈ આર. દેસાઈ
૪. ડૉ. જે. એન. પટેલ.

બાબત નં. ૨૦ અને ૪૦ની વિચારણા સાથે કરવામાં આવી.

૨૦. શ્રી. પ્રાંતીજ તાલુકા કેળવણી ટ્રસ્ટ, પ્રાંતીજ સંચાલિત પ્રાંતીજ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, પ્રાંતીજમાં ઊભા થયેલા પ્રશ્નો અંગેની સમિતિના અહેવાલના સંદર્ભમાં વિચારણા કરી એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૬-૮-૧૯૭૫ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

અને

૪૦. પ્રાંતીજ અધ્યાપક સમાજ, પ્રાંતીજ તરફથી જૂન ૧૯૭૫થી શરૂ કરાનાર વિનયન અને વાણિજ્યની કૉલેજને પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, ઇતિહાસ, સમાજશાસ્ત્ર તથા બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી તથા બી.એ. (સબો.)માં ઇતિહાસ અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તથા પ્રથમ વર્ષ બી.કોમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ તથા બી.કોમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રાંતીજ અધ્યાપક સમાજ, પ્રાંતીજ તરફથી જૂન ૧૯૭૫થી પ્રાંતીજ ખાતે શરૂ કરાનાર વિનયન અને વાણિજ્યની કૉલેજ શિક્ષકગણની નિમણૂંકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦—૯—૧૯૭૫ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, ઇતિહાસ અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો તથા બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી તથા બી.એ. (સબો.)માં ઇતિહાસ અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું જોડાણ આપવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂંકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના વ્યાખ્યાતા
(૩) અંગ્રેજીના ટ્યૂટર
(૪) ગુજરાતીના પ્રાધ્યાપક
(૫) ગુજરાતીના વ્યાખ્યાતા
(૬) ગુજરાતીના ટ્યૂટર

(૭) અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક
(૮) અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા
(૯) અર્થશાસ્ત્રના ટ્યૂટર
(૧૦) સમાજશાસ્ત્રના વ્યાખ્યાતા
(૧૧) સમાજશાસ્ત્રના ટ્યૂટર
(૧૨) ઇતિહાસના વ્યાખ્યાતા
(૧૩) ઇતિહાસના ટ્યૂટર
(૧૪) સંસ્કૃતના વ્યાખ્યાતા
(૧૫) તર્કશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા
(૧૬) હિન્દીના ખંડ સમયના વ્યાખ્યાતા
(૧૭) વાણિજ્યના પ્રાધ્યાપક
(૧૮) વાણિજ્યના વ્યાખ્યાતા
(૧૯) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક
(૨૦) એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા
(૨૧) બિઝનેસ મેથ્સ.ના ખંડ સમયના વ્યાખ્યાતા
(૨૨) વ્યાયામ શિક્ષક
(૨૩) ગ્રંથપાલ;

(**નોંધ.**—આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે **જુદા** શિક્ષક નીમવાની જરૂર નથી.)

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો)
(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધાઓ સહિતનો)
(૬) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ એકી સાથે બેસીને વાંચી શકે તેટલી સગવડોથી સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય
(૭) આચાર્ય માટેનો ખંડ
(૮) પીવાના પાણી માટેનો ખંડ
(૯) શૌચાલય વગેરેની વ્યવસ્થા;

૩. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે ... રૂ. ૫,૦૦૦
(૨) સામયિકો માટે ... રૂ. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે ... રૂ. ૧,૦૦૦;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસ વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧૦૦૦ ચોરસ વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર શિક્ષકોને તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે;

૧૦. કૉલેજના સંચાલનમાં જે ખામી જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૧. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણનું પાલન કરવામાં આવે;

૧૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકો તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે; અને

૧૩. પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂ. ૧૦,૦૦૦ની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટેનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂ. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અસ્કામત છે તેનું ચેરિટી કમિશનરનું અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે.''

સદરહુ બાબતના સંદર્ભમાં વિદ્યાશાખા દીઠ રૂપિયા દસ હજારની અનામત મૂકવામાંથી મુક્તિ આપવાની સદરહુ કૉલેજની વિનંતી સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ વિનંતી માન્ય કરી શકાય તેમ નથી.

તે પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે બંધ થયેલી પ્રાંતીજ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજના શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની સેવાઓનું સાતત્ય જળવાય તે રીતે

તેમને ચાલુ રાખવામાં આવે તથા એકેડેમિક કાઉન્સિલે તેના ઉપરના ઠરાવમાં જણાવેલ શરતોનું તા. ૩૦-૯-૧૯૭૫ સુધીમાં આ સભાગૃહને સંતોષ થાય તે રીતે પરિપાલન કરવામાં આવે તો સદરહુ કૉલેજને તા. ૧૫મી જૂન ૧૯૭૫થી તા. ૧૪મી જૂન ૧૯૭૬ સુધી એકેડેમિક કાઉન્સિલના ઠરાવમાં જણાવેલ અભ્યાસક્રમો શીખવવા માટે એક વર્ષ માટે જોડાણ આપવું.

૪૧. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના વિભાગોના વડાની ગેરહાજરીમાં અવેજી વ્યવસ્થા તથા તે અંગેના નીતિનિયમો નક્કી કરવા અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૮-૨-૧૯૭૫ની સભામાં નીમેલી સમિતિની તા. ૧૮-૫-૧૯૭૫ના રોજ મળેલ સભાની ભલામણ અંગે વિચારણા કરવા બાબત.

ભલામણ

"ત્યાર બાદ ઠરાવવામાં આવ્યું કે વિભાગોના વડાની ગેરહાજરીમાં અવેજી વ્યવસ્થા અંગે કોઈ મહેનતાણું આપવાની જરૂર જણાતી નથી."

આથી ઠરાવવામાં આવે છે કે આ પહેલાં યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં આંકડાશાસ્ત્રના વડાની ગેરહાજરી દરમ્યાન ડૉ. એમ. સી. જયસ્વાલે વિભાગની જે કામગીરી સંભાળી છે તે માટે તેમને માસિક રૂ. ૮૦નું ભથ્થું આપવાનું રાખવું.

નોંધ.—ભવિષ્યમાં કોઈ કેસોમાં આ પ્રકારનું ભથ્થું મંજૂર કરવું નહીં.

૪૨. સંલગ્ન કૉલેજો તથા યુનિવર્સિટીમાં ટ્યૂટર-ડેમોન્સ્ટ્રેટરની નિમણૂક કરવાની આવશ્યકતા ન હોવા અંગે તથા હાલના ટ્યૂટર-ડેમોન્સ્ટ્રેટરને પોતાની શૈક્ષણિક લાયકાત સુધારી વ્યાખ્યાતાના પદ માટે પાત્રતા મેળવવાની સુવિધા કરી આપવા અંગે યુનિ. ગ્રાન્ટ્સ કમિશનના તા. ૧૯-૪-૧૯૭૫ના પત્રાંક એફ. ૧ (૧૫) ૭૫ (સી.પી.) પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓના સંયુક્ત મીટિંગની વિચારણા માટે મોકલવી.

૪૩. ૧૫ જૂન ૧૯૭૫ થી વિજ્ઞાન વિદ્યાશાખા બંધ કરવા માટે પરવાનગી માંગતા પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદના આચાર્યનો તા. ૨૯-૮-૧૯૭૫નો પત્ર જે આ કાર્યાલયને તા. ૨-૯-૧૯૭૫ના રોજ મળેલ છે તે પરત્વે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ઑર્ડિ. ૧૨૦-ઈનો સંબંધકર્તા ભાગ નીચે મુજબ છે:

The Executive Council may refuse to consider such an application, unless it is made on or before the 31st of August preceding the year from which the closure of the college or any of its faculties, as the case may be, is intended to take effect.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસ-સમિતિ નીમવી :

૧. ડૉ. વી. સી. શાહ
૨. આચાર્ય કે. એન. શાહ
૩. ડૉ. જે. જે. ત્રિવેદી.

૪૪. યુનિવર્સિટી કૅમ્પસમાં Crechr (day-care centre) માટે જગ્યા આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સગવડ આપવા માટે ગુજરાત બાલ કલ્યાણ સંઘનો આભાર માનવો તથા તે માટે યુનિવર્સિટી કૅમ્પસ પર યોગ્ય જગ્યા ફાજલ પાડીને બાલસંભાળ કેન્દ્ર (day-care centre) તથા શકય હોય તો બાલમંદિર શરૂ કરવા માટે ગુજરાત બાલકલ્યાણ સંઘને વિનંતી કરવી.

૪૫. એકેડેમિક કાઉન્સિલની તા. ૧૮-૭-૧૯૭૫ ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત (એકેડેમિક કાઉન્સિલ બાબત ક્રમાંક ૭) :

"આથી ઠરાવવામાં આવે છે કે બાનગી રાહે અભ્યાસ કરીને એમ.એ.ની પરીક્ષામાં બેસવા ઇચ્છતા વિદ્યાર્થીઓને તે સગવડ મળે તે માટે સ્ટે. ૧૭૭-બી નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા માટે એકેડેમિક કાઉન્સિલ અને યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી :

સ્ટે. ૧૭૭-બી :

The University shall award the Degree of Master of Arts (External) to such students as have, being exempted from attendance at courses of studies in affiliated colleges or recognised institutions where post-graduate centres in the subject concerned have been instituted or at the University departments, as the case may be, passed the qualifying examination for the degree of Master of Arts (External)."

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૧૭૭-બી ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા માટે યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી.

૪૬. "Scale of Remuneration to Examiners etc."ની પુસ્તિકામાં પીએચ.ડી. પદવીના રેફરીઓને આપવામાં આવતા માનદ વેતનના દરમાં છાપભૂલ હોવાથી તે ભૂલ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા વિચારણા કરવા બાબત :

XI. Ph.D. Examinations :

An honorarium of Rs. 200/- to external referee abroad and Rs. 150/- per candidate to external referee in India.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કલમ ૧૧ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવી અને આ ઠરાવનો અમલ માર્ચ-એપ્રિલ ૧૯૭૪થી કરવાનું રાખવું.

૪૭. કૉલેજોને વિકાસ માટે મળતી આર્થિક સહાયનો યોગ્ય ઉપયોગ અને તેના વિકાસકાર્યક્રમો પર સતત દેખરેખ રાખવા માટે વ્યવસ્થાતંત્ર ઊભું કરવા બાબતે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૨૫-૮-૧૯૭૫ના ડી. ઓ. પત્રાંક એફ. ૭-૧૧/૭૫ સી.પી. પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના વિકાસ માટે મળતી આર્થિક સહાયનો યોગ્ય ઉપયોગ અને તેના વિકાસ કાર્યક્રમો ઉપર સતત દેખરેખ રાખવા માટે એક સ્થાયી સમિતિ નીમવી અને તેનું સભ્યપદ ત્રણ વર્ષનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર નીચેના સભ્યોની નિમણૂક કરવી :

૧. આચાર્ય એમ. સી. શાહ
૨. ડૉ. એમ. એન. દેસાઈ
૩. આચાર્ય વી. જે. ત્રિવેદી
૪. શ્રી. વિકાસ અધિકારી, સભ્ય-સચિવ

૪૮. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૨૦-૫-૧૯૭૫ના પત્રાંક એફ. ૭-૧૨ ૭૪ પીસીપી.થી પાંચમી પંચવર્ષીય યોજના દરમિયાન યુનિવર્સિટીને ભૂસ્તરવિજ્ઞાનના વિષયમાં ક્ષેત્રકાર્ય તાલીમ ખર્ચ માટે પ્રત્યેક વર્ષે ૫૦ ટકા પરંતુ વધુમાં વધુ રૂ. ૩,૦૦૦ સુધીની આર્થિક સહાય આપવાનું સ્વીકારેલ હોઈ, વર્ષ ૧૯૭૪-૭૫ થી વર્ષ ૧૯૭૮-૭૯ સુધી પ્રત્યેક વર્ષ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની આર્થિક સહાય ઉપરાંત વધારાનો ખર્ચ અનુસ્નાતક કેન્દ્ર ખાતે પાડવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ સ્વીકારવો અને તે માટે પ્રત્યેક વર્ષે યુનિવર્સિટીના હિસ્સા પેટે રૂ. ૩,૦૦૦/- સુધીનું ખર્ચ મંજૂર કરવું.

૪૯. ગુજરાત યુનિવર્સિટીની એમ.એ.ની (મુખ્ય વિષય હિન્દી સહિત) પરીક્ષા માટે એનાયત કરવા માટે "શ્રી. રામેશ્વરદાસ બીરલા સ્મૃતિચંદ્રક" અંગે અગાઉ દાતાનું નામ "શ્રી. એસ. કે. અગ્રવાલ, મૅનેજિંગ ડિરેક્ટર, ધી ન્યૂ સ્વદેશી મિલ્સ ઑફ અમદાવાદ" એ પ્રમાણે યુનિવર્સિટીની એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૧-૭-૧૯૭૫ ની સભાએ મંજૂર કરેલ તેને બદલે હવે "ન્યૂ સ્વદેશી મિલ્સ" એ પ્રમાણે રાખવા અંગે દાતાએ તેમના તા. ૨૬-૮-૧૯૭૫ના પત્રથી કરેલ વિનંતી મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી સ્વીકારવી.

૫૦. નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલ એમ.કૉમ.ના વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે આચાર્ય એમ.સી. શાહને (પોતાને બદલે તેમની ભગિની કૉલેજ નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદના આચાર્યશ્રી આર. એ. ત્રિવેદીની, ખાસ અપવાદ કરીને, નિમણૂક કરવાના આચાર્ય એમ. સી. શાહના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે આચાર્ય એમ. સી. શાહને ચાલુ રહેવા માટે જણાવવું.

૫૧. ઑક્ટોબર ૧૩ થી ૧૪, ૧૯૭૫ના સમય દરમિયાન "ઇન્ડિયન કૉંગ્રેસ ઑફ અમેરિકન હિસ્ટરી" નું દશમું વાર્ષિક સત્ર તિરુપતિ મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૫૨. યુનિવર્સિટીના પ્રાણીવિજ્ઞાન વિભાગના પ્રો. વી. સી. શાહની સંશોધન યોજના "Genetics, Cytogenetics, Cytochemical and Biochemical Studies on Leucoderma" યુનિ. ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૧-૯-૧૯૭૫ના પત્રાંક F. 23206/75 (R-II) થી ત્રણ વર્ષ માટે નીચે જણાવેલ આવર્તક ખર્ચ કરવા માટેની આર્થિક સહાય મંજૂર કર્યાની નોંધ લેવા તથા તે અંગે પ્રો. વી. સી. શાહને ઘટતાં પગલાં લેવા માટે મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત :

1. One Senior Research Fellow @ Rs. 600 p.m. fixed.
2. Two Junior ,, ,, ,, 400/- ,, ,,
3. Contingency & working expenses – Rs. 15,000/- p.a.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી તથા તે અંગે ઘટતાં પગલાં લેવા માટે ડૉ. વી. સી. શાહને જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ અગાઉ ડૉ. વી. સી. શાહે કોઢના સંશોધન માટે મેસર્સ. આશાભાઈ બાબરભાઈ પટેલ તરફથી મળેલા પ્રદાન અન્વયે જે સંશોધન યોજના હાથ ધરી છે તે યોજનાનો સમાવેશ ઉપર જણાવેલ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને મંજૂર કરેલ સંશોધન યોજનામાં કરવા માટે તેમને જણાવવું.

૫૩. યુનિવર્સિટી ધારાની કલમ ૩૩-એ(૧) (બી) (૧) અને (૨) અનુસાર સંલગ્ન કૉલેજોએ શિક્ષકોની નિમણૂક કરતી વખતે પ્રત્યેક કૉલેજની જે તે વરણીસમિતિ પર યુનિવર્સિટીના પ્રતિનિધિ હોવા આવશ્યક હોવા છતાં પણ નીચેની કૉલેજોના નામ સામે જણાવેલ વિષય માટે યુનિવર્સિટીના પ્રતિનિધિ સિવાય કેટલાક શિક્ષકોની નિમણૂક કરવામાં આવી છે તો તે અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	શિક્ષકનું નામ	વિષય	કૉલેજે કરેલો ખુલાસો
૧.	શેઠ એમ. એન. સાયન્સ એન્ડ શ્રી એન્ડ શ્રીમતી પી. કે. કોટાવાળા આર્ટ્સ કૉલેજ, પાટણ	શ્રી. એમ. આર. દરજી શ્રી. કે. એન. પટેલ	ભૌતિક-વિજ્ઞાનના ટ્યૂટર	વિદ્યાર્થી સંખ્યામાં વધારો થવાથી હંગામી ધોરણે ટ્યૂટર તરીકે પ્રમોશન આપવામાં આવેલ છે તેથી વરણી-સમિતિ પર યુનિ.ના પ્રતિનિધિને બોલાવવામાં આવેલ નથી.

ક્રમાંક	કૉલેજનું નામ	શિક્ષકનું નામ	વિષય	કૉલેજે કરેલો ખુલાસો
૨.	શ્રીમતી આર. ડી. શાહ ઍન્ડ શ્રીમતી વી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકા	શ્રી. જી. સી. મજમુદાર	વેપારી કાયદાના ખંડ સમયના પ્રાધ્યાપક	શ્રી. મજમુદારની નિમણૂક આકસ્મિક રીતે ફક્ત ત્રણ માસ માટે કરેલ. આથી ભૂલથી આપને જાણ કરવાનું રહી ગયેલ, તેથી તેમની નિમણૂક સમયે યુનિ.ના પ્રતિનિધિનો પ્રશ્ન રહેતો નથી.
૩.	શ્રી. ડી. ડી. ચોકસી ઍજ્યુકેશન કૉલેજ, પાલનપુર	શ્રી. પી. જી. પટેલ	આચાર્ય	તેઓ ૧૫મી જૂન ૧૯૭૧થી કૉલેજમાં પ્રાધ્યાપક છે અને ઉપાચાર્ય તરીકે કામ કરતા હતા. તેમની નિમણૂક આ કૉલેજમાં નવી નથી. તેમને તેમની રીતે બઢતી આપવામાં આવી છે. ઉપરાંત તેઓ તા. ૨૮-૬-૧૯૭૨થી પૂર્ણ અનુસ્નાતક શિક્ષક છે, જેથી પસંદગી સમિતિની રચના કરવામાં આવી નથી, જેથી યુનિ.ના પ્રતિનિધિ હાજર રાખવાની જરૂર નથી તે પ્રતીતિ સાથે કાર્યવાહી કરેલી ન હતી.
૪.	નવજીવન આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ	શ્રી. પી. આઈ. ઓઝા	આંકડા-શાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા	કૉલેજ શરૂ થઈ જવાને કારણે વિદ્યાર્થીઓ શિક્ષક વગર રખડે નહીં એ માટે તાત્કાલિક વ્યવસ્થાના સંદર્ભમાં નિમણૂક કરેલી, અને યુનિ.ને જરૂરી સમયમર્યાદામાં જાણ કરી શકાઈ નથી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિમણૂક માન્ય કરવી નહીં અને સંબંધકર્તા કૉલેજોને જણાવવું કે યુનિવર્સિટીનાં ધારાધોરણો અન્વયે જરૂરી વરણીસમિતિની રચના કરીને નિમણૂકો અંગેની કાર્યવાહી મોડામાં મોડી તા. ૧૫મી જૂન ૧૯૭૬ પહેલાં કરવી.

૫૪. બી. જે. મેડિકલ કૉલેજમાં સ્થાપવામાં આવેલા સર્જરી ગ્રુપના વિષયોના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) યુનિવર્સિટીના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે સામાન્ય રીતે પૂરા સમયના સ્થાનિક શિક્ષકગણ પૈકી કોઈ સીનિયર શિક્ષકને નીમવાની નીતિ અપનાવવી.

(૨) ઉપર નં. (૧)માં દર્શાવેલ નીતિનિયમોના ઉપલક્ષ્યમાં સદરહુ કેન્દ્રના પ્રોફેસર-ઈન-ચાર્જની નિમણૂક અંગે કૉલેજના આચાર્યશ્રી સાથે વિચારવિનિમય કરીને પ્રોફેસર-ઇન-ચાર્જની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૫. સને ૧૯૭૪-૭૫ના વર્ષ માટે "આચાર્યશ્રી એમ. સી. દેસાઈ સુવર્ણચન્દ્રક" સમાજવિદ્યાના વિષયો માટે એનાયત કરવાની બાબતમાં નીચે જણાવેલ નિયમ પ્રમાણે સમિતિ રચવા વિચારણા કરવા બાબત :

Rule

A medal in the name of "Principal Shri M. C. Desai Medal" of the values of about Rs. 200/- shall be awarded in the subject in Social Sciences viz Economics, History, Politics, Sociology, Psychology, Philosophy and Education etc., annually to a teacher who is working in any affiliated college of the University or a recognised Institution of the University or any Post-graduate department of the Gujarat University and whose research work published during the two calendar years preceding the convocation is adjudged to be of the highest merit by a special Committee of Experts who have made their mark in their respective fields of work. This Committee shall be appointed by the Executive Council of the Gujarat University every year and the decision of the Committee in the matter shall be final.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૭૪-૭૫ના વર્ષ માટે "આચાર્યશ્રી એમ. સી. દેસાઈ સુવર્ણમંડિત ચન્દ્રક" માટે નીચે જણાવેલા સભ્યોની પસંદગી સમિતિ નીમવી :

૧. પ્રો. એ. આર. દેસાઈ (સુરત)
૨. ડૉ. આલુ દસ્તૂર (મુંબઈ)
૩. ડૉ. અક્ષય આર. દેસાઈ (મુંબઈ).

૫૬. Supernumerary positions of Professors / Readers in special cases in the Universities અંગે જ્યારે જરૂરિયાત ઊભી થાય ત્યારે આર્થિક સહાય માટે પ્રસ્તાવ મોકલી આપવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના સેક્રેટરીના ડી.ઓ. પત્રાંક એફ ૧-૬૭/૭૪ (સી.ડી.-સી.પી.) તા. ૨-૮-૧૯૭૫ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી અને ભવિષ્યમાં જરૂર જણાયેથી યોગ્ય પ્રસ્તાવ મોકલી આપવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૭. એસ. એસ. મહેતા આર્ટ્સ એન્ડ એમ. એ. પટેલ કૉમર્સ કૉલેજ, લિંમતનગરમાં વાણિજ્યના શિક્ષણકાર્ય માટે લાયકાત ધરાવતા પ્રાધ્યાપક અપ્રાપ્ય હોવાથી વાણિજ્યના શિક્ષણકાર્ય માટે મુલાકાતી પ્રાધ્યાપક તરીકે શ્રી. એસ. પી. મહેતાની કરેલી વ્યવસ્થા મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં વાણિજ્યના શિક્ષણકાર્ય માટે ચાલુ વર્ષ માટે શ્રી. એસ. પી. મહેતાની વાણિજ્યના વિષયમાં મુલાકાતી પ્રાધ્યાપક તરીકેની કરેલી વ્યવસ્થા ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી ચાલુ રાખવી અને સદરહુ કૉલેજને જણાવવું કે જૂન ૧૯૭૬થી યોગ્ય લાયકાત ધરાવતા પૂરા સમયના વાણિજ્યના પ્રાધ્યાપકની નિમણૂક કરવી આવશ્યક રહેશે અને જો તેમ કરવામાં આવશે નહીં તો કોઇ નવા વિદ્યાર્થીઓને તે વિષયમાં દાખલ કરી શકાશે નહીં.

૫૮. શ્રી. એસ. જે. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુરમાં એકાઉન્ટન્સીના ખંડ સમયના પ્રાધ્યાપક તરીકે શ્રી. સી. સી. શાહની નિમણૂક યુનિવર્સિટીના પ્રતિનિધિ સિવાય કરવામાં આવી હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— કૉલેજે સ્પષ્ટતા કરી છે કે ભારતની વરિષ્ઠ અદાલતના ચુકાદાને અનુલક્ષીને ધાર્મિક લઘુમતી ધરાવતી કૉલેજ હોવાથી યુનિ.ના પ્રતિનિધિ વરણીસમિતિ પર હોવા અંગેની બાબતમાં કૉલેજને તેમાંથી મુક્તિ મળી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રાજ્ય સરકાર તરફથી જરૂરી માર્ગદર્શન મળ્યેથી વિચારણા કરવાનું રાખવું.

૫૯. કુમારી નીના પોપટલાલ શાહે યુનિવર્સિટીએ પસાર કરેલ ઠરાવ નં. ૪૬ અને ૪૮ રદ્દ કરવા માટે ગુજરાત હાઇ કોર્ટમાં યુનિવર્સિટી સામે સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૩૬૬-૧૯૭૫થી કરેલ રિટ અરજી અંગે યુનિવર્સિટી તરફથી એડવોકેટ તરીકે શ્રી. સુરેશભાઇ એન. શેલતને રોકવાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત તથા તે અંગે જરૂરી ખર્ચ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી તથા તે અંગે જરૂરી ખર્ચ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૦. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કપડવંજની તૃતીય વર્ષ બી.એ.ની વિદ્યાર્થિની સંધ્યાબહેન ઉમાકાન્ત ગાંધી તથા બીજી પાંચ વિદ્યાર્થિનીઓએ સંયુક્ત રીતે કરેલ સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૪૧૦-૧૯૭૫થી ગુજરાત હાઇ કોર્ટમાં કરેલ રિટ અરજી અંગે યુનિવર્સિટી તરફથી એડવોકેટ તરીકે શ્રી. સુરેશભાઇ શેલતને રોકવાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત તથા તે અંગે જરૂરી ખર્ચ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી તથા તે અંગે જરૂરી ખર્ચ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૧. યુનિવર્સિટી કાર્યાલયમાં જુ. ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. બી. કે. વાળંદને સ્ટે. ૧૮૮ (૨) હેઠળ મકાન ખરીદવા માટે રૂ. ૬,૦૦૦ની લોન આપવા અંગે તેમની તા. ૨૫-૮-૧૯૭૫ની અરજી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તા. ૩૧-૩-૧૯૭૫ના રોજ રૂ. ૬,૦૬૦-૭૯ પૈસા પ્રો. ફંડ ખાતે જમા છે. તેઓના ખાતે રૂ. ૨,૨૦૦ની પ્રો. ફંડ લોન બાકી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે જુનિયર ક્લાર્ક શ્રી. બી. કે. વાળંદને મકાન ખરીદવા માટે ઉપર મુજબ રૂ. ૬,૦૦૦/-ની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આપવી.

૬૨. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સમાં પ્રસ્થાપિત કરેલ એમ.કૉમ.ના અનુ. કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ આચાર્યશ્રી આર. એલ. સંઘવી પાંચ માસની રજા પર જતાં તે કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે આચાર્યશ્રી સંઘવીની અવેજીમાં પ્રા. પી. એ. ત્રિવેદીને નીમવા માટે આચાર્યશ્રી સંઘવી તરફથી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે, આચાર્ય આર. એલ સંઘવીની ગેરહાજરી દરમ્યાન પ્રો. પી. એ. ત્રિવેદીને નીમવા તથા ચાલુ વર્ષ દરમ્યાન પ્રોફેસર-ઇન-ચાર્જની કામગીરી અંગેનો માનાર્હ પુરસ્કાર તેમની વચ્ચે સરખે હિસ્સે વહેંચીને ચૂકવવાનું રાખવું.

૬૩. બોર્ડ ઑફ એપ્રેન્ટિસશિપ ટ્રેનિંગ, વેસ્ટર્ન રિજિનલ, રિજિયોનલ એપ્રેન્ટિસ-શિપ એડવાઈઝર, મુંબઈ તરફથી પત્રાંક એફ. ૫૫-એ-૭૫-૭૬-ડબ્લ્યુ.આર.બી. એક્ટ પ્લેઇસમેન્ટ, તા. ૧૬-૮-૧૯૭૫ દ્વારા એપ્રેન્ટિસ એક્ટ (એમેન્ડમેન્ટ), ૧૯૭૩ અન્વયે ડિપ્લોમા અને ગ્રેજ્યુએટ્સ ડિગ્રીધારીઓને ફરજિયાત તાલીમાર્થી તરીકે રાખવા અંગેની જોગવાઈ પ્રમાણે ઉમેદવારોને એક વર્ષ માટે માસિક રૂ. ૧૫૦ નું સ્ટાઇપેન્ડ આપી રાખવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—રાજ્ય સરકાર ૭૦ ટકા ગ્રાન્ટ આપશે, જ્યારે બાકીના ૭૦ ટકાનું ખર્ચ યુનિવર્સિટીએ કરવાનું રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો તથા તે મુજબ જરૂરી લાયકાત ધરાવતા પસંદ થયેલા ઉમેદવારોનો સ્ટાઇપેન્ડનો દર માસિક રૂ. ૧૫૦/- લેખે મંજૂર કરવો.

૬૪. ૨૪ થી ૨૬ ઑક્ટોબર ૧૯૭૫ના સમય દરમિયાન યોજનાર રી-ઓરિયેન્ટેશન ઑફ ધી ટીચિંગ ઑફ સંસ્કૃત અંગેની કૉન્ફરન્સ માટે વધારાની રૂ. ૨,૬૭૦ના આર્થિક સહાયની માંગણી કરતા સદરહુ કૉન્ફરન્સના ડિરેક્ટર કુ. એસ્તેર સોલોમનના તા. ૨૨-૮-૧૯૭૫ ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ સ્વીકારી શકાય તેમ નથી એમ ભાષાભવનન અધ્યક્ષશ્રીને જણાવીને રૂ. ૨,૦૦૦/-ના ખર્ચની મર્યાદા સચવાય તે રીતે પ્રસ્તાવ સુધારીને મોકલવ માટે તેમને જણાવવું.

૬૫. યુનિવર્સિટી કાર્યાલયમાં હંગામી ધોરણે કામ કરતા શ્રી. પૃથ્વીસિંહ જવાન-સિંગ વાઘેલાને તા. ૧૯-૮-૧૯૭૪ થી ફારેગ (discharge) કર્યા હોવાથી તેઓને સ્ટે. ૧૯૩ - અ પ્રમાણે ગ્રેચ્યુઇટી આપવા અંગે તેમની તા. ૨૫-૮-૧૯૭૫ની અરજી પર વિચારણા કરવા બાબત.

(શ્રી. વાઘેલા તા. ૧૯-૧૧-૧૯૬૬થી જોડાયા હતા અને તા. ૧૯-૮-૧૯૭૪થી તેઓને ફારેગ કરવામાં આવ્યા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે છૂટા થયેલા શ્રી. પૃથ્વીસિંહ જ્યાનસિંગ વાઘેલાને યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ તેમને ખાતે નીકળતી ગ્રેચ્યુઇટીની રકમ ચૂકવી આપવી.

૬૬. સમાજવિદ્યા ભવનના સીનિયર કલાર્ક શ્રી. ડબ્લ્યુ. એન. ક્રિશ્ચિયનને નાણાકીય ગોલમાલના ગુના માટે આ કાર્યાલયના પત્રાંક એકા-૧-૦૫૧૨૩, તા. ૨૩-૫-૧૯૭૫થી તેઓને તા. ૩૧-૫-૧૯૭૫ના રોજ બરતરફ (dismiss) કર્યા હતા પરંતુ તેઓએ રૂ. ૭,૦૦૦ યુનિ.માં ભર્યા હોવાથી તા. ૩૧-૫-૧૯૭૫થી રાજીનામું મંજૂર કરવા અંગે તેમની તા. ૫-૯-૧૯૭૫ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ડબ્લ્યુ એન. ક્રિશ્ચિયને વધુ રૂ. ૭,૦૦૦/-ની રકમ યુનિવર્સિટીમાં જમા કરાવી છે તેની નોંધ લેવી તથા તેમનો પાસેથી બાકી નીકળતી તમામ રકમ વસૂલ આવ્યેથી તેમને બરતરફ કરવાનો જે નિર્ણય લેવામાં આવ્યો છે તે પર પુનર્વિચારણા કરીને તેમનું રાજીનામું મંજૂર કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૭. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) પીએચ.ડી. પદવી માટે નીચે જણાવેલા વિદ્યાર્થીઓના મહાનિબંધો સ્વીકૃત ગણ્યાના :

1.	Shri J. S. Joshi	Chemistry	Science	Studies in Corrosion and corrosion inhibition	Dr. M. N. Desai, Uni. School of Sciences, Gujarat University.
2.	Shri S. D. Desai	Education	Arts	The teaching of English as a literary language in the Commerce and Science Faculties of Universities in Gujarat	Dr. C. L. Bhatt, Uni. School of Psy., Edu. & Philosophy, Gujarat University, Ahmedabad–9.
3.	Smt. C. H. Badami	Psychology	Arts	A study of some aspects of motor development among the Pre-School Children	Dr. A. N. Desai, Ikbal Corner, Gulbai Tekra, Ahmedabad–15.
4.	Shri A. S. Maharaj	Chemistry	Science	Basic amides Thiazolidoney & Thiozoliney	Prin. J. J. Trivedi, M. G. Science Institute.

5.	Shri R. R. Shah	—do—	—do—	Studies in Corrosion Inhibitory	Dr. M. N. Desai, Chem. Department, School of Sciences, Gujarat University, Ahmedabad—9.
6.	Shri Y. I. Dixit	Ancient Culture	Arts	A study of the administrative organization and its working in Gujarat from the beginning of the Maitraka period to the end of the Chalukya period.	Dr. H. G. Shastri, Director, Sheth B. J. Inst. of Learning and Research, R. C. Marg, Ahmedabad—9.

(૨) શ્રી પ્રાંતીજ તાલુકા કેળવણી ટ્રસ્ટ સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજનું જોડાણ સદરહુ ટ્રસ્ટના સંચાલક મંડળે સરેન્ડર (પરત) કર્યાનું જણાવ્યું હોઈ સદરહુ કોલેજના વિદ્યાર્થીઓનું શિક્ષણ ચાલુ રાખવા પ્રાંતીજ અધ્યાપક સમાજ, પ્રાંતીજ તરફથી નવી જોડાણઅરજી આવી હોઈ તે વિશિષ્ટ સંજોગોમાં સદરહુ જોડાણઅરજી પર તપાસ-સમિતિ નીમ્યાના;

(૩) સને ૧૯૭૫-૭૬ના વર્ષથી સ્વામિનારાયણ સાયન્સ કોલેજ બંધ થતાં એન. એસ. એસ.નું તે કોલેજના આખા એકમ પૈકીનું અડધું એકમ વીસનગરની શેઠ સી. એન. કોમર્સ કોલેજને અને બાકીનું અડધું એકમ નવી શરૂ થયેલ મણિનગર સાયન્સ કોલેજને આપ્યાના;

(૪) એપ્રિલ ૧૯૭૫માં લેવાયેલ ફાઇનલ એમ.બી.,બી.એસ. પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થી શ્રી. ભજનસિંગને બાકીના ૯ માસની ઇન્ટર્નશિપ ફીજીમાં આવેલ કોલોનિયલ વોર મેમોરિયલ હોસ્પિટલ, સુવામાં કરવાની મંજૂરી આપ્યાના;

(૫) અંગ્રેજીના વર્ગો યોજવા માટે શ્રી. આર. એ. ગુપ્તા, પ્રમુખ, રોટરી ક્લબ ઑફ અમદાવાદ તરફથી રૂ. ૪,૦૦૦ની આર્થિક સહાય સ્વીકાર્યાના;

(૬) કૃષિ અને વૈદકીય વનસ્પતિના સંશોધન અને સંવર્ધન માટે મેસર્સ સંજય નવનીતભાઈ વતીથી તા. ૨૬-૬-૧૯૭૪ના રોજ રૂ. ૨૧,૦૦૦ અને તા. ૩૧-૩-૭૫ના રોજ મેસર્સ અજય નવનીતલાલ વતીથી રૂ. ૨૧,૦૦૦ મળી કુલ રૂ. ૧૦,૦૦૦ યુનિવર્સિટીને આપવામાં આવેલ પ્રદાનની રકમનો સાભાર સ્વીકાર કર્યાના;

(૭) અંગ્રેજીના વર્ગો યોજવા માટે શ્રી અમદાવાદ ગ્રેઈન મરચન્ટ્સ એસોસિયેશન તરફથી રૂ. ૧,૦૦૦ની યુનિવર્સિટીને મળેલ આર્થિક સહાય સ્વીકાર્યાના;

(૮) ડૉ. ધીરુભાઈ ઠાકર અને આચાર્ય રાયજીવાલાને તા. ૨-૯-૧૯૭૫ના રોજ મેાડાસાથી પ્રાંતીજ (પ્રાંતીજ કૉલેજની સ્થાનિક તપાસ માટે) અને પછી પ્રાંતીજથી અમદાવાદ થઈને મેાડાસા (ડૉ. ઠાકરને એક સમિતિની બેઠકમાં હાજરી આપવા માટે અમદાવાદ આવવું આવશ્યક હતું)નું ટૅક્સી ભાડાનું ખર્ચ રૂ. ૨૦૦ (અંકે રૂપિયા બસેા) મંજૂર કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૬૮. ડિસેમ્બર ૨૯થી ૩૧, ૧૯૭૫ના સમય દરમિયાન "ધી ઇન્ડિયન ઇકોનોમેટ્રિક સોસાયટી"નું પમું વાર્ષિક અધિવેશન કલકત્તા મુકામે યેાજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મેાકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સેાસાયટીના આગામી વાર્ષિક અધિવેશનમાં આ યુનિવર્સિટીના કેાઈ પ્રતિનિધિને મેાકલવા નહીં.

૬૯. ઑક્ટોબર ૧૯-૨૦, ૧૯૭૫ના સમય દરમિયાન ગુજરાત રાજ્યશાસ્ત્ર મંડળનું ચેાથું અધિવેશન મહુવા (સૌરાષ્ટ્ર) મુકામે મળનાર છે તેમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મેાકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મંડળના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. એમ. જી. પારેખને મેાકલવા.

૭૦. દિવાળીની રજાઓમાં યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોમાંથી પસંદ કરેલ વિદ્યાર્થિની બહેનેા માટે ઘેાડેસવારી તાલીમ શિબિર યેાજવાનું કુલપતિશ્રીએ મંજૂર કરેલ છે તે માટે રૂ. ૨,૦૦૦નું થનાર ખર્ચ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ ખર્ચ યુવક કલ્યાણ વિભાગના શિબિરેા માટેના અંદાજપત્રમાંથી કરવાનેા રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવેા તથા તે માટે રૂ. ૨,૦૦૦/- સુધીનેા અંદાજી ખર્ચ મંજૂર કરવેા.

૭૦-ક. ઉપર બાબત નં. ૭૦ના સંદર્ભમાં **આગામી દિવાળીની રજાઓ દરમ્યાન વિદ્યાર્થીઓ માટેનેા એક વાચન શિબિર** યેાજવાનેા પ્રસ્તાવ પણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યેા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવેા તથા તે માટે રૂા. ૪.૦૦૦/- સુધીનેા અંદાજી ખર્ચ મંજૂર કરવેા.

૭૧. કુલપતિશ્રીના અંગત સચિવશ્રી બી. એમ. વૈશ્યને તા. ૨-૧૨-૧૯૭૫ના રોજ ૬૨ વર્ષ પૂરાં થતાં હોઈ તેમની નિવૃત્તિ-વયમર્યાદામાં વધારેા કરી આપવા અંગેની તેમની તા. ૬-૯-૧૯૭૫ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મદદનીશ કુલસચિવ તથા કુલપતિશ્રીના અંગત મંત્રી શ્રી. બી. એમ. વૈશ્યને પેાતાની તબીબી તપાસ કરાવવા માટે ડૉ. જ્યેાતીન્દ્ર ભટ્ટનેા સંપર્ક સાધવા જણાવવું તથા તેમનેા રિપેાર્ટ આવ્યેથી આ સભાગૃહ વતી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭૨. સને ૧૯૭૪-૭૫ના વર્ષ માટે "આચાર્ય ડૉ. કે. જી. નાયક સુવર્ણચંદ્રક" (વિજ્ઞાન વિદ્યાશાખા) એનાયત કરવાની બાબતમાં નીચે જણાવેલ નિયમ પ્રમાણે સમિતિ રચવા વિચારણા કરવા બાબત :

Rule

"A Gold Medal names 'Principal Dr. K. G. Naik Gold Medal' of the value of Rs. 190/- shall be awarded annually alternatively by turns in the Faculty of Science and the Faculty of Arts to a person amongst the teachers in affiliated colleges or recognised institutions or in Departments of the Gujarat University whose research work published during the five years preceding the convocation at which the medal is to be awarded is adjusted to be of the highest merit by a special Committee of Experts who have made their marks in their respective fields of work but not necessarily confined to the Gujarat University. The Committee shall be appointed by the Syndicate of the Gujarat University every year and its decision shall be final."

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૭૪-૭૫ના વર્ષ માટે "આચાર્ય ડૉ. કે. જી. નાયક સુવર્ણમંડિત ચન્દ્રક" અંગે નીચે જણાવેલ સભ્યોની પસંદગી સમિતિ નીમવી :

૧. ડૉ. સુરેશ શેઠના
૨. ડૉ. એ. આર. પટેલ
૩. ડૉ. આર. ડી. આડતિયા.

૭૩. રાષ્ટ્રીય સેવા યોજનાના એકમોવાળી નીચેની કૉલેજોના અધ્યાપક-ઇન-ચાર્જ વ્યાયામ શિક્ષક હોવા છતાં તે કૉલેજોના આચાર્યશ્રીઓની આ જ વ્યાયામ શિક્ષકોને એન.એસ.એસ.ના અધ્યાપક-ઇન-ચાર્જ તરીકે ચાલુ રાખવાની ફરી વિનંતી આવી છે તે ઉપર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	વ્યાયામ શિક્ષકનું નામ
૧.	અમદાવાદ કૉમર્સ કૉલેજ	શ્રી. બી. પી. કઠવાડિયા
૨.	અમદાવાદ આર્ટ્સ કૉલેજ	શ્રી. જે. ડી. નાયક
૩.	વિવેકાનંદ કૉમર્સ કૉલેજ	શ્રી. ડી. બી. સોલંકી

(નોંધ.—એકિઝકયુટિવ કાઉન્સિલની તા.૮-૯-૧૯૭૨ની સભાના ઠરાવ નં.૭થી વ્યાયામ શિક્ષકો એન.એસ.એસ.ના અધ્યાપક-ઇન-ચાર્જ તરીકે રહી શકે નહીં તે નિર્ણય કૉલેજોને જણાવતાં ગયે વર્ષે અમદાવાદ કૉમર્સ કૉલેજના આચાર્યશ્રીએ અપીલ કરતાં એકિઝકયુટિવ કાઉન્સિલની તા ૧૨-૧૧-૧૯૭૪ની સભાના ઠરાવ નં. ૭૫થી આ વ્યાયામ શિક્ષકોને ૧૯૭૪-૭૫ના વર્ષ દરમિયાન અપવાદ તરીકે છૂટછાટ છેલ્લી વાર આપવામાં આવી હતી અને જૂન ૧૯૭૫થી યુનિ.નાં ધારાધોરણ પ્રમાણે કોઈ અધ્યાપકની ભલામણ તેઓ કરી શકે તેમ ન હોય તો એન.એસ.એસ.નો તેમની કૉલેજનો સંપર્ક બંધ કરવામાં આવશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એન. એસ. એસ. કેન્દ્રોના અધ્યાપક-ઇન-ચાર્જ તરીકે ઉપર જણાવેલ ત્રણ વ્યાયામ શિક્ષકોની નિમણુકો, તેમની કામગીરીની બાબતમાં આચાર્યશ્રીએ ઠરેલી ભલામણ લક્ષમાં લઈને, અપવાદ તરીકે ગ્રાહ્ય રાખવી.

૭૪. સને ૧૯૭૧-૭૨ના વર્ષના જનરલ હિસાબો અંગે એકઝામિનર, લોકલ ફંડ એકાઉન્ટ્સ, ગુજરાત રાજ્ય, અમદાવાદ તરફથી આવેલ ઓડિટ નોંધ (જનરલ) અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલી સમિતિની તા. ૨૬-૮-૧૯૭૫ની સભાની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની આવક વધારવાની જરૂરિયાત અંગે ઑડિટરોએ કરેલા સૂચન અંગે ઘટતી વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી:

૧. આચાર્ય એમ. સી. શાહ
૨. આચાર્ય દર્શનસિંઘ શીખ
૩. ડૉ. જે. એન. પટેલ
૪. ડૉ. જ્યોતીન્દ્ર ભટ્ટ.

૭૫. બાલાસિનોર કૉલેજના એક વિદ્યાર્થી શ્રી. વિષ્ણુકુમાર જે. પાઠકે સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૫૫૫-૭૫ અને ૫૫૪-૭૫થી ગુજરાત હાઈ કોર્ટમાં કરેલ રિટ અરજી અંગે યુનિવર્સિટી તરફથી એડવોકેટ તરીકે શ્રી. સુરેશભાઈ શેલતને રોકવાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત તથા તે અંગે થયેલ ખર્ચ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી તથા તે અંગે જરૂરી ખર્ચ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭૬. ડૉ. એસ. સી. લખોટિયા, ડિપાર્ટમેન્ટ ઑફ઼ ઝૂલોજીએ તૈયાર કરેલ રિસર્ચ પ્રોજેક્ટ "Regulation of Puffing and Gene activity in the Polytene cells of Drosophila" ને મંજૂરી આપતા યુનિ. ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીના તા. ૯-૯-૧૯૭૫ના પત્રાંક એફ઼. ૨૩-૨૦૭-૭૫ (SR-II)ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી તથા તે અંગે જરૂરી પગલાં લેવા માટે ડૉ. એસ. સી. લખોટિયાને જણાવવું.

૭૭. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ બજાવેલ ગેરવાજબી કલાજો અંગેના તેમ જ પ્રાશ્નિક-પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોની હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા ૧૯૭૫ના વર્ષ માટે પરીક્ષાશુદ્ધિ-સમિતિની તા. ૨૭-૮-૧૯૭૫ અને તા. ૧૧-૯-૧૯૭૫ના રોજ મળેલ સભાઓની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૭-૮-૧૯૭૫ અને તા. ૧૧-૯-૧૯૭૫ના રોજ મળેલી સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી તા. ૨૭-૮-૧૯૭૫ અને તા. ૧૧-૯-૧૯૭૫ની સભાની ભલામણોની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૭૮. શ્રી. બાબુભાઈ જ. પટેલે ગ્રામવિસ્તારના સંચાલકમંડળમાંથી ચૂંટાયેલા યુનિ. કોર્ટના સભ્યપદેથી આપેલું રાજીનામું મંજૂર થતાં તેમની ખાલી પડેલી જગા માટે પેટા-ચૂંટણી યોજવાની થાય છે તે માટે ચૂંટણી મથકો રાખવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પેટાચૂંટણી માટે નીચે મુજબ મતદાન કેન્દ્રો રાખવાં :

૧. અમદાવાદ
૨. મહેસાણા
૩. ગોધરા
૪. નડિયાદ
૫. ભૂજ
૬. ડભોઈ
૭. હિંમતનગર

૭૯. શ્રી. લાલભાઈ ફલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદનાં ગ્રંથપાલ શ્રીમતી જ્યોત્સ્ના જોષીએ ગુજરાતની વડી અદાલતમાં સ્પે. સિ. એ. નં. ૬૩૮ થી ગુજરાત યુનિવર્સિટી વિરુદ્ધ કરેલ રિટ અરજીના અનુસંધાનમાં યુનિવર્સિટી તરફથી શ્રી. સુરેશભાઈ શેલતને રોકવાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત તથા તે અંગેનું ખર્ચ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિના સદરહુ કાર્યની નોંધ લેવી તથા તે અંગે જરૂરી ખર્ચ મંજૂર કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮૦. ખેતી અને સંશોધન અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૧-૭-૧૯૭૫ની સભામાં નીમેલી સમિતિની તા. ૩-૯-૧૯૭૫ની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૩-૯-૧૯૭૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિએ સૂચવ્યા મુજબ સંશોધન કેન્દ્રો સ્થાપવા માટે જરૂરી કાર્યવાહી કરવા માટે યુનિવર્સિટી કાર્યાલયને જણાવવું.

(સદરહુ સમિતિની તા. ૩-૯-૧૯૭૫ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ફ" તરીકે સામેલ છે.)

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૮૧. શાળા-કૉલેજોના વિદ્યાર્થીઓ માટે ઉપયોગી નીવડે તે દૃષ્ટિએ અંગ્રેજી-ગુજરાતી શબ્દકોશ તૈયાર કરાવીને પ્રસિદ્ધ કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ શબ્દકોશ શ્રી. પાંડુરંગ દેશપાંડે પાસે તૈયાર કરાવવો અને તે માટે રૂ. ૧૦,૦૦૦/- (અંકે રૂપિયા પચાસ હજાર) સુધીનું ખર્ચ મંજૂર કરવું તથા તે માટે જરૂરી કાર્યવાહી કરવા માટે યુનિવર્સિટીના પ્રકાશન વિભાગને જણાવવું.

૮૨. ચાલુ વર્ષ દરમિયાન પ્રથમ સત્રની કસોટી પરીક્ષા દિવાળીની રજાઓ પછી લેવા મંજૂરી આપવા અંગે કેટલીક કૉલેજોની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આવા કેસોના ગુણદોષ લક્ષમાં લઈને તે અંગે જરૂરી જણાય તો માંગેલી પરવાનગી આપવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

તે પછી લેનીનગ્રાડ ખાતે તાજેતરમાં મળેલ ઈન્ટરનેશનલ બોટાનિકલ કૉંગ્રેસ તરફથી ઉત્કૃષ્ટ સંશોધનકાર્ય માટે યુનિવર્સિટીના વનસ્પતિવિજ્ઞાનના માનાર્હ પ્રાધ્યાપક ડૉ. જે. જે. ચિનોયને સુવર્ણ-ચંદ્રક એનાયત કરવામાં આવ્યો છે, તેની કુલપતિશ્રીએ સભ્યોને જાણ કરી.

તે પછી સભાગૃહે આનંદની લાગણી વ્યક્ત કરી, અને ડૉ. ચિનોયને અભિનંદન આપ્યા.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એકિઝ. કાઉ. / ૩૫૫૪૭ / ૧૯૭૫.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦૦૦૯,
સપ્ટેંબર ૩૦, ૧૯૭૫.

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ફ"
કામકાજ ક્રમાંક ૮૦

ખેતી અને સંશોધન અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૧-૭-૧૯૭૫ની સભામાં નીમેલ સલાહકાર સમિતિની એક સભા તા. ૩-૯-૧૯૭૫ ને બુધવારના રોજ બપોરના ૧૨-૩૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. ઈશ્વરભાઈ પટેલ, કુલપતિ	હાજર
૨. ડૉ. બિહારીલાલ કનૈયાલાલ	ગેરહાજર
૩. ડૉ. જે. જે. ચિનોય	હાજર
૪. ડૉ. સી. કે. શાહ	હાજર
૫. ડૉ. એમ. એન. દેસાઈ	હાજર.

ખાસ આમંત્રણથી ડૉ. સી. જી. ખત્રી હાજર રહ્યા હતા.

સભાનું પ્રમુખસ્થાન શ્રી. ઈશ્વરભાઈ પટેલે સંભાળ્યું હતું.

કુલપતિશ્રીએ ખેતી અને સંશોધન અંગે મે. સંજય નવનીતલાલ તથા અજય નવનીતલાલ વતી શ્રીઃ નવનીતલાલ વી. ચોકસી તરફથી યુનિવર્સિટીને પહેલાં રૂા. ૫૦,૦૦૦ના દાનની માહિતી આપવામાં આવી હતી, તથા સિમ્કો સાથેના મેડિસિનના પ્લાન્ટ્સ અંગે પત્રવ્યવહારની સભ્યોને જાણ કરી હતી. વધુમાં તેઓએ જણાવેલ કે સિમ્કોના લખનૌ કેન્દ્રથી શ્રી. દુલાન કેટલાક વૈદકીય છોડ લઈને તા. ૫-૯-૧૯૭૫ના રોજ સાંજના આવે છે.

ત્યાર બાદ આ અંગે લંબાણપૂર્વક વિચારણા કરવામાં આવી અને ઠરાવવામાં આવ્યું કે,

(૧) વૈદકીય વનસ્પતિ અને ખેતી સંશોધન અને સંવર્ધન કેન્દ્ર યુનિવર્સિટીમાં શરૂ કરવું.

(૨) ગુજરાતમાં સામાન્ય રીતે ઉગાડવામાં આવતા મુખ્ય પાક જેવા કે, જીરું, ઈસબગુલ, ધઉં, જુવાર, દિવેલ, ડાંગર, રાયડાની ખેતી સુધારેલી બી ઉત્પાદન અને સંશોધન કરવાનું રાખવું. વધુમાં વૈદકીય ઔષધિના નીચેના છોડ પણ વાવવા :

(૧) પામ રોઝા (૨) સેન્ટ્રોનીલા (૩) લીલિયાનું ઘાસ
(૪) સર્પગંધા (૫) ચિકોરી (૬) બારમાસી વગેરે.

(૩) ખેતીના કામકાજ માટે રોજના દૈનિક રૂ. ૫-૦૦ના દરે જરૂરી મજૂરો રાખવા તથા દૈનિક રૂ. -૦૦ના દરે એક ચોકીદાર રાખવા તથા જરૂરી ખાતરો, ભાડેથી ટ્રેકટર રાખવા, જરૂરી બિયારણ ખરીદવા તથા તે અંગેનો આનુષંગિક ખર્ચ કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

(૪) જે જે પાકોનું વાવેતર થાય તે દરેક પાક માટે બોટેની વિભાગના એક વિદ્યાર્થીને ચાર્જમાં મૂકવા અને બોટાનિકલ ગાર્ડનમાં પણ તે પાકનું પ્રયોગાત્મક વાવેતર કરવું.

(૫) યુનિવર્સિટીની જમીનને સમકક્ષ લેવલિંગ કરવા માટે જરૂરી બુલડોઝર રાજ્ય સરકાર પાસેથી ભાડે મંગાવવા કુલપતિશ્રીને સત્તા આપવી.

(૬) ગયા ઉનાળા દરમિયાન ભાલનળકાંઠા સમાજ તરફથી યુનિવર્સિટીની જમીનમાં ઘાસચારો ઉગાડવામાં આવેલો તેના ચાર્જમાં શ્રી. ઝીણાભાઈ હતા તો તેઓ જો આવવા તૈયાર હોય તો દૈનિક રૂ. ૧૦-૦૦ના દરે કામચલાઉ ધોરણે તેઓને નીમવા કુલપતિશ્રીને સત્તા આપવી. વધુમાં તેઓને યુનિવર્સિટી કૅમ્પસ પર રહેવાની સગવડ વિના મૂલ્યે કરી આપવી.

(૭) વધુમાં ઉપરના કામકાજનું રોજબરોજનું ધ્યાન ને વહીવટ રાખવાનું વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ શ્રી સી. જી. ખત્રી તથા ડેવલપમેન્ટ ઑફિસર શ્રી. ભૂપેન્દ્રભાઈ પટેલને સોંપવું. જરૂર પડ્યે ખેતીના અનુભવી મિત્રોની સલાહ લેવી ને સંપર્ક સાધવો.

ત્યાર બાદ સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

પી. ડી. મિસ્ત્રી
કુલસચિવ વતી.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલની ઑકટોબર માસની સભા, શનિવાર, તા. ૧૮-૧૦-૧૯૭૫ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જેહાભાઈ પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૮-૧૦-૧૯૭૫
૧.	શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ, કુલપતિ	હાજર
૨.	શ્રી. કે. રામમૂર્થિ, શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩.	આચાર્ય એમ. એસ. પંડિત	હાજર
૪.	શ્રી. પ્રફુલ્લચંદ્ર ચંદુલાલ શાહ	હાજર
૫.	શ્રી. નવીનચંદ્ર મોતીલાલ બારોટ	ગેરહાજર
૬.	ડૉ. જ્યોતીન્દ્ર લક્ષ્મીશંકર ભટ્ટ	હાજર
૭.	પ્રો. અનંતરાય મણિશંકર રાવળ	હાજર
૮.	ડૉ. વિનોદકાન્ત ચૂનીલાલ શાહ	હાજર
૯.	આચાર્ય દર્શનસિંઘ મુસ્તાકસિંઘ શીખ	ગેરહાજર
૧૦.	આચાર્ય ડૉ. ધીરુભાઈ પ્રેમશંકર ઠાકર	હાજર
૧૧.	આચાર્ય ડૉ. હર્ષદભાઈ મોતીભાઈ દેસાઈ	હાજર
૧૨.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૧૩.	શ્રી. ગુલાબભાઈ રતનજી દેસાઈ	હાજર
૧૪.	ડૉ. જશવંતલાલ નાનાલાલ પટેલ	ગેરહાજર
૧૫.	પ્રો. દેવવ્રત નાનુભાઈ પાઠક	હાજર
૧૬.	ડૉ. અંબાશંકર એસ. નાગર	હાજર
૧૭.	ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહ	ગેરહાજર
૧૮.	શ્રી. મણિભાઈ ગોરધનભાઈ બ્રહ્મભટ્ટ	ગેરહાજર
૧૯.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર.

૧. તા. ૧૩-૯-૧૯૭૫ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા, ૧૩-૯-૧૯૭૫ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી કાર્યાલય, ભવન અને આરોગ્યકેન્દ્રમાં કામ કરતા નીચેના કર્મચારીઓને તેઓનાં નામ સામે બતાવેલ તારીખે એક વર્ષનો અજમાયશી સમય પૂરો થતો હોઈ તેઓને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	હાલ કયાં કામ કરે છે	અજમાયશી સમય પૂરો થયા તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. એન. સી. ચૌહાણ	કલાર્ક-ટાઇપિસ્ટ	સ્પેસ સેન્ટર	૧૩-૧૨-૧૯૭૫	૧૪-૧૨-૧૯૭૫
૨.	શ્રી. ખી. એમ. કનોજા	,,	એન.એસ.એસ. વિભાગ	૧૭-૧૨-૧૯૭૫	૧૮-૧૨-૧૯૭૫
૩.	શ્રી. મોહનજી ભઈજી મકવાણા	સફાઈ કામદાર	આરોગ્યકેન્દ્ર	૨૬-૧૨-૧૯૭૫	૨૭-૧૨-૧૯૭૫
૪.	શ્રી. પોપટ મગન	,,	કાર્યાલય	૨૬-૧૨-૧૯૭૫	૨૭-૧૨-૧૯૭૫

ઉપરના સભ્યો પૈકી નં. ૧, ૨ અને ૪ની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે—

(૧) નં. ૧ અને ૨ને તેમના નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા અને નં. ૪ના પ્રોબેશનનો સમય વધુ એક વર્ષ માટે લંબાવવો તથા આ લંબાવેલા સમય દરમિયાન તેમનાં કામકાજથી કાર્યાલયને સંતોષ નહીં થાય તો તેમને ફારેગ કરવાની ફરજ પડશે તેમ તેમને જણાવવું

(૨) નં. ૩ને કાયમ કરવા અંગેની બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩. ભાષા-સાહિત્ય ભવનના પર્શિયનના પ્રોફેસર ડૉ. સી. આર. નાયકને તા. ૧૭-૭-૧૯૭૫ના રોજ ૬૪ વર્ષ પૂરાં થતાં હોઈ એકિઝકયુટિવ કાઉન્સિલના તા. ૧૨-૪-૧૯૭૫ના ઠરાવ અનુસાર છ માસ માટે સેવાનો સમય લંબાવવામાં આવેલો જે તા. ૧૮-૧-૧૯૭૬ના રોજ પૂરો થતાં તેમની નિવૃત્તિ વયમર્યાદા લંબાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. સી. આર. નાયકને પોતાની તબીબી તપાસ માટે ડૉ. જે. એન, પટેલનો સંપર્ક સાધવા જણાવવું અને ડૉ. પટેલનો અહેવાલ આવ્યેથી ડૉ. સી. આર. નાયકની સેવાનો સમય લંબાવી આપવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪. ડિસેમ્બર ૧૨થી ૧૪, ૧૯૭૫ના સમય દરમિયાન The Indian Society of International Law and the Indian Academy of International Law and Diplomacyનું બારમું વાર્ષિક અધિવેશન ન્યૂ દિલ્હી મુકામે યોજનાર છે. તો તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી વાર્ષિક અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઇ પ્રતિનિધિને મોકલવા નહીં.

૫. ડિસેમ્બર ૧૨થી ૧૬, ૧૯૭૫ના સમય દરમિયાન Indian Committee for the International Water Resources Associationના ઉપક્રમે ન્યૂ દિલ્હી મુકામે Water Resources પર Second World Congress યોજેલ છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઍસોસિયેશને યોજેલ સેકન્ડ વર્લ્ડ કોંગ્રેસમાં આ યુનિવર્સિટીના કોઇ પ્રતિનિધિ મોકલવા નહીં.

૬. ડિસેમ્બર ૨૮, ૧૯૭૫થી જાન્યુઆરી ૩, ૧૯૭૬ના સમય દરમિયાન Indian Philosophical Congress ૬૦ વર્ષ પૂરાં કરતી હોવાથી ન્યૂ દિલ્હી મુકામે World Philosophy Conference યોજે છે તો તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત તેમ જ અધિવેશનની સફળતા માટે આર્થિક સહાય માટેની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કોંગ્રેસના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઇ પ્રતિનિધિને મોકલવા નહિ.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ અધિવેશન માટે આ યુનિવર્સિટી તરફથી આર્થિક સહાય આપવાનું શકય નથી એમ તેના પુરસ્કર્તાઓને જણાવવું.

૭. ડિસેમ્બર ૪થી ૬, ૧૯૭૫ના સમય દરમિયાન ભારત સરકારના અણુ વિભાગ તરફથી સારાભાઈ રિસર્ચ સેન્ટર, વડોદરા મુકામે Mutagenicity carcinogenicity and Teratogenicity of chemicals પર પરિસંવાદ યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે ડૉ. વી. સી. શાહે સભાગૃહને જણ કરી કે તેઓને સદરહુ પરિસંવાદમાં ભાગ લેવા માટે નિમંત્રણ મળેલ છે.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના કોઇ પ્રતિનિધિને મોકલવા નહીં.

૮. ડિસેમ્બર ૨૭થી ૨૯, ૧૯૭૫ના સમય દરમિયાન All India Law Teachers Associationનું ૧૫મું વાર્ષિક અધિવેશન સૌરાષ્ટ્ર યુનિવર્શિટીના ઉપક્રમે રાજકોટ મુકામે

યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે તેમ જ અધિવેશનની સફળતા માટે આર્થિક સહાય કરવા માટેની સદરહુ યુનિવર્સિટીના કુલસચિવશ્રીની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી વાર્ષિક અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય શ્રી. મનુભાઈ પંચોલીને મોકલવા.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ એસોસિયેશન માટે આ યુનિવર્સિટી તરફથી આર્થિક સહાય આપવાનું શકય નથી એમ તેના પુરસ્કર્તાઓને જણાવવું.

૯. હરિૐ આશ્રમ પ્રેરિત શ્રી. ગોકુલદાસ બાભ્રુભોડાઈ ભૌતિકવિદ્યા સંશોધન એવોર્ડ માટે એ.કા.ની તા. ૮-૩-૧૯૭૫ની સભામાં નીચેની નિષ્ણાત સમિતિ નક્કી કરવામાં આવેલી છે જે પૈકી કેમિસ્ટ્રીની પેનલના ડૉ. આર. ડી. પટેલ અને ફિઝિકસ પેનલના ડૉ. એ. આર. પટેલ એવોર્ડ માટેના ઉમેદવાર હોવાથી તેઓ પ્રત્યેકની જગ્યાએ અન્ય સભ્યની નિમણૂક કરવા માટે વિચારણા કરવા બાબત :

કેમિસ્ટ્રી : ૧. ડૉ. સુખદેવ
૨. ડૉ. સુરેશ શેઠના
૩. ડૉ. આર. ડી. પટેલ
૪. ડૉ. ડી. જે. મહેતા.

ફિઝિકસ : ૧. ડૉ. કે. રામનાથન
૨. ડૉ. દેવેન્દ્રલાલ
૩. ડૉ. એ. આર પટેલ
૪. શ્રી. યશપાલ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પેનલો પર ડૉ. આર. ડી. પટેલની જગ્યાએ ડૉ. પી. સી. મહેતાને નીમવા તથા ડૉ. એ. આર. પટેલની જગ્યાએ ડૉ. એન. એસ. પંડયાને નીમવા.

૧૦. સને ૧૯૭૪-૭૫ના વર્ષ માટે ચૂંટાયેલા બોર્ડ ઑફ એકાઉન્ટસના સભ્ય શ્રી. હરિયંત ચંપકલાલ શેલત હવે કોર્ટના સભ્ય તરીકે ફારેગ થતા હોઈ તેમની જગ્યાએ સ્ટે. ૧૨૯(સી) પ્રમાણે એક્ઝિકયુટિવ કાઉન્સિલના સભ્ય ન હોય તેવા કોર્ટના સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ. — શ્રી. હરિયંત ચંપકલાલ શેલત ઉપરાંત આચાર્ય છોટાલાલ છગનલાલ ત્રિવેદી અને પ્રિયવદન રતિલાલ શાહ બોર્ડ ઑફ એકાઉન્ટસના સભ્ય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડના સભ્ય તરીકે શ્રી. હરિયંત ચંપકલાલ શેલતને નીમવા.

૧૧. ડીસા નગરપંચાયત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા તરફથી જૂન ૧૯૭૬થી પ્રથમ વર્ષ બી.એ.માં સંસ્કૃત મુખ્ય વિષય તરીકે તેમ જ અંગ્રેજી અને સમાજશાસ્ત્ર ગૌણ વિષય તરીકે અને પ્રથમ વર્ષ બી.કોમ.માં બેંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ અંગેની અરજી ઉપર ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૧) અને ઓ. ૧૨૦ અન્વયે વિચારણા કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને કુલપતિશ્રીએ ભલામણ કરેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કોલેજે ઉપરના વિષયો માટે અગાઉ અરજી કરી હતી, પરંતુ તે ચાલુ કરી શકયા ન હતા તે હકીકત ધ્યાનમાં લઈને કુલપતિશ્રીની ઉપરની ભલામણ સ્વીકારવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ જોડાણ અરજીની બાબતમાં નીચેના સભ્યોની બનેલી સ્થાનિક તપાસ સમિતિ નીમવી :

૧. આચાર્ય નટવરલાલ યાજ્ઞિક

૨. આચાર્ય વાસુદેવ ભટ્ટ

૧૨. અટિરાના કર્મચારીઓને શારીરિક તપાસ માટે યુનિવર્સિટીના આરોગ્ય-કેન્દ્રની સગવડ જરૂરી ફી લઈ આપવા માટેની તેમના તા. ૩-૯-૧૯૭૫ના પત્રથી આવેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અટિરાના નવા નિમાતા કર્મચારીઓની શારીરિક તપાસ માટે યુનિવર્સિટીના આરોગ્ય કેન્દ્રમાં શ્રી. રેસિડેન્ટ મેડિકલ ઑફિસરની સેવાઓ આપવી અને તે માટે પ્રત્યેક કર્મચારી દીઠ રૂ. ૧૦/-નું ફીનું ધોરણ નિયત કરવું.

૧૩. શિડ્યૂલ્ડ કાસ્ટ અને શિડ્યૂલ્ડ ટ્રાઇબ્સ માટે શૈક્ષણિક જગ્યાઓ અનામત રાખવા અંગેના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના પત્રાંક એફ ૧-૪-૭૫(સીપી), તા. ૨૬-૮-૧૯૭૫ અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.** — આ અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૧-૧૨-૧૯૭૦ની સભામાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલના તા. ૧૫-૩-૧૯૫૮ના આ અંગેના નીચેના ઠરાવની નોંધ લીધી હતી :

એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૫-૩-૧૯૫૮ની સભાનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવો પણ લાયકાતનાં નક્કી થયેલાં ધોરણોમાં પછાત વર્ગ માટે કશી છૂટછાટ મૂકવી નહીં. બાકી તેમને પહેલી પસંદગી મળે તે જોવું."]

આથી ઠરાવવામાં આવે છે સદરહુ બાબત અંગે રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓના સંયુક્ત બોર્ડના નિર્ણયની રાહ જોવી.

૧૪. યુનિવર્સિટી કાર્યાલયમાં ટેલિફોન ઓપરેટર તરીકે કામ કરતા શ્રી. એન. એન. ઠક્કરનો કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા દેવા અંગેના એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૩-૯-૧૯૭૫ની સભાના ઠરાવના સંદર્ભમાં શ્રી. ઠક્કર તરફથી આવેલા તા. ૨૯-૯-૧૯૭૫ના ખુલાસા ઉપર વિચારણા કરવા બાબત.

ટેલિફોન ઓપરેટર શ્રી. એન. એન. ઠક્કરનો ખુલાસો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. ઠક્કરને ઍફિશિયન્સી બાર ઓળંગવા માટે હાલ એક વર્ષ માટે મંજૂરી આપવી નહીં.

૧૫. ગુજરાત યુનિવર્સિટી તરફથી અમદાવાદ ખાતે વિદ્યાર્થીઓ માટે દિવાળીની રજાઓમાં વેદઉપનિષદ શિબિર યોજવા માટે તથા તે અંગેનો અંદાજી ખર્ચ રૂ. ૨,૦૦૦ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.** — ગુજરાતી સાહિત્ય શિબિર યોજવા માટે તોલાણી ટ્રસ્ટ (આદિપુર) તરફથી રૂ. ૪,૦૦૦ નું જે દાન મળેલ હતું તેમાંથી સદરહુ શિબિર યોજવાનો ખર્ચ બાદ કરતાં

રૂ. ૨,૦૦૦ ની રકમ બચત ખાતે છે તો તે બચત ઉપરોક્ત "વેદઉપનિષદ શિબિર" માટે ફાળવી શકાશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ શિબિર માટે રૂ. ૨,૦૦૦/- સુધીનો અંદાજી ખર્ચ મંજૂર કરવો તથા તે ખર્ચ તોલાણી ટ્રસ્ટ તરફથી મળેલ પ્રદાન ખાતે પાડવો.

૧૬. કૉમ્પ્યુટર સમિતિની તા. ૧૩/૧૪ સપ્ટેમ્બર ૧૯૭૫ના રોજ મળેલ સભાએ કરેલી ભલામણો પૈકી નં. (૩) અને (૪) ઉપર વિચારણા કરવા બાબત.

(૧) સદરહુ સમિતિની ભલામણ નં. ૩ અંગે ઠરાવવામાં આવ્યું કે સદરહુ અભ્યાસક્રમ માટે મુલાકાતી શિક્ષકોને તાસ દીઠ પુરસ્કારનો દર રૂ. ૨૦/- રાખવો અને વધુમાં તેમને માટે વાહન ભથ્થાનો દર નિયત કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણ નં. ૪ મંજૂર કરવી નહિ.

૧૭. બાંધકામ સમિતિની તા. ૧૮-૯-૧૯૭૫ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૮-૯-૧૯૭૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૮-૯-૧૯૭૫ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૧૮. સી. યુ. શાહ કૉમર્સ કૉલેજના પ્રી-કૉમર્સથી થર્ડ બી.કૉમ. સુધીના વર્ગના ૬ વિદ્યાર્થીઓના આંતરિક ગુણાંકન આચાર્યશ્રીએ મૌખિક કસોટી યોજી મોકલ્યા છે તે અંગે વિચારણા કરવા બાબત.

(દરમિયાન આચાર્યશ્રીએ મોકલેલા આંતરિક ગુણાંકનને લક્ષમાં લઈને આ વિદ્યાર્થીઓનાં પરિણામ જાહેર થયેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે તેનાં તમામ પાસાંને અનુલક્ષીને જરૂરી વિચારણા કરીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલ સભ્યોની સમિતિ નીમવી :

(૧) આચાર્ય એમ. સી. શાહ
(૨) ડૉ. ધીરુભાઈ ઠાકર
(૩) પ્રો. દેવવ્રત પાઠક.

૧૯. ધોળકાની આર. ડી. શાહ આર્ટ્સ એન્ડ વી. ડી. શાહ કોમર્સ કૉલેજે સને ૧૯૭૪-૭૫ના વર્ષ દરમિયાન આંતરિક ગુણાંકન માટે દરેક સત્રની એક લેખે બે કસોટી પરીક્ષાઓ લેવાને બદલે એક જ કસોટી પરીક્ષા લીધી હતી અને તેના આધારે વિદ્યાર્થીઓના આંતરિક ગુણ મૂકીને માર્ચ-એપ્રિલ ૧૯૭૫ની યુનિવર્સિટી પરીક્ષામાં બેસાડ્યા હતા અને તેની યુનિવર્સિટીને જાણ કરી ન હતી તે અંગેના કૉલેજના તા. ૧૯-૯-૧૯૭૫ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત, ઉપર બાબત નં. ૧૮માં જણાવેલ સમિતિની વિચારણા માટે મોકલવી.

૨૦. શેઠ ડી. એન. લૉ કૉલેજ, ભૂજે ૧૯૭૫થી ચાલુ જોડાણ માટે મૂકવામાં આવેલી શરતોનું યથાર્થ પરિપાલન આજદિન સુધી કર્યું ન હોઈ તે અંગે તથા પ્રથમ એલએલ. બી.માં બીજો વર્ગ પરવાનગી લઈ શરૂ કર્યા સિવાય ૧૨૫ તથા વિશિષ્ટ કારણોસર વધુ પાંચ વિદ્યાર્થીઓથી પણ વધુ વિદ્યાર્થીઓને વર્ગ ભરવાની છૂટ આપીને વર્ગ દીઠ વિદ્યાર્થી સંખ્યાનાં યુનિવર્સિટીનાં ધારાધોરણની અવગણના કરી હોઈ તે બાબત પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ. — ચાલુ જોડાણ માટેની શરતો પૈકી પાત્રતા ધરાવતા આચાર્યશ્રી તથા ગ્રંથપાલશ્રીની નિમણૂક કરી નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી જાંચતપાસ કરીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

(૧) ડૉ. વી. સી. શાહ
(૨) આચાર્ય ઘનશ્યામભાઈ પરીખ
(૩) આચાર્ય મનુભાઈ પંચોલી.

૨૧. કૉલેજ ઑફ એજ્યુકેશન, મુન્દ્રામાં યોગ્ય લાયકાત ધરાવતા આચાર્યશ્રીની નિમણૂક કર્યા વગર શિક્ષણકાર્ય ૧૯૭૪ના બીજા સત્રથી કરવામાં આવ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ — હાલમાં કાર્યકારી આચાર્ય તરીકે શ્રી. વી. આર. ઠક્કરની નિમણૂક કરી છે. શ્રી. ઠક્કર પી. જી. ટીચર તરીકે માન્યતા ધરાવતા નથી.)

અને

૨૯. કૉલેજ ઑફ એજ્યુકેશન, મુન્દ્રા (કચ્છ)ને એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૧–૭–૧૯૭૫ની સભાના ઠરાવ અન્વયે તેઓની કૉલેજમાંથી છૂટા કરવામાં આવેલ શ્રી. આર. એમ. ભટ્ટને ચાલુ રાખવામાં આવશે નહિ તો સદરહુ કૉલેજ સામે પરીક્ષાનું કેન્દ્ર બંધ કરવા સહિતનાં શિક્ષાત્મક પગલાં શા માટે લેવાં નહિ તેની કારણદર્શક નોટિસ આપ્યા છતાં શ્રી. આર. એમ. ભટ્ટને સદરહુ કૉલેજે નોકરીમાં પાછા લીધા નહીં હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

બાબત નં. ૨૧ અને ૨૯ની વિચારણા સાથે કરવામાં આવી.

તે પછી તે બેઉ બાબતો અંગે ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતો, ઉપર બાબત નં. ૨૦માં જણાવેલ સમિતિની વિચારણા માટે મોકલવી.

૨૨. ગુજરાત કૉલેજ, અમદાવાદમાં કીટાણુવિજ્ઞાનના શિક્ષણકાર્ય માટે શ્રી. એસ. જી. દેસાઈની મુલાકાતી પ્રાધ્યાપક તરીકે કામચલાઉ સેવાઓ લેવાની પરવાનગી આપવાની સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં કીટાણુવિજ્ઞાનના શિક્ષણકાર્ય માટે ડૉ. એસ. જી. દેસાઈને મુલાકાતી પ્રાધ્યાપક તરીકે નીમવા માટે ફક્ત ચાલુ વર્ષ પૂરતી પરવાનગી આપવી અને સદરહુ

કૉલેજને જણાવવું કે જૂન ૧૯૭૬થી કીટાણુવિજ્ઞાનમાં યોગ્ય લાયકાત ધરાવતા પ્રાધ્યાપકને નીમવામાં આવશે નહીં તો તે વિષયનું શિક્ષણકાર્ય ચાલુ રાખી શકાશે નહીં.

૨૩. ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં અંગ્રેજીના લેક્ચરર તરીકે શ્રી. વી. એમ. જોશી જેઓ ૬૦ વર્ષની ઉંમરે અન્ય કૉલેજ એલ.ડી. આર્ટ્સ કૉલેજમાંથી નિવૃત્ત થયા હતા, તેમની નિમણૂક ગ્રાહ્ય રાખવા માટે ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં અંગ્રેજીના લેક્ચરર તરીકે નિમાયેલ શ્રી. વી. એન. જોશીની નિમણૂક ગ્રાહ્ય રાખવી.

૨૪. તોલાણી કૉલેજ ઑફ કૉમર્સ, આદિપુરના મર્કન્ટાઈલ લૉના વ્યાખ્યાતા શ્રીમતી મોહિની અજવાણીને વ્યાખ્યાતા તરીકેની પાત્રતા માટે ૪ માસનો ખૂટતો વ્યવસાયીક અનુભવ ક્ષમ્ય ગણવા અંગેની સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં મર્કન્ટાઈલ લૉનાં લેક્ચરર શ્રીમતી મોહિની અજવાણીનો ચાર માસનો ખૂટતો વ્યાવસાયિક અનુભવ ક્ષમ્ય ગણવો અને તેમની નિમણૂક ગ્રાહ્ય રાખવી.

૨૫. સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શૈક્ષણિક તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓના પ્રશ્નો અંગ એકિઝકયુટિવ કાઉન્સિલે નિયુક્ત કરેલ સ્થાયી સમિતિની તા. ૧૧–૯–૧૯૭૫ની સભાની નીચેની ભલામણો એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૩–૯–૧૯૭૫ની સભામાં મોકૂફ રાખેલ હતી તે પર વિચારણા કરવા બાબત :

"(૧) કોઈ પણ સંલગ્ન કૉલેજ કે માન્ય સંસ્થાઓમાં ખંડ સમયના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓ રાખવાની જરૂરિયાત ઊભી થાય તો તેવા કર્મચારીને પૂરા સમયના કર્મચારીને મળવાપાત્ર કુલ રકમ (ટોટલ પે પૈકટ) કરતાં અડધા જેટલી લઘુતમ વેતન તરીકે આપવી.

(૨) તેવા કર્મચારીની નોકરીનો સમય પૂર્ણ સમયના કર્મચારી કરતાં અડધા સમયનો રાખવામાં આવે.

(૩) આવી વ્યક્તિની નિમણૂક વધુમાં વધુ બે વર્ષ સુધી કામચલાઉ ધોરણે કરી શકાશે.

(૪) ખંડ સમયના બિનશિક્ષક કર્મચારીઓના રજાઓના તથા સેવાઓના અન્ય નિયમો આ સાથે જોડયા પ્રમાણેના રાખવામાં આવે. સસ્પેન્શન તેમ જ ઑફિશિયેટિંગ અંગેના નિયમો પૂર્ણ સમયના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે જે પ્રમાણે ઘડવામાં આવ્યા છે તે જ નિયમો ખંડ સમયના બિનશિક્ષક કર્મચારીઓને લાગુ પડશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ખંડ સમયના બિનશિક્ષક વર્ગના કર્મચારીને પ્રો. ફંડનો લાભ મળી શકે કે કેમ ? તે બાબતમાં સ્થાયી કાનૂનવિષયક સમિતિનો અભિપ્રાય મેળવવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરની ભલામણો સદરહુ સ્થાયી સમિતિની પુનર્વિચારણા માટે મોકલવી.

૨૬. ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, અમદાવાદ અંગેના દેખભાળ સમિતિના અહેવાલ પરથી સુચિંતિત ભલામણો કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૩-૨-૧૯૭૪ની સભામાં નિયુક્ત કરેલી સમિતિની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી સમિતિ નીમવી :

(૧) આચાર્ય ય. પ્રા. શુક્લ
(૨) આચાર્ય એમ. સી. શાહ
(૩) ડૉ. ધીરુભાઈ ઠાકર
(૪) ડૉ. એમ. એન. દેસાઈ

૨૭. યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોના વહીવટી પ્રશ્નોના સંદર્ભમાં વિચારણા કરવા માટે તા. ૨૬-૯-૧૯૭૫ના રોજ યુનિવર્સિટી ભવનો તથા ગ્રંથાલયશાસ્ત્ર ભવનના અધ્યક્ષોની મળેલ સભાએ કરેલી ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણો પૈકી ભલામણ નં. ૯, ૧૦ અને ૧૫ નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને મંજૂર કરવી :

(૯) પીએચ.ડી.નો અભ્યાસ કરતા વિદ્યાર્થીએ ટ્યૂશન ફી અને ઇતર પ્રકારની ફી ભરી છે કે નહિ તે અંગેની ચોકસાઈ ખાસ રાખવી. વધુમાં પીએચ.ડી.નો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી લાઇબ્રેરીનાં પુસ્તકો તથા ભવનનાં ડિપાર્ટમેન્ટ્સ પરત કર્યાં છે કે કેમ તે અંગેનું પ્રમાણપત્ર, તેનું પરિણામ જાહેર કરતાં પહેલાં, અનુસ્નાતક વિભાગે વિદ્યાર્થીના ગાઈડ, વિભાગના વડા તેમ જ ભવનના અધ્યક્ષશ્રી મારફતે મેળવી લેવાનું રાખવું.

(૧૦) પીએચ.ડી.ના વિદ્યાર્થીનો થિસિસ યુનિવર્સિટી ઉપર સીધો ન મોકલતાં તેઓ જે સંસ્થા મારફતે સંશોધન કામ કરતા હોય તેના સંબંધકર્તા વિભાગના વડા તેમ જ ભવનના અધ્યક્ષશ્રી મારફતે મોકલવાનું રાખવું.

(૧૫) યુનિવર્સિટી તરફથી ભવનોને આપવામાં આવતી રકમો યુનિવર્સિટીમાંથી મેળવ્યા બાદ તે ૧૫ દિવસમાં ચૂકવી દેવી અને જો તે ન ચૂકવાય તો તે રકમો યુનિવર્સિટીમાં જમા કરાવી દેવી. આ અંગે અધ્યક્ષશ્રીએ ખાસ જોવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ભવનોના અધ્યક્ષશ્રીએ કરેલી બાકીની ભલામણો મંજૂર કરવી.

(ભવનોના અધ્યક્ષશ્રીઓની તા. ૧૯-૯-૧૯૭૫ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૨૮. લૉ કૉલેજ, ગોધરામાં આચાર્ય શ્રી. એમ. ડી. માણેક, યુનિવર્સિટીએ નિયત કરેલ નિવૃત્તિ વયમર્યાદા વટાવી ગયા છે, પરંતુ આચાર્ય માટે જરૂરી લાયકાત ધરાવતા અન્ય વ્યક્તિ અપ્રાપ્ય હોવાથી ૧૯૭૫-૭૬ના શૈક્ષણિક વર્ષ પૂરતું શ્રી. એમ. ડી. માણેકની સેવાઓ લેવાનું ચાલુ રાખવાની મંજૂરી આપવા માટેના પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ, ગોધરાના મંત્રીશ્રીના તા. ૨૮-૮-૧૯૭૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૧૨—૧૧--૧૯૭૪ની સભાના બા. ક. ૭૮થી ૧૯૭૪—૭૫ના વર્ષ પૂરતી સેવાઓ લેવાની પરવાનગી આપવામાં આવી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના આચાર્ય તરીકે શ્રી. એમ. ડી. મ.ણેકની નિમણૂક ફક્ત ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી ચાલુ રાખવી અને સદરહુ કૉલેજને જણાવવું કે જૂન ૧૯૭૬થી યોગ્ય લાયકાત ધરાવતા આચાર્યશ્રીની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૨૯. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૨૧ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૩૦. એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૧૨-૪-૧૯૭૫ની સભાના ઠરાવ અનુસાર શ્રી. સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદને તેમના ભૂતપૂર્વ આચાર્ય શ્રી. આર. એચ. ગાંધીને તેમની ગ્રેચ્યુઇટીની રકમ ચૂકવવાનું જણાવ્યા છતાં તેઓને આજ દિન સુધી તે રકમની ચુકવણી કરી નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટીની રકમ ગ્રાન્ટને પાત્ર ગણવા અંગેનો પ્રશ્ન હાલ રાજ્ય સરકારે નીમેલી સમિતિની વિચારણા હેઠળ હોઈ, હાલ સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૧. નેત્રહીન વિદ્યાર્થીઓને સત્ર ફીમાંથી મુક્તિ આપવી કે કેમ તે બાબતમાં એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૭-૬-૧૯૭૫ની સભાના ઠરાવ અન્વયે પુછાવતાં રાજ્ય સરકાર તરફથી નેત્રહીન વિદ્યાર્થીઓને એમ.એસ.સી. પરીક્ષા પછીના શિક્ષણ માટે વાર્ષિક રૂ. ૬,૦૦૦ની સહાય મળી તો તે બાબતના સંદર્ભમાં જરૂરી વિચારણા કરવા બાબત.

એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૭-૬-૧૯૭૫ની સભાનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોમાં કે અનુસ્નાતક કેન્દ્રોમાં ભણતા નેત્રહીન વિદ્યાર્થીઓને જો તેમને રાજ્ય-કેન્દ્ર સરકાર તરફથી ટ્યૂશન ફીની બાબતમાં આર્થિક સહાય મળી શકતી ન હોય તો તેમાંથી મુક્તિ આપવાનું ધોરણ સ્વીકારવું."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં ભણતા નેત્રહીન વિદ્યાર્થીઓને, જો તેમની કે તેમના વાલીની વાર્ષિક આવક રૂ. ૬,૦૦૦થી વધુ હોય નહીં તો તેમને તેમની અર્ધી સત્ર ફી માફ કરવાનું ધોરણ રાખવું અને તે માટે ઑર્ડિ. ૧૨૯-એમાં જરૂરી સુધારો કરવા માટેનો પ્રસ્તાવ આ સભાગૃહ સમક્ષ રજૂ કરવો.

૩૨. સ્ટે. ૧૦૮ હેઠળ સ્ટેટિસ્ટિકસની અભ્યાસસમિતિ વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખા હેઠળ સંયુક્ત રીતે સ્થપાઈ હોવાથી વાણિજ્ય વિદ્યાશાખા હેઠળ સ્થપાયેલી એક્ચ્યુરિયલ સાયન્સ અને સ્ટેટિસ્ટિકસની અભ્યાસસમિતિનું નામ એક્ચ્યુરિયલ સાયન્સ રાખવા અને તે માટે સ્ટે. ૧૦૮માં થતો સુધારો કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૪-૮-૧૯૭૫ની સભાની ભલામણ અનુસાર સ્ટે. ૧૦૮(૪૨)માં દર્શાવેલ અભ્યાસ-સમિતિનું નામાભિધાન નીચે પ્રમાણે રાખવા અંગે વિચારણા કરવા બાબત :

'St. 108(42)....Actuarial Science.'

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૩. યુનિવર્સિટીની રજતજયંતીના કાર્યક્રમને અનુલક્ષીને યુનિવર્સિટી કૅમ્પસને તારની વાડ કરવા માટે રૂ. ૫૦,૦૦૦ના ખર્ચની યોજના સામે ગુજરાત સરકારના શિક્ષણ અને મજૂર ખાતાએ તેમના તા. ૧૮-૯-૧૯૭૫ના પત્રાંક યુ.એસ.જી. ૧૧૭૪-૭૨૮૩-કે.-એચ.પી.થી રૂ. ૨૫,૦૦૦નું અનુદાન મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૩૪. એમ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, મંભાતમાં જોડાયેલા દ્વિતીય વર્ષ ડિપ્લોમા અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૧૩-૯-૧૯૭૫ની સભાના ઠરાવ અન્વયે એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદમાં સમાવી શકવા અંગેની શકયતા તપાસવા માટે લખવામાં આવેલ તે એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદના આચાર્યશ્રીએ તેમના તા. ૧-૧૦-૧૯૭૫ના પત્રથી તે માટે અશક્તિ દર્શાવે છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જે વિદ્યાર્થીઓ ચાલુ વર્ષે ડિપ્લોમાના અભ્યાસ-ક્રમના બીજા વર્ષમાં જોડાયા હોય તેમને, અપવાદ તરીકે, આ યુનિવર્સિટીની પરીક્ષામાં બેસવા માટે પરવાનગી આપવી.

૩૫. વિજ્ઞાન વિદ્યાભવન, બોટાની વિભાગના એમ.એસસી. પાર્ટ ૨ના વિદ્યાર્થીઓ ઑકટોબર ૧૯૭૪માં શૈક્ષણિક અભ્યાસ પ્રવાસમાં ઊટી, મૈસુર, બેંગલોર તથા મુંબઈ, ઑકટોબર ૧૯૭૪ના વેકેશનમાં ગયેલા તે દરમિયાન સ્ટાફ, ટી.એ.ડી.એ ઉપરાંત નીચે પ્રમાણે થયેલ ટેકસી અને બીજા કન્ટિન્જન્સી ખર્ચ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

(૧) પ્લાન્ટ કલેકશન અંગેનું ટેક્ષી ખર્ચ રૂ. ૧૮૫

(૨) ભવનના માલસામાનની હેરફેર માટે ટેક્ષી તથા મજૂરી ખર્ચ રૂ. ૧૭૦-૨૫

(૩) ભોમિયા, બોર્ડિંગ તથા કન્ટિન્જન્ટ ખર્ચ રૂ. ૩૭૧-૨૪.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ખર્ચ મંજૂર રાખવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના વિદ્યાર્થીઓના અભ્યાસપ્રવાસ માટે આર્થિક સહાય અને અન્ય ખર્ચ માટે હાલનાં ધારાધોરણો પર વિચારણા કરીને તેમાં જરૂરી ફેરફાર સૂચવવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

(૧) પ્રો. જે. જે. ચિનોય
(૨) ડૉ. વી. સી. શાહ
(૩) ડૉ. એમ. એન. દેસાઈ
(૪) આચાર્ય એમ. સી. શાહ

૩૬. ભાષા-સાહિત્ય ભવનના ગુજરાતીના પ્રોફેસર શ્રી. એ. એમ. રાવળને તા. ૧-૧-૧૯૭૬ના રોજ ૬૩ વર્ષ પૂરાં થતાં હોઈ તેમની નિવૃત્તિ વયમર્યાદામાં વધારો કરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રો. એ. એમ. રાવળને પોતાની તબીબી તપાસ માટે ડૉ. પી. પી. મહેતાનો સંપર્ક સાધવા જણાવવું અને તે અંગેનો અહેવાલ આવ્યેથી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૭. હરિ ૐ આશ્રમ પ્રેરિત શ્રી. ગોકુલદાસ બાગ્મલરાઈ કુદરતી વિજ્ઞાન સંશોધન એવોર્ડ માટેની નિષ્ણાત સમિતિમાં ટ્રસ્ટના પ્રતિનિધિ તરીકે ડૉ. આર. ડી. દેસાઈ, ડી.એસસી. (લંડન)ની નિમણૂક કરવા હરિ ૐ આશ્રમ, નડિયાદના ટ્રસ્ટીઓ કરેલી વિનંતી અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—અગાઉ તા. ૨૪–૮–૧૯૭૪ની એક્ઝિકયુટિવ કાઉન્સિલની સભામાં પ્રો. અજિતરામ કનકરાય માંકડની નિમણૂકને મુલતવી રાખવામાં આવેલી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર ટ્રસ્ટના પ્રતિનિધિ તરીકે ડૉ. આર. ડી. દેસાઈની નિમણૂક કરવી.

૩૮. ફાઈનાન્સ સમિતિની તા. ૧૬–૧૦–૧૯૭૫ની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૬–૧૦–૧૯૭૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૬–૧૦–૧૯૭૫નાં સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૩૯. યુનિવર્સિટીનાં છાત્રાલયોનાં સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયાની ગુજરાત યુનિવર્સિટી શાખાના એકાઉન્ટમાં લેવડદેવડ (ઑપરેટ) કરવા માટે સંયુક્ત રીતે શ્રી. હિસાબનીશ અથવા શ્રી નાયબ હિસાબનીશ અને શ્રી ચીફ વૉર્ડનને સત્તા આપવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—હાલ શ્રી. હિસાબનીશ અને રેસિડેન્ટ પ્રોફેસરને આ સત્તા આપવામાં આવી છે.

"આથી ઠરાવવામાં આવે છે કે સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયાની ગુજરાત યુનિવર્સિટીની શાખામાં યુનિવર્સિટીનાં છાત્રાલયોના હિસાબમાં લેવડદેવડ (ઑપરેટ) કરવા માટે સંયુક્ત રીતે (૧) શ્રી. હિસાબનીશ અથવા (૨) શ્રી. નાયબ હિસાબનીશ, અને (૨) ચીફ વૉર્ડન અથવા આસિ. વૉર્ડનને સત્તા આપવી.")

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગેનો ઠરાવ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયાની ગુજરાત યુનિવર્સિટીની શાખામાં યુનિવર્સિટીનાં છાત્રાલયોના હિસાબમાં લેવડદેવડ (ઑપરેટ) કરવા માટે સંયુક્ત રીતે (૧) શ્રી હિસાબનીશ અથવા શ્રી. નાયબ હિસાબનીશ અને (૨) ચીફ વૉર્ડન અથવા વૉર્ડનને સત્તા આપવી.

૪૦. યુનિવર્સિટીના "ડી" ટાઈપ સ્ટાફ ક્વાર્ટર્સના કામ અંગે શ્રી. એ. વી. શાહને બદલે અન્ય લવાદની નિમણૂક કરવા વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. એ. વી. શાહે તબિયતના કારણસર આ કામ સ્વીકારવાની ના પાડેલી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે લવાદ તરીકે શ્રી. એ. વી. શાહની જગ્યાએ શ્રી. આર. જી. ભાટિયાને નીમવા.

૪૧. યુનિ. ધારાની કલમ ૩૩-એ (૧) (બી) (૧) અને (૨) અનુસાર સંલગ્ન કોલેજોએ શિક્ષકોની નિમણૂક કરતી વખતે પ્રત્યેક કોલેજની જે તે વરણીસમિતિ પર યુનિ.ના પ્રતિનિધિ હોવા આવશ્યક હતા છતાં પણ નીચેની કોલેજોમાં તેમનાં નામ સામે જણાવેલ વિષય માટે યુનિ.ના પ્રતિનિધિ સિવાય કેટલાક શિક્ષકોની નિમણૂક કરવામાં આવી છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

ક્રમાંક	શિક્ષકનું નામ		વિષય	કોલેજે કરેલો ખુલાસો
૧.	ખેડા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ખેડા	કુ. પી. કે. શાહ	ભૂગોળનાં ખંડ સમયનાં ટ્યૂટર	કુ. શાહની નિમણૂક તા. ૧-૭-૧૯૭૩થી કરવામાં આવી છે અને સમય ઓછો હોવાથી તે વર્ષે વરણીસમિતિ બોલાવી શકયા ન હતા તો તેમની નિમણૂકને માન્યતા આપવી.
૨.	કોમર્સ કોલેજ, મોડાસા	શ્રી. એમ. એસ. પટેલ	કોમર્સ-એકાઉન્ટન્સીના ખંડ સમયના વ્યાખ્યાતા	આ નિમણૂક ૧૯૭૫ના વર્ષમાં કામચલાઉ ધોરણે કરવામાં આવેલ છતાં યુનિ.ની ભલામણથી તેમને પુનઃખંડ સમયના વ્યાખ્યાતા તરીકે લેવામાં આવ્યા છે.
૩	મ્યુનિ. મેડિકલ કોલેજ, અમદાવાદ	ડૉ. આર. આર. શાહ	પ્રિવેન્ટિવ એન્ડ સોશિયલ મેડિસિનના વ્યાખ્યાતા	અગાઉ વરણી સમિતિ પર યુનિ.ના પ્રતિનિધિને બોલાવવામાં આવ્યા નથી પરંતુ હવેથી બોલાવવામાં આવશે. તો આ નિમણૂક માન્ય કરવા સૂચવ્યું છે.

ક્રમાંક	શિક્ષકનું નામ	વિષય	કૉલેજે કરેલો ખુલાસો
૪.	જે. બી. ઠક્કર કૉલેજ, ભૂજ	શ્રી. ડી. એલ. વેગડ	એકાઉન્ટન્સીના ખંડ સમયના પ્રાધ્યાપક	ટર્મની અધવચ્ચે ખાલી પડેલ જગ્યા પર શૈક્ષણિક કાર્ય બંધ ન રહે તેથી આ નિમણૂક કરી છે જે ક્ષમ્ય ગણવા જણાવ્યું છે.
૫.	જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ	શ્રી. એસ. જે. દેસાઈ	રસાયણવિજ્ઞાનના પ્રાધ્યાપક	શ્રી. દેસાઈ નોકરીમાં ચાલુ જ છે અને તેમને બઢતી આપીને પ્રાધ્યાપક તરીકે નિમણૂક કરેલી છે, જેથી આ નિમણૂક નવી ગણી નથી અને વરણીસમિતિ પર પ્રતિનિધિ માગેલ નથી બઢતી નવી નિમણૂક ગણાય તેની નોંધ લીધી છે. અને હવે પછીની નિમણૂક માટે પ્રતિનિધિ બોલાવવામાં આવશે.
૬.	એસ. ટી. ટી. કૉલેજ, ખેડા	કુ. મેડ. એમ. શેખ	શિક્ષણનાં ટ્યૂટર	ગત વર્ષે મોડેથી બીજા સત્રમાં નિમણૂક કરવામાં આવેલી અને ચાલુ વર્ષથી નિમણૂક નિયમસરની કરવામાં આવી છે અને દિલગીરી વ્યક્ત કરી છે.
૭.	,,	શ્રી. આઈ. એમ. વ્યાસ	શિક્ષણના ટ્યૂટર	સદર

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) સદરહુ નિમણૂકો માન્ય કરવી નહિ.

(૨) આ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર વરણીસમિતિઓની રચના (યુનિવર્સિટીના પ્રતિનિધિ સહિત) નવેસરથી કરીને નિમણૂંકો અંગેની જરૂરી કાર્યવાહી ફરીથી કરવા માટે સંબંધકર્તા કૉલેજોને જણાવવું.

૪૨. સંલગ્ન કૉલેજોના શિક્ષકગણના ફેરફાર અંગે નીચે પ્રમાણેની યાદીઓની નોંધ લેવા બાબત :

૧. સંલગ્ન કૉલેજોના માન્ય થયેલા શિક્ષકોની યાદી

૨. સંલગ્ન કૉલેજમાં જે શિક્ષકોની નિમણૂક અમાન્ય કરવામાં આવી છે તે અંગેની યાદી.

૩. અગાઉ માન્ય થયેલા શિક્ષકો જેઓ એક સંલગ્ન કૉલેજમાંથી બીજી સંલગ્ન કૉલેજમાં જોડાયા છે તેની યાદી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યાદીઓની નોંધ લેવી.

(સદરહુ યાદીઓની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે)

૪૩. અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૩૦-૯-૧૯૭૫ અને તા. ૧-૧૦-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"જે વિદ્યાર્થીઓએ ૧૯૭૪-૭૫ અથવા તો તે પહેલાં તૃતીય વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર વિષય રાખી સત્રો ભરેલાં હોય તેમને ૧૯૭૫ ઑકટોબર સિવાયની પરીક્ષા માટે બે વધુ ટ્રાયલો જૂના અભ્યાસક્રમ મુજબ આપવા."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૪. યુનિ. કાર્યાલયમાંના નાયક શ્રી. જે. આર. ચાવડા કાર્યાલયની ટપાલો આપવા જતાં સ્કૂટર પરથી પડી જવાથી તેઓની તા. ૨૩-૫-૧૯૭૫થી તા. ૨૩-૮-૧૯૭૫ સુધી હક-માંદગીની રજાઓ મંજૂર કરેલ તેના સંદર્ભમાં આ સમયને ફરજ-રજા ગણવા અંગે તેમની તા. ૩-૧૦-૧૯૭૫ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જે. આર. ચાવડાને ઉપર મુજબના વિશિષ્ટ સંજોગો જોતાં, અપવાદ તરીકે, તા. ૨૩-૫-૧૯૭૫ થી તા. ૨૩-૮-૧૯૭૫ સુધીની ખાસ રજાઓ પૂરા પગારે મંજૂર કરવી.

૪૫. યુનિવર્સિટી કાર્યાલયના ક્લાર્ક-ટાઈપિસ્ટ શ્રી. જે. પી. ચૌહાણને સ્ટે. ૧૮૮(૨) હેઠળ મકાન રિપેર કરવા માટે તેમના પ્રૉ. ફંડ ખાતેથી રૂ. ૨,૪૦૦ની લોન આપવા અંગે તેમની તા. ૪-૧૦-૧૯૭૫ની અરજી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તા. ૩૧-૩-૧૯૭૫ના રોજ રૂ. ૨,૪૮૮-૪૨ પૈસા પ્રૉ. ફંડ ખાતે જમા છે. તેઓના ખાતે રૂ. ૭૧૫ની પ્રૉ. ફંડ લોન બાકી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જે. પી. ચૌહાણને યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતેથી રૂ. ૨,૪૦૦ની લોન મંજૂર કરવી.

૪૬. "Implementation of Examination Reform Programme" અંગે યુનિ. ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૨૦-૯-૧૯૭૫ના પત્ર નં. F. 4-6/75 (TE/ER)થી

વાર્ષિક રૂ. ૪૫,૦૦૦ પ્રમાણે ત્રણ વર્ષ માટે રૂ. ૧,૩૫,૦૦૦ની રકમ અનુદાન તરીકે મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી અને તે અંગે વર્કશોપ્સનું આયોજન કરવું.

૪૭. સને ૧૯૭૬-૭૭ના વર્ષનું ગુજરાત યુનિવર્સિટીનું અંદાજપત્ર તૈયાર કરવા માટે સમિતિની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૭૬-૭૭ના વર્ષનું અંદાજપત્ર તૈયાર કરવા માટે નીચે જણાવેલા સભ્યોની બનેલી સમિતિ રચવી :

(૧) કુલપતિશ્રી
(૨) આચાર્ય એમ. સી. શાહ
(૩) ડૉ. એમ. એન. દેસાઈ
(૪) ડૉ. બિહારીલાલ કનૈયાલાલ.

૪૮. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) માર્ચ-એપ્રિલ ૧૯૭૫માં લેવાયેલ પ્રથમ બી.એ પરીક્ષામાં છોટાઉદેપુર કેન્દ્રમાંથી બેઠેલ વિદ્યાર્થી નં ૯૩૪૯ હરિજન રતનભાર ભુરકનભાઈ અને બીજા વિદ્યાર્થીઓએ સંયુક્ત રીતે કરેલ સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૫૪૯થી ગુજરાત હાઈકોર્ટમાં કરેલ રિટ અરજી અંગે યુનિવર્સિટી તરફથી એડવોકેટ તરીકે શ્રી. સુરેશભાઈ શેલતને રોકયાના તથા તે અંગે જરૂરી ખર્ચ મંજૂર કરવા બાબત.

(૨) શ્રી. રાજેશ બંસીલાલ શાહ (પ્રથમ બી.કોમ. પરીક્ષા નં. ૬૫૨૩) અને બીજા વિદ્યાર્થીઓએ કરેલ સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૭૫૨-૧૯૭૫થી ગુજરાત હાઈકોર્ટમાં કરેલ રિટ અરજી અંગે યુનિવર્સિટી તરફથી એડવોકેટ તરીકે શ્રી. સુરેશભાઈ સેલતને રોકયાના તથા તે અંગે થયેલ ખર્ચ મંજૂર રાખવા બાબત.

(નોંધ.—કોર્ટે આપેલ વચગાળાનો મનાઈ હુકમ રદ કરવા રજૂઆત કરવામાં આવી હતી. પરંતુ નામદાર કોર્ટે તેમ કરેલ નહિ અને તેની સુનાવણી તા. ૨૧મી જૂન પર મુલતવી રહી હતી, પરંતુ તે વખતે પરીક્ષા પતી ગઈ હોવાથી વિદ્યાર્થીના કેસમાં યુનિવર્સિટી દ્વારા યોગ્ય તપાસ કરી જ્યે તેને માલૂમ પડશે કે વિદ્યાર્થીએ પરીક્ષામાં ગેરરીતિ આચરી છે તો તેને યોગ્ય લાગશે તેવાં પગલાં લેશે તેની રજૂઆત આપણા પક્ષે થતાં રિટ અરજી વાદીએ પાછી ખેંચી હતી.

યુનિવર્સિટી સમક્ષ ત્યાર બાદ વિદ્યાર્થીએ રજૂઆત કરતાં તેને સદરહુ પરીક્ષામાં મેળવેલ ગુણ રદ કરી તેને **નાપાસ** જાહેર કરવામાં આવેલ છે.)

(૩) પી.એચ.ડી. પદવી માટે નીચે જણાવેલા વિદ્યાર્થીઓના મહાનિબંધો સ્વીકૃત ગણ્યાના :

1.	Shri H. C. Shah	Chemistry	Science	Studies in substituted Acridine Derivatives	Dr. G. C. Amin, Arts & Science College Kapadwanj.
2.	Shri M. M. Bemalkhedkar.	Physics	–do–	Studies in Cosmic Rays	Dr. H. Razian attitude, Research Laboratory, Bhabha Atomic Research Centre, Nageem Bag, Srinagar.
3.	Smt. Krishna Majithia	Hindi	Arts	"હિન્દી કે જાસુસી એ તિલસ્મી ઉપન્યાસ"	Dr. G.D. Sharma, Govt. Arts & Com. College, Gandhinagar.
4.	Shri K. J. Dalal	Chemistry	Science	Studies on wild onion polysaccharide	Dr. H. C. Srivastava, Chemistry Division Atira, Ahmedabad–9.
5.	Ku. Maltiben Kaul	Botany	—do—	Inductive effect of Some grown regulators on the biosynthesis of macromolecules in Plant during germination	Dr. J. J. Chinoy, Uni. School of Sciences, Gujarat University, Ahmedabad–9.
6.	Shri P. G. Agnihotri	Chemistry	—do—	Studies in possible Radiation protective compounds	Dr. J. J. Trivedi, M. G. Science Inst., Ahmedabad–9.

(૪) રોટરી કલબ ઑફ અમદાવાદ તરફથી રૂ. ૩,૫૦૦ (અંકે રૂપિયા ત્રણ હજાર પાંચસો ફક્ત) મહિલા સંકલન સમિતિ, અમદાવાદ તરફથી રૂ. ૫૦૧ (અંકે રૂપિયા પાંચસો એક) તથા લાયોનેટ્સ કલબ ઑફ દિગ્વિજયનગર, સાબરમતી, અમદાવાદ તરફથી રૂ. ૫૦૦ (અંકે રૂપિયા પાંચસો) ફક્ત વૃક્ષારોપણ માટે યુનિવર્સિટીને આપવામાં આવેલ પ્રદાનોનાં સાભાર સ્વીકાર કર્યાના.

(૫) શ્રી. એ. આર. શાહ તા. ૧૩-૯-૧૯૭૫ના રોજ વરણી સમિતિની બેઠકમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે હાજરી આપવા નડિયાદ ગયેલ તે પ્રસંગે અમદાવાદમાં સખત વરસાદ હોવાથી તેઓને થયેલ રૂ. ૧૨નો રિક્ષાખર્ચ અપવાદ તરીકે મંજૂર કર્યાના.

(૬) ડ્રેગ ઍનાલિસિસના અભ્યાસક્રમ માટે નીચે મુજબ ફી લેવાનું મંજૂર કર્યાના :

૧લા કોર્સ માટે	**૨જા કોર્સ માટે છ માસના**
રૂ. ૧૦૦ શિક્ષણ ફી	રૂ. ૧૮૦ શિક્ષણ ફી
રૂ. ૧૫ રજિસ્ટ્રેશન ફી	રૂ. ૨૫ રજિસ્ટ્રેશન ફી

(**નોંધ.**—પ્રયોગશાળા માટે રાજ્ય સરકાર તરફથી આર્થિક સહાય મળી છે તે જોતાં કોઈ ફી લેવી નહિ.)

(૭) આંતર-યુનિવર્સિટી ચેસની હરીફાઈઓ આ યુનિવર્સિટીના ઉપક્રમે ઑક્ટોબરના બીજા પખવાડિયામાં યોજવા માટે નિમંત્રણ આપ્યાના અને તે અંગેના રૂ. ૧,૬૦૦ (અંકે રૂપિયા એક હજાર છસો પૂરા) નો અંદાજી ખર્ચ આંતર-યુનિવર્સિટી સ્પર્ધાઓના બજેટમાંથી મંજૂર કર્યાના.

(૮) વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિવિજ્ઞાન વિભાગમાં જીરું અને રાયડો (Cumin and Brassica)ના બીજને પ્રી ટ્રીટમેન્ટ કરવા માટે કિલોગ્રામ દીઠ રૂ. ૧-૧૦નો ચાર્જ ખેડૂતો પાસેથી વસૂલ કરવાનું મંજૂર કર્યાના.

(૯) ૧૯૭૪-૭૫ના વર્ષમાં નીચે જણાવેલો ખર્ચ પાડવા અંગે મંજૂરી આપ્યાના :

કેપિટલ ખર્ચ ખાતેથી	**રકમ**	**નીચેનો આવર્તક ખર્ચ ખાતે પાડવાના**
૧. પાણી પુરવઠા અંગે બોર અને ટાંકી	રૂ. ૩,૨૧,૬૫૯-૬૯	પાણી પુરવઠા ખર્ચ ખાતે
૨. ડ્રેનેજ યોજના	રૂ. ૬૯,૫૨૫-૮૯	મરામત અને જાળવણી ખર્ચ ખાતે
૩. રસ્તા, રોશની વગેરે	રૂ. ૧,૯૦,૩૯૬-૯૬	રસ્તા, બત્તી જાળવણી ખર્ચ ખાતે
૪. વીજળીવિષયક પુરવઠા	રૂ. ૧,૬૨,૯૯૧-૮૬	વીજળી વિષયક ખર્ચ ખાતે

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૪૯. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૧ જુલાઈ ૧૯૭૫ની સભામાં (બાબત ક્રમાંક ૯૭) પ્રભુદાસ ઠક્કર કૉલેજના લગભગ ૧૦૦ વિદ્યાર્થીઓની આંતરિક ગુણાંકન અંગેની માહિતી અંગે તથા તેમની કૉલેજનાં શિક્ષિકાબહેનની નિમણૂક પશ્ચાદ્‌વર્તી માન્ય કરવા અંગે ઊંડી અને સર્વગ્રાહી તપાસ કરીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે નીમેલ આચાર્ય વાય. પી. શુકલ, ડૉ. એમ. એન. દેસાઈ તથા આચાર્ય એમ. સી. શાહની સમિતિના રિપોર્ટ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ રિપોર્ટ સ્વીકારવો અને સદરહુ કૉલેજમાં વિદ્યાર્થીઓની હાજરી, અધ્યાપકોની નિમણૂક અને શિક્ષણકાર્યની બાબતમાં ભારે શિથિલતા અને ગેરનિયમિતતા પ્રવર્તે છે તે જોતાં કૉલેજનું જોડાણ ચાલુ રાખી શકાય એમ નથી, એમ આ સભાગૃહનું દૃઢ મંતવ્ય છે; અને તેથી જૂન ૧૯૭૬થી તે કૉલેજનું જોડાણ ચાલુ રહે નહિ તે માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને રાજ્યના શિક્ષણ ખાતા તરફથી શિક્ષકોની નિમણૂક, વિદ્યાર્થીઓની ફ્રીશિપ, ઇત્યાદિ બાબત અંગે આર્થિક સહાય આપવામાં આવે છે તેના સંદર્ભમાં રાજ્ય સરકાર તે બાબતમાં જરૂરી તપાસ કરી કરાવીને ઘટતાં પગલાં લઈ શકે તે માટે સદરહુ રિપોર્ટ રાજ્ય સરકારના શિક્ષણખાતાને મોકલી આપવો.

૫૦. ધી ઝોનલ સ્પોર્ટ્સ એક્ઝિક્યુટિવ કમિટીની રચના અંગે ઑર્ડિ. ૧૮ હેઠળ કામચલાઉ પ્રોવિઝો ઉમેરવા વિચારણા કરવા બાબત :

"Notwithstanding anything contained above in O. 18, it shall be competent for the respective Zonal Presidents to nominate on the Zonal Sports Executive Committee concerned for the Academic year 1975-76 such number of members not exceeding seven as are not ex-officio members"

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૮ હેઠળ ઉપર મુજબ કામચલાઉ (transitory) પ્રોવિઝો ઉમેરી તે મુજબ સુધારેલો ઑર્ડિ. ૧૮ મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૫૧. બોરસદ સાયન્સ ઍન્ડ લૉ કૉલેજ, બોરસદની કાયદાની વિદ્યાશાખાનું જોડાણ રદ કરવા અંગેના બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના તા. ૭-૯-૧૯૭૫ની સભાના ઠરાવની જાણ કરતા સદરહુ કાઉન્સિલના તા. ૨૯-૧૦-૧૯૭૫ના પત્રાંક બી.સી.આઈ-૧૭૫૩-૧૯૭૫ (એલ.ઈ.) (ડિસ એફ્રિ-એમટીજી) પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજની કાયદા વિદ્યાશાખા, બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાની સૂચના મુજબ, બંધ કરવા માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવી.

૫૨. સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાત અને વી.એસ. લૉ કૉલેજ ઊંઝાનું જોડાણ રદ કરવા અંગેના બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના તા. ૭-૯-૧૯૭૫ની સભાના ઠરાવની જાણ

કરતા સદરહુ કાઉન્સિલના તા ૪-૧૦-૧૯૭૫ના પત્રાંક બી.સી.આઈ.ડી-૧૮૭૨-૭૫-એલ.ઈ. -ડિસએફ. ૫૨ વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બેઉ કૉલેજોનું જોડાણ, બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાની સૂચના મુજબ, બંધ કરવા માટેની જરૂરી કાર્યવાહી હાથ ધરવી.

૫૩. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી મનોવિજ્ઞાનના સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો તૈયાર કરવા માટે તા. ૧૭, ૧૮ અને ૧૯ નવેમ્બરના રોજ વડોદરા મુકામે યોજવામાં આવેલ વર્કશોપમાં ભાગ લેવા માટે યુનિવર્સિટી તરફથી બે કે ત્રણ નામો સૂચવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વર્કશોપમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે નીચેના અધ્યાપકોને મોકલવા :

૧. ડૉ. સી. ટી. ભોપટકર

૨. પ્રો. પી. એચ. રાવળ

૩. પ્રો. કે. કે. મહેતા.

૫૪. યુનિવર્સિટી ભવનોમાં યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ દાખલ થાય ત્યારે અને કર્મચારીઓ રાખવામાં આવે ત્યારે તેઓની પાસેથી કન્ઝ્યુમર્સ કો-ઑપરેટિવ સ્ટોર્સનું સભાસદનું ફૉર્મ ભરાવી પ્રવેશ ફી તથા શૅરફાળાની રકમ વસૂલ લઈ સ્ટોર્સને મોકલી આપવી જોઈએ, અને તેઓને સ્ટોર્સના સભાસદ બનાવવા જોઈએ, તે અંગેના સરકારશ્રીના સૂચન બાબતમાં ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઑ. સ્ટોર્સના ચેરમેન તરફથી આવેલ તા. ૧૦-૧૦-૧૯૭૫ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ યુનિવર્સિટી અને/અથવા કૉલેજના કન્ઝ્યુમર્સ કો-ઑપરેટિવ સ્ટોર્સનું સભ્યપદ સ્વૈચ્છિક રીતે સ્વીકારે તે માટે ઘટતી તજવીજ કરવા માટે આચાર્યો/અધ્યક્ષોને જણાવવું.

૫૫. તા. ૧૩-૮-૧૯૭૫ના રોજ મળેલ યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

"(૧) વધુમાં ઠરાવવામાં આવે છે કે આંતર-યુનિવર્સિટી હરીફાઈઓમાં ભાગ લેવા જતા હરીફો માટે યુનિફૉર્મ, ક્રેસ્ટ, રમતનાં જરૂરી સાધનો, યુનિ. ટીમના ફોટોગ્રાફ્સ પ્રશિક્ષણ વગેરે માટે જરૂરી ખર્ચ કરવું તેમ જ રાજ્ય કક્ષાની આંતરયુનિવર્સિટી સ્પર્ધાઓ અને રાજ્ય કક્ષાની ખુલ્લા વિભાગની સ્પર્ધાઓ લેવા અને કમ્બાઇન્ડ યુનિવર્સિટી ટીમની પસંદગી માટે મુકાબલામાં ભાગ લેવા ખેલાડીઓને મોકલવા વગેરે માટે આંતરયુનિવર્સિટી સ્પર્ધાઓ

અંગે મંજૂર થયેલ રૂ. ૩૦,૦૦૦ (ત્રીસ હજાર) ની રકમમાંથી જરૂરી ખર્ચ કરવાની સત્તા બોર્ડ ઑફ સ્પોર્ટ્સના અધ્યક્ષશ્રી અને મંત્રીને આપવા તથા બન્નેની સહીથી બિલો મંજૂર થયેલાં ગણવા આ બોર્ડ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

(૨) આંતર-વિભાગીય ખેલકૂદ સ્પર્ધાઓ માટે તે અંગેના અંદાજી ખર્ચની રકમમાંથી જરૂરી ખર્ચ કરવાની સત્તા યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સના અધ્યક્ષશ્રી અને મંત્રીને આપવા આ બોર્ડ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની બેઉ ભલામણો મંજૂર કરવી.

૫૬. વનસ્પતિ વિજ્ઞાનના વિભાગના વડા તરીકે હાલ માનાર્હ પ્રાધ્યાપક ડૉ. જે. જે. ચિનોય કામ કરે છે તેમાં કોઈ ફેરફાર કરવો કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં હાલ કશો ફેરફાર કરવો નહીં.

૫૭. ગુજરાત યુનિવર્સિટીની થર્ડ બી.કૉમ.ની પદવી પરીક્ષામાં સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને જો આ યુનિવર્સિટીમાં એમ.કૉમ.ની અનુસ્નાતક પરીક્ષા માટે અભ્યાસ ચાલુ રાખે તેને પ્રતિવર્ષે આશરે રૂ. ૪૭૫ પ્રમાણે બે વર્ષ માટે "સિન્ડિકેટ બૅન્ક ગોલ્ડન જ્યુબિલી શિષ્યવૃત્તિ" એ નામની એક શિષ્યવૃત્તિ બેનાયત કરી શકાય તે માટે સિન્ડિકેટ બૅન્ક, મણિપાલ તરફથી રૂ. ૧૦,૦૦૦નું પ્રદાન સ્વીકારવા માટે તથા તે પ્રદાનની રકમ તેઓની કોઈ પણ શાખામાં ૬૧ માસ માટે ૧૦ ટકાના વ્યાજના દરે ફિકસ્ડ ડિપોઝિટ તરીકે મૂકવા માટે તેઓએ તેમના તા. ૨૨–૯–૧૯૭૫ના પત્રના પ્રસ્તાવ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો; તથા તે પ્રદાનની રકમ સિન્ડિકેટ બૅંકની કોઈ પણ શાખામાં ૬૧ માસ માટે ૧૦% વ્યાજના દરે ફિકસ્ડ ડિપોઝિટ તરીકે મૂકવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૮. યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર સરદાર સ્મારક વાચન કેન્દ્રના ટેન્ડરની ડિપોઝિટ જપ્ત કરવાની બાબતમાં ઍડવોકેટ શ્રી. એસ. એન. શેલત તરફથી આવેલા અભિપ્રાયને અનુલક્ષીને જરૂરી વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઍડવોકેટ શ્રી. એસ. એન. શેલતનો અભિપ્રાય સ્વીકારવો અને શ્રી. કેટરપિલર એન્જિનિયરિંગ કંપનીની ટેન્ડરની ડિપોઝિટ તેમને પાછી આપવી.

૫૯. યુનિવર્સિટી કેમ્પસમાં ઓવર હેડ ટાંકી પાસે ૮"ની સાઇઝનો ટ્યૂબવેલ બનાવવાના કામ અંગે મે. નવીન ટ્યૂબવેલ કં.નું ટેન્ડર મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

(ટ્યૂબવેલ કરવાના રૂ. ૨૩,૫૦૦ હિંદુસ્તાન સ્ટીલ લિ.ની પા૪૫—ની રૂ. ૪૦ ફૂટના)

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૬૦. ઉચ્ચ શિક્ષણના ઉત્કર્ષ માટે તેના અંતર્ગત ભાગ તરીકે વિશ્વવિદ્યાલયોમાં સંશોધન પ્રવૃત્તિઓને સઘન બનાવવા તથા તેને વિકસાવવા માટે પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી તરફથી તેના સપ્ટેમ્બર ૧૯૭૫ના પત્રાંક એફ. ૨૧-૧-૭૫ (એસ.આર. ૨)થી રૂ. ૧,૦૦,૦૦૦ (એક લાખ રૂપિયા પૂરા)ની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે તેની નોંધ લેવા તેમ જ મજકૂર પત્રની સાથે મોકલાવેલ સંશોધન ગ્રાન્ટ માટેની ગાઈડ લાઇન્સની કંડિકા-૨માં જણાવ્યા પ્રમાણે વિજ્ઞાન, હ્યુમેનિટીઝ ઈન્કલ્યુડિંગ સોશિયલ સાયન્સીસ, એન્જિનિયરિંગ વગેરે વિષયોમાં સંશોધન ગ્રાન્ટ માટે આવેલ પ્રસ્તાવો પર વિચારણા કરી પોતાની ભલામણો એક્ઝિકયુટિવ કાઉન્સિલને કરવા માટે સમિતિ કે સમિતિઓની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—સદરહુ કંડિકા ૨નાં પાડ નીચે મુજબ છે :

The University may constitute for this purpose a committee (or committees one each for Science, Humanities and Social Sciences, Engineering subjects etc.) which may include the may Dean of the Faculty concerned and other members. The Committee may consist of the Vice-Chancellor or his nominee, and any other members from various departments as the University may decide, to consider requests from individual teachers for support of their research work. The committee(s) may meet as often as necessary.")

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી અને સંશોધનકાર્ય માટે અધ્યાપકોને આપવામાં આવતી આર્થિક સહાય અંગે આ યુનિવર્સિટીમાં ગ્રાન્ટ્સ યુટિલાઈઝેશન કમિટીની જે વ્યવસ્થા છે તે પર્યાપ્ત ગણવી.

૬૧. નીચે મુજબ પર્યાઓ વાપરવા અંગે મધ્યસ્થ સરકારના શિક્ષણ ખાતાના હિંદી ડિરેક્ટરની ભલામણ પર વિચારણા કરવા બાબત :

૧.	Professor	..	પ્રાચાર્ય પ્રોફેસર
૨.	Reader	..	ઉપાચાર્ય રીડર
૩.	Leacturer	..	પ્રાધ્યાપક લેકચરર
૪.	Finance Officer	..	વિત્તઅધિકારી
૫.	Controller of Examinations	..	પરીક્ષાનિયંત્રક

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૨. ફોરેન યુનિવર્સિટીઝ ઈન્ફર્મેશન બ્યુરો અંગેની સમિતિના એક સભ્ય ડો. પનાલાલ શાહે સમયના અભાવે મજકૂર સમિતિ પર કામ કરવા અશક્તિ દર્શાવેલ

હોઈ તા. ૯-૯-૧૯૭૫ના સમય સુધી કોઈ અન્ય સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બ્યુરો પર ડૉ. પનાલાલ શાહની જગ્યાએ ડૉ. જ્યોતીન્દ્ર ભટ્ટની નિમણૂક કરવી.

૬૩. કુલપતિશ્રીએ ઇલેકિટ્રકલ એન્જિનિયરની જગ્યા માટે નીમેલી વરણીસમિતિની તા. ૧૬-૯-૧૯૭૫ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઇલેકિટ્રકલ એન્જિનિયરિંગની જગ્યા પર શ્રી. જે. સી. પટેલની નિમણૂક રૂ. ૩૬૩-૨૦-૧૨૩-૩૦-૬૪૩ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૩૬૩થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

૬૪. સને ૧૯૭૨-૭૩ના વર્ષના યુનિવર્સિટીના ગ્રાન્ટ્સના વાર્ષિક હિસાબો ગવર્નમેન્ટ ઑડિટરે ઑડિટ કરેલ તે અંગે તેઓના તા. ૨૭-૫-૧૯૭૪થી આવેલ ઑડિટ નોંધના જવાબો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઑડિટ નોંધના જવાબો મંજૂર કરવા.

૬૫. ડિસેમ્બર ૨૫ અને ૨૬, ૧૯૭૫ના સમય દરમ્યાન ઇન્ડિયન એસોસિયેશન ફૉર મેનેજમેન્ટ ડેવલપમેન્ટનું સાતમું વાર્ષિક અધિવેશન પંજાબ યુનિવર્સિટીના ઉપક્રમે ચંદીગઢ મુકામે યોજાનાર છે તેમ જ ડિસેમ્બર તા. ૨૭ના રોજ ઇન્ટર-યુનિવર્સિટી કાઉન્સિલ ફૉર કૉમર્સ એજ્યુકેશન એન્ડ રિસર્ચનું છઠ્ઠું અધિવેશન પણ ચંદીગઢ મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટી પ્રતિનિધિઓ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—પ્રતિનિધિને સદરહુ એસોસિયેશનના સભ્ય થવાનું રહે જેની ફી અનુક્રમે રૂ. ૨૦ અને રૂ. ૨૫ છે. આ ઉપરાંત ડેલિગેટ ફી ભરવાની રહેશે)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૬૬. સને ૧૯૭૪-૭૫ના વર્ષનો રૂપમો વાર્ષિક અહેવાલ તૈયાર કરવા માટે સમિતિની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૪-૭૫ના વર્ષનો વાર્ષિક અહેવાલ તૈયાર કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

(૧) કુલપતિશ્રી
(૨) પ્રો. એ. એમ. રાવળ
(૩) આચાર્ય ધીરુભાઈ ઠાકર
(૪) પ્રો. દેવવ્રત એન. પાઠક
(૫) ડૉ. વી. સી. શાહ.

૬૭. ગુજરાત યુનિવર્સિટી સમાજ વિદ્યાભવનના એમ.એલ. ડબ્લ્યુ.ના વિદ્યાર્થીઓ માટે સ્વ. શ્રી. ચંદ્રપ્રસાદ દેસાઈ ટ્રસ્ટ તરફથી યુનિવર્સિટીને આપવામાં આવેલી રૂ. ૩,૯૯૫ની કિંમતનાં પુસ્તકો નંગ ૪૯ તથા રૂ. ૧,૦૦૦ની રકમના કબાટનો પ્રદાન તરીકે કુલપતિશ્રીએ સાભાર સ્વીકાર કર્યા અંગેના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી તથા સદરહુ પુસ્તકો અને કબાટ સમાજવિદ્યા ભવનના વિભાગીય ગ્રંથાલયમાં રાખવાં.

૬૮. ઑક્ટોબર ૨૬થી ૨૮, ૧૯૭૫ના સમય દરમ્યાન ગુજરાત ગણિત મંડળનું બારમું અધિવેશન રાજકોટ મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મંડળના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નીચેના અધ્યાપકોને મોકલવા :

૧. પ્રો. એચ. એન. રાવળ

૨. આચાર્ય વી. એફ. શાહ,

૬૯. ધી એસોસિયેશન ઑફ સર્જન્સ ઑફ ઈન્ડિયાની તા. ૨૭ થી ૩૦ ડિસેમ્બર ૧૯૭૫ દરમ્યાન અમદાવાદ ખાતે મળનાર ૩૫મી વાર્ષિક કૉન્ફરન્સના આપણે કો–સ્પોન્સર થવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના અમદાવાદ ખાતે મળનાર આગામી અધિવેશન માટે આ યુનિવર્સિટીએ સહપુરસ્કર્તા તરીકે જોડાવું.

૭૦. સંલગ્ન કૉલેજોના શિક્ષકોની સેવાઓની શરતોમાં કાયમી કર્મચારીઓને રવિવાર તથા અન્ય તહેવારની રજાઓ આકસ્મિક રજા સાથે જોડી શકવાની સુવિધા છે, જ્યારે ટેમ્પરરી અને ગ્રાન્ટેશન પરના શિક્ષકોને આવી સુવિધા નથી તેથી તેઓને પણ સુવિધા આપવાનું સૂચવતા ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર અધ્યાપક મંડળના મંત્રીશ્રીના તા. ૨૪-૯-૧૯૭૫ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**--ઉપર નિર્દેશિત સૂચન સ્વીકારીએ તો સંલગ્ન કૉલેજોના શિક્ષકોની સેવાઓના શરતોની કંડિકા ૭(ઈ) સુધારવાની રહે.)

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકોની સેવાઓની શરત નં. ૭ (ઈ) જે એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૨–૪–૧૯૭૫ની સભામાં સુધારવામાં આવી હતી તે નીચે મુજબ વંચાય તે રીતે સુધારવી તથા તેને તા. ૧૫મી જૂન ૧૯૭૬થી અમલમાં મૂકવી :

"**7 (e)** :

A member of the staff, whether full-tlme or part-time, appointed temporarily or on probation shall be entitled to Casual Leave of 12 days in the aggregate in a year, and not for more than 8 days at a stretch, provided that Sundays and public holidays may be

allowed to be enjoyed in conjunction with any spell of Casual Leave whether by prefixing or by suffixing or by both.

Explanation: Any Sunday or public holiday falling within a period of Casual Leave shall not be counted as a part of Casual Leave."

વધુમાં ઠરાવવામાં આવે છે કે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૦-૬-૧૯૭૨ની સભામાં સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના બંડ સમયના શિક્ષકો માટે મંજૂર કરેલી સેવાઓની શરતોની કંડિકા નં. ૭-એ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવી :

"7 (*a*) :

A part-time teacher shall be entitled only to Casual Leave of 7 days in the aggregate in a year but for not more than five days at a time provided that Sundays and public holidays may be allowed to be enjoyed in conjunction with any spell of Casual Leave whether by prefixing or by suffixing or both.

Explanation : Any Sunday or public holiday falling within a period of Casual Leave shall not be counted as a part of Casual Leave."

૭૧. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના સંશોધન અને મહાનિબંધના પ્રકાશન માટેની યોજના અંગેના પત્રાંક એફ ૧૮-૧-૭૫ ડી. ૪-એ, તા. ૪ થી સપ્ટેમ્બર ૧૯૭૫ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના અધ્યાપકોનું સંશોધનકાર્ય પ્રકાશિત કરવા માટે ચોથી પંચવર્ષીય યોજના દરમ્યાન મળેલ રૂ. ૪૦,૦૦૦/-ના અનુદાનની સાભાર નોંધ લેવી તથા તે અંગે જરૂરી કાર્યવાહી અને ખર્ચ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭૨. શ્રી. હરિવલ્લભ કાળિદાસ સેન્ટર ફૉર મૅનેજમેન્ટ ઍન્ડ પ્રોફેશનલ ટ્રેનિંગના મકાન માટેના પ્રદાનના પ્રથમ હપતાના રૂ. ૫૦,૦૦૨ (અંકે પચાસ હજાર પૂરા) શ્રી. અંબિકા મિલ્સ લિ. તરફથી આવ્યા તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૭૩. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના તેમ જ પ્રાશ્નિક, પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા ૧૯૭૫ના વર્ષ માટે પરીક્ષા શુદ્ધિસમિતિની તા. ૨૯-૯-૧૯૭૫ અને તા. ૧૬-૧૦-૧૯૭૫ના રોજ મળેલ સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૯-૯-૧૯૭૫ અને તા. ૧૬-૧૦-૧૯૭૫ની સભાઓની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૯-૯-૧૯૭૫ અને તા. ૧૬-૧૦-૧૯૭૫ની સભાની કાર્યવાહીની નોંધની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૭૪. પરીક્ષા સુધારણા બાબતમાં શ્રી. પરીક્ષા નિયામકનાં કેટલાંક સૂચનો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનો પર વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

(૧) પ્રો. ડી. એન. પાઠક
(૨) પ્રો. અનંતરાય રાવળ
(૩) પ્રો. અંબાશંકર નાગર
(૪) ડૉ. વી. સી. શાહ
(૫) શ્રી. જે. એમ. મહેતા.

૭૫. માર્ચ-એપ્રિલ ૧૯૭૫માં દેવગઢબારિયા કેન્દ્ર ઉપર લેવાયેલ પરીક્ષાઓ પૈકી કેટલીક પરીક્ષાઓમાં સામૂહિક પ્રકારની ગેરરીતિના બનાવો બનતાં કેટલાક વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવાની મનાઈ ફરમાવેલ છે, તથા દેવગઢબારિયાનું કેન્દ્ર રદ કરવામાં આવ્યું છે તે બાબત બારિયા હાયર એજ્યુકેશન સોસાયટી તરફથી નિમાયેલ તપાસસમિતિના હેવાલના સંદર્ભમાં પુનર્વિચારણા કરવા બાબત.

સદરહુ સોસાયટી તરફથી નીમવામાં આવેલી તપાસસમિતિના અહેવાલ ઉપર લંબાણ ચર્ચા-વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ એન્ડ શ્રી. કે. એસ. શાહ કૉમર્સ કૉલેજના આચાર્ય સહિતના નીચેના શિક્ષકો/કર્મચારીઓને તા. ૩૧મી ડિસેમ્બર ૧૯૮૦ સુધી આ યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષાને લગતું કોઈ પણ પ્રકારનું કામકાજ સોંપવું નહિ અને માર્ચ-એપ્રિલ ૧૯૭૫માં લેવામાં આવેલી પરીક્ષાઓમાં તેમણે કરેલ નિરીક્ષણકાર્ય માટેનો તેમને આપવામાં આવેલો પુરસ્કાર પાછો વસૂલ લેવો :

૧. આચાર્ય જી. જે. પંડ્યા
૨. શ્રી. ડી. એલ. પાઠક
૩. શ્રી. આર. સી. જની
૪. શ્રી. એમ. એચ. એસ. શર્મા
૫. શ્રી. એચ. સી. ભટ્ટ
૬. શ્રી. આર. ડી. ટંડેલ
૭. શ્રી. એન. એન. પટેલ
૮. શ્રી. આર. એસ. સોની
૯. શ્રી. બી. એન. દોશી
૧૦. શ્રી. એસ. બી. પટેલ
૧૧. શ્રી. કે. પી. પટેલ
૧૨. શ્રી. પી. કે. રાણા.

(૨) આ સભાગૃહના તા. ૨૧-૭-૧૯૭૫ની સભાના ઠરાવ અન્વયે અગાઉ જે વિદ્યાર્થીઓ સામે શિક્ષાત્મક પગલાં લેવામાં આવ્યાં હતાં તે પર પુનર્વિચારણા કરીને તેમની સામે નીચે મુજબ શિક્ષાત્મક પગલાં લેવાનું રાખવું :

(અ) તા. ૩૧-૭-'૭૫ના જાહેરનામા નં. ૩૮૫થી પ્રી-યુનિ. કૉમર્સના પર વિદ્યાર્થીઓ ક્રમાંક ૨૪થી ૭૫ને આ યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષામાં કે અભ્યાસક્રમમાં

તા. ૧-૬-૧૯૭૬ સુધી પ્રવેશ આપવો નહીં એમ જાહેર કરવામાં આવ્યું હતું તેને બદલે આ પરીક્ષામાં સદરહુ વિદ્યાર્થીઓએ મેળવેલ ગુણ રદ કરી તેઓને નાપાસ જાહેર કરવા.

(બ) તા. ૩૧-૭-૧૯૭૫ના જાહેરનામા નં. ૩૮૬ થી એફ. વાય. કોમર્સના ૨૦ વિદ્યાર્થીઓ ક્રમાંક ૨૧ થી ૪૦ને યુનિવર્સિટીની કોઇ પણ પરીક્ષામાં કે અભ્યાસક્રમમાં તા. ૧-૬-૧૯૭૭ સુધી પ્રવેશ આપવો નહિ એમ જાહેર કરવામાં આવ્યું હતું તેને બદલે તેઓને તા ૧-૬-૧૯૭૬ સુધી આ યુનિવર્સિટીની કોઇ પણ પરીક્ષામાં કે અભ્યાસક્રમમાં પ્રવેશ આપવો નહિ.

(ક) તા. ૩૧-૭-૧૯૭૫ના જાહેરનામા નં. ૩૮૩ થી થર્ડ બી.એ.ના ૧૯ વિદ્યાર્થીઓ ક્રમાંક ૪૪, ૪૫, ૪૫-એ થી ૬૧ને આ યુનિવર્સિટીની કોઇ પણ પરીક્ષામાં કે અભ્યાસક્રમમાં તા. ૩૧-૧૨-૧૯૭૫ સુધી પ્રવેશ આપવો નહિ એમ જાહેર કરવામાં આવ્યું હતું તેને બદલે આ પરીક્ષામાં સદરહુ વિદ્યાર્થીઓએ મેળવેલ ગુણ રદ કરી તેઓને નાપાસ જાહેર કરવા.

(૩) દેવગઢબારિયાને આ યુનિવર્સિટીની પરીક્ષાઓના કેન્દ્ર તરીકે આ સભાગૃહની તા. ૧૬-૮-૧૯૭૫ની સભાના ઠરાવ અન્વયે રદ કરવામાં આવ્યું હતું તે રદ ન કરતાં ચાલુ રાખવું અને સદરહુ કોલેજના સંચાલકમંડળના પ્રતિનિધિઓને તેમની પરીક્ષાઓનું કામ સુવ્યવસ્થિત રીતે ચાલે તે માટે તેમનો સહકાર મેળવીને તેમને તે કામમાં સંયોજિત કરવા.

૭૬. સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે નિમાયેલ સ્થાયી સમિતિની તા. ૧૭-૧૦-૧૯૭૫ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની તા. ૧૭-૧૦-૧૯૭૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૭-૧૦-૧૯૭૫ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૭૭. ઇલેકટ્રોનિક્સ એન્જિનિયરની જગ્યા માટે તા. ૪-૧૦-૧૯૭૫ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં ઇલેકટ્રોનિક્સ એન્જિનિયરની જગ્યા પર નીચેના ઉમેદવારો પૈકી ક્રમાનુવર્તી ધોરણે એકની નિમણૂક રૂ. ૪૦૦-૪૦-૮૦૦-૫૦-૯૫૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૪૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી :

(૧) શ્રી. એમ. એસ. ભટ્ટ
(૨) શ્રી. એ. એસ. ત્રિવેદી.

(સદરહુ વરણીસમિતિની ભલામણની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૭૮. પરીક્ષા નિયામક શ્રી. જે. એમ. મહેતાને તા. ૬-૧-૧૯૭૬ના રોજ ૬૦ વર્ષ પૂરાં થતાં હોઈ તેમની નિવૃત્તિ વયમર્યાદામાં વધારો કરી આપવા અંગેની તેઓની તા. ૧૩-૧૦-૭૫ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સિન્ડિકેટે તેની તા. ૪-૯-૧૯૬૫ની સભામાં નિવૃત્તિ-વયમર્યાદા અંગે નીચે મુજબ ઠરાવ્યું છે :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વહીવટી અને શિક્ષક વર્ગના કર્મચારીઓની નિવૃત્તિ-વયમર્યાદા ૬૦ વર્ષની રાખવી, પણ આ વયમર્યાદા સિન્ડિકેટને યોગ્ય લાગે તે કેસોમાં જરૂરી તબીબી તપાસ કરાવીને પ્રત્યેક વર્ષે એક વર્ષ સુધી એમ ૬૫ વર્ષ સુધી લંબાવી શકાશે. ત્યારબાદ કોઈ પણ સંજોગોમાં યુનિવર્સિટીની સેવાઓમાં રાખી શકાશે નહીં.)

આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષા નિયામક શ્રી. જે. એમ. મહેતાને તેમની તબીબી તપાસ માટે ડૉ. જે. એન. પટેલનો સંપર્ક સાધવા જણાવવું અને તેમની તબીબી તપાસનો અહેવાલ આવ્યેથી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭૯. ફર્સ્ટ બી.એ. પરીક્ષા માર્ચ-એપ્રિલ ૧૯૭૫નાં વિદ્યાર્થિની બેઠક નં. ૮૮૬૪, શોભના વિઠ્ઠલભાઈ પરીખને ફર્સ્ટ બી.એ. પરીક્ષામાં તા. ૧-૬-૧૯૭૫ સુધી આ યુનિ.ની કોઈ પણ પરીક્ષામાં કે અભ્યાસક્રમમાં પ્રવેશ આપવાની મનાઈ તા. ૨૧-૭-૧૯૭૫ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલે ઠરાવેલ છે તે કેસ અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ ઠરાવ સામે કાલોલના મે. સિવિલ જજ સાહેબે મનાઈ હુકમ ફરમાવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કેસમાં યુનિવર્સિટી તરફથી વકીલ રોકવા માટે તથા તે અંગેની કાર્યવાહી અને જરૂરી ખર્ચ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮૦. યુનિવર્સિટીની પડતર જમીનમાં ખેતી સંશોધન કરવા અંગે નીચેના અંદાજ મંજૂર કરવા વિચારણા કરવા બાબત :

		રૂપિયા
૧.	ખેડાણ માટે	૧૫,૦૦૦
૨.	બિયારણ	૫,૦૦૦
૩.	ફર્ટિલાઇઝર તથા જંતુનાશક દવાઓ	૨૫,૦૦૦
૪.	નીંદામણ, લેવલિંગ વગેરે	૫,૦૦૦
૫.	ઓજારો	૫,૦૦૦
૬.	પાણી માટે વીજળી ખર્ચ	૧૦,૦૦૦
૭.	માણસોનો પગાર ખર્ચ	૧૫,૦૦૦
	કુલ ખર્ચ ...	૮૦,૦૦૦

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની પડતર જમીનમાં ખેતી સંશોધન અને વૈદ્યકીય છોડવાઓના ઉછેર માટે ચાલુ વર્ષ દરમિયાન ઉપર મુજબ કુલ રૂપિયા એંશી હજારનો અંદાજી ખર્ચ મંજૂર કરવો.

૮૧. માર્ચ-એપ્રિલ ૧૯૭૫ની પરીક્ષાના વેરિફિકેશનના પાંચ કેસોમાં ગંભીર પ્રકારની ગેરરીતિ થયેલી જણાતાં તે અંગે ઝીણવટભરી તપાસ માટે નિમાયેલી સમિતિના હેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ રિપોર્ટ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી કુલપતિશ્રીએ સદરહુ પાંચ કેસો અંગે તેમાં આચરવામાં આવેલી ગેરરીતિઓ તથા તેની તપાસની કાર્યવાહી અંગે સભાગૃહને વિગતે ખ્યાલ આપ્યો અને સભાગૃહને જણા કરી કે સદરહુ કેસોની બાબતમાં આ સભાગૃહ જરૂરી નિર્ણયો કરે તે દરમ્યાન તે પાંચ વિદ્યાર્થીઓ પૈકી શ્રી. ગિરીશ ગોવિંદભાઈ પટેલની ઓકટોબર ૧૯૭૫થી થર્ડ બી.ફાર્મ.ની પરીક્ષા શરૂ થતી હતી, શ્રી. કિરીટ ગોવિંદભાઈ પટેલની ઑકટોબર ૧૯૭૫થી પ્રી-મેડિકલની પરીક્ષા શરૂ થતી હતી અને શ્રી. પંચાલ હેમત ચંદુલાલની ઑકટોબર ૧૯૭૫થી થર્ડ બી.કૉમ ની પરીક્ષા શરૂ થતી હતી, તે ત્રણે વિદ્યાર્થીઓએ માર્ચ-એપ્રિલ ૧૯૭૫ની પરીક્ષામાં આચરેલી ગેરરીતિ સ્પષ્ટ હતી તે જોતાં તેમનો ઑકટોબર ૧૯૭૫નો પરીક્ષા-પ્રવેશ રદ કરવામાં આવ્યો છે.

તે પછી લંબાણ ચર્ચા-વિચારણાને અંતે સભાગૃહે નીચે મુજબ ઠરાવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) સદરહુ રિપોર્ટ સ્વીકારવો;

(૨) માર્ચ-એપ્રિલ ૧૯૭૫ની પ્રી-મેડિકલની પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થી શ્રી. કિરીટ જી. પટેલની ઑકટોબર ૧૯૭૫ની પ્રી-મેડિકલની પરીક્ષામાં આપેલો પ્રવેશ રદ કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી તથા તે ભાઈને આ યુનિવર્સિટીની કોઈ પરીક્ષા કે અભ્યાસક્રમમાં તા. ૩૧—૧૨—૧૯૮૦ સુધી પ્રવેશ આપવો નહીં;

(૩) એપ્રિલ ૧૯૭૫ની થર્ડ બી.ફાર્મ.ની પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થી શ્રી. ગિરીશ જી. પટેલનો ઑકટોબર ૧૯૭૫ની થર્ડ બી.ફાર્મ.ની પરીક્ષામાં આપેલો પ્રવેશ રદ કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી તથા તે ભાઈને આ યુનિવર્સિટીની કોઈ પરીક્ષા કે અભ્યાસક્રમમાં તા. ૩૧—૧૨—૧૯૭૮ સુધી પ્રવેશ આપવો નહીં;

(૪) માર્ચ-એપ્રિલ ૧૯૭૫ની પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાનની પરીક્ષામાં બેઠેલાં વિદ્યાર્થિની કુ. શોભના ચોકસીને પ્રી-મેડિકલના વર્ગમાંથી બરતરફ કરવા તથા તે બહેનને આ યુનિવર્સિટીની કોઈ પરીક્ષા કે અભ્યાસક્રમમાં તા. ૩૧—૧૨—૧૯૮૦ સુધી પ્રવેશ આપવો નહીં;

(૫) માર્ચ-એપ્રિલ ૧૯૭૫ની થર્ડ બી.કૉમ.ની પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થી શ્રી. હેમંત ચંદુલાલ પંચાલની ઑકટોબર ૧૯૭૫ની પરીક્ષામાં આપેલો પ્રવેશ રદ કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી તથા તે ભાઈને આ યુનિવર્સિટીની કોઈ પરીક્ષા કે અભ્યાસક્રમમાં તા. ૩૧—૧૨—૧૯૮૦ સુધી પ્રવેશ આપવો નહીં;

(૬) માર્ચ-એપ્રિલ ૧૯૭૫ની થર્ડ બી.કૉમ.ની પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થી શ્રી. ગૌતમ આશાભાઈ પટેલને આ યુનિવર્સિટીની કોઈ પરીક્ષા કે અભ્યાસક્રમમાં તા. ૩૧—૧૨—૧૯૮૦ સુધી પ્રવેશ આપવો નહીં.

(૭) માર્ચ-એપ્રિલ ૧૯૭૫ની પ્રી-મેડિકલ પરીક્ષામાં અંગ્રેજીના પરીક્ષક તરીકે નિમાયેલા શ્રી. એ એચ. ડાકરને હવે પછી આ યુનિવર્સિટી તરફથી લેવાનાર કોઈ પણ પરીક્ષા અંગેનું કોઈ પણ પ્રકારનું કામકાજ તા. ૩૧-૧૨-૧૯૮૫ સુધી સોંપવું નહીં;

(૮) અમદાવાદ આર્ટ્સ કોલેજના હેડકલાર્ક શ્રી. એ. એલ. મિસ્ત્રીએ આચરેલી ગેરરીતિની જાણ સદરહુ કોલેજના સંચાલકમંડળને કરવી અને તેમને જણાવવું કે શ્રી. મિસ્ત્રીને છૂટા કરવા માટેની જરૂરી કાર્યવાહી કરવી. વધુમાં, શ્રી. મિસ્ત્રીને આ યુનિવર્સિટીની પરીક્ષાને લગતી કોઈ પણ પ્રકારની કામગીરી સોંપવી નહીં;

(૯) યુનિવર્સિટી કાર્યાલયના જુનિયર કલાર્ક શ્રી. આઇ. સી. શાહને તા. ૧૭-૯-૧૯૭૫થી છૂટા થયેલા ગણવા અને તેમને ગ્રેચ્યુઇટીને પાત્ર ગણવા નહીં અને ગ્રેચ્યુઇટીની રકમ આપવી નહીં.

(સદરહુ રિપોર્ટની નકલ સામેલ કરવામાં આવેલ નથી.)

૮૨. ખેડૂતોની જમીનના બિનક્ષારીકરણના કામ અંગે પરવાનેદાર નીમવા માટે યુનિવર્સિટીએ મંગાવેલ ટેન્ડર બાબતમાં નિર્ણય કરવા માટે યુનિવર્સિટી એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬-૮-૧૯૭૫ની સભામાં નીમેલી સમિતિની તા. ૧૭-૧૦-૧૯૭૫ના રોજ મળેલ સભાની ભલામણ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૭-૧૦-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ મંજૂર કરવી :

'આવેલાં ટેન્ડરો ઉપર સમગ્ર રીતે વિચારણા કર્યા બાદ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે મે. સોઈલ ડિસેલિનેશન સેન્ટર, અમદાવાદનું ટેન્ડર યુનિવર્સિટીની શરતોને આધીન રહીને મંજૂર કરવું.'

૮૩. ગ્રાન્ટ્સ યુટિલાઈઝેશન સમિતિની તા. ૧૫-૧૦-૧૯૭૫ના રોજ મળેલી સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૫-૧૦-૧૯૭૫ની સભાની ભલામણ મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૫-૧૦-૧૯૭૫નો સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૮૪. બાંધકામ સમિતિની તા. ૧૭-૧૦-૧૯૭૫ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૭-૧૦-૧૯૭૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૭-૧૦-૧૯૭૫ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ટ" તરીકે સામેલ છે.)

૮૫. કોમ્પ્યુટર સાયન્સમાં તેના કન્ટિન્જન્સી ખાતામાંથી રૂ. ૨,૦૦૦નાં પુસ્તકો ખરીદવા કુલપતિશ્રીએ મંજૂરી આપતાં ચાલુ વર્ષના ગ્રંથાલયના બજેટમાં રૂ. ૧,૬૦,૦૦૦ને બદલે રૂ. ૧,૬૨,૦૦૦ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ગ્રંથાલયમાં ચાલુ વર્ષના અંદાજપત્રમાં ઉપર મુજબ પુસ્તકો ખરીદવા માટે રૂ. ૨,૦૦૦ વધારાના અંદાજી ખર્ચની જોગવાઈ મંજૂર કરીને કુલ રૂ. ૧,૬૨,૦૦૦ના અંદાજી ખર્ચની જોગવાઈ કરવી.

૮૬. "શ્રીમતી સરસ્વતી જગમોહન પરીખ ચંદ્રક" એનાયત કરવાના પ્રદાનની નીચેની શરતમાં ફેરફાર કરવાનું સૂચવતા દાતા ડૉ. અમરીશ જે. પરીખના તારીખ વગરના પત્ર ઉપર વિચારણા કરવા બાબત :

હાલની શરત

"શ્રીમતી સરસ્વતી જગમોહન પરીખ ચંદ્રક" એ નામનો આશરે રૂ. ૩૪૦ની કિંમતનો એક સુવર્ણમંડિત ચંદ્રક દર વર્ષે આ યુનિવર્સિટી તરફથી વર્ષ દરમ્યાન ઑક્ટોબર અને માર્ચ-એપ્રિલની એમ.એસ. (જનરલ સર્જરી)ની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓ પૈકી જેમણે આ યુનિવર્સિટીની ત્રીજી એમ.બી.બી.એસ.ની પરીક્ષાના "સર્જરી" વિષયમાં સૌથી વધારે ગુણાંક મેળવી પ્રથમ પ્રયત્ને ઉત્તીર્ણ કરી હોય તેને એનાયત કરવામાં આવશે, પરંતુ તેવા વિદ્યાર્થીઓ એક કરતાં વધુ હશે તો તેવા વિદ્યાર્થીઓ પૈકી જેમણે ત્રીજી એમ.બી.બી.એસ.ની પરીક્ષાના તમામ વિષયો ધ્યાનમાં લઈને સૌથી વધુ ગુણાંક મેળવ્યા હશે તે વિદ્યાર્થીને એનાયત કરવામાં આવશે.

સૂચિત શરત

"શ્રીમતી સરસ્વતી જગમોહન પરીખ ચંદ્રક" એ નામનો આશરે રૂ. ૩૪૦ની કિંમતનો એક સુવર્ણમંડિત ચંદ્રક દર વર્ષે આ યુનિવર્સિટી તરફથી માર્ચ-એપ્રિલમાં લેવામાં આવતી એમ.એસ. જનરલ સર્જરીની પરીક્ષામાં સદરહુ પરીક્ષા માટે નીમવામાં આવેલ પરીક્ષકોની સમિતિ સદરહુ પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થીને ચંદ્રક માટે લાયક છે એમ જણાવશે તેને તે એનાયત કરવામાં આવશે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ચન્દ્રક માટેની શરત ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવી અને તેને તાત્કાલિક અમલમાં મૂકવી.

૮૭. શ્રી મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે તરફથી નીચે પ્રમાણે બે ટ્રોફી રમતગમત સ્પર્ધાઓના વિજેતાઓને આપવાની મરજી બતાવતો પત્ર આવ્યો છે તે પર વિચારણા કરવા બાબત :

(૧) શ્રી. અશ્વિનીકુમાર હેગિષ્ટે ટ્રૉફી ... હૉકી—બહેનો માટે

(૨) શ્રી મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે ટ્રૉફી ... બાસ્કેટબૉલ—બહેનો માટે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બે ટ્રોફીનો આ યુનિવર્સિટી સાભાર સ્વીકાર કરશે એમ શ્રી. મહાદેવ રામચંદ્ર જાગુષ્ટેને જણાવવું.

૮૮. પ્રાંતીજ અધ્યાપક મંડળ સંચાલિત આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પ્રાંતીજના જોડાણ માટે મૂકવામાં આવેલી શરતોના પરિપાલનના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણ માટે મૂકવામાં આવેલી શરતોના પરિપાલન અંગે જરૂરી તપાસ કરીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે ડૉ. ધીરુભાઈ ઠાકરની બનેલી એક-વ્યક્તિ સમિતિ નીમવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે શરત નં. ૧૩માં કશી છૂટછાટ મૂકવી નહીં.

૮૯. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડાના જૂન ૧૯૭૫થી ચાલુ જોડાણ મેળવવા માટે આવેલી અરજી પરત્વે એકિઝકયુટિવ કાઉન્સિલે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડાને બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું ચાલુ જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના શિક્ષકવર્ગના અને બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પ્રૉવિડન્ટ ફંડ અંગે યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ ટ્રસ્ટની રચના તા. ૩૧-૩-૧૯૭૬ સુધીમાં કરવામાં આવે તેમ સદરહુ કૉલેજને જણાવવું.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી:

૯૦. યુનિવર્સિટી તરફથી વિજ્ઞાન અને તકનીકી જ્ઞાનકોશ તૈયાર કરવાની જે યોજના હાથ ધરવામાં આવી છે તેમાં જ્ઞાનકોશનું કામ ભાષાની દૃષ્ટિએ જોવા-તપાસવાનું કોને સોંપવું તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કામ શ્રી. નરહરિ ભટ્ટને સોંપવું.

૯૧. યુ.એસ.એ.માં બોસ્ટન ખાતે International Association of University Presidentsના ચોથા ત્રિવાર્ષિક અધિવેશનમાં કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ પટેલ કે જેઓ ચાલુ વર્ષ દરમ્યાન ઍસોસિયેશન ઑફ ઇન્ડિયન યુનિવર્સિટીઝના અધ્યક્ષ પણ છે તેઓનું જવાનું નક્કી થયેલ હોઇ તેમની તા. ૧-૧૧-૧૯૭૫થી તા. ૨૫-૧૧-૧૯૭૫ સુધીની ગેરહાજરી દરમ્યાન ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૦(૩) (એ) (બી) હેઠળ કુલાધિપતિશ્રીએ જરૂરી વ્યવસ્થા કરવાની રહેશે અને તે માટે કુલાધિપતિશ્રીને લખવામાં આવ્યું છે તેની સભાગૃહને જાણ કરવામાં આવી.

વધુમાં કુલપતિશ્રીએ સ્પષ્ટતા કરી કે તેઓશ્રીના પ્રવાસ અંગે આવવા-જવાના ખર્ચની વ્યવસ્થા ઍસોસિયેશન ઑફ ઇન્ડિયન યુનિવર્સિટીઝ મારફતે થયેલી હોઇ ગુજરાત યુનિવર્સિટીને આવવા-જવા અંગેનો કશો ખર્ચ કરવાનો રહેશે નહીં.

સદરહુ બાબતોની સભાગૃહે નોંધ લીધી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એકિઝ. કાઉ. /૦૨૭૭૭૪/ ૧૯૭૫
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦૦૦૯:
૧૧ નવેંબર, ૧૯૭૫

કં. ચં. પરીખ,
કુલસચિવ

પરિશિષ્ટ " ક "
કામકાજ ક્રમાંક ૧૭

બાંધકામ સમિતિની એક સભા તા. ૧૮--૯--૧૯૭૫ ને ગુરુવારના રોજ બપોરના ૩--૦૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. તેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. નવનીતલાલ સા. શોધન	ગેરહાજર
૩.	શ્રી. એમ. સી. શાહ	ગેરહાજર
૪.	શ્રી. કિશોરચંદ્ર સંઘાણી	ગેરહાજર
૫.	શ્રી. આર. જી. ભાટિયા	હાજર
૬.	ડૉ. આર. સી. સોનપાલ	હાજર

૧. બાંધકામ સમિતિની તા. ૧૩--૮--૧૯૭૫ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૧૩--૮--૧૯૭૫ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તેના પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર ટેક્ષ્ટાઈલ કેમિસ્ટ્રી ફાર્માસ્યુટિકલ લેબોરેટરી તથા ઈન્ડસ્ટ્રિયલ એનાલિટિકલ લેબોરેટરીના બાંધકામ માટે આવેલા પ્લાન જોઈ-તપાસી તે અંગે ભલામણ કરવા માટે નીમેલ સમિતિની તા. ૧૯--૮--૧૯૭૫ની સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગે જરૂરી રિપોર્ટ કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૩. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનના મકાનના ધાબા પર વૉટરપ્રૂફિંગના કામ માટે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનના મકાનના ધાબા ઉપર વૉટરપ્રૂફિંગના કામ માટે આવેલાં પાંચ ટેન્ડરો ઝીકી સમગ્ર વિચારણા કર્યા બાદ તથા કૉન્ટ્રાકટરે કરેલા કામના અનુભવ વગેરે જોતાં ઠરાવવામાં આવ્યું કે આ કામ ટેક્ષ્ટાઈલ એન્ડ જનરલ એન્જિ. સ્ટોર્સને સોંપવું તથા આઈ.એસ.આઈ. માર્કવાળી ટાર ફેલ્ટ વાપરી કામ કરાવવું. ભાવમાં યોગ્ય ઘટાડો કરવા કુલપતિશ્રીને સત્તા આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ગ્રંથાલયની અગાસી પર પણ આજ પાર્ટી પાસે આ જ ભાવથી આ જાતનું કામ કરાવવું તથા આ બંને કામો અંગે રૂ. ૨૯,૨૫૦--૦૦ની બજેટ જોગવાઈ કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪. યુનિવર્સિટી કેમ્પસમાં ટયૂબવેલ બનાવવાના કામ માટે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસમાં ટયૂબવેલ બનાવવાના કામ અંગે નિષ્ણાતોની સલાહ લઈ પાર્ટીઓનો અનુભવ વગેરે અંગે યોગ્ય વિચારણા કરી યોગ્ય કરવાની કુલપતિશ્રીને સત્તા આપવી અને એકિઝકયુટિવ કાઉન્સિલને રિપોર્ટ કરવા ભલામણ કરવી.

૫. યુનિવર્સિટીના ફિઝિકસ વિભાગના વિકાસબાંધકામના કામ માટેની સમયમર્યાદા તા. ૧૬-૧૧-૧૯૭૫ સુધી વધારી આપવા અંગે તે કામના કૉન્ટ્રાકટર તરફથી આવેલા તા. ૫-૮-૧૯૭૫ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફિઝિકસ વિભાગના વિકાસકામ અંગેની બાંધકામની સમયમર્યાદા તા. ૩૧-૧૦-૧૯૭૫ સુધી વધારી આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૬. રાજય સરકારના ચીફ એન્જિનિયર શ્રી. એમ. ડી. પટેલના તા. ૨૫-૮-૧૯૭૫ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રાજય સરકારના ચીફ એન્જિનિયર શ્રી. એમ. ડી. પટેલ જોડે ચર્ચા કરી યોગ્ય કરવા કુલપતિશ્રીને સત્તા આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી.

૭. જિમ્નેશિયમના મકાનના બાંધકામમાં જથ્થામાં થતા ફેરફાર અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જિમ્નેશિયમના મકાનના બાંધકામના જથ્થામાં જે ફેરફાર થાય છે તે આ સાથેની **યાદી "અ"** પ્રમાણે મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

પી. ડી. મિસ્ત્રી
કુલસચિવ વતી.

યાદી "અ"

જિમ્નેશિયમના મકાન બાંધકામમાં જથ્થામાં થતા ફેરફારની યાદી

ટે. આર. નંબર	આઈટેમ	ભાવ	ટેન્ડર જથ્થા	થયેલ કામ પ્રમાણે જથ્થા	ખર્ચનો વધારો
૧૦	મોઝેક ટાઈલ્સ	૩૦	૧૧૦ ઓસ. એમ. ટી.	૪૦૦ ઓસ. એમ. ટી.	૯,૭૦૦-૦૦
૧૧	સી પોલિશ લાદી પગથિયાં	૧૧૦	૧૧ ઓસ. એમ. ટી.	૬૦ ઓસ. એમ.ટી.	૪,૯૫૦-૦૦
૧૧	ટાઈલ્સ સ્કરટિંગ	૧૧	૧૧ ઓસ. એમ. ટી.	૩૦ ઓસ. એમ. ટી.	૮૨૫-૦૦
					૧૪,૪૭૫-૦૦
				બાદ ૯ ટકા	૧,૩૦૫-૦૦
					૧૩,૧૭૦-૦૦

પરિશિષ્ટ "ખ"

કામકાજ ક્રમાંક ૨૭

યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોના અધ્યક્ષો તથા યુનિવર્સિટી ગ્રંથાલયશાસ્ત્ર ભવનના અધ્યક્ષની એક સભા કુલપતિશ્રીના અધ્યક્ષસ્થાને મંગળવાર, તા. ૧૬--૯--૧૯૭૫ના રોજ સવારના ૧૧--૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ, કુલપતિ	હાજર
૨.	પ્રો. કે. આર. ચંદ્રશેખરન, અધ્યક્ષ, ભાષા-સાહિત્ય ભવન	હાજર
૩.	પ્રો. ડી. એન. પાઠક, અધ્યક્ષ, સમાજવિદ્યા ભવન	હાજર
૪.	ડૉ. કે. જી. દેસાઈ, અધ્યક્ષ, મનોવિજ્ઞાન ભવન	હાજર
૫.	પ્રો. સી. જી. ખત્રી, અધ્યક્ષ, વિજ્ઞાન વિદ્યાભવન	હાજર
૬.	શ્રી. પી. એફ. પટેલ, અધ્યક્ષ, ગ્રંથાલયશાસ્ત્ર ભવન	હાજર

સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ઈશ્વરભાઈ પટેલે સંભાળ્યું હતું.

કુલપતિશ્રીએ યુનિવર્સિટીનાં ભવનોના અધ્યક્ષોને યુનિવર્સિટીનાં ભવનોની ટ્યૂશન ફીની વસૂલાત અંગેની ઑડિટ નોંધનો ખ્યાલ આપ્યો હતો અને આ અંગે શાં પગલાં લેવાં તે બાબતમાં વિચારવા જણાવ્યું હતું. ત્યાર બાદ વિગતવાર ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

૧. યુનિવર્સિટીનાં જુદાં જુદાં ભવનો માટે જુદી જુદી પહોંચ બુકો રાખવી અને હાલ આપવામાં આવે છે તેમ ટ્રિપ્લિકેટમાં પહોંચ આપવી.

૨. ભવનોના વિદ્યાર્થીઓના રજિસ્ટરમાં જરૂરી વિગત ભવન તરફથી ભરાય છે કે નહીં તે ભવનોના અધ્યક્ષોએ જોવાનું રાખવું.

૩. ભવનમાં વિદ્યાર્થીઓની ફીની પહોંચોનું ફાઇલિંગ યુનિવર્સિટી કાર્યાલયની સૂચના પ્રમાણે કરવાનું રાખવું.

૪. ભવનના વિદ્યાર્થીની ફીની પહોંચ ભવનને વિદ્યાર્થીઓ મારફતે ન મોકલતાં તે સીધી ભવનના અધ્યક્ષોને મોકલી આપવાનું રાખવું.

૫. ભવનોના વિદ્યાર્થીઓને ટર્મ શરૂ થાય ત્યારથી વધુમાં વધુ એક માસના સમયથી વધારે સમય માટે ટ્યૂશન ફી ભરવામાં મુક્તિ અધ્યક્ષશ્રીએ આપવી નહીં.

૬. અનુસ્નાતક વિદ્યાર્થીઓના પરીક્ષા ફૉર્મની અંદર વિદ્યાર્થીએ ટ્યૂશન ફી અને ઇત્યાદિ પ્રકારની ફી ભરી છે કે નહીં તે બાબતનું પ્રમાણપત્ર ભવનના અધ્યક્ષશ્રી કે અનુ. કેન્દ્રના વડાએ આપવાનું રાખવું, અને તે પ્રમાણેના પરીક્ષા ફૉર્મમાં જરૂરી ફેરફાર પરીક્ષા વિભાગે છપાવી લેવાનું રાખવું.

૭. અનુસ્નાતક વિદ્યાર્થીએ ટ્યૂશન ફી અને ઇત્યાદિ પ્રકારની ફી ભરી ન હોય તો તેઓનું પરીક્ષા ફૉર્મ ભવનના અધ્યક્ષશ્રીએ -અનુસ્નાતક કેન્દ્રના વડાએ યુનિવર્સિટીને મોકલવું નહીં અને ટ્રાન્સફર સર્ટિફિકેટ વિદ્યાર્થીને આપવું નહીં,

૮. ફી ભરવાની છેલ્લી તારીખથી એક મહિનામાં બધા જ વિદ્યાર્થીઓની ફી આવી ગઈ છે કે કેમ તે ભવને તપાસી લઈ યુનિવર્સિટીને રિપોર્ટ કરવો.

૯. પીએચ.ડી.નો અભ્યાસ કરતા વિદ્યાર્થીએ ટયૂશન ફી અને ઇત્યાદિ પ્રકારની ફી ભરી છે કે નહીં તે અંગેની ચોકસાઈ ખાસ રાખવી. વધુમાં પીએચ.ડી.નો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી લાઇબ્રેરીનાં પુસ્તકો તથા ભવનના ઇકિવપમેન્ટ્સ પરત કર્યાં છે કે કેમ તે અંગેનું પ્રમાણપત્ર તેનું પરિણામ જાહેર કરતાં પહેલાં અનુસ્નાતક વિભાગ, વિદ્યાર્થીના ગાઈડ તથા ભવનના અધ્યક્ષે મેળવી લેવાનું રાખવું.

૧૦. પીએચ.ડી.ના વિદ્યાર્થીની થીસિસ યુનિવર્સિટી ઉપર સીધી ન મોકલતાં તેઓ જે સંસ્થા મારફતે સંશોધન કામ કરતા હોય તેમના વડાની મારફતે મોકલવાનું રાખવું.

૧૧. ચાલુ વર્ષથી લાઇબ્રેરી ફી રૂ. ૧ ટર્મ દીઠ, યુનિયન ફી રૂ. ૧ અને જિમખાના ફી રૂ. ૧ લેવામાં આવે છે. તો આવી આવકમાંથી થતો ખર્ચ આવક કરતાં વધે નહીં તે જોવાનું અધ્યક્ષશ્રીએ રાખવું.

૧૨. ભવનના વિદ્યાર્થીઓને આપવામાં આવતી વિવિધ પ્રકારની સ્કોલરશિપ જેવી કે ઈ.બી.સી.-બી.સી. સ્કોલરશિપ, હાયર એજ્યુકેશન સ્કોલરશિપ, નેશનલ લોન-મેરિટ સ્કોલરશિપ, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની સ્કોલરશિપ તથા યુનિવર્સિટી માફી શિષ્યવૃત્તિ અને યુનિવર્સિટી મેરિટ સ્કોલરશિપ માટે ભવને રજિસ્ટર રાખવું અને આવા વિદ્યાર્થીઓનાં બિલો યુનિવર્સિટીને ચુકવણી માટે મોકલે ત્યારે તેની તેમાં નોંધ કરવાનું રાખવું તથા તેઓના ચેક આવ્યેથી મેળવ્યા બાદ તેની પણ નોંધ કરવાનું રાખવું. આ અંગે અધ્યક્ષશ્રીએ ખાસ જોવાનું રાખવું તથા બી.સી. સ્કોલરશિપ અને ઈ.બી.સી. સ્કોલરશિપની રકમ મેળવવા અંગેની દરખાસ્તો ભવને સરકારશ્રીને બનતી ત્વરાથી મોકલી આપવી, અને તે રકમો મેળવી લેવી.

૧૩. યુનિવર્સિટી માફી શિષ્યવૃત્તિ અને યુનિ. ગુણવત્તા શિષ્યવૃત્તિ એનાયત કરવાની દરખાસ્ત ભવનના અધ્યક્ષશ્રીએ મોડામાં મોડા તા. ૩૧--૧૦--૧૯૭૫ સુધીમાં યુનિવર્સિટીને મોકલી આપવાનું રાખવું.

૧૪. ભવનને યુનિવર્સિટી તરફથી આપવામાં આવતી જુદા જુદા કામ અંગેની ઓડવાન્સ અંગે તે કામ પૂરું થયા બાદ મોડામાં મોડા પંદર દિવસમાં તેના હિસાબો રજૂ કરીને બાકીની વધતી રકમ યુનિવર્સિટીમાં ભરાઈ જાય તે જોવાનું અધ્યક્ષશ્રીએ રાખવું. કામ પૂરું થયું ન હોય તોપણ દરેક વર્ષની ૩૧ માર્ચ સુધીના હિસાબો તથા બાકી રહેતી રકમ યુનિવર્સિટીને મોકલી આપવી.

૧૫. યુનિવર્સિટી તરફથી ભવનોને આપવામાં આવતી રકમો યુનિવર્સિટીમાંથી મેળવ્યા બાદ તે ૧૦ દિવસમાં ચૂકવી દેવી અને જો તે ન ચૂકવાય તો તે રકમો યુનિવર્સિટીમાં જમા કરાવી દેવી. આ અંગે અધ્યક્ષશ્રીએ ખાસ જોવાનું રાખવું.

૧૬. ભવનો તરફથી ખરીદવામાં આવતા ફર્નિચર તથા ઇકિવપમેન્ટ અંગે ભવને સ્ટેડસ્ટોક રજિસ્ટર વ્યવસ્થિત રાખવું અને પ્રતિવર્ષ ૩૧મી માર્ચે તેનો સ્ટૉક મેળવી તે અંગેનું પ્રમાણપત્ર અધ્યક્ષશ્રીએ મોડામાં મોડું એક માસમાં યુનિવર્સિટીને મોકલી આપવાનું રાખવું.

ભૂ. મ. પટેલ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ગ"

કામકાજ ક્રમાંક ૩૮

તા. ૧૬-૧૦-૧૯૭૫ની ફાઇનાન્સ સમિતિની એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ

૧. આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે અંગ્રેજી--ગુજરાતી શબ્દકોશ છાપવાનું કામ વિશિષ્ટ પ્રકારનું લેાઈ ટેન્ડરેા મંગાવવાથી ઉપયેાગી થશે નહિ. નવજીવન કાર્યાલયે આવાં ઘણાં કામેા કરેલ હેાવાથી શ્રી. દેશપાંડેએ તૈયાર કરેલ ૫૧૨ પાનાનેા શબ્દકેાશ નવજીવનને તેઓના ભાવે છાપવા સેાંપવેા. આ અંગેના કાગળેા યુનિવર્સિટીએ આપવાના રહેશે.

વધુમાં એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ પ્રકાશનની ૧૦,૦૦૦ (દશ હજાર) નકલેા છપાવવી તથા વિતરણ અંગેનું કામ નવજીવનને ૨૫ ટકા(પચ્ચીસ ટકા)ના કમિશનના દરે સેાંપવું.

૨. આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ખેતી સંશાધન કાર્યક્રમ અંગે જરૂરત પડે ત્યારે ગુજરાત એગ્રેાઇન્ડસ્ટ્રીઝ કે બીજી સંસ્થાઓ કે ખાનગી વ્યકિતઓ પાસેથી ટ્રેકટર નીચેના દરથી વધે નહિ તે રીતે ભાડે લેવાની કુલપતિશ્રીને સત્તા આપવી :

	ભાડાનેા દર
(૧) પ્લાઉ સાથેના ટ્રેકટરના કલાકના	રૂ. ૩૫--૦૦
(૨) પાવડા સાથેના ટ્રેકટરના કલાકના	રૂ. ૨૧--૦૦
૮. એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨-૮-૧૯૭૫ની સભામાં ઠરાવ્યા અનુસાર જૂન ૧૯૭૬થી ચાલુ/વધારાના જોડાણ માટે આવેલ અરજીઓ પર નિમાયેલ સ્થાનિક તપાસસમિતિઓને કૉલેજોના બિનશૈક્ષણિક કર્મચારીઓના સેવાના નિયમો, પગારધોરણો ઇત્યાદિનો અમલ થાય છે કે નહિ તે જોવા જણાવેલું, પરંતુ એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૩-૯-૧૯૭૫ની સભામાં આ બાબત શ્રી. જસ્ટિસ મિયાભાઈ સમિતિનો અહેવાલ આવ્યા બાદ વિચારણા કરવા ઠરાવેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રાજ્ય સરકારે નીમેલી જસ્ટિસ મિયાભાઈ સમિતિના અહેવાલ ઉપરના નિર્ણયની રાહ જોવી.

૯. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણની જૂન ૧૯૭૫થી કાયમી જોડાણ માટેની અરજી પર એક્ઝિકયુટિવ કાઉન્સિલે મૂકેલી શરતો પૈકી હિન્દીના ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવા અંગેની શરતનું કૉલેજે પરિપાલન કર્યું નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે —

(૧) યુનિવર્સિટીનાં હાલનાં ધારાધોરણો મુજબ હિન્દીના ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવા માટે સદરહુ કૉલેજને આગ્રહપૂર્વક જણાવવું.

(૨) હિન્દીના ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક અંગેના હાલના નિયમ અંગે પુનર્વિચારણા કરવાની જરૂરિયાત તપાસવા માટે સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

૧૦. શ્રીમતી તારાબહેન સુંદરલાલ રાયચંદ કૉમર્સ કૉલેજ, પાટણને જૂન ૧૯૭૫થી બી.કૉમ.માં બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ આપવા એક્ઝિકયુટિવ કાઉન્સિલે મૂકેલી શરતોના પરિપાલનના સંદર્ભમાં બિઝનેસ મૅનેજમેન્ટના પ્રાધ્યાપકની નિમણૂક ક્ષમ્ય કરવાની સદરહુ કૉલેજની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—૧. બિઝનેસ મૅનેજમેન્ટના પ્રાધ્યાપક તરીકે નિમાયેલ શ્રી. ઓ. આર. મહેતાને માન્યતા માટે એક વર્ષનો અનુભવ ખૂટે છે.
૨. અન્ય શરતોનું યથાર્થ પાલન થાય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના બિઝનેસ મૅનેજમેન્ટના પ્રાધ્યાપક શ્રી. એ.આર. મહેતાનો એક વર્ષનો જે શૈક્ષણિક અનુભવ ખૂટે છે તે ક્ષમ્ય ગણવો અને તેમની નિમણૂક ચાલુ રાખવી.

૧૧. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદે જૂન ૧૯૭૫થી બી.એ. (પ્રિન્સિ.)માં આંકડાશાસ્ત્ર વિષયના અભ્યાસક્રમો શીખવવા માટે કરેલ જોડાણઅરજી મુજબ શિક્ષણકાર્ય શરૂ કર્યું નથી તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૨. આર. આર. લાલન કૉલેજ, ભૂજ (કચ્છ)ની જૂન ૧૯૭૫થી બી.એ.-(પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટેની ચાલુ જોડાણની અરજી પર એકિઝકયુટિવ કાઉન્સિલે મૂકેલી શરતો પૈકી મનોવિજ્ઞાનના વ્યાખ્યાતા તથા અંગ્રેજીના વ્યાખ્યાતાની નિમણૂકો કરવા અંગેની શરતોનું સદરહુ કૉલેજે હજુ સુધી પરિપાલન કર્યું નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને જણાવવું કે તા. ૩૧–૧૨–૧૯૭૫ સુધીમાં યોગ્ય લાયકાત ધરાવતા સદરહુ બેઉ વિષયોના વ્યાખ્યાતાઓની નિમણૂકો કરવામાં નહીં આવે તો તે વિષયો માટે વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં.

૧૩. સ્વામી ભગવદાચાર્યજી એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદના મૅનેજિંગ ટ્રસ્ટીએ, પ્રભુદાસ ઠક્કર કૉલેજના કેટલાક શિક્ષકોને, વિજ્ઞાન વિદ્યાશાખા બંધ કરવાના સંચાલકના નિર્ણયને કારણે તેમ જ વિદ્યાર્થી-સંખ્યામાં ક્રમશઃ ઘટાડો થવાને કારણે, છૂટા કરવા નોટિસ આપી છે તથા ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૨(એ) અન્વયે કુલપતિશ્રીની મંજૂરી માગી છે તે બાબત પરત્વે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૮-૧૦-૧૯૭૫ની સભામાં નીચે પ્રમાણે ઠરાવ્યું છે:

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ રિપોર્ટ સ્વીકારવો અને સદરહુ કૉલેજમાં વિદ્યાર્થીઓની હાજરી, અધ્યાપકોની નિમણૂક અને શિક્ષણકાર્યની બાબતમાં ભારે શિથિલતા અને ગેરનિયમિતતા પ્રવર્તે છે તે જોતાં કૉલેજનું જોડાણ ચાલુ રાખી શકાય એમ નથી એમ આ સભાગૃહનું દૃઢ મંતવ્ય છે અને તેથી જૂન ૧૯૭૬થી તે કૉલેજનું જોડાણ ચાલુ રહે નહીં તે માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને રાજ્યના શિક્ષણખાતા તરફથી શિક્ષકોની નિમણૂક, વિદ્યાર્થીઓની ફીશિપ, ઇત્યાદિ બાબત અંગે આર્થિક સહાય આપવામાં આવે છે તેના સંદર્ભમાં રાજ્ય સરકાર તે બાબતમાં જરૂરી તપાસ કરી/કરાવીને ઘટતાં પગલાં લઈ શકે તે માટે સદરહુ રિપોર્ટ રાજ્ય સરકારના શિક્ષણખાતાને મોકલી આપવો.

(૨) સદરહુ કૉલેજનું જૂન ૧૯૭૫થી ચાલુ જોડાણ કેટલીક શરતોનું પરિપાલન ન કર્યું હોઈ હજુ સુધી આપવામાં આવ્યું નથી.

(૩) નીચેના શિક્ષકોને છૂટા કરવા નોટિસ આપી છે :

ક્રમાંક	નામ	વિષય	હોદ્દો
૧.	શ્રી. એસ. એ. ડોદારી	ફિઝિક્સ	પ્રાધ્યાપક
૨.	શ્રી. એન. બી. નાયક	કેમિસ્ટ્રી	લેક્ચરર
૩.	શ્રી. બી. આઈ. દાસ	બાયોલોજી	,,
૪.	શ્રી. જી. જી. દવે	ગણિત	,,
૫.	શ્રી. એસ. એલ. ચૌધરી	ગુજરાતી	પ્રાધ્યાપક
૬.	શ્રી. એમ. એસ. પટેલ	ફિઝિક્સ	ટ્યૂટર
૭.	શ્રી. એસ. ટી. પટેલ	બાયોલોજી	લેક્ચરર.]

સદરહુ બાબત વિચારણા માટે રજૂ કરવાનાં આવી ત્યારે સદરહુ કોલેજના ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટીનો તા. ૧૪-૧૧-'૭૫નો પત્ર રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ ઠરાવને અનુલક્ષીને જરૂરી કાર્યવાહી અંગે સ્થાયી કાનૂન-વિષયક સમિતિની સલાહ લઈને ઘટતાં પગલાં લેવાનું રાખવું.

૧૪. તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુરમાં કૉમર્સના પ્રાધ્યાપક તરીકે નીમેલા શ્રી. રાજકુમાર સેવારામાનીની નિમણૂકને બાહ્ય રાખવા અંગેની આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—૧. શ્રી. સેવારામાણી, એમ.કોમ. (પ્રથમ વર્ગ) છે. જુલાઈ ૧૯૭૬માં જરૂરી અનુભવ પૂરો થવાથી પાત્ર બની શકશે.

૨. કૉલેજમાં આ નિમણૂક માટે થયેલી વરણીસમિતિની સભામાં તેમનું નામ સૂચિત થયેલું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં કૉમર્સના પ્રાધ્યાપક તરીકે શ્રી. રાજકુમાર સેવારામાણીનો લગભગ એક સત્ર જેટલો ખૂટતો શૈક્ષણિક અનુભવ ક્ષમ્ય ગણવો અને તેમની નિમણૂક બાહ્ય રાખવી.

૧૫. હરિજન રતનભાઈ ભીખાભાઈ એ ગુજરાત હાઈ કોર્ટમાં યુનિવર્સિટી સામે સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૫૪૯-૧૯૭૫થી કરેલ રિટ-અરજી અંગે યુનિવર્સિટી તરફથી એડવોકેટ તરીકે શ્રી. સી.ટી. દારુ તથા શ્રી. સુરેશભાઈ એન. શેલતને રોકવાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત તથા તે અંગે જરૂરી ખર્ચ મંજૂર કરવા બાબત.

(**નોંધ.**—આ રિટ-અરજી તેની પ્રાથમિક સુનાવણી દરમ્યાન પાછી ખેંચવાની અરજદારની વિનંતી કોર્ટે માન્ય રાખી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી તથા તે અંગે જરૂરી ખર્ચ મંજૂર કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૬. વિજ્ઞાન વિદ્યાભવનના ક્લાર્ક-ટાઇપિસ્ટ શ્રી. એમ. એન. પટેલને રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઈ.બી. ૧૫-૪૦૮-૧૯-૪૬૫ના પગારધોરણમાં રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય (એફિસિયન્સી બાર) તા. ૨૩-૧૧-૧૯૭૫થી ઓળંગવા દેવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. એમ. એન. પટેલની કામગીરી અંગેનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી એમ. એન. પટેલને રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઈ.બી. ૧૫-૪૦૮-૧૯-૪૬૫ના પગારધોરણમાં રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય તા. ૨૩-૧૧-૧૯૭૫થી ઓળંગવા માટે મંજૂરી આપવી.

૧૭. યુનિવર્સિટી ગ્રંથાલયના ક્લાર્ક-ટાઇપિસ્ટ શ્રી. બી. આર. ગોહિલને રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઈ.બી. ૧૫-૪૦૮-૧૯-૪૬૫ના પગાર ધોરણમાં રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય (એફિસિયન્સી બાર) તા. ૧૯-૧૧-૧૯૭૫થી ઓળંગવા દેવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. બી. આર. ગોહિલની કામગીરી અંગેનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. બી. આર. ગોહિલને રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦ ૨૪૩ ઈ.બી. ૧૫-૪૦૮-૧૯-૪૬૫ના પગારધોરણમાં રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય તા. ૧૯-૧૧-૧૯૭૫થી ઓળંગવા માટે મંજૂરી આપવી.

૧૮. Indian Women Scientists Association મુંબઈ દ્વારા ડિસેંબર ૨૭ અને ૨૮, ૧૯૭૫ના સમય દરમિયાન મુંબઈ મુકામે The First All-India Meeting of Women in Science યોજનાર છે તેમાં Women Scientistsને યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષની ઉજવણીને લક્ષમાં લઈને અપવાદ રૂપે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. (કુ.) એન જે. ચિનોયને મોકલવાં.

૧૯. ડિસેંબર ૬ અને ૭, ૧૯૭૫ના સમય દરમિયાન હિંદી સાહિત્ય સંમેલનનું એક વિશેષ અધિવેશન પ્રયાગ મુકામે યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સંમેલનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૨૦. ડિસેંબર ૨૧ થી ૨૩, ૧૯૭૫ના સમય દરમિયાન Geophytological નું પ્રથમ ભારતીય અધિવેશન લખનૌ મુકામે યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે Geophytologicalના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૨૧. ડિસેંબર ૨૭ થી ૨૯, ૧૯૭૫ના સમય દરમિયાન Association of Physiologists & Pharmacologists of Indiaનું ૨૧મું વાર્ષિક અધિવેશન મીરત મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગેના સદરહુ એસોસિયેશનના વ્યવસ્થાપક મંત્રીશ્રીના તા. ૩-૧૧-૧૯૭૫ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૨૨. બિરબલ સાહાની ઇન્સ્ટિટ્યૂટ ઓફ પેલીઓબોટેની, લખનૌએ ડિસેંબર ૨૯, ૧૯૭૫થી જાન્યુઆરી ૧૯૭૬ના સમય દરમ્યાન Palynologyનું ચોથું આંતરરાષ્ટ્રીય અધિવેશન લખનૌ મુકામે યોજેલ છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગેના તેમ જ અધિવેશનની સફળતા માટે આર્થિક સહાય આપવા માટેના સદરહુ ઇન્સ્ટિટ્યૂટના ગવર્નિંગ બોડીના અધ્યક્ષશ્રીના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે Palynologyના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઇ પ્રતિનિધિને મોકલવા નહીં.

૨૩. ફેબ્રુઆરી ૨ થી ૩ ૧૯૭૬ના સમય દરમિયાન National Productivity Council ની રાજ્યશાખા "Corrosion Control" પર એક પરિસંવાદ યોજે તેના સહપુરસ્કર્તા થવાની વિનંતી કરતા સદરહુ કાઉન્સિલના અધ્યક્ષશ્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં સહપુરસ્કર્તા તરીકે જોડાવા સંમતિ આપવી.

૨૪. જાન્યુઆરી ૨૭થી ૨૯, ૧૯૭૬ના સમય દરમિયાન Ethnographic and Folic Culture Society (U.P)નું બીજું વાર્ષિક અધિવેશન લખનૌ મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૨૫. એમ.પી. શ્રમભટ્ટ આર્ટ્સ એન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝાએ વિદ્યાર્થી હડતાળને કારણે દિવાળી વૅકેશન તા. ૧૬-૧૦-૧૯૭૫ના બદલે ત્રણચાર દિવસ પહેલાં જાહેર કર્યું હતું એમ જણાવતા આચાર્યશ્રીના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે દિવાળી વૅકેશન વિદ્યાર્થીઓની હડતાળને કારણે ચાર દિવસ પહેલાં જાહેર કરવામાં આવ્યું તેને કારણે અભ્યાસના જે દિવસો ઓછા થયા તે રવિવાર કે અન્ય જાહેરના દિવસે શિક્ષણકાર્ય ગોઠવીને ભરાઈ જાય તે જોવા માટે સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું.

૨૬. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનની જૂન ૧૯૭૭થી સ્વાયત્તતા માટેની અરજી ઉપર નિયુક્ત થયેલી તપાસસમિતિના એક સભ્ય ડૉ. જે. એસ. પટેલે સદરહુ સમિતિ પર કામ કરવાની અશક્તિ દર્શાવી હોઈ તેમને સ્થાને અન્ય સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સમિતિ પરના અન્ય સભ્યો નીચે પ્રમાણે છે:

૧. ડૉ. ડી. લાલ
૨ ડૉ. સુરેશ શેઠના.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર ડૉ. જે. એસ. પટેલને બદલે ડૉ. આર. ડી. આડતિયાને નીમવા.

૨૭. શ્રી રજની પારેખ આર્ટ્સ એન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાતે જૂન ૧૯૭૫થી જોડાણ મેળવવા માટેની અરજી પરની શરતો પૈકી છૂટા થયેલા શિક્ષકોને લેણી રકમ ચૂકવવાની શરતનું હજુ સુધી યથાર્થ પરિપાલન કર્યું ન હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને જણાવવું કે તેના છૂટા થયેલા શિક્ષકોની લેણી નીકળતી રકમની ચુકવણી તા. ૩૧-૧૨-૧૯૭૫ સુધીમાં કરીને જોડાણની શરતનું પરિપાલન કરવામાં નહીં આવે તો તેના વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવા દેવા માટે પરવાનગી આપી શકાશે નહીં.

૨૮. માર્ચ-એપ્રિલ ૧૯૭૫માં લેવાયેલ ફર્સ્ટ બી.કૉમ. પરીક્ષાના વિદ્યાર્થી નં. ૧૬૩૮ શ્રી. ગાંધી જિતેન્દ્રકુમાર રસિકલાલના કેસ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થી શ્રી. જિતેન્દ્રકુમાર રસિકલાલ ગાંધીને તેમના ફર્સ્ટ યર બી.કૉમ.માં એ.ટી.કે.ટી.ના ત્રણ વિષયોમાં પરીક્ષામાં બેસવું આવશ્યક રહેશે તેમ જણાવવું અને ઉમેરવું કે તે તમામ વિષયોમાં તે ઉત્તીર્ણ નહીં થાય ત્યાં સુધી તેમનું એસ.વાય.બી.કૉમ.નું પરિણામ અનામત રાખવામાં આવશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત પરીક્ષા-શુદ્ધિ સમિતિની વિચારણા માટે મોકલવી.

૨૯. જે. બી. ઠક્કર કૉમર્સ કૉલેજ, ભૂજમાં અંગ્રેજીના શિક્ષક તરીકે કામ કરતા શ્રી. બી. કે. ત્રિવેદીની વ્યાખ્યાતા થવા માટે ખૂટતા એક વર્ષના શૈક્ષણિક અનુભવને ક્ષમ્ય ગણીને કાર્ય કરવા દેવાની પરવાનગી માંગતા કૉલેજના આચાર્યશ્રીની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રી. ત્રિવેદી બી. કે. બી.એ. બીજો અને એમ.એ. પાસ વર્ગ ધરાવે છે તથા ટ્યૂટર તરીકેનો બે વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં શ્રી. બી. કે. ત્રિવેદીનો એક વર્ષનો ખૂટતો શૈક્ષણિક અનુભવ ક્ષમ્ય ગણીને તેમની નિમણૂક ગ્રાહ્ય રાખવી.

૩૮. યુનિવર્સિટી ધારાની કલમ (૩૩) એ (૧) (બી) (૧) અને (૨) અનુસાર સંલગ્ન કૉલેજોએ શિક્ષકોની નિમણૂક કરતી વખતે પ્રત્યેક કૉલેજની જે તે વરણીસમિતિ પર યુનિવર્સિટીના પ્રતિનિધિ હોવા આવશ્યક હોવા છતાં પણ નીચેની કૉલેજોએ તેમનાં નામ સામે જણાવેલ વિષય માટે વરણીસમિતિ પર યુનિવર્સિટીના પ્રતિનિધિ સિવાય શિક્ષકોની નિમણૂક કરી છે તો તે અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	શિક્ષકનું નામ	વિષય	કૉલેજે કરેલ ખુલાસો
૧.	એચ. એ. કૉમર્સ કૉલેજ, અમદાવાદ	શ્રી. પી. સી. શાહ	એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક	શ્રી. શાહની વ્યાખ્યાતા-માંથી પ્રાધ્યાપક તરીકેની નવી ભરતી નથી, પરંતુ ઇન્ટર્નલ પ્રમોશન છે.
૨.	જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ	શ્રી. જી. ટી. અટાલીવાલા	સંસ્કૃતના વ્યાખ્યાતા	ટચૂટરમાંથી વ્યાખ્યાતા તરીકે બઢતી આપવામાં આવી છે એટલે યુનિ.ના
૩.	,,	કુ. એમ. કે. વર્મા	અંગ્રેજીનાં વ્યાખ્યાતા	પ્રતિનિધિને હાજર રહે-વાની આવશ્યકતા નથી. ઉપરાંત કાર્યભાર વધવાથી જે તે જૂના અધ્યાપકોને બઢતી આપવામાં આવી છે.
૪.	શ્રીમતી એન. એચ. એલ. મ્યુ. મેડિકલ કૉલેજ, અમદાવાદ	ડૉ. પી. એમ. શાહ	ફાર્માકૉલોજીના જુનિયર વ્યાખ્યાતા	અગાઉ શૈક્ષણિક જગાઓ માટે પસંદગી સમિતિમાં યુનિ.ના પ્રતિનિધિને બોલા-વવામાં આવેલ નથી, પરંતુ હવે જ્યારે આવી નિમણૂક
૫.	,,	ડૉ. એમ. કે. સાવવાની	,,	
૬.	,,	ડૉ. એન. એચ. રૂપારેલિયા	,,	કરવાની થાય ત્યારે અગાઉ-થી યુનિ.પ્રતિનિધિને સ્ટાફ સિલેક્શન કમિટીમાં પ્રતિ-નિધિ તરીકે હાજર રહેવા જાણ કરવામાં આવશે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિમણૂકો માન્ય રાખવી નહીં અને સંબંધકર્તા કૉલેજોને જણાવવું કે નિમણૂકો અંગે યુનિવર્સિટીનાં ધારાધોરણોનું યથાર્થ પરિપાલન કરીને નવેસરથી કાર્યવાહી કરવી.

૩૧. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩–એ ની જોગવાઈઓમાંથી મ્યુ. મેડિકલ કૉલેજ, અમદાવાદને મુક્તિ આપવાની વિનંતી કરતા અમદાવાદ મ્યુ. કૉર્પોરેશનના કમિશનરના પત્ર ઉપર યુનિવર્સિટીનો અભિપ્રાય માંગતા ગુજરાત રાજ્યના શિક્ષણ અને મજૂર ખાતાના તા. ૧૮–૧૦–૧૯૭૫ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનના કમિશનરની વિનંતી માન્ય રાખવી જોઈએ નહીં એમ આ યુનિવર્સિટીનો અભિપ્રાય છે એમ રાજ્ય સરકારને જણાવવું.

૩૨. અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૩૦–૯–૧૯૭૫ની અને તા. ૧–૧૦–૧૯૭૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"જે વિદ્યાર્થીઓએ ૧૯૭૪–૭૫ અથવા તો તે પહેલાં થર્ડ બી.એ.માં અર્થશાસ્ત્ર વિષય રાખી સત્રો ભરેલાં હોય તેમને ૧૯૭૬ ઑક્ટોબર સિવાયની પરીક્ષા માટે બે વધુ ટાયલો જૂના અભ્યાસક્રમ મુજબ આપવી."

(નોંધ.– અભ્યાસસમિતિની ઉપરોક્ત ભલામણ મુજબ થર્ડ બી.એ.ની અર્થશાસ્ત્રની જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષા માર્ચ ૧૯૭૬ અને ઑક્ટોબર ૧૯૭૬માં લેવાની રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૩. યુનિવર્સિટીના આરોગ્ય કેન્દ્રમાં સફાઈ કામદાર તરીકે કામ કરતા શ્રી.મોહનજી ભઈજી મકવાણાનો અજમાયશી સમય તા. ૨૬-૧૨–૧૯૭૫ના રોજ પૂરો થતો હોઈ તેઓને તા. ૨૭-૧૨–૧૯૭૫ થી કાયમી કરવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. મોહન ભઈજી મકવાણાની કામગીરી અંગેનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. મોહન ભઈજી મકવાણાને સફાઈ કામદારની જગ્યા પર તા. ૨૭-૧૨–૧૯૭૫થી કાયમ કરવા.

૩૪. ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન કેટલાક વિદ્યાર્થીઓએ પ્રવેશપાત્રતાનું પાકું પ્રમાણપત્ર (Final Eligibility Certificate) મેળવ્યું નહીં હોવાથી મજકૂર પ્રમાણપત્ર મેળવી લેવાની મુદત લંબાવવા અંગે વિચારણા કરવા.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે પ્રવેશપાત્રતાનું પાકું પ્રમાણપત્ર મેળવવાની મુદત તા. ૩૧–૧–૧૯૭૬ સુધી લંબાવવી.

૩૫. ડિસેંબર ૨૬ થી ૨૮, ૧૯૭૫ના સમય દરમિયાન ઇન્ડિયન સોસાયટી ઑફ એગ્રિકલ્ચરલ સ્ટેટિસ્ટિકસનું ૨૯મું વાર્ષિક અધિવેશન જયપુર મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૩૬. રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકારે જાહેર કરેલ તા. ૧૮-૧૧-૧૯૭૫ની "ગુરુ નાનક જયંતી" રજા યુનિવર્સિટીમાં રાખવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૧૮-૧૧-૧૯૭૫ના રોજ ગુરુ નાનક જયંતી નિમિત્તે યુનિવર્સિટી અને ભવનોનાં કાર્યાલયો, ગ્રંથાલય અને મુદ્રણાલય માટે રજા જાહેર કરવી.

૩૭. યુનિવર્સિટી કાર્યાલયની માફક વિજ્ઞાન વિદ્યાભવન પણ ૩ માસ બીજા અને ચોથા શનિવારે રજા રાખશે, તે અંગેના તેઓના તા. ૫-૧૦-૧૯૭૫ના પરિપત્ર તથા તા. ૩૦-૧૦-૧૯૭૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૧-૪-૧૯૭૫ની સભામાં નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે સિન્ડિકેટે તેની તા. ૧૩/૧૬-૧૦-૧૯૭૧ની સભાના બાબત નં. ૧૬, ૩૨, ૯૬ની સાથે ઠરાવ્યા પ્રમાણે બીજા અને ચોથા શનિવારે રજા રાખીને બાકીના શનિવારોએ આખો દિવસ કામ કરવાનું ઠરાવવામાં આવ્યું છે તેને બદલે બધા જ શનિવારોએ ભવનનાં કાર્યાલયો ૧૧-૦૦થી ૨-૩૦ સુધી ચાલુ રાખવાં.")

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યુનિવર્સિટીના હાલના નિયમોનું યથાર્થ પરિપાલન કરવું આવશ્યક છે એમ તમામ વિદ્યાભવનોને જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સર્વગ્રાહી વિચારણા કરીને પોતાની ભલામણ રજૂ કરવા માટે સ્ટાફ અંગેની સ્થાયી સમિતિને જણાવવું.

૩૮. ઑર્ડ. ૩૭ અન્વયે ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન સમિતિ પર નિમાયેલા નીચેના સભ્યોની મુદત તા. ૧૬-૧૧-૧૯૭૫ના રોજ પૂરી થતી હોઈ સમિતિની પુનરરચના કરવા અંગે વિચારણા કરવા બાબત :

O. 37 :

"The Grants Utilization Committee shall consist of the Vice-Chancellor, the Rector, if any, and six other members appointed by the Executive Council for a period of three years."

હાલમાં નીચેના સભ્યો સમિતિ પર છે :

(૧) ડૉ. ધીરુભાઈ પી. ઠાકર
(૨) આચાર્ય બી. એમ. પીરજાદા
(૩) આચાર્ય દર્શનસિંઘ શીખ
(૪) ડૉ. વી. સી. શાહ
(૫) ડૉ. એમ. એન. દેસાઈ
(૬) ડૉ. જયંત હરિભક્તિ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર નીચેના સભ્યોની નિમણૂક કરવી :

(૧) ડૉ. ધીરુભાઈ પી. ઠાકર
(૨) આચાર્ય દર્શનસિંઘ શીખ
(૩) ડૉ. એમ. એન. દેસાઈ
(૪) આચાર્ય વાય. પી. શુક્લ
(૫) ડૉ. વી. સી. શાહ
(૬) ડૉ. જે. એન. પટેલ

(નોંધ.— સદરહુ સભ્યોના સભ્યપદની મુદત તા. ૧૭-૧૧-૧૯૭૫થી તા. ૧૬-૧૧-૧૯૭૮ સુધીની રહેશે.)

૩૯. સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદને બી.એ. (પ્રિન્સિ.)માં રાજ્યશાસ્ત્રનો વિષય શીખવવા માટે વધારાનું જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત

[**નોંધ.**—(૧) કૉલેજના ભૂતપૂર્વ આચાર્યશ્રી આર. એચ. ગાંધીને ગ્રેચ્યુઇટીની રકમની ચુકવણી બાબતમાં એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૧૮–૧૦–૧૯૭૫ની સભામાં નીચે પ્રમાણે ઠરાવ થયો છે :

"આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટીની રકમ ગ્રાન્ટને પાત્ર ગણવા અંગેનો પ્રશ્ન હાલ રાજ્ય સરકારે નીમેલી સમિતિની વિચારણા હેઠળ હોઈ હાલ સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી."

(૨) અન્ય શરતોનું પરિપાલન થયું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ગ્રેચ્યુઇટી અંગે યુનિવર્સિટીનાં ધારાધોરણોના પરિપાલન માટે આગ્રહ રાખવો. દરમ્યાન સદરહુ કૉલેજને બી.એ.(પ્રિન્સિ.)ની પદવી માટે રાજ્યશાસ્ત્રના વિષયના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૫થી તા. ૧૪–૭–૧૯૭૭ સુધીનું વધારાનું જોડાણ આપવું.

૪૦. એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૧૮–૧૦–૧૯૭૫ની સભાના ઠરાવ અન્વયે પ્રી-યુનિ. વિજ્ઞાનની પરીક્ષામાં પોતાના ઉત્તરપત્રોની બાબતમાં ગંભીર પ્રકારની ગેરરીતિ આચરવા માટે કુ. શોભના ચંદુલાલ ચોકસી કે જેઓ પ્રી-મેડિકલના વર્ગમાં દાખલ થયેલ છે તેમને પ્રી-મેડિકલ વર્ગમાંથી બરતરફ કરવામાં આવ્યા છે અને તા. ૩૧–૧૨–૧૯૮૦ સુધી આ યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષામાં કે અભ્યાસક્રમમાં પ્રવેશ માટેની મનાઈ ફરમાવવામાં આવી છે તે બાબતમાં તેમણે ગુજરાતની વડી અદાલત સમક્ષ સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૮૯૮–૭૫થી રિટ અરજી કરેલી છે તે અંગે જરૂરી વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ રિટ અરજી દાખલ કરવામાં આવેલી છે અને કુ. ચોકસીને આ અરજીનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી વ્યાખ્યાનો ભરવા માટે અને અભ્યાસ ચાલુ રાખવા માટે વડી અદાલતે હુકમ કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કેસમાં શ્રી. સુરેશભાઈ શેલત ઉપરાંત કોઈ સીનિયર ઍડવોકેટને પણ રોકવા અને તે માટે જરૂરી કાર્યવાહી અને ખર્ચ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૧. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) ગુજરાત કૉલેજના ઉર્દૂના વ્યાખ્યાતા શ્રી. એસ. એન. ઉરઝીએ ગુજરાત રાજ્ય તથા અન્ય સામે ગુજરાત હાઈકોર્ટમાં રૂપે. એપ્લિ. નં. ૧૨૯૬–૭૫થી રિટ અરજી કરી છે, તેમાં ગુજરાત યુનિવર્સિટીને પણ પક્ષકાર બનાવ્યા છે, તે બાબતમાં યુનિવર્સિટી તરફથી ઍડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતને રોકવાના તથા તે અંગે થનાર જરૂરી ખર્ચ મંજૂર કરવાના;

(૨) તા. ૨૫, ૨૬ અને ૨૭ ઑક્ટોબર, ૧૯૭૫ દરમ્યાન પાટણ મુકામે યોજાયેલ ગુજરાત ઇતિહાસ પરિષદના આઠમા અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. આર. કે. ધારૈયાને મોકલ્યાના;

(૩) નવેંબર ૧૯૭૫માં લેવાનાર એમ.ઈ.ની પરીક્ષાઓ તા. ૧૦-૧૧-૧૯૭૫ને બદલે તા. ૨-૧૧-૧૯૭૫થી શરૂ કરવાનું મંજૂર રાખ્યાના;

(૪) વિદ્યાર્થી શ્રી. શેખના તા. પરીખ કલોલ કોર્ટમાં કરેલ કેસ અંગે યુનિવર્સિટી તરફથી વકીલ તરીકે કલોલના એડવોકેટ શ્રી. શાંતિલાલ સી. પરીખને અને તે ના પાડે તો શ્રી. રમણલાલ ટી. પરીખને રોકવાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા તથા તે અંગે બજેટની ખર્ચ મંજૂર કરવાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૪૨. ગુજરાત રાજ્યમાં જૂન ૧૯૭૬થી શિક્ષણની નવી તરાહ દાખલ કરવા અંગેના રાજ્ય સરકારના તા. ૨૮-૧૦-૧૯૭૫ના ઠરાવ ક્રમાંક કેડીઓય. ૧૨૭૫-૧૬૨૫-ઍ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સર્વાંગી વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧ આચાર્ય ય. પ્રા. શુક્લ
૨. ડૉ. ધીરુભાઈ પી. ઠાકર
૩. આચાર્ય એમ. સી. શાહ
૪. આચાર્ય દર્શનસિંહ શીખ
૫. ડૉ. એમ. એન. દેસાઈ
૬. શ્રી. મણિભાઈ જ. પ્રજાપતિ
૭. ડૉ. જે. એન. પટેલ
૮. આચાર્ય કે. જે. ભટ્ટ
૯. આચાર્ય કે. એન. શાહ
૧૦. પ્રો. કે. એસ. શાસ્ત્રી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે શૈક્ષણિક દૃષ્ટિએ યુનિવર્સિટીના જુદા જુદા અભ્યાસક્રમો તથા પ્રવેશપાત્રતાનાં ધોરણો, ઇત્યાદિ પ્રશ્નો અંગે જરૂરી વિચારણા કરવા માટે સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલ સમક્ષ રજૂ કરવી.

૪૩. ભાષા-સાહિત્ય ભવનના વ્યાખ્યાતા ડૉ. કે. આર. ચંદ્રાની તા. ૧-૧૧-૧૯૭૪ થી તા. ૨૭-૧૧-૧૯૭૪ની રજાઓ વૅકેશન સાથે જોડવા અંગેની વિનંતીના સંદર્ભમાં એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૮-૨-૧૯૭૫ની સભામાં ડૉ. ચંદ્રાની વિનંતી નામંજૂર કરી હતી. ત્યાર બાદ ડૉ. ચંદ્રાની ઉપરોક્ત તારીખોની રજાઓ માંદગીની રજાઓ તરીકે મંજૂર કરી હતી તે બાબત અંગે ભવનના અધ્યક્ષશ્રીના તા. ૧૧-૧૦-૧૯૭૫ના પત્રના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કેસ અંગે સમગ્ર રીતે વિચારણા કરતાં જણાય છે કે ડૉ. કે. આર. ચન્દ્રાને તા. ૧-૧૧-૧૯૭૪થી તા. ૨૭-૧૧-૧૯૭૪ સુધીની માંદગીની રજાઓ આપવી જોઈએ નહીં અને તેથી તેમની માંદગીની રજાઓ રદ ગણવી.

૪૪. યુનિવર્સિટી કાર્યાલયનાં જુનિયર ક્લાર્ક શ્રીમતી હંસા યુ. વ્યાસને સ્ટે. ૧૮૮(૨) હેઠળ મકાન બાંધકામ માટે રૂ. ૫,૮૦૦ની લોન આપવા અંગે તેમની તા. ૭-૧૧-૧૯૭૫ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેમના ખાતે સબ્સ્ક્રિપ્શન તથા કોન્ટ્રિબ્યુશન અને બંને વ્યાજ થઈ રૂ. ૫,૮૭૩-૦૨ પૈસા જમા છે. તેમની પાસે પ્રો. ફંડની લોનના રૂ. ૩,૧૦૦ બાકી રહે છે. **)**

આથી ફરાવવામાં આવે છે કે જુનિયર ક્લાર્ક શ્રીમતી હંસા યુ. વ્યાસને યુનિવર્સિટીનાં ધારા-ધોરણો મુજબ રૂ. ૫,૮૦૦ની લોન મંજૂર કરવી.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૪૫. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓએ બજાવેલા ગેરવાજબી ઉલાળે અંગેના કેસો પર તેમ જ પ્રાધ્યાપકો, પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા અને ૧૯૭૫ની પરીક્ષા-શુદ્ધિ સમિતિની તા. ૧૪-૧૧-૧૯૭૫ની સભાનાં ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ફરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૪-૧૧-૧૯૭૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૪-૧૧-૧૯૭૫ની સભાની કાર્યવાહીની નોંધની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૪૬. પ્રાંતીજ અધ્યાપક સમાજ, પ્રાંતીજ તરફથી જૂન ૧૯૭૫થી પ્રાંતીજ ખાતે શરૂ કરાનાર વિનયન અને વાણિજ્યની કૉલેજને પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, ઇતિહાસ અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો તથા બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી તથા બી.એ.(સંસ્કૃ.)માં ઇતિહાસ અને સમાજશાસ્ત્રના અભ્યાક્રમો તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ અને ઑડિટિંગના અભ્યાસક્રમો તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૬થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું જોડાણ આપવા એક્ઝિકયુટિવ કાઉન્સિલે મૂકેલી શરતોના પરિપાલન સંદર્ભમાં આવેલ અહેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.

[નોંધ.—૧. યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂક કરી નથી.

૨. પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂ. ૧૦,૦૦૦ની અનામત યુનિવર્સિટીમાં જમા કરાવી નથી. જૂના મંડળે આ રકમ તેઓને સોંપી નથી. આર્થિક સ્થિતિ સુધરતાં તેઓ જમા કરાવશે તેમ જણાવ્યું છે.

૩. અન્ય શરતોનું પાલન થાય છે.]

કેટલીક ચર્ચાવિચારણાને અંતે ફરાવવામાં આવ્યું કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૬. **નવેંબર ૧૫ થી ૧૭, ૧૯૭૫ના સમય દરમ્યાન Indian Association of Special Libraries and Information Centresનું દસમું અધિવેશન લખનૌ મુકામે રાજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગેના સદરહુ એસોસિયેશનના માનદ મંત્રીના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઇ પ્રતિનિધિને મોકલવા નહીં.

૪૭. **બેંક ઓફ બરોડા, અમદાવાદના રિજિયોનલ મેનેજર તરફથી સરદાર વલ્લભભાઈ વાચનકેન્દ્ર માટે મળેલ રૂ. ૧૦,૦૦૦ (અંકે રૂપિયા દસ હજાર પૂરા)ના પ્રદાનનો સાભાર સ્વીકાર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

તે પછી આચાર્ય એમ. સી. શાહ અને ડૉ. એમ. એન. દેસાઈએ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો :

૪૮. "ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ઈશ્વરભાઇ પટેલે કુલપતિશ્રીની હસિયતથી કરેલાં કેટલાંક કાર્યો મા! સરકારશ્રીએ તપાસ કમિશન નીમ્યું હતું. આ કમિશન સમક્ષ કુલપતિશ્રીનો કેસ વકીલો મારફતે રજૂ કરવા અંગેનો કાનૂની ઇત્યાદિ ખર્ચ ગુજરાત યુનિવર્સિટીએ ભોગવવો એમ એકિઝકયુટિવ કાઉન્સિલની આ સભા ઠરાવે છે."

સદરહુ બાબત અંગે લંબાણ ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત હેઠળ આવતાં કાર્યો કુલપતિ શ્રી. ઈશ્વરભાઇ પટેલે કુલપતિ તરીકે તેમના હોદ્દાની હેસિયતથી કરેલાં છે તે જોતાં સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એકિઝ. કાઉ./૦૨૮૯૦૮/૧૯૭૫.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦૦૦૯.
ડિસેંબર ૨, ૧૯૭૫.

કં. ચં. પરીખ
કુલસચિવ.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિકયુટિવ કાઉન્સિલની ડિસેંબર માસની સભા, શનિવાર, તા. ૨૦-૧૨-૧૯૭૫ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૦-૧૨-૧૯૭૫
૧.	શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ, કુલપતિ	હાજર
૨	શ્રી. શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	આચાર્ય એમ એસ. પંડિત	હાજર
૪.	શ્રી. પ્રફુલ્લચંદ્ર ચંદુલાલ શાહ	ગેરહાજર
૫.	ડૉ. જ્યોતીન્દ્ર લક્ષ્મીશંકર ભટ્ટ	હાજર
૬.	પ્રો. અનંતરાય મણિશંકર રાવળ	હાજર
૭.	ડૉ. વિનોદકાન્ત ચૂનીલાલ શાહ	હાજર
૮.	આચાર્ય દર્શનસિંધ મુસ્તાકસિંધ શીખ	હાજર
૯.	આચાર્ય ડૉ. ધીરુભાઈ પ્રેમશંકર ઠાકર	હાજર
૧૦.	આચાર્ય ડૉ. હર્ષદભાઈ મોતીભાઈ દેસાઈ	હાજર
૧૧.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૧૨.	શ્રી. ગુલાબભાઈ રતનજી દેસાઈ	ગેરહાજર
૧૩.	ડૉ. જશવંતલાલ નાનાલાલ પટેલ	હાજર
૧૪.	પ્રો. દેવવ્રત નાનુભાઈ પાઠક	હાજર
૧૫.	ડૉ. અંબાશંકર એસ. નાગર	હાજર
૧૬.	ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહ	હાજર
૧૭.	શ્રી. મણિભાઈ ગોરધનભાઈ પ્રભભટ્ટ	હાજર
૧૮.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર

૧. તા. ૧૫-૧૧-૧૯૭૫ના રોજ મળેલ એક્ઝિકયુટિવ કાઉન્સિલની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૧૫-૧૧-૧૯૭૫ના રોજ મળેલી એક્ઝિકયુટિવ કાઉન્સિલની સભાની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી કાર્યાલયના કાર્યાલય નિયામક શ્રી. પી. પી. શાહને રૂ. ૪૧૬-૨૦-૫૬૬-૨૨-૬૧૦ ઈ.બી. ૨૫-૬૬૦ના પગારધોરણમાં તા. ૧-૧-૧૯૭૬થી રૂ. ૬૧૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય (efficiency bar) ઓળંગવા દેવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

કાર્યાલય નિયામક શ્રી. પી. પી. શાહની કામગીરી અંગેનો બાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. પી. પી. શાહને રૂ. ૪૬૦-૨૦-૫૬૬-૨૨-૬૧૦ ઈ.બી. ૨૫-૬૬૦ના પગારધોરણમાં રૂ. ૬૧૦ પછીનો તા. ૧-૧ ૧૯૭૬થી કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા માટે મંજૂરી આપવી.

૩. યુનિવર્સિટી કાર્યાલય અને અનુસ્નાતક વિદ્યાભવનોમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો તેમનાં નામ સામે બતાવેલ તારીખે અજમાયશી સમય પૂરો થતો હોઈ તેમનાં નામ સામે બતાવેલ તારીખથી તેમને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	હાલ કયાં કામ કરે છે?	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	ડૉ. બી. પી. અગ્રવાલ	લેકચરર	વિજ્ઞાન વિદ્યા-ભવન	૩૧-૧-૧૯૭૬	૧-૨-૧૯૭૬
૨.	શ્રી. એન. ડી. ભટ્ટ	મદદનીશ હિસાબનીશ	કાર્યાલય	૨૫-૨-૧૯૭૬	૨૬-૨-૧૯૭૬
૩.	શ્રી. હુકમસીંગ પી. ચૌહાણ	પટાવાળા	સમાજવિદ્યા ભવન	૭-૧-૧૯૭૬	૮-૧-૧૯૭૬
૪.	શ્રી. રમણભાઈ સી. પરમાર	સફાઈ કામદાર	વિજ્ઞાન વિદ્યાભવન	૧૯-૧-૧૯૭૬	૨૦-૧-૧૯૭૬

સદરહુ કર્મચારીઓની કામગીરી અંગેના બાનગી હેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ઉપરના ચાર કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા.

૪. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં સાયકોલોજીના રીડર તરીકે કામ કરતા ડૉ. સી. ટી. ભોપટકરને ફ્લેટ ખરીદવા માટે સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે તેઓના પ્રોવિડંટ ફંડ બાતામાંથી રૂ. ૩૨,૦૦૦ની લોન આપવા માટે તેઓની તા. ૨૮-૧૦-૧૯૭૫ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓના પ્રોવિડંટ ફંડ બાતે રૂ. ૩૧,૯૯૯-૮૭ પૈસા જમા છે અને તેઓની પ્રો. ફંડ લોનના રૂ. ૨,૭૧૦ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે મનોવિજ્ઞાનના રીડર ડૉ. સી. ટી. ભોપટકરને ફ્લેટ ખરીદવા માટે રૂ. ૩૨,૦૦૦-૦૦ (રૂપિયા બત્રીસ હજાર)ની લોન સ્ટે. ૧૮૮ (૨) હેઠળ તેમના પ્રોવિડન્ટ ફંડ બાતામાંથી યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ મંજૂર કરવી.

૫. વિજ્ઞાન વિદ્યાભવનમાં ભૌતિકશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે કામ કરતા પ્રો. પી. ડી. પાઠકને તા. ૨૫-૪-૧૯૭૬ના રોજ ૬૦ વર્ષ પૂરાં થતાં હોઈ તેમની નિવૃત્તિવય-મર્યાદામાં વધારો કરી આપવા અંગેની તેમની તા. ૧-૧૨-૧૯૭૫ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સિન્ડિકેટે તેની તા. ૪-૯-૧૯૬૫ની સભામાં નિવૃત્તિવય-મર્યાદા અંગે નીચે મુજબ ઠરાવ્યું છે :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વહીવટી અને શિક્ષક વર્ગના કર્મચારીઓની નિવૃત્તિવય-મર્યાદા ૬૦ વર્ષની રાખવી, પણ આ વયમર્યાદા સિન્ડિકેટને યોગ્ય લાગે તે કેસોમાં જરૂરી તબીબી તપાસ કરાવીને પ્રત્યેક વર્ષે એક વર્ષ સુધી એમ ૬૫ વર્ષ સુધી લંબાવી શકાશે. કોઈ પણ કર્મચારીને ૬૫ વરસ પૂરાં કર્યા પછી તેને કોઈ પણ સંજોગોમાં યુનિવર્સિટીની સેવાઓમાં રાખી શકાશે નહીં.")

આથી ઠરાવવામાં આવે છે કે ભૌતિકવિજ્ઞાનના પ્રાધ્યાપક પ્રો. પી. ડી. પાઠકને પોતાની તબીબી તપાસ કરાવવા માટે ડૉ. જે. એન. પટેલનો સંપર્ક સાધવા જણાવવું, અને તે અંગે તબીબી અહેવાલ આવ્યેથી જરૂરી નિર્ણય કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર ક્લાર્ક શ્રી. આઈ. સી. શાહને તા. ૧૭-૯-૧૯૭૫થી છૂટા કર્યા હોવાથી તેઓને પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવા અંગે તેમની તા. ૧૦-૧૧-૧૯૭૫ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રી. આઈ. સી. શાહ તા. ૮-૮-૧૯૬૦થી યુનિવર્સિટી કાર્યાલયમાં જોડાયા હતા. એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૮-૧૦-૧૯૭૧ની સભામાં તેઓને તા. ૧૭-૯-૧૯૭૧થી છૂટા થયેલા ગણવાનું અને તેમને ગ્રેચ્યુઇટીને પાત્ર ગણવા નહિ અને ગ્રેચ્યુઇટીની રકમ આપવી નહીં એમ ઠરાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭. આપણા યુનિવર્સિટીના ઍડવોકેટ શ્રી. નિરંજન જે. મહેતા તરફથી મંડલ નીચેના બે ચુકાદાઓની નોંધ લેવા બાબત :

(૧) યુનિવર્સિટીમાં ચોકીદાર તરીકે કામ કરતા શ્રી. પૃથ્વીસીંગ જવાનસીંગને લોખંડની ચોરીના સંદર્ભમાં ફારેગ (discharge) કર્યા હતા. તેના સંદર્ભમાં કરેલી રિટ અરજી (સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૫૪૭ ઑફ ૧૯૭૫). આ અરજી કાઢી નાખવામાં આવી હતી.

(૨) દાહોદ કૉલેજના વિદ્યાર્થી શ્રી. ગિરીશ જશભાઈ પટેલે (પ્રથમ બી.કૉમ.) ટેસ્ટ પરીક્ષામાં નાપાસ થવાના કારણે તેના પ્રવેશના સંદર્ભમાં કરેલી રિટ અરજી (સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૭૧૧/૭૫) આ અરજી પાછી ખેંચવામાં આવી હતી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બેઉ ચુકાદાની નોંધ લેવી.

૮. ગુજરાત યુનિવર્સિટી કૅમ્પસ મંડળને ક્વાર્ટર્સમાંના રહીશોનાં બાળકો તથા યુવકોને માટે રમતગમતનાં સાધનો વસાવવા માટે આર્થિક સહાય આપવા અંગ

મંત્રીશ્રીના તા. ૨૫-૧૧-૧૯૭૫ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—૧૯૭૪-૭૫ના વર્ષમાં રમતગમતનાં રૂ. ૫૦૦નાં સાધનો યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ વિભાગ મારફતે ખરીદીને ભેટ આપવાનું મંજૂર થયું હતું.)

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં રહેતા યુનિવર્સિટીના કર્મચારીઓનાં બાળકો માટે રમતગમતનાં રૂ. ૫૦૦ (પાંચસો રૂપિયા) સુધીનાં સાધનો યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ વિભાગ મારફતે ખરીદીને યુનિવર્સિટી કેમ્પસ મંડળને તે ભેટ આપવાં.

૯. જાન્યુઆરી ૨૬થી ફેબ્રુઆરી ૧૩ના સમય દરમિયાન નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ કોમ્યુનિટી ડેવલપમેન્ટ તરફથી "રૂરલ ડેવલપમેન્ટ" પર આયોજિત અભ્યાસક્રમમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**– ખર્ચ અંગે નીચે મુજબ જણાવ્યું છે:

> The sponsoring organisations have to meet the travelling expenses. In case your rules permit the faculty members to draw daily allowance for the period of training, please permit them to do so. In other cases, we shall be prepared to pay an allowance just sufficient for board and lodging expenses.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહિ.

૧૦. જાન્યુઆરી ૧૩-૧૪, ૧૯૭૬ના સમય દરમિયાન ભાષાશાસ્ત્રીઓનું અખિલ ભારતીય છઠ્ઠું અધિવેશન તિરુપતિ મુકામે યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે ભલામણ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહિ.

૧૧. ડિસેમ્બર ૨૭ થી ૨૯, ૧૯૭૫ના સમય દરમિયાન ઇન્ડિયન ઇકોનોમિક એસોસિયેશનનું ૫૮ મું વાર્ષિક અધિવેશન ઉત્કલ યુનિવર્સિટીના ઉપક્રમે ભૂવનેશ્વરમાં યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહિ.

૧૨. ૧૯૭૫-૭૬ના વર્ષમાં ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કોમર્સ કૉલેજના વિદ્યાર્થીઓ માટે ગુજરાતી ભાષામાં બેંકિંગ અને બચતને લગતા વિષય ઉપર યોજનાર બેન્ક ઓફ બરોડા ટ્રૉફી વકતૃત્વસ્પર્ધા માટે બે નિર્ણાયકો નિયુક્ત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વકતૃત્વસ્પર્ધા માટે નીચેના બે સભ્યોને નિર્ણાયકો તરીકે નીમવા:

૧. ડૉ. જી. એમ. દેસાઈ, અને
૨. શ્રી. બી. પી. પંડ્યા.

૧૩. વિદ્યાર્થીઓએ પરીક્ષા દરમિયાન આજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો ઉપર તેમ જ પ્રાશ્નિક-પરીક્ષકો-નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોને હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરી એકિઝકયુટિવ કાઉન્સિલ સમક્ષ ભલામણો રજૂ કરવા અને ૧૯૭૬ના વર્ષ માટે પરીક્ષાશુદ્ધિ સમિતિની રચના કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૬ના વર્ષ માટેની સદરહુ સમિતિની રચના નીચે મુજબ કરવી :

(૧) કુલપતિશ્રી
(૨) ડૉ. એમ. એન દેસાઇ
(૩) શ્રી. જી. આર. દેસાઇ
(૪) આચાર્ય ડી. એમ શીખ
(૫) ડૉ. વી. સી. શાહ
(૬) ડૉ. એ. એસ. નાગર
(૭) ડૉ. જે. એન. પટેલ.

૧૪. સને ૧૯૭૪-૭૫ના વર્ષ માટે આચાર્ય ડા. કે. જી. નાયક સુવર્ણમંડિત ચન્દ્રક (વિજ્ઞાન વિદ્યાશાખા) એનાયત કરવાની બાબતમાં નિમાયેલી પસંદગી સમિતિના સભ્યો સર્વશ્રી ડૉ. સુરેશ શેઠના, ડૉ. એ. આર. પટેલ અને ડૉ. આર. ડી. આડતિયા પૈકી ડૉ. સુરેશ શેઠનાએ સમિતિમાં કામ કરવાની અનિચ્છા દર્શાવેલી હોઇ તેઓની જગ્યાએ અન્ય સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર ડૉ. સુરેશ શેઠનાની જગ્યાએ ડૉ. પી. સી. મહેતાને નીમવા.

૧૫. શ્રીમતી એન. એચ. એલ. મ્યુ. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં એમ.ડી. (શ્રા. ૭) પ્રિવેન્ટિવ એન્ડ સોશિયલ મેડિસિન વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટેની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસ-સમિતિ નીમવી :

(૧) ડૉ. જ્યોતીન્દ્ર એલ. ભટ્ટ
(૨) ડૉ. જે. એન. પટેલ
(૩) ડૉ. એ. એન. ભટ્ટ.

૧૬. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓક્યુપેશનલ હેલ્થ, અમદાવાદની જૂન ૧૯૭૬ થી ચાલુ માન્યતા મેળવવા અંગેની અરજી ઉપર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ઑ. ૧૨૦-સી અનુસાર અરજી ૧લી ઑગસ્ટ ૧૯૭૫ સુધીમાં આવવી જોઈતી હતી તેને બદલે ૭મી નવેમ્બર, ૧૯૭૫ના રોજ આવી છે, પરંતુ એકિઝકયુટિવ કાઉન્સિલને વાજબી કારણ લાગે તો મોડી આવેલ અરજી ઉપર વિચારણા કરી શકે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસ-સમિતિ નીમવી :

(૧) ડૉ. સુમંત મજમુદાર
(૨) ડૉ. બી. કે. રામાનુજમ્.

૧૭. મણિનગર સાયન્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૬ થી બી.એસસી. (સ્પે.) માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર તથા બી.એસસી. (જન.) માં પ્રાણીવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અને ઑર્ડિ. ૧૨૦માં જણાવેલ સમયમર્યાદા બહાર આવી હોવા છતાં તે ચાલુ જોડાણ માટેની અરજી હોઈ તે ઉપર વિચારણા કરવા કુલપતિશ્રીએ ભલામણ કરેલી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત તથા તે માટે સ્થાનિક તપાસસમિતિની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે કુલપતિશ્રીની ભલામણને અનુસરીને સદરહુ અરજી વિચારણામાં લેવી અને તે બાબતમાં નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

(૧) પ્રો. વી. સી. શાહ
(૨) પ્રો. પી. ડી. પાઠક
(૩) ડો. એમ. એન. દેસાઈ.

૧૮. યુનાઇટેડ કિંગ્ડમમાં મળેલ તબીબી પદવીઓ ભારતમાં અમાન્ય ગણવા અંગેના મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના સેક્રેટરી તરફથી આવેલ તા. ૧૨-૧૨-૧૯૭૫ના પરિપત્ર ક્રમાંક એમ.સી.આઈ ૧૦(૨) ૭૫-મેડ-૨-૧૭૯૯૭ની નોંધ લેવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રાજ્યવ ધોરણે વિચારણા કરવી જરૂરી છે તે જોતાં તે બાબત ઍસોસિયેશન ઑફ ઇન્ડિયન યુનિવર્સિટીઝના વિચારણા માટે મોકલવી.

૧૯. કૉલેજ સાયન્સ ઇમ્પ્રૂવમેન્ટ પ્રોગ્રામ-યુનિવર્સિટી લીડરશિપ પ્રોજેક્ટ ઇન કેમિસ્ટ્રીનો રસાયણવિજ્ઞાન વિભાગના વડાનો પ્રસ્તાવ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૧૫-૧૧-૧૯૭૫ના પત્રાંક એફ. ૨૦-૨૦-૭૫ (એસ.આર. ૧) થી વાર્ષિક રૂ. ૨,૩૧,૭૨૫ની આર્થિક સહાયની ત્રણ વર્ષ માટે મંજૂરી આપતા પત્રની નોંધ લેવા બાબત તથા તે અંગે જરૂરી કાર્યવાહી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવા તથા યુનિવર્સિટીના રસાયણ-વિજ્ઞાન વિભાગના વડાને તે અંગે જરૂરી કાર્યવાહી કરવા જણાવવું.

૨૦. યુનિવર્સિટીના ભૌતિકવિજ્ઞાન વિભાગના પ્રો. કે. એમ. કોટડિયાની સંશોધન યોજના Multifrequency absorption of Radio Waves in the Ionosphere યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૧૪-૧૧-૧૯૭૫ના પત્રાંક એફ. ૨૩-૨૮૮-૭૫ એસ.આર.-૨થી પંચવર્ષીય યોજના હેઠળ તા. ૧૫-૧૧-૧૯૭૫થી એક વર્ષ માટે નીચે જણાવેલ આવર્તક ખર્ચ કરવા માટેની આર્થિક સહાય મંજૂર કર્યાની નોંધ લેવા બાબત તથા તે અંગે જરૂરી કાર્યવાહી અંગે વિચારણા કરવા બાબત.

રિકરિંગ : કન્ટિન્જન્સી રૂ. ૧૧,૦૦૦ એક વર્ષ માટે.

(**નોંધ.**--પ્રોજેક્ટ માટે જરૂરી રિસર્ચ કેમિકલ જનરલ પૂલમાંથી લેવાના રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી તથા તે અંગે જરૂરી કાર્યવાહી કરવા માટે ડો. કે. એમ. કોટડિયાને જણાવવું.

૨૧. પરીક્ષકોની નિમણૂક અંગેના ઑ. ૧૨૨ અને ઑ. ૧૨૩ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા અંગે વિચારણા કરવા બાબત.

(*b*) Appointment of Examiners

O. 122 : Applications for examinership shall be made to the Registrar in the prescribed form obtained from the office of the Registrar, within the date which will be notified from time to time.

O. 123 : The Registrar shall send a complete list of names received for examinership in each subject to the Board of Studies concerned which will prepare the panels.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઑર્ડિનન્સ ૧૨૨ અને ૧૨૩ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

૨૨. સ્ટે. ૧૦૮ હેઠળ સ્ટેટિસ્ટિક્સની અભ્યાસસમિતિ વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાઓ હેઠળ સંયુક્ત રીતે સ્થપાઈ હોવાથી વાણિજ્ય વિદ્યાશાખા હેઠળ સ્થપાયેલી ઍક્ચ્યુઅરિયલ સાયન્સ અને સ્ટેટિસ્ટિક્સની અભ્યાસસમિતિનું નામ ઍક્ચ્યુઅરિયલ સાયન્સ રાખવા અને તે માટે સ્ટે. ૧૦૮ માં ઘટતો સુધારો કરવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૪-૯-૧૯૭૫ની સભાની ભલામણ અનુસાર સ્ટે. ૧૦૮ (૪૨)માં દર્શાવેલ અભ્યાસ-સમિતિનું નામાભિધાન નીચે પ્રમાણે રાખવા અંગે વિચારણા કરવા બાબત :

St. 108 (42)—Actuarial Science.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૩. બી.એડ.ના અભ્યાસક્રમ માટે વિદ્યાર્થીઓની ટ્યૂશન ફીનો પ્રશ્ન સમગ્ર રીતે તપાસીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૭-૧૨-૧૯૭૪ની સભામાં નિયુક્ત થયેલી સમિતિનાં સૂચનો પૈકી સૂચન ક્રમાંક ૩ એક્ઝિ-ક્યુટિવ કાઉન્સિલની તા. ૪-૧-૧૯૭૫ નાં સભાએ શિક્ષણનો અભ્યાસસમિતિની વિચારણા માટે મોકલ્યું હતું તે પરત્વેના શિક્ષણનો અભ્યાસસમિતિની તા. ૬-૧૦-૧૯૭૫ ની સભાના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

સૂચન

(૩) અમે અમારા ઠરાવ નં. ૧થી સત્ર-ફીમાં સીમાન્ત વધારો કરવા ભલામણ કરી છે આથી ઍજ્યુકેશન કૉલેજોને થોડી રાહત થવા સંભવ છે. આ સિવાય હાલ ઍજ્યુકેશન કૉલેજોમાં અનુસરવામાં આવતું ૧૦ વિદ્યાર્થી અને ૧ શિક્ષકનું પ્રમાણ ગુજરાતની બીજી યુનિવર્સિટીઓમાં પ્રવર્તતા પ્રમાણ તથા વિદ્યાર્થીઓએ આપવાના પાઠની સંખ્યાના પ્રમાણમાં પુનર્વિચારણા કરી એમાં ઘટતો ફેરફાર કરી કૉલેજોની આર્થિક મુશ્કેલી હળવી કરવા જરૂરી પગલાં વિચારવા શિક્ષણના બોર્ડને આ પ્રશ્ન સોંપવો એવી મારી ભલામણ છે.

શિક્ષણની અભ્યાસસમિતિનો ઠરાવ

" ઉપરના સૂચન અંગે ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે—

(૧) ફીમાં સીમાન્ત વધારો કરવાની સમિતિની ભલામણ સાથે આ અભ્યાસસમિતિ સહમત છે.

(૨) વિદ્યાર્થી અને શિક્ષકનું હાલનું પ્રમાણ ઘટાડવામાં શિક્ષણનું ધોરણ નીચું જવા સંભવ છે, તેથી કૉલેજોનું આર્થિક પાસું સરભર કરવા સરકાર તરફથી વધુ આર્થિક સહાય (ગ્રાન્ટ) મળે તે માટે ઘટતું કરવા ભલામણ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં આવેલ શિક્ષણશાસ્ત્રની કૉલેજો માટે ટ્યૂશન ફી કેટલી રાખવી તે માટેની ચોક્કસ ભલામણ રજૂ કરવા માટે નીચે જણાવેલ સભ્યોની સમિતિ નીમવી :

(૧) આચાર્ય ઘનશ્યામભાઈ પરીખ
(૨) આચાર્ય નિરંજનભાઈ ત્રિવેદી
(૩) આચાર્ય દાઉદભાઈ ઘાંચી
(૪) આચાર્ય ગોરધનભાઈ પટેલ
(૫) આચાર્ય ઉપેન્દ્રભાઈ પાઠક.

૨૪. ફાઇનાન્સ સમિતિની તા. ૨૪-૧૧-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

" આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાન વિભાગ માટે સાથેના પરિશિષ્ટ "અ"માં બતાવ્યા પ્રમાણેનાં વૈજ્ઞાનિક સાધનો તેમ જ કમ્પોનન્ટ્સ ટેન્ડરમાં જણાવેલ શરત મુજબ ખરીદવાં."

આથી ઠરાવવામાં આવે છે કે ફાઇનાન્સ સમિતિની તા. ૨૪-૧૧-૧૯૭૫ની સભાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૫. યુનિવર્સિટી ધારાની કલમ 33 (૧)(બી) (૧) અને (૨) અનુસાર સંલગ્ન કૉલેજોમાં આચાર્યો–શિક્ષકોની નિમણૂકો માટેની વરણીસમિતિ પર યુનિ.ના પ્રતિનિધિ નીમવા બાબતે જરૂરી પ્રોસીજર નિયત કરવા માટે ઑર્ડિનન્સ ઘડવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે કાર્યાલયના ઘડેલા ઑર્ડિનન્સના પાઠમાં, સભાગૃહમાં થયેલ ચર્ચાને અનુલક્ષીને જરૂરી સુધારા કરવા અને તે મુજબ સુધારેલો ઑર્ડિનન્સ મંજૂર કરવો તથા તેને તા. ૧-૧-૧૯૭૬થી અમલમાં મૂકવો.

(સદરહુ ઑર્ડિ. નં. ૩૬૧ની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૨૬. સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓની સને ૧૯૭૪-૭૫ના વર્ષની, ત્રિવાર્ષિક તપાસના હેવાલો તપાસી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવા એકિઝ. કાઉન્સિલે નીમેલી સમિતિની તા. ૧૩-૧૧-૧૯૭૫ ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની તા. ૧૩-૧૧-૧૯૭૫ની સભાની ભલામણો સ્વીકારવી.

(સદરહુ સ્થાયી સમિતિની તા. ૧૩-૧૧-૧૯૭૫ની સભાની કાર્યવાહીની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૨૭. યુનિવર્સિટી કોર્ટની પ્રશ્નોત્તરીના સંદર્ભમાં સ્ટે. ૩૧ પર સમગ્ર રીતે વિચારણા કરી પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે એક્ઝિ. કાઉન્સિલે તેની તા. ૧૨-૪-૧૯૭૫ની સભામાં નીમેલી સમિતિએ સ્ટે. ૩૧ સુધારવા માટે કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણ મુજબ સ્ટે. ૩૧ સુધારવા માટે યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી.

(સુધારેલા સ્ટે. ૩૧ના મુસદ્દાની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૨૮. ઑર્ડિ. એમ.એ. (એકસ્ટર્નલ)-૧, એમ.એ. (એકસ્ટર્નલ)-૨, એમ.એ. (એકસ્ટર્નલ)-૩ અને એમ.એ (એકસ્ટર્નલ)-૪ મંજૂર કરી તેને જૂન ૧૯૭૬થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૮-૭-૧૯૭૫ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત. (એ.કા. બાબત ક્રમાંક ૭)

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ પ્રમાણે ઑર્ડિ. એમ.એ.(એકસ્ટર્નલ)-૧, એમ.એ. (એકસ્ટર્નલ)-૨, એમ.એ. (એકસ્ટર્નલ)-૩ અને એમ.એ. (એકસ્ટર્નલ)-૪ મંજૂર કરવા અને તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

(સદરહુ ઑર્ડિનન્સ એમ.એ. (એકસ્ટર્નલ) ૧, ૨, ૩ અને ૪ની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૨૯. તબીબી વિદ્યાશાખાનું યુનિવર્સિટી કોર્ટ ઉપર પ્રતિનિધિત્વ ૨ બેઠકોનું છે તેના બદલે ૪ બેઠકોનું પ્રતિનિધિત્વ રાખવું જોઈએ એવા તબીબી વિદ્યાશાખાના ડીન ડૉ. એસ. જે. દામાણીના સૂચન પરત્વે વિચારણા કરી અહેવાલ રજૂ કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૫-૧૧-૧૯૭૫ની સભાએ તમામ વિદ્યાશાખાના ડીનની જે સમિતિ નીમી હતી તે સમિતિએ તા. ૨૭-૧૧-૧૯૭૫ની સભામાં કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કોર્ટ પર તમામ વિદ્યાશાખાઓના પ્રતિનિધિત્વ અંગે વિચારણા કરીને પોતાની સર્વાનુમતી ભલામણો રજૂ કરવા માટે સદરહુ બાબત તે સમિતિની વિચારણા માટે પાછી મોકલવી.

૩૦. અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદની જૂન ૧૯૭૫થી જોડાણ માટેની અરજીના સંદર્ભમાં મૂકેલી શરતો પૈકી પ્રૉ. ફંડ ટ્રસ્ટની રચના અંગેની શરતોનું પરિપાલન કરવામાં આવ્યું નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે (૧) સદરહુ કૉલેજને પ્રૉવિડંટ ફંડ ટ્રસ્ટની રચના ત્વરિત કરવા માટે જણાવવું, અને (૨) તેને ૧૧મી જૂન ૧૯૭૫થી બી.કૉમ.માં એકાઉન્ટિંગ અને ઑડવાન્સ્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ આપવું.

૩૧. ગુજરાત યુનિવર્સિટી રિસર્ચ સ્કૉલર એસોસિયેશનની નીચેની માગણીઓની બાબતમાં રાજ્ય સરકારે યુનિવર્સિટીનું વક્તવ્ય માગ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

(૧) યુનિવર્સિટી કોર્ટમાં પ્રતિનિધિત્વ, અને

(૨) સંશોધન શિષ્યવૃત્તિના દરમાં વૃદ્ધિ.

આથી ઠરાવવામાં આવે છે કે (૧) ગુજરાત યુનિવર્સિટી કોર્ટમાં રિસર્ચ સ્કૉલરોને જુદું પ્રતિનિધિત્વ આપવાની જરૂર આ સભાગૃહને જણાતી નથી એમ રાજ્ય સરકારને અભિપ્રાય જણાવવો; અને

(૨) સંશોધન શિષ્યવૃત્તિઓ અંગેનું ખર્ચ નિભાવ ખર્ચ (મેઇન્ટેનન્સ ગ્રાન્ટ)માં ગ્રાહ્ય રાખવા માટે અને શિષ્યવૃત્તિના દર સુધારવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

૩૨. એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૭-૬-૧૯૭૫ની સભામાં થયેલા ઠરાવ અન્વયે બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના ચેરમૅનશ્રીના આવેલ પત્રને એસોસિયેશન ઑફ ઇન્ડિયન યુનિવર્સિટીની વિચારણા માટે મોકલવામાં આવતાં તે અંગે સદરહુ એસોસિયેશનની સ્થાયી સમિતિના નીચેના ઠરાવને અનુલક્ષીને બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના ચેરમૅનશ્રીને બદલો જવાબ આપવા અંગે વિચારણા કરવા બાબત :

> " The Committee welcomed the idea of case-books in respect of legal education being prepared by the Bar Council with the collaboration of Universities. In regard to the financing for this project however Universities were not in a position to subsidize owing to difficulties with which they are confronted. "

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિના ઉપરના ઠરાવ સાથે આ સભાગૃહ સંમત છે એમ બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાને અભિપ્રાય જણાવવો.

૩૩. જૂન ૧૯૭૬થી લૉના વર્ગોમાં સત્ર ફી રૂ. ૧૨૫ને બદલે રૂ. ૧૭૫ લેવાની મંજૂરી માગતા શેઠ ડી. એલ. લૉ કૉલેજ, ભૂજના આચાર્યના તા. ૧૩-૧૧-૧૯૭૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ અંગે એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૮-૩-૧૯૭૫ની સભામાં હાલના ટ્યૂશન ફીનાં ધોરણોમાં કશો ફેરફાર કરવો નહીં તેમ ઠરાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે નવા શૈક્ષણિક વર્ષથી પોતાની સત્ર ફી રૂ. ૧૭૫ રાખવા માટેનો સદરહુ કૉલેજનો પ્રસ્તાવ મંજૂર કરવો.

૩૪. પ્રાંતીજ અધ્યાપક સમાજ, પ્રાંતીજ તરફથી જૂન ૧૯૭૫થી પ્રાંતીજ ખાતે શરૂ કરાનાર વિનયન અને વાણિજ્યની કૉલેજને પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, ઇતિહાસ અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો તથા બી.એ (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી તથા બી.એ.(સબ્સે.)માં ઇતિહાસ અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું જોડાણ આપવા એક્ઝિકયુટિવ કાઉન્સલે મૂકેલી શરતોના પરિપાલનના સંદર્ભમાં આવેલ હેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ જરૂરી લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂક માટે તથા પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂ. દસ હજારની અનામત જમા કરાવવાની શરતોના પરિપાલન માટે આગ્રહ રાખવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે પ્રાંતીજ અધ્યાપક સમાજ સંચાલિત સદરહુ કૉલેજમાં, પ્રાંતીજ તાલુકા કેળવણી ટ્રસ્ટ નિયુક્ત બે બિનશિક્ષક કર્મચારી સર્વશ્રી બી. આર. પટેલ તથા જે. એ. પટેલની હાજરી કૉલેજનું સંચાલન સુપેરે થાય તેમાં વિઘ્નરૂપ નીવડે એમ છે, એ મતલબની રજૂઆત કૉલેજની મૅનેજમેન્ટ—પ્રાંતીજ અધ્યાપક સમાજે કરેલી છે તેને અનુલક્ષીને તે બેઉ સભ્યોની સેવાઓનું સાતત્ય જળવાઈ રહે તે રીતે તેમને નોકરીમાં ચાલુ રાખવા માટેની શરતનો આગ્રહ રાખવો નહીં.

૩૫. મુખ્ય વિક્રેતા તરીકે નિમણૂક કરવા માટેની ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝયુમર્સ કો-ઑ. સ્ટોર્સ લિ.ના અધ્યક્ષશ્રીએ તેમના તા. ૧૮-૧૦-૧૯૭૫ના પત્રાંક ૫૨૮થી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૧૮-૫-૧૯૭૪ની સભામાં યુનિવર્સિટીનાં પ્રકાશનોના વેચાણ અંગે મુખ્ય વિક્રેતા તરીકે મેસર્સ બાલગોવિંદ બુકસેલરની ત્રણ વર્ષ માટે નિમણૂક કરવામાં આવેલી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં પ્રકાશનોના વેચાણ અંગે યુનિવર્સિટીએ હાલ કરેલી વ્યવસ્થાની મુદત પૂરી થયેથી જરૂરી અરજી કરવા માટે ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝયુમર્સ કો-ઑપરેટિવ સ્ટોર્સ લિ.ને જણાવવું.

૩૬. સંલગ્ન કૉલેજો/માન્ય સંસ્થાઓના બિન-શિક્ષકવર્ગના કર્મચારીઓ માટે નિયત કરેલ પગારધોરણો, મોંઘવારી ભથ્થાંઓ, ઘરભાડા ભથ્થાંઓ, પ્રૉવિડંટ ફંડ, ગ્રેચ્યુઇટી, વચગાળાની રાહત, સેવાના નિયમો અને સંલગ્ન કૉલેજોમાં કર્મચારીઓનાં પ્રમાણ-મહેકમ ઇત્યાદિ પરિપત્રોના પરિપાલન અંગે સંલગ્ન કૉલેજો/માન્ય સંસ્થાઓએ અંશતઃ પાલન કર્યું છે/કોઈ જવાબ નથી આપ્યો તો તે અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(અ) ૧. ૭૯ કૉલેજોએ અંશતઃ પાલન કર્યું છે.
૨. ૧૦ કૉલેજોએ કોઈ પ્રત્યુત્તર પાઠવ્યો નથી.
૩. ૪૯ કૉલેજોએ સંપૂર્ણ પરિપાલન કર્યું છે.

૪. ૯ સરકારી કૉલેજોને હોવાથી હાલને તબક્કે આપણે કોઈ કાર્યવાહી કરતા નથી.
૫. ૧ માન્ય સંસ્થાએ સંપૂર્ણ પાલન કર્યું છે.
૬. ૧ માન્ય સંસ્થાએ અંશતઃ પાલન કર્યું છે.
૭. ૫ માન્ય સંસ્થાઓએ કોઈ પ્રત્યુત્તર પાઠવ્યો નથી.

(ખ) અગાઉ એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૧૨-૧૧-૧૯૭૪, તા. ૭-૬-૧૯૭૫ તેમજ તા. ૧૬-૮-૧૯૭૫ની સભાના ઠરાવો અન્વયે કુલપતિશ્રીએ કૉલેજોના આચાર્યોને તથા ટ્રસ્ટીશ્રીઓને જુદી જુદી વખતે ત્રણ વાર ડી. ઓ. પત્ર લખ્યા છે.]

આથી ઠરાવવામાં આવે છે કે જે કૉલેજોએ હજુ જવાબ આપ્યા નથી અને/અથવા જે કૉલેજોએ શરતોનું સંપૂર્ણ પરિપાલન કર્યું નથી તે કૉલેજોનું સદરહુ બાબતની ગંભીરતા તરફ ધ્યાન ખેંચીને પોતાના તમામ કર્મચારીઓ (શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના)ને યુનિવર્સિટીએ નિયત કરેલાં પગારધોરણો તથા ભથ્થાં અને પ્રોવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઇટી, વચગાળાની રાહત, સેવાની અન્ય શરતો મહેકમ ઇત્યાદિ બાબતો અંગે યુનિવર્સિટીનાં ધારાધોરણોનું પરિપાલન કરીને ત્વરિત જાણ કરવા માટે જણાવવું.

૩૭. ગુજરાત કૉલેજ, અમદાવાદની જૂન ૧૯૭૫થી ચાલુ જોડાણ માગતી અરજી પરત્વે મૂકેલી શરતો પૈકી સમાજશાસ્ત્રના પ્રાધ્યાપકની નિમણૂક કરવાની અને કીટાણુ-વિજ્ઞાન માટે નવું મકાન તૈયાર કરવાની શરતોનું પાલન હજુ સુધી કર્યું નથી તો તે અંગે વિચારણા કરવા બાબત :

[**નોંધ.**—૧. આચાર્યશ્રી જણાવે છે કે કટોકટીને કારણે સરકારે આ નિમણૂક કરી નથી. હવે ઉદાર નીતિ અપનાવેલ હોવાથી સમાજશાસ્ત્રના પ્રાધ્યાપકની જગ્યા તાત્કાલિક પૂરવામાં આવશે.

૨. કીટાણુવિજ્ઞાન માટે અલગ મકાન અંગેની દરખાસ્ત કરવામાં આવી છે. પ્રી-મેડિકલનો અભ્યાસક્રમ બંધ થતાં તે પ્રયોગશાળાઓ કીટાણુવિજ્ઞાન માટે પ્રાપ્ત થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને—

(૧) બી.એસસી. (સ્પે.)માં કીટાણુવિજ્ઞાન અને આંકડાશાસ્ત્ર

(૨) બી.એસસી. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્ર, બી.એ.(સબો.)માં આંકડાશાસ્ત્રની પદ્ધતિઓ

(૩) નાટ્યવિદ્યાના દ્વિતીય વર્ષ સુધીના ડિપ્લોમાના અભ્યાસક્રમો, અને

(૪) પ્રી-મેડિકલના અભ્યાસક્રમો માટે ચાલુ જોડાણ, તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સમાજશાસ્ત્રના પ્રાધ્યાપકની નિમણૂક કરીને તથા કીટાણુવિજ્ઞાનના વિભાગ માટે નવું મકાન તૈયાર કરવા માટેની શરતોનું ત્વરિત પરિપાલન કરીને જાણ કરવા માટે સદરહુ કૉલેજને જણાવવું.

૩૮. માર્ચ-એપ્રિલ ૧૯૭૬માં લેવાનાર પરીક્ષાઓ માટે પરીક્ષા નિયામકશ્રીએ કરેલાં સૂચનો પર વિચારણા કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૧૮-૧૦-૧૯૭૫ની સભાએ નીમેલી સમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—હેવાલમાં બ(૧)માં કરેલ સૂચનને મંજૂર કરવામાં આવે તો માર્ચ-એપ્રિલ ૧૯૭૬માં લેવાનારી થર્ડ બી.એ.,બી.એસસી. અને બી.કોમ.ની પદવીઓ માટે હાલ જે કેન્દ્રો છે તે પૈકી કયાં રાખવાં તે નક્કી કરવું જરૂરી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૯. એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૫-૧૧-૭૫ની સભામાં મંજૂર કરેલા નીચેના પ્રસ્તાવના સંદર્ભમાં યુનિવર્સિટી કોર્ટના દસ જેટલા સભ્યોએ કુલાધિપતિશ્રીને ઉદ્દેશીને રજૂ કરેલ આવેદનપત્રને અનુલક્ષીને આપણા કાર્યકારી કુલપતિશ્રીએ તે આવેદનપત્ર કુલાધિપતિશ્રીને મોકલતાં લખેલ તા. ૨૬-૧૧-૧૯૭૫નો પત્ર :

" તે પછી આચાર્ય એમ. સી. શાહ અને ડૉ. એમ. એન. દેસાઈએ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો :

ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ પટેલે કુલપતિશ્રીની હેસિયતથી કરેલાં કેટલાંક કાર્યો માટે સરકારશ્રીએ તપાસ પંચ નીમ્યું હતું. આ કમિશન સમક્ષ કુલપતિશ્રીનો કેસ વકીલો મારફત રજૂ કરવા અંગે કાનૂની ખર્ચાદિ ખર્ચ ગુજરાત યુનિવર્સિટીએ ભોગવવો એમ એક્ઝિકયુટિવ કાઉન્સિલની આ સભા ઠરાવે છે.

સદરહુ બાબત અંગે લંબાણ ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

'આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત હેઠળ આવતાં કાર્યો કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ પટેલે કુલપતિ તરીકે તેમના હોદ્દાની હેસિયતથી કરેલાં છે તે જોતાં સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો.' "

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪૦. જાન્યુઆરી પથી ૭, ૧૯૭૬ના સમય દરમિયાન ઇન્ડિયન પોલિટિકલ સાયન્સ એસોસિયેશનનું ૩૫મું અધિવેશન તિરુપતિ મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૪૧. ૧૯૭૫-૭૬ના વર્ષમાં વિજ્ઞાન વિદ્યાભવનના બજેટમાં " જર્મન એકેડેમી ઑફ સાયન્સના સંયોજન દ્વારા સંશોધન કાર્ય " માટે રૂ. ૭,૫૦૦ની જોગવાઈ કરવામાં આવેલ છે તેમાંથી પ્રતિમાસે રૂ. ૩૦૦ પ્રમાણે પ્રોજેક્ટ મેઈન્ટેનન્સ એલાવન્સ તરીકે ખર્ચ કરવા માટે ભવનના અધ્યક્ષશ્રી તરફથી આવેલ વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જર્મન એકેડેમી ઑફ સાયન્સ દ્વારા મળેલાં સાધનોની યોગ્ય જાળવણીનું કામ શ્રી. એ. ગુમાને સોંપવામાં આવેલું હોઈ તેમને તા. ૧-૯-૧૯૭૫થી તા. ૩૧-૧૨-૧૯૭૫ સુધી માસિક રૂ. ૩૦૦નું (ઉચ્ચક) વેતન આપવાનો વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રી તરફથી આવેલો પ્રસ્તાવ મંજૂર કરવો.

૪૨. વિજ્ઞાન વિદ્યાભવનમાં રીડર-ઇન-મૅથેમેટિક્સ તરીકે કામ કરતા પ્રા. ડી. એસ. બસનને મકાન ખરીદવા માટે સ્ટે. ૧૮૮ (૨) પ્રમાણે તેઓના આતે નીકળતી લોન આપવા અંગની તેઓની તા. ૧૦-૧૨-૧૯૭૫ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગણિતશાસ્ત્રના રીડર શ્રી. ડી. એસ. બસનને મકાન ખરીદવા માટે સ્ટે. ૧૮૮(૨) મુજબ યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ રૂ. ૨૯,૦૦૦ (ઓગણત્રીસ હજાર)ની લોન મંજૂર કરવી.

૪૩. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. વી. સી. દેસાઈને મકાન બાંધવા માટે સ્ટે. ૧૮૮ (૨) પ્રમાણેની રૂ. ૫,૦૦૦ની લોન આપવા અંગેની તેઓની તા. ૮-૧૨-૧૯૭૫ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જુનિયર ક્લાર્ક શ્રી. વી. સી. દેસાઈને મકાન બાંધવા માટે સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ રૂ. ૫,૦૦૦ (પાંચ હજાર)ની લોન મંજૂર કરવી.

૪૪. ભારત સરકારની આર્થિક સહાયથી યુનિ.માં શ્રમિક વિદ્યાપીઠ (Polyvalent Adult Education Centre) શરૂ કરવા અંગે તેમના શિક્ષણ મંત્રાલયના તા. ૫-૧૨-૧૯૭૫ના પત્ર ક્રમાંક એફ. ૧૬-૭-૭૨. એમ. એફ. આઈ. ૨ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી તથા તે અંગે આગળની જરૂરી કાર્યવાહી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૫. જુનિ. સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશ શરૂ કરવા દેવાની પરવાનગી આપવા માટેની શ્રીમતી ટી. એસ. આર. કોમર્સ કૉલેજ, પાટણના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને જુનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશનું શિક્ષણકાર્ય કરવા તા. ૧૫મી જૂન ૧૯૭૬થી ત્રણ વર્ષ માટે મંજૂરી આપવી.

૪૬. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૮-૧૦-૧૯૭૫ની સભામાં સુધારેલા સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકો માટેના સેવાના નિયમો ૭(ઈ)ની પ્રથમ લીટીમાંથી "Whether full-time or part-time" શબ્દો રદ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિયમ ૭(ઈ)ની પ્રથમ લીટીમાંથી "Whether full-time or part-time" શબ્દો રદ કરીને તે પેટાનિયમ સુધારવો.

૪૭. શિક્ષણની અભ્યાસસમિતિની તા. ૬-૧૦-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"શિક્ષણના અનુસ્નાતક કેન્દ્રમાં લઘુ નિબંધ(ડિઝર્ટેશન)ના માર્ગદર્શન તરીકે કાર્ય કરતી વ્યક્તિને હાલના પુરસ્કારના રૂ. ૫૦ને બદલે ઓછામાં ઓછું રૂ. ૧૦૦ આપવા જે તે સત્તા-મંડળને ભલામણ કરવા શિક્ષણની આ અભ્યાસસમિતિ ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી નહીં.

૪૮. અધ્યાપકોની હડતાળને કારણે પ્રથમ સત્રમાં ફક્ત ૭૦ દિવસ કૉલેજ ચાલી તો ૭૫ દિવસની હાજરી અંગેના યુનિ.ના નિયમ અંગે શું કરવું તે પુછાવતા સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રીના તા. ૫-૧૨-૧૯૭૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન પ્રથમ સત્રમાં વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાની કૉલેજોમાં અધ્યાપક હડતાલને કારણે શિક્ષણકાર્યના દિવસોની સંખ્યા ઓછી થયેલી હોઈ તે સત્રની ઓછામાં ઓછી જરૂરી હાજરી ૬૦ દિવસની રાખવી.

૪૯. આપણી યુનિ.માં વધુ અભ્યાસ માટે અન્ય યુનિ. કે બોર્ડમાંથી આવતા કે આપણી યુનિવર્સિટીમાંથી અન્ય યુનિ. કે બોર્ડમાં આગળ અભ્યાસ માટે સ્થળાંતર કરતા વિદ્યાર્થીઓને આપવામાં આવતા પ્રવેશ પ્રમાણપત્રની તેમ જ સ્થળાંતર પ્રમાણપત્ર માટેની નિયત ફી અંગે પુનઃવિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રવેશપાત્રતા અને સ્થળાંતર અંગેનાં પ્રમાણપત્રોની ફીના ૬૨ અંગેના ઑર્ડિ. ૭૨ અને ઑર્ડિ. ૮૮-એ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અને તેને ૧૫મી જૂન ૧૯૭૬થી અમલમાં મૂકવા :

O. 72 :

Notwithstanding anything contained in O. 70, students migrating from the Universities in the State of Gujarat to this University shall be required to pay a fee of Rs. 5/- only for Eligibility Certificate.

O. 88(A) :

A student migrating from this University will be issued a Migration Certificate on applying in a prescribed form through the Principal of his/her college or institution last attended on paying a fee of Rs. 10/- (Ten) which will in no case be refunded if the Migration Certificate applied for is issued in favour of the student concerned. The application for the Migration Certificate should be accompanied by the Transference Certificate from the college last attended and also the original marksheet or passing certificate (of the

last examination) with a true copy of each duly certified by the Principal of the college concerned. In the case of External students, they should supply the original passing certificate or marksheet and a copy of each duly certified by a (1) Government Gazetteed Officer. (2) A Principal of an affiliated college of this University, or (3) A member of the Senate (Court) of this University for the time being, or (4) A Head Master of a full-fledged High School within the State of Gujarat. The application for the Migration Certificate shall not be entertained if the documents are not supplied.

Notwithstanding anything contained above, a student migrating from this University to another Statutory University in the Gujarat State will be required to pay a fee of Rs. 5/- for the Migration Certificate."

૫૦. ફાઇનાન્સ સમિતિની તા. ૯-૧૨-૧૯૭૫ની સભાની આ સાથેની એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિએ કરેલ ભલામણો પૈકી બાબત નં. ૨ અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

"આથી ઠરાવવામાં આવે છે કે આવેલાં ટેન્ડરોમાં સૌથી વધુ ભાવ આપનાર મે. નીરજ એન્ડ કું.ને ટેન્ડરની શરતો મુજબ નીચેના ભાવે વસ્તુઓ આપવી :

વસ્તુનું નામ	એક કિલોનો ભાવ રૂ. પૈસા
૧. જૂની ઉત્તરવહી	૧—૩૨
૨. ઑલ્ડ રેંકાર્ડ	૦—૬૧

નં. ૩ પ્રેસ કટિંગ અને નં. ૪ સ્વિપિંગ અંગે ઠરાવવામાં આવે છે કે, તે અંગે યુનિવર્સિટી પ્રેસ તરફથી હાલની જે વ્યવસ્થા કરવામાં આવેલી છે, એટલે કે પ્રેસ કટિંગ ૧ કિલોના રૂ. ૧.૧૦ તથા સ્વિપિંગના ૧ કિલોના રૂ. ૦—૨૨ પૈસાના દરે મેસર્સ ગુજરાત વેસ્ટ કંપનીને વધુ એક વર્ષ માટે આપવાનું ચાલુ રાખવું."

તે સિવાયની સદરહુ સમિતિની અન્ય ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૯-૧૨-૧૯૭૫ની સભાની ભલામણો **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૫૧. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી કલાજો અંગેના કેસો પર તેમ જ પ્રાશ્નિકો-પરીક્ષકો-નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા અને ૧૯૭૫ની પરીક્ષા-શુદ્ધિ સમિતિની તા. ૧૧ અને ૧૮-૧૨-૧૯૭૫ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૧-૧૨-૧૯૭૫ અને તા. ૧૮-૧૨-૧૯૭૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ ભલામણો **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ કરવામાં આવી છે.)

૫૨. બાંધકામ સમિતિની તા. ૧૬-૧૨-૧૯૭૫ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૬-૧૨-૧૯૭૫ની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૬-૧૨-૧૯૭૫ની સભાની ભલામણો **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૫૩. વિજ્ઞાન વિદ્યાભવનના સ્પેસ સેન્ટર વિભાગમાં કામ કરતા પટાવાળા શ્રી. શીવરસિંગ આર. કોરીનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૧૯-૧-૧૯૭૬ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૨૦-૧-૧૯૭૬થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

વિજ્ઞાન વિદ્યાભવનના પટાવાળા શ્રી. શીવરસિંગ આર. કોરીની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. કોરીનો અજમાયશી સમય વધુ ૬ માસ માટે લંબાવવો, અને તેમને જણાવવું કે આ લંબાયેલા અજમાયશી સમય દરમિયાન તેમની કામગીરી સંતોષકારક જણાશે નહીં તો તેમને છૂટા કરવાની ફરજ પડશે.

૫૪. ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે તા. ૨૭-૧૨-૧૯૭૫થી તા. ૩૦-૧૨-૧૯૭૫ના સમય દરમ્યાન યોજવામાં આવનાર એસોસિયેશન ઓફ સર્જન્સની ૩૫મી વાર્ષિક પરિષદ અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૨-૧૨-૧૯૭૫ના પત્રાંક એફ. ૩-૧૧ (IV) 75 (FIP)થી રૂ. ૩,૦૦૦ની આર્થિક સહાય મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૫૫. યુનિ. ધારાની કલમ ૩૩-એ(૧)(બી)(૧) અને (૨) અનુસાર સંલગ્ન કૉલેજોએ શિક્ષકોની નિમણૂક કરતી વખતે પ્રત્યેક કૉલેજની જે તે વરણીસમિતિ પર યુનિવર્સિટી પ્રતિનિધિ હોવા આવશ્યક હતા છતાં પણ નીચેની કૉલેજોના તેમનાં નામ સામે જણાવેલ વિષય માટે યુનિવર્સિટી પ્રતિનિધિ આવશ્યક હતા તે છતાં પણ યુનિવર્સિટી પ્રતિનિધિ સિવાય કેટલાક શિક્ષકોની નિમણૂક કરવામાં આવી છે તો તે અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	શિક્ષકનું નામ	હોદ્દો ને વિષય	કૉલેજનો ખુલાસો
૧.	શ્રીમતી એન. એચ. એલ. મ્યુ. મેડિકલ કૉલેજ, અમદાવાદ	ડૉ. બીલધેયા ગુલાલસિંઘ	પ્રિવેન્ટિવ એન્ડ સોશિયલ મેડિસિનના પ્રાધ્યાપક	હવેથી જ્યારે આવી નિમણૂક કરવાની હશે ત્યારે અગાઉથી યુનિ.ના પ્રતિનિધિને સ્ટાફ સિલેકશન કમિટીમાં પ્રતિનિધિ તરીકે હાજર રહેવાની જાણ કરવામાં આવશે. અગાઉ યુનિ. પ્રતિનિધિની ગેરહાજરીમાં જે નિમણૂક કરવામાં આવી છે તે માન્ય ગણી નિમણૂકને માન્યતા આપવા જણાવ્યું છે.

ક્રમાંક	કૉલેજનું નામ	શિક્ષકનું નામ	હોદ્દો ને વિષય	કૉલેજનો ખુલાસો
૨.	સાર્વજનિક કૉમર્સ કૉલેજ, ગોધરા	શ્રી. જે. ડી. પટેલ	એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક	ચાલુ વર્ષની શરૂઆતમાં વિદ્યાર્થીઓના ધસારાને કારણે એકાઉન્ટન્સીના પ્રાધ્યાપકની નિમણૂક તાકીદે કરવાની જરૂરિયાત ઊભી થઈ હતી અને તેથી આતાકીય બઢતી આપી છે તેથી જાણ કરી શકાઈ નથી. આ ભૂલને ક્ષમ્ય ગણીને શ્રી. પટેલને પ્રાધ્યાપક તરીકે માન્ય ગણવા સૂચવ્યું છે.
૩.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદ	શ્રી. ટી. એમ. પટેલ	સંસ્કૃતના ખંડ સમયના વ્યાખ્યાતા	વિદ્યાર્થીઓને. અભ્યાસ બગડે તેવી પરિસ્થિતિ પેદા થઈ એટલે અમને તાત્કાલિક અધ્યાપકની નિમણૂક કરવાની ફરજ પડી. આ નિયુક્તિ માટે યુનિ.ને પત્ર લખીને કુલપતિશ્રીના પ્રતિનિધિ નિયુક્ત કરવાની રહી ગઈ છે, તે બદલ દિલગીરી વ્યક્ત કરી છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિમણૂકો માન્ય કરવી નહીં અને સંબંધકર્તા કૉલેજોને જણાવવું કે યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ વરણીસમિતિની રચના કરીને યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ નવેસરથી યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરવી.

૫૬. શ્રી. સી. વી. શાહ લૉ કૉલેજ, અમદાવાદમાં ચાલુ શૈક્ષણિક વર્ષથી લાયકાત ધરાવતા આચાર્યશ્રીની નિમણૂક કરવી જરૂરી હતી જે કૉલેજે હજુ સુધી કરી નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજનું ધ્યાન બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના નિર્ણય તરફ ખેંચવું અને જણાવવું કે જૂન ૧૯૭૬થી યુનિવર્સિટીની પૂર્વસંમતિ વિના કોઈ નવા વિદ્યાર્થીઓને દાખલ કરવા નહીં.

૫૭. વૈદ્ય શ્રી. એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદના નિભાવ ખર્ચમાં ભોગવવી પડતી ભારે ખોટને પહોંચી શકાય તેવું નથી તેમ લાગતાં સદરહુ કૉલેજ જૂન ૧૯૭૬થી બંધ કરવાની જાણ કરતા પંકજ કેળવણી મંડળના મંત્રીના તા. ૧૨–૧૨–૧૯૭૫ના પત્રાંક ૨૭૭–૭૫–૭૬ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં જરૂરી તપાસ કરીને પોતાનો હેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની બનેલી તપાસસમિતિ નીમવી:

(૧) પ્રો. દેવવ્રત પાઠક (૩) આચાર્ય ઘનશ્યામભાઈ પરીખ.
(૨) શ્રી. મણિભાઈ બ્રહ્મભટ્ટ

૫૮. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાતનું જોડાણ બંધ કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૬-૮-૧૯૭૫ની સભાના ઠરાવ પર પુનર્વિચારણા કરવાની વિનંતી કરતા સદરહુ કૉલેજના આચાર્યશ્રીના તા. ૨૬-૧૧-૧૯૭૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે પુનર્વિચારણા માટે અવકાશ નથી, એમ એમ. એન કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાતના આચાર્યશ્રીને જણાવવું, અને ચાલુ વર્ષે ડિપ્લોમાના અભ્યાસક્રમમાં દાખલ કરવામાં આવેલા વિદ્યાર્થીઓને અપવાદ તરીકે યુનિવર્સિટીની પરીક્ષામાં બેસવા માટે પરવાનગી આપવી.

૫૯. ડિસેમ્બર ૨૭થી ૨૯, ૧૯૭૫ દરમિયાન પટણા મુકામે યોજાનાર ઇન્ડિયન ફાર્માસ્યુટિકલ કૉંગ્રેસ એસોસિયેશનના ૨૭મા અધિવેશનના પોતે પ્રમુખ ચૂંટાયેલા હોઈ તે અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પોતાને મોકલવા માટેની એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદના આચાર્ય ડૉ. સી. એસ. શાહની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં ફાર્મસી વિદ્યાશાખાના ડીન અને એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસીના આચાર્ય ડૉ. સી. એસ. શાહ પ્રમુખ તરીકે ચૂંટાયેલા હોઈ, ખાસ કેસ તરીકે તેમને તેમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવા.

૬૦. જાન્યુઆરી ૧૭થી ૨૦, ૧૯૭૬ના સમય દરમિયાન ઇન્ડિયન લાઇબ્રેરી એસોસિયેશનનું ૨૨મું અધિવેશન, ન્યૂ દિલ્હી મુકામે અન્ય ૧૨ કન્વેન્શનોની સાથે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના ગ્રંથપાલને પ્રતિનિધિ તરીકે મોકલવા અંગે એસોસિયેશનના મંત્રીશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૬૧. ડિસેમ્બર ૨૯થી ૩૧, ૧૯૭૫ના સમય દરમિયાન ઇન્ડિયન ઇકોનોમેટ્રિક સોસાયટીનું ૧૫મું અધિવેશન ઇન્ડિયન સ્ટેટિસ્ટિકલ ઇન્સ્ટિટ્યૂટ, કલકત્તા મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૬૨. ફેબ્રુઆરી ૧૯થી ૨૫, ૧૯૭૬ના સમય દરમિયાન નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ કોમ્યુનિટી ડેવલપમેન્ટ, હૈદરાબાદ "રિસર્ચ મેથોડોલોજી" પર અભ્યાસક્રમ યોજે છે

(સાત દિવસનો) તો તેમાં ભાગ લેવા માટે યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસક્રમમાં ભાગ લેવા માટે આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૬૩. કૉમ્પ્યુટર સોસાયટી ઑફ ઇન્ડિયાનું અગિયારમું વાર્ષિક અધિવેશન તા. ૨૦-૨૩ જાન્યુઆરી, ૧૯૭૬ દરમિયાન હૈદરાબાદ મુકામે યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૬૪. સ્થાયી કાનૂનવિષયક સમિતિની તા. ૧૧-૧૨-૧૯૭૫ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની તા. ૧૧-૧૨-૧૯૭૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૧-૧૨-૧૯૭૫ની સભાની કાર્યવાહીની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૬૫. તા. ૨૬-૯-૧૯૭૫ની માઈક્રોબાયોલોજીનાં અભ્યાસસમિતિની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આ સભા ભલામણ કરે છે કે માઈક્રોબાયોલોજી વિષયમાં 'પારિભાષિક શબ્દસૂચિ' તૈયાર કરવા યુનિવર્સિટી ઘટતું કરે."

આથી ઠરાવવામાં આવે છે કે માઈક્રોબાયોલોજીના વિષય માટે "પારિભાષિક શબ્દસૂચિ" તૈયાર કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

(૧) ડૉ. વી. સી. શાહ (કન્વીનર)
(૨) ડૉ. એસ. જી. દેસાઈ
(૩) ડૉ. આર. ટી. કાપડિયા.

૬૬. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા ડૉ. એ. એ. શેખને University of Puerto Rico, U.S.A.માં ડૉ. વેલ્ડામારસ્મકના હાથ નીચે "f, Peroxy lactones and Prostagland in Chemistry"ના વિષયમાં સંશોધન કરવા અંગે તેઓને Post-Doctoral fellowship મળનાર છે. ડૉ. શેખને એક વર્ષની અભ્યાસરજા આપવા અંગેની તેઓની તા. ૧૦-૧૧-૧૯૭૫ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાનના લેક્ચરર ડૉ. એ. એ. શેખને સદરહુ કામ માટે તા. ૧-૧-૧૯૭૬થી તા. ૩૧-૧૨-૧૯૭૬ સુધીની રજા ખાસ-રજા તરીકે મંજૂર કરવી; પરંતુ તેમને તે સમય દરમિયાન કશું પણ વેતન આપવું નહીં.

૬૭. શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદમાં એમ.ડી. બ્રાંચ ૧૨-સાયકોલોજિકલ મેડિસિન વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટેની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસ-સમિતિ નીમવી :

(૧) ડૉ. જે. એમ. શાહ
(૨) ડૉ. આર. એ. હકીમ

૬૮. "એસ. એલ. યુ. એજ્યુકેશન કૉલેજ ફૉર વિમેન", અમદાવાદનું નામ બદલીને હવેથી "શ્રીમતી મણીગૌરી નાનશા કાળિદાસ દલાલ એજ્યુકેશન કૉલેજ ફૉર વિમેન", અમદાવાદ રાખવા અંગેના સદરહુ કૉલેજના આચાર્યશ્રીના તા. ૧૨-૧૨-૧૯૭૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે 'એસ. એલ યુ. એજ્યુકેશન કૉલેજ ફૉર વિમેન"નું નામાભિધાન બદલીને "શ્રીમતી મણીગૌરી નાનશા કાળિદાસ દલાલ એજ્યુકેશન કૉલેજ ફૉર વિમેન" રાખવા માટે સંમતિ આપવી.

૬૯. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાટણમાં ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતા શ્રી. ડી. કે. શાહની સેવાઓ કૉમર્સ વિદ્યાશાખામાં ટી.વાય.બી.કૉમ.ના આંકડાશાસ્ત્ર વિષય માટે ઉછીની લેવા માટે પરવાનગી માંગતા શ્રીમતી ટી. એસ. આર. કૉમર્સ કૉલેજ, પાટણના કાર્યકારી આચાર્યશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ચાલુ વર્ષ દરમિયાન આંકડાશાસ્ત્રના લેક્ચરર તરીકે શ્રી. ડી. કે. શાહની સેવાઓ ઉછીની લેવા માટે મંજૂરી આપવી, અને જણાવવું કે જૂન ૧૯૭૬થી યોગ્ય લાયકાત ધરાવતા આંકડાશાસ્ત્રના લેક્ચરરની નિમણૂક કરવી આવશ્યક રહેશે, અને તેમ કરવામાં આવશે નહીં તો નવા વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવી શકાશે નહીં.

૭૦. યુનિવર્સિટીનાં ફાજલ નાણાંનું ટૂંકી મુદ્દતમાં અથવા લાંબી મુદ્દતમાં રોકાણ કરવા માટે અલાહાબાદ બેંકના તા. ૧૬-૧૨-૧૯૭૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

[નોંધ. –હાલમાં નીચે જણાવેલ બેંકોમાં યુનિવર્સિટીનાં ફાજલ નાણાંનું રોકાણ કરવામાં આવે છે :

૧. બેંક ઑફ ઈન્ડિયા
૨. બેંક ઑફ બરોડા
૩. પંજાબ નેશનલ બેંક
૪. સેન્ટ્રલ બેંક ઑફ ઇન્ડિયા
૫. યુનાઇટેડ કૉમર્શિયલ બેંક
૬. ધી અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો-ઑ. બેંક લિ.
૭. ધી ગુજરાત સ્ટેટ કો-ઑ. બેંક
૮. સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયા
૯. ઇન્ડિયન ઓવરસીઝ બેંક (એન્ડાઉમેન્ટનાં નાણાં માટે જ)].

સદરહુ બાબતના સંદર્ભમાં નીચેની બૅંકોના પત્રો પણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા :

(૧) દેના બૅંક

(૨) સિન્ડિકેટ બૅંક

(૩) કો-ઑપરેટિવ બૅંક ઑફ અમદાવાદ.

તે પછી ઠરાવવામાં આવ્યું કે અલાહાબાદ બૅંક, દેના બૅંક, સિન્ડિકેટ બૅંક તથા કો-ઑપરેટિવ બૅંક ઑફ અમદાવાદને યુનિવર્સિટીનાં ફાજલ નાણાં ટૂંકી મુદત કે લાંબી મુદતની થાપણ માટે રાખવા માટે માન્યતા આપવી, તથા તેમાં યુનિવર્સિટીની સગવડ મુજબ જરૂરી રોકાણ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી તથા તેની લેવડદેવડ કરવાની સત્તા કુલસચિવશ્રીને આપવી.

૭૧. પ્રોફેસર એ. એમ. ત્રિવેદી મેમોરિયલ વકતૃત્વસ્પર્ધા અંગે તથા પ્રો. એ. એમ. ત્રિવેદી સ્મૃતિ શિષ્યવૃત્તિ અંગે નિયમોમાં ફેરફાર કરવાની બાબતમાં પ્રો. એ. એમ. ત્રિવેદી મેમોરિયલ ફંડ, અમદાવાદના ટ્રસ્ટી તરફથી આવેલ નીચેનાં સૂચનો પરત્વે વિચારણા કરવા બાબત :

પ્રો. એ. એમ. ત્રિવેદી મેમોરિયલ વકતૃત્વસ્પર્ધા

૧. પ્રો. એ. એમ. ત્રિવેદી વિજ્ઞાનવિષયક વકતૃત્વસ્પર્ધા માટે ટ્રૉફી તથા રૂ. ૯,૦૦૦નો ચેક તા. ૧૧-૮-૧૯૭૨ના રોજ ગુજરાત યુનિવર્સિટીને સોંપવામાં આવેલ. આ ટ્રૉફી છેલ્લાં ત્રણ વર્ષથી યોજી શકાઈ ન હોવાથી અને તેમાં એકંદરે વિદ્યાર્થીઓનો રસ ઘટતો જતો હોવાથી તથા બીજી પ્રવૃત્તિઓમાં ખર્ચ વધુ થઈ ગયો હોવાથી નીચે પ્રમાણેની વિકલ્પ વ્યવસ્થા કરવા વિનંતી છે :

(અ) ચાંદીની ટ્રૉફી અમને પરત કરવામાં આવે.

(બ) ચેકની રકમ રૂ. ૯,૦૦૦ તથા તેમાં ઉમેરાયેલ વ્યાજની રકમમાંથી ફક્ત રૂ. ૧,૫૦૦ અમને પરત કરવામાં આવે.

(ક) ઉપર (અ) અને (બ) માં જણાવ્યા પ્રમાણેની રકમો બાદ કરતાં બાકી રહેતી રકમ આશરે રૂ. ૧૦,૦૦૦ના વાર્ષિક વ્યાજમાંથી દર વર્ષે સંશોધન ગ્રાન્ટ આપવામાં આવે. આ સંશોધન ગ્રાન્ટ માટે નીચે પ્રમાણે નિયમો સૂચવીએ છીએ, જેમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે જરૂર જણાય તો બીજા નિયમો ઉમેરવાની વિનંતી છે :

૧. ઉપરોક્ત રૂ. ૧૦,૦૦૦ જેવી રકમ સરકારી જમીનગીરીમાં મૂકવામાં આવે અને તેના વાર્ષિક વ્યાજ આશરે રૂ. ૧,૦૦૦ને સંશોધન ગ્રાન્ટ તરીકે આપવામાં આવે.

૨. આ સંશોધન ગ્રાન્ટને "પ્રો. એ. એમ. ત્રિવેદી મેમોરિયલ સંશોધન ગ્રાન્ટ" એમ નામ આપવું.

૩. આ ગ્રાન્ટ ગુજરાત યુનિવર્સિટીની સાથે સંલગ્ન બધી કૉલેજો તથા ભવનોમાં સંશોધન કરતા-કરાવતા શિક્ષકોને આપવામાં આવે.

૪. આ ગ્રાન્ટ કોઈ પણ વિષયમાં સંશોધન માટે મળે.

૫. આ ગ્રાન્ટની રકમ એક જ હપતે ચૂકવવામાં આવે.

૬. ગ્રાન્ટ મેળવનાર શિક્ષકે ખરીદેલાં સાધનો, રસાયણો, વગેરેનાં બીલો ગુજરાત યુનિવર્સિટીને મોકલવાં પડશે અને તેને ઑડિટ કરાવવાં પડશે તથા સાધનોની માલિકી જે તે સંસ્થાની રહેશે.

૭. સંશોધનકાર્યને પ્રકાશિત કરવું અને તેમાં આ ગ્રાન્ટ મળ્યાનો ઉલ્લેખ કરવો જરૂરી રહેશે.

પ્રો. એ. એમ. ત્રિવેદી સ્મૃતિ શિષ્યવૃત્તિ

પ્રો. એ. એમ. ત્રિવેદી સ્મૃતિ શિષ્યવૃત્તિ જે વાર્ષિક રૂ. ૧,૬૦૦ની થાય છે તે હજુ સુધી અપાઈ નથી. આ શિષ્યવૃત્તિ (૧) અકાર્બનિક, (૨) કાર્બનિક, (૩) ભૌતિક, અને (૪) વૈશ્લેષિક રસાયણના એમ.એસસી. પાર્ટ ૨ના વિદ્યાર્થીને ક્રમાનુવર્તી મળે તેમ સૂચવેલું તેને બદલે હવે રૂ. ૧,૬૦૦ની વાર્ષિક વ્યાજની રકમ ચારેય શાખામાં એમ.એસસી. પાર્ટ ૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાંથી એમ.એસસી. પાર્ટ ૧માંથી સૌથી વધુ ગુણ મેળવનાર દરેકને વહેંચી આપવી. આમ ચારેય વિદ્યાશાખામાંથી ચાર વિદ્યાર્થીઓને વાર્ષિક રૂ. ૪૦૦ની શિષ્યવૃત્તિ બે ભાગમાં બન્ને સત્રના અંતે રૂ. ૨૦૦ લેખે આપવામાં આવે. આનો અમલ ૧૯૭૪થી કરવામાં આવે. આ શિષ્યવૃત્તિને લગતા બીજા નિયમો જે સિન્ડિકેટે માન્ય કર્યા છે તે ચાલુ રહેશે.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રો. એ. એમ. ત્રિવેદી મેમોરિયલ ફંડ, અમદાવાદ તરફથી આવેલું ઉપરનું સૂચન મંજૂર કરવું.

૭૨. રાજ્ય સરકારના ઠરાવ નં. પી.સી.આર.-૩૨૭૫-૫૮૯૧-૧૬–એમ, તા. ૨૬-૫-૧૯૭૫ને આધીન એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૭-૬-૧૯૭૫ની સભામાં વચગાળાનું મોંઘવારી ભથ્થું શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓને આપવાનું ઠરાવ્યું છે તેના સંદર્ભમાં તા. ૧-૫-૧૯૭૫થી વધેલ મોંઘવારી ભથ્થાનો લાભ શિક્ષકગણને આપવો કે કેમ તે અંગે સ્પષ્ટતા કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—રાજ્ય સરકારના ઉપરોક્ત ઠરાવ પ્રમાણે રાજ્ય સરકારે નીમેલ બીજા પગારપંચની ભલામણ અનુસાર આ વચગાળાના મોંઘવારી ભથ્થાં ફક્ત બિનશૈક્ષણિક કર્મચારીઓને મળી શકે છે. યુનિ. શિક્ષકોને આપેલું નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૩. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, અમદાવાદને આ યુનિવર્સિટીના કાયદાની કલમ ૩૫ (એ) હેઠળ આ યુનિવર્સિટીની સ્વીકૃત સંસ્થા (ઍફ્લ્યૂએ્ડ ઇન્સ્ટિટ્યૂશન) તરીકે માન્યતા મેળવવા આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસ-સમિતિ નીમવી :

૧. આચાર્ય એમ. સી. શાહ

૨. ડૉ. કે. કે. સુબ્રમણિયમ્.

૭૪. સને ૧૯૭૬ના વર્ષ દરમિયાન યુનિવર્સિટી કાર્યાલયમાં રજાઓ નિયત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૬ના વર્ષ દરમ્યાન કાર્યાલય તથા યુનિવર્સિટી પ્રેસ માટેની રજાઓની યાદી મંજૂર કરવી.

(યુનિવર્સિટી કાર્યાલય માટે મંજૂર કરવામાં આવેલી રજાઓની યાદી **પરિશિષ્ટ "૮"** તરીકે સામેલ છે.)

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય માટે ૧૯૭૬ના વર્ષ દરમ્યાન વધુ બે રજાઓ કુલપતિશ્રીને યોગ્ય લાગે તો તે મંજૂર કરવા માટે તેઓશ્રીને સત્તા આપવી.

(નોંધ.—સદરહુ બે રજાઓ યુનિવર્સિટી પ્રેસમાં પાળવામાં આવશે નહીં એમ સ્પષ્ટતા કરવી.)

૭૫. માર્ચ—એપ્રિલ ૧૯૭૬માં લેવાનાર યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ અંગે વધારાનાં કેન્દ્રો મંજૂર કરવા અંગે જુદી જુદી કૉલેજોના આચાર્યશ્રીઓ તરફથી આવેલ વિનંતીપત્રો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે માર્ચ-એપ્રિલ ૧૯૭૬ની પરીક્ષાઓ માટે વધારાનાં કેન્દ્રો આ સાથે જોડેલા પરિશિષ્ટ મુજબ મંજૂર કરવાં.

(સદરહુ **પરિશિષ્ટ "૯"** આ સાથે સામેલ છે.)

૭૬. શેઠ ડી. એલ. લૉ કૉલેજ, ભૂજ તથા એજ્યુકેશન કૉલેજ, મુન્દ્રા(કચ્છ)માં ગેરનિયમિતતા અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૮-૧૦-૧૯૭૫ની સભામાં નિયુક્ત કરેલી સમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિના હેવાલ ઉપર વિચારણા કરવામાં આવી. તે પછી ઠરાવવામાં આવ્યું કે—

(૧) શેઠ ડી. એલ. લૉ કૉલેજ, ભૂજને તૃતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું ચાલુ જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના આચાર્યની નિમણૂક ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી ક્ષમ્ય ગણવી.

(૨) એજ્યુકેશન કૉલેજ, મુન્દ્રા (કચ્છ)ની તપાસ અંગેના હેવાલ પરની વિચારણા મોકૂફ રાખવી.

૭૭. સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓના શૈક્ષણિક—બિનશૈક્ષણિક કર્મચારીઓનાં પગારધોરણો, સેવાઓની અન્ય શરતો અંગે જે પ્રશ્નો ઊભા થાય તે અંગે વિચારણા કરીને ભલામણો રજૂ કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે નિયુક્ત કરેલ સ્થાયી સમિતિની તા. ૧૧-૧૨-૧૯૭૫ના રોજ મળેલ સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની તા. ૧૧-૧૨-૧૯૭૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિના તા. ૧૧-૧૨-૧૯૭૫ની સભાની કાર્યવાહી **પરિશિષ્ટ "૧૦"** તરીકે સામેલ છે.)

૭૮. ઉચ્ચતર શિક્ષણ આપતી સંસ્થાઓને સરકારી અનુદાન આપવાની બાબતમાં પ્લાનિંગ કમિશન, ન્યૂ દિલ્હીએ તૈયાર કરેલા હેવાલના કેટલાક મુદ્દાઓ અંગે યુનિવર્સિટીનાં મંતવ્યો મોકલી આપવાનું જણાવતાં એસોસિયેશન ઓફ ઇન્ડિયન યુનિવર્સિટીઝના તા. ૨૬-૭-૧૯૭૫ના પત્ર પર વિચારણા કરી હેવાલ રજૂ કરવા એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬-૮-૧૯૭૫ની સભામાં નીમેલી સમિતિની તા. ૧૮-૧૨-૧૯૭૫ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૮-૧૨-૧૯૭૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિના તા. ૧૮-૧૨-૧૯૭૫ના ભલામણો **પરિશિષ્ટ "ત"** તરીકે સામેલ છે.)

૭૯. ગુજરાત યુનિ. સેન્ટ્રલ કન્ઝયુમર્સ કો-ઓ. સ્ટોર્સ લિ.ના પેટાનિયમો-(બાયલૉઝ)ના નિયમ ૨૦(અ) પ્રમાણે તેની વહીવટી સમિતિ પર ગુજરાત યુનિવર્સિટી તરફથી ચાર પ્રતિનિધિઓની નિમણૂક કરવા વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—સંબંધકર્તા નિયમનો પાઠ નીચે મુજબ છે :

20 (*a*) The Managing Committee shall consist of 13 members as follows :

(1) 4 members to be nominated by the University.]

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝયુમર્સ કો-ઑપરેટિવ સ્ટોર્સ પર યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નીચેની વ્યક્તિઓની નિમણૂક કરવી :

(૧) ડૉ. વી. સી. શાહ
(૨) ડૉ. દર્શનસિંઘ શીખ
(૩) ડૉ. અંબાશંકર નાગર, અને
(૪) શ્રી. એન આર. જોશી.

૮૦. Educated Unemployed Relief Scheme હેઠળ રાજ્ય સરકારની આર્થિક સહાયથી નીચેના અભ્યાસક્રમો ચાલુ કરવા અંગે ડાયરેક્ટર ઓફ મેનપાવર, ઇકિવપમેન્ટ એન્ડ ટ્રેનિંગ, અમદાવાદના તા. ૧૮-૧૨-૧૯૭૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

	શરૂ કરવાની તારીખ
1. Salesmanship and Market Research for Graduates .	૧-૧-૧૯૭૬
2. Language Improvement (English) for Graduates	૧-૧-૧૯૭૬

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસક્રમોના શિક્ષણકાર્ય માટે રાજ્ય સરકારની આર્થિક સહાયનો સાભાર સ્વીકાર કરવો, તથા તે અભ્યાસક્રમો ચલાવવા માટેની જરૂરી કાર્યવાહી હાથ ધરવી.

૮૧. Establishment of Continuing / Adult Education માટેની યોજના અંગે યુનિ. ગ્રાન્ટ્સ કમિશને આ અંગેના કુલ અંદાજી ખર્ચ રૂ. ૧,૮૪,૦૦૦ના ૭૫ ટકા પ્રમાણેની ગ્રાન્ટ આપવાનું મંજૂર કરેલ હોવાથી તેની નોંધ લઈને તે અંગે આગળની જરૂરી કાર્યવાહી કરવા માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી તથા તે અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે કન્ટિન્યુઈંગ / એડલ્ટ એજ્યુકેશનના કાર્યક્રમોના સંચાલન માટે નીચે જણાવેલા સભ્યોની સલાહકાર સમિતિ નીમવી :

(૧) કુલપતિશ્રી (પ્રમુખ)
(૨) પ્રો. ડી. એન. પાઠક
(૩) આચાર્ય એમ. સી. શાહ
(૪) ડૉ. કે. જી. દેસાઈ
(૫) આચાર્ય ઘનશ્યામભાઈ પરીખ
(૬) ડૉ. અંબાશંકર નાગર, અને
(૭) શ્રી. રમેશભાઈ ભટ્ટ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કેન્દ્ર માટે પૂર્ણ સમયના શિક્ષકની નિમણૂક કરવી નહીં.

૮૨. ગુજરાત યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોના વિદ્યાર્થીઓને માફી શિષ્યવૃત્તિને લગતો નિયમ નં. ૨ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

2. Students whose parents (or guardians) have an income less than Rs. 5,000/- per annum shall be eligible for a free studentship.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૩. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) મોહાસા કૉલેજના આચાર્યશ્રી ડી. પી. ઠાકરને પ્રાંતીજ કૉલેજની જોડાણની શરતોના પરિપાલન અંગેની તપાસસમિતિના સભ્ય તરીકની ફરજ બજાવવા તા. ૧૨-૧૧-૧૯૭૫ના રોજ પ્રાંતીજ આવતાં-જતાંના ટેક્ષી-ખર્ચના રૂ. ૧૧૨નું ખર્ચ ખાસ કેસ તરીકે મંજૂર કર્યાના;

(૨) મેસર્સ આશાભાઈ બાબરભાઈ પટેલની આર્થિક સહાયથી હાથ ધરવામાં આવેલ "કોઢની સંશોધન યોજના"ની મુદત તા. ૧-૧૧-૧૯૭૫થી તા ૩૧-૧૦-૧૯૭૬ સુધી લંબાવવા માટે તથા તે માટે રૂ. ૫,૦૦૦ના ખર્ચને મંજૂરી આપવા અંગે પ્રાણીશાસ્ત્ર વિભાગના વડા પ્રો. વી. સી. શાહ તરફથી આવેલ દરખાસ્ત અંગે વિચારણા કરવા બાબત તથા સદરહુ યોજના માટે એક સંશોધન મદદનીશની નિમણૂક ચાલુ રાખવાની કુલપતિશ્રીએ મંજૂરી આપ્યાના;

(૩) યુનિવર્સિટી કાર્યાલય, ભવનો, ગ્રંથાલય તથા યુનિવર્સિટી મુદ્રણાલયના કર્મચારીઓ પૈકી પરીક્ષાનિયામક સુધીના બિનશૈક્ષણિક કર્મચારીઓને તથા શૈક્ષણિક કક્ષાના રીડર સુધીના કર્મચારીઓને અનાજ, તેલ, વગેરે જીવન-જરૂરિયાતની વસ્તુઓ ખરીદવા માટે ૧૦ સરખા હપતામાં વસૂલ થાય તે રીતે બે મૂળ પગાર અથવા વધુમાં વધુ રૂ. ૬૦૦ની મર્યાદાને આધીન રકમનું તસલમાત (Advance) આપ્યાના;

(૪) પીએચ.ડી. પદવી માટે નીચે જણાવેલા વિદ્યાર્થીઓના મહાનિબંધો સ્વીકૃત ગણ્યાના :

Sr. No.	*Name of the Candidate*	*Subject/ Faculty*	*Title of the Thesis*	*Name of the Guide*
1.	Shri S. H. Kaji	Chemistry/ Science	"Studies in Uria Derivatives and related Heterocyclic Compounds"	Dr. G. C. Amin, P. B. Science College, Kapadwanj
2.	Shri N. M. Pandya	Physics/ Science	"Thermal Expansion and Debye Temperature of KI, R6I and CSI by X-Ray diffraction"	Prof. P. D. Pathak, University School of Scienees, Guj. Uni., Ahmedabad-9
3.	Smt. G. M. Desai	Chemistry/ Science	"Studies on Proteins and Amino-Acids in areals and pulses of South Gujarat"	Dr. I. G. Vashi, University School of Sciences, Guj. University, Ahmedabad-9
4.	Shri D. K. Patel	Chemisty/ Science	"Studies in Basic Amidy and synthesis of possible Anti-Tubercular Compounds"	Dr. J. J. Trivedi, M. G. Science Institute, Ahmedabad-9
5.	Kum. J. S. Sanghavi	Chemistry/ Science	"Biologically oriented organo Nitrogen and sulphur compounds"	—do—
6.	Shri S. P. Gosai	Psychology/ Arts	"Construction of standardization of a personality inventory in Gujarat"	Dr. H. D. Badami, Uni. School of Psychology, Education & Philosophy, Guj. Uni., Ahmedabad

Sr. No.	*Name of the Candidate*	*Subject / Faculty*	*Title of the Thesis*	*Name of the Guide*
7.	Shri J. J. Trivedi	Hindi/Arts	"Hindi-Gujarati Vyakaran EK Tulnatmak Adhyayan"	Dr. P. C. Sharma, Gujarat College, Ahmedabad-6
8.	Shri M. R. Sivaraman	Physics / Science	"Topside Ionosphere at Low Latitude"	Dr. R. Raghavrao, Physical Research Laboratory, Ahmedabad-9
9.	Smt. H. M. Dave	Education / Arts	"A study of Institutionalized Delinquent girls"	Dr. C. L. Bhatt, Uni. School of Psychology, Education & Philosophy, Guj. Uni., Ahmedabad-9
10.	Shri D. P. Sharma	Physics / Science	"Studies in X-Ray Astronomy"	Dr. U. R. Rao, Physical Research Laboratory, Ahmedabad-9;

(૧૫) સરદાર વલ્લભભાઈ વાચનકેન્દ્ર માટે મળેલ નીચે મુજબનાં પ્રદાનોનો સાભાર સ્વીકાર કર્યાનો :

ક્રમાંક	રકમ રૂ.	દાતાનું નામ
૧.	૧,૦૦૦	શ્રી. હસમુખભાઈ સી. પટેલ
૨.	૧૦૦	આચાર્ય, ઈડર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઈડર
૩.	૧૦૧	ટ્રસ્ટીશ્રી, સી. એમ. ફાઉન્ડેશન
૪.	૪,૦૦૦	વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ લૉ, અમદાવાદ
૫.	૩,૦૦૦	વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ
૬.	૩,૦૦૦	વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
૭.	૧,૦૦૦	વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ
૮.	૨૧૧	શ્રી. શાહ સી. કે. મ્યુનિ. કૉમર્સ કૉલેજ, કલોલ
૯.	૧૦૧	મ્યુનિ. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કલોલ
૧૦.	૨૧૦	ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોરસદ
૧૧.	૨૧૧	અમદાવાદ ગ્રેઈન મર્ચન્ટ્સ એસોસિયેશન, અમદાવાદ
૧૨.	૧૦૧	જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ

ક્રમાંક	રકમ રૂ.	દાતાનું નામ
૧૩.	૫૦૧	ગુજરાત સ્ટેટ કો-ઑ. કન્ઝયુમર્સ ફેડરેશન લિ., અમદાવાદ
૧૪.	૬૫૦	આચાર્ય, સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૧૫.	૧,૦૦૧	જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૧૬.	૫૦૧	સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ
૧૭.	૨૫૦	નટવરસિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર
૧૮.	૧૦,૦૦૦	શ્રી. રણછોડદાસ લોટવાલા ફાઉન્ડેશન ટ્રસ્ટ, મુંબઈ
૧૯.	૧,૧૫૧	વિદ્યાર્થી યુનિયન, લૉ કૉલેજ, ઊંઝા
૨૦.	૨૦૧	લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા
૨૧.	૫૫૧	શ્રી. ઓમપ્રકાશ શર્મા, અમદાવાદ
૨૨.	૫૦૧	શ્રી. પોપટભાઈ એમ. શાહ, અમદાવાદ
૨૩.	૨,૦૦૧	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૨૪.	૫૦૧	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મોડાસા
૨૫.	૧,૦૦૧	સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ
૨૬.	૨,૫૦૦	મોડર્ન એન્જિનિયરિંગ એન્ડ મોલ્ડિંગ કં., અમદાવાદ
૨૭.	૨,૫૦૦	બી. પી. બી. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઊંઝા
૨૮.	૧,૩૫૦	શેઠ વી. એસ. લૉ કૉલેજ, ઊંઝા
૨૯.	૫૦૦	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વડનગર
૩૦.	૨૫૦	દાહોદ સહકારી ખરીદ વેચાણ સંઘ
૩૧.	૧૫	શ્રી. પ્રફુલ્લચંદ્ર ઠક્કર
૩૨.	૧,૦૦૧	શ્રી. કેશવલાલ વિઠ્ઠલદાસ
૩૩.	૧૦,૦૦૦	ગુજરાત ચેમ્બર્સ ઑફ કૉમર્સ, અમદાવાદ
૩૪.	૧,૦૦૧	શ્રી. રામભાઈ અમીન
૩૫.	૧,૧૫૫	ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓ
૩૬.	૧,૫૦૧	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ
૩૭.	૧,૦૦૦	પી. યુ. પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ
૩૮.	૧૦,૦૦૦	અમદાવાદ ટેક્સ્ટાઈલ મિલ ફાઉન્ડેશન
૩૯.	૫૧	શ્રી. વિનોદભાઈ પટેલ
૪૦.	૫૦૧	એક બહેન તરફથી
૪૧.	૧૫,૭૦૦	યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોના વિદ્યાર્થીઓ
૪૨.	૧૦,૦૦૦	સ્વસ્તિક ટેક્સ્ટાઈલ ગ્રૂપ ઇન્ડસ્ટ્રીઝ
૪૩.	૨,૫૦૦	શ્રી. વિમળભાઈ શાહ, અમદાવાદ
૪૪.	૧૪૧	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સંખેડા
૪૫.	૧,૦૦૦	શિવાભાઈ તુલસીદાસ ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ
૪૬.	૧,૦૦૧	સમાજવિદ્યા ભવનના વિદ્યાર્થીઓના યુનિયન તરફથી
૪૭.	૧૨૭	વિજ્ઞાન વિદ્યાભવનના વિદ્યાર્થીઓ, શિક્ષકગણ તથા અન્ય કર્મચારીઓ

ક્રમાંક	રકમ રૂ.	દાતાનું નામ
૪૮.	૨૫૧	ગ્રંથાલયશાસ્ત્રના વિદ્યાર્થીઓ તથા શિક્ષકો
૪૯.	૧૧૧	ગુજરાત યુનિ. ગ્રંથાલયના વાચકો તરફથી
૫૦.	૨,૦૦૦	બૉમ્બે ગેરેજ, અમદાવાદ
૫૧.	૨,૫૦૦	નગીનદાસ કીલાભાઈ ચેરિટેબલ ટ્રસ્ટ અમદાવાદ
૫૨.	૧,૦૦૦	ન્યૂ ગમ પ્રોડક્ટ્સ (ઇન્ડિયા), અમદાવાદ
૫૩.	૧,૦૦૦	સી. એમ. સી. (ઇન્ડિયા), અમદાવાદ
૫૪.	૧,૦૦૦	સી. એમ. સી. (ઇન્ડિયા) પ્રા. લિ., અમદાવાદ
૫૫.	૫,૦૦૦	ગુજરાત સ્ટેટ કો-ઑપરેટિવ માર્કેટિંગ સો. લિ., અમદાવાદ
૫૬.	૫૦૧	લાયન્સ કલબ, સરખેજ, અમદાવાદ
૫૭.	૧૧,૦૦૦	ધી ગુજરાત સ્ટેટ કો-ઑપરેટિવ બૅંક લિ., અમદાવાદ
૫૮.	૫,૦૦૦	ગુજરાત સ્ટેટ કો-ઑપરેટિવ માર્કેટિંગ સો., કડી
૫૯.	૧૦,૦૦૦	અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો-ઑપરેટિવ બૅંક લિ., અમદાવાદ
૬૦.	૧૧,૦૦૦	કો-ઑપરેટિવ બૅંક ઑફ અમદાવાદ લિ., અમદાવાદ
કુલ રૂ.	૧,૮૮,૧૬૩.	

(૬) યુનિવર્સિટી કૅમ્પસમાં પ્રિન્સિપાલોના બંગલા (કૉમર્સ કૉલેજ)થી યુનિવર્સિટી લાઇબ્રેરી સુધી ૧૦ ટકાના ખર્ચે સ્ટ્રીટ લાઇટિંગ કરવા અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં યુનિવર્સિટીને ફાળે આવતી વધારાની રકમ રૂ. ૧,૦૭૦ ભરવા માટે મંજૂરી આપ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સરદાર પટેલ વાચનકેન્દ્ર માટેના મકાનના બાંધકામ પેટે રૂપિયા દશ હજાર કે તેથી વધારેનું પ્રદાન આપનાર વ્યક્તિ કે સંસ્થાઓની નામાવલીની તકતી તે મકાનમાં મૂકવાનું રાખવું.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૮૪. સૂચિત રબ્બર ટેકનોલોજી ઇન્સ્ટિટ્યૂટ અંગે ઍસોસિયેશન ઑફ રબ્બર ટેકનોલોજિસ્ટ્સ તરફથી અંદાજે રૂપિયા પંચોતેર લાખની આર્થિક સહાય અનાવર્તક ખર્ચ તરીકે મળવા સંભવ છે એમ તા. ૧૭-૧૨-૧૯૭૫ના રોજ ઍસોસિયેશનના પ્રતિનિધિઓ તથા રાજ્ય સરકારના પ્રતિનિધિઓ સાથે કુલપતિશ્રીને થયેલી વાતચીત અંગે કુલપતિશ્રીએ સભાગૃહને જાણ કરી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતની નોંધ લેવી અને તે અંગેનો પ્રસ્તાવ આવ્યેથી આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૮૫. હરિ:ૐ આશ્રમ તરફથી ગુજરાતીના વિષય માટેની પ્રતિભા શોધની યોજના હેઠળ હરીફાઈ આનું સંચાલન કરવાનું કામ ગુજરાત વિદ્યાપીઠને સોંપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કામ ગુજરાત વિદ્યાપીઠને સોંપવું અને સદરહુ પ્રદાનમાંથી મળતી આવક વરસોવરસ ગુજરાત વિદ્યાપીઠને આપવી તેમ જ ગણિત પ્રતિભા શોધની સાથોસાથ વિજ્ઞાન પ્રતિભા શોધની કસોટીઓ યોજવા અંગે જરૂરી કાર્યવાહી કરવી.

૮૬. યુનિ. કેમ્પસમાં સંગીત કેન્દ્ર માટે એક ખંડ તથા બસો ત્રણસો વ્યક્તિઓ સમાઈ શકે તેવો એક બીજો ખંડ પ્રયોગાત્મક ધોરણે ચલાવવા માટે આશરે ત્રણ માસ માટે મકાનની સુવિધા કરી આપવા માટેની શ્રીમતી ગીતાબહેન મેયરના તા. ૧૮-૧૨-૧૯૭૫ ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી ગીતાબહેન મેયરની સદરહુ વિનંતી મંજૂર કરવી તથા તે માટે મકાનની જરૂરી સગવડ કરી આપવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮૭. ચાલુ વર્ષે ઑકટોબર માસમાં લેવાયેલ બી.એ. અને બી.કૉમ.ની પરીક્ષાઓનાં પરિણામો તા. ૧૫-૧૨-૧૯૭૫ ના રોજ બહાર પડેલાં હોઈ ફર્સ્ટ એલએલ.બી.માં દાખલ થવા ઇચ્છતા વિદ્યાર્થીઓના પ્રવેશ માટેની મુદત લંબાવી આપવા માટેનો વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે બીજા સત્રમાં ફર્સ્ટ એલએલ.બી.માં દાખલ થવા ઇચ્છતા નવા વિદ્યાર્થીઓ માટે પ્રવેશની મુદત તા. ૨૪-૧૨-૧૯૭૫ સુધીની રાખવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ધારાશાસ્ત્રની વિદ્યાશાખામાં દાખલ કરવામાં આવેલી સેમેસ્ટર પદ્ધતિને અનુલક્ષીને બીજા સત્રના કામકાજના દિવસોમાં જરૂરી ફેરફાર કરવા માટે પોતાની ભલામણ રજૂ કરવા માટે તે વિદ્યાશાખાને જણાવવું.

૮૮. જે કૉલેજોમાં રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.)નો પ્રવૃત્તિ માટે અડધા એકમો આપવામાં આવેલા તે કૉલેજોમાં એન.એસ.એસ. એકમના ઇનચાર્જ અધ્યાપકોના પુરસ્કારના દર, ભારત સરકારના તા. ૨૮-૧૧-૧૯૭૫ના પત્રને અનુલક્ષીને સુધારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અડધું એકમ ધરાવતી કૉલેજોમાં કામ કરતા એન.એસ.એસ.ના ઇનચાર્જ અધ્યાપકોના વેતનના પુરસ્કારનો દર સુધારીને રૂ. ૧૦૦-૦૦નો રાખવો.

૮૯. તામિલ ભાષાના વર્ગો ચલાવવા અંગે ગુજરાત સરકારના તા. ૧૦-૧૨-૭૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૯૦. યુનિવર્સિટીના ભાષા સાહિત્યભવનમાં એમ.એ. ગુજરાતીમાં દાખલ કરવામાં આવેલાં શ્રીમતી વિમળાબહેન ત્રિપાઠીની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી વિમળાબહેન ત્રિપાઠીની વિનંતી તેમના કેસના વિશિષ્ટ સંજોગો જોતાં અપવાદ તરીકે ગ્રાહ્ય રાખવી.

૬૧. માસિક રૂપિયા હજાર કે તેથી વધુ પગાર મેળવતા કર્મચારીઓને પણ અન્ય કર્મચારીઓની જેમ અનાજની ખરીદી માટે તસલમાત (એડવાન્સ) આપવા માટે ડૉ. વી. સી. શાહના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રૂ. ૧,૦૦૦—૦૦ કે તેથી વધુ વેતન મેળવતા કર્મચારીઓને પણ રૂ. ૬૦૦—૦૦ એડવાન્સ તરીકે આપવા અને તે દશ હપતામાં વસૂલ લેવાનું રાખવું.

તે પછી સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. એકિઝ. કાઉ. ૪૭૫૮૪ / ૧૯૭૬.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦૦૦૯.
જાન્યુઆરી ૧૨, ૧૯૭૬.

કે. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૨૫

O. 163 :

1. For recruitment of the teaching staff in difference subjects (including Principal) in an affiliated college, other than a Government college or a college maintained by the Government, not more than one representative may be appointed on one or more Selection Committees meeting on the same day, provided it shall be competent for the Vice-Chancellor to appoint different representatives on different Selection Committee, if, in his opinion, it is necessary to do so.

   Provided further that it will not be necessary to appoint a representative of the University for the following types of appointments :

   (*i*) When an appointment is to be made for a period of less than a year in place of a permanent teacher proceeding on leave or for an officiating appointment in a temporary vacancy on a purely temporary basis;

   (*ii*) When a part-time teacher is to be made a full-time teacher in the same category.

   (*iii*) When there is a transfer of a teacher from one College to another college under the same management, in the same category.

2. The college shall submit its proposal in the prescribed form for nominating the University's representative on the Selection Committee at least 15 days in advance and the University shall communicate the name of the University's representative within seven days from the date of the receipt of the communication in the prescribed form duly completed from the college.

3. Synopsis of the persons to be called for interview shall be circulated to all the members of the Selection Committee well in advance.

4. Where an appointment is made in violation of Section 51-A of the Gujarat University Act the said appointment shall be deemed to be null and void.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૨૬

ત્રિવાર્ષિક તપાસસમિતિના અહેવાલ તપાસી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવા એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૧૩--૧૧--૧૯૭૧ના રોજ બપોરના ૩--૩૦ વાગ્યે મળી હતી. સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. કુલપતિશ્રી	હાજર
૨. આચાર્ય ડી. પી. ઠાકર	હાજર
૩. પ્રા. ડી. એન. પાઠક	હાજર
૪. આચાર્ય ડી. એમ. શીખ	ગેરહાજર
૫. આચાર્ય એચ. એમ. દેસાઈ	ગેરહાજર
૬. ડૉ. જે. એન. પટેલ	ગેરહાજર.

૧. તા. ૧૮--૨--૧૯૭૧ તથા તા. ૯--૪--૧૯૭૧ના રોજ મળેલ ત્રિવાર્ષિક તપાસ સમિતિની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૧૮--૨--૧૯૭૧ તથા તા. ૯-૪--૧૯૭૧ના રોજ મળેલ ત્રિવાર્ષિક તપાસસમિતિની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. નીચે જણાવેલ કૉલેજોના-માન્ય સંસ્થાના ત્રિવાર્ષિક તપાસસમિતિના આવેલ અહેવાલો અને તે પર જે તે કૉલેજના આચાર્યો-સંસ્થાના અધ્યક્ષશ્રી તરફથી આવેલ નોંધ (Comments) (જો હોય તો) પર વિચારણા કરવા બાબત :

૧. સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદ
૨. સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૩. શ્રી સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૪. સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૫. બી. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૬. સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૭. આર. કે. પરીખ સાયન્સ કૉલેજ, પેટલાદ
૮. સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા
૯. શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત
૧૦. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ--૧૬
૧૧. ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદ--૧૬
૧૨. ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ--૯
૧૩. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

૧૪. આર. કે. પરીખ આર્ટ્સ કૉલેજ અૅન્ડ એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદ

૧૫. શેઠ એમ. અૅન. સાયન્સ અૅન્ડ શ્રી અૅન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ (ઉ.ગુ.)

૧૬. પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ

૧૭. આઈ. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, નડિયાદ

૧૮. સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ

ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે એક્ઝિકયુટિવ કાઉન્સિલને નીચે પ્રમાણે ભલામણ કરવી :

૧. સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદ	...	૧. વિદ્યાર્થીઓ માટે કૉમનરૂમની વ્યવસ્થા કરવા જણાવવું. ૨. નાણાકીય પુરાંત જોતાં વધુ મુખ્ય વિષયો શરૂ કરવા માટે કૉલેજને સૂચન રૂપે જણાવવું.
૨. સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	...	અહેવાલની નોંધ લેવી.
૩. શ્રી સ્વામીનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	...	૧. વિદ્યાર્થીઓ, વિદ્યાર્થિનીઓ અને અધ્યાપકો માટે સુસજ્જ ખંડો તૈયાર કરવા જણાવવું. ૨. પુસ્તકાલય માટે વિશાળ ખંડની વ્યવસ્થા કરવા જણાવવું. ૩. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ ગ્રેચ્યુઈટીની યોજના અમલમાં મૂકવા જણાવવું.
૪. સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	...	અહેવાલની નોંધ લેવી.
૫. બી. ડી. કૉલેજ, અમદાવાદ	...	,,
૬. સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	...	,,
૭. આર. કે. પરીખ સાયન્સ કૉલેજ, પેટલાદ	...	,,
૮. સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા	...	,,
૯. બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત	...	૧. શિક્ષક તેમ જ બિનશિક્ષક કર્મચારીઓને નિયમિત પગાર આપવા જણાવવું. ૨. પ્રોવિડંટ ફંડ ટ્રસ્ટ યુનિવર્સિટીના નિયમ મુજબ રચીને સંસ્થાના ફાળા સહિતની સઘળી રકમ સોંપવા જણાવવું.
૧૦. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ	...	અહેવાલની નોંધ લેવી.
૧૧. સરકારી દંત મહાવિદ્યાલય, અમદાવાદ	...	,,
૧૨. ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ	...	,,

૧૩.	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ ...	અઢેવાલ આવ્યેથી ઘટતું કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.
૧૪.	આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદ ...	અઢેવાલ આવ્યેથી ઘટતું કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.
૧૫.	શેઠ એમ. એન. સાયન્સ એન્ડ શ્રી એન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ (ઉ. ગુ.) ...	,,
૧૬.	પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ ...	,,
૧૭.	આઈ. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, નડિયાદ ...	,,
૧૮.	સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ ...	,,

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એસ. એસ. વોરા
કુલસચિવ વતી

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૨૭

St. 31 :

At every meeting the business to be entertained shall, unless the meeting by special vote otherwise determine, be taken in the following order :

(1) The election, if it is part of the business to be entertained at the meeting, of the Chairman;

(2) The signing of the minutes of the previous meeting;

(3) Recommendations, if they are part of the business to be entertained at the meeting by the Court of three persons from amongst whom the Vice-Chancellor is to be nominated by the Chancellor;

(4) The Election, if it is part of the business to be entertained at the meeting, of a member of any authority or body of the University;

(5) Answering by the Vice-Chancellor or the Chairman of the meeting for the time being, or a member of the Executive Council nominated by him for the purpose or by the Registrar, as the case may be, of any questions asked by any member of the Court of which not less than thirty clear days' notice has been given for the purpose of obtaining information concerning the University, subject to the following provisions :

(1) Not more than first sixty minutes on the first day of the meeting of the Court may be set apart for answering questions and of supplementary questions. Any question not answered during the period still lapse; but the questioner may revive it in the form of a fresh question at a subsequent meeting of the Court by giving not less than thirty days' notice.

(2) *No member shall ask more than three questions (including sub-questions) and in the event of any member giving due notice of more than three questions, the first three questions shall be entertained.*

(3) No question may be admitted which does not satisfy the following conditions, viz.—

(*i*) (*a*) It shall be so framed as to be a request for information.

(*b*) It must not contain arguments, inferences, ironical *or sarcastic* expression or defamatory statements.

(*c*) It must not ask for expression of as opinion or for the solution of a hypothetical proposition or the solution of an abstract legal question.

(*d*) It must not refer to the character, competence or conduct of any person except in his official capacity.

(*e*) It must not refer to a matter which is of a confidential nature.

(*f*) It must not contain any name or statement not strictly necessary to make the question intelligible.

(*g*) It must not involve the preparation of elaborate statements, statistics or expenditure of an excessive amount of time and labour.

(*h*) It must not be such as cannot be answered consistently with the interests of the University.

(*i*) It must not seek information pertaining to any period prior to the three previous years.

(*ii*) The Vice-Chancellor shall decide on the admissibility of a question. He may disallow any question which, in his opinion, contravens the above rules, and his decision shall be final.

(*iii*) All questions together with such answers as are ready shall be issued to the members with the revised agenda.

(*iv*) Any member may put a supplementary question for the purpose of elucidating any fact regarding which an answer has been given. The Chairman for the meeting may disallow any supplementary question if in his opinion it infringes the rules relating to questions, and his decision shall be final.

(*v*) The Vice-Chancellor *or the Chairman* of the meeting for the time being may ask for notice of a supplementary question which he is not prepared to answer.

(*vi*) The answers to the questions or supplementary questions may be given by the Vice-Chancellor or the Chairman of the meeting for the time being or any member of the Executive Council nominated by him for the purpose or by the Registrar.

(*vii*) No member shall ask more than two supplementary questions to a main question *and not more than four supplementary questions shall be asked to a main question.*

(6) The consideration of the Annual Report, Annual Accounts and financial estimates and resolutions thereon, when they are part of the business to be entertained at the meeting;

(7) The consideration of Ordinances, motions for making, amending and repealing Statutes, and proposal recommending amendments in the Act;

(8) Any motion for a change in the order of business, provided that such motion shall not effect the order hereinabove indicated or give priority to any item of business over the items mentioned in (1) to (7) above; or any of them;

(9) Any business and motions of which due notice has been given; in the order in which such business and motions are entered in the statement of business, and motions to be brought forward subject to the provisions of this Statute and Statute 38.

પરિશિષ્ટ "ધ"
ક્રમકાંક ક્રમાંક ૨૮

External Examination of the Gujarat University Examination for the Degree of Master of Arts (External)

O. M.A. Ext. 1 :

A person, whose mother-tongue is Gujarati or who has resided in the Gujarat University area for not less than one year immediately preceding his application for registration shall be admitted to the M.A. (External) Degree Examination, if he has —

(*a*) passed the B.A. or B.A. (External) Degree Examination of the University or an Examination recognised as equivalent thereto;

(*b*) applied for registration as an External candidate before the 1st of August of the previous calendar year.

O. M.A. Ext. 2 :

Those of the candidates desiring to offer a subject, in which Practical work or dissertation is involved at the M.A. (External) Degree examination shall produce a Certificate from the Professor-in-charge of a Post-graduate Department or Centre where such facilities for the teaching of the subject exist in respect of his having carried out the necessary practical work to the satisfaction of the Head of the P.-G. Department or Centre, as the case may be, such a candidate shall pay such fees as may be prescribed by the University for the Practical work required of him at the P.-G. Department of the Centre.

O. M.A. Ext. 3 :

A candidate for the M.A. (External) Examination shall first pass the M.A. Part I Examination Degree and at least one year thereafter the Part II Examination, each part comprising four papers out of the eight papers selected by him for the course as specified in Reg. M.A. 3.

